Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Joshi, Urvi R., 2010, *મુંબઈના ગુજરાતી પત્રકારત્વમાં 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'નું પ્રદાનઃ એક અભ્યાસ*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/280

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# મુંબઈના ગુજરાતી પત્રકારત્વમાં 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'નું પ્રદાનઃ એક અભ્યાસ

# *CONTRIBUTION OF MUMBAI SAMACHAR AND JANMBHOOMI IN GUJARATI JOURNALISM OF MUMBAI*

**Submitted for the Degree of**
**Doctor of Philosophy (Journalism) to the**
**Saurashtra University, Rajkot**


**Guide :**

**Dr. Nitaben Udani**
**M.J.M.C., Ph.D.,**
**Asso.Professor and Head**
**Dept. of Journalism**
**Saurashtra University**
**Rajkot.**

**By :**

**Urvi R. Joshi**
**(Mrs. Urvi C. Rawal)**
**M.J.M.C.**
**Rajkot.**


**JUNE, 2010**

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ઉર્વી જોષીએ મારા માર્ગદર્શન હેઠળ અને સલાહસૂચન પ્રમાણે 'મુંબઈના ગુજરાતી પત્રકારત્વમાં 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'નું પ્રદાનઃ એક અભ્યાસ શીર્ષક સાથેનો નિબંધ 'પત્રકારત્વ' વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કર્યો છે.

વિશેષમાં આ શોધ નિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈપણ પદવી માટે કોઈ યુનિવર્સિટીમાં રજૂ થયો નથી.

ક્ષેત્રીય તથા અનુભવજન્ય માહિતી ઉપર આધારિત આ મૌલિક સંશોધન પહેલી જ વાર આ યુનિવર્સિટીમાં 'પત્રકારત્વ' વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરવામાં આવ્યો છે.

સ્થળ : રાજકોટ

તારીખ :

સહી

ડૉ.નીતાબહેન ઉદાણી
સંશોધનના માર્ગદર્શક
પ્રાધ્યાપક અને અધ્યક્ષ
શ્રી એ.ડી. શેઠ પત્રકારત્વ ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# નિવેદન

વર્તમાનપત્રએ પ્રજાનું ટ્રસ્ટી છે. સ્પષ્ટ વિચાર,સ્પષ્ટ નિવેદન, સાચી હકિકત અને ન્યાયી દૃષ્ટિએ એના આધાર સ્તંભો છે. વર્તમાનપત્ર સમગ્ર જીવનને આંબી લે છે. 'મુંબઈ સમાચાર'ને મુશ્કેલીના સમયમાંથી પાર ઉતારનાર કોઈ તંત્રી મોટી વિદ્યાપીઠોના સ્નાતક નહોતા. તેઓ કેવળ પોતાની આત્મસૂઝ અને અનુભવ તથા જાત મહેનતથી આગળ આવ્યા હતા.

'પત્રકારત્વનો ધર્મ સસ્તી જાહેરખબર કે લોકપ્રિયતા મેળવવાનો નથી. પત્રકારત્વ ઉદ્યોગ કે વ્યવસાય નહીં પણ યજ્ઞ છે. આ વાકય ઉચ્ચારનાર હતા અમૃતલાલ શેઠ. 'જન્મભૂમિ' એક ટ્રસ્ટ ચલાવે છે. એટલે ખરેખર જે પત્રકાર હોય તેવી વ્યકિતઓ જ તંત્રીપદે આવી છે. એ બધા ધુરંધરો અને ભેખધારી તંત્રીઓએ સમાજના શીલ અને શિલ્પનું ઘડતર કાર્ય નજર સમક્ષ રાખ્યું હતું.

આ મહાશોધ નિબંધને આઠ પ્રકરણોમાં વિભાજીત કર્યો છે. પ્રથમ પ્રકરણમાં વિષય પસંદ કરવા પાછળનું તાત્પર્ય અને હેતુ વિષે ચર્ચા કરવામાં આવી છે. આ બંને અખબારોએ દેશની અને ખાસ કરીને ગુજરાતીઓ અને ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા બજાવી છે. ગુજરાતી પત્રકારત્વનું સદભાગ્ય છે કે તેના પાસે પ્રજાહિતના વિવિધ ક્ષેત્રે મત અર્પણ કરી, પ્રજાપ્રેમ અને વિશ્વાસ પ્રાપ્ત કરી જનતાના આગેવાન જેવું સ્થાન પામનાર આ પત્રો છે. આવા પત્રો વિષે ગુજરાતી પત્રકારત્વના વિદ્યાર્થીઓ જાણે તે આવશ્યક છે. આ ઉપરાંત અહીં અભ્યાસનું કાર્યક્ષેત્ર અને કાર્યપધ્ધતિ વિષે પણ માહિતી છે.

પ્રકરણ–૨માં ભારતીય પત્રકારત્વમાં પ્રત્યાયનની ભૂમિકા, વૈશ્વિક પત્રકારત્વ અને એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વ જેવા મહત્વના મુદા આ બીજા પ્રકરણમાં આલેખવામાં આવ્યા છે. કોઈપણ દેશ કે સમાજના ઘડતરમાં અખબાર અથવા અમુક માધ્યમનો ફાળો વિશેષ રહ્યો છે. ત્યારે વૈશ્વિક પત્રકારત્વ વિષે જરૂરી ચર્ચા આ પ્રકરણમાં સમાવવામાં આવી છે.

ઈ.સ. ૧૭૭૩માં મુંબઈ શહેરની વસતી માત્ર એક લાખ હતી. ત્યાં આજે લોકોને રહેવા જમીનનો એક ટુકડો મળવો મુશ્કેલ છે. ૧૯મી સદીમાં મુંબઈ અલગ હતું. પણ હાડમારી અને પૈસા કમાવવાના રસ્તા આજ જેટલા જ હતા. આવી અનેક રસપ્રદ વાતો પ્રકરણ–૩માં રજૂ થઈ છે.

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પત્રકારત્વની શરૂઆત અને વિકાસ વિષે ચર્ચા કરવામાં આવી છે. બોમ્બેમાંથી ઘણા એંગ્લો ઈન્ડિયન પત્રો શરૂ થયા હતા જેની વિગતવાર માહિતી આ પ્રકરણમાં રજૂ થઈ છે.

એક ભડવીર પારસી પુરુષની સર્જનાત્મક શકિત, સાહસ, દૂંરદેશી, નિષ્ઠા અને કાર્યક્ષમતા તથા ઉત્તમ આવડતનું અનુપમ ઉદાહરણ છે. 'મુંબઈ સમાચાર'. ફરદુનજી મર્ઝબાનને માત્ર મુંબઈ સમાચારના સ્થાપક ન કહી શકાય. તે તો હતા ગુજરાતી પત્રકારત્વના જનક. આપણી ગુજરાતી ભાષાના પ્રથમ લેખક, સંપાદક,અનુવાદક,પ્રકાશક અને મુદ્રક. એ સમયના અન્ય અખબારોની કક્ષામાં 'મુંબઈ સમાચાર'નો ઈતિહાસ વધુ રોચક અને સંઘર્ષપૂર્ણ છે. તેના પ્રારંભ અને વિકાસ તથા ફરદુનજી સિવાય બીજા આઠ માલિકોનો અહીં પ્રકરણ–૪માં આપવામાં આવ્યો છે. 'મુંબઈ સમાચાર'ની લેખન શૈલી, તંત્રી અને પત્રકારો અને પૂર્તિઓ તથા વિશેષાંકો વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. વર્તમાન મુંબઈ સમાચારનું સ્વરૂપ, માળખુ તથા નીતિ વગેરે વિગતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ઓછી મૂડી અને ઓછા સાથીદારો હોવા છતાં પોતે આરંભેલુ કાર્ય સફળ થશે જ એવા નિર્ણય અને આત્મવિશ્વાસ સાથે અખબારના શ્રી ગણેશ કરનાર પ્રખર જ્ઞાની અને નિડર અમૃતલાલ શેઠને પ્રકરણ–૫માં નજીકથી ઓળખવા પ્રયત્ન કર્યો છે. 'જન્મભૂમિ' સમાચાર ક્ષેત્રે હંમેશા અગ્રસ્થાને રહ્યું છે. તેવી જ રીતે સંસ્કાર પ્રેરક વાંચન આપવામાં વિભાગોની રચના દ્વારા નૂતન પ્રણાલિકા શરૂ કરવાનો યશ પણ ગુજરાતી પત્રકારત્વમાં 'જન્મભૂમિ'ને ફાળે જાય છે. તંત્રી અને પત્રકારોની વિશેષ માહિતી, વિવિધ પૂર્તિઓ, પંચાંગ અને વિશેષાંકોની વિગતવાર માહિતી અને વર્તમાન સમયના 'જન્મભૂમિ' અને તેના ભવ્ય ગ્રંથાલયની રસપ્રદ વાતોને અહીં વણી લેવામાં આવી છે.

પ્રકરણ–૬માં 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'ના વિશેષ પ્રદાન અને લોકપ્રિયતાની રસપ્રદ વાતોને વણી લેવામાં આવી છે. દરેક ધર્મ, જાતિમાં 'મુંબઈ સમાચાર'ની લોકપ્રિયતાનું કારણ એ છે કે તે કોઈ એક વર્ગ, જાતિ કે સમૂહનું કોઈ રાજકીય પક્ષનું કે સ્થાપિત હિતોનું અખબાર કયારેય ન બન્યું. 'જન્મભૂમિ' પત્રકારો માટે ઈન્સ્ટિટયુટ છે. ભારતમાં આર્થિક પત્રકારત્વની શરૂઆત 'જન્મભૂમિ' જૂથે કરી હતી. કુદરતી કે માનવ સર્જિત આફતો સમયે લોકોને મદદરૂપ થવા જન્મભૂમિ હંમેશા અગ્રેસર રહ્યું છે.

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રકરણ–૭માં પ્રશ્નાવલિ તેના અહેવાલો અને ત્યારબાદ તેનું શાબ્દિક વર્ણન કરી તારણ રજૂ કરવામાં આવ્યું છે. પ્રશ્નાવલિના ચાર પ્રશ્નોમાં વાચકે વિગતવાર મંતવ્યો અને સૂચનો રજૂ કરવાના હતા. મોટાભાગના વાચકોએ પ્રશ્નાવલિની સંપૂર્ણ વિગતો લખીને આ સંશોધનપત્રના કાર્યને ન્યાય આપ્યો હતો. 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' પર તૈયાર થયેલા પ્રશ્નોના રસપ્રદ તારણો આ પ્રકરણમાં રજૂ કર્યા છે.

સંશોધનપત્રના છેલ્લા પ્રકરણમાં બંને અખબારોના ભૂતકાળ અને વર્તમાનકાળને સમાવવામાં આવ્યું છે. ગુજરાત બહારની ધરતી પરથી પ્રકાશિત થતા આ બંને અખબારોએ ગુજરાતી ભાષામાં શું પ્રદાન કર્યું અને ગુજરાતી પ્રજાને શું લાભ આપ્યો તે મુદા પર ચર્ચા રજૂ કરી છે. વર્તમાન સમયમાં ટૅકનોલોજીનો ભરપુર ઉપયોગ થાય છે. પહેલાં ખબર માટે ફકત ખબરપત્રી પર જ આધાર રહેતો. હવે તો સમાચાર પ્રાપ્ત કરવાનાં અનેક સાધનો ઉપલબ્ધ છે. અન્ય ક્ષેત્રોની જેમ આ ક્ષેત્રમાં પણ પરિવર્તન આવ્યું છે અને આવા સતત પરિવર્તન સાથે વર્ષો જૂના અખબારોએ તાલ મેળવ્યો છે. બંને અખબારો હજુ યુવાન જ છે. તેમના આગવા લક્ષણ પર અહીં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

માર્કેટીંગની ઓથે સફળ થનારા વર્તમાન અખબારો માટે આ બંને અખબારો દિવાદાંડી સમાન છે. ભવિષ્યના પત્રકારો તે જાણે અને કાર્યમાં ઉતારે તે અત્યંત જરૂરી છે.

ડૉ.નીતાબહેન ઉદાણી
પ્રાધ્યાપક અને અધ્યક્ષ
શ્રી એ.ડી. શેઠ પત્રકારત્વ ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ
તા.

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# ઋણસ્વીકાર

''હિમાલયની તળેટીમાં ઊભા રહીને ઊંચે નજર કરો તો હતોત્સાહ થઈ જવાય, વિચાર આવે કે ટોચ પર કેવી રીતે પહોંચશું. એના કરતા જયાં છો ત્યાંથી ૧૦ ફૂટ આગળ નજર કરી ચાલવાનું શરૂ કરી દો ટોચ પર તો રમત રમતમાં પહોંચી જવાશે.' આ શબ્દો મારા સ્વર્ગીય પિતાએ કહ્યા ત્યારે હું બાર વર્ષની હતી. પી.એચડી.નો અર્થ શુદ્ધા નહોતી જાણતી પણ આટલા વર્ષો કેમ ભણવું તેની બાળસહજ ચિંતા હતી. મહાશોધ નિબંધના આ કાર્યને આરંભે પહેલા ટોચ પર નજર નાખી તો રસ્તો બહુ લાંબો લાગ્યો પછી ૧૦ ફુટ આગળ નજર કરી જેમ રસ્તો મળતો ગયો તેમ ચાલવા માંડયું. ચાલતા આલતા આપોઆપ રસ્તાઓ નીકળતા ગયા. સ્નેહીઓ,મિત્રો,પરિવારજનોનો સાથ–સહકાર મળતો રહ્યો.

આ શોધ નિબંધના વિષય પસંદગીથી માંડી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં હંસાબેન પ્રદ્યુમનભાઈ રાવલ (સાસુ–સસરા) અને મમ્મી ઉષાબેનનો અવર્ણનીય સહકાર સાંપડયો. મિત્રોએ હંમેશા સમયાંતરે ઉત્સાહ અને પ્રેરણાનો રસ ઘોળીને પાયો. નિસ્વાર્થ ભાવે અલભ્ય સંદર્ભ સામગ્રીની શોધ કરી આપી. મારા લેખનકાર્યમાં પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરુ પાડનાર પત્રકારત્વ ભવનના અધ્યક્ષ અને પ્રોફેસર ડો. નીતાબેન ઉદાણી,અર્જુનલાલ હિરાણી જર્નાલિઝમ કોલેજના પ્રોફેસર ડો. કાન્તિ ઠેસિયા,ઈતિહાસ ભવનના અધ્યક્ષ અને પ્રોફેસર ડો. પ્રફુલ્લાબેન રાવલને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરું છું. દુર્લભ સાહિત્ય અને સામગ્રી પૂરી પાડવા બદલ રાજકોટની લેંગ લાયબ્રેરી, પ્રભાદેવી જયપ્રકાશ નારાયણ કોર્પોરેશન લાયબ્રેરી, ગુજરાત વિદ્યાપીઠ લાયબ્રેરી,અમદાવાદ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી લાયબ્રેરી અને જન્મભૂમિ કાર્યાલયની લાયબ્રેરી મુંબઈનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

એકે હજારા જેવા મિત્ર અને માર્ગદર્શક પતિ ચંદ્રજીત રાવલના સહકારની હૂંફમાં અનેક બિનજરૂરી અને નિવાર્ય સંઘર્ષો ઓગળી ગયા. કયારેક ઉત્સાહ ઓસરી જાય, વિચારો અટકી જાય, ન કળાય એવો કોઈ પ્રમાદ ઘર કરી જાય ત્યારે પતિ એ જ મારી ડગમગ થાતી નાવને હિંમતના હલેસા

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મારી દોડતી કરી છે. એમનો આભાર માનવામાં તો આભાર શબ્દનો પણ ભાર લાગે એટલે ઋણ કે આભાર માનીને એમની લાગણીઓની ઓછી કિંમત નહિ આંકુ.

બહેન કૃપા એ તો જાણે પોતે જ P.hd. કરતી હોય તેમ મારી સાથે રાત ઉજાગરા કર્યા છે તે કેમ વિસરું ! ઈન્ટરનેટ પરથી  માહિતી મેળવવા ભાઈ કિશને પણ ઘણી મદદ કરી છે. ફકત એક વર્ષની દિકરી 'યશ્વી' એ સૂતા રહીને પણ મને લખવા માટે સમય આપી મદદ કરી જ છે. આખરે આ કાર્ય નિર્વિઘ્ને પાર પાડવા બદલ અને આટલા માયાળુ સ્નેહીજનો અને મિત્રો આપવા બદલ પરમ કૃપાળુ ઈશ્વરનો આભાર માનવાનું કેમ ભૂલાય?

છાપા સમાચાર આપે છે. જૂના થાય ત્યારે રદીનો ભાવ આપે છે. વધારે જૂના થાય એટલે કે ૧૦૦ વર્ષ વટે ત્યારે એમાંથી સમકાલીન ઈતિહાસ અને તત્કાલીન સમાજ દર્શન મળે છે. આજથી એકસો વર્ષ જૂનાં છાપાનાં પાનાઓમાં હિન્દુસ્તાન કેવું હતું? અત્યારે કેવું છે? એ ઈતિહાસ દષ્ટિ આપણાં જૂના ગુજરાતી છાપાઓમાં નથી. આ શોધ નિબંધ રજૂ કર્યા બાદ આજના અખબારો નવી પેઢી  માટે પણ ઈતિહાસના મહત્ત્વને સમજે અને ઈતિહાસને જાળવે તેવી અપેક્ષા અને એવું થાય તો સંતોષ.

–ઉર્વી જોશી

C/o. :

'નિરદ'

૩/૧૦ ગાયત્રીનગર

રાજકોટ–૩૬૦ ૦૦૨.

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# અનુક્રમણિકા


| ક્રમાંક | પ્રકરણનું નામ | પાના નંબર |
|---|---|---|
| (૧) | પ્રસ્તાવના અને હેતુ | ૧ થી ૧૪ |
| (૨) | ગુજરાતી પત્રકારત્વઃ એક પરિચય | ૧૫ થી ૫૭ |
| (૩) | મુંબઈમાં પત્રકારત્વ પ્રારંભ અને વિકાસ | ૫૮ થી ૮૫ |
| (૪) | મુંબઈ સમાચાર | ૮૬ થી ૧૮૪ |
| (૫) | જન્મભૂમિ | ૧૮૫ થી ૨૯૫ |
| (૬) | મુંબઈ સમાચાર અને જન્મભૂમિનું પ્રદાન અને લોકપ્રિયતા | ૨૯૬ થી ૩૨૩ |
| (૭) | પ્રશ્નાવલિ,અહેવાલ અને તારણો | ૩૨૪ થી ૩૬૧ |
| (૮) | ઉપસંહાર | ૩૬૨ થી ૩૭૨ |
| ☸ | પરિશિષ્ટ–૧ | ૩૭૮ |
| ☸ | પરિશિષ્ટ–૨ | ૩૮૦ |
| ☸ | પરિશિષ્ટ–૩ | ૩૮૩ |
| ☸ | પરિશિષ્ટ–૪ | ૩૮૪ |
| ☸ | પરિશિષ્ટ–૫ | ૩૮૫ |
| ☸ | પરિશિષ્ટ–૬ | |
| | સંદર્ભગ્રંથ સૂચિ | ૩૯૧ થી ૩૯૮ |


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૧

# પ્રસ્તાવના અને હેતુ

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૧

# પ્રસ્તાવના અને હેતુ

## (૧) વિષય પસંદગી અને હેતુ :

જૂના વિષય પર કંઈક નવું લખવાનું કામ હાથ પર લઈએ ત્યારે એક સાથે ઘણા પ્રશ્નો ઉદ્‌ભવે છે. સૌથી પહેલો સવાલ એ થાય કે શું જરૂર હતી આ વિષય પસંદ કરવાની ? આ વિષય પર શું ઓછું લખાયું છે ? પત્રકારત્વમાં શું ઉપયોગી થાય ? એના જવાબમાં કહી શકાય 'કંઈક નવું, કુછ હટકર' વગેરે પણ આટલા જવાબથી કોઈ સંતોષ ન પામે. ઉલટાનું બે નવા સવાલ ઊભા થાય. વિગતવાર ખુલાસો કરવાથી આ વિષય પસંદગીનો હેતુ સ્પષ્ટ થઈ શકે.

એ.જે.બ્લેર કહે છે કે, ''નિયમિત રીતે વર્તમાનપત્ર વાંચનાર વખત જતાં સમજવા લાગે છે કે જુદા જુદા દેશની પ્રજાઓએ દેશનાં હવા પાણી લોકોની સામાજિક,રાજકીય પરિસ્થિતિ, તેમના ધર્મો, તેમની કેળવણી એ બધાના વૈવિધ્યની હેઠળ કેવી સંવાદિતા વહી રહી છે. જેઓ આવા વાંચનનો લાભ મેળવતા નથી તેઓના કરતાં વિશિષ્ટ જ વિચાર સરણી વર્તમાનપત્ર વાચકથી ઘડાય છે. એ રીતે વર્તમાનપત્ર મનુષ્યને કેળવનારો એક શિક્ષક છે. મનુષ્યની દૃષ્ટિને વિશાળ બનાવે છે અને માનવ જાતિના ઐકય સ્થાપન માટે સહાયભૂત બને છે.''[૧]

આજના અખબારો તેના અધિકારોને તો જાણે છે પણ ફરજો અદા કરે છે કે કેમ ? લોકશાહીના રખેવાળની ફરજ અદા કરતાં છાપા સ્વયં નિર્વાચિત વિરોધપક્ષની ફરજ અદા કરતાં હોય છે. ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં વર્તમાનપત્રોની જવાબદારી સવિશેષ છે. પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયનની વિદ્યાર્થિની હોવા સાથે હું વાચક અને દર્શક પણ છું. ગુજરાતી ભાષામાં શરૂ થયેલાં અનેક અખબારોના સહિયારા પ્રયત્નોથી દરેક ગામ અને શહેરમાં અખબાર પહોંચ્યું છે. આમ, ફેલાવો તો વધ્યો પણ ઉત્તમ ગુણવત્તા સિધ્ધ કરવાનું કામ અધૂરું જ રહ્યું. હજુય મેટ્રોસિટીના નામાંકિત અખબારો બીજા દિવસે પ્રાદેશિક ભાષાનું પહેરણ પહેરી પ્રગટ થાય છે. મૂર્ઘન્ય કવિ ઉમાશંકર જોષી કહેતા કે,''અંગ્રેજી છાપું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વાંચવાની આવશ્યકતા જ ના રહે, એવું ગુજરાતી વર્તમાનપત્ર નીકળે ત્યારે જ ગુજરાતી વર્તમાનપત્રથી સંતોષ થાય!"[૨]

ગુજરાતી ભાષાના ડઝનબંધ દૈનિકો અને અડધો ડઝન સાપ્તાહિકો, સામાયિકોમાં સેંકડો ગુજરાતી જાહેરખબરો છપાતી રહે છે.વીસ વર્ષ પહેલાં ઉત્પાદકો અને વિતરકો અંગ્રેજી સિવાયની ભાષાઓ પર બહુ ધ્યાન આપતા ન હતા. દસ વર્ષમાં એમનાં અંગ્રેજી દિમાગોમાં પણ બુદ્ધિનો સંચાર થયો. ખાસ કરીને પ્રસાર પ્રચાર વિજ્ઞાપન સંસ્થાઓના કલમી અંગ્રેજી દિમાગોમાં રાષ્ટ્રીય ભાષાઓનાં વર્તમાન પત્રોનું વેચાણ બેહદ વધી ગયું છે. જયારે અંગ્રેજી પત્ર,પત્રિકાઓનું વેચાણ પ્રમાણમાં સ્થગિત છે. શેર બજારમાં નવી કંપનીઓ પોતાના શેર વેચવા નીકળે છે, ત્યારે ગુજરાતી પત્ર પત્રિકાઓમાં લાંબી પહોળી જાહેર ખબરો આપે છે કારણ કે ગુજરાતી બંધુઓ શેર ખરીદવા માટે ખૂબ રસ દાખવે છે."[૩]

ગુજરાતી પત્રકારત્વની શરૂઆત તો સદીઓ પહેલાં થઈ હતી તેમ કહી શકાય. જયારે પીએચ.ડી. માટે પત્રકારત્વમાંથી કોઈ એક વિષય પસંદ કરવા વિચાર્યું ત્યારે અનેક વિષયો નજર સમક્ષ આવ્યા. દરેકના જમા ઉધાર પાસાં તપાસ્યાં. દરેક વિષયનું સંદર્ભ સાહિત્ય કેવી રીતે ઉપલબ્ધ થશે તે પણ વિચાર્યુ. ત્યારે થયું કે મને ગમતા વિષયોની એક અલગ નોંધ બનાવું. આ નોંધમાં સૌથી પહેલું નામ આવ્યું ઈતિહાસ. જયારે એમ.જે.એમ.સી. કરતી હતી ત્યારે પણ પત્રકારત્વનો ઈતિહાસ જાણવાની ઈચ્છા રહેતી હતી.ઈતિહાસના વિવિધ પુસ્તકોનો અભ્યાસ કરતાં ખ્યાલ આવ્યો કે ગુજરાતી પત્રકારત્વમાં પાયામાં મુંબઈએ વધુ યોગદાન આપ્યું છે. સૌપ્રથમ ગુજરાતી સવારનું છાપું 'મુંબઈ સમાચાર' ૧૮૫ વર્ષ જૂનું થયું. એજ રીતે સૌપ્રથમ ગુજરાતી સાંધ્ય દૈનિક 'જન્મભૂમિ' પણ ૭૫ વર્ષનું થયું.

આ બંને અખબારો વિષે માહિતગાર થવાથી એક લાભ એ થાય કે આજના જમાનામાં જયાં નૂતન અખબારોએ પોતાનાં પગલાં સ્થિર કરવા અવનવા તુકકા લડાવવા પડે છે.ત્યારે વર્ષો જૂના આ ગુજરાતી અખબારોએ ગુજરાત બહારની ધરતી પર કેવી રીતે પોતાનું વર્ચસ્વ જમાવ્યું હશે? કેવા સંજોગોનો સામનો કરી લોકોમાં વિશ્વાસ સંપાદિત કર્યો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હશે? જેમ જેમ આ વિષયોમાં ઊંડી ઉતરતી ગઈ તેમ તેમ તેનાં નવાં પાસાં ધ્યાને આવતાં ગયાં.

ગુજરાતી ભાષાને હિસાબે જોઈએ તો બીજી ભાષાઓમાં અખબારોની શરૂઆત વર્ષો પછી થઈ હતી. અત્યારે હયાત એવું વિશ્વનું બીજું અને ભારતનું સર્વપ્રથમ ગુજરાતી છાપું 'મુંબઈ સમાચાર' જ છે. પરીક્ષિત જોષી લખે છે કે,''અન્ય ભાષાનાં સૌથી જૂનાં છાપા જોતાં 'સ્વદેશ મિત્રન' (તામિલ–૧૮૮૦), 'દીપિકા' (મલાયાલમ–૧૮૮૭), 'કેસરી' (મરાઠી–૧૮૮૧), 'બસુમતી' (બંગાળી–૧૯૧૪), 'સત્યાગ્રહવાદી' (કન્નડ–૧૯૧૭), 'વિશ્વમિત્ર' (હિન્દી ૧૯૧૭), 'અબુલી પત્રિકા' (પંજાબી ૧૯૨૦), 'સમાજ' (ઉડિયા ૧૯૧૯) અને 'નૂતન આસમિયા' (આસામી ૧૯૪૮) નો સમાવેશ થાય છે.આ બધામાં સૌપહેલું ગુજરાતી છાપું ૧૮૨૨માં શરૂ થયું હોવાથી અગ્રેસર છે. એટલું જ નહી, ૧૯૬૨ના વાર્ષિક અહેવાલની નોંધ જણાવે છે કે હિન્દી,ઉર્દુ, પંજાબી, કન્નડ,મલાયમ, મરાઠી અને તામિલ ભાષાઓમાં દર વર્ષે એક લાખની વસતીએ જેટલા અખબારો વંચાય છે એના કરતાં ગુજરાતી ભાષામાં એક લાખની વસતીએ બમણાં અખબારો વંચાય છે, ગુજરાતમાં ગુજરાતી ભાષા બોલતી દર એક લાખની વસ્તીએ વર્તમાન પત્રની સંખ્યા ૩.૨ % છે. એટલે કે દસથી પંદર ગુજરાતી દીઠ કોઈને કોઈ એક છાપું તો વંચાય જ છે. આથી જ દેશના બીજા પ્રદેશોના અને બીજી ભાષાઓના પત્રકારત્વ કરતાં ગુજરાતના પત્રકારત્વની જવાબદારી બમણી વધી જાય છે.''[૪]

પોણા બસો વર્ષથી નિયમિત પ્રકાશિત થતા આ અખબારનું સૌથી મહત્ત્વપૂર્ણ અને આશ્ચર્ય પમાડનારું પાસું એ છે કે તે એક ભારતીય ભાષામાં પ્રગટ થતું દૈનિક છે. જો તે અંગ્રેજીમાં પ્રકાશિત થતું હોત અને ત્રણ સદી પણ પૂર્ણ કરી લેત તો આશ્ચર્યજનક વાત નહોતી. પરંતુ ગુજરાતીમાં પ્રગટ થતું દૈનિક અંગ્રેજી વાતાવરણમાં પોતાનું અસ્તિત્વ કાયમ રાખી શકે એ મોટી પડકારજનક વાત છે. સમગ્ર ભારતીય ઉપખંડમાં અંગ્રેજોનું શાસન હતું એવા સમયે અંગ્રેજીની તુલનામાં ભારતીય ભાષામાં અખબારનું પ્રકાશન કરવું એ ખૂબજ હિંમતની વાત હતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વિષય પસંદગીનો અંતિમ નિર્ણય લેવામાં પત્રકારત્વ ભવનના અધ્યક્ષ ડૉ. નીતાબહેન ઉદાણીએ ઘણી મદદ કરી. જોકે એ સમયે પહેલાં વિષય તરીકે 'મુંબઈ સમાચાર'નું નામ હતું પણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ તેમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટના 'જન્મભૂમિ' ને ઉમેરી સોનામાં સુગંધ ભેળવી. જૂન ૧૯૩૪માં મુંબઈથી સાંધ્ય દૈનિક તરીકે શરૂ થયેલું જન્મભૂમિ પત્રકારો માટે પાઠશાળા સમાન હતું. ઈનવેસ્ટીગેશન જર્નાલિઝમ તો તેના પાયામાં હતું તેનો જન્મ નફાના હેતુથી નહીં પણ દેશદાઝ અને લોકસેવાના હેતુથી થયો હતો. 'જન્મભૂમિ'એ ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રમાં અપૂર્વ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. લોકપ્રિયતાનું મુખ્ય કારણ 'જન્મભૂમિ'ના અગ્રલેખો હતા. ડૉ. રતન માર્શલ નોંધે છે કે, ''જોશીલી શૈલીમાં, નાના મોટા હરફે, એકેક વાકયના ફકરા અને નીચે લીટી સાથે પ્રગટ થતા રહે એ લેખો, જે પ્રજાની નજરે એ લેબાસમાં પહેલી જ વાર પડયા તે વાંચવા ગમતા. દેશમાં રાજકીય સંગ્રામ ખેલાઈ રહ્યો હતો. એટલે જ પ્રજા લાગણી સભર ભાષા પ્રત્યે ખેંચાતી હતી.''[૫]

અમૃતલાલ શેઠને તંત્રીપદે 'જન્મભૂમિ'એ વિશેષ પ્રગતિ કરી હતી. તેની સાહિત્ય ચર્ચાએ વિદ્વાનો સારું લક્ષ ખેંચ્યું હતું. 'જન્મભૂમિ'માં કામ કરતાં કાર્યકરો માટે સારી કાળજી લેવાય છે. 'જન્મભૂમિ' માત્ર એક અખબાર નથી પણ નવા પત્રકારો કે નવા અખબારોને સ્ટાફ પૂરા પાડનારો મોટો સ્ત્રોત છે.જન્મભૂમિમાંથી પાયાનું જ્ઞાન પ્રાપ્ત કરી પત્રકારો બીજા અખબારોને ઉજાળે છે. પત્રકારત્વનો સિધ્ધાંત પકડીને રહેનારું 'જન્મભૂમિ' આર્થિક રીતે બહુ સધ્ધર થઈ શકતું નથી કારણ કે તેની જાહેરખબરની આવક તેના ઓછા ફેલાવાને કારણે વધતી નથી. લોકો 'જન્મભૂમિ'ની  પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતાને વખાણે છે. પણ સવારે તો મુંબઈ સમાચાર જ વાંચે છે. આ હકિકત છે.રાજકીય ઉથલ પાથલ વખતે જન્મભૂમિ જૂથના અખબારોનો ફેલાવો વધી જાય છે. કારણ કે રાજકીય લેખોની તીખાશ અને પ્રજાના મતનું પ્રતિબિંબ 'જન્મભૂમિ' જૂથમાં વધુ જોવા મળે છે.આઝાદીના સમયે તો સંસ્થાના વ્યવસ્થા કાર્યમાં જેલ જઈ આવેલા સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્રથમ પસંદગી આપવામાં આવતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બંને અખબારોએ દેશની અને ખાસ કરીને ગુજરાતીઓ અને ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા બજાવી છે. છાપાના કાર્ય વિષે રાષ્ટ્રપિતા ગાંધીજી એ કહ્યું હતું કે, "છાપાનું કાર્ય લોકોની લાગણી જાણવી અને તેને પ્રગટ કરવી એ એક છે. બીજું કામ લોકોમાં અમુક લાગણીઓ જરૂરની હોય તો તે પેદા કરવી એ છે. ને ત્રીજું કાર્ય લોકોમાં એબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ બેધડક કહી બતાવવી."[૬] પત્રકારત્વ ક્ષેત્રે આ ઘણી મોટી વાત છે. જે પત્ર પરત્વે પ્રજાનો ભારોભાર વિશ્વાસ છે એ પત્ર કાગળના થોડા પાનાઓનું પ્રકાશન માત્ર નથી, એ પત્ર શ્વાસ લેવાની ક્રિયાના ધોરણે જીવ વિનાનું હોવા છતાં પ્રજાની તેનામાંની વિશ્સનીયતાને કારણે તેનો આદરણીય આગેવાન બની જાય છે. ગુજરાતી પત્રકારત્વનું સદ્ભાગ્ય છે કે તેના પાસે પ્રજાહિતના વિવિધ ક્ષેત્રે સતત અર્પણ કરી પ્રજાપ્રેમ અને વિશ્વાસ પ્રાપ્ત કરી જનતાના આગેવાન જેવાં સ્થાન પામનારાં પત્રો છે. તો આવાં પત્રો વિષે ગુજરાતી પત્રકારત્વના વિદ્યાર્થીઓ જાણે તે જરૂરી છે.

## (૨) અભ્યાસનું ક્ષેત્ર અને કાર્યપદ્ધતિ :

'જન્મભૂમિ' અને 'મુંબઈ સમાચાર' બંને અખબારોનો જન્મ મુંબઈ ખાતે થયો હતો.કાર્ય સ્થળ પણ મુંબઈ. તેનો સૌથી વધુ વાચક વર્ગ મુંબઈમાંજ હોવાથી આ અભ્યાસનું કાર્યક્ષેત્ર પણ મુંબઈ જ પસંદ કર્યું છે. આમ તો, આ મહાશોધ નિબંધનાં બધાં જ પ્રકરણો મહત્ત્વનાં છે. પણ આપેલ પ્રશ્નાવલિના અહેવાલો અને તારણો પરથી સ્પષ્ટ ખ્યાલ આવે કે વર્તમાન સમયમાં બંને અખબાર કયાં છે ? તેના ભૂતકાળ અને વર્તમાનની તુલનામાં કયો સમય વધુ સારો છે તેનો અંદાજ આવે છે. દરેક વિષયમાં સંશોધનથી જ ખ્યાલ આવે કે હકીકત શું છે? ન્યૂ સેન્ચ્યૂરી ડિક્ષનરીની વ્યાખ્યા પ્રમાણે,"તથ્ય યા સિધ્ધાંતની શોધ કરવા વિષયવસ્તુની બધાજ પ્રકારની તપાસ કે પરિક્ષણ પ્રક્રિયા એટલે સંશોધન". તથા એ.વી. રેડમન અને એ.વી. એચ.થોરીના મતે, "નવીન જ્ઞાન પ્રાપ્ત કરવાના વ્યવસ્થિત પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન."[૭] ફકત વિજ્ઞાન જ નહીં પણ દરેક ક્ષેત્રમાં સંશોધનની આવશ્યકતા રહે છે.

પરીક્ષિત જોષીએ નોંધ્યું છે કે,"વૈજ્ઞાનિક અભિગમ દ્વારા પ્રવર્તમાન જ્ઞાનમાં વૃદ્ધિ કરતું મૌલિક પ્રદાન એટલે સંશોધન. સમસ્યા અથવા ગૂંચવતા પ્રશ્નોનું મૂળ સત્ય શોધવું એ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સંશોધનનો મૂળ અર્થ છે. જેને અંગ્રેજી ભાષામાં રિસર્ચ કહે છે. કોઈપણ એક બાબતનું અવલોકન કરી, તેના વિશે નવું શોધી કાઢી, પૂર્વગ્રહ રહિત અને વસ્તુલક્ષી રીતે અવલોકન કરી, જૂની બાબતોની ચકાસણી બાદ નૂતન વૈકલ્પિક સત્યને રજૂ કરવાનું મહત્ત્વનું કાર્ય સંશોધન કરે છે.''[૮]

સંશોધન સામગ્રી બે પ્રકારે ઉપલબ્ધ થતી હોય છે. પ્રાથમિક અને ગૌણ. સંશોધક પોતે સ્વયં સ્થળ પર જઈને પ્રશ્નાવલિ અને મુલાકાત લે તે પધ્ધતિથી પ્રાથમિક માહિતી મળે છે. જયારે ગૌણ સામગ્રી સંશોધક પ્રકાશિત કે અપ્રકાશિત દસ્તાવેજો, હસ્તપ્રત, ડાયરી જેવા માહિતી સ્ત્રોતનો ઉપયોગ કરીને મેળવે છે.

પત્રકારત્વમાં સંશોધનની આવશ્યકતા શું છે ? આમ તો આજના આધુનિક મિડિયાના યુગમાં આ પ્રશ્ન અનુચિત છે. આજે પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક બંને માધ્યમો જેટ ગતિથી પ્રગતિ કરી રહ્યા છે, એના કારણે વિશ્વનો દૈનિક ઈતિહાસ ગણાતા છાપાની દુનિયામાં પણ ધરખમ પરિવર્તનો આવી રહ્યાં છે. આજના પત્રકારત્વમાં આધુનિક યંત્ર સામગ્રી અને ટેકનોલોજી અનિવાર્ય બની ગઈ છે.

પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયનને સ્પર્શતો કોઈપણ વિષય હોય, હવે તેમાં સંશોધનની આવશ્યકતા રહે છે. પહેલાં પત્રકારત્વમાં શિક્ષણનું મહત્ત્વ ન હતું. અનુભવ જ શ્રેષ્ઠ શિક્ષક હતો. પણ હવે દરેક ક્ષેત્રમાં વધુને વધુ શોધ–સંશોધનને અવકાશ છે. વિવિધ વિષયો પર સમગ્રલક્ષી અભ્યાસ બાદ તેના પૃથ્થકકરણ ઉપરથી વધુ સારા પરિણામ અને વૈકલ્પિક વિચારો પ્રાપ્ત થાય છે. આથી પત્રકારત્વમાં સંશોધન અનિવાર્ય બનતું જાય છે.

આ સંશોધન કાર્યમાં વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સૌપ્રથમ ગ્રંથાલય દ્વારા સંશોધન કાર્યને વેગ મળ્યો છે. વિષયની પ્રારંભિક માહિતીથી માંડીને ઊંડાણ પૂર્વક સમજવામાં ગ્રંથાલય પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. અધ્યયનના છાપાનો ઈતિહાસ મેળવવાથી માંડીને સંશોધનનો વૈજ્ઞાનિક અભિગમ સમજવા, સંદર્ભ પુસ્તકો અને વિવિધ સામયિકો તથા છાપામાં પ્રગટ થયેલા તંત્રીલેખો અને અન્ય કટારો એકઠી કરવામાં ગ્રંથાલય ઘણું ઉપયોગી સાધન છે. શોધ નિબંધના અંતે વિવિધ લેખો અને સંદર્ભ પુસ્તકો કે અખબારોની યાદી આપી છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બીજી મુલાકાતની પધ્ધતિ દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો છે. તેમાં વિષયને સંલગ્ન વ્યકિતઓની મુલાકાત લઈ તેમની પાસેથી તે તે વિષયને લગતી અપ્રાપ્ય માહિતીના પ્રશ્નો પૂછીને માહિતી મેળવવામાં આવી છે. જેમાં પ્રશ્નના મુદ્દાઓ લગભગ સરખા હોય છે. પણ જે તે વ્યકિત અનુસાર તેના સ્વરૂપ, ક્રમ,ભાષા વગેરેમાં ફેરફાર થાય છે.

આ સંશોધન દરમિયાન પ્રશ્નાવલિ પધ્ધતિનો પણ ઉપયોગ થયો છે. ગુડ અને હટના મતે "પત્રકના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો મેળવવાની એક પધ્ધતિ એટલે પ્રશ્નાવલિ".[૯] આમાં વિષયને લગતા પ્રશ્નોનું એક પત્રક હોય છે તેમાં ઉત્તર દાતા પોતેજ જવાબ આપે છે. આ સંશોધનની બધી પ્રશ્નાવલિ રૂબરૂ ભરાવી છે. તેમાં ચોકકસ બાબત અંગે માહિતી મેળવવા હા અથવા ના કે પછી આંકડાઓના વિકલ્પો આપ્યા હોય છે. અમુક પ્રશ્નો વિવરણ લક્ષી હોય છે. પ્રશ્નોના સ્વરૂપને લક્ષમાં રાખી પ્રત્યક્ષ યા પરોક્ષ અપીલ કરતા પ્રશ્નો પૂછવામાં આવે છે. પ્રશ્નાવલિ પધ્ધતિના અમુક ફાયદા છે તો અમુક ગેરફાયદા પણ છે.

ફાયદાઓ પર નજર કરીએ તો આ પધ્ધતિ દ્વારા વિશાળ ભૌગોલિક વિસ્તારમાં ફેલાયેલા લોકો પાસેથી વિવિધ પ્રકારની માહિતી અને મંતવ્યો એકઠા કરી શકાય છે. આ પધ્ધતિ આર્થિક રીતે પરવડે તેવી કરકસર યુકત પધ્ધતિ છે. પ્રશ્નાવલિના પ્રમાણિક પ્રશ્નો પરથી એકત્રિત થયેલી માહિતીનું વર્ગીકરણ, તુલના અને પૃથક્કરણ સરળ બને છે.

મર્યાદાઓ પર નજર કરીએ તો, આ પધ્ધતિનો લાભ શિક્ષિત વર્ગ જ લઈ શકે છે. કારણ કે લખી વાંચી ન શકતા લોકો ઉત્તર નથી આપતા. ચીવટભર્યા અને સર્વગ્રાહી અભ્યાસ માટે આ પધ્ધતિ ઉપયોગી નથી. કારણ કે પ્રશ્નોના લાંબા ઉત્તરો આપવામાં લોકો કંટાળો અનુભવે છે. એમાં પણ જો પ્રશ્નાવલિ ટપાલ દ્વારા મોકલાવી હોય તો લોકો મોટા ભાગે વિવરણ વાળા પ્રશ્નોના જવાબ ટાળે છે. જો પ્રશ્નાવલિ ટૂંકી હોય તો વિવિધ પાસાંનો અભ્યાસ થઈ શકતો નથી. ઉત્તરદાતાઓ ઘણીવાર ખૂબ જ પસંદગીયુકત પ્રતિભાવ દાખવે છે. કયારેક સાચું ચિત્ર ન પણ મળે.

સમગ્ર શોધ નિબંધની મર્યાદા એ રહી કે મુંબઈ સમાચારના જૂના માલિકો અને તંત્રીઓના તૈલચિત્રો કે ફોટોગ્રાફ ઉપલબ્ધ ન થયા પણ તેના બદલે રેખા ચિત્રો જ મળ્યા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વળી તે એક ખાનગી માલિકીનું અખબાર હોવાથી અમુક પ્રકારની આંકડાકીય માહિતી પ્રાપ્ત થઈ શકી નહીં.

સમગ્ર શોધ નિબંધના અંતે સંપાદન કરેલી માહિતીનું પૃથક્કરણ કરવાથી એ ખ્યાલ આવે કે વાચકો અખબાર પાસેથી વધુ શું અપેક્ષા રાખે છે ?બંને અખબારોનો ભૂતકાળ તો ભવ્ય છે જ, પણ તેઓનું ભવિષ્ય પણ સૂવર્ણ અક્ષરે લખાય તે માટે તેઓએ વર્તમાનમાં સમજણપૂર્વક પ્રગતિના પંથે ચાલવું પડશે. ભૂતકાળમાં તેઓની આસપાસ નહિવત હરીફો હતા. જયારે અત્યારે પ્રિન્ટ મિડિયા જ શા માટે ઈલેકટ્રોનિક મીડિયામાં પણ ગળાકાપ હરીફાઈ જોવા મળે છે. ત્યારે આ સમયમાં ભૂતકાળની પ્રતિષ્ઠા જાળવી રાખીને વર્તમાન સમયના સતત બદલાતા પ્રવાહ સાથે કદમ મિલાવવાના છે.

પત્રકારત્વ ઉતાવળે લખાતું સાહિત્ય માત્ર નથી. પત્રકારત્વ અને અખબાર તો રચાતો ઈતિહાસ આલેખે છે. ઐતિહાસિક ઘટનાઓનું સાક્ષી ગવાહ છે. ટી.વી. કે ઈન્ટરનેટના આક્રમણથી વર્તમાન પત્રોનું મહત્ત્વ જરા પણ નથી ઘટયું, ઉલટું દિવસે ને દિવસે તેમાં વધારો થયો છે. 'EFZTLI 5|[; !)55 ;[ VA TS ' પુસ્તકમાંથી પ્રાપ્ય માહિતી પ્રમાણે સમગ્ર ભારતમાં ૪૬,૬૫૫ સમાચારપત્રો રજિસ્ટર્ડ થયેલાં છે અને સૌથી વધુ પત્રો હિન્દી ભાષી છે. સર્વાધિક લોકો પોતાની માતૃભાષામાં સમાચાર વાંચવા વધુ પસંદ કરે છે.આપણને જાણીને આશ્ચર્ય થશે કે ભારતીય સમાચાર પત્રો કુલ ૯૬ ભાષામાં પ્રકાશિત થાય છે. જેમાંની ૧૮ ભાષાઓનો સમાવેશ ભારતીય સંવિધાનની આઠમી સૂચિમાં થયો છે. બાકીની ૭૭ ભાષાઓમાં જનબોલીની વિવિધ ભાષાઓનો સમાવેશ થયો છે. તેમ છતાં છેલ્લા બે દશકમાં સાક્ષરતાનું પ્રમાણ વધવાથી અંગ્રેજી અખબારોનો વ્યાપ વધ્યો છે.'[૧૦]

સૌપ્રથમ દેશી ભાષાનું કોઈ અખબાર છપાયું હોય તો તે 'મુંબઈ સમાચાર' છે અને તેની ભાષા ગુજરાતી ભાષા છે. બાકીની બધીજ ભારતીય ભાષાઓનો ક્રમ પાછળ આવે છે.દરેક ગુજરાતી માટે આ ગર્વ લેવાની વાત છે. જો અખબારો તરફથી થોડા વધુ પ્રયત્ન કરવામાં આવે તો હજી એવા ઘણા મુદ્દાઓ પ્રકાશમાં આવે જેના પર ગર્વ લઈ શકાય. આપણા પત્રકારત્વે હવે કાઠું કાઢયું છે એમ કહી શકાય. પશ્ચિમના છાપાઓની બરાબરીની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઝાંખી કરાવી શકે એવા કેટલાક પત્રો આપણે ત્યાં પણ બહાર પડવા લાગ્યાં છે. આમ છતાં દુનિયાભરની ઘટનાઓની નોંધ લેતા અખબારોએ પોતાના અસ્તિત્વના સવા બસો વર્ષ પૂરાં થયાં એની ખાસ ઉજવણી પણ કરી નહીં એ ઘટના નવાઈ જનક નથી ? વાસ્તવમાં આપણા અખબારોનો કોઈ સુગ્રથિત ઈતિહાસ લખવાનો જ હજુ પ્રયાસ નથી થયો. જાત જાતના ઉદ્યોગોની અને પ્રસંગોની પૂર્તિ બહાર પાડતા અખબારોએ અખબારી ઉદ્યોગની દ્વિશતાબ્દિની ખાસ નોંધ પણ લીધી નથી. એ બતાવે છે કે આપણા અખબારો પોતાના પ્રશ્નો પ્રત્યે કેટલાં ઉદાસીન છે. આપણા અખબારો એ પોતાની ભવિષ્યની પેઢી માટે પણ ઈતિહાસને સાચવવો પડશે.

"આજનો યુગ એ સાચા અર્થમાં પત્રકારનો યુગ છે. વર્તમાન સમયમાં અખબારો વધ્યાં છે, એનું વેચાણ, એનો ફેલાવો અને સાથે સાથે એનો પ્રભાવ પણ વધ્યો છે, વર્તમાન પત્રની નીતિ ગમે તે હોય પણ લોકોની નજરે એની વિશ્વનીયતા ટકી રહેવી જોઈએ. કારણ કે સાચા પત્રકારત્વનો આધાર હકીકતોના સત્યનિરૂપણ પર રહેલો છે. લોકલાગણી સાથે સમાંતર ચાલતી અખબારની નીતિ લોકોની ચાહના ગુમાવતી નથી, અખબારોનો ફેલાવો જ એની લોકચાહનાની ઉત્તમ પારાશીશી છે."[૧૧]

ગુજરાતી પ્રજાના જીવનમાં આ અખબારોનું મહત્ત્વ કેટલું ? એનું માપ કાઢવા માટે લોકોની સામાન્ય જાગૃતિની તપાસ કરતાં જણાયું કે દુનિયા દેશ અને ખાસ કરીને ગુજરાતની મોટી મોટી નવા–જૂની કચ્છથી વલસાડ સુધીના ગામો અને મુંબઈ આખામાં પહોંચી જાય છે. નાનકડી હૉટેલો, બજારો અને ચૌટામાં બેસતા સામાન્યમાં સામાન્ય લોકો અનેક ઘટનાઓથી ઠીક ઠીક માહિતગાર હોય છે. આ ઘટનાઓ વિષે ટીકા ટિપ્પણ પણ સારું કરી શકે છે. યુધ્ધ અને રેલ સંકટ તથા બીજી રાષ્ટ્રીય આપત્તિઓના સમાચાર ગામેગામ ફેલાવવાનો યશ રેડિયો અંગ્રેજી છાપાઓને નહીં પણ ગુજરાતી વર્તમાનપત્રોને જાય છે.

અખબારોની ભૂમિકા અને કાર્યક્ષેત્ર વિશે આજે ભાગ્યે જ કોઈ વિવાદ રહ્યો છે. ગુજરાતી અખબારોની વિકાસની શકયતા અંગે પણ બેમત નથી. લોકમતને પ્રભાવિત કરનાર સૌથી અસરકારક શસ્ત્ર તરીકે એની ક્ષમતા પણ નિર્વિવાદ છે. રાષ્ટ્રના અર્થતંત્રમાં એક વ્યવસાય કે ઉદ્યોગ તરીકે એણે ભજવવાના ભાગ અંગે પણ કોઈ દલીલ નથી. પ્રશ્ન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

માત્ર એટલો છે કે આટલી વિશાળ શકયતાઓની પશ્ચાદભૂમિકામાં આપણું પત્રકારત્વ સંતુલિત નીતિ જાળવી રાખીને તથા ઉદ્યોગોની સાથે સાથે સેવાવૃત્તિનું પાસું પણ જાળવી લઈને રાષ્ટ્રની અને ખાસ તો લોકશાહીની વિકાસયાત્રામાં કદમ મિલાવે છે કે કેમ અખબારોએ આપણને રાજકીય સ્વાતંત્ર્ય અપાવ્યું પણ વાણીનું સ્વાતંત્ર્ય અણીને સમયે એ જાળવી શકશે કે કેમ એ અંગે શંકા છે.

વર્તમાનપત્રોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. વર્તમાનપત્રો ઊંડી સૂઝથી જીવનનો નિકટતમ સ્પર્શ આપે છે. સાહિત્યનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. કલ્પના કે ભભકાના વાઘા ઉતારી એ પણ જીવનને સ્પર્શતું બન્યું છે. સારા વર્તમાનપત્રોનો લોકજીવન પર આશ્ચર્યજનક પ્રભાવ જોવા મળે છે. લોકમતના ઘડતર અને પરિવર્તનમાં પત્રકારત્વનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે. એક વિદ્વાન લેખક કે પ્રાધ્યાપક જેટલી મોટી સંખ્યામાં પત્રકાર લોક શિક્ષણનું કાર્ય સંપન્ન ન કરી શકે તેટલી મોટી સંખ્યામાં પત્રકાર લોક શિક્ષણનું કાર્ય સાધી શકે છે. પત્રકાર અને અખબાર વિધાયક બળ બની સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ અને ઉન્નત બનાવવામાં મહત્ત્વનું પ્રદાન કરી શકે છે. જો પત્રકાર કે અખબાર પોતાનો ધર્મ ચૂકે તો એ વિનાશક બળ બની સમાજ અને દેશને પારાવાર હાનિ પણ પહોંચાડી શકે છે.

'Journalism and the media' પુસ્તકમાં લખ્યું છે કે,''The responsibility imposed on the journalist and the media is greater today than ever before. " Knowable" news is continually expanding because of new electronic " information machines" that increase both the availability and the transmission of information. The Journalist is the liaison, the link, between the people and their leaders and society's specialists: it is the journalist's job to make complicated issues understandable to the average person. The media, as purveyors of information, largely determine the agenda of public discussion through their selection of news to include in publications and broadcasts."[12]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' બંને આઝાદી પૂર્વે શરૂ થયેલા અખબારો છે પ્રેસનો ઈતિહાસ આઝાદી સુધી વિધાયક પ્રકારનો રહ્યો અને તેણે લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિ અને ભાવના સિંચવામાં એક શકિતશાળી બળની ગરજ સારી હતી. આઝાદી પૂર્વે પ્રેસને વિધાયક પરિબળ બનાવવામાં મિશનરી, જુસ્સાવાળા તંત્રી અને માલિકોની જેમ એવા જ ઉમદા આદર્શો ધરાવતા પત્રકારોનો પણ ફાળો હતો. પ્રેસ એક તંત્ર તરીકે અને પત્રકારો એના પૂર્જા તરીકે આવી વિધાયક કામગીરી બજાવવા કટિબધ્ધ હોય તો જ આ ચોથી સત્તા પોતાની સાચી શકિતમત્તા દાખવી શકે.

આ બંને દૈનિક પત્રોએ સફળતાના ઉચ્ચ શિખરો સર કર્યા છે. વાચકોનો અભૂતપૂર્વ પ્રેમ પ્રાપ્ત કર્યો છે. આ બંને દૈનિકની વ્યાવસાયિક સફળતાનું કોઈ સૌથી મોટું રહસ્ય હોય તો એ છે કે તેણે એકલ દોકલ નહીં પણ કુટુંબ એકમને વાચક તરીકે પકડેલ છે. વર્તમાનપત્ર કુટુંબપત્ર છે અને તેથી એ ઘરઘરની જરૂરિયાત બની ગયું છે. આ અખબારોની સફળતાનું એક મોટું કારણ તે માણસને અને તેના કુટુંબને ઘરની બહાર શહેરમાં શું બને છે ત્યાંથી માંડીને આખી દુનિયામાં શું ચાલે છે તે જોવાની એક બારી પૂરી પાડે છે. વર્તમાનપત્રની સફળતામાં વાચકવર્ગની વિશ્વાસની લાગણી સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પત્રની સફળતામાં એવો બીજો મોટો ફાળો તેની અણધારી ઘટનાને પહોંચી વળવાની સજ્જતા બની રહે છે.

'સાહિત્ય અને પત્રકારત્વ' પુસ્તકમાં ભૂપત વડોદરિયાએ એક લેખમાં લખ્યું છે કે,'વર્તમાન પત્રની સફળતાનું  એક અગત્યનું કારણ તેની સમાચારોની માવજત અને રજૂઆતની એકંદરે સફાઈ બની રહે છે. બીજી રીતે વર્તમાનપત્રનું ધોરણ સારું હોય, સરસ લેખ વિભાગો તેમાં હોય, લોકપ્રિય કટારો હોય પણ આ બધા સુંદર ટાપુઓની શોભા મારી નાખે તેવો સમાચારોનો ખારો ધૂસ દરિયો રોજ ઘૂઘવતો હોય, સમાચારનો ગુજરાતી તરજુમો અગમ્ય હોય, કેટલીક વાર તદ્દન હાસ્યાસ્પદ હોય ત્યારે વાચકનું મન ઉતરી જાય છે. વર્તમાનપત્ર જયારે આત્મસંતોષમાં પડી જાય છે અગર ઘરેડમાં પડી જાય છે ત્યારે સફળતા કટાઈ જવા માંડે છે. વર્તમાનપત્રનો ધબકાર તેની તાજગી છે''[૧૩]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અખબારોએ સફળ થવા માટે પોતાની એક શૈલી પણ વિકસાવવી પડે છે. મુંબઈ સમાચારની પોતાની એક આગવી શૈલી છે. તેની ભદ્ર અને શિષ્ટાચારવાળી ભાષા અન્ય અખબારોથી તેને ઘણું અલગ તારવે છે. તે ભાષાને એટલી પાંડિત્યસભર નથી બનાવતું કે વાચકને કંટાળો આવે કે એટલી હલકી પણ નથી બનાવતું કે વાચકને તે ચાલુ ચોપાનિયાની ભાષા લાગે, બાર કે સોળ પાનાનાં અખબારમાં વેપારના પાનાથી માંડીને સિટી ન્યુઝ કે અવસાન નોંધ સુધી દરેક પાનામાં એક સરખીભાષા શૈલી જાળવવી શકય નથી પણ ભાષાશૈલીની દષ્ટિએ શિખરો અને તળેટીઓ હોય તો પણ તો એકજ ગિરિમાળાની લાગવી જોઈએ. મોટો વાચક સમુદાય કાયમી ગ્રાહક બની શકે તે માટે ઉપરોકત મુદ્દાઓ દરેક અખબારના તંત્રીએ ધ્યાને લેવા જોઈએ.

મુંબઈથી બહાર પડતા વિવિધ સાંધ્ય દૈનિકોમાં જન્મભૂમિનું સ્થાન ઊંચું છે. અઠવાડિયાની ત્રણ પૂર્તિઓ સાથે તેમાં રાજકીય સમાચારોને વિશેષ માવજત મળે છે. જન્મભૂમિમાં અમૃત મહોત્સવ વિશેષાંકમાં લખ્યું છે કે, 'જન્મભૂમિ', પ્રથમથી જ કોંગ્રેસને ટેકો આપનારું પત્ર રહ્યું છે. કોંગ્રેસ એટલે અમુક વ્યકિતઓ કે અમુક ઠરાવો નહીં, પણ જે ધ્યેય માટે એ સંસ્થા જીવે છે તે ધ્યેય. કોંગ્રેસની પ્રતિષ્ઠા પહેલાં કરતાં આજે ઝાંખી પડી છે.'જન્મભૂમિ'એ પોતાની નીતિ અનેક વેળા સ્પષ્ટ કરી છે. કોંગ્રેસ અને સરકારની જયાં ભૂલ માલૂમ પડી છે ત્યાં 'જન્મભૂમિ' એ તે જાહેર કરી જ છે. અને સખ્ત શબ્દોમાં ટીકા કરતાં પણ અચકાયું નથી. લોકોના સુખ–દુ:ખને વાચા આપવામાં કદી પાછું પડયું નથી.''[૧૪]

વર્તમાનપત્રની આવી તટસ્થ નીતિ તેના વાચકોને તેના કાયમી ગ્રાહકો બનાવે છે. પત્રકારત્વ નિ:શંક એક પરિબળ છે. એ સમાચાર આપે છે, પ્રતિભાવ આપે છે. શાસનને જાગૃત રાખનાર એ એક ચોકીદાર છે. કેમ કે તેની સીધી અપીલ રાજયના અંતિમ સાર્વભૌમત્વના અંશરૂપ લોકોને છે. પત્રકારત્વ પણ લોકચેતનાને સ્પર્શે છે અને તેને ઝંકૃત કરે છે.

લોકરૂચિના ઘડતરમાં સફળ પત્રકારની તેજીલી કલમ ચેતનાની ચિનગારી પ્રગટાવે છે. અમૃતલાલ શેઠ, શામળદાસ ગાંધી કે ઝવેરચંદ મેઘાણીની ભાષામાં રહેલું જોમ લોકરુચિ ઘડતરમાં અત્યંત વિધાયક સિદ્ધ થયું હતું. આજના અખબારો વિશાળ વાચક વર્ગ ધરાવતાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

થયાં છે, એનું એક કારણ અખબારોમાં અપાતી લોકોના મનને સમૃધ્ધ કરનારી જ્ઞાન માહિતી પ્રધાન પૂરક સામગ્રીપણ છે.સમાચાર પત્રોમાં આજે જ્ઞાન, વિજ્ઞાન, જયોતિષ, રાજકારણ, અર્થકારણ, રમત ગમત, સામાજિક પ્રશ્નો, બાળકો, યુવાનો તથા સ્ત્રીઓ માટેની કોલમ, સાહિત્ય, ધર્મ, ચિંતન અને મનનનો સમાવેશ કરતા અભ્યાસલેખો વગેરે અનેકવિધ સામગ્રીનો સમાવેશ થાય છે. આમ આજનું અખબાર જ્ઞાન વિજ્ઞાનની મંજૂષા પણ બન્યું છે. સામયિકોના ખાસ વિષયો અખબારે પોતાનામાં સમાવી લીધા છે. વાચક વર્ગને એમ લાગે કે બસ ! હવે આનાથી વધુ કોઈ પરિવર્તન આવશે નહિ. પણ રોજ બરોજ અખબારો કંઈને કંઈ નવું પીરસતા જ રહે છે.

આ શોધ નિબંધમાં ઈતિહાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. વર્તમાનની સ્થિતિ પર વિચાર વિમર્શ કર્યો છે. બંને પત્રના ઉજળા ભવિષ્ય વિષે આશાઓ પણ છે. આ શોધ નિબંધના દરેક પાના પર ઈતિહાસ પથરાયો છે.અહીં તો ફકત બેજ મહત્ત્વનાં વર્તમાન પત્રોના ઈતિહાસ અને વર્તમાનની ઝાંખી છે. પણ સમગ્ર ગુજરાતી પત્રકારત્વની વાત કરીએ તો કંઈ કેટલાય સામયિકો, પાક્ષિકો, પત્રો, દૈનિકો છે જે સુવર્ણ ઈતિહાસ ધરાવે છે અને ભૂતકાળને ભંડારી બેઠા છે.

પત્રકારત્વમાં રસ લેતી વર્તમાન પેઢીના સુવર્ણ ભવિષ્ય માટે આ ભૂતકાળને પાના પર ઉતારી પ્રકાશિત કરવાની જરૂર છે. જૂના બાહોશ,નીડર પત્રકારોનો પરિચય કરાવવાની જરૂર છે. નવા બહાર પડતા વર્તમાનપત્રોના મૂલ્ય ઘડતર અને નીતિ નિર્માણમાં આવા સુવર્ણ ઈતિહાસ ધરાવતા પત્રો મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે. તેનું મૂલ્ય જરા પણ ઓછું ન આંકી શકાય.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્રકરણ – ૧

## પાદટીપ

૧: ગૌતમ રમેશનાથ, 'વૃત્ત વિવેચન', પૃષ્ઠ નં. ૧૪

૨: ભટ્ટ કાન્તિ, 'ગુજરાતી દિપોત્સવી અંક' સં ૨૦૫૩, પૃષ્ઠ નં.૭૩

૩: બક્ષી ચંદ્રકાન્ત, 'પત્રકારત્વ અને માધ્યમો', પૃષ્ઠ નં. ૩૩

૪: જોષી પરીક્ષિત, 'તંત્રીલેખોની ભાષા એક અધ્યયન', પૃષ્ઠ નં.૨૮

૫: ડૉ. માર્શલ રતન રુસ્તમ,'ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ', પૃષ્ઠ નં. ૨૬૫

૬: પંડયા વિષ્ણુ, 'પત્રકારત્વની વિકાસ રેખા', પૃષ્ઠ નં. ૫૦

૭: જોષી પરીક્ષિત, 'તંત્રીલેખોની ભાષા એક અધ્યયન', પૃષ્ઠ નં.૩૬

૮: એજન, પૃષ્ઠ નં. ૩૬

૯: એજન, પૃષ્ઠ નં.૪૦

૧૦: Eટ્ટ X\SZ4 cEFZTLI 5|[; !)55 ;[ VA TS c 5'Q9 G\P*

૧૧: સંપાદક : ડો. દેસાઈ કુમારપાળ, લેખક : શાહ શ્રેયાંસ, 'સાહિત્ય અને પત્રકારત્વ', પૃષ્ઠ નં. ૧૯

૧૨: Johnstan Donald H.-"Journalism and the media"- Page No.2

૧૩: સંપાદક : ડૉ. દેસાઈ કુમારપાળ, લેખક : વાડોદરિયા ભૂપત, 'સાહિત્ય અને પત્રકારત્વ', પૃષ્ઠ નં. ૧૪૭

૧૪: 'જન્મભૂમિ અમૃત મહોત્સવ વિશેષાંક' – પૃષ્ઠ નં. ૫



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૨
# ગુજરાતી પત્રકારત્વઃ એક પરિચય

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૨

## ગુજરાતી પત્રકારત્વ : એક પરિચય

ભારતીય પત્રકારત્વમાં આદ્ય હોવાનું ગૌરવ ગુજરાતને પ્રાપ્ત થયું છે. ૨૧મી સદીનું ગુજરાતી પત્રકારત્વ તેની નિર્ણાયક સ્થિતિમાં પહોંચી ચૂકયું છે, ત્યારે આવા સમયે અભ્યાસીઓ, નવા પત્રકારો અને પત્રકારત્વના ક્ષેત્રના તેજ કિરણોને મુઠ્ઠીમાં કેદ કરવા મથતા વિદ્યાર્થીઓ સમક્ષ ગુજરાતી પત્રકારત્વના ભૂતકાળ અને વર્તમાનકાળને પાના પર ઉતારવાની કોશિશ આ પ્રકરણમાં કરવામાં આવી છે.

ડૉ. રતન માર્શલ તેમના પુસ્તકમાં નોંધે છે કે,''છેલ્લી પચ્ચીસીમાં ગુજરાતી પત્રકારત્વ એ તેના અલ્પ સાધન વડે પશ્ચિમના પત્રો જેવો વિશાળ ફેલાવો ન ધરાવવા છતાં કોઈ પ્રાણવાન પત્રકાર મંડળ જેવી સધ્ધર સંસ્થાની દોરવણીની ગેરહાજરીમાંય સરકારી બંધનોના બોજ હેઠળ દબાઈને પણ જે પ્રગતિ સાધી છે તે ઉત્સાહજનક અને ગૌરવપ્રેરક છે.''[૧]

**(અ) ભારતીય પત્રકારત્વ :**

ભારતમાં વર્તમાનપત્રો અને મુદ્રણાલયોની શરૂઆત ઘણાં વર્ષો પહેલાં થઈ હતી. પણ પશ્ચિમ દેશને મુકાબલે આપણી પ્રગતિ આ દિશામાં ઘણી ઓછી છે. ત્યારે અગત્યના સમાચાર એક દોડનાર બીજા દોડનારને પહોંચાડતો. ફરતા ભાટ કે ચારણો ભારતના વિશાળ વિસ્તારમાં વિચારો ફેલાવતા. મોગલોના વખતમાં સમાચારના લહિયાઓ મહત્ત્વના અધિકારીઓ ગણાતા. સામ્રાજયના દૂર દૂરના ભાગોની પરિસ્થિતિથી બાદશાહને માહિતગાર રાખતા.

''છેક ૧૫૫૦માં ભારતમાં છાપકામના યંત્ર ઉદ્યોગનું શાસ્ત્ર આવ્યું. ત્યારે ફિરંગી જેઝયુઆઈટ પાદરીઓએ સહુથી પહેલું છાપખાનું ભારતમાં આયાત કર્યું. ખ્રિસ્તી ધર્મના પ્રચારમાં મદદરૂપ બને તે માટે ધાર્મિક પુસ્તકો અને પત્રિકાઓ પ્રેસમાં છાપતા. ઘણા લાંબા કાળ પછી સમાચારપત્રો અસ્તિત્વમાં આવ્યા.''[૨]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## ◈ પ્રત્યાયનની પૂર્વભૂમિકા :

પ્રત્યાયનનો ઉદ્‌ભવ અત્યંત ક્રમશઃ ઢબે અને લાખો વર્ષની ઉત્ક્રાંતિ પછી થયો છે. મેલ્વિન દ'ફ્લોર આને થિયરી ઑફ ટ્રાંઝિકશન 'સંક્રાંતિની વિચારધારા તરીકે ઓળખાવે છે.' માનવીએ અજાણતાં જે ક્રિયાઓ કરી અને ધીમે ધીમે તેમાં વિકાસ સાધ્યો, તેને આપણે પાછળથી નામ આપ્યું અને વ્યાખ્યાઓ આપી. આદિમાનવને ઈશારાથી વાતો કરતી વખતે કે વિચિત્ર પ્રાણી–પશુના અવાજ કરતી વખતે એ ખબર નહોતી કે તેઓ પ્રત્યાયન કરી રહ્યાં છે.

પ્રત્યાયનનો પ્રથમ તબકકો સંકેતોનો હતો. આ યુગને 'પ્રિ હોમિનિક' કહે છે.ડૉ. દલાલ નોંધે છે કે,''મનુષ્યના મગજનો ધીમે ધીમે વિકાસ થતો ગયો, તેમ સાંકેતિક ભાષા પણ વ્યવસ્થિત બનતી ગઈ. ભાવો વ્યકત કરવા તેણે જાત જાતના અવાજો અને હાથ પગનો ઉપયોગ કર્યો. તેની સામાજિકતા તરફની ગતિ શરૂ થઈ. આ તબકકાને 'સંકેત યુગ' કહી શકાય. સમય જતાં આ સંકેત પધ્ધતિ વધુ સુગ્રથિત અને અસરકારક બનતી ગઈ. ''[૩]

ત્યાર બાદ 'હોમો સેવિયન' તરીકે ઓળખાતા માનવવંશમાં 'ક્રો મેગ્નન' નામે એક શાખાએ બોલાતી ભાષાની શોધ કરી હોવાનું મનાય છે. ડૅા. દલાલના મત મુજબ, ''આનો સમયગાળો નિશ્ચિત નથી પણ ૯૦ હજારથી માંડી ૪૦૦ હજાર વર્ષ પહેલાંના સમયગાળામાં બોલચાલના શબ્દો વિકસ્યા હોવાનું મનાય છે. ૩૫ હજાર વર્ષ પહેલાં વ્યવસ્થિતપણે ભાષાનો ઉપયોગ શરૂ થયો હોવાનું કહેવાય છે. આ આખો યુગ 'ઓરલ કોમ્યુનિકેશન' એટલે વાચિક પ્રત્યાયનનો હતો.''[૪]

એ પછી ૫૦૦૦ વર્ષ પહેલાં આ બોલચાલની ભાષાએ લેખિત ભાષાનું સ્વરૂપ અપનાવ્યું અને લેખનયુગ કે લેખિત ભાષાયુગ શરૂ થયો. લેખિત ભાષાની શોધ એક જ સમયગાળામાં એકથી વધુ પ્રજાઓએ અલગ અલગ સ્થળે કરી હોવાનું કહેવાય છે.

ચીનાઓએ છાપકામની શોધ ખૂબ વહેલી કરી છે તેમ છતાં યુરોપમાં છેક પંદરમી સદીમાં જ છાપકામનો ઉપયોગ શરૂ થયો. એ ઉપરાંત સુમેરિયન અને ઈજિપ્તના લોકોએ તુર્કી,ઈરાન,ઈરાક અને ઈજિપ્તમાં આનો પ્રારંભ કર્યો હતો.

આ અંગે ડૉ. દલાલનું માનવું છે કે,''વિશ્વમાં ક્રાંતિઓ અનેક થઈ છે. પણ ઈતિહાસકારો અને સંશોધકોએ બે જ ક્રાંતિને અત્યંત મહત્ત્વની ગણી છે. જેની માનવજીવન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઉપર વ્યાપક અને ઊંડી અસર થઈ હોય એવી પ્રથમ ક્રાંતિ છે, ઔદ્યોગિક ક્રાંતિ અને બીજી છે પ્રત્યાયન ક્રાંતિ. ઔદ્યોગિક ક્રાંતિથી મોટા પાયે ચીજવસ્તુઓનું ઉત્પાદન શરૂ થયું તો પ્રત્યાયન ક્રાંતિથી માધ્યમોનો મોટા પાયે ઉદ્ભવ થયો.''[૫] સંક્રમણ માટેનો અંગ્રેજી શબ્દ ભલે કોમ્યુનિકેશન છે, સંક્રમણ પોતે તો સંસ્કૃત શબ્દ છે. સંસ્કૃતના ઘણા કઠીન શબ્દો જેમ ગુજરાતીમાં વપરાય છે. આમ સંસ્કૃત ભાષામાંથી સીધા ગુજરાતીમાં આવેલા ઢગલાબંધ શબ્દો આપણને મળે છે. જો કે સંક્રમણ માટે ગુજરાતીમાં સંક્રમણ ઉપરાંતના અવગમન, સમસંવેદન,સમ્પ્રેષણ કે પ્રત્યાયન જેવાં એક એકથી ચડે તેવા અઘરા શબ્દો વપરાયા છે.

મુદ્રણની શોધ સાથે પ્રત્યાયનનો આધુનિક તબકકો શરૂ થયો હતો. ઈ.સ. ૧૪૦૩માં કોરિયામાં ધાતુમાંથી પ્રથમવાર ટાઈપ બનાવવામાં આવ્યા હતા. ૧૪૫૦માં જહોન ગુટેનબર્ગે ટાઈપ તૈયાર કરીને મુદ્રણ માધ્યમનો પ્રારંભ કર્યો હતો અને ૧૫૫૦માં ભારતમાં ગોવાના પાદરીઓ દ્વારા મુદ્રણકળાનું આગમન થાય છે. ડૉ.દલાલ નોંધે છે કે ''૧૭મી સદીના ઉત્તરાર્ધમાં અખબારના આગમનનાં એંધાણ મળી ચૂકયાં હતાં.અઢારમી સદીમાં એણે જમાવટ કરી. વીજળીની શોધને પગલે પગલે ટેલિગ્રાફ,ટેલિફોન, રેડિયો,સિનેમા અને ટેલિવિઝનનું પદાર્પણ થયું અને 'કોમ્યુનિકેશન' હવે ઝડપથી 'માસ કોમ્યુનિકેશન'માં પરિવર્તિત થતું ગયું. વીસમી સદીનો ઉત્તરાર્ધ બેઠો અને ઉપગ્રહ ટેકનોલૉજીનો પ્રારંભ થયો. પરિણામે સમૂહ પ્રત્યાયનની ક્ષિતિજો વિસ્તરવા લાગી. જયાં પ્રત્યાયન બહુ ધીમું હતું ત્યાં હવે ચેતનનો સંચાર થવા લાગ્યો.''[૬]

કોઈપણ દેશ કે સમાજના ઘડતરમાં અખબાર અથવા સમૂહ માધ્યમનો ફાળો વિશેષ રહ્યો છે. ચાર્લ્સ રાઈટ પ્રત્યાયનને એક સમાજિક પ્રક્રિયા તરીકે ઓળખાવે છે. જે માનવ અસ્તિત્વને માટે અનિવાર્ય છે. સમગ્ર વિશ્વમાં કમ્યુનિકેશન અને વિકાસને સાંકળવામાં આવ્યાં છે. 'ચોથી જાગીર'માં નોંધ્યું છે કે,''પ્રત્યાયનની ટેકનોલૉજીએ વિશ્વની પ્રજાઓને પોતાની પ્રણાલીઓ, પોતાના ધર્મ,પોતાની જ્ઞાતિ, પોતાની ભાષા, પોતાના નાના નાના વહેમો પરત્વે વધુ સજાગ બનાવી છે. પરિણામે વિશ્વ એક દષ્ટિએ સાંકળું બનશે પણ માનસિક દષ્ટિએ અંતર વધતું જાય છે. આમ, દુનિયા એક ગામડાં જેવી જરૂર બનશે પણ એ ગામડામાં સંવેદનશીલ નહીં પણ રુક્ષ અને તંગદિલ મનુષ્યોની સંખ્યા વિશેષ રહેશે.''[૭]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રત્યાયનમાં પણ અત્યારે સમૂહ પ્રત્યાયન વિશેષ ચર્ચામાં છે. ન્યુઝ ચેનલો, અખબારો અને માહિતી મેળવવાના વિવિધ સાધનોનો જવાળામુખી ફાટયો છે. માર્શલ મેકલુહાન કહેતા કે ''આપણે પ્રત્યાયન વિસ્ફોટમાંથી પસાર થઈ રહ્યા છીએ.''[૮] સૌપ્રથમ કોઈ સમૂહ માધ્યમનો પ્રજા દ્વારા મોટા પાયે ઉપયોગ થતો હોય એવું મુદ્રણ માધ્યમની બાબતમાં બન્યું. માનવ સંસ્કૃતિનો ઝડપી વિકાસ ભાષાની શોધ અને માધ્યમોના આગમન પછી જ શકય બન્યો છે. માધ્યમોએ મનુષ્યના બૌદ્ધિક વિકાસમાં પાયાની ભૂમિકા ભજવી છે. મનુષ્યની બૌધ્ધિક શકિતનો વિકાસ થતો ગયો તેમ તેમ તે પ્રશ્નો પૂછતો ગયો. તેની જિજ્ઞાસાવૃત્તિ વિકસિત થઈ અને માનવી અવનવી શોધ કરવા પ્રેરાયો. ભાષા આવી કે એના પાંચ હજાર વર્ષમાં જ માણસ ચંદ્ર પર પહોંચી ગયો. ભાષાના વિકાસે માનવ સભ્યતાના ઝડપી વિકાસનો માર્ગ મોકળો કરી આપ્યો. પ્રત્યાયનમાં અત્યારે મીડિયા મોખરે છે. આધુનિક જીવનશૈલીમાં મીડિયાની બહુ મોટી ભૂમિકા છે. આપણાં ભાવજગતને તેમ વિચાર જગતને એ હવે ભારે પ્રભાવકતાથી ઘડે છે. મીડિયા–કૉમ્યુનિકેશન્સ નવા જમાનાના નવા માણસની નવી ચીજો છે.

જેમ દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ દરેક શોધના સારા અને ખરાબ પરિણામ તો હોય જ છે. અત્યારના સમૂહ પ્રત્યાયનના વિકાસને જોઈને ઘણા વિવેચકો અકળાય છે. કેટલાક ધર્મપુરુષો સતત આધુનિક ટેકનોલૉજીની ટીકા કરતા રહે છે. પણ એમને ખ્યાલ નથી કે વિજ્ઞાનની આ બધી શોધખોળો અને એમાંથી ઉદ્‌ભવેલાં માધ્યમો ન હોત તો આજના સંગઠિત ધર્મોનું જ અસ્તિત્વ ન હોત. માણસ બોલતાં શીખ્યો તેની પાછળ પણ સદીઓનો શારીરિક, જૈવિક વિકાસ જ જોવા મળે છે.

ડૉ. દલાલ નોંધે છે કે,''સમૂહ પ્રત્યાયન 'આયોજિત' પ્રત્યાયન છે. એમાં વ્યવસ્થિત આયોજન,ટીમવર્ક અને સંકલનની જરૂર પડે છે. અને એમાં સારું એવું ખર્ચ થાય છે. એક ફિલ્મ બનાવવાનું ખર્ચ અને ટી.વી. શ્રેણી બનાવવાનું ખર્ચ જાણીએ એટલે આનો ખ્યાલ આવે. અગાઉના પરંપરાગત માધ્યમો સરળ અને સસ્તા હતા. આજના સમૂહ માધ્યમો સંકુલ અને મોંઘા છે. સમૂહ પ્રત્યાયનનું ઉદ્‌ભવસ્થાન કોઈ ઔપચારિક સંગઠન હોય છે અને સંદેશ મોકલનાર મોટે ભાગે વ્યવસાયિક પ્રત્યાયક હોય છે.'' [૯]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રત્યાયન કોઈપણ સ્થળે અને કોઈપણ સ્વરૂપે અસરકારક હોવું જોઈએ. અસરકારક પ્રત્યાયન એક સંકુલ અને મુશ્કેલ પ્રક્રિયા છે. આખરે તો બધો વ્યવહાર શબ્દો મારફત જ કરવાનો છે અને શબ્દનો અર્થ દરેક જગ્યાએ જુદો જુદો હોય છે. આથી જે અસર થવી જોઈએ તે ઓછા પ્રમાણમાં થાય છે.

પ્રત્યાયનની મૂળ શરૂઆત કયારે અને કેવા સંજોગોમાં થઈ એ તો આપણે જોયું પણ, પ્રત્યાયનનો સર્વ પ્રથમ સ્ત્રોત અખબારોની શરૂઆત વિશ્વસ્તરે કયાં અને કેવી રીતે કોના દ્વારા થઈ તે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

### ◈ વૈશ્વિક પત્રકારત્વ :

સૌપ્રથમ મુદ્રણ કળામાં હાથ અજમાવનારા ચાઈનીઝ લોકો હતા. ચીનમાં ઈ.સ. ૬૫૦માં બ્લોક પ્રિન્ટિંગ થતું તેવાં પ્રમાણપત્રો મળે છે. ''ઈ.સ. ૮૬૮માં ચીનના વોંગ ચિહ દ્વારા છપાયેલું પુસ્તક દુનિયાનું સૌથી જૂનું પુસ્તક માનવામાં આવે છે. તેનું નામ 'હિરક સૂત્ર' હતું. ત્યાર બાદ ઈ.સ. ૧૦૪૫માં વિ શાંગે ચીની માટીમાંથી ખાસ બીબાં બનાવ્યાં. તેના પરથી થયેલું ઈ.સ. ૧૦૪૫માં એક પુસ્તક મળે છે. ઈ.સ. ૧૩૧૪માં ચીનમાં લાકડાનાં બીબાં બન્યાં પણ એ પહેલાં ૧૨૯૫માં માર્કો પોલો ચીનની યાત્રાએ આવેલો. તેણે મુદ્રિત પધ્ધતિનો નિર્દેશ કરેલો છે. પ્રથમ લાકડાના ને પછી શીશાનાં બીબાં બન્યાં. ૧૪૦૯માં એનો ઉપયોગ કરીને એક પુસ્તક તૈયાર થયેલું'' .[૧૦]

ત્યાર બાદ યુરોપમાં જર્મનીના મેઈન્ઝ પરિવારમાં જન્મેલા જહૉન ગુટેનબર્ગે મુદ્રણકળાના પાયા નાખ્યા. તે સ્ટ્રેસબર્ગમાં ૧૪૪૦માં મુદ્રણ અંગે પ્રયોગો કરવા લાગ્યો. ૧૪૪૪માં તે પાછો પોતાના પ્રદેશમાં આવી ગયો અને ત્યાં ૪૨ પંકિતમાં બાઈબલનો પાઠ મુદ્રિત કરવાનો સફળ પ્રયાસ કર્યો. ૧૪૫૬માં તે પાઠ છપાયો હતો. ૧૪૬૮માં ગેટેનબર્ગનું મૃત્યુ થયું હતું.

રંગાસ્વામીએ 'Journalism in India' પુસ્તકમાં નોંધ્યું છે કે,'ઈંગ્લેન્ડમાં ૧૪૭૬માં વિલિયમ કેકસ્ટને પ્રથમ પ્રિન્ટિંગ પ્રેસ સ્થાપ્યું તે પહેલાં કોઈપણ દેશ પાસે વ્યવસ્થિત કહી શકાય તેવું છાપખાનું નહોતું. કેકસ્ટને લંડનમાં વ્યવસ્થિત રીતે છાપખાનું શરૂ કર્યું અને નેવું જેટલાં પુસ્તકો છાપ્યાં, જેમાંનાં ૭૦ અંગ્રેજી ભાષામાં હતાં. ત્યારે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઈટાલીથી ઘણાં ખરા સમાચારો પ્રાપ્ત થતા કારણ કે ત્યાં ન્યુઝ કલેકશન સેન્ટર હતું. એ સમયે આઠ પેઈઝમાં સમાચારો છપાતાં જયારે લંડનના લોકલ ન્યુઝ ચાર પેઈઝમાં છપાતા. "[૧૧]

આજ રીતે રોમ, પેરીસ, બૂડા પેસ્ટ, વેસ્ટ મિન્સ્ટર, જિનિવા, લંડન વગેરેમાં છાપખાનાં શરૂ થયાં. પંદરમી સદીના અંતમાં તેના વિકાસને નિશ્ચિત રૂપ મળ્યું. બરાબર આ જ સમયગાળા દરમિયાન એટલે કે ૧૫૧૩માં 'ન્યુઝ બુક' પ્રકાશિત થઈ. તેનું કદ પ્રમાણમાં નાનું અને માહિતી ખૂબ જ મર્યાદિત છપાતી હતી. છતાં આ પ્રસંગ ખૂબ મહત્ત્વનો હતો. ઈ.સ. ૧૫૫૭માં પ્રકાશિત થયેલી ન્યુઝ બુકનું ટાઈટલ હતુંઃ 'Valiant Exploits of Sir Francis Drake.' ૧૬મી સદીમાં આ ન્યુઝ બુક ખૂબજ ખ્યાતિ પામી હતી.

પત્રકારત્વની વિકાસરેખામાં નોંધ્યું છે કે,"આ સમયગાળા દરમિયાન બ્રિટનમાંથી 'ન્યુઝ શીટ્સ' બહાર પડતાં. રાણી એલિઝાબેથ (પ્રથમ) એક બિનકાયમી ન્યુઝ શીટ 'English Mercurie'માં લશ્કરી સમાચારો 'રાજયના હિતમાં' આપવાની ના પાડી હતી. ઈ.સ. ૧૬૦૯માં એક આવું બીજું પ્રકાશન 'Arisa relation order zeitung ' જોવા મળે છે. આમ, ૧૬મી સદીના અંત સુધીમાં બ્રિટનમાં 'ન્યુઝ શીટ્સ'નું પ્રકાશન થતું રહેલું."[૧૨]

ઈ.સ. ૧૬૨૧ના ઉનાળામાં આધુનિક પત્રકારત્વની રૂપરેખા સમાન કોરાન્ટોએ લંડનની શેરીઓમાં દેખા દીધી. ૧૬૨૪ સુધી તે પોતાના નામ દ્વારા ઓળખાતા નહોતા. શરૂઆતમાં તેમાં ફકત ફોરેનના સમાચારોને જ સ્થાન મળતું. ઈ.સ. ૧૬૨૮માં તેમાં પ્રથમવાર વેસ્ટ મિનિસ્ટર દ્વારા પાર્લામેન્ટરીની કાર્યવાહીના સત્તાવાર સમાચાર છપાયા હતા.

આવાં પચ્ચીસ જેટલાં અંગ્રેજી ભાષી પત્રો જયોર્જ વેસ્લર અને બ્રોઅર જહૉન્સન પ્રકાશિત કરતાં, જે બ્રિટિશ મ્યુઝિયમમાં હયાત છે. નેથેનલિયન બટર તેનો વિક્રેતા હતો. ત્યાર બાદ સ્થાનિક ઘટનાઓનાં ડેઈલી રિપોર્ટ આપવા માટે 'Diurnals' બહાર પાડયા. ૨૯ નવેમ્બર ૧૬૪૧માં જહૉન થોમસે 'Diurnals Occurrences' બહાર પાડયું હતું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૬ જુલાઈ, ૨૦૦૦ના રોજ 'જન્મભૂમિ' અખબારના પિરિયોડિકલ લેખ અંતર્ગત વૈશ્વિક પત્રકારત્વ સંદર્ભે થોડી માહિતી આપવામાં આવી હતી. પહેલું અંગ્રેજી છાપું ૨ ડિસેમ્બર, ૧૬૦૨ના રોજ આમસ્ટરડામમાંથી છપાયું હતું. તેનું નામ હતું 'કોરાન્ટો આઉટ ઓફ ઈટલી,જર્મની,એટસેટ્રા.' પણ જેમાં સમાચાર છાપવામાં આવ્યા હોય તેવું સાપ્તાહિક પહેલીવાર પ્રગટ થયું, તે ૧૬૨૨ના મે મહિનાની ૨૩મીએ નિકોલાસ બોર્ન અને થોમસ આર્ચરે પ્રગટ કરેલા આ સાપ્તાહિકનું નામ હતું, 'વિકલી ન્યુઝ ફ્રોમ ઈટલી એટસેટ્રા'.

એ સમયે રાજાશાહીની આપખુદી ફકત ભારતમાં જ હતી તેવું નહોતું. ૧૬૪૧ના જુલાઈ પહેલાં ઈંગ્લેન્ડમાં છાપખાનાઓ પર પુસ્તકો અને છાપા છાપવા પર એવા તો કડક પ્રતિબંધો હતા કે છાપું પ્રગટ કરવાનું શકય જ નહોતું. વાણી સ્વાતંત્ર્યને ભોંયમાં ભંડારી દેવામાં આવ્યું હતું. એટલે ઈંગ્લેન્ડમાંથી અંગ્રેજી છાપાં પ્રગટ થાય તે પહેલાં યુરોપના બીજા દેશોમાંથી તે પ્રગટ થયાં. ૧૬૪૧ના જુલાઈમાં અખબારી સ્વાતંત્ર્ય પરના અંકુશો થોડા હળવા કરવામાં આવ્યા અને એ જ વર્ષે પાર્લામેન્ટની કામગીરીનો અહેવાલ આપતું 'એકરન્સિસ ઈન પાર્લામેન્ટ' બહાર પડયું.

૧૬૫૫માં શાસકોએ ફરી છાપાં પર તરાપ મારી. કોઈએ પણ છાપું શરૂ કરતાં કે ચલાવતાં પહેલાં સરકાર પાસેથી પરવાનો કઢાવવો પડે,એવો કાયદો કર્યો. ૧૬૬૨માં છાપખાનાઓ પર વધુ કડક અંકુશો લાદવામાં આવ્યાં. છાપેલા શબ્દને લગભગ દેશવટો દેવામાં આવ્યો. ૧૬૬૫ની ૧૬મી નવેમ્બરે 'ઓકસફર્ડ ગેઝેટ' શરૂ કરવામાં આવ્યું જે રોયલ ઓથોરિટી દ્વારા અઠવાડિયે બે વાર છપાતું અને ૨૪ હપ્તા છપાયા પછીના ૧૬૬૬ના ફેબ્રુઆરીમાં 'લંડન ગેઝેટ' બન્યું. આજે આખી દુનિયામાં પ્રગટ થતાં છાપાઓમાં 'લંડન ગેઝેટ' જૂનામાં જૂનું છાપું છે. ત્યાર બાદ ૧૬૯૩માં સ્ત્રીઓ માટેનું સામયિક 'લેડીઝ મરકયુરી' પણ શરૂ થયું હતું. એ પછી ન્યુગેટમાંથી મુકિત મળ્યે ડેનિયલ ડીફોએ ૧૭૦૪માં 'ધ રિવ્યુ' શરૂ કર્યું હતું. 'મેગેઝીન શબ્દનો પ્રથમ વાર ઉપયોગ કરીને પહેલું સામયિક ૧૭૩૧માં એડવર્ડ કેવે 'જેન્ટલમેન્સ મેગેઝીન' બહાર પાડયું. અઢારમી સદીના મધ્ય ભાગમાં ઈંગ્લેન્ડમાંથી 'ધ રેન્બલર', 'ધ એકોટર','ધ ટેટલર','લંડન મેગેઝીન','ધ મન્થલી રિવ્યું' વગેરે પ્રકાશિત થતાં.''[૧૩]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રથમ દૈનિક સમાચારપત્ર ૧૧ માર્ચ,૧૭૦૨ના રોજ લંડનમાંથી એડવર્ડ મેલેટે (E. Mallet) બહાર પાડયું હતું. તેનું નામ 'ડેઈલી કરન્ટ' હતું. તેનું પ્રકાશન અને વેચાણ ઈ મેલેટ દ્વારા જ કરવામાં આવતું પણ તે થોડો જ સમય ચાલ્યું. ત્યાર બાદ 'સ્પેકટટર' ૧૭૧૧માં, 'ડેઈલી પોસ્ટ' ૧૭૧૯માં ,'ડેઈલી એડવરટાઈઝર',૧૭૩૦માં એમ એક પછી એક દૈનિક પત્રો બહાર પડતાં ગયાં.

વિષ્ણુ પંડયાએ નોંધ્યુ છે કે, ''શાસનના નિયંત્રણો અને પત્રકારત્વના પ્રારંભિક તબકકાની મુશ્કેલીઓઃ એ બંને વિટંબણાઓમાંથી માર્ગ કાઢતું બ્રિટિશ પત્રકારત્વ આગળ વધતું હતું. એ રીતે તેના વિકાસની ક્ષિતિજો વિસ્તરી. 'મોર્નિંગ પોસ્ટ' ૧૭૭૨માં જન્મ્યું. તે ૧૯૩૨માં 'ડેઈલી ટેલિગ્રાફ' દૈનિકમાં રૂપાંતર પામ્યું. તે પછીથી (૧૭૮૮)થી 'ધી ટાઈમ્સ'નું દૈનિકમાં સ્વરૂપ પામ્યું. અમેરિકન પ્રમુખ અબ્રાહમ લિંકને પણ આ સામર્થ્યવાન પત્રને બિરદાવેલું. ઈ.સ. પૂર્વે અઢારસોના આવાં ૬૦ જેટલા પત્રોમાંથી ઘણાનું અસ્તિત્વ આજેય જુદા જુદા નામે છે.''[૧૪]

અમેરિકામાં બેંજામીન ફ્રેન્કલીને 'ધ જનરલ મેગેઝીન' (૧૭૪૧) અને બ્રેડફોર્ડ'અમેરિકન મેગેઝિન' (૧૭૪૧) શરૂ કર્યું. તે અમેરિકી સામયિક જગતનાં આદ્ય ગણાવી શકાય તેવાં છે. મોર્ડન એડિટોરિયલને પ્રાધાન્ય આપનાર જેમ્સ પેરી 'મોર્નિંગ ક્રોનિકલ'માં એડિટર હતાં અને તેણે એડિટરનું ખરું કાર્ય શું છે તે અન્ય પત્રોને સમજાવ્યું. જેમાં સાહિત્યિક સામગ્રીનું મહત્ત્વ વધારે જળવાતું તેવા સામયિકોમાં 'નોર્થ અમેરિકન'ને પ્રથમ સ્થાન આપવું પડે. હેનરી એડમ્સના તંત્રીપદે પ્રકાશિત થતાં આ સામયિકને 'The first literary power in America' ગણવામાં આવ્યું છે. આ સામયિકમાં લોંગફલો, એમર્સન, ઈર્વિંગ,માર્ક ટવેઈન,હેનરી જેમ્સ વગેરે લખતા.

ત્યારબાદ ટેલિગ્રાફ અને ટેલિગ્રામની શોધને કારણે પત્રકારત્વમાં પૂરજોશમાં ક્રાંતિ આવી.એક લેખકે લખ્યું હતું કે,'The telegraph created a pressure world with in journalism.' રોજિંદા પત્રકારત્વમાં તે ખૂબ જ ઉપયોગી બન્યું. આ અરસા દરમ્યાન ભારતમાં પણ વિદેશી પત્રકારત્વએ વિશેષ સ્થાન બનાવી લીધું હતું. જે એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વ કહેવાયું.''[૧૫]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## ◈ ભારતનું એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વ :

આપણા જીવનનાં અને આપણા કુટુંબના એક પ્યારા સભ્ય બની ગયેલા છાપાએ સવા બસો વર્ષની આવરદા પૂરી કરી. જે શરૂઆતના દિવસોમાં 'વૃતપત્ર' કહેવાતું અને પાછળથી વર્તમાનપત્ર,સમાચાર પત્ર અને અખબાર જેવાં શબ્દોથી ઓળખાતું અને વાતચીતની ભાષામાં જેને છાપું કહેવાય છે. ૧૭૮૦માં ૨૯ જાન્યુઆરીએ કલકત્તામાંથી આપણા પ્રથમ પત્ર 'બેંગાલ ગેઝેટ'નો પ્રારંભ થયો એનો તંત્રી કોઈ ભારતીય નહીં પણ જેમ્સ ઓગસ્ટસ હીકી નામનો અંગ્રેજ હતો, એ ઘટના માનવામાં ન આવે તેવી પણ હકીકત છે.

ભારતમાં પત્રકારત્વનો પ્રારંભ થયો ત્યારનું વાતાવરણ થોડા ઘણા અંશે સંક્રાંતિકાળનું હતું. પરોઢ પૂર્વેના અંધકાર જેવી સ્થિતિમાંથી બહાર લાવવા નાના મોટા, ભારતીય અને કેટલાક વિદેશી પત્રકારોએ પ્રયત્નોના બ્યુગલો વગાડયા. અંગ્રેજોનું ભારતમાં આગમન થયું તેના પાંચ દાયકા પહેલાં જ વૈશ્વિક પત્રકારત્વનો પ્રારંભ થઈ ચૂકયો હતો.

છાપું બહાર પાડવાનો પહેલો પ્રયત્ન થયો તે કલકત્તામાં ૧૭૭૬માં. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નોકરી માટે અંગ્રેજો વિલાયતથી આવતા. એમાંના કેટલાક સાથે ધંધો પણ કરતા. એમાં એક હતો વિલિયમ્સ બોલ્ટસ. એણે ખાનગી વેપાર શરૂ કર્યો એટલે એને સરકારી નોકરીમાંથી  કાઢી મૂકયો. સરકારમાં કયાં સડો છે અને રાજકારણમાં કેવી રમતો રમાય છે તે અંગેની અંદરની જાણકારી તેને ન હતી. સરકારના કાવાદાવા ઉઘાડા પાડવા એણે છાપું કાઢવાનો વિચાર કર્યો. સરકારને આની ગંધ આવી અને બોલ્ટસ તંત્રી બને તે પહેલાં જ તેને વિલાયત પાછો ધકેલી દેવામાં આવ્યો.

આ નિષ્ફળ પ્રયત્ન પછી ચાર વર્ષે ૧૭૮૦ના જાન્યુઆરીની ૨૯મીએ જેમ્સ ઓગસ્ટસ હીકીએ કલકત્તામાં બંગાળ ગેઝેટ નામનું આપણા દેશનું સૌથી પહેલું  પત્ર બહાર પાડયું.

'ચકચાર' મેગેઝીનમાં તા. ૩૦–૦૧–૮૧ના રોજ ડૉ. યાસીન દલાલ લખે છે કે, 'હીકીનું આ પત્ર ચોપાનિયા જેવું હતું. આજે એની નકલો બ્રિટિશ લાઈબ્રેરી જેવી સંસ્થાઓમાં જર્જરિત અવસ્થામાં જોવા મળે છે. આમ તો એનું નામ 'હીકીઝ બેંગાલ ગેઝેટ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઓફ ધી ઓરિજનલ કલકતા જનરલ એડવર્ટાઈઝર' એવું લાંબુ લચક હતું, પણ જેમ 'ઈલેસ્ટ્રેડ વીકલી ઑફ ઈન્ડિયા' માત્ર 'વીકલી' તરીકે ઓળખાય છે. તેમ હીકીનું પત્ર 'બેંગાલ ગેઝેટ' અને કયારેક માત્ર 'ગેઝેટ' તરીકે ઓળખાતું.''[૧૬]

આજના હિસાબે તો એ પ્રકાશન પસતીમાં જ ખપી જાય, પણ તે સમયના હિસાબ સુધ્ધેએ પ્રકાશન ઘણું નબળું જ લેખાય. ૧૨" × ૮"નાં બે પાનાંના એ પ્રકાશનમાં ત્રણ ત્રણ કોલમ હતી. તેમાં ખીચોખીચને ચિત્રવિચિત્ર રીતે મોટે ભાગે જાહેરખબરોને બીજી બાબતો છાપવામાં આવી હતી. આમ છતાં તે સમયના લખાણમાં હીકીની નિડરતા નજરે ચડતી. તે બ્રિટીશ કંપની સરકારના ભારત સ્થિત અધિકારીઓના ભોપાળાઓ વીણી વીણીને ખુલ્લાં પાડતો. આથી બ્રિટીશ અધિકારીઓ તેને તિરસ્કારથી જોતાં પણ હિકી ઉપર તેની કોઈ અસર થતી નહીં. 'બેંગાલ ગેઝેટ'માં તેણે દર્શાવેલા વિચારો એક પીઢ અખબારનવીશની છબી સર્જે છે. હિન્દુસ્તાનના સૌ પહેલાં એ અંગ્રેજી અખબારે આયુષ્ય તો માત્ર બે જ વર્ષનું ભોગવ્યું, પણ એ બે વર્ષમાં એણે ભારે રોમાંચક સનસનાટી ભર્યું ને કરુણ જીવન ભોગવ્યું.

પ્રા.નીતાબહેન પરીખ નોંધે છે કે– 'હીકીનું પત્ર ભલે લાંબુ જીવી ન શકયું. પરંતુ તેણે ભારતીય પત્રકારત્વના જન્મસ્થળ એવા કલકત્તામાં વધુ સામયિકો અને અખબારો શરૂ કરવાની પ્રેરણા આપી. 'બેંગાલ ગેઝેટ' પછી છ જ વર્ષમાં કલકતામાં ચાર સાપ્તાહિકો અને એક માસિક શરૂ થઈ ગયાં અને ભારતમાં પત્રકારત્વની અવિરત સફરનો પ્રારંભ થયો.''[૧૭] એ સમયે 'બેંગાલ ગેઝેટ'ની હરિફાઈમાં 'ઈન્ડિયા ગેઝેટ' નામનું એક બીજું સામયિક પણ શરૂ થયું હતું, પણ તે બહુ ચાલ્યું નહીં.

પ્રા.નીતાબહેન નોંધે છે કે, ''કલકત્તાનું ત્રીજું પત્ર 'કલકત્તા ગેઝેટ એન્ડ ઓરિએન્ટલ એડવર્ટાઈઝર' ૧૭૮૪નાં ફેબ્રુઆરી માસમાં શરૂ થયું. આ પત્ર કવાર્ટર સાઈઝનું હતું. તે સરકારી દેખરેખ હેઠળ વર્ષો સુધી ચાલ્યું. તેમાં પર્શિયન,બંગાળી અને અંગ્રેજી ભાષામાં નોટિસો છપાતી. બાદમાં તે સરકારનું સત્તાવાર પત્ર બન્યું હતું. ૧૭૮૫ના ફેબ્રુઆરીમાં થોમસ જોન્સ નામના વેપારીએ કલકત્તાનું ચોથું પત્ર 'બંગાલ જર્નલ' શરૂ કર્યું.''[૧૮]

આ સમયગાળા દરમિયાન જ અમેરિકાનો નિર્ભિક પત્રકાર અને તંત્રી વિલિયમ ડોન કલકત્તાથી 'વર્લ્ડ' નામના પત્રનું સંપાદન કરતો હતો. ૧૭૮૭માં તે ભારત આવ્યો હતો અને



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૨૭ ડિસેમ્બર, ૧૭૯૪માં તેની ધરપકડ થઈ હતી. તેનો ગુનો એટલો જ કે ભારતમાં બ્રિટશ શાસને કચડી નાખેલા માનવઅધિકાર અંગે તે કલમ ચાલાવતો હતો. ૧૭૯૧માં તેનું અખબાર 'વર્લ્ડ' બંધ થયું. ત્યાર બાદ ૧૭૯૮માં 'બેંગાલ હરકારુ'ના તંત્રી ચાર્લ્સ મેકલીનને પણ દેશવટો મળ્યો. તે હોલ્ટ મેકેન્લીના 'ટેલિગ્રાફ' અને પીટર રીડના 'ઈન્ડિયા ગેઝેટ'માં લેખો લખતો. તે પોતાના લેખોમાં કંપની સરકારના વહિવટની સખત ટીકા કરતો હોવાથી ૧૭૯૮માં દેશ બહાર કાઢી મૂકાયો. તે પછી નેપોલિયનની સાથે અમેરિકા લડતું હતું, તેનો લાભ લઈ વેલેસ્લી (૧૭૯૮–૧૮૦૫) ની સરકારે છાપાં ઉપર નિયંત્રણો મૂકયાં.

"આરાથુન શુમાવોન ભારતમાં આર્મેનિયન પત્રકારત્વનો આદ્ય હતો. ૧૭૯૪માં તેણે મદ્રાસમાંથી 'અઝદરાર' માસિક શરૂ કર્યું હતું. ૧૭૯૬માં તે બંધ પડયું. ત્યાર બાદ ૧૮૧૫માં જેમ્સ સિલ્ક બકિંગહામ ભારત આવ્યો. ૧૮૧૮માં અંગ્રેજ વેપારીઓએ બાહોશ પત્રકાર બકિંગહામને મદદ કરવાનું નકકી કર્યું અને એને હાથે 'કલકત્તા જર્નલ' શરૂ કરાવ્યું. પ્રથમ તે સપ્તાહમાં બે વાર પ્રકાશિત થતું. ૧૮૧૯ના ૧ જુલાઈથી દૈનિક બન્યું. ૧૮૨૩માં બકિંગહામને હદપારીની સજા થઈને અખબાર બંધ પડયું."[૧૯]

વિષ્ણુ પંડયા લખે છે કે," બંગાળમાં 'રેનેસા' (પુર્નજાગરણ)માં મહત્ત્વનો ફાળો આપનાર હેનરી હેરીઝિયો પણ 'ધ ઈસ્ટ ઈન્ડિયન' નામના સાંધ્ય દૈનિકનો તંત્રી હતો. ૧૮૩૧ની ૧ જૂનથી તેણે અખબાર શરૂ કર્યું હતું. આ અખબારે સતીપ્રથાની વિરુધ્ધ ઝુંબેશ ચલાવી હતી. ૨૬ ડિસેમ્બર, ૧૮૩૧ના રોજ તેનું મૃત્યુ થયું."[૨૦]

૩જી ઓગષ્ટ, ૧૮૩૫ને દિવસે મેટકાફે અખબારી સ્વાતંત્ર્યનો કાયદો ઘડયો. પરિણામે બંગાળ અને મુંબઈ પરથી નિયંત્રણો રદ થયા. મેટકાફ એમ માનતા કે માહિતી અને જ્ઞાનનો ફેલાવો થવા દેવો તે સરકારનો ધર્મ છે. આ પછી પ્રેસ ચલાવવા લાઈસન્સની જરૂર ન રહી. નવો કાયદો ૧૧ સપ્ટેમ્બર, ૧૮૩૫ના રોજ અમલમાં મૂકાયો. ૧૮૫૭ના બળવા દરમિયાન સેન્સરશિપ મૂકવામાં આવી તે એક વર્ષ અમલમાં રહી. બળવા પછી વાહનવ્યવહારને વેગ મળ્યોને લોકસંપર્કનાં સાધનો વધ્યાં. રેલગાડી, તાર, ટપાલ, રસ્તાઓ, અક્ષરજ્ઞાને શિક્ષિત સમાજમાં વિચારની આપલે કરવાની ઉત્કંઠા જગાવી. વિદ્વાનોને પણ લોકો સુધી પોતાના વિચારો પહોંચાડવાની હોંશ થઈ.


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

"૧૮૬૫માં જયોર્જ એલને અલાહાબાદમાં 'પાયોનિયર' શરૂ કર્યું. રોબિન્સન તેના તંત્રી બન્યા. અંગ્રેજો અને અમલદારશાહી સાથે એના એટલા ગાઢ સંબંધો રહ્યા કે વર્ષો સુધી વહીવટી તંત્રમાં અંગ્રેજી સામ્રાજય જમાવી રાખવા વિશે અને દબાયેલા હિન્દીઓ માટે તિરસ્કાર ભરેલા જે વિચારને વર્તન રૂઢ હતા, તેના પ્રચાર માટે 'પાયોનિયર' ખ્યાતનામ હતું."[૨૧]

૧૮૭૫માં રોબર્ટ નાઈટે 'સ્ટેટ્સમેન' સ્થાપ્યું. ભારત માટે નાઈટને ખરી લાગણી હતી. આ જ કારણે અંગ્રેજોના છાપામાં 'સ્ટેટ્સમેન'ની જુદી ભાત પડી. ૧૯૪૦ના દાયકામાં આર્થર મૂળના તંત્રીપદ સુધી આ છાપ ચાલુ રહી હતી. આમ, ભારતે પત્રકારત્વના ઉદયમાં જ અંગ્રેજી પત્રકારત્વ જોયું. ભારતીય પત્રકારત્વના પ્રારંભે જે રીતે બ્રિટિશ અને અન્ય વિદેશી પત્રકારોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો તેવું જ પ્રદાન ભારતીય પત્રકારોનું પણ રહ્યું. જેનો ધ્યેય સમાજ સુધારણાનો હતો.

◈ સમાજ સુધારાનું પત્રકારત્વ :

૧૮મી સદીમાં એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વએ ભારતમાં બરાબર પગ જમાવ્યા હતા. પરંતુ એ સમયે ભારત આંતરિક બદીઓથી ખદબદતું હતું. એ સમયે ભારતમાંથી સતીપ્રથા, વિધવા વિવાહનો નિષેધ,અસ્પૃશ્યતા,પુત્રીઓને દૂધ પીતી કરવાનો રિવાજ, સ્ત્રી શિક્ષણ નિષેધ, વિદેશગમન નિષેધ, જ્ઞાતિ બહિષ્કાર વગેરે દુષણોને જડમૂળથી દૂર કરવામાં સુધારાવાદી અખબારોનું વિશેષ પ્રદાન રહ્યું છે. એ સમયના અખબારનવેશો સમાજ સુધારણા પર વધુ ધ્યાન આપતા.

વિષ્ણુ પંડયાએ નોંધ્યું છે કે," એ સમયે રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાજવાડે,કરસનદાસ મૂળજી,નર્મદાશંકર,હેનરી ડેરોઝિયો,પ્રસન્નકુમાર ટાગોર,કાશીપ્રસાદ ઘોષ, કૃષ્ણમોહન બેનરજી, લાલશાસ્ત્રી મંભેકર,મોહનલાલ કાશ્મીરી,પં.જુગલ કિશોર શુકલ, પંડિત માધવરાવ સપ્રે,એચ.એલ.વી. ડેરોઝિયો વગેરેના સમાચારપત્રોએ સમાજમાં પ્રવર્તતા વહેમો,અંધશ્રધ્ધાઓ અને રીત રિવાજોની સામે પુષ્કળ અહેવાલો અને વિચારસામગ્રી પૂરાં પડયાં હતાં." [૨૨]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આ બધા સુધારાવાદી પત્રકારત્વના પ્રણેતા હતા રાજારામ મોહનરાય. સહુથી પહેલાં ભારતીય સમાચાર પત્રની શરૂઆત કરી ગંગાધર ભટ્ટાચાર્યે. બંગાળી ભાષામાં ૧૮૧૬માં એમણે 'બેંગાલ ગેઝેટ' પ્રગટ કર્યું. એમના પછી તુરંત જ રાજારામ મોહનરાયે પ્રકાશન શરૂ કર્યું. ભટ્ટાચાર્ય સહિત અનેક લોકો પર રાજારામ મોહનરાયના વિચારોનો પ્રભાવ હતો. ૨૨ મે, ૧૭૭૨માં રાધાનગર (બંગાળ)માં જન્મેલા રાય અર્વાચીન ભારતના પ્રથમ સુધારક, સાક્ષર અને શિક્ષણપ્રેમી કર્મવીર હતા. રાજારામમોહનરાયે અંગ્રેજી,હિન્દી,બંગાળી,પર્સિયન અને ઉર્દૂ એમ પાંચ ભાષામાં અખબારો શરૂ કરેલાં. આ પત્રો હતા 'સંવાદ કૌમુદી','મિરાત–ઉલ–અખબાર','બ્રાહ્મનિકલ મેગેઝીન','બેંગાલ હેરલ્ડ' અને 'બંગદૂત'. રાયનો ઉદેશ પોતાના પ્રકાશનો દ્વારા સામાજિક પરિવર્તન આણવાનો હતો. જેમ્સ ઓગસ્ટસ હીકીએ બંગાળમાંથી અખબાર કાઢયું. આમ બંગાળે પત્રકારત્વમાં પહેલ કરીને અનોખું પ્રદાન કર્યું છે.

એ સમયે બંગાળમાં સતીપ્રથા ખૂબ પ્રચલિત હતી. દીકરીને દૂધ ભરેલા વાસણમાં જન્મતા જ ડૂબાડી દેવાથી માંડીને અનેક વહેમ અને અંધશ્રધ્ધાનું જટિલ સામ્રાજય હતું. આ બધાની સામે શરૂ કરેલું એમનું 'સંવાદ કૌમુદી' જેહાદ ચલાવતું. એ મૂલ્યલક્ષી પત્રકારત્વનો યુગ હતો.

એ સમયે સમગ્ર દેશમાં દુષણો હતા. પણ તેની સામે કલમરૂપી તલવારની લડાઈ બંગાળમાંથી જ શરૂ થઈ. ડૉ.નીતાબહેન તેમના પુસ્તકમાં નોંધે છે કે,'' ઈ.સ. ૧૮૦૧માં રાજા રામમોહનરાય ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નોકરીમાં જોડાયા. કલેકટર જોન ડિગ્બીના હાથ નીચે પ્રથમ કારકુન તરીકે અને ત્યારબાદ શિરસ્તેદાર તરીકે તેમણે કામ કર્યું. એ વખતે શિરસ્તેદારને લોકો દીવાન કહેતા. રાજા રામમોહનરાયે ખ્રિસ્તી ધર્મ અને બાઈબલનો અભ્યાસ કર્યો. ૧૮૦૩માં તેમણે ફારસી ભાષામાં એક પુસ્તક 'તુહફતુલ મુવાહદીન' પ્રસિધ્ધ કર્યું. પોતાના અન્ય બે પુસ્તકોનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કર્યો. હવે તેઓ ખૂબ રસથી અંગ્રેજી વર્તમાનપત્રો વાંચતા અને યુરોપમાં બનતા બનાવોમાં ઊંડો રસ લેતા. આથી તેમની દષ્ટિ વિશાળ બની.''[૨૩]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

રાયનું 'બંગાલ ગેઝેટ' દેશી માલિકીનું પ્રથમ અંગ્રેજી અખબાર હતું. જે ઈ.સ. ૧૮૧૬માં કલકત્તાથી શરૂ થયેલું. આ અખબારની ઉંમર ૧ થી ૪ વર્ષની માનવામાં આવે છે. તેનો હેતુ સુધારાવાદી હિંદુત્વના પ્રચારનો હતો. 'બંગાલ ગેઝેટ' અલ્પજીવી નીકળતા તેમણે ૧૮૨૧માં 'સંવાદ કૌમુદી' નામનું અઠવાડિક શરૂ કર્યું. જેમ્સ સિલ્ક બકિંગહામના કહેવા પ્રમાણે ૧૮૨૧ ડિસેમ્બરે 'સંવાદ કૌમુદી' શરૂ થયું હતું. અને મે, ૧૮૨૨ના રોજ બંધ થયું હતું. તેના ૧૩ અંકો કયાં છપાયા તે ખાનગી રખાયું હતું. તેના એડિટર તરીકે ભવાનીચરણ બેનર્જીએ કામગીરી સંભાળી હતી.

૧૮૨૧માં જ ફારસી ભાષાનું સારું એવું ચલણ હોવાથી અંગ્રેજી કે બંગાળી ન જાણતા શિક્ષિતો માટે રાયે 'મિરાત–ઉલ–અખબાર' નામનું અઠવાડિક શરૂ કર્યું. આ પત્રમાંના રાયના ઊંડાણભર્યા ચિંતન સાથેના તંત્રી લેખો 'કલકત્તા જર્નલ'માં અંગ્રેજીમાં ભાષાંતર થઈને છપાતા. કાયદાના અતિ કઠોર નિયંત્રણ છતાં, દાદાભાઈ નવરોજીના 'રાસ્તગોફતાર' અને સુરેન્દ્રનાથ બેનર્જીના 'બંગાળી' જેવાં વર્તમાનપત્રોએ સામાજિક અનિષ્ટો સામે પોતાના વિચારો પ્રગટ કરવાનું ચાલું જ રાખેલું.

કલકત્તાનાં છાપાં ઉત્તર હિન્દમાં બધે ખૂબ ફેલાયાં હતાં. એના લખાણમાં દેશદાઝ ઊભરાતી. બંગાળમાં આધુનિક શિક્ષણ સૌથી પહેલું આવ્યું ને વધુ ફેલાયું. એને લઈને બંગાળના વકીલ,ડૉકટર તથા સરકારી નોકરો આસામ ઓરિસ્સાથી છેક વાયવ્ય સરહદી પ્રાંતમાં લાહોર પેશાવર સુધીને મધ્ય ભારતમાં નાગપુર સુધી વસવાટ કરતા થયા. એ લોકો કલકત્તાનાં છાપાં ખરીદે. આ જોઈ ભારત સરકારના ગૃહમંત્રાલયમાં સચિવને બંગાળના મહાસચિવ સર જોહન એડગરે ૨૦ એપ્રિલ, ૧૮૯૧એ લખેલું કે, ''પંજાબના ભલા ભોળાને વફાદાર લોકો ઉપર સૌથી માઠી અસર થઈ હોય તો લાહોરવાસી બંગાળીઓની અને કલકત્તાનાં છાપાંની છે.''[૨૪]

આ સમયગાળામાં ગુજરાતમાં પણ સમુદ્રયાત્રા નિષેધ, વિધવાવિવાહ નિષેધ, સાંપ્રદાયિક વડાના પાખંડો,અંધશ્રધ્ધાઓ અને વહેમોની સામે વાતાવરણ ધૂંધવાયે જતું હતું. ત્યારે નવા જ્ઞાનની ક્ષિતિજો સર કરવાની વૃત્તિને વેગ મળ્યો હતો. ત્યારે દિનમણિ શંકર, દાદોબા, દુર્ગારામ, દલપતરામ અને દોલતરામ તેમજ નંદશંકર,નર્મદ અને નવલરામ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નવજાગૃતિના પ્રહરીઓ હતા. ૧૮૪૯ થી ૧૮૫૨ સુધીના માત્ર ચાર જ વર્ષમાં મહત્ત્વનાં ચાર પ્રકાશનો શરૂ થયાં. તેમાં 'વરતમાનપત્ર','બુધ્ધિપ્રકાશ','રાસ્તગોફતાર' અને 'સત્યપ્રકાશ'નો સમાવેશ થાય છે. 'વરતમાન' પછીનું આ સમયનું બીજું મહત્ત્વનું પારસી દાદાભાઈ નવરોજીનું સુધારાવાદી 'રાસ્તગોફતાર'. ૧૫ નવેમ્બર, ૧૮૫૧ના રોજ 'રાસ્તગોફતાર' શરૂ થયું . તેના પહેલા અંકની ૧૦૦૦ નકલ છાપવામાં આવી અને તે બધી મફતમાં વહેંચવામાં આવી. ૧૮૬૨માં કરસનદાસનું 'સત્યપ્રકાશ', 'રાસ્તગોફતાર' સાથે જોડાઈ ગયું. તેથી તેનું નામ 'રાસ્તગોફતાર તથા સત્યપ્રકાશ' રહ્યું. ૧૯૧૮માં જુલાઈમાં આ પત્ર 'પ્રજામિત્ર અને પારસી' સાથે જોડાઈ ગયું.

"૧૮૮૧માં યોગેન્દ્રનાથ બસુનું 'બંગવાસી' બહાર પડયું. બે વર્ષમાં તો બીજા બધાં છાપાં કરતાં તેનો ફેલાવો વધ્યોને ૮૫૦૦ નકલો ખપવા લાગી. આજના ઉત્તર પ્રદેશમાંથી કાલાકંકરથી રાજા રામપાળસિંહે 'હિન્દુસ્તાન' નામે હિન્દી અઠવાડિક શરૂ કર્યુ. તેમાં સૌથી વધુ મદદ મદનમોહન માલવિયા અને પ્રતાપનારાયણ મિશ્રની રહી હતી. પછી તો દરેક પ્રદેશે સમાજ સુધારાની ઝુંબેશ ઉપાડી. રાજા રામમોહનરાયના પગલે ચાલવા ૧૮૩૦માં દ્વારકાનાથ ટાગોરે 'બંગદૂત'નો આરંભ કર્યો. ઉર્દૂમાં ૧૮૩૦થી 'સૈયદલ અખબાર' શરૂ થયું. મરાઠીમાં ૧૮૪૦માં 'પ્રભાકર', તામિલમાં ૧૮૫૬માં 'દિનવાર્તામણિ', તેલગુમાં ૧૭૩૬માં 'સત્યદૂત', કન્નડમાં ૧૮૧૨માં 'કન્નડ સમાચાર' ૧૭૪૫માં 'બનારસ અખબાર' વગેરે આ સમાજ સુધારણા યજ્ઞમાં ભાગ ભજવ્યો."[૨૫]

૧૮૫૭ના મે માસમાં તો બળવાનો પ્રારંભ થઈ ચૂકયો હતો. બળવાને કારણે વર્તમાન પત્રોના વિકાસની ક્રિયાને થોડો ધકકો પહોંચ્યો હતો. પણ પ્રણાલિકાનો પાયો તો નંખાઈ જ ચૂકયો હતો. એ સમયે અખબારો ઓછા હતાં અને જે થોડા ઘણા નીકળતાં તે રસપૂર્વક વંચાતાં, આથી જે કંઈ લખાતું તેની જોરદાર અસર થતી. 'ઈન્ડિયન ઓપિનિયન' વાંચીને ગાંધીજીના સત્યાગ્રહમાં જોડાવા માટે લોકો ઉમટી પડતા અને 'સંવાદ કૌમુદી' જેવા અખબારે અનેક વિધવાઓને જીવન બક્ષ્યું. 'પ્રિયવંદા' સ્ત્રી કેળવણીની બાબતમાં આગળ હતું તો કરસનદાસ મૂળજીના 'સત્યપ્રકાશે' ધાર્મિક પાખંડોને ખુલ્લા પાડવામાં જે ફાળો આપ્યો તે અવર્ણનીય છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ડૉ. યાસીન દલાલ નોંધે છે કે," સુધારણા માટે અખબારનો ઉપયોગ કરવાની રીત મૂળ તો રાજા રામમોહનરાયે શીખવી હતી. તેમના પત્રકારત્વની અસર માત્ર ગુજરાતી જ નહિ બંગાળી,મરાઠી અને અન્ય ભાષાઓ ઉપર પણ પડી હતી. ખુદ રાજાએ પણ માત્ર બંગાળી નહિ, અંગ્રેજી,ઉર્દૂ,અને ફારસીમાં પણ લેખન અને પત્રકારત્વનું ખેડાણ સફળતાપૂર્વક કર્યું હતું. પરિણામે લોકોના વિશાળવર્ગ સુધી પહોંચવાનું એમને માટે શકય બન્યું હતું. એ સમયે મુદ્રિત માધ્યમએ એકમાત્ર સશકત માધ્યમ હતું."[૨૬]

૧૮૩૩ની ૨૭મી સપ્ટેમ્બરે ઈંગ્લેન્ડમાં મગજનો તાવ આવવાથી રાજા રામમોહન રાયનું અવસાન થયું. પણ એમણે પ્રગટાવેલી જયોત ચાલુ રાખવા બીજા પત્રકારો સજજ થઈ ગયા હતા. ત્યાર બાદના મોટાભાગના અખબારોનું ધ્યેય આઝાદીની લડાઈ હતી અને આઝાદીમાં મદદરૂપ એક માત્ર સાધન હતું અખબાર.

### ◈ આઝાદીની લડાઈ સમયનું પત્રકારત્વ :

આપણા દેશીભાષી અખબારોએ આઝાદી પહેલા અને આઝાદી બાદ પણ પ્રજામાં દેશપ્રેમ,બંધુતા,એકતા,સમાજસુધારણા અને રાજકીય જાગૃતિ લાવવાના કાર્યમાં સારો એવો ભાગ ભજવ્યો છે. જેનો ઈન્કાર થઈ શકે નહીં, હિન્દુસ્તાન જેવા દેશમાં અખબારોએ માત્ર સમાચારના પ્રસારક ઉપરાંત સમાજ સુધારક, શિક્ષણ અને ઘણીવાર પ્રજાની યાતનાઓ,પ્રજાના પ્રશ્નો અને પ્રજાની લાગણીને વાચા આપતા વિરોધપક્ષનું કામ પણ કરવું પડે છે.

આઝાદી આવ્યાં પહેલાં, અખબારો દેશદાઝવાળા નાગરિકોના સ્વતંત્ર સાહસો હતાં. જેમાં મહદ્અંશે માલિક અને તંત્રી એક જ વ્યકિત હતી અને તેનું ધ્યેય લોકોમાં જાગૃતિ લાવવાનું, દેશાભિમાન જગાવવાનું,વિદેશી હકૂમત સામે શાંત પ્રતિકાર કરીને તેને હટાવવાનું અને એક મુકત નાગરિક તરીકે જીવન જીવી શકે તેવા સ્થિતિ સંજોગો ઉભા કરવાનું હતું.

પ્રા.નીતાબહેન પરીખ લખે છે કે, "ભારતમાં પત્રકારત્વના પ્રારંભ અને આઝાદીની પ્રાપ્તિ વચ્ચેના સમયગાળાનું પત્રકારત્વ ત્રણ વિભાગમાં વહેંચાયેલું હતું. એક બ્રિટિશ રાજભકિતથી રંગાયેલું અંગ્રેજી પત્રકારત્વ, બીજું સમાજસુધારા માટે મથતું મધ્યમમાર્ગી પત્રકારત્વ અને ત્રીજું સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે ઝઝૂમતું આઝાદીના ઘડવૈયાઓની ઓથ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તળેનું સંવેદનશીલ છતાં પાકટ પત્રકારત્વ. એમાં ભાષાકીય અખબારો પણ પોતાની શકિત અને મતિ પ્રમાણેનાં વલણો ધરાવતાં હતાં." [૨૭] તે સમયના આઝાદી માટે લડતા પત્રકારો સામે ડગલેને પગલે પડકારો હતાં.

★ સંસદીય લોકશાહી અને આપખુદ શાસનનો વિરોધાભાસ :

૨૦મી સદીના પ્રારંભમાં બ્રિટિશ સામ્રાજય દુનિયાના ખૂણે ખૂણે પ્રસરી ગયું હતું. તેને લીધે એક એવી કહેવત પડી ગઈ હતી કે બ્રિટિશ સામ્રાજયમાં સૂર્યાસ્ત કદી થતો જ નથી. ઘર આંગણે સંસદીય લોકશાહી અને દુનિયાના બીજા વિસ્તારોમાં આપખુદ શાસનના વિરોધાભાસ વચ્ચે જીવતા બ્રિટિશ સામ્રજયને પણ અખબારી સ્વાતંત્ર્યનો આદર કરવો જ પડતો હતો.

ભારતમાં પણ દરેક પ્રદેશના ભણેલા ગણેલા લોકોએ અખબારો દ્વારા લોકોને વિવિધ પ્રકારની માહિતી પૂરી પાડવાની, તેમનામાં નવી સમજ વિકસાવવાની કામગીરી બજાવવા માંડી હતી અને તેમાં મુંબઈ જેવા શહેરમાં ૧૮૭ વર્ષથી પ્રગટ થતાં 'મુંબઈ સમાચારે' આગવી પહેલ કરી હતી.

★ લોકમાન્ય ટિળકનો પહેલો પડકાર :

અખબારનો આઝાદી મેળવવા માટે ઉપયોગ કરવાનો પહેલો પડકાર જો આપણે મહારાષ્ટ્રની વાત કરીએ તો સૌથી પહેલાં લોકમાન્ય બાળગંગાધર ટિળકે કર્યો હતો. તેમણે ૧લી જાન્યુઆરી, ૧૮૮૭ના રોજ 'કેસરી' શરૂ કર્યું અને તે પછી 'કેસરી'માં તેમણે "સ્વરાજ મારો જન્મસિધ્ધ અધિકાર છે." તેવા પુનરોચ્ચારની વિભાવનાવાળા લખાણો લખવા શરૂ કર્યા. આ કારણે અંગ્રેજોએ તેમની સામે મુકદ્દમો માંડયો. તેમણે શિવાજીની રાજયવ્યવસ્થાની ભાવનાનો લોકોને ખ્યાલ આપ્યો. શિવાજીના કાલ્પનિક સંદેશાઓના વર્ણનવાળા કેટલાક શ્લોકો છાપવાના ગુના બદલ ૧૪ સપ્ટેમ્બર, ૧૮૯૭ના રોજ ૧૮ મહિનાની જેલની સજા ફટકારી. જર્મન વિદ્વાન મેકસમુલર અને બીજાઓએ તેમના આ છૂટકારાની કરેલી અરજીને કારણે લોકમાન્ય ટિળકને છઠ્ઠી સપ્ટેમ્બર, ૧૮૯૮ના રોજ છોડી મૂકવામાં આવ્યા. અંગ્રેજોએ ટિળકની ઈન્ડિયન પિનલ કોડ ભારતીય દંડસંહિતામાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'૧૨૪–અ' અને '૧૫૩–અ' હેઠળ રાજદ્રોહના ગુના હેઠળ ધરપકડ કરી. તેમને ૬ વર્ષની સજા કરી અને બ્રહ્મદેશની માંડલેની જેલમાં મોકલી દેવામાં આવ્યા.

ભારતની આઝાદી માટે કારાવાસની સજા ભોગવનારા લોકમાન્ય ટિળક પહેલા પત્રકાર હતા.

★ દક્ષિણ આફ્રિકાનું 'ઈન્ડિયન ઓપિનિયન' :

આ અરસામાં દક્ષિણ આફ્રિકામાં વસતા બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી ગોરા ડચ વંશના વલંદાઓના દુર્વ્યવહાર સામે લડત આપતા હતા. ઈ.સ. ૧૯૦૪માં દક્ષિણ આફ્રિકામાંથી 'ઈન્ડિયન ઓપિનિયન' નામનું એક સાપ્તાહિક પ્રગટ થતું હતું. ત્યારે ગાંધીજી ફિનિકસમાં રહેતા હતા. ૧૯૧૪માં જયારે તે ભારત પાછા આવ્યા ત્યાં સુધી તે આ અખબારમાં લેખો લખતા રહ્યા.

ભારત આવીને ગાંધીજી માટે અખબાર તેમના જાહેર જીવનનું અને આઝાદીના આંદોલનનું અવિભાજય અંગ બની રહ્યું.

★ કાઠિયાવાડમાં આપખુદ દેશી રજવાડા :

"અંગ્રેજોએ ભારતમાં પોતાની સત્તા ટકાવી રાખવા દેશી રજવાડાંઓ ઊભાં કરી તેમને આપખુદ સત્તા આપી હતી.અંગ્રેજોએ ભારતમાં આવાં ૫૬૫ દેશી રાજયો રહેવા દીધાં હતાં. તેમાંનાં કેટલાંક ઘણાં મોટાં હતા. અને દેશના દક્ષિણ અને પૂર્વ વિસ્તારમાં ફેલાયેલાં હતાં. પરંતુ તેમની સૌથી વધુ સંખ્યા રાજસ્થાન અને તેમાંય ખાસ કરીને કાઠિયાવાડમાં હતી."[૨૮] થોડાક અપવાદને બાદ કરતાં મોટાભાગના રાજયો આપખુદ રીતે જ રાજ કરનારા ઘમંડી,તુંડમિજાજી શાસકો હસ્તક હતા. આને લીધે આ રાજયોમાં રહેતી રૈયતને બેવડી ગુલામી વેઠવી પડતી હતી.

★ 'નવજીવન અને સત્ય' તેમજ 'યંગ ઈન્ડિયા' :

તે વખતે મહારાષ્ટ્ર અને ગુજરાત બંને મુંબઈ પ્રેસિડન્સિ તરીકે ઓળખાતા પ્રદેશ સાથે સંલગ્ન હતા. મુંબઈ પ્રેસિડન્સિના ગુજરાતી ભાષી વિસ્તારમાં લોકજાગૃતિ માટે અખબારોનો ઉપયોગ કરવાની પહેલ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે કરી હતી. તેમણે ૧૯૧૫માં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'નવજીવન અને સત્ય' નામક માસિક શરૂ કર્યું. સાથોસાથ એક જ સાલમાં 'યંગ ઈન્ડિયા' અંગ્રેજી સાપ્તાહિક પણ બહાર પાડયું હતું.

મહત્મા ગાંધીના તંત્રીપદ નીચે 'નવજીવન'નો પહેલો અંક ૯મી સપ્ટેમ્બર, ૧૯૧૯ને દિવસે નીકળ્યો. શ્રી ઈન્દુલાલે 'યંગ ઈન્ડિયા' અંગ્રેજી સાપ્તાહિક ગાંધીજીને નામે તેમના વિચારો વ્યકત કરવા માટે સોંપી દીધું હતું. તે પછી થોડા સમય માટે તે બંધ પડયું હતું. એનું પુનઃપ્રકાશન એપ્રિલ, ૧૯૨૪માં શરૂ થયું હતું. ગાંધીજીએ 'હરિજન સાપ્તાહિકો' ૧૯૩૩માં શરૂ કર્યા હતા અને ૩૧મી ઓગસ્ટ ૧૯૪૦માં 'હરિજન સાપ્તાહિકો'નું પ્રકાશન બંધ થયું. ફરીથી તેમણે ૧૮ જાન્યુઆરી, ૧૯૪૨ના રોજ 'હરિજન સાપ્તાહિકો' શરૂ કર્યા. તે તેમની ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ની ગિરફતારી સુધી ચાલ્યાં.

આમ ગાંધીજીએ તેમના વિચારોની અભિવ્યકિત માટે અને સ્વાતંત્ર્ય સંગ્રામના સંચાલન માટે માહિતીના માધ્યમોનો જ એટલે કે સાપ્તાહિકોના પ્રકાશન પર જ આધાર રાખ્યો હતો અને તેમના લખાણો દ્વારા તેમના વિચારો દેશના ખૂણે ખૂણામાં ફેલાવવામાં તેઓ સફળ થયાં હતાં.

★ 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના પ્રકાશનથી નવો પ્રાણ સંચાર :

દેશી રજવાડાની રૈયતના ખરેખરા સાથી અને હમદર્દ શ્રી અમૃતલાલ શેઠનું આ પ્રદેશના રાજાઓ અને ઠાકોરસાહેબની આપખુદી અને જુલમ જહાંગીરી જોઈને લોહી ઉકળી ઉઠતું હતું. એટલે તેમણે કાઠિયાવાડની પ્રજાના દુઃખ–દર્દને વાચા આપવા માટે અને અંગ્રેજ હકૂમતના જોરે શાન ભૂલેલા રાજાઓ અને ઠાકોરસાહેબોની જુલમ જહાંગીરીને પડકારવા માટે ઈ.સ. ૧૯૨૧માં 'સૌરાષ્ટ્ર' નામનું સાપ્તાહિક શરૂ કર્યું.

'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક પ્રગટ થતાં જ સમગ્ર કાઠિયાવાડની પ્રજામાં નવો પ્રાણ સંચાર થયો અને રાજાઓ તેમજ તેમની ખુશામત પર જીવતા તેમના હજૂરિયાઓ પણ ફફડવા લાગ્યા. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકે તેમના દુષ્કૃત્યો ઉઘાડા પાડવા માંડયા એટલે આ રાજાઓએ બ્રિટિશ હકૂમતના વિસ્તાર રાણપુરમાંથી પ્રગટ થતા 'સૌરાષ્ટ્ર'ને યેનકેન પ્રકારે બંધ કરાવવા પ્રયત્નો કર્યા. અંગ્રેજ હકૂમતે 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના સંચાલકો પાસે વારંવાર જામીનગીરી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

માગવા માંડી. તે સમયે આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેને ન છૂટકે થોડા વર્ષો ચલાવીને બંધ કરવું પડયું.

★ 'ફૂલછાબ સાપ્તાહિક' અને 'જન્મભૂમિ' દૈનિક :

દેશી રજવાડાંની પ્રજાને બેવડી ગુલામીમાંથી મુકત કરવાના ધ્યેયને વરેલા શ્રી અમૃતલાલ શેઠ અને તેમના સાથીઓ કકલભાઈ કોઠારી, ઝવેરચંદ મેઘાણી,ગુણવંતરાય આચાર્ય, શ્રી સુશીલ અને બીજાઓને નિષ્ક્રિય બેસી રહેવું કેમ પરવડે ? એટલે તેમણે ઈ.સ. ૧૯૨૮–૨૯ના અરસામાં 'ફૂલછાબ'નામનું સાપ્તાહિક શરૂ કર્યું. ઈ.સ. ૧૯૩૦–૩૧ના સત્યાગ્રહ પછી ભારતમાં રાજકીય પરિસ્થિતિ ઘણી પરિપકવ બની હતી. એટલે ઈ.સ. ૧૯૩૩માં શ્રી અમૃતલાલ શેઠે મુંબઈ આવીને 'જન્મભૂમિ' દૈનિક શરૂ કર્યું.

★ સાહસિક પત્રકાર અમૃતલાલ શેઠ :

અમૃતલાલ શેઠ એક સાહસિક પત્રકાર ઉપરાંત એક વિચક્ષણ રાજકારણી પણ હતા. પત્રકાર તરીકે શ્રી અમૃતલાલ શેઠ એટલા નિર્ભિક હતા કે મુંબઈમાં જયારે હિંદુ મુસ્લિમ રમખાણો ફાટી નીકળતા ત્યારે તેઓ ગજવામાં રિવોલ્વર લઈને રમખાણવાળા વિસ્તારમાં જાતે જ જતા અને આંખે દેખ્યા અહેવાલ તેમના પત્રમાં છાપતા.

★ 'બોમ્બે ક્રોનિકલ' અને 'બોમ્બે સેન્ટિનલ' :

૧૯૩૦ પછી મુંબઈ ભારતની રાજકીય પ્રવૃત્તિનું કેન્દ્ર બની ગયું હતું અને મુંબઈમાંથી ભારતના સ્વાતંત્ર્યસંગ્રામને સક્રિય ટેકો આપતા અખબારો પ્રગટ થતાં હતાં. આ અખબારોમાં 'મુંબઈ સમાચાર'ની જ માલિકીના બે અંગ્રેજી દૈનિકો ખાસ ઉલ્લેખનીય છે. એક 'બોમ્બે ક્રોનિકલ' તેના આરંભકાળના સંપાદક બી. જી. હોર્નિમેન નામના આઈરિશ નાગરિક હતા. તેના વિલાયત પાછા જવાથી સૈયદ અબદુલ્લા બ્રેલવી સંપાદક બન્યા. જયારે હોર્નિમેન મુંબઈ પાછા ફર્યા ત્યારે 'બોમ્બે સેન્ટિનલ' નામનું સાંધ્યદૈનિક તેમના સંપાદન હેઠળ પ્રગટ કરવાની 'મુંબઈ સમાચાર'ના માલિકોએ હામ ભીડી.

આ જ અરસામાં એક દક્ષિણ ભારતીય એસ.સદાનંદ નામના દેશદાઝથી ભર્યા ભર્યા પત્રકારે 'ફ્રી પ્રેસ જર્નલ' નામનું દૈનિક શરૂ કર્યું હતું. અને તે મુંબઈમાં વસતા દક્ષિણ ભારતીયોમાં ઘણું જ લોકપ્રિય બન્યું હતું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

★ 'હિન્દુસ્તાન અને પ્રજામિત્ર' :

આ સિવાય મુંબઈમાંથી 'હિન્દુસ્તાન અને પ્રજામિત્ર' નામનું સવારનું દૈનિક પણ પ્રગટ થતું હતું. જે સામ્યવાદની ડાબેરી વિચારસરણીને પુરસ્કૃત કરતું હતું અને ઘણીવાર ગાંધીજીની નીતિ રીતિઓની આકરી ટીકા કરતું હતું.

★ શ્રેષ્ઠ પત્રકાર ગાંધીજી :

ગાંધીજીનો પહેલો લેખ ૧૮૮૯ની ૭મી ફેબ્રુઆરીએ 'ઈન્ડિયન વેજીટેરિયન' નામના મથાળા હેઠળ પ્રગટ થયો હતો. તેમણે લખવાની શરૂઆત ફ્રીલાન્સ પત્રકારત્વથી કરી અને અંતે તંત્રી સુધીની બધી જ કામગીરી પાર પાડી.

ગાંધીજી તેમના પત્રોમાં દેશના મૂળભૂત અને અગત્યના પ્રશ્નો, સ્વદેશીની ચળવળ,હિન્દુ મુસ્લિમ એકતા,ખિલાફતની ચળવળ, અસહકારનું આંદોલન તથા પ્રાદેશિક ભાષાના મહત્ત્વ વિશે અનેક લેખો લખતા. તેમણે અસહકારની સમજ આપતા સંખ્યાબંધ લેખો લખ્યા. ગાંધીજીના પત્રકારત્વ પર ઘણા પુસ્તકોને લેખો લખાયા છે. દરેકનું પોતાનું મહત્ત્વ છે. આમ ભારતની આઝાદીની લડતમાં અને લોકોમાં જાગૃતિ લાવવામાં તે વખતના અખબારોનો ફાળો ઘણો જ નિર્ણાયક છે.

આ મહાશોધ નિબંધના વિષયને સમજવા પ્રથમ ગુજરાતી પત્રકારત્વ વિશે જણકારી મેળવવી જરૂરી છે જે હવે પછીના પ્રકરણમાં જાણવા મળશે.

બ ગુજરાતી પત્રકારત્વ :

ઈ.સ. ૧૮૪૮માં ગુજરાત વર્નાકયુલર સોસાયટીની રચના કરવામાં આવી તે સાથે ગુજરાતમાં અખબાર યુગનો આરંભ થયો. ઉકત સોસાયટીએ પોતાનું છાપખાનું શરૂ કરી 'અમદાવાદ વર્તમાનપત્ર' નામનું સમાચારપત્ર પ્રકાશિત કર્યું તે દર બુધવારે પ્રકાશિત કરવામાં આવતું તેથી લોકો તેને 'બુધવારિયું' કહેતા. આ પત્રનું લવાજમ રૂા. ૬ રાખવામાં આવ્યું હતું.

ગુજરાતી પત્રકારત્વની શરૂઆત ગુજરાત કરતાં ગુજરાત બહાર પહેલાં થઈ હતી. ભારતમાં આજે હયાતી ધરાવતાં જૂના અખબારનું નામ 'મુંબઈ સમાચાર' (૧૮૨૨) છે અને આપણે ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે કે તે અખબાર ગુજરાતી છે. 'મુંબઈ સમાચાર'ની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ચડતી પડતી પણ ગુજરાતી પત્રકારત્વના ઈતિહાસમાં સૂચક છે. ૧૮૨૨માં ફરદુનજી મર્ઝબાને ગુજરાતી છાપખાનું મુંબઈના કોટ વિસ્તારમાં સ્થાપીને પહેલું ગુજરાતી છાપખાનું શરૂ કર્યું અને ત્યાંથી જ ગુજરાતી અખબારનો પણ પ્રારંભ થયો. દુનિયાભરના અનેક સૈકાઓનો ઈતિહાસ એક વાતની સાક્ષી પૂરે છે કે અત્યંત જુલમી સરકાર પણ જનતાની મુકત અભિવ્યકિતની ઉત્કટ ઈચ્છાને દબાવી શકતી નથી. વિચારો જીવંત રાખવામાં અને જાણકારી મેળવવાના લોકોના અધિકારોને ટેકો આપવામાં અખબારો ઉત્તમોત્તમ ભાગ ભજવી શકે છે.

★ ગુજરાત બહારનું પત્રકારત્વ :

૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની રચના થઈ. ગુજરાતનો ઈતિહાસ અલબત ૧૯૬૦થી જ શરૂ થાય છે તેવું નથી, પણ તવારીખની તેજછાયામાં બહુ પાછળ ન જઈએ અને સ્વરાજ માટેના આંદોલનનાં પહેલાં પહેલાં પગરણનું જ સ્મરણ કરીએ તો વીસમી સદીનો પહેલો દસકો બેસતા જ ગુજરાતની અસ્મિતાનું એક શમણું જોવાનું શરૂ થયું હતું. એ પહેલા મહારાષ્ટ્ર અને ગુજરાત એક જ હતા. આથી જ તો ત્યાં લોકોમાં મોટેભાગે ગુજરાતીઓ જોવા મળે છે આજે પણ ત્યાં ગુજરાતીનું ચલણ મરાઠી જેટલું જ છે.

આજે ભારતનું વ્યાપારી પાટનગર ગણાતું મુંબઈ શહેર મહારાષ્ટ્રમાં રહેવું જોઈએ કે નહી તેવા એકમાત્ર પ્રશ્ન પર મહાગુજરાતનું આંદોલન ખેલાયું. આઝાદી પછી કેન્દ્રિય નેતાગીરીએ ભાષાવાર પ્રાંત રચના માટે હૃદયનાથ કુંઝરનું પંચ નીમેલું. તેની ભલામણોને આધારે રાજયોની રચના વિચારવામાં આવી હતી. સંસદે ત્રણ રાજયો ગુજરાત,મુંબઈ શહેરનું અલગ સિટી સ્ટેટ અને બાકીનું મહારાષ્ટ્ર એવી ભલામણ કરેલી. આવી ભલામણના વિરોધમાં મુંબઈ અને મહારાષ્ટ્રમાં ઉગ્ર દેખાવો થયા તથા લોકો પર ગોળીબાર પણ કરવો પડે એવી સ્થિતિ નિર્માણ થયેલી. આમ માત્ર મુંબઈ શહેર મહારાષ્ટ્રમાં રહે કે ન રહે એવા વિવાદના પગલે જ મહાગુજરાતનું આંદોલન થયેલું. આખરે દ્વિભાષી રાજયનો પ્રયોગ નિષ્ફળ જશે એમ લાગતા છેવટે ગુજરાતનું અલગ રાજય અને મુંબઈ સહિત મહારાષ્ટ્રનું અલગ રાજય થયું. ગુજરાતના સદ્નસીબે ડૉ. જીવરાજ મહેતા જેવા ગાંધીજીના તબીબી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સલાહકાર તરીકે પ્રખ્યાત અને અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવતા અને સ્વભાવે વિનમ્ર એવા પ્રથમ મુખ્ય મંત્રી ગુજરાતને પ્રાપ્ત થયેલા.

"ભારતના વિભાજન પૂર્વે ૧૯૪૭ની ૩૧મી માર્ચે ગુજરાતી ભાષામાં કુલ ૧૯૧ પ્રકાશનો લગભગ છ હજાર કુલ ભારતીય પ્રકાશનોની યાદીમાં સરકારી દફતરે હતાં. આજે 'ગુજરાત સમાચાર' કે 'સંદેશ' અને 'ચિત્રલેખા' સાપ્તાહિકનો ફેલાવો છે તેટલો સરવાળોયે પચાસ વર્ષ પહેલાં કુલ ગુજરાતી પ્રકાશનોનો નહોતો. તળ ગુજરાત સિવાય,મુંબઈ અને કરાંચીથી મુખ્યત્વે ગુજરાતી ભાષામાં ત્યારે પ્રકાશનો થતાં. એ પછી સત્તાકરણીઓના સંકુચિત સ્વાર્થને સંતોષવા એ ભોમકાના બે ભાગલા પડયા. ત્યારે તે સાથે ૪૧ પ્રકાશનો પાકિસ્તાનના ભાગમાં ગયા. અને ૧૫૦ની આસપાસ ભારતમાં રહ્યાં. ભાષાવાર,પ્રાંતવાર અને સંયુકત મહારાષ્ટ્ર–મહાગુજરાત ચળવળ પછીના કાળમાં મુંબઈ અને ગુજરાત રાજકીય રીતે વિખૂટાં પડયાં, ત્યારે ભારતભરમાં ૩૧ લાખ ૯૦ હજાર નકલોનો ફેલાવો ધરાવતાં કુલ ૮૦૨૬ પ્રકાશનો હતાં. તેમાં ગુજરાતી ભાષામાં ૫૧૯ હતા તે પૈકી ૪૪૧ ગુજરાત રાજયમાં ગયાં. બાકીના મુંબઈ કે અન્યત્ર રહ્યાં. ગુજરાત રાજયનાં ૪૪૧ દૈનિકો સાપ્તાહિક, અર્ધસાપ્તાહિકો,માસિકો,ત્રૈમાસિકો અને વાર્ષિકો મળીને પ્રકાશનોની કુલ ૧૧ લાખ ૭૨ હજાર નકલો વંચાતી હતી. તેમ ભારત સરકારના રજિસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપરનો ૧૯૬૨નો વાર્ષિક અહેવાલ કહે છે."[૨૯]

પહેલાના પ્રમાણમાં ગુજરાતી પ્રકાશનો વધ્યાં છે. ટેકનિકલ દષ્ટિએ ગુજરાતી પ્રકાશનોએ ગજું કાઢયું છે. ભારતભરમાં સર્વપ્રથમ ફોટો કમ્પોઝિંગ શરૂ કરવાનો દાવો ગુજરાતી દૈનિક રાજકોટનું 'જયહિન્દ' યોગ્ય રીતે કરી શકે તેમ છે. હવે તો વિદેશમાં વસતા ગુજરાતીઓ ગુજરાતના સમાચાર જાણવા માટે ગુજરાતી અખબાર અને સાપ્તાહિકો મગાવે છે. તે આનંદની વાત છે.

૨ ગુજરાતી બીબાની ઉત્પત્તિ :

દુનિયાના વિકાસ માટે જે મહત્ત્વની શોધો થઈ તેમાં એક અતિ મહત્ત્વની શોધ હતી બીબાંની ઉત્પત્તિ અને મુદ્રણકલાનો વિકાસ. લગભગ બસો વર્ષ પહેલાં એક મુંબઈવાસીના હાથમાં કળા,હુન્નર અને યંત્ર વિજ્ઞાન ઉપરની ચેમ્બર્સની ડિક્ષનરી આવી. એમાં બીબાં કેમ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બને ને છાપકામના સંચા કેમ ચલાવવા તે ઉપરનું લખાણ હતું. ખૂબ રસથીએ વાંચનારનું નામ હતું જીજીભાઈ બહેરામજી. જે જે વાંચેલું તે સ્વગત કરી ૧૭૯૬–૯૭માં એમણે કોઈની મદદ વિના ગુજરાતી ટાઈપ કાપીને બનાવ્યા.

આ બીબાંનો પહેલો ઉપયોગ 'બોમ્બે કુરિયર'માં થયો. છાપું અંગ્રેજી પણ ગુજરાતીમાં જાહેરખબર લેવાનો બાધ ન હતો. સૌથી પહેલું છાપકામ એમાં ૧૭૯૭માં આવ્યું તે એક ગુજરાતી જાહેરાત હતી કે,''મુંબઈ શહેરના ફોર્ટમાં ઢોરને છૂટા ચરવા ન મૂકવા એવો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો હુકમ છે.''[૩૦]

આમ તો ચીનાઓએ છાપકામની શોધ ખૂબ વહેલી કરેલી. તેમ છતાં યુરોપમાં છેક પંદરમી સદીમાં જ છાપકામનો ઉપયોગ શરૂ થયો. છપાયેલો શબ્દ હવે સમાચારની આપલે કરવામાં ખૂબ અગત્યનું માધ્યમ બની ગયો. સમાચારના પાનાં હવે ખૂબજ ઝડપથી અને સરળતાથી બનાવી શકાતાં. એ પછી તો વર્તમાનપત્ર સુધી પહોંચવા માટે થોડુંક જ આગળ વધવાની જરૂર હતી. ''સૌથી પહેલું અખબાર સોળમી સદીમાં અસ્તિત્વમાં આવ્યું એમાં સમાચારો મુખ્યત્વે વેપાર ધંધાને લગતા હતા. સરકારના નિર્ણયોની સીધે સીધી અસર વેપાર અને વાણિજય ઉપર પડતી હોવાથી પાછળથી વર્તમાન પત્રોમાં રાજકીય સમાચારો પણ ઉમેરાયા.''[૩૧]

ઈ.સ.ના પંદરમા સૈકામાં જર્મનીમાં મુદ્રણકળાની પ્રથમ શોધ ગુટેનબર્ગ નામના જર્મને કરી હતી. ભારતમાં તેનો પ્રારંભ ખૂબ જ રસપ્રદ રીતે થયો હતો.

''ભારતમાં મુદ્રણ કળાના પ્રકાશનની પ્રારંભ ભૂમિ ગોવા છે. આની સામગ્રી પહેલી વહેલી લાવનાર Joao de Bustamante હતો.તે સ્પેનનો વતની હતો. પરંતુ ભારતીય લીપીમાં બીબાં બનાવવાને શ્રેય Joao Gonsalves ને ફાળે જાય છે. તે Bustamanteની સાથે જ ગોવા આવ્યો હતો. તેણે મલબારી અક્ષરોના બીબાં બનાવ્યા. ગોવાની જેમ મુંબઈના મુદ્રણકાર્યનો પણ જહેમતભર્યો તબકકો હતો. ''[૩૨]

ભારતમાં જળ માર્ગે અંગ્રેજોનું આગમન થતાં જ બાઈબલ જેવાં છાપેલાં પુસ્તકોનું આગમન થયું. મુંબઈમાં લોકો છાપકામ વિષે થોડા જાગૃત અને જિજ્ઞાસું બન્યા હતા. એ જોઈને એક ગુજરાતી વેપારી ભીમજીભાઈ પારેખને દેશી ભાષામાં આપણા ધર્મગ્રંથો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

છાપીને તેનો પ્રચાર કરવાની ઈચ્છા થઈ. તેમણે કંપની સરકારની ડિરેકટરોની કોર્ટને ૧૬૭૦માં પત્ર લખીને અરજ કરી કે એક કુશળ મુદ્રકને ત્રણ વર્ષ માટે હિંદ મોકલો. કંપની સરકારે ઈ.સ. ૧૬૭૪માં હેનરી હિલ નામના એક કારીગરને મુંબઈ મોકલ્યો. ભીમજી પારેખ તેને વાર્ષિક પચાસ પાઉન્ડનો ખર્ચ આપતા. તે પોતાની સાથે યંત્રો,બીબાં,કાગળો વગેરે લાવ્યો હતો. પરંતુ તેની પાસે મુદ્રણકળાનું પર્યાપ્ત જ્ઞાન ન હતું. હેતુ પાર ન પડતાં ભીમજી શેઠે ૧૬૭૮માં વિલયાત પત્ર લખીને બીજો કારીગર બોલાવ્યો. તેણે આવીને શું કાર્ય કર્યું અને કયાં પુસ્તકો છાપ્યાં તેની વિગતો નથી મળતી.

''આ સમયગાળા દરમિયાન સાહસિક,ઉત્સાહી અને સકારાત્મક વિચારોવાળા ભીમજી પારેખે સૂરતમાં જ દેશી છાપગરો તૈયાર કર્યા અને બીબાં કોતરવાના કામે લાગાડયા. આમ, સૂરતી કસબીઓના હાથે જ ભારતમાં દેવનાગરી લિપિના બીબાં બન્યાં. આ પછી એક આખી સદી વીતી ગઈ પણ ખાસ કંઈ પ્રગતિ થઈ હોય તેવી નોંધ કે માહિતી પ્રાપ્ય નથી. પણ છેક ૧૭૮૦માં અંગ્રેજીમાં છપાયેલા એક પંચાગને લગતી નોંધ મળે છે. 'રૂસ્તમજી ખરશેદજી નામના એક સાહસિક પારસીએ મુંબઈના કોટ વિસ્તારમાંથી પહેલી જ વાર રોમન અંગ્રેજી કેલેન્ડરની અનેક નકલો છાપી હતી'. એને લગતી નોંધ 'પારસી પ્રકાશ'માં છે.''[૩૩]

''મુંબઈમાં પ્રથમ અંગ્રેજી છાપું 'ધ બોમ્બે હેરલ્ડ' ઈ.સ. ૧૭૮૯માં બહાર પડયું. ઈ.સ. ૧૭૯૦માં 'ધ બોમ્બે કુરિયર' અને ઈ.સ. ૧૭૯૧માં ત્રીજું સાપ્તાહિક 'ધ બોમ્બે ગેઝેટ' નીકળવા લાગ્યું. ' ધ બોમ્બે કુરિયર' હાલના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના પુરોગામી તરીકે ઓળખાય છે. 'ધ બોમ્બે કુરિયર'માં સૌપ્રથમ ઈ.સ. ૧૭૯૭માં જાન્યુઆરીની ૨૭મી તારીખે અંગ્રેજી ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ જાહેરખબરો છપાતી જોવામાં આવી છે. આ ઉપરાંત તેમાં મરાઠી,કન્નડ,ઉર્દૂ અને પોર્ટુગીઝ ભાષામાં પણ જાહેર ખબરો છપાતી. ' ધ બોમ્બે કુરિઅર'ની ગુજરાતી જાહેરખબરોમાં વપરાયેલા ગુજરાતી ટાઈપો કોતરનાર પારસી કસબીનું નામ હતું. બહેરામજી જીજીભાઈ છાપગર.''[૩૪]

જીજીભાઈ છાપગર અને ફરદુનજી મિત્રો હતા. ફરદુનજી મર્ઝબાન જીજીભાઈને મળવા 'ધ બોમ્બે કુરિયર'ના છાપખાને અવાર નવાર જતા. આથી ગુજરાતી છાપખાનું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નાખવાની તેમની ઈચ્છા પ્રબળ બની. એ સમયે આખા મુંબઈમાં એક પણ દેશી છાપખાનું નહોતું. તેમણે લાકડાનો એક દાબપ્રેસ અને છાપકામ માટેની કેટલીક સામગ્રી ભેગી કરી અને પોતાને હાથે ગુજરાતી ટાઈપનો એક સેટ તીખા લોઢા ઉપર કોતર્યો. પોતે જ ત્રાંબાની તખ્તીઓ ઠોકી અને તેને સીસામાં ઓટી ટાઈપો પાડયા. આમ ગુજરાતી મુદ્રણાલયના આદિપુરુષ એવા સાહસિક ફરદુનજીએ ૧૮૧૨માં કોટ વિસ્તારમાં જૂની માર્કેટની સામેના મકાનમાં છાપખાનું માંડયું.

આ દેશી છાપખાના પરત્વે પ્રજામાં ભારે ઉત્સાહ પ્રગટયો. કિંમત વધુ હોવા છતાં તેમાંથી બહાર પડતાં પુસ્તકો સારા પ્રમાણમાં ખપવા લાગ્યાં. તેમણે ઈ.સ. ૧૮૧૪માં સંવત ૧૮૭૧નું પ્રથમ ગુજરાતી પંચાગ બહાર પાડયું. બે રૂપિયાની કિંમત હોવા છતાં આ પંચાગની પુષ્કળ નકલો ખપી ગઈ. બીજે વર્ષે ફારસી કિતાબ 'દાબેસ્તાન'નો ગુજરાતી અનુવાદ રૂા. ૧૫ની કિંમતે બહાર પડયો. ઈ.સ. ૧૮૨૬માં એમણે ગૌશીતળાની સમજણને લગતું પુસ્તક છાપ્યું. જે સરકારે પોતાને ખર્ચે પ્રજામાં વેચ્યું. આમ ફરદુનજીએ ગુજરાતી ભાષાને લોકો સુધી છાપીને પહોંચાડી. પ્રજામાં વાંચનનો શોખ ઊભો કર્યો. ગુજરાતી બીબાંને ખરા અર્થમાં વેગ આપનાર તો ફરદુનજી કહેવાય. તેમણે ગુજરાતી સાહિત્ય અને દેવી સરસ્વતીની અનન્ય સેવા બજાવી છે.

★ 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ જૂથ':

'મુંબઈ સમાચાર' માત્ર ભારતમાં નહીં, સમગ્ર એશિયાનું સૌથી જૂનું અખબાર છે. સમગ્ર ગુજરાતે નિશ્ચિતપણે તેનું ગૌરવ લેવું જોઈએ. એ વાતનું આશ્ચર્ય થાય છે કે ભારત સરકારે પદમશ્રી કે પદમવિભૂષણ જેવાં રાષ્ટ્રીય સન્માનોનો હજુ સુધી કેમ વિચાર નહીં કર્યો હોય?

'મુંબઈ સમાચાર'ના સ્થાપક અને સાહસિક પારસી ફરદુનજી મર્ઝબાને ગુજરાતી બીબાં મેળવવા માટે કેટલી મહેનત કરી અને કેમ સફળતા મેળવી તે આગળના પ્રકરણમાં જોયું. ગુજરાતી ભાષામાં પંચાંગ અને પુસ્તકો બહાર પાડયા. પછી તેના મનમાં દેશી વર્તમાનપત્ર છાપવાની ઈચ્છા હતી. આજથી પોણા બસો વર્ષ પહેલાં લોકોને અખબારનું મૂલ્ય સમજાવવું એ કંઈ નાની સુની વાત નહોતી. તે સમયના મુંબઈના ગર્વનર માઉન્ટ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સ્ટૂઅર્ટ એલફિન્સ્ટનનો એમને ટેકો હતો. ફરદૂનજીએ પોતાના છાપખાનાને એ સમયમાં બની શકે તેટલી સાધન સામગ્રીથી સજ્જ કર્યું. અખબાર માટે અંગ્રેજીનો અભ્યાસ પણ કર્યો.

ડૉ. રતન માર્શલ નોંધે છે કે," ૧૦મી જૂન, ૧૮૨૨ને દિને ફરદૂનજીએ પોતાના વર્તમાનપત્રની 'મદેહનજર' બહાર પાડી પત્રમાં શું શું વાનગી પીરસાશે અને તેનું લવાજમ શું રખાશે એ એમાં વિસ્તારથી જણાવ્યું હતું, પરંતુ પત્રની નીતિ શું રહેશે એ વિશે કશો ઉલ્લેખ નથી." [૩૫]

તા. ૧લી જુલાઈ, ૧૮૨૨ને સોમવારે "શરી મુમબઈ સમાચાર" નો પ્રથમ અંક બહાર પડયો. શરૂઆતમાં જ ૧૫૦ ગ્રાહકો નોંધાયા. સરકારે ૧૨૦૦ રૂપિયાની સહાય કરી. ફરદુનજી પોતે પત્રના તંત્રી બન્યા. શરૂમાં તે દર સોમવારે પ્રગટ થતું. ૩ જાન્યુઆરી, ૧૮૩૨થી એ દૈનિક બન્યું અને તેનું કદ એક પાનાનું રાખવામાં આવ્યું. ૧૮૩૩માં ફરી તે સપ્તાહમાં બે દિવસ જ પ્રકાશિત થવા માંડયું. ૧૮૫૫થી તેણે ફરી દૈનિકનું સ્વરૂપ લીધું ત્યાર પછી તે દૈનિક અખબાર તરીકે ચાલુ રહ્યું છે. પ્રાદેશિક ભાષાના પત્રોમાંના જે ગણ્યાં ગાંઠયા પત્રોની જીવાદોરી લાંબી છે. તેમાં 'મુંબઈ સમાચાર' મોખરે છે.

ગુજરાતના ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં પત્ર કરતાં 'મુંબઈ સમાચાર'ની સ્થિતિ થોડી અલગ છે. થોડી વધુ સારી છે તેમ કહી શકાય, કારણ કે ગુજરાતની સરખામણીએ એક મહાનગરના દરજ્જે, શિક્ષણનું પ્રમાણ, જાગૃતિનું પ્રમાણ, આવકનું પ્રમાણ અને સગવડતાઓનું પ્રમાણ વધુ સારું હોવાને પરિણામે 'મુંબઈ સમાચાર'ને પ્રગતિ માટેની વધુ જગ્યા મળી છે અને લોકોના વાંચન રસને વધારવામાં અખબારે પણ યોગ્ય કામગીરી બજાવી છે.

તે સમયે કોઈ અગત્યના સમાચાર છપાતા, તેની સાથે જ તે બાબત પર તંત્રી તરફની ટીકા પણ પ્રસિધ્ધ થતી. શરૂઆતથી જ તે પોતાની નીતિને વળગી રહ્યું છે. તે આજ પર્યંત કાયમ છે. તેણે પ્રજાની સાથોસાથ સરકારની પણ પ્રશંસા પામી છે. મુંબઈમાં આ અખબારે બીજા અખબારોના પ્રકાશનની દિશા ખુલ્લી કરી.

આ મહાશોધ નિબંધના વિષયના મૂળમાં જ 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' છે. તેથી આગળ આ બંને વિષયો પર વિગતે ચર્ચાઓ થશે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જન્મભૂમિ જુથની વાત કરીએ તો ૯ જૂન, ૧૯૩૪થી 'જન્મભૂમિ'ની શરૂઆત થઈ. મુંબઈ શહેરમાં મુળજી જેઠા માર્કેટમાં ચાર વાગે એટલે ઘણા કાપડના વેપારી 'જન્મભૂમિ' નામના મુંબઈના સાંજના અખબારને વાંચવા તલપાપડ થઈ જતા. 'જન્મભૂમિ' જેવા છાપાનો જન્મ કોઈ નફો કરવાના હેતુથી નહીં પણ પોતાના વિચારો રજૂ કરવાની દાઝ સાથે થયો હતો. 'જન્મભૂમિ'ના સ્થાપક અમૃતલાલ શેઠે 'જન્મભૂમિ' શરૂ કર્યું ત્યારે માત્ર ૫૦૦૦ નકલના ફેલાવાથી શરૂ કર્યું હતું. ત્યારે પણ સવારનાં છાપાં તરીકે 'મુંબઈ સમાચાર' ખૂબજ માતબર હતું. અમૃતલાલ શેઠે દીર્ઘદષ્ટિ દોડાવીને જન્મભૂમિને સાંજનું છાપું બનાવ્યું હતું. 'જન્મભૂમિ' દ્વારા અમૃતલાલ શેઠે સૌરાષ્ટ્રની ઘણી સેવા કરી. એક વખત ૧૯૬૩માં 'જન્મભૂમિ'ના મેનેજર શ્રી રતિલાલ શેઠ જર્મની ગયા. ત્યાં તેમણે એક વર્તમાનપત્રની લાઈબ્રેરીમાં પંડિત જવાહારલાલ નહેરુના ફોટા જોયા. તે જમાનામાં ગુજરાતી વર્તમાનપત્રની પોતાની માલિકીની લાઈબ્રેરી નહોતી. એ પછી 'જન્મભૂમિ'માં પોતાની લાઈબ્રેરી ઊભી કરવામાં આવી.

'જન્મભૂમિ' જૂથના અન્ય અખબારોની વાત કરીએ તો, જન્મભૂમિ પ્રવાસી દૈનિક અને સાપ્તાહિક ઉપરાંત વ્યાપાર (ગુજરાતી), વ્યાપાર (હિન્દી), કવિતા (દ્વિમાસિક), સુધા (સ્ત્રી સાપ્તાહિક), જન્મભૂમિ પંચાગ,પ્રતાપ,સૌરાષ્ટ્ર,ફૂલછાબ,કચ્છમિત્ર,Daily Sun,લોકમાન્ય, પૂર્ણિમા,નૂતન ગુજરાત, અખંડ ભારત, યુગદર્શન (માસિક) વગેરેનો સમાવેશ થાય છે. આમાંથી અમુક પ્રકાશનો થોડો સમય ચાલીને બંધ થઈ ગયા હતાં.

'જન્મભૂમિ' માત્ર એક અખબાર નહી પણ નવા પત્રકારો કે નવા અખબારોને સ્ટાફ પૂરો પાડનારો મોટો સ્ત્રોત હતું. 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલા વિશિષ્ટ અને યાદગાર પ્રસંગોમાં ગાંધી ઝીણા પત્રવ્યવહાર, ભણશાળીજીના ઉપવાસ, રાજસ્થાની કાર્યકરોને સાથ અને સહકાર, આઝાદ હિન્દ ફોજ અને નેતાજી સુભાષચંદ્ર બોઝ વિશેનું સાહિત્ય,આઝાદીની લડત, ભૂગર્ભ નેતોઓને સાથ અને સહાય અને સરકારની કરડી નજર વગેરેનો સમાવેશ થાય છે.

પ્રખ્યાત કટાર લેખક કાન્તિ ભટ્ટે તેમના એક લેખમાં લખ્યું છે કે, ''જન્મભૂમિ જૂથ પત્રકારો માટેની કૉલેજ બની ગયું. તેમાં 'વ્યાપાર' તો તેના સ્થાપક તંત્રી હરજી ઝવેર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગિલાણી નીચે એક કોમર્શિયલ જર્નાલિઝમની યુનિવર્સિટી બની ગયું. ભારતમાં આર્થિક પત્રકારિતાની શરૂઆત જન્મભૂમિ જૂથે કરી. તેમાં તાલીમ લીધેલા આર્થિક પત્રકારો પછી 'ઈકોનોમિક ટાઈમ્સ' અને 'ફાયનાન્સિયલ એકસપ્રેસ'ને મફતમાં મળી ગયા.''[૩૬]

'જન્મભૂમિ' સમાચાર ક્ષેત્રે હંમેશા અગ્રસ્થાને રહ્યું છે. તેવી જ રીતે સંસ્કાર પ્રેરક વાંચન આપવામાં વિભાગોની રચના દ્વારા નૂતન પ્રણાલિકા શરૂ કરવાનો યશ પણ ગુજરાતી પત્રકારત્વમાં 'જન્મભૂમિ'ને ફાળે જાય છે.

આ બે મહત્ત્વનાં અખબારોને બાદ કરતાં એ સમયમાં અન્ય વર્તમાનપત્રોએ ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તે હવે જરા એ વર્તમાનપત્રોની યાદી તરફ એક નજર...

★ અન્ય પત્રો :

'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' જૂથ સિવાય પણ એ સમય ગાળા દરમિયાન એવાં ઘણાં વર્તમાનપત્રોનો ઉદ્ભવ થયો હતો કે જેમણે સમાજ સુધારણા માટે અને આઝાદીના આંદોલનોમાં અગ્ર ભાગ ભજવ્યો હતો.

'પત્રકારત્વની વિકાસરેખા'માં નોંધ્યું છે કે, ''પારસીઓના અસરપરસના મતભેદોને લીધે 'ઈબતાલી કબીસે' અને 'અખબાર ઈ કબીસે' નામનાં બે અલ્પજીવી અખબાર પ્રકાશિત થયાં તે પછી ૧૮૩૦માં ૧ સપ્ટેમ્બરે 'મુંમબઈના વરતમાન' નામનું ગુજરાતી સાપ્તાહિક બહાર પડયું. આ અખબારના તંત્રી નવરોજી દોરાબજી ચાનદારુ ઉર્ફે હલકારુએ ફરદુનજી મર્ઝબાન પાસેથી પત્રકારત્વના પાઠ લીધા હતા. ૮ નવેમ્બર, ૧૮૩૧થી તેણે પોતાના પત્રમાં અંગ્રેજી વિભાગ શરૂ કર્યો પણ પછી સમગ્ર અખબારનું નવું નામ 'મુમબઈના હલકારુ અને વરતમાન' આપ્યું. ૫ નવેમ્બર, ૧૮૩૩થી તેમાંથી અંગ્રેજી વિભાગ બંધ કર્યો અને નવું નામ આપ્યું 'મુમબઈ ચાબુક' ''[૩૭]

તેણે એ સમયમાં અત્યંત અભદ્ર અને આજે પણ વાંચતાં શરમ ઉપજે એવી હલકી ભાષામાં એ સમયના સાથી અખબારો સામે ઝેર ઓકયું. તેણે દરેક અખબાર અને તેના તંત્રી સામે ફરિયાદો કરવાનું ચાલું જ રાખ્યું. ૧૮૫૯માં નવરોજી ચાનદારૂ મરણ પામ્યા અને ૧૫ મી માર્ચ ૧૮૭૨થી 'અખબારે સોદાગર' તથા 'સમાચાર દર્પણ' સાથે તેને જોડી દીધું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૦૦ વર્ષની ઉંમર પૂરી કરનાર અન્ય અખબાર છે 'જામે જમશેદ'. ૧૨ માર્ચ, ૧૮૩૨ના રોજ 'શ્રી મુમબઈના જામે જમશેદ' પ્રકાશિત થયું. પેસ્તનજી માણેકજી મોતીવાળા તેના પ્રથમ તંત્રી હતા. એકવીસ વર્ષના પ્રારંભિક તબકકામાં આ પત્રે પારસી સમાજની સમસ્યાઓ પર વધુ ધ્યાન આપ્યું. ૧૮૩૩માં કાવસજી શરાફે તે ખરીદ્યું ત્યારે તેની ગ્રાહક સંખ્યા માત્ર બસો જ હતી. પછી ૨૦૦૦ થઈ ૧૯૦૭માં ૪૩૦૦, ૧૯૩૨માં ૭૦૦૦ આંક થયો. ૧૯૩૨માં તેની શતાબ્દી પ્રસંગે તેની ૩ લાખ નકલો વેચાતી હતી

મુંબઈમાં આ સમય દરમિયાન અન્ય પત્રોમાં ફ્રિપ્રેસ,મુમબઈનું દૂરબીન,બોમ્બે ટાઈમ્સ,બોમ્બે ટેલિગ્રાફ, ટેલિગ્રાફ એન્ડ કુરિયર, દિગ્દર્શન, વિદ્યાસાગર, બોમ્બે મેગેઝીન અને બોમ્બે સ્પોર્ટિંગ ટાઈમ્સ,શ્રી મુમબઈ વરતમાન, બોમ્બે વીટનેસ, બોમ્બે મેલ, વ્યાપાર પત્ર,જ્ઞાન પ્રકાશ,સ્પેકટેટર,ઈસ્ટ એન્ડ વેસ્ટ વગેરે હતા. 'દિગ્દર્શન' અને 'વિદ્યાસાગર' મરાઠી અખબારો હતા બાકીના અંગ્રેજી અને ગુજરાતી હતા.

સન ૧૮૫૦માં મુંબઈમાંથી પાંચ ગુજરાતી પત્રો નીકળતા હતા. તે બધાજ પારસી માલિકીના હતા. તા. ૧૫મી નવેમ્બર, ૧૮૫૧ના રોજ 'રાસ્ત ગોફતાર'નો પહેલો અંક બહાર પડયો. તેનો અર્થ થાય 'સાચું બોલનાર'. તેના પહેલા અંકની એક હજાર નકલ છાપવામાં આવી અને તે બધી જ નકલો મફતમાં વહેંચવામાં આવી હતી. જાન્યુઆરી, ૧૮૫૨થી તે સાપ્તાહિક બન્યું, ત્યાર બાદ છ વર્ષે આ પત્રે પારસી સિવાયની કોમના લાભ માટે પણ લખવું શરૂ કર્યું. એ પછીના વર્ષ સમાજ સુધારક કરશનદાસ મૂળજી પત્રની દોરવણી માટેની સમિતિમાં સામેલ થયા. કરસનદાસનું 'સત્યપ્રકાશ' ૧૮૬૨માં 'રાસ્ત ગોફતાર' સાથે જોડાઈ ગયું તેથી તેનું નામ 'રાસ્તગોફતાર અને સત્યપ્રકાશ' રહ્યું. દાદાભાઈ નવરોજીની માફક કરસનદાસે પણ આજીવિકા માટે નહી, પરંતુ સમાજના ઉધ્ધાર અને ઉન્નતિ માટે પત્રકારનો વ્યવસાય પસંદ કર્યો હતો.

એ સમય માનસિક અંધકાર, અંધશ્રધ્ધાને નિરક્ષરતાનો હતો. સુધારાવાદી પત્રકારત્વનો યુગ કહી શકાય. લોકોના મનમાં પેશવાઈ અમલ અને ઠગ પીંઢારાઓના ત્રાસ પછીની સ્થિરતાનો અનુભવ હતો. અન્ય ભાષાના અખબારો કરતાં ગુજરાતી ભાષાના અખબારો વધુ સામગ્રી પૂરી પાડી શકતા હતા. 'રાસ્તગોફતાર'ને બાદ કરતાં રાજદ્વારી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વિષયોની ચર્ચા અન્ય છાપામાં ભાગ્યે જ થતી ને હિંદુ સમાજને સ્પર્શતા વિષયોની ચર્ચા માત્ર 'રાસ્ત ગોફતાર'માં જ થતી. આ તો થયા ગુજરાત બહારના ગુજરાતી પત્રો પણ આજ સમયગાળા દરમિયાન ગુજરાતમાં જ ઘણા વીર પત્રકારો અને વર્તમાન પત્રો જન્મી ચૂકયા હતા. તેનો ઈતિહાસ પણ રસપ્રદ છે.

(૧) ગુજરાતનું ગુજરાતી પત્રકારત્વ :

ગાંધીના ગુજરાતની શાંતિ પ્રિયતા,વ્યવહારિકતા એની ધર્મપ્રિયતા અને કોમી એખલાસ અન્ય રાજયો માટે પહેલેથી જ ઉદાહરણરૂપ રહ્યાં છે.ગુજરાતી ભાષાની અખબાર નવીસીમાં પારસી 'પાયોનિયર' રહ્યાં છે. પીઢ પત્રકાર ચેલાપતિરાવે પોતાના પુસ્તક 'ધ પ્રેસ'માં નોંધ્યું છે તેમ ''ગુજરાતી પછી છેક એક આખો દાયકો વીત્યા પછી મરાઠી વર્તમાન પત્ર શરૂ થયું પણ તે લીથોગ્રાફી પધ્ધતિથી છપાયું જયારે માત્ર ૧૫૦ ગ્રાહકો માટે પ્રસિધ્ધ થતું. કોચીનથી દર શનિવારે પ્રસિધ્ધ થતું અઠવાડિક 'કોચીન મિથ્રમ', કરેળનું પ્રથમ અંગ્રેજી અખબાર 'વેસ્ટર્ન સ્ટાર' તેમજ 'કેરળ કોકિલ' નામના મરાઠી સાપ્તાહિકની સ્થાપના ૧૧૬ વર્ષ પહેલાં કરનાર જણ ગુજરાતી હતો. તેનું નામ દેવજી ભીમજી મૂળ કચ્છી હતા.''[૩૮]

ગુજરાતી પત્રકારત્વના ગૌરવને વર્ણાવતાં દિગંત ઓઝા તેમના એક લેખમાં લખે છે કે–''હાજી મહંમદ અલારખિયા શિવજીના 'વિસમી સદી' ચાંપશી વિ. ઉદેશીના 'નવચેતન', 'વસંત', 'સમાલોચક' ,'સુરેશ જોશીના 'ક્ષિતિજે' ,'મનીષા','બુધ્ધિ પ્રકાશ' ,'ગુજરાત શાળાપત્ર', 'જ્ઞાન સુધા','પ્રિયવંદા',મટુભાઈ કાંટાવાલાનું 'સાહિત્ય', ઈચ્છારામ સૂ. દેસાઈનું 'ગુજરાતી', કનૈયાલાલ માણેકલાલ મુનશીનું 'ગુજરાત', રામનારાયણ વિ.પાઠકનું 'પ્રસ્થાન', બચુભાઈ રાવતનું 'કુમાર',ચુનીલાલ મડિયાનું 'રુચિ', ભોગીલાલ ગાંધીનું 'વિશ્વમાનવ','પરબ','શબ્દસૃષ્ટિ','ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક','ભૂમિપુત્ર','તાદર્થ્ય', 'એતદ્', 'ખેવના',પ્રબોધ ચોકસીનું 'નિરીક્ષક', મહેન્દ્ર મેઘાણીનું 'લોક મિલાપ', વજુ કોટકનું 'કવિતા', કે પછી ઉમાશંકર જોશીનું 'સંસ્કૃતિ' ગમે તેટલા નામ લઈએ તો યે સમકાલીન પત્રકારત્વની બુનિયાદ રચનારા નામોની યાદી અધૂરી જ રહેવાની.''[૩૯]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભારતનું સૌપ્રથમ કૃષિપત્ર પણ એક ગુજરાતી એ જ બહાર પાડયું હતું. એ સમયે ગુજરાતીમાં વર્તમાનપત્રોની સાથોસાથ સાહિત્યિક પત્રો પણ છપાતાં જેનો ઉલ્લેખ ન કરીએ તો ગુજરાતી પત્રકારત્વની ચર્ચારૂપી રંગોળીમાં એક રંગ ઓછો પડે.

✧ સાહિત્યિક પત્રો :

શ્રી વિષ્ણુ પંડયા પોતાના પુસ્તકમાં નોંધે છે કે,''અભિવ્યકિતની મથામણના ઈતિહાસમાં જો કોઈએ સહયાત્રા કરી હોય તો તે સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રોની છે. આધુનિક યુગમાં પત્રકારત્વનો પ્રારંભ થયો ત્યારથી સાહિત્ય સર્જનમાં, માવજતમાં અને સાહિત્યિક આબોહવા ઊભી કરવામાં અખબારો અને સામયિકો પ્રવૃત્ત હતાં ,અને તેમાંથી જ 'સાહિત્યિક પત્રકારત્વ'ની વિશેષ સંજ્ઞાનો ઉદ્ભવ થયો છે.''[૪૦]

'કુમાર', 'સંસ્કૃતિ' કે અશોક હર્ષ, રમણલાલ શેઠના 'ચાંદની'એ ગુજરાતી ભાષાને શ્રેષ્ઠ અને સમર્થ સાહિત્યકારો અને પત્રકારોનું પ્રદાન કર્યું છે. હજુ ગઈકાલના કહી શકાય તેવા 'કુમાર' 'સંસ્કૃતિ' કે 'ચાંદની' જેવાં પ્રકાશનોમાં પોતાની કૃતિ સ્થાન પામે તેમાં તત્કાલીન પેઢીના રચનાકારો ગૌરવ અનુભવતા. નવી પ્રતિભાઓ આવાં સામયિકોનાં પાનાંઓ પર અવતરતી. ભલભલા મહારથીઓની કૃતિઓ 'સાભાર પરત' થઈ જતી. સંપાદકને કોઈ લેખકની શેહ શરમ ત્યારે નડતી નહી.કોઈપણ ભાષામાં એવાં પ્રકાશનો સામયિકો હોવાં જ જોઈએ જેમાં રચના કૌશલ,પ્રતિભા, ઉન્મેષની જ કદર કરાય તેના વિનાની રચનાને પોતાનાં પાનાં ઉપર સ્થાન મળે જ નહીં. સમગ્ર સમાજના વિચારોના ઉત્કર્ષ માટે ઉત્તમ સાહિત્ય પૂરું પાડવાની જવાબદારી આજના અખબારો અને સામયિકો પર છે. જ પણ સરવૈયાનું ઉધારપાસું મોટું જ થતું જાય છે.

સાહિત્ય અને પત્રકારત્વે શબ્દના માધ્યમથી જે પ્રતિકારો ચાલું રાખ્યા છે એ એક મહાકાવ્યમાં અભિવ્યકિત થતાં આંસુ,રકત,આનંદ અને વિષાદ, સત્વ અને સ્વત્વ, પીડા અને ખુશી,હતાશા અને દુરાશાની વચ્ચે અજવાળું કરતી આશાની એક લકીરના તમામ સંકેતો આપે તેવાં છે. સાહિત્યિક પત્રકારત્વને આજના સંદર્ભમાં તપાસીએ તો તેને બે ભાગમાં વહેંચવું પડે. (૧) સાહિત્યિક સામયિક (૨) દૈનિક પત્રકારત્વમાં જોવા મળતી સાહિત્ય વિષયક સામગ્રી. સાહિત્ય અને પત્રકારત્વ ઘણીવાર એકબીજામાં ભળી જતાં એ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બંને વચ્ચેની ભેદરેખા ઘણીવાર ઓગળી જતી.

ગુજરાતી પત્રકારત્વને સાહિત્યકાર–પત્રકારની ભેટ આપવામાં સૌરાષ્ટ્રએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ડૉ. યાસીન દલાલ નોંધે છે કે,"૧૯૨૨માં જયારે ઝવેરચંદ મેઘાણી કલકત્તાથી ભાવનગર પાછા ફર્યા ત્યારે હવે શું કરવું તેની મથામણમાં હતા, રાણપુરથી 'સૌરાષ્ટ્ર' ત્યારે શરૂ થઈ ગયું હતું. મેઘાણીએ 'અમરરસની પ્યાલી' અને 'ચોરાનો પોકાર' જેવા લેખો છાપવા માટે મોકલ્યા.અમૃતલાલ શેઠ આ લેખો વાંચીને મેઘાણીની પ્રતિભા પારખી ગયા. એમણે મેઘાણીના જ શબ્દોમાં કહીએ તો 'ડૂબતાનો હાથ ઝાલ્યો' અને 'સૌરાષ્ટ્ર' ના તંત્રી મંડળમાં મેઘાણીને સામેલ કરી દીધા હતા. "[૪૧]

અમૃતલાલ શેઠ અને મેઘાણીની આ પરંપરા ગોકુળદાસ રાયચુરા,વેણીભાઈ પુરોહિત, સંચિત,ચંદુલાલ જેઠાલાલ વ્યાસ,જીતુભાઈ મહેતા,ચુનીલાલ મડિયા,મોહનલાલ મહેતા, જયભિખ્ખુ અને ત્યાર બાદ હરકિશન મહેતા અને હરિન્દ્ર દવે સુધી ચાલતી આવી છે. ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ કહે છે કે જયારે જયારે સાહિત્યકાર અને પત્રકારનો સંગમ થયો છે ત્યારે ઉત્તમ પરિણામ આવ્યું છે. બચુભાઈ રાવતનું 'કુમાર' અને અલારખા હા. મહંમદ શિવજીનું 'વીસમી સદી' એ ગુજરાતી પત્રકારત્વનાં બે અમૂલ્ય ઘરેણાં કહેવાય.

જો ફકત 'સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ'ની વાત કહીએ તો આ બંનેના જૂના અંકો ધ્યાનથી જોતાં ખ્યાલ આવે કે એ યુગ પ્રચંડ રાજકીય જાગૃતિનો હોવા છતાં સાહિત્યની સામગ્રી પણ એમાં ભરપૂર પીરસાતી." ૧૯૩૨–૩૪ ના ગાળામાં જયારે 'ફૂલછાબ' ઉપર શાસનની ખફા નજર પડે ત્યારે પણ તેમાં રાજકારણ ઘટાડીને સાહિત્યિક સામગ્રીનું પ્રમાણ વધારી દેવાતું હતું."[૪૨]

વર્તમાન સમયમાં ગુજરાતી સાહિત્યનાં સામયિકો વધારે નથી તો ઓછા કહી શકાય તેટલા પણ નથી. એ પણ તથ્ય છે કે આપણી પાસે જેટલા પ્રમાણમાં ગુજરાતી દૈનિકો છે તેટલા પ્રમાણમાં સાહિત્યની કટારો નથી. દૈનિકોના વાચકોને સાહિત્યનો એટલો ખપ છે કે નહી તે વળી અલગ સંશોધનનો વિષય છે. દૈનિકોના તંત્રીઓને જે આર્થિક સલામતી હોય છે તે સાહિત્ય સામયિકોના તંત્રીઓને હોતી નથી. તેમ છતાં ગુજરાતના પ્રમાણમાં મુંબઈના દૈનિકો સાહિત્ય પ્રત્યે વધારે સજાગતા અને ઉત્સાહ દાખવે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## ✧ સમાજ સુધારાનું પત્રકારત્વ :

સ્વતંત્રતા પૂર્વે પત્રકારત્વ ક્ષેત્રે ઝંપલાવનારના મુખ્ય ધ્યેય બે જ હતા. એક તો આઝાદી અને બીજો સમાજ સુધારણા. ગુજરાતી પત્રકારત્વને ૧૯૪૭ પૂર્વે પ્રાપ્ત વારસો મૂલ્યવાન હતો. રાષ્ટ્રીય સ્તરે પહેલા અખબારના પ્રારંભનું ગૌરવ,સુધારાવાદી પત્રકારત્વમાં ઐતિહાસિક મુકદ્દમાઓ જીતનારા પત્રો,સ્વદેશ ભકિત સાથે જોડાયેલા અખબારો અને દેશી રાજયોના જુલમ સામે બહારવટુ ખેડનારા પત્રો,આટલી નિર્ણાયક રેખા બીજા પ્રદેશોમાં ભાગ્યે જ દોરાઈ છે. શ્રી વિષ્ણુ પંડયા નોંધે છે કે,"ગુજરાતી અખબારોને કવિ નર્મદ,કરસનદાસ મુળજી, જેવા સમાજ સુધારકો આદ્ય દૈનિક અધિપતિઓ, દાદાભાઈ નવરોજી,શ્યામજી કૃષ્ણ વર્મા, મેડમ ભિખાઈજી કામા,છગન ખેરાજ વર્મા જેવા દેશભકત પત્રકારો,અમૃતલાલ શેઠ,કકલભાઈ કોઠારી અને ઝવેરચંદ મેઘાણી સરખા ગાંધી યુગમાં દેશી રજવાડાંના પ્રશ્ને જાગૃત લેખક પત્રકારો વગેરેની ઉત્તમ સંપત્તિ સાપડી છે. "[૪૩]

અત્યારના અખબારોનું પણ મુખ્ય ધ્યેય સમાજનું માનસિક સ્તર સુધારવાનું હોવું જોઈએ. છાપેલા શબ્દની અસર ખૂબજ છે. મહાત્મા ગાંધીજીએ 'નવજીવન' અને 'હરિજનબંધુ' નામના પ્રકાશનોનો મોટા પાયે પોતાનું દષ્ટિબિંદુ સમજાવવા ઉપયોગ કરેલો. અમૃતલાલ શેઠે દેશી રજવાડાં સામે લડવા માટે મુંબઈ આવીને અખબાર કાઢયું હતું. લોકમાન્ય ટિળકે પૂનાથી 'કેસરી' અખબાર શરૂ કર્યું હતું. પત્રકારત્વમાં સમાજ સુધારાને મહત્ત્વ આપનારા ઘણાં પત્રકારો થઈ ગયા જેમાં પહેલું નામ દાદાભાઈ નવરોજીનું આવે. સન ૧૮૫૦માં મુંબઈમાંથી પાંચ ગુજરાતી વર્તમાનપત્રો નીકળતા. પણ બધાના માલિકો કે તંત્રીઓ એક યા બીજા પક્ષના હાથ હેઠળ દબાયેલા હતા. મોટેભાગે એ સઘળા પત્રો જૂના વિચારના પક્ષનાં વાજિંત્રો હતા અને સુધારાના વિચારોનો પ્રચાર તેમાં થઈ શકતો નહિ. આ સ્થિતિ સુધારકોને ખૂબ અકળાવી નાખતી. આથી એક સ્વતંત્ર પત્ર શરૂ કરવાનો વિચાર થયો જેમાં મુખ્ય હતા સમગ્ર હિંદના દાદા દાદાભાઈ નવરોજી. તેમની સમજાવટથી ખરશેદજી નશરવાનજી કામાએ આર્થિક મદદ માટે 'હા' પાડી અને દાદાભાઈએ ફકત સમાજ સેવાની ભાવના સાથે 'રાસ્તગોફતાર' શરૂ કર્યું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ડૉ. રતન માર્શલે નોંધ્યું છે કે,''દાદાભાઈ ૧૮૫૫માં વિલાયત વસવા ગયા, પરંતુ તેમનો એ પત્ર સાથેનો લેખક તરીકે સંબંધ ચાલુ રહ્યો. પત્રની દોરવણી માટે એક સમિતિ રચાઈ. દાદાભાઈ નવરોજી, ખરશેદજી નશરવાનજી કામા, ખરશેદજી રુસ્તમજી કામા, ડોસાભાઈ કામા, નવરોજી ફરદુનજી, સોરાબજી શાપુરજી બંગાલી અને પેસ્તનજી રતનજી કોલાહ એ સમિતિના સભ્યો હતા. ત્રણ વર્ષ પછી મશહુર હિન્દુ સમાજ સુધારક કરસનદાસ મૂળજીને પણ એ સમિતિમાં સામેલ કરેલા.''[૩૨] 'રાસ્તગોફતાર' આમ તો પારસી કોમનું જ છાપુ કહેવાતું, પણ કરસનદાસ મૂળજીના સંબંધને લીધે તથા પાછળથી કરસનદાસનું 'સત્ય પ્રકાશ' તેમાં જોડાઈ જવાથી હિન્દુ સમાજને લગતા વિષયો પણ એમાં વિસ્તારથી ચર્ચાવા લાગ્યા. જૂના જમાનાના વિચારો છોડી દઈ પ્રગતિશીલ નવા વિચારો અપનાવવા હાકલ થઈ. જે આ સુધારામાં જોડાતા તેની પ્રશંસા થતી અને જે ન જોડાતા તેની આકરી ટીકા થતી.

કરસનદાસે ઊંચી કેળવણી લીધી હતી. સામાજિક અને ધાર્મિક સુધારા માટે છેક બંગાળથી રાજા રામમોહનરાય અને બ્રહ્મસમાજથી પ્રેરણા લીધી હતી. સમાજ સુધારા માટે પૂરા જોમ જોશથી તે કાર્ય કરતા. તેઓ સામાજિક અને ધાર્મિક સુધારાની હિમાયત કરતા લેખો લખતા. 'બુધ્ધિવર્ધક' અને 'જ્ઞાન પ્રસારક'માં પણ એમણે લેખો લખ્યા હતા. સમાજ સુધારાના ભાગરૂપે 'નીતિ વચન' અને 'સંસાર સુખ' નામનાં બે પુસ્તકો બહાર પાડયાં હતાં. કરસનદાસનું નામ લેખક તરીકે ખાસ કરીને સુધારાવાદી તરીકે જાણીતું થયું હતું.

સમાજ સુધારાની વાત નીકળી છે તો, સમાજમાં પ્રવર્તતી બદી અને પગદંડો જમાવી બેઠેલા કેટલાક દુષ્ટ રિવાજોને દૂર કરવા કમર કસનાર નર્મદ અને તેના પાક્ષિક 'ડાંડિયો'ને કેમ ભૂલાય? નર્મદ, ગિરધરલાલ અને નગીનદાસની ત્રિપુટીએ 'ડાંડિયો' શરૂ કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. મોટું નામ રાખીને હલકું કામ કરવું એના કરતાં હલકું નામ રાખીને મોટું કામ કરવું સારું એ ઉદ્દેશથી તેનું નામ 'ડાંડિયો' રખાયું. 'ડાંડિયો'માં દાંડી પીટવા ઘણાં લેખકો અને સમાજ સુધારકોએ કલમ ચલાવી હતી. જેમાં નર્મદાશંકર (નર્મદ),ગિરધરલાલ દયાળદાસ, નગીનદાસ તુલસીરામ, કેશવલાલ ધીરજરામ,શ્રીધર નારાયણ,ઠાકોરદાસ આત્મારામ વગેરેનો સમાવેશ થાય છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'ડાંડિયો'ના પહેલા પૃષ્ઠ પર અગ્રલેખ રહેતો, પછી રાજકીય કે સામાજિક મુખ્યત્વે સામાજિક વિષય પર લેખ લખાતો. પોતાના વિરોધીઓને અવનવા વિશેષણો લગાડવામાં 'ડાંડિયો' કયારેય કંજુસાઈ કરતું નહીં. સમાજમાં ચાલતી બદીઓ દૂર કરવાનો અને કાળના વહન સાથે આગળ ધપવાને 'ડાંડિયો'એ દાંડી પીટતી જ રાખેલી એ સમયમાં નર્મદે હિંદીઓને લશ્કરી તાલીમ આપવાનો આગ્રહ કર્યો હતો. ૧ લી કે ૧૬મી જાન્યુઆરીથી 'ડાંડિયો' 'સન્ડે રીવ્યુ' સાથે જોડાઈ ગયું.

સમાજ સુધારામાં ગાંધીજીએ પણ અખબારને જ પોતાનું હથિયાર બનાવ્યું હતું. ગુજરાતી પત્રકારત્વમાં મહત્ત્વનું સ્થાન ભોગવી શકે તેવાં 'હિન્દુસ્તાન પત્રો'નો પ્રારંભ પણ ૧૯૧૩થી થયો. આ પત્રોના સંઘર્ષાત્મક સંચાલન પાછળ એક અડીખમ તંત્રી રણછોડદાસ લોટવાળાની મહેનત અને નિષ્ઠા રહી હતી. સામાજિક સુધારકોને આ પત્રોએ પીઠબળ આપ્યું અને ગાંધીજીને સહુથી પ્રથમ આ પત્રોએ અપનાવી લીધા પણ સાથોસાથ ગાંધીવાદી કાર્યક્રમના જે તત્ત્વો એમને અનિષ્ટ લાગ્યાં તેમની ઝાટકણી કાઢવામાં પણ કમી ન રાખી.

ગાંધીજીએ ૧૯૦૮માં 'ઈન્ડિયન ઓપિનિયન' શરૂ કર્યું તેમાંને પોતાના બીજા અઠવાડિક 'નવજીવન'ને 'યંગ ઈન્ડિયા' હરિજન પત્રોમાં એમણે લાખો શબ્દો લખ્યા. એમનો દાવો હતો કે એમણે એક પણ શબ્દ એવો નથી લખ્યો કે જે લખતાં પહેલાં ખૂબ વિચાર કર્યો ન હોય. પત્રકારત્વ વિશે એમની કલ્પના એવી હતી કે એનો ઉપયોગ લોકોને સન્મતિ અને સદાચાર તરફ દોરવામાં થાય. લોકોની ખામીઓ બતાવી એમને એ દૂર કરવામાં મદદ કરવી એને એ છાપાવાળાનો ધર્મ સમજતાં. આમ તો ૧૯૨૦ થી ૧૯૫૦ દરમિયાન પત્રકારના ધંધામાં પડેલ દરેક જણ ગાંધીજીની અસર નીચે આવ્યા વગર રહી શકયો ન હતો.દેશમાં જે કાંઈ વિચારાતું,લખાતું હતું તેનું કેન્દ્ર કહો કે પ્રેરણાસ્ત્રોત તે મહાત્મા ગાંધીના વિચારો અને કાર્યક્રમો હતા. ગુજરાતના પત્રકારત્વની સાથોસાથ સૌરાષ્ટ્ર કચ્છનું પત્રકારત્વ પણ જોડાયેલું છે. ગાંધીજીએ સૌરાષ્ટ્ર ખાતે જીવનનો લાંબો સમય વિતાવ્યો હોવાથી અહીં પણ તેના વિચારોની ઊંડી છાપ જોવા મળે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

(૨) સૌરાષ્ટ્ર કચ્છનું પત્રકારત્વ :

સૌરાષ્ટ્રમાં પત્રકારત્વનો પાયો ૧૮૬૫માં મણિશંકર કિકાણીએ જૂનાગઢમાં 'સૌરાષ્ટ્ર દર્પણ' દ્વારા અને મીરઝા મુરાદઅલીએ ભાવનગરમાં 'મનોરંજક રત્નમાળ' દ્વારા ૧૮૬૮માં નાખ્યો હતો. આ બંને પત્રોને સુધારાવાદી પત્રો ગણી શકાય. રાજકોટમાં પ્રથમ સામયિક ૧૮૬૮માં 'કાઠિયાવાડ સમાચાર' નામે નીકળ્યું હતું. પણ તે અલ્પજીવી નીવડયું. એ સમયે ૧૮૬૮માં કરસનદાસ મુળજી અને મણિશંકર કીકાણીના સંયુકત પ્રયાસોથી 'વિજ્ઞાન વિલાસ'નો પ્રારંભ થયો. જે સૌપ્રથમ વ્યવસ્થિત પત્ર બનવાનું માન ખાટી ગયું.

હરકિશનદાસ મહેતા, હરસુખ સંઘાણી,કાંન્તિ ભટ્ટ, હસમુખ ગાંધી,કુંદન વ્યાસ, દિંગત ઓઝા,નરભેરામ સદાવ્રતી, હરિન શાહ,અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, કકલભાઈ કોઠારી, જયમલ પરમાર, ગુણવંતરાય આચાર્ય આ સર્વે સૌરાષ્ટ્રના પત્રકારો છે જેનું ગૌરવ સમગ્ર સૌરાષ્ટ્રની વાંચન પ્રિય જનતાએ લેવું જોઈએ.

ડૉ. યાસીન દલાલે નોધ્યું છે કે,''શામળદાસ ગાંધી, ગોકુલદાસ રાયચુરા, કેશવલાલ ધનેશ્વર દવે 'શનિ', નુરમહંમદ 'ગોલીબાર', વેણીભાઈ પુરોહિત,બાબુભાઈ વૈદ્ય,કરસનદાસ માણેક,મણિશંકર કિકાણી,દલપતરામ,રૂપશંકર ઓઝા 'સંચિત',ભીમજી પારેખ, ચંદુલાલ જેઠાલાલ વ્યાસ,જુગતરામ રાવળ, ગગન વિહારી મહેતા, જદુરાય ખંધેડિયા,પુરુષોત્તમ માવજી વિશ્રામ, નારાયણ વસનજી ઠકકુર, ગિજુભાઈ બધેકા,ચુનીલાલ મડિયા આ લીસ્ટ તો ઘણું લાંબુ છે. આ બધા જ કાઠિયાવાડના ધરતી પુત્રો છે.'' [૪૫] ગુજરાતમાં એક પ્રદેશ તરીકે સૌરાષ્ટ્રની અનેકાનેક લાક્ષણિકતાઓ છે. પણ એમાં કદાચ સૌથી વિશિષ્ટ લાક્ષણિકતા પત્રકારત્વ ક્ષેત્રની છે.

સૌરાષ્ટ્રના ભૂતકાળમાં નજર કરીએ ત્યારે જણાય કે સ્વાતંત્ર્ય પહેલાંના મોટાભાગના પત્રો સેવા અને માત્ર સેવાના ઉદ્દેશથી જ ચાલતા હતા. પછી તેમાં આશય સ્ત્રી કેળવણીનો હોય કે શાસકના દમન સામે લોકોને જાગૃત કરવાનો હોય.

'જન્મભૂમિ' પરિવારના પત્ર 'કચ્છ મિત્ર'નો હીરક મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. કચ્છમાં 'જન્મભૂમિ'ના અને 'કચ્છ મિત્ર'ના વાચકોએ રાહત ભંડોળ અને દેશ ભકિત



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભંડોળને હંમેશા છલકાવ્યા છે. કચ્છી માડુ એટલે વેપારી પણ આ વેપારી હવે કયાં કયાં નથી પહોંચ્યો એ જ સવાલ છે. મુંબઈગરા કચ્છીનો ઈતિહાસ છેક ૧૯મી સદીથી શરૂ થાય છે. પણ ખરેખર કચ્છીઓનો ઈતિહાસ તો સદીઓ જૂનો છે. અભ્યાસનું પ્રમાણ વધવાને કારણે કચ્છીઓ નવા નવા અનેક ધંધા વ્યવસાયમાં પડયા છે. પત્રકારત્વ જેવા વ્યવસાયમાં પણ કચ્છીઓએ સારું કાઠું કાઢયું છે.

તા. ૨૦ જુલાઈ,૧૯૪૭ના રોજ 'મિત્ર' નામે સાપ્તાહિક તરીકે શરૂ થયેલું 'કચ્છ મિત્ર' ૧૦ ડિસેમ્બરઘ ૧૯૪૮ના રોજ 'ત્રિ સાપ્તાહિક' તરીકે શરૂ થયું. તા. ૧૫ ઓગસ્ટ,૧૯૫૦થી પૂર્ણ કદનું પ્રગટ થયું અને ૧૯૫૫થી સૌરાષ્ટ્ર ટ્રસ્ટને હસ્તક થયું.

તેણે ધરતીકંપના બીજા વર્ષે 'વિનાશની વરસી ટાણે નવ સર્જન પર મીટ' શીર્ષક હેઠળ ૩૨૦ પાનાનું વિશેષ પ્રકાશન ૨૦૦૨માં બહાર પડયું હતું. તા. ૧૭ મે,૨૦૦૬ના રોજ 'કચ્છમિત્ર' વેબસાઈટનો પ્રારંભ પણ થયો છે.

✧ રજવાડાના સમયનું પત્રકારત્વ :

સમગ્ર ભારતની પ્રજા અંગ્રેજોની ગુલામ હતી, પરંતુ સૌરાષ્ટ્રના દેશી ગામડાની પ્રજા બેવડી ગુલામી ભોગવતી હતી. અંગ્રેજોએ ભારતમાં પોતાની સત્તા ટકાવી રાખવા માટે દેશી રજવાડાંઓ ઊભાં કર્યાં હતાં. તેમને આપખુદ સત્તા આપી હતી. તેમની જુલમ જહાંગીરીને અંગ્રેજો રક્ષણ પણ પૂરું પાડતા હતા. તેનાં કેટલાંક રજવાડાંઓ ઘણાં મોટાં હતાં અને દેશના દક્ષિણ અને પૂર્વ વિસ્તારોમાં ફેલાયેલાં હતાં. તેની સૌથી વધુ સંખ્યા રાજસ્થાન અને કાઠિયાવાડમાં હતી. એ સમયે એકલા કાઠિયાવાડમાં જ પહેલા વર્ગથી માંડીને સાતમા વર્ગ સુધીના અને બે ચાર ગામના તાલુકદારથી માંડીને આખા ગામના ધણી સુધીના ૨૦૨ જેટલાં રજવાડાં હતાં.

થોડાંક રજવાડાંઓને બાદ કરતાં મોટા ભાગનાં આપખુદ રીતે વર્તતાં. પ્રજા તરફ હકક જમાવતા, તેના શાસકો ઘમંડી અને તુંડ મિજાજી હતા. આમ, રાજયોમાં રહેતી રૈયતને બેવડી ગુલામી ભોગવવી પડતી. એક સ્થાનિક રાજા અને બીજી અંગ્રેજ હકૂમતની.

૧૧ સપ્ટેમ્બર, ૧૮૬૪થી 'ગુજરાત મિત્ર' શરૂ કરનાર સૂરતના સપૂત દિનશા અરદેશર તાલેયારખાન વિદ્વાન, બહાદુર અને દુનિયાદારીના અનુભવી પત્રકાર હતા. કોઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સ્થળે ગેરરીતિ,અન્યાય કે આપખુદી ચાલતી જણાતાં જ તે ગરમ થઈ જતા અને ગમે તેવા મોટા અંગ્રેજ કે દેશી રાજાની પરવા કર્યા વિના કડક શબ્દોમાં તેની ટીકા કરતા. દિનશા તાલેયારખાનની સૌથી યાદગાર લડત હિંદના દેશી રાજયો ખાસ કરીને તે સમયના વડોદરા નરેશ મલ્હારરાવ ગાયકવાડ સામે હતી. મલ્હાર રાવની રાજનીતિ સામે તેમણે હિંમતથી લખીને સનસનાટી મચાવી દીધી હતી. મલ્હારરાવની જગમશહુર તપાસ થઈ અને અંતે ગાદીનો ત્યાગ કરવો પડયો. એ સમયે દેશી રાજાઓના નામ દઈ જાહેરમાં તેમની ખામી દેખાડનાર અને તેમને સલાહ આપનાર 'ગુજરાત મિત્ર'ના તંત્રી નીડર અને સ્પષ્ટ વક્તા હતા. એમણે અંત સુધી દેશી રાજવીઓની પ્રસંગોચિત ટીકા કરી હતી.

ડૉ. યાસીન દલાલે નોંધ્યું છે કે, ''સૌરાષ્ટ્ર પ્રદેશમાં જયારે ૨૦૦ થી વધુ દેશી રાજવીઓની આણ પ્રવર્તતી હતી અને મોટાભાગના અખબારો (મોટેભાગે સામયિકો) રાજયાશ્રિત હતાં. રાજયની મદદ મેળવતાં હોવાને લીધે એમના શાસનની સામે કશું લખી શકે એમ જ નહોતાં, ત્યારે એ ગૂંગળાવનારા વાતાવરણમાં અને સામંતશાહી મૂલ્યોથી દૂષિત હવામાનમાં અમૃતલાલ શેઠે ૧૯૨૧ની બીજી ઓકટોબરે રાણપુરથી 'સૌરાષ્ટ્ર'નો પ્રારંભ કર્યો અને આમ સૌરાષ્ટ્ર જ નહિ. ગુજરાતના પત્રકારત્વમાં એક નવા જ યુગનો પ્રારંભ થયો.''[૪૬]

જયારે એ સમયના બીજા પત્રો રાજાઓની ચાપલુસી કરવામાંને ગુણગાન ગાવામાં પડયા રહેતા ત્યારે એમની જોહુકમી અને જુલમો સામે દબાઈ ગયેલી ભોળી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું કામ એકમાત્ર અમૃતલાલ શેઠે ઉપાડયું. તેમણે જીવનપર્યંત પહેલાં રાણપુર અને પછી મુંબઈ રહીને પત્રકારત્વની ધૂણી ધખાવેલી જ રાખી હતી. આ લોકકલ્યાણના કાર્યમાં અમૃતલાલ શેઠને ઝવેરચંદ મેઘાણી, કકલભાઈ કોઠારી, ગુણવંરાય આચાર્ય,ભીમજી પારેખ,હરગોવિંદ પંડયા અને બીજા અનેક નીડર ઉત્સાહી પત્રકારોએ સાથ આપ્યો.

'જન્મભૂમિ'નો જન્મ પણ આજ કારણથી થયો હતો. તેના સ્થાપક અમૃતલાલ શેઠ મૂળ તો સૌરાષ્ટ્રના હતા. સૌરાષ્ટ્રમાં દેશી રજવ)ડા સામે તેઓ 'સૌરાષ્ટ્ર' નામના અખબાર વડે રાજાઓની ઉપર ભારે પ્રહાર કરતા હતા. આ કારણે એ સમયના રાજાશાહીના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જમાનામાં તેમણે સૌરાષ્ટ્ર છોડવું પડયું હતું. અંગ્રેજી ભાષાનું અખબાર અસરકારક બનશે તે દષ્ટિએ અંગ્રેજી અખબાર કાઢયું પણ આખરે તેમણે ઈ.સ. ૧૯૩૪–૩૫માં 'જન્મભૂમિ' શરૂ કર્યું. 'જન્મભૂમિ' દ્વારા અમૃતલાલ શેઠે સૌરાષ્ટ્રની ઘણી સેવા કરી. તેમણે એક આખી અલગ પ્રતિષ્ઠા ઊભી કરી. આમ જુઓ તો તે સમયના રાજા રજવાડાંનો ભયંકર ત્રાસ સહન કરવા બદલ મોટા ભાગના અખબારોએ તેના વિરુધ્ધ લેખો લખીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. 'સૌરાષ્ટ્ર'ના પ્રારંભનું કારણ પણ આ જ છે.

✧. 'સૌરાષ્ટ્ર'નો પ્રારંભ :

એ સમયમાં અમુક છાપાં કયા પ્રદેશમાંથી નીકળે છે તેનો ખ્યાલ આવે તેવાં નામ વધુ રાખવામાં આવતાં ધીમે ધીમે એમનો પ્રસાર મૂળ પ્રદેશથી દૂર દૂર સુધી પહોંચ્યો એટલે અમુક અખબારોના નામમાં પણ ફેરફાર થયા. એમાંનાં કેટલાંક નામ છેઃ ઢાકા પ્રકાશ, અવધ અખબાર,સાંવલપુર પેટ્રીએટ, અલ્મોડા અખબાર, બંગવાસી, પ્રયાગ સમાચાર,જયપુર ગેઝેટ,બિકાનેર રાજપત્ર,મારવાડ ગેઝેટ સમાચાર,મુંબઈ સમાચાર એ ઉપરાંત કાશી વૈભવ,નાસીમે આગરા,રોહિલ ખંડ ગેઝેટ,લાહોર પંચ,પતિયાલા અખબાર,મદ્રાસ મેઈલ,મદ્રાસ ટાઈમ્સ,ગુજરાતી અને સૌરાષ્ટ્ર' આવાં તો ઘણાં બધાં નામો આપી શકાય.

એ સમયમાં દેશી રાજા રજવાડાં અને શાહુકારોનો જોર જુલમો હતા, તે આપણે આગળના પ્રકરણમાં જોયું. દેશી રજવાડાંની રૈયતના ખરેખરા સાથી અને હમદર્દ શ્રી અમૃતલાલ શેઠનું સૌરાષ્ટ્ર પ્રદેશના રાજાઓ અને ઠાકોરસાહેબોની આપખુદી અને જુલમ જહાંગીરી જોઈને લોહી ઉકળી ઉઠતું હતું એટલે તેમણે ન્યાયધીશ તરીકે પોતાના હોદાનું રાજીનામું આપીને કાઠિયાવાડની પ્રજાના દુઃખદર્દને વાચા આપવા માટે અને અંગ્રેજ હકૂમતના પીઠબળના જોરે જુલમ કરતા રાજાઓના અન્યાય સામે પ્રજાને સંગઠિત કરવા ૧૯૨૧ના સપ્ટેમ્બરમાં રાણપુરથી 'સૌરાષ્ટ્ર' નામનું સાપ્તાહિક શરૂ કર્યું.

'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' પ્રગટ થતાં વેંત જ સમગ્ર કાઠિયાવાડની પ્રજામાં નવો પ્રાણ સંચાર થયો અને રાજાઓ તેમજ તેમની ખુશામત પર જીવતા જીહજુરિયાઓ ફફડવા લાગ્યા. 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક'માં રજવાડી હકૂમત હેઠળની પ્રજાકીય દુર્દશા તેમાંથી મુકત



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

થવા અસક્ષમ પ્રજા,દુષ્કાળો અને સામાજિક રૂઢિ બંધનો,સૌરાષ્ટ્રની સંસ્થાઓ વગેરે બધાં પાસાં ચર્ચીને સૌરાષ્ટ્રને એક અખબારની ખોટ પૂરી પાડી.

'સૌરાષ્ટ્ર'ના સંચાલનમાં અમૃતલાલ શેઠ ઉપરાંત ઝવેરચંદ મેઘાણી, કકલભાઈ કોઠારી, ગુણવંતરાય આચાર્ય,શામળદાસ ગાંધી,શ્રી સુશિલ વગેરે પણ જોડાયેલા હતા. સૌરાષ્ટ્રના લોકસાહિત્યને પણ આ પત્રે પ્રકાશમાં મૂકયું. 'સૌરાષ્ટ્ર'નું પત્રકારત્વમાં એક વિશિષ્ટ અર્પણ તે એની રજૂઆતની પધ્ધતિ, વિચારનો વેગ અને સમાચારની સજાવટ હતી.

'સૌરાષ્ટ્ર સાપ્તાહિકે' રજવાડાંનાં દુષ્કૃત્યો ઉઘાડાં પાડવા લાગ્યું એટલે રાજાઓએ બ્રિટિશ હકૂમતના વિસ્તાર રાણપુરમાંથી પ્રગટ થતાં સૌરાષ્ટ્રને યેનકેન પ્રકારે બંધ કરાવવા માટે ધા નાખી. અંગ્રેજ હકૂમતે 'સૌરાષ્ટ્ર'ના સંચાલકો પાસે વારંવાર જામીનગીરી માગવા માંડી. ટાંચા સાધનો અને સરફરોશીની તમન્નાથી પ્રગટ કરવામાં આવતા, સૌરાષ્ટ્ર પાસે એવી કોઈ આર્થિક સિધ્ધિ નહોતી. તે સમયે અમૃતલાલ શેઠ પાંચ,પંદર સાથીઓ સાથે ખીજડાને છાંયડે કાગળની પેટીઓને ટેબલ બનાવી હાથ વડે મશીનનાં પૈડાં ચલાવી. 'સૌરાષ્ટ્ર' તૈયાર કરતા હતા.

આથી ના છૂટકે થોડા વર્ષો ચલાવીને અખબાર બંધ કરવું પડયું. ૨૧ જુન, ૧૯૩૦માં પ્રકાશન બંધ કર્યું પણ ૧૯૩૧ના માર્ચમાં ફરી શરૂ કરવામાં આવ્યું પણ ૯ જાન્યુઆરી, ૧૯૩૨ના રોજ બંધ કરવું પડયું. 'સૌરાષ્ટ્ર' બંધ થતાં તેના પ્રવીણ પત્રકારોની આખી ટીમ નવરી બેસી રહે તેવી નહોતી, આથી તેમણે ઈ.સ. ૧૯૨૮–૨૯ના અરસામાં રાજકોટમાં 'ફૂલછાબ' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. જયારે ૧૯૩૩માં શ્રી અમૃતલાલ શેઠે મુંબઈ આવીને 'જન્મભૂમિ' દૈનિક શરૂ કર્યું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્રકરણ – ૨

## પાદટીપ

૧ ડૉ. માર્શલ રતન રુસ્તમજી, "ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ", પૃષ્ઠ નં. ૩૩૯

૨ સરકાર ચંચલ, "આપણા અખબારોની કહાણી", પૃષ્ઠ નં.૭

૩ ડૉ. દલાલ યાસીન,"માધ્યમ મીમાંસા" , પૃષ્ઠ નં. ૨૪

૪ એજન, પૃષ્ઠ નં. ૨૪

૫ એજન , પૃષ્ઠ નં. ૨૪

૬ એજન , પૃષ્ઠ નં. ૨૪

૭ ડૉ. દલાલ યાસીન,"ચોથી જાગીર", પૃષ્ઠ નં. ૩

૮ એજન , પૃષ્ઠ નં. ૧૦

૯ ડૉ. દલાલ યાસીન,"માધ્યમ મીમાંસા" , પૃષ્ઠ નં. ૧૦

૧૦ લે. પંડયા વિષ્ણુ,"પત્રકારત્વની વિકાસ રેખા", પૃષ્ઠ નં.૧

૧૧ Re-Rangaswami Parthasarthy,"Journalism in India "
Page No.-3

૧૨ પંડયા વિષ્ણુ,"પત્રકારત્વની વિકાસ રેખા", પૃષ્ઠ નં.૩

૧૩ એજન, પૃષ્ઠ નં.૩

૧૪ એજન, પૃષ્ઠ નં.૪

૧૫ "ભારતીય વર્તમાન પત્રોની બે સદી"– પરિચય પુસ્તિકા, પૃષ્ઠ નં.૭

૧૬ ડો. દલાલ યાસીન, "ચકચાર" મેગેઝીન તા. ૩૦.૦૧.૮૧

૧૭ પ્રા. પરીખ નીતાબહેન,"ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઈતિહાસ",પૃષ્ઠ નં.૧૬

૧૮ એજન', પૃષ્ઠ નં.૧૭

૧૯ પંડયા વિષ્ણુ,"પત્રકારત્વના પ્રવાહો", પૃષ્ઠ નં.૧૩

૨૦ લે.– પંડયા વિષ્ણુ,"પત્રકારત્વની વિકાસ રેખા", પૃષ્ઠ નં.૧૩

૨૧ "ભારતીય વર્તમાન પત્રોની બે સદી", પરિચય પુસ્તિકા,પૃષ્ઠ નં.૧૪



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૨૨ પંડયા વિષ્ણુ,''પત્રકારત્વની વિકાસ રેખા'', પૃષ્ઠ નં.૬૯

૨૩ પ્રા. પરીખ નીતાબેન,''ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઈતિહાસ'', પૃષ્ઠ નં.૪૨

૨૪ ''ભારતીય વર્તમાનપત્રોની બે સદી'', પરિચય પુસ્તિકા,પૃષ્ઠ નં.૧૬

૨૫ એજન, પૃષ્ઠ નં.૧૭

૨૬ લે. ડૉ. દલાલ યાસીન, ''ચોથી જાગીર'', પૃષ્ઠ નં.૭

૨૭ પ્રા. પરીખ નીતાબેન,''ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઈતિહાસ'', પૃષ્ઠ નં.૪૮

૨૮ ''ભારતીય વર્તમાનપત્રોની બે સદી'', પરિચય પુસ્તિકા,પૃષ્ઠ નં.૨૫

૨૯ લે.ઓઝા દિગંત, ''ગુજરાત એક સરવૈયું'', પૃષ્ઠ નં.૨૫૮

૩૦ લે. સરકાર ચંચલ , ''આપણા અખબારોની કહાણી'', પૃષ્ઠ નં.૧૦

૩૧ લે. સરકાર ચંચલ , ''આપણા અખબારોની કહાણી'', પૃષ્ઠ નં.૬

૩૨ લે. પંડયા વિષ્ણુ,''પત્રકારત્વની વિકાસ રેખા'' , પૃષ્ઠ નં.૧૨

૩૩ લે. ઝવેરી રસીક,''મુંબઈ સમાચાર દોઢસો વરસની તવારીખ'',પૃષ્ઠ નં.૧૦

૩૪ એજન, પૃષ્ઠ નં.૧૦

૩૫ લે. માર્શલ રતન,'' ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ,'' ,પૃષ્ઠ નં. ૬૬

૩૬ લે. ભટ્ટ કાન્તિ,'જન્મભૂમિ અમૃત મહોત્સવ વિશેષાંક'',પૃષ્ઠ નં. ૧૬

૩૭ લે. પંડયા વિષ્ણુ, ''પત્રકારત્વની વિકાસ રેખા'', પૃષ્ઠ નં. ૨૨

૩૮ લે. દિગંત ઓઝા, ''ગુજરાત એક સરવૈયુ'',

૩૯ એજન

૪૦ લે.પંડયા વિષ્ણુ, ''પત્રકારત્વના પ્રવાહો'', પૃષ્ઠ નં. ૮૧

૪૧ લે. દલાલ યાસીન,''માધ્યમ ચિંતન'', પૃષ્ઠ નં. ૪૦

૪૨ એજન,પૃષ્ઠ નં. ૪૧

૪૩ લે. પંડયા વિષ્ણુ,''પત્રકારત્વની વિકાસ રેખા'', પૃષ્ઠ નં. ૮૭

૪૪ લે. માર્શલ રતન,'' ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ,'' પૃષ્ઠ નં. ૧૧૪

૪૫ લે. દલાલ યાસીન,''માધ્યમ ચિંતન'', પૃષ્ઠ નં. ૩૬

૪૬ એજન, પૃષ્ઠ નં. ૩૮



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૩
# મુંબઈમાં પત્રકારત્વનો પ્રારંભ અને વિકાસ

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૩

# મુંબઈમાં પત્રકારત્વનો પ્રારંભ અને વિકાસ

## (૧)મુંબઈ :

મુંબઈનો આર્વાચીન ઈતિહાસ ઈ.સ. ૧૫૩૪ના ડિસેમ્બર પછી શરૂ થાય છે. મુંબઈના નામની ઉત્પત્તિ વિષે ઘણી અટકળો થઈ છે. આદિ પ્રજા મુંબાદેવી કે મુંબાઆઈના મંદિરમાં શ્રધ્ધા રાખતી, જેથી નામ મુંબઈ પડયું એવું માનવામાં આવે છે. પોર્ટુગીઝ નાવિકોએ જયારે આ કિનારો પહેલીવાર જોયો ત્યારે એના સૌંદર્યથી એટલા પ્રભાવિત થયા કે તેમણે તેને 'બોમ બાહિયા' (સુંદર અખાત)નું નામ આપ્યું. સમય જતાં આ જ નામ બોમ્બે બન્યું હોય તેવી શકયતાને નકારી ન શકાય.

## મુંબઈની ગઈકાલ :

આજે જયાં જમીનનો એક ટુકડો પણ મળવો મુશ્કેલ છે એ ટાપુને માટે રાજવી સત્તાધારીઓ કોઈપણ નાના ગામના બદલામાં આપવા તૈયાર હતા. બકુલ બક્ષી નોંધે છે કે, ''યુરોપિયન પ્રજામાં સૌપ્રથમ પોર્ટુગીઝ લોકોએ આ ટાપુનો કબજો લીધો હતો. ઈગ્લેન્ડના રાજા ચાલ્સે રાજકુમારી ડોના કેથરીના સાથે લગ્ન કરીને દહેજમાં માછીમારોનો આ ટાપુ મેળવ્યો હતો. રાજાને આટલે દૂર આવા ટાપુની ખાસ જરૂર ન હતી. અઢારમી સદીમાં કંપનીના અધિકારીઓ ભાગ્યે જ મુંબઈ આવવા ઈચ્છતા અને ત્યાં બદલી થાય તો અટકાવવાની કોશિષ કરતા. ૧૭૭૩માં સૂરતની વસતી ચાર લાખ હતી અને એ શહેર લંડન કે પેરિસ કરતાં મોટું ગણાતું. આની સરખામણીમાં એ સમયના મુંબઈની વસ્તી માત્ર એક લાખની જ હતી.''[૧]

ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે જયાં કોઈ પ્રકારનો વિકાસ નથી હોતો કે વાતાવરણ અનુકૂળ નથી હોતું ત્યાં કોઈ પ્રજાને વસવાટ કરવામાં રસ નથી હોતો. આજની જેમ એ સમયે પણ મુંબઈમાં ચોમાસું અતિશય ભારે રહેતું હતું. આથી, અહીંના લોકો કમળો અને મલેરિયાના રોગના ભોગ બનતા. ચારે તરફ વગડો અને છૂટા છવાયા ટાપુને કારણે અંગ્રેજોએ આ ટાપુને બિનમહત્ત્વનો ગણાવ્યો હતો.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈની આસપાસ દેશી રાજ રજવાડાંઓ ન હોવાથી વિદેશી પ્રજા અહીં કોઈ મોજશોખ નહોતી કરી શકતી. પણ ચીન સાથેનો વ્યાપાર વધતો ગયો અને મુંબઈનો વહાણ ઉદ્યોગ વિકસતો ગયો. આમાં પારસી અને ગુજરાતી પ્રજાનો મોટો ફાળો હતો. મુંબઈના વિકાસમાં વેપારી વર્ગનું યોગદાન ખાસ મહત્ત્વનું હતું.

બકુલ બક્ષી પોતાના પુસ્તકમાં લખે છે કે, "વહાણો બાંધવામાં નિષ્ણાત લવજી નોસરવાનજી વાડિયા સૂરત છોડી મુંબઈ આવ્યા. વહાણવટાના ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું અને વાડિયાની સફળતા જોઈ ઘણા પારસી કુટુંબો સૂરતથી હિજરત કરી ગયા. ચીન સાથે વ્યાપાર વિકસ્યો અને મોટા વહાણો બંધાવા માંડયા. ગુજરાતમાંથી કપાસ ચીન જવા લાગ્યો અને આમાં મુંબઈના બંદરે મોટો ભાગ ભજવ્યો. ૧૭૯૦માં સૂરત કારમા દુકાળની ઝપટમાં આવ્યું અને વેપારીઓ મુંબઈના ટાપુ પર વસવાટ કરવા લાગ્યા." [૨]

મુંબઈ પર પોર્ટુગીઝ પ્રજાએ ૧૩૧ વર્ષ સુધીનું શાસન કર્યું હતું. એ સમયે વાર્ષિક આવક માંડ રૂા. ૭૦૦ થતી હતી. એ સમયે મુંબઈમાં સાત ટાપુઓ હતા. કોલાબા, અલ ઓમાનીસ, મુખ્ય ટાપુ (મુંબઈ) મઝગામ, પરેલ, માહિમ અને વરલી. મુખ્ય ટાપુ મુંબઈમાં અંગ્રેજોએ કોટ કરી લીધી હતી એટલે કે કિલ્લેબંધી. આથી આ આખો વિસ્તાર કોટ જ કહેવાય છે. કોલાબા ટાપુનો અણિવાળો ભાગ સમુદ્રમાં અંદર સુધી ફેલાયેલો હોવાથી અહીં અતિશય ભેજયુકત આબોહવા રહેતી આથી ત્યાં વસતી પ્રજા કાળી પ્રજા હતી. એ સમયે મલબારહિલ તો મુંબઈથી ઘણું દૂર મનાતું અને ત્યાં બાવળનું ગાઢ જંગલ હતું જયાં સમુદ્રિ ચાંચિયાઓ લૂંટનો માલ સંતાડતા હતા. પોર્ટુગીઝ પ્રજાને આ ટાપુમાં એટલે રસ રુચિ નહોતા એટલે કે ઈંગ્લેન્ડથી આવતા વહાણોને અહીં પહોંચવામાં ઘણો સમય લાગતો. એ સમય દરમિયાન મહત્ત્વની એક ઘટના બની. સુએઝ નહેર ખુલ્લી મૂકાઈ. આથી ઈંગ્લેન્ડથી આવતા વહાણ ઓછા સમયમાં અને ઓછા જોખમે મુંબઈ સુધી પહોંચ્યા. આ ટૂંકા રસ્તાએ મુંબઈનું મહત્ત્વ એકાએક વધારી દીધું. હવે, મુંબઈ ખરા અર્થમાં 'ગેટ વે ઓફ ઈન્ડિયા' બની ગયું હતું.

મુંબઈમાં વિવિધ પ્રકારની આદિવાસી પ્રજાઓએ વસવાટ કર્યો હતો. બોરીબંદર નજીક ફાંસી તળાવ પાસે કોળી જાતિના લોકોની દેવી મુંબા કે મહા અંબાનું સ્વરૂપ કહેવાયા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેનું મંદિર હતું. જે ૧૭૬૬માં નવી કિલ્લેબંધી થતાં બીજે સ્થાને ખસેડાયું હતું. અહીં ભંડારી પ્રજાનો પણ વસવાટ હતો.જે તાડી કાઢતા અને ટાપુ પર તાડના ઝાડ રોપતા. જે તળાવમાં કમળ હતા એની બાજુની ટેકરી કમળટેકરી એટલે કે આજનું ખંભાલાહીલ કહેવાય. આ ટેકરીની તળેટીમાં ભંડારીઓના પૂજય દેવનું મંદિર હતું અને આજે પણ આ વિસ્તાર તાડદેવના નામથી જ ઓળખાય છે.

અહીં અંગ્રેજોના આગમન પછી નાના નાના ઘણાં ધંધાઓ વિકસ્યા. જેમ જેમ વિવિધ જાતિના લોકો અહીં વસવાટ કરતા ગયા તેમ તેમ તેની જરૂરિયાત મુજબની વસ્તુઓ પણ આવવા લાગી. અમુક વિસ્તારો તો ત્યાં ચાલતા વેપાર પરથી જ ઓળખાયા જેમ કે ભાંગ વેચતી દુકાનો પરથી ભાંગવાડી,શાકભાજી વેચતી દુકાનો પરથી ભાજીપાલા સ્ટ્રીટ, ચંદન વેચતી દુકાનો પરથી ચંદનવાડી, રૂના દલાલો જયાં ધંધો કરતા તે જગ્યાને કોટન ગ્રીન કહેવામાં આવ્યું. ૧૭મી સદીમાં મુંબઈમાં વસતી ઓછી હતી. આથી ત્યાં ઘણાં કુદરતી તળાવો હતા અને પાછળથી ધનિક વેપારીઓએ પાણી પૂરું પાડવા નવા તળાવો ખોદાવ્યાં હતાં. ૧૭૮૦ની સાલમાં નાનાં મોટાં મળીને ૨૯૦ જેટલાં તળાવો હતાં. ધોબીઓ જે તળાવ પર કપડાં ધોતાં તેને ધોબી તળાવ નામ અપાયું. અંગ્રેજોએ પાણીની જરૂરિયાત પૂરી પાડવા કૂવાઓ પણ ખોદાવ્યા હતા. જેમાંથી અમુક કૂવા આજે પણ મોજૂદ છે.

જયારે કોઈ શહેરનો વિકાસ થતો હોય ત્યારે તેના વિવિધ વિસ્તારોના નામકરણનો ઈતિહાસ ઘણો રસપ્રદ હોય છે. અત્યારે સમયાનુસાર જૂના વિસ્તારને નવું નામ આપવાનો રિવાજ છે. છતાં લોકો તો જૂના નામથી જ તે વિસ્તારને ઓળખે છે. મુંબઈમાં ઘણા વિસ્તારો ત્યાંના ધાર્મિક સ્થાનકોને લીધે પણ ઓળખાય છે. મલબારહિલના છેડા પર વાળુકેશ્વરનું મંદિર હતું. વાળુકેશ્વરમાં મૂળ રેતીનું એક લિંગ હતું એવું માનવામાં આવે છે. આજે ત્યાં વાલકેશ્વર નામનો સમૃધ્ધ વિસ્તાર છે.

તેવી જ રીતે મુંબાદેવી, ભૂલેશ્વર, બાબુલનાથ,મહાલક્ષ્મી વગેરે મંદિરો પ્રખ્યાત થયાં તો હાજી અલી મસ્જિદ અમુક ચર્ચ પણ પ્રખ્યાતિ પામ્યાં.

મૂલચંદ વર્મા પોતાના પુસ્તકમાં મુંબઈના સ્થાપક ભીમદેવ સોલંકી વિષે નોંધે છે કે,"ભીમદેવ અણહિલવાડ પાટણનો સમ્રાટ ભીમદેવ સોલંકી હતો અને એણે ઈ.સ.


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૦૨૨થી ૧૦૬૪ સુધી રાજ કર્યું હતું. સોલંકી રાજાઓ શૈવધર્મી હતા અને મંદિરો, મહેલો અને વાવ બાંધવામાં વિશેષ રસ ધરાવતા હતા. ભીમદેવ જયારે મહમદ ગઝનીની સામે પરાજય પામીને કોંકણમાં ઉતરી પડયા હતા અને એ ઉત્તર કોંકણનો પ્રદેશ જીતી લઈને મહિકાવતી (માહીમ)ને પોતાની હંગામી રાજધાની બનાવી હતી."[૩]

ભીમદેવે મહિકાવતીની સ્થાપના કર્યા બાદ અહીં પશ્ચિમ ભારતમાંથી એટલે કે ગુજરાત, રાજસ્થાન માળવા, ઉત્તર કોંકણમાંથી મોટા પ્રમાણમાં આવીને વસવાટ કર્યો. પંકલશી લોકો કાબેલ સુથાર હતા. તો વડવલ લોકો સારા બગીચા બનાવનારા માળીઓ હતા. ઈતિહાસની એક રસપ્રદ બાબત ગુજરાતીઓ માટે ખાસ જાણવા જેવી છે.મુંબઈ સહિતનો ઉત્તર કોંકણનો સમગ્ર પ્રદેશ ગુજરાતમાં ગણાતો હતો. પરંતુ જયારે મોગલ બાદશાહ હુમાયુએ ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતના સુલતાન બહાદુરશાહે પોર્ટુગીઝની લશ્કરી મદદ મેળવવા ઈ.સ. ૧૫૩૪માં પોર્ટુગીઝ સાથે સંધિ કરી અને વસઈ પ્રદેશ પોર્ટુગીઝને સુપરત કરી દીધો. બસ ત્યાર પછી એ પ્રદેશ ગુજરાતને પુનઃ કદી પ્રાપ્ત થયો નહીં.

ઐતિહાસિક દષ્ટિએ જોઈએ તો બહાદુરશાહ પહેલો સુલતાન હતો. જેમણે યુરોપિયનો સાથે પહેલી સંધિ કરી હતી. ત્યાર પછીનો ઈતિહાસ તો સર્વવિદિત છે. પોર્ટુગીઝોની પાછળ પાછળ વ્યાપારના હેતુથી ભારતમાં અંગ્રેજો અને પછી ડચ લોકો પણ આવ્યા. તેઓ કોઈપણ ભોગે પોર્ટુગીઝને હરાવવા ઈચ્છતા હતા. મુંબઈ અંગ્રેજોના હાથમાં આવે તે પહેલાં ઈ.સ. ૧૬૬૧માં આરબોએ પણ મુંબઈ પર આક્રમણ કર્યું હતું. તેઓ મુંબઈના ટાપુ પર લૂંટફાટ ચલાવીને આગ લગાવીને ભાગી નીકળ્યા હતા.

અંગ્રેજોએ જેમ મલબારહિલ વિસ્તારમાં રહેતા હતા. તેમ પોર્ટુગીઝો મઝગાંવમાં રહેતા હતા. મઝગાંવની ગણના ત્યારે વૈભવશાળી વિસ્તાર તરીકે થતી હતી. વર્ષો સુધી મુંબઈ પર શાસન કરનાર પોર્ટુગીઝોએ અહીં ખૂબ જાહોજલાલી ભોગવી હતી. પોર્ટુગીઝ અમીરો ચાંદીની થાળીમાં જમતા અને ચાંદીના જામમાં શરાબ પીતા. ઘરમાં કામ કરવા માટે તેઓ આફ્રિકાથી સીદી ગુલામો લઈ આવ્યા હતા અને સ્થાનિક ભંડારીઓને નોકરો તરીકે રાખવામાં આવ્યા હતા. શ્રીમંત પોર્ટુગીઝ મહિલાઓ તો લાલ જાજમ વિના ઘર બહાર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નહોતી નીકળતી. મઝગાંવ ડોંગરીનો કિલ્લો પોર્ટુગીઝોએ વિકસાવ્યો હતો અને અહીં લશ્કરી સરંજામ રાખવામાં આવ્યો હતો. પોર્ટુગીઝ અમીરો અને ઉચ્ચ અધિકારીઓ વસઈમાં પણ વસ્યા હતા.

મુંબઈના સંરક્ષણ માટે કોટ બાંધવાની શરૂઆત હન્કી કુકે કરી હતી. શ્રી મૂલચંદ વર્મા નોંધે છે કે, "મુંબઈમાં પોતાનું મકાન બાંધવા જમીનનો પ્લોટ મેળવવા પહેલી અરજી કરનાર સૂરતના વેપારી ભીમજી પારેખ હતા. અંગ્રેજ ગર્વનરે એ અરજી માન્ય રાખી હતી. ૧૬૬૮–૬૯માં ભીમજી પારેખ સહિત અન્ય ગુજરાતી અને પારસી વ્યાપારીઓને અને કારીગરોને મકાન બાંધવા જમીન ફાળવવામાં આવી હતી. ૧૬૭૦ના દાયકામાં ગુજરાતીઓએ મુંબઈમાં પોતાનાં મકાનો બાંધવાની શરૂઆત કરી હતી. "[૪] લોકોના ઝઘડાના ઉકેલ માટે અદાલત જેવી વ્યવસ્થા નહીં હોવાથી જ્ઞાતિ પંચાયતોને અધિકાર આપવામાં આવ્યા હતા. તે સમયે પણ મુંબઈમાં પારસીઓની સંખ્યા વધુ હતી. આથી તેઓ માટે મુંબઈ પારસી પંચાયતની સ્થાપના થઈ હતી. પૈસા અને મિલ્કતની દષ્ટિએ અત્યંત સમૃધ્ધ આ સંસ્થા આજે પણ કાર્યરત છે.

મુંબઈની સુરક્ષાની વાત કરીએ તો મુંબઈ પોલીસ અને તેનો ગુન્હાશોધક વિભાગ અન્ય શહેરોની સરખામણીએ વધુ ચપળ અને કાર્યદક્ષ છે. મુંબઈ શહેરના શરૂઆતના દિવસોમાં એક સમય એવો પણ હતો જયારે ધોળે દિવસે લૂંટફાટ અને ચોરીના ગુન્હા નોંધાતા પોલીસ નામની કોઈ વ્યવસ્થા ન હતી. શહેરનો વિકાસ થવાથી બહારના લોકો વેપાર કરવા અહીં આવ્યા. મુંબઈ મુખ્ય બંદર બન્યું હોવાથી વિદેશી ખલાસીઓ પણ અહીં ખુલ્લેઆમ ફરતા અને ગોદામોમાંથી બેધડક માલની ચોરી કરતા. દરેકને પોતાના ઘરની રખેવાળી માટે એક ચોકીદાર રાખવો ફરજિયાત થઈ ગયું હતું.

ત્યારે મુંબઈમાં વસેલા ભંડારી જાતિના લોકોને સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી અને ૧૭૭૯માં જેમ્સ ટોડને રૂપિયા ચારના રોજથી લેફટનન્ટ ઓફ પોલીસ બનાવવામાં આવ્યો. તે સમયના પોલીસનો ગણવેશ ઘેરો બ્લુ કોટ, કાળો પટો અને પીળી પાઘડી હતા. ૧૮૫૬માં એક એંગ્લો ઈન્ડિયન અફસર ચાર્લ્સ ફોજનેટને પોલીસ ઉપરી બનાવવામાં આવ્યો. જે પોતાના જીવનકાળમાં દંતકથા બની ગયો. તે ભારતીય લોકોમાં ખૂબ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જ સહેલાઈથી ભળી શકતો હતો. શહેરના વિકાસની સાથોસાથ કાપડ ઉદ્યોગ પણ વિકસ્યો સાથોસાથ ગેરરીતિ અને ગુન્હાખોરીનું પ્રમાણ પણ વધ્યું.  ત્યારે ફોરજેટ સાહેબે કડક હાથે કામ લીધું અને અદ્‌ભુત કાયદો વ્યવસ્થા જાળવ્યા. તેમના સમયમાં પોલીસમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ પણ ઘણું ઓછું થઈ ગયું હતું. ચાર્લ્સ ફોરજેટની સેવાઓની કદર રૂપે એનું પેન્શન વધારી દેવામાં આવ્યું હતું. એ સમયે મુંબઈગરાઓએ પોતાના લોકપ્રિય પોલીસ ઉપરીની યાદમાં ગોવાલિયા ટેન્ક પાસે એક રસ્તાને 'ફોરજેટ સ્ટ્રીટ'નું નામ આપ્યું. જે આજે પણ એ જ નામે ઓળખાય છે.

મુંબઈના વિસ્તારોના નામમાં  અંગ્રેજી અને સંસ્કૃત નામો પણ છે. શુરપાર્કા અથવા સોપારા નામ પરથી ભરતી વખતે પાણી ખડકોની ફાટમાં ભરાતું એમાં ત્યાં ફરનારા લોકો પગ ધોતા અને પાણી ઉતરતા એ ખાડી બની જતી. પાયધુની અને ઉમરખાડી નામો પાણીની ભરતી અથવા ઓટ સાથે સંકળાયેલાં છે. મિન્ટ રોડ નામ પરથી જ સમજાય છે કે ત્યાં સિકકા પડતા હશે. ૨૪૦૦ વર્ષ પહેલાં ખડકમાંથી કોતરી જે મંદિર બનાવ્યું તે કૃષ્ણગિરિ તેના પરથી નામ આપ્યું. કાન્હેરી કૃષ્ણ કાળા, ગિરિ પર્વત. ૧૮૬૧માં વિકટોરિયા ગાર્ડન અસ્તિત્વમાં આવ્યું હવે એ રાણી જીજીમાતા ઉદ્યાન તરીકે ઓળખાય છે. સાયનનું મૂળ નામ શિવ છે. ધારાવીમાં અમુક વિસ્તારમાં સૌરાષ્ટ્રના કુંભારોને વસાવવામાં આવેલા. આજે પણ આ વિસ્તાર કુંભારવાડા તરીકે જાણીતો છે.

આજે શાનથી ગેટવેની સામે તાજમહાલ હોટેલ ઊભી છે. પણ પહેલા વિશ્વયુધ્ધ વખતે અહીં ૬૦૦ પથારીની હૉસ્પિટલ કરવામાં આવેલી. રાજકીય નેતા ગોરેના નામ પરથી પડ્યું છે ગોરેગાંવ કયારેક નામ બદલતાં અર્થ પણ બદલાય છે. જેમ કે મૂળ નામ 'શોર બજાર' જૂનો સમાન વેચનારાઓના બજારમાં ખૂબ ઘોંઘાટ થતો. તેના પરથી 'ચોર બજાર' અપભ્રંશ થયું છે. ફોર્ટ પાસે રૂઆબદાર હાઈકોર્ટનું મકાન ૧૮૭૮માં બાંધવામાં આવ્યું. 'કૃષ્ણગિરિ' નેશનલ પાર્ક હવે 'સંજય ગાંધી' નેશનલ પાર્ક તરીકે ઓળખાય છે. આ જંગલ ચોથી સદીથી અસ્તિત્વ ધરાવે છે.

વિકટોરિયા ટર્મિનસની જ વાત કરીએ, કેવળ મુંબઈ શહેરનું જ નહી, ભારતના ઈતિહાસનું એક સીમાચિહ્ન રૂપી વિકટોરિયા ટર્મિનસ સ્ટેશન પરથી ૧૫૦ વર્ષ પહેલાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આપણી પહેલી ટ્રેન ઉપડી હતી. ત્યારે એનું નામ બોરી બંદર હતું. બોરી એટલે ત્યાં હજારો ગુણ ખડકાતી કારણ કે એ માલ રાખવાની કોઠી હતી. જૂનું બોરીબંદર લાકડાનું બનેલું હતું. જેને ૧૮૭૮માં તોડી નખાયું. ૧૮૮૭–૮૮માં એફ.ડબલ્યુ.સ્ટીવન્સે ઈટાલીની ગોથિક પધ્ધતિએ નવા સ્ટેશનની ડિઝાઈન તૈયાર કરી. એના બન્યા પછી આખા બ્રિટિશ સામ્રાજયની આલિશાન ભવ્ય ઈમારતોમાં તેની ગણના થવા લાગી. ૧૮૫૩ની ૧૬મી એપ્રિલે બપોરે ત્રણ વાગે ખાસ આમંત્રિત મહેમાનોની હાજરીમાં ભારતની પહેલી ટ્રેન વીટીથી થાણે જવા રવાના થઈ. મુંબઈ અને આધુનિક ભારતનો આ એક મહાન દિવસ હતો.

આજે 'વીર માતા જીજીમાતા મ્યુઝિયમ' તરીકે ઓળખાય છે. તેને ૧૮૭૧માં બાંધીને 'વિકટોરિયા એન્ડ આલ્ટબર્ટ' મ્યુઝિયમ નામ આપવામાં આવ્યું હતું. કોંકણના શિલહારા રાજાઓ થાણાના વિસ્તાર પર વર્ષો પહેલાં રાજ કરતાં. એમના સ્થાનક પરથી થાણા નામ પડયું છે. થાણા રાજાબાઈ ટાવર બાંધવાનો ખર્ચ આપનાર સૂરતના ધનાઢય વેપારી પ્રેમચંદ રાયચંદ હતા. આ ટાવરને બનાવતાં દસ વર્ષ લાગ્યાં અને પૂરો થયા પછી એની ઊંચાઈ ૨૮૦ ફૂટ હતી. ટાવર પર એક વિશાળ ઘડિયાળ બેસાડવામાં આવ્યું. જેનો વ્યાસ સાડાબાર ફૂટનો છે. ટાવરની ટોચ પર પહોંચવા માટે ૨૮૨ પગથિયાં ચડવા પડે છે. એ સમયના મુંબઈના જીવનમાં રાજાબાઈ ટાવરનું ખાસ સ્થાન હતું.

'એશિયાટિક સોસાયટી'ના નામથી કોણ અપરિચિત હશે ? ૧૮૦૩માં આ સંસ્થા સ્થપાઈ. 'મહાત્મા ફૂલે'ના નામ પહેલાં 'ક્રાફર્ડ માર્કેટ' નામથી જાણીતી માર્કેટ આલ્ફ્રેડ ક્રાફર્ડ મુંબઈના પ્રથમ મ્યુનિસિપલ કમિશનરના નામ પરથી જાણીતી થઈ. અહીં ડબ્બાવાળાની વ્યવસ્થિત પ્રથાએ  દુનિયાભરમાં નામ કાઢયું છે. એનું અસ્તિત્વ બ્રિટિશ રાજથી છે.

મુંબઈની ધરતીમાંથી મળી આવેલા અવશેષો સૂચવે છે કે અહીં માનવ વસવાટ હતો. આદિ માનવના વપરાશમાં આવતા સાધનો કાંદિવલીમાં મળી આવ્યાં છે. અહિંયા મૂળ ખેતી થતી. છેલ્લાં ૨૦ વર્ષમાં આ વિસ્તારે ખૂબ વિકાસ કર્યો છે. મોટી મોટી ઈમારતો બંધાઈ છે અને મધ્યમવર્ગના લોકોના ગજવાને પોસાય તેવા ફલેટ અહીં મળે છે. ઓવલ આઝાદ ક્રોસ મેદાન નામ અંગ્રેજોની અસર સૂચવે છે. 'આઝાદ' મેદાન સ્વતંત્રતા વખતે અવાર નવાર મળતી સભાઓનું સૂચન કરે છે. હાઈકોર્ટ આગળનો રસ્તો 'એકસ્પ્લેનેડ કોર્ટ' તરીકે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઓળખાય છે.

શિક્ષણની વાત કરીએ તો મુંબઈ યુનિવર્સિટીના અનુસ્નાતકો આજે દુનિયાભરમાં નામ દામ કમાય છે. આ યુનિવર્સિટીની ખ્યાતિ વિશ્વભરમાં પ્રસરી રહી છે. મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના ઈ.સ.૧૮૫૭માં થઈ ત્યારે યુનિવર્સિટી પાસે પોતાનું મકાન નહોતું. આથી યુનિવર્સિટીનો સમગ્ર વહીવટ ટાઉન હોલમાંથી ચલાવવામાં આવતો હતો.

શ્રી મૂલચંદ વર્મા તેમના પુસ્તકમાં નોંધે છે કે,"મેટ્રિકની પરીક્ષા લેવાની શરૂઆત મુંબઈ યુનિવર્સિટી તરફથી થઈ હતી અને પહેલી પરીક્ષા ઈ.સ. ૧૮૫૯માં ટાઉન હોલ ખાતે યોજાઈ હતી. તેમાં કુલ ૧૩૨ વિદ્યાર્થીઓ બેઠા હતા અને તેમાંથી માત્ર ૨૨ જ પાસ થયા હતા. મેટ્રિકની પરીક્ષામાં બેસવા માટે ૧૬ વર્ષની ઉંમર જરૂરી હતી. બી.એ.ની પરીક્ષા માટે ઓછામાં ઓછી ૨૩ વર્ષની વય ઠરાવવામાં આવી હતી અને એ પ્રતિબંધ ઈ.સ. ૧૮૮૯માં રદ કરવામાં આવ્યો હતો. મુંબઈ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારંભ ઈ.સ. ૧૮૬૨ના એપ્રિલની ૨૮મી તારીખે ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો."[૫] વાંચીને આશ્ચર્ય થશે પણ મૅટ્રિકની પરીક્ષામાં ઈ.સ. ૧૮૬૩ સુધી છોકરીઓને બેસવાનો અધિકાર નહોતો !

ઈ.સ. ૧૮૮૯ સુધી મૅટ્રિક પછી ત્રણ વરસે બી.એ. થવાતું હતું. મુંબઈ યુનિવર્સિટીનું ભવ્ય મકાન ઈ.સ. ૧૮૮૦માં બંધાઈને તૈયાર થયું હતું. મુંબઈમાં પહેલી મોટર કાર ૧૮૯૮ના અરસામાં ગ્રીવ્ઝ કોટન એન્ડ કંપનીના શ્રી ફોસ્ટર લઈ આવ્યા હતા. ત્યારે પણ મુંબઈના ગર્વનર પાસે કાર નહોતી. મુંબઈમાં ટેકસીઓ ઈ.સ. ૧૯૧૧માં દોડતી થઈ હતી. ઘોડાથી ચાલતી ટ્રામો ઈ.સ. ૧૮૭૪માં શરૂ થઈ હતી અને ૧૯૦૭માં બંધ થઈ. યુનિવર્સિટીના મકાનમાં ઈલેક્ટ્રિકનું જોડાણ ૧૮૮૩ની સાલમાં થયું.

"૨૦૦૭માં યુનિવર્સિટીની ૧૫૦મી જયંતીની ઉજવણીની તૈયારી સમયે તેના ઈતિહાસની માહિતી એકત્રિત કરવા શોધખોળ કરતા યુનિવર્સિટીના સ્ટ્રોંગ રૂમમાંથી છેક ૧૨૧૨ના સમયના પ્રાચીન સિકકા મળી આવ્યા. સોના ચાંદી અને તાંબાના સિકકાઓ ઉપરાંત લોકમાન્ય ટિળક, આગરકર વગેરે હસ્તીઓના સર્ટિફિકેટ વગેરે અલભ્ય ચીજવસ્તુઓ સાંપડી હતી. આ ખજાનામાં સોનાના ૩૬૧ સિકકામાં ૧૨૧૨ના સમયના સિકકાનો સમાવેશ થાય છે. પાંચ મી.મી.થી લઈને પાંચ સે.મી. વ્યાસ ધરાવતા સિકકાનું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વજન સાડા ત્રણથી ચાર કિલો છે. ચાંદીના ૩૩૮ અને તાંબાના ૩૦૮ સિકકાઓ છે.આ ખજાનાને રાખવા માટે રાજાબાઈ ટાવરના બે ઓરડામાં મ્યુઝિયમ ઊભું કરાશે.''[૬]

'મુંબઈ સમાચાર'ની 'વીક એન્ડ' પૂર્તિમાં 'મુંબઈ નામા' કોલમ હેઠળ મૂલચંદ વર્માએ વિલે પાર્લે સ્ટેશન વિશે માહિતી આપી છે. તેમાં લખ્યું છે કે,''વિલેપાર્લે સ્ટેશન ઈ.સ. ૧૯૦૬–૦૭માં બંધાયું હતું અને આ સ્ટેશન બાંધવાનો ખર્ચ રૂા. દસ હજાર શેઠ ગોરધનદાસ સુંદરદાસ તેજપાલે આપ્યો હતો. આ સ્ટેશન માટેની જમીન પણ તેજપાલ પરિવારે મફતમાં જ આપી હતી. વિલેપાર્લેનું અસલ નામ 'વિલા પાડલા' છે કારણ કે અહીંથી મસાલા વાટવાના અને દળવાની ઘંટીના પથ્થરો મળી આવતા હતા. પોર્ટુગીઝ શાસન દરમિયાન કેથેલિક પાદરીઓ તેને 'વેલ્હા પાડલા' તરીકે ઓળખતા હતા. ઈ.સ. ૧૮૭૩માં ચર્ચગેટ વિરાર વચ્ચે ઉપનગરીય સ્ટ્રીમ ટ્રેન શરૂ થઈ હતી.'[૭]

વરલી પાસેનો હાજીઅલી રોડ એના નામને કારણે કુતૂહલ જગાવે છે. હાજી અલી પરિસરની ગણના આજે મુંબઈ મહાનગરના વૈભવ પરિસરમાં થાય છે. હાજી અલી વિશે વિવિધ દંતકથાઓ પ્રવર્તે છે. આજ રીતે જરથોસ્તીઓ માટે ખાસ કૂવો ૧૭૨૫માં બાંધવામાં આવ્યો. પ્રવાસ કરતાં ભીખા બહેરામે પ્રવાસીઓની પાણી પીવાની તરસ છીપાવવા આ કૂવો બાંધ્યો. જરથોસ્તીઓ એને ખૂબ પવિત્ર માને છે. મુંબઈમાં અંગ્રેજો–પોર્ટુગીઝો સૌની યાદ તાજી કરે એવા અવશેષો છે.

જેમ આખા ભારતમાંથી લોકોએ આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો તેમ મુંબઈગરાઓ પણ કાંઈ પાછળ નહોતા રહ્યા! દિલ્હી,કાનપુર,આગ્રામાં પરાજય પામેલા ક્રાંતિવીરો છૂપા વેશે પૂણે થઈને મુંબઈમાં આશ્રય મેળવવા આવી પહોંચ્યા હતા. ૧૮૫૭ની સાલમાં ખ્રિસ્તી મીશનરીઓએ મુંબઈના ચાર પારસીઓનું ધર્માંતર કર્યું હતું અને તેમને ખ્રિસ્તી બનાવ્યા હતા. આથી પારસી સમાજમાં પણ બ્રિટિશરો પ્રત્યે નફરતની ભાવના જાગી હતી.

શ્રી મૂલચંદ વર્મા નોંધે છે કે,''ઓગણીસમી સદીમાં મુંબઈએ સામાજિક અને ધાર્મિક સ્વાતંત્ર્યની ભાવના જનતામાં જગાડી હતી. માત્ર ૩૪ વર્ષની ટૂંકી આવરદા ધરાવનાર શ્રી બાલશાસ્ત્રી જાંભેકર (ઈ.સ. ૧૮૧૨–૧૮૪૬) તરફથી ધાર્મિક અને સામાજિક સ્વાતંત્ર્યનું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આંદોલન આરંભાયું હતું. એમણે ઈ.સ. ૧૮૩૨માં 'બોમ્બે દર્પણ' નામનું મરાઠી અંગ્રેજી સાપ્તાહિક શરૂ કરી લોક જાગૃતિ કેળવી હતી.''[૮]

જ્યારે સમગ્ર ભારતમાં લાલ,બાલ અને ગાંધીજી તથા નહેરુના નામ ગુંજતા હતા. ત્યારે મુંબઈમાં ડો. દાદાભાઈ નવરોજી,શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે, સર ફિરોજશાહ મહેતા અને ગાંધીજી તારક મંડળની જેમ ચમકી રહ્યા હતા. મુંબઈના અખબારોએ પણ આઝાદીની ચળવળમાં પૂરતો સહયોગ આપ્યો હતો.

''૧૯મી સદીમાં મુંબઈ અલગ હતું. પણ હાડમારી અને પૈસા કમાવાના રસ્તા આજ જેટલા જ હતા. મુંબઈમાં ૧ લાખ ૧ હજાર ૯૪૭ દુકાનો છે. જેમાં બે લાખ ૭૪ હજાર ૮૧૭ કર્મચારીઓ કામ કરે છે. મુંબઈમાં ૧૧,૦૨૨ રેસ્તોરાં તથા નિવાસી હોટેલો છે. જેમાં ૯૭,૬૩૯ કર્મચારીઓ કામ કરે છે. આ આંકડા ૨૦૦૧ના વર્ષના છે. મુંબઈ તો રોજ બદલાય છે.''[૯]

આજકાલના અખબારો કલકત્તાને લંડન સાથે સરખાવે છે. જો કલકત્તા લંડન છે તો મુંબઈ ન્યુયોર્ક છે! દિલ્હીમાં જેમ પદની કિંમત છે તેમ મુંબઈમાં પૈસાની કિંમત છે. ચંદ્રકાન્ત બક્ષી લખે છે કે, ''આ પૃથ્વી પર પશ્ચિમમાં લોસ એન્જેલસથી માંડીને પૂર્વમાં હોંગકોંગ સુધી અને દક્ષિણમાં ડરબનથી માંડીને ઉત્તરમાં છેક લંડન સુધી એકસો કરતાં પણ વધુ દેશોમાં ગુજરાતીઓ ફેલાયેલા છે. પરંતુ ગુજરાતની બહાર આપણે મુંબઈને જે પ્રેમ આપ્યો છે તેવો પ્રેમ અન્ય કોઈ શહેરે મેળવ્યો નથી. 'ગુજરાત'ની ઓળખનું લેબલ મુંબઈએ આપણને આપ્યું કહેવાય. ૧૯મી સદીમાં ગુજરાતીઓનું મુંબઈ હતું. જે આજે ૨૧ મી સદીમાં મુંબઈના ગુજરાતીઓમાં રૂપાંતરિત થયું છે.''[૧૦]

આજે ભારતના અન્ય શહેરો કરતાં પણ મુંબઈમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી ગયું છે. અહીંની જનતા ભ્રષ્ટાચારથી જાણે કે ટેવાઈ ગઈ છે. જે શહેરમાં એક જમાનામાં પોલીસની સતર્કતા તથા સુધરાઈની સક્રિયતા તેમજ વેપારીઓની કુનેહ અને સાહસિકતાની પ્રતિષ્ઠા હતી એ મુંબઈ શહેરની પ્રતિષ્ઠા અને ઉજળાપણું ચોમાસું આવતાં જ ધોવાઈ જાય છે. મુંબઈનો વહીવટ અને સુખાકારીની જવાબદારી ફકત મુંબઈ સુધરાઈની નથી પણ મહારાષ્ટ્ર સરકારની પણ છે. તેઓ બંનેના કારણે મુંબઈ સુધરી શકે છે. અથવા બગડી શકે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈને પણ હોંગકોંગ,સિંગાપુર,સિડનીની માફક પ્રથમ હરોળના શહેરો જેવું આંતરરાષ્ટ્રીય શહેર બનાવવાના પ્રયાસો કરાવાના છે.જૂની અમૂલ્ય વિરાસતો અને ઈમારતોને સાચવી તેને ૨૨મી સદીની ઓળખ સમુ બનાવવાનું છે.

હવે, એક નજર કરીએ મુંબઈના એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વ પર જેની અસર સમગ્ર ભારતના પત્રકારત્વ પર પડી.....

## (૨)મુંબઈમાં પત્રકારત્વ –એંગ્લો ઈન્ડિયન પ્રેસ :

આપણે આગળના પ્રકરણમાં એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી પણ મુંબઈમાં એંગ્લો ઈન્ડિયન પ્રેસની શરૂઆત કેવી રીતે થઈ તેની અહીં ચર્ચા થશે. આમ જુઓ તો આપણે અત્યારે ઈતિહાસને જ વાગોળી રહ્યા છીએ. બિસ્માર્કના શબ્દોમાં કહીએ તો "ઈતિહાસ લખનાર કરતાં ઈતિહાસ ઘડનારની વધુ જરૂર હોય છે."[૧૧] જયારે સિઝેરોએ ઈતિહાસ વિષે કહ્યું છે કે, "ઈતિહાસ એટલે સમયનો સાક્ષી, સત્યની મશાલ,સ્મૃતિની સંજીવની,જિંદગીનો ઉપદેશક,પ્રાચીનતાનો સંદેશવાહક."[૧૨] ઈતિહાસ એટલે શું નહીં એ જાણવું હોય તો ઈતિહાસ વાંચવો જોઈએ.

ગુજરાતી છાપકામની શરૂઆત આખા ભારતમાં મુંબઈમાંથી જ થઈ. લગભગ સવા બસો વર્ષ પહેલા એક મુંબઈવાસીના હાથમાં કળા,હુન્નર અને યંત્રવિજ્ઞાન ઉપરની ચેમ્બર્સની ડિક્ષનરી આવી તેમાં બીબાં કેમ બને ને છાપકામનાં સંચા કેમ ચલાવવા તે ઉપરનું લખાણ હતું. ખૂબી રસથી એ લખાણ એક પારસીએ વાંચ્યું તેનું નામ હતું જીજીભાઈ બહેરામજી. જે કાંઈ વાંચેલું તે મનમાં ગોખી લીધું. ૧૭૯૬–૯૭માં એમણે કોઈપણ વ્યકિતની મદદ વિના ગુજરાતી ટાઈપ કાપીને બનાવ્યા.

આ બીબાંનો પ્રથમ ઉપયોગ 'બોમ્બે કુરિયર' માં થયો. 'બોમ્બે કુરિયર' અંગ્રેજીમાં છાપું હતું. પણ તેઓને ગુજરાતી જાહેરખબર લેવામાં કોઈ બાધ નહતો. સૌથી પહેલું છાપકામ ૧૭૯૭માં આવ્યું. જે એક જાહેર ખબરના રૂપે હતું. જાહેર ખબર એ મતલબની હતી કે, મુંબઈ શહેરના ફોર્ટમાં ઢોરને છૂટા ન મૂકવા એવો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો હુકમ છે.

વૃત વિવેચનના ધંધાનો પ્રારંભ હિંદમાં જનસમાજની કેળવણી અર્થે થયેલો. ઘણાં વર્ષો સુધી હિંદના અખબારોનું એજ કાર્યક્ષેત્ર રહ્યું હતું. તેનું વ્યાપારી પાસું તો પ્રમાણમાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

થોડા જ સમયથી અસ્તિત્વમાં આવ્યું. એ જમાનામાં આપણા દેશવાસીઓનું એવું માનવું હતું કે દેશના યુવાન વર્ગને જેટલી શિક્ષણ અને તાલીમની જરૂર છે તેથી વધુ જરૂર પુખ્ત વયના પ્રૌઢ સ્ત્રી પુરુષના સમુદાયને છે. અને એ કાર્ય માટે સામાયિક વૃત્ત અને તેના વિવેચનના પ્રચાર જેવું કાર્યક્ષમ સાધન બીજું ભાગ્યે જ હોઈ શકે અને એ કાર્યને કર્તવ્ય અને ધર્મ તરીકે સ્વીકારીને તે સમયના આપણા લોકનાયકોએ પોતાના તન,મન,ધનને સમર્પીને પણ આ કાર્ય કર્યું .

૧૮૩૦ના સમયગાળાની આસપાસમાં મુંબઈમાં 'ક્રોનિકલ', 'કોર્મશિયલ એડવર્ટાઈઝર', 'બોમ્બે કુરિયર' તથા 'ઈંગ્લિીશ મેન'નો ઉદ્‌ભવ થયો. ૧૮૧૭ સુધી ભારતમાંથી નીકળનાર તમામ છાપા અંગ્રેજી હતા.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં કેટલાક યુરોપિયન પ્રેસ કે જેઓ એંગ્લો ઈન્ડિયન પ્રેસના નામથી ઓળખાતા. ભારતીય પત્રકારત્વની સ્થિતિને મજબૂત કરવા માટે અને ભારતમાં પત્રકારત્વને જીવંત કરવા માટે પ્રભાવશાળી ભાગ ભજવ્યો. એંગ્લો ઈન્ડિયન સમાચાર પત્રોનું વિતરણ એ દરેક મોટા શહેરોમાં થતું કે જયાં યુરોપિયન કૉમ્યુનિટિ સત્તાવાર અને બિન સત્તાવાર બંને રીતે મજબૂત હતી. આ મોટા શહેરોમાં કલકત્તા, બોમ્બે અને મદ્રાસનો સમાવેશ થાય છે. એંગ્લો ઈન્ડિયન પ્રેસના વિકાસ અને સ્થિરતા માટે સામાજીક અને ધંધાકીય પરિબળો અત્યંત અગત્યનો ભાગ ભજવતા.

''આ સમયગાળા દરમિયાન એંગ્લો ઈન્ડિયન પ્રેસ માટે સૌથી અગત્યની કહી શકાય એવી વ્યકિત હતી રોબર્ટ નાઈટ. એમણે ૧૮૭૫માં કલકત્તામાં 'સ્ટેટસ મેન'ની સ્થાપના કરી હતી. કલકત્તા આવ્યાં પહેલાં રોબર્ટ નાઈટ 'બોમ્બે ટાઈમ્સ'ના એડિટર તરીકે સેવા આપતા હતા. એ પહેલા તેઓ એક યુરોપિયન ફર્મના એજન્ટ તરીકે બોમ્બે આવેલા અને ત્યાર બાદ એમણે 'બોમ્બે ટાઈમ્સ'માં આર્ટિકલ્સ લખવાનું શરૂ કર્યું હતું. એ સમાચાર પત્રના માલિકો એમની શાન અને લેખનશૈલીથી પ્રભાવિત થયા આથી તેમણે રોબર્ટ નાઈટને તંત્રી બનાવી દીધા. નાઈટ્સના તંત્રી લેખો સમતોલ અને અર્થપૂર્ણ હોવાથી વધુ પ્રભાવશાળી લાગતા હતા. ૧૮૬૧માં તેઓ બોમ્બેના ત્રણ સમાચારપત્રો 'બોમ્બે ટાઈમ્સ', 'ધ સ્ટાન્ડર્ડ'



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને 'ધ ટેલિગ્રાફ'ને સંયુકત કરવામાં સફળ થયા જેના ઉપક્રમને નામ આપવામાં આવ્યું. 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા''[૧૩]

૧૮૬૮માં નાઈટે પોતાનો ભાગ પાર્ટનર મેથીસ મૂલને વેચી દીધો અને 'બોમ્બે સ્ટેટસમેન' નામનું સમાચારપત્ર શરૂ કર્યું. જે પાછળથી વેચી નાખ્યું. ત્યાર બાદ નાઈટે પોતાની પ્રવૃત્તિઓ કલકતામાંથી શરૂ કરી. જયાં તેમણે 'ઈન્ડિયન ઈકોનોમિસ્ટ' નામનું માસિક પત્ર શરૂ કર્યું. એ સમય દરમિયાન જ તેઓ બંગાળ રાજય સરકારના કૃષિ વિભાગમાં સેક્રેટરી તરીકે જોડાઈ ગયા જયાં તેમણે 'એગ્રીકલ્ચરલ ગેઝેટ ઓફ ઈન્ડિયા'ની શરૂઆત કરી. ધીમે ધીમે સરકારી નોકરી તેમની પત્રકારત્વની પ્રવૃત્તિ પર હાવી થવા લાગી. આથી ૧૮૭૪માં તેમણે રાજીનામું આપી દીધું. ત્યાર પછી તેમણે ૧૮૭૫માં 'ઈન્ડિયન સ્ટેટસમેન'ની શરૂઆત કરી જે આઠ મહિના પછી 'સ્ટેટસમેન'માં ફેરવાઈ ગયું.

''જયારે તેમના હરીફ સમાચારપત્રો 'ઈંગ્લિશ મેન' અને 'ઈન્ડિયન ડેઈલી ન્યૂઝ' ચાર આનામાં વેચાતા ત્યારે નાઈટનું સ્ટેટસમેન ફકત એક આનામાં જ વેચાતું હતું.'' [૧૪] સમાચારપત્રોમાં આવતી પૂર્તિઓને પૂરતું મહત્ત્વ આપવામાં અને અલબત તેમની શરૂઆત કરવામાં નાઈટનો ખૂબ જ અગત્યનો ફાળો છે, એમ કહી શકાય. રવિવારના દૈનિક સાથે માહિતી સભર લેખો લખવાની શરૂઆત આ એંગ્લો ઈન્ડિયન પત્રકારે જ કરી હતી. 'સ્ટેટસમેન' કલકત્તાનું એક સફળ પત્ર પૂરવાર થયું હતું.

ફકત કલકત્તામાં જ નહીં રોબર્ટ નાઈટે પોતાનું પત્રકારત્વ કૌશલ્ય બોમ્બેમાં પણ બખૂબી બતાવ્યું હતું. એમણે બોમ્બેમાં પત્રકારત્વને લગતી ઝૂંબેશ કરી જેમાં બોમ્બેમાં સ્વાસ્થ્ય, સુરક્ષા,સંરક્ષણ વધતા જતાં મૃત્યુ દરના કારણો અને બોમ્બેમાં વસતા એંગ્લો ઈન્ડિયન લોકોની સંભાળ માટેના સર્વેક્ષણો અને લોકમત જાણવા માટેના ઉપાયો હાથ ધરવામાં આવ્યા હતા.

રોબર્ટ નાઈટ યુરોપિયન અને ભારતીયોને એક કરવા ઈચ્છતા હતા. જેથી તેઓ હંમેશા એંગ્લો ઈન્ડિયન પત્રકારોને ભારતીય વિષયો પર લખવા માટે પ્રેરણા આપતા.એક ભારતીય લેખકે એમના વિષે લેખલું કે, ''તેઓ ઈંગ્લીશ પત્રકારોમાંના એક એવા છેલ્લા પત્રકાર હતા કે જેઓ સામાજિક પ્રવૃત્તિઓ અને ધંધાકીય સ્પર્ધાત્મકતાને સારી રીતે જોડી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

શકતા હતા. તેઓ બ્રિટિશ સમાચાર પત્રના એક એવા પત્રકાર હતા કે જેઓ સમાજને કંઈક આપવામાં અને વહેંચવામાં પોતાની જવાબદારી સમજતા. ઘણીવાર તેઓ બ્રિટિશ સરકારને ભારતીય હિતની જવાબદારી નિભાવવામાં નાસીપાસ થયેલી સમજતાં.''[૧૫]

રોબર્ટ નાઈટ પહેલા એક બીજા એંગ્લો ઈન્ડિયન પત્રકાર જે. સ્ટોકવેલર આવેલા. એમણે 'જહોનબુલ' નામના સમાચાર પત્રનો હવાલો સંભાળેલો અને ત્યારબાદ તેને 'ઈંગ્લિશમેન'માં ફેરવી નાખેલું. એમણે જયારે ૧૮૪૨માં ભારત છોડયું ત્યારે એ પત્રનો હવાલો ઈંડિંગો પ્લાન્ટર્સને અને ત્યારબાદ થોડા ફેરફાર કરીને જે. ઓ બ્રાયનને સોંપતા ગયા. ઈંગ્લિશમેન એ જમાનાના ભારતીય નેતાઓની આંખમાં તેની કડવી ભારત વિરોધી ભાષાને લીધે ખૂંચતું હતું. તેમ છતાં 'ઈંગ્લિશમેને' ખાસ્સી એવી લોકપ્રિયતા પણ પ્રાપ્ત કરી હતી.

''૧૮૮૯માં બોમ્બેમાં જાણીતા થયેલાં ક્રોફોર્ડ લાંચના કિસ્સામાં  એંગ્લો–ઈન્ડિયન પ્રેસે ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ક્રોફોર્ડ આઈ.સી.એસ.ના એક કેન્દ્રિત વિભાગમાં સિનિયર કમિશનર હતા. જેઓ પોતાના સાથીઓ પાસેથી લાંચ લેતાં ઝડપાયા હતા. એ સમયના બોમ્બે તત્કાલીન ગવર્નર તેમની વિરુધ્ધ કોઈ પગલા લેવામાં ખચકાતા હતા. પરંતુ, તેમના ઉપરી લોર્ડ  રોયે તેમની વિરુધ્ધમાં કેસ નોંધાવવાનું નકકી કરેલું. તેમણે કોર્ટના ક્રોફોર્ડની તરફેણમાં આપેલા ચૂકાદાને પડકાર આપ્યો. જેમાં એંગ્લો ઈન્ડિયન સમાચાર પત્રોએ તેમને મોટો સાથ આપ્યો. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ આ પ્રકરણને ખૂબજ વિસ્તારથી અને મધ્યસ્થી તરીકે વર્ણવ્યું હતું. જેનાથી ભારતીય અફસરોને પણ તે વાત માન્ય રાખવી પડી હતી. ક્રોફોર્ડ કેસથી 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ ખાસ કરી શિક્ષિત ભારતીયોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી''.[૧૬]

એ સમયના ભારતીયોએ  'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ને એવો ખિતાબ આપ્યો કે, આ એવા લોકોનું સમાચારપત્ર નથી કે જેઓ કાચના ઘરમાં રહીને બીજાના ઘર પર પથ્થર ફેંકતા હોય. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'એ ઉમદા જવાબદારીની એક મિશાલ ઊભી કરી હતી. જયારે સુશિક્ષિત ભારતીયો ત્યારની વિદ્યા સંસ્થાઓમાં સ્થાન મેળવવા લાગ્યા, ત્યારે એંગ્લો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઈન્ડિયન સમાચારપત્રો અને સામયિકોએ એ વાતની પુષ્ટિ કરી હતી કે, ભારતીય સુશિક્ષિત નાગરિકો યુરોપિયન પ્રાધ્યાપકોની ઈજારાશાહીને તોડી રહ્યાં છે.

આ વાતને સમર્થન આપતા આર.પી.પ્રનંજયે ટાંકેલું કે,"હું એંગ્લો ઈન્ડિયન સમાચાર પત્રોમાં આપેલી અમુક નોકરી અને વ્યવસાય માટેની નિમણૂંકની જાહેરાતો જોઉં છું ત્યારે એવું પ્રતીત થાય છે કે, ગોરાઓની એક માત્ર લાયકાત શું તેમની ગોરી ત્વચા જ છે?"[૧૭] આમ, એંગ્લો ઈન્ડિયન સમાચાર પત્રો ફકત ઈંગ્લિશ મેન કે ગોરી પ્રજા માટે જ નહી સુશિક્ષિત ભારતીયો માટે પણ હતા.

એક જાણીતા ભારતીય તંત્રી કે જેઓ એક એંગ્લો ઈન્ડિયન સમાચારપત્રમાં પોતાની સેવા આપી ચૂકયા હતા. તેમણે લખ્યું હતું કે, "એંગ્લો ઈન્ડિયન સમાચારપત્રો ભારતીય સમાચાર પત્રો કરતા વધુ સારી રીતે પ્રગટ થઈ રહ્યા છે."[૧૮] ત્યારના લોકોને આ વાત ગળે ઉતરતા વાર લાગી. પરંતુ, સુશિક્ષિત લોકો સમજતા હતા કે, જરૂરિયાત પૂરતું, ઉલ્લેખનીય, સારી રીતે ઉલખાયેલા તંત્રી લેખો, સુઘડ અને સ્વચ્છ છાપણી, ગોઠવાયેલી માહિતી,અસરકારક પ્રભાવશાળી ભાષા વગેરે ઈત્યાદિ ભારતીય પત્રકારોને પણ તાલીમ પૂરી પાડતા હતા. એમાંના અમુક તંત્રીઓ દુનિયામાં સારી એવી ખ્યાતિ પામેલા હતા. એંગ્લો ઈન્ડિયન પ્રેસના સમાચાર તંત્રીઓને ઈંગ્લેન્ડમાં ખાસ તાલીમ આપવામાં આવતી અને તેઓ તેમની ઉત્તમ કલાના નમૂના પણ આપતા હતાં. તે ઉપરાંત એંગ્લોઈન્ડિયન છાપખાના સારો પગાર આપતા, તેથી જ ભારતીયો માટે જયારે તેમના દરવાજા ખોલવામાં આવ્યા ત્યારે અરજીઓનો ભારે ધસારો થયો હતો.

એ સમયમાં હેરફેર પ્રસાધનોની કોઈ ખાસ એવી સગવડતા ન હતી. તેથી અખબારો જૂના સમાચાર છાપીને જ સંતોષ માનવો પડતો. "ઈ.સ. ૧૮૬૨માં તો કલકત્તાથી બોમ્બે સુધીના પત્રવ્યવહારમાં આશરે નવ દિવસ જેટલો સમય લાગી જતો, મદ્રાસમાં નવ દિવસ, દિલ્હીમાં છ દિવસ અને બેંગ્લોરમાં ચાર દિવસ જેટલો સમય લાગી જતો. ઈંગ્લેન્ડથી તો કોઈ પત્ર આવતાં પાંચ અઠવાડિયા જેટલો સમય લાગતો હતો. ઈ.સ. ૧૮૭૦માં 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં કલકત્તાની જે સુર્ખિયો લખાતી તે આશરે અઠવાડિયા જેટલી જૂની રહેતી. પરંતુ, ટેલિગ્રામ અને તારની શોધને લીધે મોટા મથાળાના સમાચાર કલકતાથી ૧૩



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મિનિટમાં અને મદ્રાસથી પાંચ મિનિટમાં પહોંચી જતાં. સમાચારપત્રોને આ સગવડ વધુ વ્યાજબી લાગતી પરંતુ ટેલિગ્રાફની કિંમત હંમેશા વધુ રહેતી.''[૧૯]

સુએઝ નહેરના ઉદ્‌ઘાટન પછી ભારતીય રેલ્વે અને પોસ્ટલ સર્વિસ વધારે સુદઢ બન્યા અને યુરોપિયન સોસાયટી માટે એ ખૂબ જ સારો સમયગાળો રહ્યો. એ સમયગાળા દરમિયાન કલકત્તામાં આવેલા બ્રિટિશ છાપખાનાઓ કરતાં બોમ્બેના બ્રિટિશ છાપખાનાઓ ભારતીય પરિસ્થિતિનું વધુ સાચું અને સારું ચિત્ર તાદશ કરી શકતા હતા. એંગ્લો ઈન્ડિયન સમાચારપત્રો માટે ઈંગ્લિશ પત્રકારો સમાચાર એકત્ર કરવામાં સારી એવા જહેમત ઉઠાવતા હતા.

'જર્નાલિઝમ ઈન ઈન્ડિયા' પુસ્તકમાં લખ્યું છે કે, ''બોમ્બેમાં 'એડિટર્સ રૂમ' નામનું સમાચારપત્ર શરૂ થયું જેના પત્રકારો અર્ધ સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છે એવું જાહેર કરવામાં આવ્યું અને આ રિપોટર્સ જનહિતમાં જારી સમાચારો તેમજ સરકારી દસ્તાવેજો જેવી જરૂરી માહિતી પણ આરામથી લાવી શકતા હતા. ત્યારના નૌકા દળના ચીફ તો આ પત્રકારોને ટેબલ અને ખુરશીની અલાયદા રૂમમાં વ્યવસ્થા કરી આપતા, ઉપરાંત ઈંગ્લેન્ડથી આવતા ઈંગ્લિશ સમાચાર પત્રોમાંથી સમાચાર લેવાની છૂટ આપતા.''[૨૦] તે સમયના બોમ્બેથી પ્રસિધ્ધ થતાં એક એંગ્લો ઈન્ડિયન સમાચાર પત્રના તંત્રીએ કહેલું કે, '' 'ભારતમાં પ્રૂફ રીડર્સ' અને 'ટ્રાન્સલેટર્સ' પાસેથી ઓછા વેતનમાં વધુ કામ લેવામાં આવે છે. ઘણીવાર તેઓ ઓછી લાયકાત ધરાવતા હોય છે. તો કોઈવાર તેમના દ્વારા 'પ્રૂફ રીડીંગ' કે 'ટ્રાન્સલેટીંગ' કરેલી ભાષા સમાચાર પત્રોને લાયક નથી હોતી''.[૨૧]

માર્ચ, ૧૮૭૭માં સર્વપ્રથમ વખત એક પત્રકારની 'પ્રેસ કમિશનર' તરીકે નિમણૂક કરવામાં આવી. જેમનું નામ હતું રોબર્ટ લેથબ્રિજ અને ત્યારબાદ એ પદ્‌વી સી.ઈ.બકલેન્ડે સહર્ષ સ્વીકારેલી. બંનેએ એવું કહેલું કે, ''તેમનું કામ અંગ્રેજી સમાચારપત્રો સાથે તાલમેલ સાધવાનું હતું. પછી તે કોઈ યુરોપિયન દ્વારા ચલાવવામાં આવતું હોય કે ભારતીય દ્વારા. તેમનો મુખ્ય હેતુ એંગ્લો ઈન્ડિયન છાપખાના પ્રત્યે પ્રવર્તતા ચિડિયાપણાને દૂર કરવાનો હતો.''[૨૨]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૮૭૮માં કુલ ૨૦૦ ભાષાઓના સમાચારપત્રો પ્રસિધ્ધ થતા જે પ્રમાણમાં ખાસ્સી એવી ભાષાઓને આવરી લેતા. ઘણા ખરા કાયદાઓમાંથી પસાર થઈને ઈંગ્લિશ અને તે સિવાયની બીજી અન્ય ભાષાઓમાં પ્રસિધ્ધ થતાં અખબારો અનેક વિઘ્નોમાંથી પસાર થતા. એક વિદેશી વિવેચકે તો લખેલું કે, "છેલ્લાં ૧૮ વર્ષથી જયારથી બ્રિટને ભારતનો તાજ હસ્તગત કરેલો છે. ભારત પોતાની બે વસ્તુઓને આજે પણ છુટથી વાપરે છે. એક તો એની લોકશાહીમાં માનનાર સંસ્થાઓ અને બીજું અહીંના છાપખાનાઓ... જે દિવસે દિવસે વધુને વધુ પ્રમાણમાં ખુલતા જાય છે."[૨૩]

ઈંગ્લિશ તંત્રીઓ વડે ચાલતા ઈંગ્લિશ સમાચાર પત્રો અને ભારતીય તંત્રીઓ વડે ચાલતા ઈંગ્લિશ તેમજ અન્ય અનેક ભાષાના સમાચાર પત્રોએ ઘણા ભારતીય ડિગ્રી ધારકો માટે નવા વ્યવસાયની તકો ઊભી કરી દીધી હતી.

પલ લોવેટ નામના પત્રકારે લખ્યું હતું કે,"૧૮૮૫માં જયારે ભારતીય નેશનલ કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારે ભારતીય પત્રકારત્વને એક નવી દિશા અને એક નવો વ્યવસાય મળ્યો. ત્યાર બાદ સમાચારપત્રો અને સામયિકોની રાજનૈતિક તેમજ સામાજિક જીવનમાં દખલગીરી સામાન્ય ગણાવા લાગી. આ એક પ્રકારની જાગૃતિ જ કહી શકાય કે, લોકો બીજી ભાષાને પણ પ્રાધાન્ય આપવા લાગ્યા હતા. અને ઈચ્છતા હતા કે બ્રિટિશ રાજમાં પણ ભારતીયો આગળ આવે." [૨૪]

વેલેન્ટાઈન ચીરોલે છાપખાનાઓ ઉપર એક ટિપ્પણી ટાંકતા કહેલું કે,'છાપખાનાની આ પરિસ્થિતિ બ્રિટિશરાજને આભારી છે. એમાં બે મત નથી. મોટાભાગના એંગ્લો ઈન્ડિયન કે અંગ્રેજી છાપખાનાઓએ ભારતીય છાપખાનાઓને પણ સુધરવા માટે ફરજ પાડી છે. જોકે ભારતીય નેશનલ કોંગ્રેસની સ્થાપના પછી કોઈપણ પ્રકારના છાપખાના માટે પરિસ્થિતિ ઘણી સુધરી છે."[૨૫]

નવી પેઢીમાં એક વર્ગ એવો પણ હતો કે જે આ બાબતને નકારતો હતો. ભારતીયો જ નહીં ખુદ વાઈસરોય લોર્ડ કર્ઝન પણ ભારતીય નેશનલ કોંગેસની અમુક પહેલ પ્રત્યે કડવાશ અનુભવતા હતા. જેમાં અંગ્રેજી છાપખાનાનો પણ સમાવેશ થતો હતો. ઈ.સ. ૧૯૦૦માં તેમણે કહેલું કે, "સમાચારપત્રો કોઈપણ સરકારમાં નિષ્પક્ષ છે. તેમની પ્રગતિ કોઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સરકારને આભારી નથી. પછી તે બ્રિટિશ હોય કે ભારતીય."[૨૬] એમણે એંગ્લો ઈન્ડિયન પ્રેસ મારફત ભારતીય અને યુરોપિયનોને સાંકળતો પુલ બનાવવાની કાયદાકીય ભારે જહેમત ઉઠાવી હતી. જો કે ભારતીય સમાચારપત્રોએ લોર્ડ કર્ઝન પર ખૂબજ આકરા પ્રહારો કર્યા હતા. તેઓ માનતા હતા કે ૨૦ માંથી ૧૯ ઈંગ્લિશમેનને લોર્ડ કર્ઝનને કારણે ન્યાય આપવામાં આવે છે, ભારતીયોને નહીં. આથી સરકારને વાઈસરોયની ચિંતા ઊભી થઈ અને તેમને લંડન રજા ઉપર મોકલી દેવાયા.

ત્યારબાદ તત્કાલીન વાઈસરોય લોર્ડ એમ્ટવીલે સેક્રેટરી ઓફ સ્ટેટને લખેલું કે,"અહીંના ભારતીય છાપખાનાની સાથોસાથ કેટલાક છાપખાનાઓ પણ લોર્ડ કર્ઝને લીધેલી કવાયતોને યોગ્ય નથી ગણાવતા. કોઈપણ સમાચાર પત્ર એવું લખવા તૈયાર નથી કે લોર્ડ કર્ઝન પાછા ભારત ફરશે. એ સમયના લંડનના એક સામાયિકના રિપોર્ટમાં નોંધાયેલું કે, 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં આપેલી વિવાદાસ્પદ શ્રેણીના લેખોને લોર્ડ કર્ઝને પ્રેરણા આપી હતી. જો કે લોર્ડ કર્ઝને આ વાતને રદિયો આપ્યો હતો. એ સમયના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના તંત્રી લોવેટ ફ્રોસ્ટરે પણ આ વાતને સમર્થન આપ્યું હતું કે કર્ઝન અને ટાઈમ્સ ઑફ ઈન્ડિયા વચ્ચે છૂપી રીતે કોઈ વાતચીત થઈ નથી. ૧૯૦૬માં વાઈસરોય લોર્ડ મીન્ટોએ ભાષાકીય છાપખાનાની સરકાર સાથે સંડોવણી બાબત ચિંતા વ્યકત કરી હતી અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રી લોવેટ ફ્રોસ્ટરે તેને સમર્થન આપ્યું હતું."[૨૭]

૨૦મી સદીની શરૂઆતમાં એમ કહી શકાય કે એંગ્લો ઈન્ડિયન છાપખાનાની જગ્યા ધીરે ધીરે ભાષાકીય છાપખાનાઓ લઈ રહ્યા હતા. પછી તે ભલે ભારતીયો દ્વારા ચાલતા હોય. ૧૯૧૦થી ૧૯૧૪ સુધીના સમયગાળામાં બોમ્બેના મોટાભાગના છાપખાનાઓ એક યા બીજા કારણોસર ભાષાકીય છાપખાનામાં ફેરવાય ચૂકયા હતા.

જો કલકત્તા ભારતીય પત્રકારત્વનું જન્મ સ્થાન હતું તો બોમ્બે એ મંચ હતું. જયાં સમાજ સુધારા સ્વરૂપે ભારતીય પત્રકારત્વએ એક ઉમદા ચળવળ પૂરી પાડી હતી. શરૂઆતના અને પછીના વર્ષોમાં સમાજ સુધારણાની ભાષા બોમ્બેના પત્રોની મુખ્ય ભાષા રહી હતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## (૩) મુંબઈમાં ગુજરાતી પત્રકારત્વ :

માનવીને મન તવારીખનું શું મૂલ્ય છે એ જણાવવાની વાત નથી. નીલ આર્મ સ્ટ્રોંગે ચંદ્ર પર પગ મૂકતા સાથે જ પૃથ્વી પર નજરે પડતી ચીનની દીવાલનો ઉલ્લેખ કર્યો હતો. ઈતિહાસનું મહત્ત્વ એટલે છે કે તે માણસને તેનાં મૂળ સાથે જોડી રાખતી કડી બની રહેવાનું કામ કરે છે. વિજ્ઞાન ક્ષેત્રે સધાયેલી પ્રગતિ પાષાણ યુગ સાથે સરખાવાય ત્યારે જ મહાન લાગે છે. ૧૮૭ વર્ષ જૂના 'મુંબઈ સમાચારે' જ મુંબઈમાં પત્રકારત્વની શરૂઆત કરી હતી.

મુંબઈમાં મુદ્રણકળાની શરૂઆતની વાત કરીએ તો, કનૈયાલાલ મુનશીની નોંધ પ્રમાણે, ''મહારાષ્ટ્રમાં આ અંગે ઠીક ઠીક જાગૃતિ હતી. શિવાજી મહારાજે પ્રિન્ટિંગ પ્રેસ વસાવેલું. તે કામ કરતું ન હોવાથી, ૧૬૭૪માં ભીમજી પારેખને આપી દીધેલું.''[૨૮]

ભીમજી પારેખને મુદ્રણ સામગ્રી વસાવી છાપકામની શરૂઆત કરવાની ઘણી ધગશ, આની વિગતે માહિતી પ્રકરણ–૨માં દર્શાવી છે. ''ભીમજી પારેખ પછી મુંબઈમાં પારસી પુરુષાર્થીઓએ છાપકામાં ઘણો રસ દાખવ્યો. ૧૭૮૦માં રુસ્તમ કારસાજીએ પહેલું મુદ્રિત અંગ્રેજી પુસ્તક ૧૭૮૦ના કેલેન્ડર વિષે છાપ્યું. જેનું નામ 'Calender for the year of our lord 1780- Printed by Rustom Caresajee, in the Bazar' હતું. ૧૭૮૯માં 'બોમ્બે હેરલ્ડ'નું પ્રકાશન શરૂ થયું. ૧૭૯૦માં 'બોમ્બે કુરિયર' અને ૧૭૯૧માં 'બોમ્બે ગેઝેટ' પ્રકાશિત થયા. પરંતુ પહેલી ગુજરાતી જાહેર ખબર ૨૯ જાન્યુઆરી ૧૭૯૭ના 'બોમ્બે કુરિયર'માં છપાઈ.''[૨૯]

જીજીભાઈ છાપગર પાસેથી પ્રેરણા લઈને ૧૮૧૨માં ફરદુનજી મર્ઝબાને ગુજરાતી છાપખાનું શરૂ કર્યું અને ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર' અખબાર શરૂ કર્યું. મુંબઈ સમાચારના હાલના તંત્રી શ્રી પીન્કી દલાલના લેખમાં નોંધ્યું છે કે, ''સન ૧૮૨૨, જે સાલમાં આ અખબારે આકાર લીધો તે વર્ષે વિશ્વમાં કોઈ અસાધારણ ઘટના કે બનાવ નહોતા ઘટયાં. શેરબજાર ઉપર જાય તે તકને રોકડી કરવા જન્મતા ફરફરિયા અને આર્થિક થપ્પડ ખાઈને બંધ પડી જતા અખબારોએ આ નોંધ લેવી રહી. અલબત તે વખતે સન ૧૭૫૦થી શરૂ થયેલ ઔદ્યોગિક ક્રાંતિનો જુવાળ જામતો જતો હતો. પશ્ચિમી જગતનો એક સાધારણ ખેડૂત ધરતીના રસકસના મૂલ્યની સમજ છોડી ઔદ્યોગિક ક્રાંતિમાં હોમાવા થનગની રહ્યો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હતો.યુરોપ અને અમેરિકામાં રસ્તા બંધાઈ રહ્યા હતા. પરિવહન ક્ષેત્રે પણ નોંધનીય પરિવર્તન આવી રહ્યા હતા." [૩૦] તે સમયના અંદાજે આ પરિવર્તન અસાધારણ હતું. જે આજની નજરે અતિ સાધારણ અને મામૂલી લાગે.

મુંબઈથી ૧૮૨૨માં શરૂ થયેલું વિશ્વનું પ્રથમ ગુજરાતી અખબાર મુંબઈ સમાચાર છે. એ પછીના સમયમાં  મુંબઈથી ઘણા ગુજરાતી પત્રો શરૂ થયાં તે બધા અલગ અલગ ઉદ્દેશ ધરાવતા હતા. જે તે સમયમાં તેમણે ગુજરાતી પ્રજાની લોકપ્રિયતા પ્રાપ્ત કરી અને બંધ પણ પડયા. કદાચ, તે અખબારોના ભાગ્ય 'મુંબઈ સમાચાર'ની જેમ લાંબુ જીવન જીવવા માટે નહીં હોય. 'મુંબઈ સમાચાર'ની ચડતી પડતી ગુજરાતી પત્રકારત્વનાં ઈતિહાસમાં સૂચક છે. લાંબી કારકિર્દી દરમિયાન 'મુંબઈ સમાચારે' તેની લોકપ્રિયતામાં અને વેચાણમાં ઘણા ચઢાવ ઉતાર જોયા છે. કયારેક સમાચારના અભાવે અડધું પાનું જ બહાર પડતું તો કયારેક વધુ સમાચાર હોવાને કારણે વધારો બહાર પડતો. મુંબઈ સમાચારના મુખ્ય પ્રકરણમાં આ અખબારને લગતી તમામ માહિતી આપી છે.

હંમેશા કેડી કંડારનાર એટલે કે રસ્તો બનાવનારને જ સૌથી વધુ મહેનત કરવી પડે છે. પછી એ પંથે ચાલનારા લોકો આરામથી તે રસ્તે ચાલ્યા જાય છે. મુંબઈ સમાચારે અન્ય ગુજરાતી અખબારો માટે નવી દિશા ખોલી આપી. "પારસીઓના અંગત મતભેદોને લીધે 'ઈબતાલી કબીસે' અને 'અખબાર ઈ કબીસે' નામના બે અલ્પજીવી અખબાર પ્રકાશિત થયા તે પછી ૧૮૩૦માં ૧ સપ્ટેમ્બર 'મુમબઈના વરતમાન' નામનું ગુજરાતી સાપ્તાહિક બહાર પડયું." [૩૧]

'મુંબઈ સમાચાર'ના આદ્યપિતા ફરદુનજી મર્ઝબાનના હાથ નીચે પત્રકારત્વની તાલીમ મેળવનારામાં નવરોજી દોરાબજી ચાનદારૂ ઉર્ફે હલકારુ ખૂબજ ચંચળ સ્વભાવ ધરાવતા હતા. 'મુંબઈ સમાચાર'માંથી છૂટા થઈ તેમણે થોડો સમય બોમ્બે ગેઝેટ છાપખાનામાં કામ કર્યું હતું અને પછી ૧૮૩૦માં 'મુમબઈના વરતમાન' નામનું ગુજરાતી અઠવાડિકપત્ર પ્રગટ કરવા માંડયું. ૮ નવેમ્બર,૧૮૩૧થી પોતાના અઠવાડિકમાં અંગ્રેજી વિભાગ પણ શરૂ કર્યો હતો. મુંબઈના વરતમાનનું નામ બદલીને 'મુમબઈના હલકારૂ અને વરતમાન' કર્યું. ૧૮૩૩માં અંગ્રેજી વિભાગ બંધ કરીને ફરી પાછું નામ બદલ્યું 'મુમબઈના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ચાબુક'. આ સાથે તેને સાપ્તાહિકમાંથી અઠવાડિયામાં બે વખત પ્રગટ કરતું કર્યું. શરૂઆતમાં તો તેણે મુંબઈ સમાચાર સાથે મિત્રભાવથી વર્તન કર્યું પણ પછી ચાબખા શરૂ કર્યા. ચાબુકના ઉધ્ધતાઈ ભર્યા લેખો અને અભદ્ર ભાષાને કારણે તેના પર ઘણાં બદનક્ષીના મુકદ્દમા થયા. ચાબુક જેવી અશિષ્ટ ભાષા અન્ય કોઈ અખબારમાં વપરાતી નહીં. એક બીજા પરના આક્ષેપો વધતા ચાલ્યા. ચાબુકે ફરિયાદ કરી કે 'મુંબઈ સમાચાર' કલકત્તાના પત્રોમાંથી સમાચાર ચોરીને નામ વગર છાપી નાંખે છે. સમાચારે વળતો પ્રહાર કર્યો કે ચાબુક મુંબઈ સમાચારમાંથી ખબરો ઉતારે છે અને તેથી તે જ મોટો ખબર ચોર છે. એ સમયના અન્ય અખબાર 'જામે જમશેદ' સાથે પણ ચાનદારૂને ન બનતું. અનેક લેખોમાં તેણે જામેજમશેદના તંત્રીને 'માથું ફરી ગઉંચ','હાંધલો થઈને ફરેચ' વગેરે અભદ્ર શબ્દોના ચાબખા માર્યા છે. મુંબઈના ચાબુકના વિવિધ ચર્ચાપત્રોમાં વિવિધ નામોથી ઓળખ છૂપાવીને લેખકો કે પછી તંત્રી પોતેજ અંગત હુમલો કરતી કે નિંદાલેશી કરતી બાબતો છાપતાં એણે 'મરકયુરી'ના નામે અંગ્રેજી,ગુજરાતી મિશ્ર છાપું પણ કાઢયું હતું.

ગમે તેની સામે આડેધડ લખાણ લખવાનું પરિણામ તેને પાછળના વર્ષોમાં ભોગવવું પડયું. ''સરકારની નજરમાંથી પણ ચાબુક છટકી શકયું નહોતું. સરકાર સામે લખાણ કરવા માટે વર્તમાન પત્રો પર જાપતો રાખનાર 'ગેગિંગ એકટ' અન્વયે ૨૪ માર્ચ,૧૮૫૮થી તેનો પરવાનો છીનવી લેવામાં આવ્યો. પરંતુ સરકારને ખુલાસો આપવાથી ફરી છાપવા માટેની પરવાનગી આપવામાં આવી હતી અને ૨૦ એપ્રિલ,૧૮૫૮થી તે પાછું શરૂ થયું હતું.''[૩૨] નવરોજી ચાનદારૂ ૨જી મે, ૧૮૫૯ના રોજ ૫૨ વર્ષની વયે મૃત્યુ પામ્યા. છેલ્લે સુધી તે પત્રના તંત્રીપદે કાર્યરત હતા. તેમના ગયા બાદ તેમનું કાર્ય તેના ભત્રીજા ખરશેદજી સોરાબજી ચાનદારૂએ સંભાળ્યું. જુલાઈ, ૧૮૬૦થી નવેમ્બર, ૧૮૭૧ સુધી તેનું સુકાન દાદાભાઈ એદલજી પહોચખાનાવાળાના હાથમાં હતું. ૪ ડિસેમ્બર, ૧૮૭૧થી નાનાભાઈ રુસ્તમજી રાણીનાએ પત્ર વેચાતું લઈ તેનો વહીવટ સંભાળ્યો. ૧૫મી માર્ચ, ૧૮૭૨થી તેને 'અખબારે સોદાગર' તથા 'સમાચાર દર્પણ' સાથે જોડી દેવામાં આવ્યું હતું.

''મુંબઈ સમાચાર પછી સો વર્ષની વય કોઈ અખબારે વટાવી હોય તો તે છે 'જામે જમશેદ'. ૧૮૩૨ની ૧૨મી માર્ચે મુંબઈમાંથી સર જમશેદજી જીજીભાઈના પ્રયત્નોથી શ્રી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુમબઈનાં જામે જમશેદ સાપ્તાહિકની શરૂઆત થઈ. તેના તંત્રી પેસ્તનજી માણેકજી મોતીવાળા હતા. ચાર પાનાનું આ સાપ્તાહિક ૧૮૩૮થી અર્ધ સાપ્તાહિક થયું અને ૧ ઓગષ્ટ, ૧૮૫૩થી દૈનિક તરીકે બહાર પડવા માંડયું.''[૩૩]

૧૮૩૨માં જયારે જામે જમશેદ શરૂ થયું, ત્યારે તે ચાર ફૂલ સ્કેપ પાનામાં છપાતું. તે માસિક બે રૂપિયા લવાજમે દર સોમવારે પ્રસિધ્ધ થતું. ૧૮૩૮થી અઠવાડિયામાં બે વાર બહાર પડતું થયું. ઉપરાંત શિલા મુદ્રણને બદલે બીબાં મુદ્રણમાં છપાતું થયું.જે ૧લી ઓગષ્ટ ૧૮૫૩થી તે દૈનિક બન્યું. આ અખબાર શરૂઆતના સમયમાં પારસી સમાજના પ્રશ્નો પર વધુ ધ્યાન આપતું. જરથોસ્તી ધર્મ સામે ખ્રિસ્તી મિશનરીઓએ કરેલા હુમલાનો નવરોજી ફરદુનજી અને એદલજી દારાબજી સંજાણાની સહાય વડે તંત્રીએ પ્રખર વિરોધ કર્યો હતો. 'જામે જમસેદ'ની નીતિ મધ્યમમાર્ગી નહોતી. તેના ૧૯૪૬માં એક તંત્રી લેખમાં જણાવાયું હતું કે 'જામે જમશેદ' ઓરથોડોક્ષ હતું છે અને રહેશે. પારસી કોમમાં અદ્યતન સુધારો થાય તે સામે જામે જમશેદે કેટલાક કાનૂની જંગ પણ ખેલ્યા છે. ભાષાની અશુધ્ધિ છતાં જામેનું મુદ્રણ બહૂ ઉઠાવદાર અને પૃષ્ઠ પરની સમાચારોની ગોઠવણી ઉઠાવદાર હોય છે.

''મુંબઈમાંથી આ ગાળામાં ૧૮૩૫ થી ૧૮૮૮ પ્રગટ થયેલાં અન્ય પત્રોમાં ફ્રી પ્રેસ (૧૮૩૫), મુમબઈનું દૂરબીન (૧૫ ડિસેમ્બર,૧૮૩૭), 'બોમ્બે ટાઈમ્સ' (૧૮૩૮), બોમ્બે ટેલિગ્રાફ (૧૮૪૬), 'ટેલિગ્રાફ એન્ડ કુરિયર'(૧૮૪૬), વિદ્યાસાગર, બોમ્બે મેગેઝીન અને બોમ્બે સ્પોર્ટિંગ ટાઈમ્સ (ત્રણે ૧૮૪૦), શરી મુમબઈ વરતમાન (૧૮૪૪),'બોમ્બે વીટનેસ'(૧૮૪૪), બોમ્બે મેલ (૧૮૪૫),વ્યાપાર પત્ર (૧૮૪૬), જ્ઞાનપ્રકાશ (૧૮૪૭), સ્પેકટેટર (૧૮૪૭), ઈસ્ટ એન્ડ વેસ્ટ (૧૮૪૭) વગેરે હતા. આમાના અમુક અંગ્રેજી હતા. પણ બાકીના બધાં ગુજરાતી હતા. પણ આમાંથી કોઈ લાંબુ જીવન જીવી શકયું નહિં.''[૩૪]

મુંબઈમાં 'બુધ્ધિવર્ધક સભા'ની સ્થાપના થઈ અને એજ વર્ષે એટલે કે ૧૮૫૧માં 'બુધ્ધિવર્ધક ગ્રંથ'નું પ્રકાશન શરૂ થયું. અમદાવાદના 'વરતમાન' પછી આ સમયનું બીજું મહત્ત્વનું પત્ર 'રાસ્ત ગોફતાર' ૧૫ નવેમ્બર, ૧૮૫૧ના રોજ મુંબઈથી શરૂ થયું. 'રાસ્તગોફતાર'નો અર્થ થાય છે 'સાચું બોલનાર'. સમગ્ર હિંદના દાદા, દાદાભાઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નવરોજીએ ખરદેશજી કામાને નાણાકિય મદદ કરવા સમજાવ્યા. એવું નકકી થયું કે દાદાભાઈએ કેવળ સેવા ભાવનાથી અખબાર ચલાવવું અને પ્રજાને મફતમાં વહેંચવું. ખરદેશજી કામાનું આ ઉદાર કાર્ય બહુ ઓછા લોકો જાણતા. આ પત્રના પહેલા અંકની એક હજાર નકલ મફતમાં વહેંચવામાં આવી. જેમાં એક પણ જાહેર ખબર નહોતી.

નાનકડી પારસી કોમે પોતાના ધર્મ સામેના આક્રમણના જવાબ આપવા  અને સમાજ સુધારાના હેતુથી 'રાસ્ત ગોફતાર'ને શરૂ કર્યું. શરૂઆતમાં આ અખબાર મહિનામાં બે વાર પ્રકાશિત થતું. જાન્યુઆરી, ૧૮૫૨થી તે સાપ્તાહિક બન્યું. શરૂના છ વર્ષ પારસી તરફી વલણ ધરાવનાર રાસ્તગોફતારે પછીથી તમામ દેશી લોકોના લાભ માટેની નીતિ અખત્યાર કરી. એ પછીના વર્ષે સમાજ સુધારક કરસનદાસ મુળજી પણ પત્રની દોરવણી માટેની સમિતિમાં દાખલ થયા. કરસનદાસનું 'સત્ય પ્રકાશ' ૧૮૬૨માં 'રાસ્તગોફતાર' સાથે જોડાઈ ગયું. પ્રજાકીય વલણો ધરાવતા આ અખબારમાં ઘણા ઉત્તમ તંત્રીઓએ પોતાનું યોગદાન આપ્યું. દાદાભાઈ નવરોજી પછી કેખુશરૂ કાબરાજી,જહાંગીર  બરજોરજી વારછા, સોરાબજી શાપુરજી બંગાલી, કરસનદાસ મુળજી, ડોસાભાઈ ફરામજી કરાકા, કાવસજી એદલજી ખંભાતા વગેરે તેના તંત્રી થયેલા. તેમાં કેખુશરૂ કાબરાજીએ લાંબા સમય સુધી સેવા બજાવી. દેશી પ્રજાનો અવાજ અંગ્રેજ અમલદારો પણ સાંભળે એ હેતુથી તા. ૩ જાન્યુઆરી,૧૮૫૮ના અંકથી પત્રમાં અંગ્રેજી વિભાગ પણ શરૂ થયો જેમાં કાવસજી એદલજી ખંભાતા સારા લેખો લખતા. ૧૯૦૧માં 'રાસ્ત ગોફતાર'ને પચાસ વર્ષ પૂર્ણ થયે સુવર્ણ મહોત્સવ પણ ઉજવાયો. ૧૯૧૮ના જુલાઈ માસમાં આ પત્ર 'પ્રજામિત્ર અને પારસી' સાથે જોડાઈ ગયું.

૧૮૫૧ના સમયમાં મુંબઈથી બેરામજી જમશેદજી ગાંધીને તંત્રીપદે 'ચિત્રજ્ઞાન દર્પણ' નામનું માસિક નીકળતું. તેના નામ પ્રમાણે તેમાં જુદી જુદી બાબતના ચિત્રો છાપીને લેખો દ્વારા લોકોને સમજણ આપવામાં આવતી. તે સમયમાં લખાણ માટે પણ યોગ્ય બીબાં નહોતા ત્યારે ચિત્રો માટે બીબાં બનાવવા ખૂબ કપરૂ કામ હતું.

૧૮૮૦ના સમયમાં મુંબઈમાં 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', 'રાસ્ત ગોફતાર', 'સત્યમિત્ર', 'અખબારે સોદાગર', 'યઝદાં પરસ્ત' અને 'લોકમિત્ર' એટલાં ગુજરાતી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વર્તમાન પત્રો પ્રસિધ્ધ થતાં હતાં પણ બધા જ મોટાભાગે પારસી પ્રજાના હિત માટે લખાતા એક માત્ર 'રાસ્ત ગોફતાર'માં હિંદુ પ્રજાના પ્રશ્નોને વાચા મળતી. આથી એ સમયના ગુજરાતી અગ્રણી સર મંગળદાસ નથ્થુભાઈને નવું ગુજરાતી પત્ર કાઢવાની ઈચ્છા થઈ. તેમની નજરમાં ઈચ્છારામ દેસાઈ વસ્યા જે 'સુરત રાયટ કેસ'ના કારણે ઘણાં પ્રખ્યાત બન્યા હતા. ઈચ્છારામ દેસાઈની મદદથી ૬ જૂન, ૧૮૮૦માં 'ગુજરાતી'નો પ્રથમ અંક બહાર પાડયો. તેના પહેલા અંકમાં તેની નીતિ અને ઉદ્દેશ એ વાતનો સ્પષ્ટ ચિતાર આપતા હતા કે તે કોઈ એક કોમ કે જાતિનું નહીં સમગ્ર હિંદ પ્રજાનું અખબાર છે. સર મંગળદાસ નથ્થુભાઈ એ અખબારની આર્થિક જવાબદારી ઉપાડી હતી.

ડો. રતન માર્શલે નોંધ્યું છે કે,''ગુજરાતી'નો પ્રથમ અંક આઠ રોયલ ફોલિયો પૃષ્ઠનો નીકળેલો અને તેમાંની વિગત તે આજના પાંચ પૃષ્ઠ જેટલી પણ ભાગ્યે જ હશે. એ અંકની એક હજાર નકલ છાપેલી. લગભગ ૪ માસ સુધી પત્રની નકલો મફત વહેંચેલી અને પછી લવાજમની માગણી થઈ ત્યારે ઘણી નકલો પાછી આવેલી. પહેલા વર્ષની આખરે માત્ર ૧૪૫ ગ્રાહક નોંધાયેલા. પરંતુ તે વેળાએ પણ ૨૦૦૦ નકલ મફત વહેંચાતી ને તેથી વાચકની સંખ્યા મોટી હતી. ૧૮૮૧ની આખરે 'ગુજરાતી'ના ગ્રાહકોની સંખ્યા માત્ર ૨૦૦ હતી. પરંતુ તે પછી તે વધી.''[૩૫]

૧૮૮૨માં તેનાં બાર પૃષ્ઠ છપાતાં, ૧૮૮૩માં તેના ૮૫૦ ગ્રાહકો હતા. અત્યાર સુધી 'ફોર્ટ પ્રિન્ટીંગ પ્રેસ'માંથી છપાતુ 'ગુજરાતી' જાન્યુઆરી, ૧૮૮૪થી 'ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ'માં છપાવા લાગ્યું. પૃષ્ઠોની સંખ્યા વધીને સોળ થઈ. ઈચ્છારામ દેસાઈએ આ પત્રમાં સ્ત્રી કેળવણી, બાળ લગ્ન વિરોધ, વિધવા વિવાહ વગેરે સમાજ સુધારાના મુદ્દાનો સમાવેશ કર્યો હતો. ગુજરાતીના રાજકીય પ્રચાર કાર્ય જેમ ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી ભાષાની તેણે બજાવેલી સેવા પણ આપણા વૃત્ત વિવેચનમાં સદા સ્મરણીય રહેશે. ઈચ્છારામનું વૃત્તવિવેચન અવનવું કુદરતી શકિતના પરિપાકરૂપ, દીર્ઘદષ્ટિવાળુંને સર્વગ્રાહી હતું.

'' 'મુંબઈ ચાબુક'ના તંત્રી નવરોજી દોરાબજી ચાનદારૂએ 'ફરી પ્રેસ' (ફ્રી પ્રેસ) નામે વર્તમાન પત્ર માર્ચ ૧૮૩૫માં શરૂ કર્યું હતું. એ પત્ર બે જ માસ ચાલીને બંધ પડયું હતું. નશરવાનજી ટેમુલજી દુરબીને ૧૩ ડિસેમ્બર, ૧૮૩૬ના રોજ 'મુંબઈ દુરબીન' ના નામનું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

શીલા છાપખાનું કાઢયું હતું. એમાંથી એક વર્ષ રહીને ૧૫ ડિસેમ્બર,૧૮૩૭થી એજ નામનું વર્તમાનપત્ર પણ શરૂ કરી પોતે તેના તંત્રી થયા હતા. એ પત્ર આઠ વર્ષ ચાલી ૭ ઓકટોબર,૧૮૪૬ના રોજ બંધ થયું હતું.''[૩૬]

સન ૧૯૧૨માં 'આર્યન બ્રધર હુડ' ના ઉપક્રમથી મુંબઈના કાશીબાગમાં હિંદુઓની કોમમાં જ્ઞાતિભેદ ટાળવાના હેતુથી મોટા પાયે પ્રીતિ ભોજનનું આયોજન થયું હતું. જેમાં ૨૫૦ લોકોએ અને કોઈકે તો કુટુંબ સહિત સહર્ષ ભાગ લીધો હતો. સુધારક હોવાના દાવા સાથે આ સમારંભમાં હાજર રહેલા લોકોના નામ છાપવાનો વિચાર રજૂ થયો. પણ માંડ પોણોસો લોકોએ મંજૂરી આપી. બીજા દિવસે મુંબઈના કેટલાક દૈનિકોમાં નામ છપાયા અને કહેવાતા સુધારકોએ હોબાળો મચાવી દીધો. પ્રખર વિરોધ ઉઠયો. તેના આયોજકો અને ભાગ લેનારાઓ ચર્ચાનો વિષય બન્યાં. તે સમયે શ્રી રણછોડદાસ ભવાન લોટવાળા ખૂબ ખોટ ખાઈને 'આર્ય પ્રકાશ' ચલાવતા હતા. સુધારકો અને આર્ય સમાજીઓ જ તે મુખ્યત્વે વાંચતા. સુધારકોનો દષ્ટિબિંદુ સમજાવવા એક પત્ર પૂરતું નહોતું. 'આર્યપ્રકાશ'માં રતનલાલ શાહ લેખો લખતા હતા. રતનલાલની સૂચનાથી વ્યાપારી દષ્ટિએ નામરજી છતાં, લોટવાળાએ ૧૯૧૩માં રૂપિયા ચાર હજારમાં 'અખબારે સોદાગર પત્ર' અને છાપખાનું ખરીદી લીધાં.

અહીં 'અખબારે સોદાગર'ને લગતી બે અલગ અલગ માહિતી મળી આવે છે. ડૉ. રતન માર્શલે પોતાના પુસ્તકમાં જણાવ્યું છે કે, '''અખબારે સોદાગર' નાનાભાઈ ચીચગરની માલિકીનું હતું. તે સુધારાવાદી પત્ર હતું. જેને પારસીઓનો ઝાઝો ટેકો નહોતો.''[૩૭] જયારે રમેશનાથ ગૌતમ લિખિત અન્ય પુસ્તક વૃત વિવેચનમાં જણાવ્યું છે કે, ''૧૮૫૨માં દાદાભાઈ કાવસજીએ અઠવાડિયામાં ત્રણ વાર પ્રકટ થતું 'અખબારે સોદાગર' પ્રકટ કર્યું હતું. અખબારે સોદાગરમાં શ્રી ચીમનલાલ આત્મારામ શાહ રિપોર્ટર હતા અને તેમની સમજાવટથી રણછોડદાસે આ અખબાર ખરીદ્યું.''[૩૮]

૧૯૧૩માં અખબારે સોદાગરનો ફેલાવો ફકત ૩૦૦ નકલનો હતો. છ મહિના બાદ તેનું નામ 'હિંદુસ્તાન' કરી દેવામાં આવ્યું. છ વર્ષ પછી તેને લિમિટેડ કંપની શરૂ કરી. ૧૯૧૫–૧૬માં જયારે એની બેસંટે હોમરૂલ ચળવળ શરૂ કરી ત્યારે 'હિંદુસ્તાન'ના તંત્રી નૃસિંહ વિભાકરના તીખા ભાષણોને કારણે પત્ર ખપત ૪ હજારની થઈ ગઈ. પણ પછી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગાંધીજીની રાજકીય નીતિનો વિરોધ કરવાને કારણે વળી દોઢ હજાર થઈ ગઈ. અસહકારની ચળવળને વેગ મળતા 'હિન્દુસ્તાનને સાંજનું પત્ર બનાવ્યું.

ત્યાર પછી લોટવાળાએ રૂપિયા એક લાખ વીસ હજારમાં 'એડવોકેટ ઓફ ઈન્ડિયા' નામનું અંગ્રેજી અખબાર તથા છાપખાનું ખરીદ્યા. 'હિન્દુસ્તાન'ના તંત્રી ઈન્દુલાલ યાજ્ઞિકને જ એ અખબારના તંત્રી બનાવ્યા પણ એ અખબારે ઘણી ખોટ કરી. સન ૧૯૨૬માં લોટવાળાએ રૂપિયા પાંચ હજારની પાઘડી આપી તાતા કંપનીનું 'પ્રજામિત્ર અને પારસી' અખબાર ખરીદ્યું. એકાદ માસ બાદ બંને પત્રોને જોડીને 'હિન્દુસ્તાન પ્રજામિત્ર'નું નામ આપ્યું.પાછળથી 'ગુજરાતી કેસરી' અખબાર ખરીદીને 'પ્રજામિત્ર'માં જોડયું હતું.

આમ, રણછોડદાસ લોટવાળાએ ઘણાં નવા અખબારો કાઢયા. જૂનાં ખરીદ્યાં, કોઈને જોડી દીધાં, કોઈને બંધ કર્યા અને એ બધી પ્રવૃત્તિ પાછળ ઘણી ખોટ કરી. વર્તમાનપત્ર સબળ હથિયાર છે. અને એનો ઉપયોગ પ્રજાના માનસિક વિકાસ અર્થે થવો જોઈએ. એવી એમની માન્યતા હતી.

"૧૮૬૨ માં કેટલાક ગુજરાતી હિંદુઓએ 'સત્ય દીપક' નામે ગુજરાતી છાપું સ્થાપ્યું હતું. એના તંત્રી પદે રા.સા.મોહનલાલ અને રા.સા. મહિપતરામ નિલકંઠ જેવા વિદ્વાનો બિરાજતા હતા. પરંતુ તે બે વર્ષ માંડ ટકયું. એ જ વર્ષે 'ખોજા દોસ્ત' નામે છાપું નીકળ્યાનો પણ ઉલ્લેખ મળી આવે છે. ૧૮૭૦માં 'આર્યમિત્ર' નીકળ્યું અને ૧૮૮૧માં બંધ પડયું." [૩૯]

રમેશનાથ ગૌતમના પુસ્તકમાં નોંધ્યું છે કે, "માત્ર વેપાર કે રૂ બજારના આંકડા વગેરે માહિતી આપનાર દૈનિક ચોપાનિયા જેવા કે કોલ ડેઈલી ન્યુઝ, કોમર્શીયલ ડેઈલી રીપોર્ટ, ડેઈલી કોટન ફોરકાસ્ટ, ડેઈલી મેઈલ,ડેઈલી ન્યુઝ, ધમાકા ડેઈલી ન્યુઝ, ઈવનીંગ ડેઈલી સમાચાર, મુંબઈ ડેઈલી ન્યુઝ, ન્યુ અમેરિકન કેન્ટર, ભવિષ્ય વગેરે મુંબઈથી બહાર પડતા હતા."[૪૦] ઉપરોકત યાદીમાં કોઈ નાના મોટા અખબારની નોંધ લેવાનું ચુકાઈ ગયું હોય તો તે પ્રમાણિક ભૂલ હોઈ ક્ષમા યોગ્ય લેખાશે એવી આશા રાખવી વધારે પડતી કહેવાય ખરી?



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્રકરણ – ૩

## પાદટીપ

(૧) બક્ષી બકુલ , ''બ્રિટિશ રાજની વાતો '' પૃષ્ઠ નં. ૩૨

(૨) એજન, પૃષ્ઠ નં. ૩૨

(૩) વર્મા મુલચંદ, ''મરીન ડ્રાઈવની પાળ પરથી'' પૃષ્ઠ નં. ૭

(૪) એજન, પૃષ્ઠનં. ૨૩

(૫) એજન, પૃષ્ઠ નં.૯૬

(૬) 'મુંબઈ સમાચાર' તા. ૨૩–૧૧–૨૦૦૬, મેટ્રો પૂર્તિ, પૃષ્ઠ નં. ૨

(૭) 'મુંબઈ સમાચાર' તા. ૧૬–૯–૨૦૦૬, વીક એન્ડ પૂર્તિ, પૃષ્ઠ નં. ૪

(૮) વર્મા મુલચંદ, ''મરીન ડ્રાઈવની પાળ પરથી'' પૃષ્ઠ નં. ૧૨૨

(૯) 'મુંબઈ સમાચાર' તા. ૦૧–૦૭–૧૯૯૭, ૧૭૫ વર્ષ પૂર્તિ, પૃષ્ઠ નં. ૧૨

(૧૦) બક્ષી ચંદ્રકાન્ત,''ગુજરાત અને ગુજરાતી'' (વાતાયન શ્રેણી) પૃષ્ઠ નં. ૭

(૧૧) બક્ષી બકુલ,''બ્રિટિશ રાજની વાતો', પૃષ્ઠ નં. ૩૬

(૧૨) એજન, પૃષ્ઠ નં. ૩૬

(૧૩) Rangaswami P., "Journalism in India"––Page No. 62

(૧૪) -do- Page No. 63

(૧૫) -do- Page No. 64

(૧૬) -do- Page No. 72

(૧૭) -do- Page No. 73

(૧૮) -do- Page No. 77

(૧૯) -do- Page No. 75

(૨૦) -do- Page No. 76

(૨૧) -do- Page No. 76



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

(૨૨) -do- Page No. 77

(૨૩) -do- Page No. 79

(૨૪) -do- Page No. 94

(૨૫) -do- Page No. 111

(૨૬) -do- Page No. 98

(૨૭) -do- Page No. 109

(૨૮) પંડયા વિષ્ણુ, ''પત્રકારત્વની વિકાસ રેખા'' પૃષ્ઠ નં. ૧૨

(૨૯) એજન, પૃષ્ઠ નં. ૧૩

(૩૦) 'મુંબઈ સમાચાર' તા. ૧.૭.૧૯૯૭ ૧૭૫ વર્ષ પૂર્તિ, પૃષ્ઠ નં. ૯

(૩૧) પંડયા વિષ્ણુ, ''પત્રકારત્વની વિકાસ રેખા'' પૃષ્ઠ નં. ૨૨

(૩૨) ડો. માર્શલ રતન,''ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ'' પૃષ્ઠ નં. ૮૭

(૩૩) પંડયા વિષ્ણુ, ''પત્રકારત્વની વિકાસ રેખા'' પૃષ્ઠ નં. ૨૩

(૩૪) એજન, પૃષ્ઠ નં. ૨૪

(૩૫) ડો. માર્શલ રતન,''ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ'' પૃષ્ઠ નં. ૧૪૮

(૩૬) એજન, પૃષ્ઠ નં. ૨૩૮

(૩૭) એજન, પૃષ્ઠ નં. ૨૪૩

(૩૮) ગૌતમ રમેશનાથ, ''વૃત્ત વિવેચન'' પૃષ્ઠ નં. ૩૧૦

(૩૯) એજન, પૃષ્ઠ નં. ૩૧૧

(૪૦) એજન, પૃષ્ઠ નં. ૨૧૧



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૪

# મુંબઈ સમાચાર

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૪

# મુંબઈ સમાચાર

## (૧) ફરદુનજી મર્ઝબાન

તા. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૯૦ના રોજ નવી દિલ્હીમાં પી.ટી.આઈ. સમાચાર સંસ્થા દ્વારા એક અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવ્યા મુજબ લોકસભા સમક્ષ તાજેતરમાં મૂકાયેલા રજિસ્ટ્રાર ઑફ ન્યુઝપેપર્સ ફૉર ઈન્ડિયાના છેલ્લા અહેવાલમાં જણાવ્યા પ્રમાણે પ્રકાશનનાં એકસોથી વધારે વર્ષ વટાવી ગયાં હોય તેવાં ૩૭ અખબારો ભારતમાં પ્રસિદ્ધ થઈ રહ્યાં છે મુંબઈથી ૧૮૨૨માં શરૂ થયેલું 'મુંબઈ સમાચાર' દૈનિક આ તમામ અખબારોમાં સૌથી જૂનું અખબાર છે.

આ અહેવાલ વાંચ્યા બાદ સુજ્ઞ જાગૃત વાચકના મનમાં એક સવાલ ઉઠે કે એવું તે મુંબઈ સમાચારમાં શું હશે કે તે ૧૮૭ વર્ષથી લગાતાર લોકસેવા કરી રહ્યું છે. કેવા હશે તેના સંચાલકો અને કેવા હશે તેના સ્થાપકો ! માત્ર ગુજરાતમાં જ નહીં માત્ર ભારતમાં જ નહીં, પણ આખા એશિયાખંડમાં આજે પ્રગટ થતાં તમામ વર્તમાનપત્રોમાં સૌથી જૂના એવા 'મુંબઈ સમાચાર'ના સૌપ્રથમ તંત્રી અને આદ્યસ્થાપક હતા મોબેદ ફરદુનજી મર્ઝબાન. ફદરુનજી મર્ઝબાનને માત્ર મુંબઈ સમાચારના સ્થાપક ન કહી શકાય. તે તો હતા ગુજરાતી પત્રકારત્વના જનક. ગુજરાતી ભાષાના પ્રથમ લેખક, સંપાદક, અનુવાદક, પ્રકાશક અને મુદ્રક. ગુજરાતી પુસ્તકોના પ્રકાશનનાએ આદિપુરુષ અને મુદ્રણના પ્રથમ પુરસ્કર્તા.

એક ભડવીર પારસી પુરુષની સર્જનાત્મક શકિત, સાહસ, દૂરંદેશી, નિષ્ઠા અને કાર્યક્ષમતા તથા ઉત્તમ આવડતનું અનુપમ ઉદાહરણ છે 'મુંબઈ સમાચાર'. એ વર્ષોમાં મુંબઈમાં બે ત્રણ અંગ્રેજી છાપાં હતાં. બંગાળમાં પણ એક મિશનરી દ્વારા છાપું પ્રગટ થયું હતું. પણ સમગ્ર મુંબઈના વિસ્તારમાંથી કોઈ પત્ર કે છાપું બહાર નહોતું પડતું. ફરદુનજીએ એમાં પહેલ કરી અને આખા દેશનું પ્રથમ દેશી ભાષાનું દૈનિક પ્રગટ કર્યું હતું.

૧૯મી સદીના પ્રારંભે ગુજરાતનાં પ્રજાજીવન, ભાષા,સાહિત્ય વગેરેમાં આર્વચીનતાના રંગો ધીમે ધીમે ભળવા લાગ્યા હતા. આ રંગોમાં મુખ્ય સાત રંગો જે વધુ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ખીલ્યા હતા. તે છે મુદ્રણકળા, બ્રિટિશ પધ્ધતિનું શિક્ષણ, લેખનના માધ્યમ તરીકે ગદ્યની પ્રતિષ્ઠા, સમાજસુધારો, વર્તમાન પત્રો અને સામયિકો, અંગ્રેજી ભાષાસાહિત્યનો પ્રભાવ, પરદેશનો પ્રવાસ અને ત્યાંના જનજીવનનો પરિચય. આ બધા જ રંગોમાં એ સમયની શિક્ષિત પ્રજા રંગાવા લાગી હતી. એ સમયે એક પ્રામાણિક બાહોશ પારસીના હાથે શરૂ થયેલું મુંબઈ સમાચાર આજે ૧૮૭ વર્ષ પૂર્ણ કરી ચૂક્યું છે. કોઈ પત્ર દૈનિક, સાપ્તાહિક, માસિક આટલા લાંબા સમય સુધી અસ્તિત્વ ભોગવી શકયું નથી.

તો આવા વિરલ પત્રકાર ફરદુનજીને જાણવા માટે સૌપ્રથમ તેમના બાળપણ અને વિદ્યાભ્યાસ વિશે જાણીએ.

### ❁ બાળપણ અને વિદ્યાભ્યાસ :

આશરે અઢીસો વર્ષ પહેલાં ગુજરાતમાં ત્રણ કાઉસોની એક અજબગજબની ત્રિપુટી જામી હતી, ત્રણેય દસ્તુર, વિદ્વાન અને જિજ્ઞાસુ. અંદરોઅંદર સગપણથી સંકળાયેલા આ ત્રણેય જિગરજાન મિત્રોની અટક ઈરાની જ હતી. તેઓમાં પહેલા કાઉસ જલાલ તે મુલ્લા ફિરોઝ ખાનદાનના વડા. બીજા કાઉસ ખોર શોબેગ તે મીરઝા ખાનદાનના વડા અને ત્રીજા કાઉસ મુનઅજજમ તે મર્ઝબાન ખાનદાનના વડા હતા. એ ત્રણમાંના પહેલા ભરૂચમાં બીજા ઉદવાડામાં અને ત્રીજા કાઉસ સૂરતમાં થઈ ગયા.

'મર્ઝબાન કુટુંબના વડા દસ્તુર કાઉસ મુનઅજજમ પોતાના વખતમાં મોટા વિદ્વાન ગણાતા હતા. શ્રી રસિક ઝવેરીએ નોંધ્યું છે કે, ''એમણે કદમી પંથ સ્થાપ્યો તેમ કહી શકાય. એમણે ફારસી, ઝંદ અને પહેલવી પુસ્તકોનું એક કિમતી કિતાબખાનું તથા સોનારૂપાના પ્રાચીન સિકકાઓને સારો એવો સંગ્રહ કર્યો હતો. ઈ.સ. ૧૭૭૯માં ૬૨ વર્ષની વયે બે દીકરાને મૂકી તે બેહસ્તનશીન થયા. એ બેમાંના મોટા મર્ઝબાનજી તે ખ્યાતનામ મર્ઝબાન કુટુંબને પોતાની અટક આપનાર અને 'મુંબઈ સમાચાર'ના સ્થાપક ફરદુનજીના પિતા. મર્ઝબાનજી સાહેબ મોટા વિદ્વાન હતા. અણીશુધ્ધ ગૃહસ્થ હતા. ઉદવાડાના પ્રખ્યાત દસ્તુર મીરઝા કાઉસ ખોશરોબેગનાં પુત્રી આવાંબાઈ સાથે એમના લગ્ન થયેલાં. ઈ.સ. ૧૭૮૭માં સૂરત મધ્યે કણપીઠમાં કમનગરની શેરીને નાકેના નાના વડવાઓના ઘરમાં ફરદુનજીનો જન્મ થયો.''[1]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૨ ઓગષ્ટ, ૧૭૮૭ના રોજ જન્મેલા ફરદુનજીનું બાળપણ ઘણું રોમાંચક હતું. નાની વયમાં જ તે શાણા અને ચાલાક સાબિત થયા. જિજ્ઞાસુ સ્વભાવને કારણે તેઓ ૧૨ વર્ષના થયા ત્યાં સુધીમાં પિતા પાસેથી એમણે ધર્મ ક્રિયાઓ અને ગુજરાતી અને ફારસી ભાષાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યાર બાદ તે વખતના ફાજેલ ઓલમા મોફતી જહીરોદીન બીન નસરોલ્લ નામના ઉસ્તાદ પાસે ફારસીનો અને એક પંડિત પાસે સંસ્કૃતનો ઉલટ અભ્યાસ આદર્યો. તેમણે વૈદકશાસ્ત્રમાં પણ ઊંડો રસ હોવાથી ભરૂચના એક ખ્યાતનામ તબીબ ગોલામ મોહિયોદીનની રાહબરી હેઠળ અભ્યાસ કર્યો.

આટલું શીખ્યા પછી ફરદુનજીની જ્ઞાનપિપાસા વધારે પ્રબળ બની. વધુ અભ્યાસ માટે મુંબઈ જ શ્રેષ્ઠ છે. તેવું માનીને તેમણે અગિયાર વર્ષની કાચી ઉંમરે ઘર છોડવાનો નિષ્ફળ પ્રયત્ન કરી જોયો. પિતાના અતિશય કડક મિજાજને કારણે ઘરે પાછા ફર્યા પછી પણ ત્રણ દિવસ સુધી પિતાને મોઢું ન બતાવી શકયા. પણ મન હજુ મુંબઈમાંજ ભટકતું હતું. થોડા સમય પછી અચાનક ફરદુનજી માટે મુંબઈ જવાની તક ઊભી થઈ. મર્ઝબાનજીના નિકટના સખાને ઘરે લગ્ન પ્રસંગ આવ્યો તેથી એ બહાને અને સખાના અતિ આગ્રહને કારણે તેમણે ફરદુનજીને લગ્ન માણવા મુંબઈ મોકલ્યા. ઈ.સ. ૧૮૦૫માં ૧૮ વર્ષની વયે મુંબઈ આવેલા ફરદુનજી લગ્ન પૂરું થયું તો પણ ઘરે જવાનું નામ ન લે. પિતા સૂરતથી વારંવાર કાગળો લખે તો પણ ફરદુનજી મુંબઈમાં જ ગોઠવાઈ ગયા. તેમણે આંસુભરી આંખે મુલ્લા ફિરોઝને વિનંતી કરી કે,'મને તમારા ચરણોમાં સ્થાન આપો અને બાવાજીને સમજાવીને મુંબઈમાં જ રાખવાની કોઈ ગોઠવણ કરી આપો.' આમ, વિદ્યાના આવા પૂજારી અને હુન્નરના હોંશીલા યુવાનને વિદ્યાવ્યાસંગી મુલ્લા ફિરોઝ ના ન કહી શકયા અને ફરદુનજીને પોતાની પાસે રાખવાની મંજૂરી મેળવી.

## ☸ જીવન ઘડતરઃ

શ્રી રસિક ઝવેરીએ નોંધ્યું છે કે,''જેમની કડક તાલીમ હેઠળ ફરદુનજીનું જીવન ઘડતર શરૂ થયું એવા મુલ્લા ફિરોઝનું વ્યકિતત્વ પણ ઓળખવા જેવું છે. તેઓ મહા વિલક્ષણ અને વિદ્યા સંપન્ન જરથોસ્તી હતા. પોતાના ધર્મની ઝીણવટભરી ખૂબીઓ અને નાદર ફિલસૂફીને સમજદારીપૂર્વક અને દિલ દઈને પોતાના યજમાનોને સમજાવનાર એમના જેવા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

રાહનુમા અને જાણભેદુ દસ્તુરજી બહુ ઓછા થયા હશે. એમનું અસલી નામ પેશુતન. 'મુલ્લા ફિરોઝ' એ તો એમને મળેલી 'મુલ્લા'ની પદવી અને એમણે ધારણ કરેલા ફિરોઝ એવા તખલ્લુસના જોડાણથી ઊભું થયેલું અને ચલણી બનેલું નામ છે.''[૨]

મુલ્લા ફિરોઝે તેમનું બાળપણ ઈરાનમાં પસાર થયું હતું. ત્યાર બાદ તેઓ મુંબઈ આવ્યા, અને પિતાના અવસાન પછી કદમીઓના વડા દસ્તુર નિમાયા હતા. તેઓનું અરબી અને ફારસી ભાષાનું જ્ઞાન ઘણું ઊંચું હતું. આવા વિદ્યાગુરુને પામીને કોઈપણ શિષ્યની ધગશ વધી જ જાય. ફરદુનજી તેમના ઘરે અંગત સેવા કામો કરતા એમના કિતાબખાનાની સારસંભાળ લેતા. પણ તેમના ફળદ્રુપ ભેજાને આ રાબેતા મુજબનું કામ કંટાળો આપતું. તેઓનું મગજ સતત અવનવી દિશાઓમાં દોડતું જ રહેતું હતું. ફરદુનજીએ પોતાનો ધંધો શરૂ કરવાનો એક નવતર વિચાર કર્યો.

ખીસ્સા કોથળીમાં નાણાંની એક નાની બચત જમા થઈ હતી. આથી હિંમત વધી અને ગુરુની આજ્ઞા માગી. પહેલાં તો એ ભલા દસ્તુરજીએ ચેલાને ના પાડી. પણ પછી ઈચ્છા અને મહત્ત્વકાંક્ષાને રોકવાનું ઠીક ન લાગ્યું. આથી રજા આપી અને અહીંથી ફરદુનજીએ પોતાની નવી જિંદગીની શરૂઆત કરી. આ વાતને એમણે પોતાના મહોરદાર કુંવરબાઈ જેઓ સૂરતવાળા જાણીતા કાપડના વેપારી ખરશેદજી સોરાબજી કાપડિયાનાં દીકરી અને સૂરતના નવાબના ખાસ તબીબ બહેરામજી ભિખાજીનાં ભાણેજ થતાં હતાં. એમને સુરતથી બોલાવી ઘર માંડ્યું. આમ સૂરતવાસી મર્ઝબાન મુંબઈવાસી થયા. મુંબઈ આવતાં જ તેમણે અવનવા ધંધાઓ પર ઉલટ તપાસ કરવા માંડી. સાહસિક વૃત્તિ ધરાવતા ફરદુનજીએ ઈ.સ. ૧૮૦૮માં ચોપડીઓ બાંધવાની દુકાન ખોલવાનો વિચાર કર્યો.

### ☸ મુંબઈ ફળ્યું:

ગુરુ મુલ્લા ફિરોઝને ત્યાં ફરદુનજી પુસ્તકો ગોઠવવાનું અને ફાટી જાય તો તેને વ્યવસ્થિત બાંધવાનું કામ શીખ્યા હતા. વળી એ વખતે મુંબઈ શહેરમાં ચોપડીઓ બાંધનાર શોધ્યો મળતો નહોતો એટલે તેમને આજ રોજગાર વધુ યોગ્ય લાગ્યો. નવા ધંધાની હોંશ, ઉત્સાહ અને જુસ્સાને કારણે ફરદુનજીને ધંધાની રખડપટ્ટી મામુલી લાગી. થોડો સરસમાન લાવીને ગોઠવ્યો અને ખુદાનું નામ લઈને રોજી પર બેસી ગયા હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પરંતુ ખરી મુશ્કેલી તો હવે સામે આવી. એ જમાનામાં પુસ્તકો જ આંગળીના વેઢે ગણાય એટલાં, તેમાંય વાંચનારો વર્ગ એકદમ ઓછો. ઘરાક જ ન મળે ! છ મહિના પછી ખર્ચ કાઢતાં ચોખ્ખી કમાણી ફકત દોઢ રૂપિયો ! જો ફરદુનજીના બદલે કોઈ અન્ય વ્યકિત હોત તો કયારનો હિંમત હારી ચૂકયો હોત ! પણ આપણે તો એવા સાહસિકની વાત કરીએ છીએ જે સફળતા માટે ગમે તેવી મુશ્કેલીનો સામનો કરવા તૈયાર હોય. આવા કપરા દિવસો દરમિયાન અચાનક એક એવી ઘટના બની કે જેનાથી ફરદુનજીના જીવનની દિશા બદલાઈ ગઈ. બન્યું એવું કે ફરદુનજીની દુકાનની બાજુમાં જ એક વહોરાજી દેશી પલટણોના સિપાહીઓ માટેની ટોપીઓ માટેના કાગળના ખોખાં પૂરાં પાડવાનો ધંધો કરતા હતા. પણ સિપાહીઓની દખલગીરી અને વધુ કામને વહોરાજી પહોંચી ન શકયા. તેમણે છોડેલો આ ધંધો હિંમતવાન પારસીએ શરૂ કર્યો.

પુસ્તકો બાંધવાનો ધંધો તો હાથમાં હતો જ એટલે ફરદુનજીએ પોતાની હૈયા ઉલકતથી કાગળની જગ્યાએ કંતાન વાપરીને વધુ મજબૂત ખોખુ તૈયાર કર્યું અને પહોંચ્યા રેજિમેન્ટના કર્નલ પાસે. ઘણા ધકકા ખાધા પછી મુલાકાતનો સમય મળ્યો, અરજી સાથે નમૂનો હાજર કર્યો જે જોઈને અંગ્રેજ બચ્ચો ખુશ થઈ ગયો. ખોખા દીઠ આઠ આનાનો ભાવ ઠરાવી ૩૦૦૦ ખોખાનો કૉન્ટ્રાકટ આપી દીધો. તેમણે તો ફાટેલાં પૂંઠાં, કાગળો અને કંતાનનો એક જથ્થો ખરીદ્યો, તપેલું ભરીને લાહી બનાવીને બે ચાર મજૂરો રોજે રાખ્યા અને ફકત આઠ દિવસમાં તો ૩૦૦૦ ખોખાં તૈયાર કરી રૂા. ૧૫૦૦ની કમાણી પણ કરી લીધી.

આપકમાઈ અને જાતમહેનતના પંદરસો રૂપિયા પંદર લાખથી પણ વધુ વહાલા લાગે. કામ કામને વધારે અને પૈસો પૈસાને ખેંચી લાવે. ફરદુનજીનું મન હવે નવા ધંધાની શોધખોળમાં લાગ્યું. એ સમયમાં મુંબઈથી ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં કાગળો મોકલવાની ખૂબ મુશ્કેલી હતી. એક તોલો કે એથી ઓછા વજનના દરેક કાગળ દીઠ સરકારી ડાકમાં બે આના ભરવા પડતા હતા. વધુ ભાવો હોવા છતાં ખોટી અડચણોથી કંટાળેલા લોકોની પરિસ્થિતિ ફરદુનજીની નજરે ચડી એટલે એમણે મુંબઈથી બીજા શહેરોમાં ટપાલ પહોંચાડવાની એક દુકાન ઉઘાડી. શ્રી રસિકભાઈ ઝવેરી નોંધે છે કે,'મુખ્ય દુકાન કોટમાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બજાર ગેટમાં જૂની માર્કેટની સામેના ઘરમાં ઓટલા પર શરૂ કરી અને એક શાખા બહારકોટમાં એટલે કે શહેરમાં સ્થાપી. આ મુખ્ય દુકાન પછી તો છેક ઈ.સ. ૧૮૫૫ સુધી મહેરવાનજી ફરદુનજી ગોરા અથવા પોસ્ટવાળા પારસીના નામે ચાલુ રહી હતી. સૂરત, ભરૂચ,દમણ,નવસારી વગેરે સ્થળોએ આડતિયા નિમ્યા. વેપારીઓના અને આમપ્રજાના કાગળોનો ભાવ વજન પ્રમાણે લેવાતો હતો.''[૩]

કામ ધીમે ધીમે વધ્યું. આથી કામનો વિસ્તાર પણ વધ્યો, આવક વધી અને નવા સંબંધો પણ વિકસ્યા. પોસ્ટનું કામ ધમધોકાર ચાલવા માંડયું, આથી આડત પણ સારી મળતી. 'સમાચાર'ની લેવડદેવડના બીજ ફરદુનજીના મનમાં અહીંથી રોપાયા. પોસ્ટના આ કામને ફતેહની ટોચ પર લાવીને તેઓ આ વ્યવસાયમાંથી ખસી ગયા. નવો ધંધો શરૂ કરવા માટે મહેરજી ગોરા અને દાદાભાઈ બમનજી કકલીઆ, કે જેઓનો આ કામમાં પહેલેથી ભાગ હતો તેમને આ ધંધો સોંપીને ફરદુનજી નવા જ વણખેડાએલા માર્ગે ચાલ્યા. એ ક્ષેત્ર હતું છાપખાનું એટલે કે પ્રિન્ટિંગ પ્રેસ. આજના અદ્યતન પ્રિન્ટિંગના જમાનામાં એ સમયની કપરી પરિસ્થિતિનો વિચાર સુધ્ધા ન આવે પણ ફરદુનજીએ જીવન જીવ્યા અને આપણા માટે નવી ક્ષિતિજો ખોલતા ગયા. એ સમયે દેશી માલિકીના છાપખાનાની શરૂઆત કરી.

## ☸ છાપગર અને છાપકામ :

પહેલાં બુક બાઈન્ડિંગનો ધંધો પછી ટપાલ સેવા અને હવે છાપકામની પણ શરૂઆત કરવાનો વિચાર આવ્યો. પણ એ જમાનામાં ફરદુનજીને આવો વિચાર આવ્યો કઈ રીતે? તો આ અંગે થોડા વધુ પાછળ જઈને ઈતિહાસ જાણીએ. મુદ્રણકળાની સૌપ્રથમ શોધ જર્મનીમાં ગુટેનબર્ગ નામના જર્મને કરી. તેનો જન્મ ઈ.સ. ૧૪૧૦માં જર્મનીના મેઈઝ શહેરમાં થયો હતો. જેની વિગતે વાત પ્રકરણ–૩માં કરી છે. સૌથી પહેલાં તેણે ૬૩૭ પાનાનું ધર્મ પુસ્તક (બાઈબલ) છાપ્યું. તા. ૨ ફેબ્રુઆરી,૧૪૬૮માં ગુટેનબર્ગના મૃત્યુ પછી ઈ.સ. ૧૪૭૫માં ઈંગ્લાંડ પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના થઈ.

એ સમયે અંગ્રેજો ભારતમાં અન્ય ચીજ વસ્તુઓની સાથે પુસ્તકો પણ લાવતા. આજ પુસ્તકોને જોઈને ભીમજીભાઈ પારેખને આપણા ધર્મગ્રંથો છાપવાની પ્રેરણા મળી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભીમજીભાઈ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આડતિયા હોવાથી, કંપનીના ડાયરેકટરોને વિલાયતથી છાપકલાના કારીગરને ભારત મોકલવા અરજી કરી. ઈ.સ. ૧૬૭૪માં ત્રણ વરસ સુધી વાર્ષિક પચાસ પાઉન્ડના મહેનતાણે કંપનીએ એક કારીગર મોકલ્યો. જેનું નામ હેન્રી હીલ્સ હતું. તેને બીબાં ઢાળવાનું  કામ આવડતું ન હોવાથી ભીમજીભાઈનો હેતુ પાર ન પડયો. ઈ.સ. ૧૬૭૮માં બીજો કારીગર બોલાવ્યો. એણે કરેલા કામ વિષેની ખાસ માહિતી નથી મળતી પણ આટલા વર્ષો દરમિયાન ભીમજીભાઈએ સૂરતમાં જ દેશી છાપગરો તૈયાર કર્યા. આમ, સૂરતી કસબીઓના હાથે ભારતમાં દેવનાગરી લિપિમાં કામ શરૂ થયું. તેઓએ દેવનાગરી લિપિમાં છાપેલા કાગળો ખૂબ સારા વંચાતા હતા.

મુદ્રણકળાના બીજ રોપાયાના ૧૦૦ વર્ષ બાદ એટલે કે ઈ.સ. ૧૭૭૭માં રૂસ્તમજી ખરશેદજી નામના એક પારસીએ મુંબઈના કોટ વિસ્તારમાં બજારગેટમાં એક છાપખાનું ખોલ્યું. આ છાપખાનામાં ઈ.સ. ૧૭૮૦માં પહેલી જ વાર, રોમન અંગ્રેજી પંચાંગ (કેલેન્ડર)ની અનેક નકલો છાપી હતી. શ્રી રસિક ઝવેરીએ લખ્યું છે કે,''મુંબઈમાં અંગ્રેજી છાપું ' ધ બોમ્બે હેરલ્ડ' ઈ.સ. ૧૭૮૯માં બહાર પાડયું. ઈ.સ. ૧૭૯૦માં 'ધ બોમ્બે કુરિયર' અને ઈ.સ. ૧૭૯૧માં ત્રીજું સાપ્તાહિક ' ધ બોમ્બે ગેઝેટ' નીકળવા લાગ્યું. ઈ.સ. ૧૭૯૨માં 'ધ બોમ્બે હેરલ્ડ' 'બોમ્બે ગેઝેટ' સાથે જોડાઈ ગયું અને સરકારી મુખપત્ર બની ગયું.''[૪]

૨૯ જાન્યુઆરી, ૧૭૯૭માં મુંબઈથી 'બોમ્બે કુરિયર'માં પહેલી વાર ગુજરાતી ભાષા છપાણી. ગુજરાતીમાં પ્રગટ થયેલી આ સરકારી જાહેરખબરમાં રસ્તા પર રખડતા ઢોર અને કૂતરાંને સરકાર પાંજરે પૂરશે અને તેના માલિકને દંડશે તેવા ખબર છપાયા. 'બોમ્બે કુરિયર'માં ગુજરાતી ટાઈપો કોતરનાર પારસી બાવાનું નામ હતું બહેરામજી જીજીભાઈ છાપગર. તેઓ 'બોમ્બે કુરિયર'માં કંપોઝીટર તરીકે જોડાયા હતા. માત્ર મરાઠી કે ગુજરાતી છાપવા માટે ત્યારે મુંબઈમાં એક પણ છાપખાનું નહોતું. 'બોમ્બે કુરિયર'નું છાપખાનું કયારેક કયારેક મરાઠી ગુજરાતીમાં પુસ્તકો છાપતું. અહીંથી જ પહેલું ગુજરાતી પુસ્તક બહાર પડયું.ઈ.સ. ૧૮૦૮માં બહાર પડેલા એ પુસ્તકનું નામ નામ હતુ 'ઈલેસ્ટ્રેશન્સ ઓફ ધ ગ્રામેટિકલ પાર્ટસ ઓફ ધ ગુજરાતી મહરટ્ટ એન્ડ ઈંગ્લિશ લેંગ્વેજિસ'.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેના અંગ્રેજ લેખક હતા રોબર્ટ ડ્રમન્ડ. ઈ.સ. ૧૮૦૪માં બહેરામજી છાપગરનું અવસાન થયું. ત્યારબાદ તેમના દીકરા જીજીભાઈ છાપગરે ઈ.સ. ૧૮૧૪ થી ૧૮૫૧ની ફેબ્રુઆરીની બીજી તારીખે એમનું અવસાન થયું ત્યાં સુધી તે બોમ્બે કુરિયરના વડા પ્રિન્ટર રહ્યા હતા.

તેમના વિષેની મરણ નોંધ નીચે પ્રમાણે હતી.:

''તા. ૨જી ફેબ્રુઆરી, ૧૮૫૧ રોજ ૯ માહ ૬(ક) ૧૨૨૦ યઝદેજરદી.

મરણ : જીજીભાઈ બહેરામજી છાપગર, ઉંમર વરસ ૫૨. શેઠ બહેરામજી જીજીભાઈ છાપગરના દીકરા તે શેઠ દોરાબજી જીજીભાઈ અને દીનશાહ જીજીભાઈના બાવા. એવણ ઈ.સ. ૧૮૧૪માં અંતરેના 'બોમ્બે કુરિયર' છાપખાનામાં બીબાં ગોઠવનાર તરીકે રહ્યા હતા. તે પછી ઈ.સ. ૧૮૨૫ થી પોતાના મરણ સુધી તે છાપખાનાના વડા પ્રિન્ટર તરીકે હતા. ઈ.સ. ૧૮૧૫માં એણે પહેલીવહેલી 'ખોરદેહ અવસ્તા'ની ચોપડી છાપી ગુજરાતી બીબામાં પરગટ કીધી હતી. અતરેના પારસીઓમાં એવણ ઘણા જાણીતા અને વગવાલા હતા.''[૫]

## ☸ પહેલું ગુજરાતી છાપખાનું:

જીજીભાઈ છાપગર અને ફરદુનજીને ભાઈબંધી હતી. તેઓ બાઈન્ડિંગનું કામ મેળવવા અને જીજીભાઈને મળવા અવારનવાર ત્યાં જતા. બહેરામજી છાપગરે બનાવેલા ટાઈપ ત્યાં પડેલા તે કોઈ વખત ફરદુનજીની નજરે ચડયાં હશે અને ગુજરાતી છાપખાનાની શરૂઆત કરવાના અરમાન જાગ્યા હશે.

શ્રી દીપક મહેતાએ તેમના પુસ્તકમાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો છે, ''એ જમાનામાં છાપખાનું શરૂ કરવું એ કંઈ ખાવાના ખેલ નહોતા. લાગવગ લગાડીને લાકડાનો એક દાબપ્રેસ મેળવ્યો. જેમ તેમ કરી છાપવાનો બીજો સરંજામ ઊભો કર્યો. ગુજરાતી બીબાં માટે જીજીભાઈની દોસ્તી કામ આવી, પણ સીધી તફડંચી કરી નહીં. જીજીભાઈ પાસેથી ટાઈપ ઓટતાં ફરદુનજી જાતે શીખ્યા. પોતાના હાથે ગુજરાતી ટાઈપનો એક સેટ તીખા લોઢા પર કોતર્યો. જાતે જ તાંબાની તકતીઓ ઠોકી અને જાતે જ એને સીસામાં ઓતી ટાઈપ પાડયા. આ ટાઈપો પાડવા, ઘસવા, સાફ કરવા ઘરનાં બૈરાં છોકરાંને કામે લગાડયાં. ૧૮૧૨માં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈમાં કોટ વિસ્તારમાં જૂની માર્કેટની સામેના એક મકાનમાં પહેલા વહેલા ગુજરાતી છાપખાનાની ફરદુનજીએ શરૂઆત કરી.''[૬]

ફરદુનજીએ અંગ્રેજોના સમયમાં ગુજરાતી છાપખાનું ચાલુ કરવાનું બીડું ઝડપ્યું હતું. તેઓ પારસી હતા અને પારસી કોમ નાની હોવા છતાં આ કોમનાં સ્ત્રી પુરુષોએ ઉદાર દિલથી ગુજરાત અને ભારતની સેવા કરી છે. ધર્મઝનૂનનો તો છાંટો પણ ન મળે ! વેપાર,ઉદ્યોગ, સાહિત્ય,યંત્ર વિજ્ઞાન એમ બધાજ ક્ષેત્રોમાં પારસીઓનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. આ પારસી બાવાની મોટાઈ તો જુઓઃ આટલી મહેનત કર્યા પછી પણ તેમણે ન તો નામકરણ વિધિ કરી કે પોતાના નામનું પાટિયું ઝૂલાવ્યું. છતાં લોકો તેને 'ગુજરાતી છાપખાના'ને નામે ઓળખતા.

ફરદુનજીએ ઈ.સ. ૧૮૧૪માં સંવત ૧૮૭૧નું પ્રથમ અંગ્રેજી પંચાંગ પ્રગટ કરેલું. છાપખાનું તો ૧૮૧૨માં જ શરૂ થઈ ગયેલું હતું અને પંચાગ છેક બે વર્ષે બહાર પડયું તો વચ્ચેના ગાળામાં ત્યાં શું છપાયું તેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. સંભવ છે કે લોકોનાં કે સરકારનાં નાનાં મોટાં છાપવાનાં કામ કરતા રહ્યા હોય. ૧૮૧૪માં ગુજરાતી ભાષાનું પ્રથમ પંચાગ છપાયું ત્યારે ઘણી સોંઘવારી હતી. છતાં કિંમત રાખી હતી, બે રૂપિયા. છતાં પહેલે જ વર્ષે પંચાંગની નકલો ચપોચપ વહેંચાઈ ગઈ. જયોતિષ,ખગોળવિદ્યા,રાશિચક્ર અને હિંદુ તથા જૈન તહેવાર દર્શાવતું આ સૌપ્રથમ પ્રિન્ટેડ ગુજરાતી પંચાંગ હતું. ત્યારબાદ તેમણે પારસી પંચાંગ પણ પ્રગટ કર્યું. આ રીતે ફરદુનજીએ વ્યાપાર અને હુન્નરઉદ્યોગરૂપી મોટી થાપણ ભેગી કરી. બીજે વરસે ફારસી કિતાબ 'દાબેસ્તાન'નો ગુજરાતી તરજુમો રૂા.૧૫ની કિંમતે બહાર પડયો. તરજુમો કરનાર અને છાપનાર બંને ફરદુનજી જ હતા. એ જ વર્ષે ઓકટોબરમાં 'ફલાદીશ' (ફળાદેશ) નામનું જયોતિષનું પુસ્તક છાપ્યું.

૧૮૦૮માં છપાયેલું ડ્રમાન્ડનું પુસ્તકએ ગુજરાતીમાં છપાયેલું પહેલું પુસ્તક ખરું, પણ એ ત્રિભાષી પુસ્તક છે– ગુજરાતી, મરાઠી, અંગ્રેજીમાં છપાયું છે. 'ફલાદીશ' એ કેવળ ગુજરાતીમાં ગુજરાતી છાપખાનામાં છપાયેલું પહેલું પુસ્તક છે. ઈ.સ. ૧૮૨૬માં એમણે ગૌશીતળાની સમજણને લગતું પુસ્તક છાપ્યું જેને તે સરકારે પોતાને ખર્ચે પ્રજામાં મફત વહેંચ્યું હતું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આમ ગુજરાતી ભાષાના પહેલા છાપખાના મારફત ફરદુનજીએ ગુજરાતી ભાષી લોકો માટે જાણે જ્ઞાનની પરબ માંડી આપી. ઈ.સ. ૧૮૧૨ થી ૧૮૨૨નાં દસ વર્ષ છૂટક ચોપડીઓ છાપવામાં ગયાં. ઠીક ઠીક સફળતા પણ મળી. પોતે લખેલાં કે અનુવાદ કરેલાં જે પુસ્તકો ફરદુનજીએ પ્રગટ કર્યાં હતાં તેમાંથી ૨૦ જેટલાં પુસ્તકો અંગેની માહિતી આજે ઉપલબ્ધ છે. જેનીવધુ માહિતી આગળ વિગતે આપવાનો ઉપક્રમ છે.

દસ વર્ષમાં છાપકામમાં બરાબર માંડ હાથ બેઠો ત્યાં પારસીઓ કહે છે તેમ ફરદુનજીના માથામાં એક નવો કીડો ચવડી આયો. પુસ્તકો દ્વારા તેમણે પ્રજામાં વાંચનનો શોખ તો ઊભો કરી જ દીધો હતો. ૧૮૨૨માં તેમને ફરી કાંઈક નવું કંઈક અલગ કરવાની ચળ ઉપડી 'શરી મુમબઈના સમાચાર' ભારતનું સર્વ પ્રથમ ગુજરાતી અખબાર શરૂ કર્યું.

## ❁ શરી મુમબઈના શમાચારઃ

ફરદુનજી મર્ઝબાન અને શરી મુમબઈના સમાચારને એક બીજાના સમાનાર્થી કહી શકાય. 'મુંબઈ સમાચાર'ની વાત કરતા હો ત્યારે ફરદુનજીનો ઉલ્લેખ તો સૌપહેલાં જ આવે તેવી જ રીતે ફરદુનજી વિશે ચર્ચા થાય તો પહેલું નામ 'મુમબઈ સમાચાર'નું આવે. ફરદુનજીએ સૌ પહેલું છાપખાનું કેવી રીતે શરૂ કર્યું તે આગળના પ્રકરણમાં જોયું હવે તેણે પ્રથમ અખબાર 'મુંબઈ સમાચાર' કેવી રીતે શરૂ કર્યું તે હવે પછીનો પ્રકરણમાં વિગતવાર જોઈશું પણ તેનો અહીં સંક્ષિપ્ત ઉલ્લેખ જરૂરી છે.

ગુજરાતી છાપખાનામાં વિવિધ ચોપડીઓ અને પંચાંગ છાપીને ફરદુનજી પાસે થોડી મૂડી એકઠી થઈ હતી. ભારતની દેશી ભાષામાં સર્વ પ્રથમ અખબાર સિરામપુરના વિલિયમ કેરે અને બીજી મિશનરીઓએ ઈ.સ.૧૮૧૮ના ૨૩મી મેના રોજ 'સમાચાર દર્પણ' નામનું પ્રથમ બંગાળી સાપ્તાહિક શરૂ કર્યું હતું. મુંબઈના સમગ્ર ઈલાકામાં એક પણ દેશી અખબાર ન હોતું. દસ વર્ષના છાપકામના અનુભવ બાદ ફરદુનજીની ઓળખાણ ઘણી વધી ગઈ હતી.

મિત્રો અને શુભચિંતકોના ટેકાથી ફરદુનજીની હિંમત વધી અને સમગ્ર દુનિયાનું સૌથી પહેલું ગુજરાતી અખબાર શરૂ કરવાની પહેલ કરી. ફરદુનજી જે અખબાર બહાર પાડવાના હતા તેની એક નમૂનેદાર જાહેરાત એટલે કે મદેહનજર તા. ૧૦ જૂન, ૧૮૨૨ના રોજ બહાર પાડી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

શ્રી દીપક મહેતાએ તેમના પુસ્તકમાં નોંધ્યું છે કે, ''ફરદુનજીના આ છાપાનું લવાજમ એ વખતે મહિને બે રૂપિયા જેટલું મોંઘુ હતું છતાં આ જાહેરખબરની સારી અસર થઈ અને લગભગ દોઢસો ગ્રાહકોનાં લવાજમો થોડા દિવસમાં આવી ગયાં. જેમાં ૧૪ અંગ્રેજ, ૮ હિંદુ, ૬ મુસલમાન અને ૬૭ પારસીઓ હતા. ૫૦ નકલો ગર્વનર એલ્ફિન્સ્ટનની સરકારે નોંધાવી હતી. આમ દોઢસો નકલના માતબર ફેલાવા સાથે ઈ.સ. ૧૮૨૨ના જુલાઈની પહેલીથી 'મુંબઈ સમાચાર' શરૂ થયું. અઠવાડિક રૂપે શરૂ થયેલું તે મંગળવાર ૩ જાન્યુઆરી, ૧૮૩૨થી દૈનિક બન્યું. આજે પ્રગટ થતાં છાપાઓમાં માત્ર ભારતમાં નહીં આખા એશિયા ખંડમાં 'મુંબઈ સમાચાર' એ જૂનામાં જૂનું છાપું છે.''[૭]

તેમાં દેશ પરદેશના સમાચારો અને જાહેરાતો ઉપરાંત સંસ્કારી સ્ત્રી પુરુષોની અભિરુચિને પોષે તેવા લેખો પ્રસિધ્ધ થતા. ઈ.સ. ૧૮૭૯માં પ્રસિધ્ધ થયેલ ''શરી મુમબઈ સમાચાર'ની ગુજરાતી ડિરેકટરી આજે પણ અમદાવાદમાં સચવાઈ છે અને તે ખૂબ માહિતી સભર છે. આજના અખબારોએ તેમાંથી કંઈક શીખવા જેવું ભાથું તેમાં પડેલું છે. આજે તો એક 'પ્રોડકટ' બની ચૂકેલા અખબારની મિનિટમાં હજારો નકલ છપાય છે. પણ એ જમાનામાં તે છાપાની દરેક નકલ દાબપ્રેસમાં જાતમહેનતથી ઉપસાવીને છાપવી પડતી. ત્યારે સમાચારો મેળવવા માટે સેટેલાઈટ અને કમ્પ્યુટર જેવાં સાધનો નહતા. રિપોર્ટીંગ માટે આટલી સગવડો નહોતી. અંગ્રેજી કે અન્ય ભાષામાંથી વ્યવસ્થિત સરસ અનુવાદ કરનારાની ખોટ હતી. એ સમયે ફરદુનજીનું આ સાહસ સફળ થયું હતું.

વર્તમાનપત્રના આ પિતામહે એ સમયે સાફસુતરી, સરળ, સ્પષ્ટ, રોચક અને ચોટદાર છતાં મુદ્દાસર લખાણની શરૂઆત કરી. એમને પોતાના અંતરની વાત ખૂબજ આકર્ષક ઢબે જનતા સમક્ષ રજૂ કરી. આજે પણ 'મુંબઈ સમાચાર' તેની જૂની ઢબને વળગી રહ્યું છે. બીજાં અનેક વર્તમાનપત્રો વચ્ચે એક રોજિંદુ વર્તમાનપત્ર હોવા છતાં તે દિવસે ને દિવસે વધુ લોકપ્રિય બનતું ગયું. તેનું મુખ્ય કારણ ફરદુનજીની પુનિત ભાવના અને વાચકોની વૃત્તિ સમજવાની એમની કુનેહ જ છે. અદનો આદમી પણ સરળતાથી સમજી શકે તેવી ભાષા શિષ્ટાચારના સંયમ વડે કહેવાયેલી વાત લોકોને વધુ ગમશે તેવું ફરદુનજી બરાબર જાણતા હતા. એ વિશે તેમણે પોતાની નીતિ પણ જાહેર કરી હતી. આજે લગભગ દરેક



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

છાપામાં જોવા મળતી જન્મ, લગ્ન, મૃત્યુ,આબોહવા, તિથિ વાર વગેરે વિગતો શરૂ કરનાર 'મુંબઈ સમાચાર' અને ફરદુનજીજ છે.

શ્રી રસિક ઝવેરીએ નોંધેલી થોડી વિગતો અહીં નોંધવી યોગ્ય લેખાશે ''વાચકોની સેવા સારી રીતે થઈ શકે એ માટે રૂપિયા અગિયાર હજારનો ખર્ચ કરીને ગુજરાતી બીબાં કોતરાવી મગાવ્યાં એમાં પ્રથમ 'ખોરદેહ અવસ્તા'ની ચોપડી છાપી જેની કિંમત રૂપિયા આઠ રાખી હતી. એ ટાઈપો પછી પચાસ સાઠ વરસ સુધી 'મુંબઈ સમાચાર'માં વાપરવામાં આવ્યાં હતાં. આવી ધગશ અને નિષ્ઠાને કારણે છાપું વગ અને કમાણીમાં વધતું ગયું. ચિત્રોવાળી જાહેરખબર, ચર્ચાપત્રો અને ખબરોનું ધોરણ સુધર્યું. આ ગાળામાં ફરદુનજીના હાથ નીચે ઘણા શિષ્યો કેળવાયા. 'ચાબુક' પત્રના અધિપતિ નવરોજી દોરાબજી ચાનદારૂ, 'રિફોર્મર'ના તંત્રી સોરાબજી દોરાબજી ચાનદારૂ, 'અખબારે સોદાગર'ના માલિક દાદાભાઈ કાવસજી અને તેમના ભાઈ નવરોજી કાવસજી પ્રિન્ટર. 'મુંબઈ સમાચાર'ના ભાવી તંત્રી તહેમુલજી રૂસ્તમજી મીરઝાં અને કાવસજી હોરમજજી મામા, દસ્તુર અસપંદિયારજી ફરામજી રબાડી, જાણીતા છાપખાનાવાળા ગણપત કિષ્ણાજી, ભાવન ગરવાળા દિનયારજી કૈયાજી મિરઝાં વગેરે ફરદુનજીના હાથમાં કેળવાયેલા હતા.''[૮]

## ☸ સફળતા અને જાહોજલાલી :

'મુંબઈ સમાચાર' શરૂ કર્યું તે પછીના દસેક વર્ષ ફરદુનજીની જાહોજલાલી વધતી ચાલી. કોને ખબર હતી કે સૂરતથી ઘરનાં વડવા સાથે જીદ કરીને પરાણે મુંબઈમાં પગ જમાવનાર આ પારસીના આવા સુખદ દિવસો પણ આવશે. અખબારના ફેલાવાની સાથોસાથ પ્રતિષ્ઠા અને માભો પણ વધ્યો. હાકેમો, શાહુકારો, શેઠિયાઓ, વિદ્વાનો, ઉત્તમ વેપારીઓ સાથેની ઉઠક બેઠક અને ઓળખાણ વધી. મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલફિન્સ્ટન અને જોન માલકન તથા એ સમયના સુપ્રસિધ્ધ અંગ્રેજો સાથે એમને સારા સંબંધો હતા. ૧૮૧૯ની ૧લી નવેમ્બરે માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન મુંબઈ ઈલાકાના ગવર્નર પદે નિમાયા હતા. જે કુશળ લડવૈયા, કુશળ વહીવટકર્તા અને પંડિત વિદ્વાન તથા દેશીઓ માટે શુભેચ્છા ધરાવનારા વ્યકિત હતા. ગુજરાતી ભાષાનાં શાળેય પુસ્તકો ૧૮૨૩માં તેણે જ પ્રગટ કર્યાં હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આ સમયે ફરદુનજી તેના સ્વભાવ પ્રમાણે એક જ ધંધાને વળગી ન રહ્યા. 'મુંબઈ સમાચાર'ની સાથોસાથ તેમણે ચીન,કલકત્તાના વેપાર ક્ષેત્રે પણ ઝંપલાવ્યું. વેપાર અર્થે 'હિન્દુસ્તાન' નામનું એક જહાજ પણ ખરીદ્યું હતું. ઈશ્વર સુખ આપે છે ત્યારે બધીજ બાજુએથી આપે છે એ ઉક્તિ મુજબ ફરદુનજીને એક બાજુથી છાપખાનાની જંગી આવક તો બીજી બાજુ વેપારમાં પણ મોટો નફો થતો. ટૂંક સમયમાં જ તે પૈસાદાર લોકોમાં સ્થાન પામ્યા. ઘોડાગાડી, વાડી, બંગલા, નોકર ચાકર અને અન્ય મિલકતના માલિક થયા. ઘણા આશ્રિતોના પાલક બન્યા.

ખેતવાડીમાં તેમણે બે ત્રણ બંગલા લીધા અને ત્યાં સગવડમાં વધારો કરીને ત્યાં જ વસવાટ કર્યો. ખેતવાડીમાં 'કામાબાગ'ને નામે જે વાડી આજે પારસીઓના શુભ પ્રસંગો માટે વપરાય છે ત્યાં ફરદુનજીનો વસવાટ હતો. ત્યાં તેમણે નવો બંગલો બાંધ્યો હતો. રાત દિવસ અખબાર અને વેપારના કામમાં વ્યસ્ત રહેતા હતા. છતાં તેમણે વિદ્યાનો સંગ કદીયે ન છોડયો. અંગ્રેજી અને ઝંદ પહેલવીનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. મિત્રો, વૈદો પાસેથી વૈદિકની તાલીમ લીધી. એ સમયે તેમણે ઘણાં કામો માથે લઈને સફળતાપૂર્વક પાર પાડી આપ્યાં. સમાજ સુધારણાના પ્રખર હિમાયતી એવા ફરદુનજીએ દેશીઓમાં ખાસ કરીને પારસી પ્રજામાં સુધારો દાખલ કરવા હિંમતપૂર્વક લડત ચલાવી એ જમાનામાં તો સુધારાની વાત કરવી પણ પાપ ગણાય. એ સમયે તેમણે એકલે હાથે પારસી પ્રજામાંથી અંધશ્રધ્ધા, વહેમ અને કુરિવાજો કાઢવાની લડત આદરી. મોબેદોના વાજબી હકોની હિમાયત કરીને લડત ચલાવી. જંગલી વહેમો તોડવાની અને હિંદુ મહારાજોની અનીતિ ઉઘાડી પાડવાની ચળવળમાં સૂર પુરાવ્યો. તેને લગતાં ચોપાનિયાં છપાવ્યાં અને વહેંચ્યાં. પુર્નવિવાહની તરફેણમાં અને સતીપ્રથાની વિરુધ્ધમાં તેમણે આગ ઝરતી કલમ ચલાવી. ક્રિમેશન પંથને કબૂલ કરાવવામાં અને એ તરફના લખાણો કરવામાં તેઓએ આગળ પડતી ભૂમિકા ભજવી.

સફળતા અને નિષ્ફળતા એક સિકકાની બે બાજુ જ છે. એક પછી બીજી બાજુ સિકકો ફરે છે અને જિંદગીના પાનાનાં લખાણ ફરી જાય છે ચડતી પછી પડતી આવે ત્યારે માણસની ખરી હિંમત દેખાઈ આવે છે. એવું જ ફરદુનજીના જીવનમાં પણ બન્યું.

## ❁ ભાગ્યની નિષ્ફળતા :



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભાગ્યની સફળતા અને નિષ્ફળતા સિકકાની બે બાજુઓ સમાન છે. ઈ.સ. ૧૮૨૭માં પારસી કેલેન્ડરની કાળ ગણના અંગે વિવાદ શરૂ થયો હતો. ઉગ્ર મતભેદને કારણે કબીસાના આ જટિલ પ્રશ્ન અંગે પારસીઓ કદમી અને શહેનશાહી એવાં બે પરસ્પર વિરોધી જૂથમાં વહેંચાઈ ગયા હતા. આ બધા વિખવાદોનું મૂળ હતું વર્ષની ગણતરીનો પ્રશ્ન. પણ આ પ્રશ્નને બહુ ઓછા લોકો સમજતા હતા. 'મુંબઈ સમાચાર' અને ફરદુનજીએ પણ આ વિખવાદમાં ઝંપલાવ્યું. અખબારમાં બંને પક્ષોની ચર્ચા છપાતી આથી પારસીઓ માટે આ અખબાર ખૂબજ મહત્ત્વનું થઈ પડયું. થોડા સમય માટે વેચાણ અને આવક પણ વધ્યા. ફરદુનજી કદમીઓના પક્ષે રહ્યા હતા. આ મતફેરીએ ઝનૂની રૂપ ધારણ કર્યું. અણબનાવો વધ્યા અને એકબીજા પર આક્ષેપો થવા લાગ્યા. ઉગ્ર અને કડવી ચર્ચાઓ જાહેરમાં થવા લાગી.

શ્રી દીપક મહેતાએ નોંધ્યું છે કે,''ફરદુનજીએ શહેનશાહી પક્ષનાં કેટલાંક લખાણો છાપવાની ના પાડી એટલે એ પક્ષે લીથોગ્રાફ છપાતું, 'અખબારે કબીસ' નામનું પત્ર શરૂ કર્યું અને તેમાં કદમીઓ ઉપર આકરા પ્રહારો કર્યા. તેના જવાબમાં ફરદુનજીએ 'એબતાલે કબીસ' નામનું પત્ર શરૂ કર્યું. 'બોમ્બે કુરિયર' અને 'બોમ્બે ગેઝેટ' જેવા અંગ્રેજી અખબારોમાં પણ આ ઝઘડા અંગે લાંબા લખાણો છપાવા લાગ્યા. બંને પક્ષે પોતપોતાની કમિટિઓ નીમી અને ઝઘડો વકર્યો.''[૯]

પરંતુ બે પક્ષોની આ ઉગ્ર ચર્ચામાં ફરદુનજી પીસાઈ ગયા. શહેનશાહી ટોળાના ગાઢ મિત્રો સાથે તેમને અબોલા થયા. એવામાં આખા વિવાદને લગતી એક અગત્યની ખબર ફરદુનજીને હાથ લાગી અને બધાના સખત વિરોધ છતાં તેમણે તે છાપી. ફરદુનજીની જિંદગીનો કસોટીનો તબ્બકો શરૂ થઈ ચૂકયો હતો. આવા કટોકટીના સમયે પણ તેમણે વિરોધીઓને સણસણતો જવાબ વાળ્યો જેમાં તેમની હિંમત અને ન્યાયપ્રિયતા છલકે છે.

તેમણે કહ્યું કે ''ખુવાર કે પાયમાલ કરવાની ધમકી મને કોઈ આપશો ના. હું તેથી જરા પણ બીહીશ નહિ. ખોદા કોઈને ભૂખો રાખતો નથી અને કકડો રોટલી પેદા કરી મારું પેટ ભરવાનું આ સાધન તો હજી મારી કને છે.'''[૧૦] ઉપરોકત જવાબથી વિરોધપક્ષને ભારે ચટકો લાગ્યો. ઈ.સ. ૧૮૩૦માં તેમણે એક ચાલબાજી ગોઠવી અને ભોળાં ફરદુનજી તેના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સંકજામાં લીધા. તેમણે પોતાના મિત્રને મદદ કરવા જે મકાન ખરીદ્યું હતું તેને વરસ દિવસ પછી ટાંચમાં લાવી લિલામ કરવામાં આવ્યું. ફરદુનજી ગૂંચવાયા એટલે તેમના ભાગવાની અફવા આખા શહેરમાં ફેલાવવામાં આવી.

એજ અરસામાં એટલે કે ઈ.સ. ૧૮૩૦માં એમના ઉસ્તાદ અને ગુરુ તથા માર્ગદર્શક દસ્તુર મુલ્લા ફિરોઝ જિન્નતગુઝીન થયા. આ વાતનો આઘાત હજી સહન નહોતો થયો ત્યાં એમનું 'બ્રીગ હિન્દુસ્તાન' નામનું વહાણ કલકત્તા જતાં માર્ગમાં જોખમાયું અને વીમાવાળાઓએ ઘરમેળે સમજૂતી કરી ઓછા રૂપિયામાં પતાવટ કરી. વળી ઈ.સ. ૧૮૩૧માં ચીનના વેપારમાં પણ નુકશાની થઈ. ચીનથી વળતા અવેજમાં પુષ્કળ સાકર આવી પડી અને મુંબઈમાં ખાંડનું બજાર બેસી ગયું. સ્વીકારેલી હૂંડીઓની રકમ ભરપાઈ થઈ શકી નહી અને જે લેણું બાકી હતું તે લેણદારો ફરી બેઠાં થયા ચારેબાજુથી મુસીબતોથી ઘેરાયેલા ફરદુનજીને મિત્ર પણ કપટી મળ્યાં.

એ સમયે ફરદુનજી પાસે કિમતી છાપખાનું અને મોટી મિલકતો હતી પણ મૂંઝાયેલી મતિ થી કાંઈ ન સુઝયું. લેભાગુ મિત્રો જેવા દુશ્મનોની વાત માની તેઓ તરત મુંબઈ છોડી વસઈ જઈને રહ્યા. તેમના લેણદારોએ ઉશ્કેરાઈને ફરિયાદો માંડીને ટાંચ કઢાવી. પછી તો છાપખાનું, વાડી, બંગલા બધી મિલકત પર જપ્તી આવી. સમાધાન ના બદલે વધુ ગૂંચવણો ઊભી થઈ. આફતોના પહાડ નીચે દબાઈ ગયેલા ફરદુનજી તા. ૧૧ ઓકટોબર, ૧૮૩૨ના દિવસે વસઈથી નીકળીને દમણ જઈને વસ્યા. આમ, ફરદુનજીના ભાગ્યએ ફરદુનજીને નિષ્ફળતાનો સ્વાદ પણ ચખાડયો.

## ☸ વિદાય અને નવી શરૂઆત

દસ વર્ષ અને ૪૪ દિવસ સુધી 'મુંબઈ સમાચાર'ને સુપેરે ચલાવ્યા પછી ૧૮૩૨ના ઓગષ્ટની ૧૩મી તારીખે તેમણે પોતાના વહાલા અખબારમાંથી વિદાય લીધી. પોતાના સંતાનની માફક જે છાપાનું જતન કર્યું હતું, એને પોતાના શિષ્ય તહેમુલજી રુસ્તમજી મીરઝાને સોપ્યું. ફરદુનજીએ પોતાના એ અખબારી વારસદારને આપેલી યાદગાર અને બેનમૂન શિખામણ આવનારી પેઢીએ પણ દિલમાં ઉતારી રાખવી જોઈએ. આ 'અલવિદા'ની નોંધ અહિં શ્રી રસિક ઝવેરીએ નોંધી છે તે મુજબ,



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

"અમારા સમાચારપત્રના વાંચનારા સાહેબોની સેવામાં મોટી નમનતાઈથી આજ્ઞા માગી પોતાની છેલ્લી વિનંતી પ્રગટ કરીએ છીએ જે અમારે આ મુંબઈના સમાચારનું પત્ર ઊભું કર્યાને વરસ દસ થયાં અને એની આગમચ ગુજરાતી ભાષામાં બલકે શ્રી હિન્દુસ્થાનની કોઈ ભાષામાં પ્રગટ થયેલું વર્તમાન કે સમાચાર પત્ર અમારા જોવામાં આવ્યું હતું નહિં. અને ઉપર કહ્યાં તે વરસો મધ્યે જે રીતે અમારાથી બની આવ્યું તે પ્રમાણે સમાચારો અને વર્તમાનો અને સંદેશાઓ તથા બીજી વાર્તાઓ જે કંઈ આપણા ગુજરાતી વાંચનારાઓને કામ જોગ નજર આવી તે તમો સાહેબોની કૃપાથી પ્રગટ કરી. તે સાથે ગુજરાતી બોલીમાં ઊપજવાનું બળ થયું અને એ કામની આંખોએ રોશની પકડી તેથી અમે ઘણા જ મગન છીએ અને વળી તે સાથે અમે પરમેશ્વર પાસે માંગીએ છીએ કે હાજર કરવાને ઢીલ રાખી નહિ. હવે પરમેશ્વરની દયાથી એ મુંબઈના સમાચાર ઉપજયા પછી બીજાં ઘણાં એક વર્તમાનપત્રો હિન્દુસ્થાનની વપરાતી બોલીઓમાં નીકળ્યાં છે અને કોઈ કામ વળી અમારાથી એવું ઊભું થજો કે જેથી અજાણ્યું હોય તે જાણીતું થાય. હવે અમો તમો વાંચનારા સાહેબોથી આ લાંબુ વાંચવાની મહેનતનો આભાર જાણી આજ્ઞા માગી જાહેર કરીએ છીએ કે અમોએ જેમ બની આવ્યું તેમ મહેનત લઈ એ કામ ઘણા દિવસ સુધી ચલાવ્યું.

અને એ મુદત મધ્યે કેટલાક છોકરાઓને એ કામમાં રાખી કેળવ્યા. તેમાંથી અમોએ અમારો આ હોદો છોડીને કોને સોંપીએ છીએ કે જેણે અમારી ઈચ્છા પ્રમાણે કેળવણી લીધી છે. અને તેના હાથ તળેના બી તે જ પ્રકારના કેળવાયેલા છે અને જેના ઉપર અમારો પાકો ભરોસો છે કે અમારી ઘણાં વરસોની એ કેળવણીને ઠપકો નહિ અપાવે તથા પોતાના નામીચા ધરાણાનું માન સંભાળવાની ધાસ્તીથી એ કામને અમારા કરતાંયે ઘણું જ સરસ અને વધારે મહેનત લઈ મોટા શાણપણથી ઘણી એક ઊલટ સાથે નિભાવી રાખશે અને તે સાથે બીજાઓનાં લખેલાં ચર્ચાપત્રો જેને લોકો ટંટાના મૂળ જાણે છે તેથી તથા તેના પ્રશ્ન ઊતર કરવાથી અમારી પેઠે જ તદ્દન વેગળા રહેશે. અને સારું માઠું બોલવા અને પીછાનવા થકી પોતાની બુધ્ધિ દોડાવવાને ચૂકશે નહિ અને સમાચારની ગુજરાતી ભાષા જેવી લખાય છે તેવી લખવાનો જ ચાલ રાખવો. તે મધ્યે ઘણી ફારસી, અરબી,સંસ્કૃત, અંગ્રેજી ભેળવવી નહિ કે જેથી કરીને પારસી તથા હિન્દુ સહુની સમજમાં આવે અને વળી તે સઘળા સાથે ધર્મ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આચારની ભાંજગડોમાં દરેક ધર્મશાસ્ત્રના વડાની આજ્ઞા વિના પોતાના પત્રમાં એ ભાંજગડને કવચિત ખેંચશે નહિ એવો  જે વખાણવા જોગ છે તેને અમો આજથી આ મુંબઈ સમાચારના પત્રના આધિપતિપણાનો અધિકાર સોંપ્યો છે. તે ઉપર કહેલી અમારી ચાણાંકોથી કવચિત ફરનાર નથી તેથી અમોને ઘટારત થયું કે પોતાની બરોબરીનો લેખીને માનથી એ કામ હવાલે કરવું અને એ સોંપતાબી અમારા પુરાતન સમાચારપત્રના વાંચનારાઓની સેવા કરવાને કશી પાંતીએ વેગળા રહેનાર નથી.''[૧૧]

જયારે કોઈ વ્યકિત પોતાના પ્રાણથી પણ પ્યારી વસ્તુનો ત્યાગ કરતી હોય ત્યારે કેવી કારમી વેદના થાય તે અહીં ફરદુનજીએ શબ્દો દ્વારા વ્યકત કર્યું છે. આમ, 'મુંબઈ સમાચાર' સાથેનો એમનો દુન્યવી સંબંધ પૂરો થયો. આ સાથે નવી જિંદગીની શરૂઆત થઈ. ચઢાણ તો કપરુ હતું પણ ફરદુનજીના ઈરાદા બુલંદ હતા.

એ સમયના સારા બંદરોમાં જેની ગણના થતી એવા દમણમાં ફરદુનજી શેઠ કાવસજી,બહેરામજી ભરડાને ઘરે ઉતર્યા જે ત્યાંના સૌથી મોટા વેપારી હતા. પોતાની આવી પડતીના સમયમાં ફરદુનજીએ 'ગુલેસ્તાન'નો ગુજરાતી તરજુમો કરવાનું કામ કર્યું. આ ઉદ્યમી જીવ ફરી એકવાર કમર કસીને કર્તવ્ય બધ્ધ થાય છે. દમણના ભલા અને કદરદાન ગર્વનરના આગ્રહથી ફરદુનજીએ લીથોગ્રાફનો એક નાનો પ્રેસ નાખવાનો વિચાર કર્યો.

શ્રી રસિક ઝવેરી નોંધે છે કે,''સુડતાળીસ વરસની વયે ફરદુનજીના નસીબમાં એકડે એકથી શરૂ કરવાનું સરજાયું. પોતાના હાથે લીથો ગ્રાફની કોપીઓ લખી પોતાના બે નાના દીકરાને પ્રેસ દાબવાના હાથા પર ટીંગાડતા અને પોતે તથા એમના દીકરા પ્રેસને ફેરવતા. આવી આફતોનો ધીરજથી સામનો કરી ઈ.સ. ૧૮૩૩માં ફારસી 'આમ દનનામા અને કરીમા'ની એક નાની ચોપડી કાઢી અને પછી 'સંસાર વહેવાર'ની એક ચોપડી પોતે જ રચી અને પોતે જ લખીને છાપી.'[૧૨]

ફરદુનજી મર્ઝબાન સંસ્કૃત ભાષાના અભ્યાસુ હતા તેમણે સૌપ્રથમ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ગુજરાતી ભાષામાં કંડારવાનો વિચાર કર્યો હતો. પણ તેમને થયું કે તે સામાન્ય લોકોને ઘણો ભારે પડશે. જયારે 'પંચતંત્ર'તો બાળકોથી માંડીને વૃધ્ધજનો સુધી બધાં હોંશે હોંશે વાંચશે અને માણશે. તેથી તેમણે ૧૮૨૪માં 'પંચોપાખ્યાન' શીર્ષક હેઠળ નમૂનેદાર ગ્રંથ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈથી પ્રસિધ્ધ કર્યો. ગુજરાતી ભાષામાં આ ગ્રંથ સૌપ્રથમ પ્રસિધ્ધ કરવાનું માન આ પારસી વિદ્વાન ખાટી જાય છે. 'પંચોપાખ્યાન' એવું તો લોકપ્રિય બન્યું કે તેની ૧૮૩૨માં બીજી આવૃત્તિ થઈ. ત્યાર બાદ ૧૮૪૮માં આ ગ્રંથ અમદાવાદમાં છપાયો અને તે સચિત્ર છે. આજે તો ગુજરાતી બાળકો, યુવાનો અને સૌ લોકો વાંચે અને માણે તેવી આકર્ષક ડિઝાઈનમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓમાં પંચતંત્રની પુસ્તિકાઓ છપાઈ ચૂકી છે પણ તેના પાયામાં તો ફરદુનજી જ છે.

'પંચતંત્ર' વિશે સૌ વિદ્વાનોએ એકી અવાજે કહ્યું છે કે, પંચતંત્ર વૈશ્વિક કક્ષાનો અમૂલ્ય ગ્રંથ છે અને તે જ્ઞાન સાથે મનોરંજન પૂરું પાડવાની દષ્ટિએ અજોડ છે. ભારતે આ ગ્રંથ રચીને વિશ્વ સાહિત્યને અજોડ ભેટ આપી છે. ગુજરાતી ભાષા અને ગુજરાતી પ્રજા માટે તેમને ઉત્કટ પ્રેમ હતો. ફરદુનજીની ધગશ અને ઉદ્યમ બેજોડ હતાં.

ફરદુનજીએ પોતાની પડતીના સમયે પણ એમણે સાહિત્ય સર્જનમાં મનનું સમાધાન શોધ્યું છે. ફરદુનજીનું ફારસીભાષાનું જ્ઞાન ઘણું પુખ્ત હતું. દમણમાં એમની પાસે ફારસીભાષાનું એક માતબર પુસ્તકાલય હતું. અસલ તો એ પુસ્તકાલયમાં એમના વડવા કાઉસ મુનઅજજએ વસાવ્યું હતું. ફરદુનજીએ પાછળથી તેમાં પોતાની રીતે વધારો કર્યો હતો. પહેલાં તો કિતાબખાનું મુંબઈમાં હતું, પછી એક હિતેચ્છુની મદદથી તે દમણમાં મેળવ્યું. કટોકટીના સમયે એમાંની અમુક ચોપડીઓ દુઃખી હૃદયે વેચી નાખવી પડી હતી. એમના મૃત્યુ બાદ આખું કિતાબખાનું વેરવિખેર થઈ ગયું હતું. એમણે ભાષાંતર કરેલાં કે પોતે લખેલાં પુસ્તકોની યાદી નીચે દર્શાવી છે.

(૧) 'દાબેસ્તાન ઉલ મજાહેબ' : પહેલીવાર ૧૮૧૫માં, બીજીવાર ૧૮૪૫

(૨) 'કરીમા બા માએની': પહેલીવાર ૧૮૨૭માં, બીજીવાર ૧૮૩૫માં, ત્રીજીવાર ૧૮૪૬

(૩) 'ગૌશીતળાની ઉત્પતિ તથા ગુણો વિશેનો ખુલાસો', ૧૮૩૪

(૪) 'પંદનામ એ મુલ્લા ફિરોઝનો ગુજરાતી તરજુમો',૧૮૩૪

(૫) 'ગુલેસ્તાન' નો તરજુમો : પહેલીવાર ૧૮૩૮, બીજીવાર ૧૮૪૯

(૬) 'શરીરશાંતિ': ૧૮૪૧



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

(૭) 'અદલ કવિનો તરજુમો': ૧૮૪૧

(૮) 'જમશેદીનો રોજની ગણતરી બાબે રેસાલો': ૧૮૪૧

(૯) 'પંચોપાખ્યાણ'

(૧૦) 'ગથરીસ તથા મરેના ગરામર' ના તરજૂમો

(૧૧) 'રાગસ્થાન પોથી'

(૧૨) 'સંસાર ચોપડી'

(૧૩) 'અવીજેહૂ દીન'

(૧૪) 'સેતા મશે સીરૂજ'

(૧૫) 'અંક ગણિત'

(૧૬) 'બુર્હાને કાતેઅ' (ફારસીમાં)

(૧૭) 'આમદન અને કરીમા' (ફારસીમાં)

(૧૮) 'કામાવંતીની વાર્તા' (કવિતામાં)

(૧૯) 'નંદ બત્રીસીની વાર્તા' (કવિતામાં)

(૨૦) 'ગુલેબ કાવલી' (કવિતામાં

(૨૧) કબીસા સબંધી ચાલેલી તકરારોની વિગત તથા પત્ર

(૨૨) જુદા જુદા કદની 'ખોરદેહ અવસ્તા' (આઠવાર)

''જયારે ૧૯૪૧માં તેમણે વૈદકને લગતું 'શરીર શાન્તિ' નામનું પુસ્તક લખ્યું અને છાપ્યું ત્યારે મુંબઈના ગર્વનરની કાઉન્સિલે આ પુસ્તકની ૨૫ નકલ ખરીદી હતી. એટલું જ નહી, જો ફરદુનજી તેનો મરાઠી અનુવાદ કરાવે તો સરકાર પોતાના ખર્ચે છાપી આપશે અને તેની અમુક નકલો ફરદુનજીને આપશે એમ પણ જણાવ્યું હતું. ફરદુનજીએ પોતે તો મુંબઈ છોડયા પછી ફરી ત્યાં પગ ન મૂકયો. પણ વખત જતાં પોતાના ત્રણ દીકરાઓને મુંબઈ મોકલી ત્યાં ૧૮૪૧માં નવું છાપખાનું શરૂ કરાવ્યું જે પાછળથી 'દફતરે આશકારા' તરીકે ઓળખાયું.''[૧૩]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જિંદગીનાં પાછલાં વર્ષોમાં જિંદગીમાં એકડેએકથી શરૂઆત કરવી એ કાંઈ નાની સૂની વાત નથી. પરવરદિગારની ઈચ્છા માથે ચડાવીને ધીરજ, હિંમત, કુનેહ અને સ્નેહ પૂર્વક તેમણે નવી શરૂઆત પણ ઉત્તમ કરી બતાવી...

## ❁ લોકલાડીલા સમાજ સુધારક :

ફરદુનજી સમગ્ર જીવન દરમ્યાન કંઈને કંઈક નવું શીખતા જ રહ્યા. તેમની શીખવાની ધગશ કંઈ અજબ ગજબની હતી. નાનપણમાં વૈદુ શીખવાથી માંડીને જીવનના અંત સુધી શીખવાનું ચાલું જ રાખ્યું. જયારે તે મુંબઈ રહેતા હતા ત્યારે ત્યાં ગણ્યા ગાંઠયા ડૉકટરો જ હતા. પાછળથી દમણમાં વસ્યા. ત્યાં તો એક પણ ડૉકટર નહી. અહીં તેમના વૈદક જ્ઞાનની લોકોને જાણ થઈ અને પછી તો કોઈ જરા માંદું પડે કે ફરદુનજીના ઘરની વાટ જ પકડે. તેઓ અંગ્રેજી, યુનાની અને દેશી દાવાઓનો તેઓ ઉપયોગ કરી જાણતા અને દર્દીની ચિકિત્સા કરવામાં ઘણી સંભાળ રાખતા. આથી તેમનું નામ લોકપ્રિય થઈ ગયું.ઘરમાં હોસ્પિટલ જેવો ઘાટ થઈ ગયેલો.

તેઓની મહાનતા તો જુઓ ! તેઓએ કયારેય તેમના આ જ્ઞાનનો ઉપયોગ ધંધાદારી રીતે નહોતો કર્યો. ધાર્યું હોત તો આ આવડતથી ઘણી મિલકત ઊભી કરી શકયા હોત. પણ ફરદુનજી નોખી જ માટીના હતા. ગરીબ અને અશકત દર્દીઓને ઘરે જઈને પણ તેઓ પોતાનો ધર્મ બજાવતા. જો કોઈનું દર્દ વધું જણાય તો તેનો અહેવાલ મુંબઈ મોકલીને ત્યાંના ડૉકટરની સલાહ પણ પૂછાવતા. તન, મનથી કરેલું આ જન ઉપકારી કામ માટે એ સમયના ગવર્નરે ખુદ પોતાને હાથે એક પત્ર લખીને ખૂબ લાગણીભર્યા શબ્દોમાં એમનો આભાર માન્યો અને જે પણ મદદ જોઈએ તે સરકાર તરફથી આપવાની અપીલ કરી હતી.

ફરદુનજીએ તરત જ જવાબ વાળ્યો.''હું જે કંઈ મારી અદના શકિત અને સમજણ પ્રમાણે કરી રહ્યો છું. તે મારી એક ઈન્સાન તરીકેની ફરજ છે. એમાં સરકાર પર કે કોઈ પર લેશ પણ ઉપકાર કરતો નથી. ''કૉલેરા માટે શું ઉપાયો કે સાવચેતીનાં પગલાં લેવાં જોઈએ એની એક યાદી ઘડીને સરકાર પર મોકલી. સરકારે તરત ઢંઢેરો પીટાવીને ફરદુનજીના સૂચવ્યા પ્રમાણે સફાઈ રાખવાની તથા પીવાના પાણી અને ખાવાની જણસોની સંભાળ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

રાખવાની રૈયતને ફરજ પાડી. એ પછી થોડા વખતમાં રોગ નાબુદ થયો. આમ વૈદક જ્ઞાનની ચોપડીઓ કાઢવાની પહેલ કરનાર પણ ફરદુનજી જ હતા."[૧૪]

જે લોકો સાચા હૃદયથી સમાજની સેવા કરે છે અને માનવતાનું જતન કરે છે તેમને લોકલાડીલાનું બિરુદ મળે છે. મોબેદ ફરદુનજી પહેલેથી જ સુધારાની તરફેણમાં હતા. કહેવાય છે કે 'સમાજ સુધારો કરવો હોય તો શરૂઆત તમારા ઘરથી જ કરો'. ફરદુનજીએ જરથોસ્તી ધર્મમાં મના ફરમાવેલી બધી વહેમી રસમો એમણે પોતાના કુટુંબ કબીલામાંથી દૂર કરી હતી. તેઓએ સદા પોતાને જે સત્ય લાગ્યો એજ પંથ હિંમતથી અપનાવ્યો.

સ્ત્રી કેળવણીના જબરા હિમાયતી ફરદુનજીએ પોતાના કુટુંબની બાનુઓને વાંચવા લખવા ઉપરાંત ગાયનકળાની કેળવણી પણ આપી હતી. તેઓ માટે ખાસ ગીતો લખ્યાં હતાં.તેઓએ વહેમ, જાદુ, જંતર–મંતર, દોરા ધાગા વગેરે વિશે પણ હંમેશા વિરોધ કર્યો હતો.

### ❁ સાહિત્યપ્રેમી મોટા દિલના માનવી :

'સૂરતના મુંબઈગરા' ફરદુનજી મર્ઝબાન ગુજરાતના સાચા અર્થમાં ઘડવૈયા હતા. ફરદુનજીએ ગુજરાતી સાહિત્યના પાયાના પથ્થર ગણી શકાય. આજથી બસો વર્ષ પહેલાં જયારે લોકો ભાષાથી અજાણ હતા. ત્યારે સીધી, સરળ, બોલચાલની હૈયામાંથી નીકળતી વાણીને ફરદુનજીએ અક્ષર દેહ આપ્યો હતો. જે સમયે ફરદુનજીએ ગુજરાતી ભાષાનું ખેડાણ કર્યું ત્યારની અને અત્યારની ભાષામાં આપણને જમીન આસમાનનો ફેર જણાય છે. જે સ્વાભાવિક છે. એ સમયે છાપકામની પણ ઘણી મર્યાદાઓ હતી અને વ્યાકરણની પણ સમજ ઓછી હતી. આજે જે અશુધ્ધ લાગે છે તે ભાષા તે સમયે સાફ ગણાતી. એ જમાનામાં ફકરા પાડવાનો પણ રિવાજ નહોતો. પૈસા માટે નહી, કીર્તિ માટે પણ દુઃખના ગમને ભૂલાવા માટે આ વિદ્વાન ધર્મગુરુ સાહિત્યની ઉપાસનાનો માર્ગ અપનાવે છે. ફરદુનજીનું દષ્ટિબિંદુ હંમેશા વાચકની નજરે જોવાનું હતું એટલે તેમણે એજ રીતે પોતાની ભાષા વિકસાવી. તેમનો વિદ્યાવ્યાસંગ પણ ગજબનો હતો. પોતાની પડતીના વખતમાં પણ તેમણે અન્ય કોઈ ખોટો માર્ગ અપનાવવાને બદલે સાહિત્યના સર્જનમાં મનની શાંતિ શોધી. ફરદુનજીનું ફારસી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભાષાનું જ્ઞાન ઘણું હતું. દમણમાં એમની પાસે ફારસી ભાષાનું એક માતબર પુસ્તકાલય હતું. એમના મૃત્યુ બાદ પુસ્તકાલય વેરવિખેર થઈ ગયું.

ફરદુનજી વિશાળ મન ધરાવતા હતા અને શારીરિક તંદુરસ્તી પણ સારી હતી. શ્રી રસિક ઝવેરીએ નોંધ્યું છે કે,''મરહૂમ દસ્તુર મુલ્લા ફિરોજ સાહેબ ઈરાનથી જે પોશાક પહેરી આવ્યા હતા જેને ત્યારે પારસીઓ શાલના ફેંટા કહેતા તેવા ફેંટા, સાહયા તથા કુબાહ, ફરદુનજીએ પોતાના ફરજંદોમાં પણ દાખલ કર્યા હતા. ખૂબસુરત ચહેરો મહોરો ધરાવતા ફરદુનજી ખુશ મિજાજ અને મિલનસાર હતા. સ્વમાનના પણ આગ્રહી અને તેથી જ પોતાની પડતીના સમયમાં દમણ ગયા પછી અનેક મિત્રોના આગ્રહ છતાં કદી પાછો મુંબઈના બારામાં પગ ન મૂકયો.બહોળું કુટુંબ હોવાથી સંતાનો પ્રત્યેની પ્રીતિ બેનમૂન હતી.''[૧૫]

ચાર દીકરા અને નવ દીકરીનો વસ્તાર હતો. એમનો એક દીકરો અને એક દીકરી એમની હયાતી દરમિયાન અવસાન પામ્યાં. બાકીની લીલીવાડી એમના મરણ વખતે આબાદ હતી. ફરદુનજીના ચાર દીકરા કાવસજી, મહેરવાનજી, બહેરામજી, ફરામરોઝ. કાવસજીએ પિતાની હયાતીમાં જ એમના સહકારથી ઈ.સ. ૧૮૪૨માં મુંબઈમાં એ જમાનામાં ખૂબ પ્રખ્યાત થયેલું છાપખાનું 'દફતરે આશકારા' શરૂ કર્યું અને વ્યવસ્થિત ચલાવ્યું. એ વખતના 'રાસ્ત ગોફતાર'માં પણ તે ભાગીદાર હતા. બહેરામજીના દીકરા જહાંગીરજી પારસી કોમના પ્રખ્યાત વર્તમાનપત્ર 'જામે જમશેદ'ના માલિક અને અધિપતિ હોવા ઉપરાંત હાસ્ય રસના પ્રસિદ્ધ લેખક અને નવલકથાકાર હતા. તેઓના બીજા દીકરા મશહુર કેળવણીકાર તથા ભરડા ન્યૂ હાઈસ્કૂલના કર્મનિષ્ઠ પ્રિન્સિપાલ હતા.

ફરદુનજી સાહેબે પોતાના ફરજંદોમાં વાવેલા સંસ્કાર, શિક્ષણ, હિંમત, સ્વમાન અને સ્વાશ્રયનાં બીજમાંથી સુંદર ફાલ નિપજયો અને પોતાના વડવાનું નામ મર્ઝબાન વંશના નબીરાઓએ રોશન કર્યું.

## ☸ વસિયતનામું અને વિદાય :

ઈ.સ. ૧૮૪૬માં જમશેદ દેવ નામની અટકના એક મોબેદે જૂની અંટસના કારણે કાવસજીને છરીથી સખત જખમી કર્યા. આ ખબરથી ફરદુનજી ભારે આઘાત પામ્યા. તેને અંતરથી સૂઝી આવ્યું કે બસ હવે અંત નજીક છે. ખુદાના ઘરના તેડાને માથે ચડાવતા હોય



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેમ ૪ માર્ચ, ૧૮૪૭ના રોજ તેમણે પોતાનું વસિયતનામું લખ્યું. પોતાના સંતાનોને વારસામાં આપવા માટે કંઈ ખાસ દોલત તો બચી ન હતી. પણ સંસ્કારોનો અમૂલ્ય વારસો હતો. જે જીવનકાળ દરમિયાન આપી ચૂકયા હતા. એમનું વસિયતનામું એમના વંશજો માટે અનેક ડહાપણની વાતો અને આખરી શિખામણોના બેનમૂન ખજાના જેવું બની રહ્યું. એમના પૌત્ર કેકોબાદ મર્ઝબાને ઈ.સ. ૧૮૯૮માં લખેલા દાદાજીના જીવનચરિતમાં જે નોંધ્યું છે તેના અમુક અંશો રસિક ઝવેરીએ નોંધ્યા છે જે આ પ્રમાણે છે,

"પોતાના વારસોને આપી જવા માટે ગરીબ ફરદુનજી પાસે ધનદોલતના રૂપમાં કંઈ ન હતું. પણ જે નસિહતરૂપી ગોહરોથી પોતાના વસિયતનામાને એમણે ખીચોખીચ ભર્યું છે. તેથી હજારો લાખો રૂપિયાના વારસા કરતાં એમના કુટુંબના સઘળાંને તે વધારે કિમતી લાગે છે અને આજે પણ જયારે અણઘટતા ખરચો કરવાનું દબાણ થાય છે ત્યારે ઝટ એ વસિયતનામાની મદદ લેવામાં આવે છે. એની અસર એટલી તો ચમત્કારી છે કે એ કુટુંબની નાજુક અબળાઓ પણ એ માનવંત મુરબ્બીની નસિહતો માથે ચડાવી એ સોનેરી શિખામણોને શરણે થાય છે."[૧૬]

ફરદુનજી ખુદ એક જીવતી જાગતી સંસ્થા, એક વિશાળ વડલા જેવા હતા. વસિયતનામું લખાયા પછી ઓગણીસમે દિવસે, જમસેદી નવરોઝને બીજે દિવસે, એટલે કે જરથોસ્તીઓના યાથરંભ ધંહંમબારને બીજે દહાડે, યાને રોજ ૨૭મો આશમાંન અને માહ ૭મો મેહેર કદમી તારીખ ૨૨મી માર્ચ, ૧૮૪૭ને મંગળવારની પાછલી રાતના ચાર વાગ્યે. આ જગતની ફાની જંજાળોને છોડીને, પોતાની જીવનલીલાને સંકેલીને અલૌકિક પરલોકમાં હજરત જરથોસ્ત પ્રભુની છત્રછાયામાં જઈને વસ્યા.

એમને આખરી વિદાય આપતી વેળાએ દરેક જ્ઞાતિના નાનાં મોટાં બધાએ પોતપોતાના આંગણામાં એકઠાં થઈને એમને અશ્રુભીની અને લાગણીભીની અંજલિ અર્પી. સમગ્ર દમણમાં શોકની છાયા ફેલાઈ ગઈ, એમના માનમાં ત્રણ દિવસ સુધી બધાં બજારો બંધ રહ્યાં હતાં. એવી નોંધ એમના જીવન ચરિત્રમાં મળે છે.

એ સમયના દરેક અખબારમાં ફરદુનજીને ભારોભાર લાગણીથી છલકાતી અંજલિઓ આપવામાં આવી હતી. તા. ૨૮ માર્ચ, ૧૮૪૭ના 'મુંબઈ સમાચાર'માં 'લોકોના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હઈડાંનો હાર' જેવી ઉપમા આપીને ખૂબજ વિસ્તૃત રીતે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં એમની લોકપ્રિયતાનો તમામ સાર આવી જાય છે.

ફરદુનજી મર્ઝબાન ગુજરાતના એક મહાન અને સેવાભાવી સપૂત હતા. ગુજરાતી ભાષામાં સૌપ્રથમ અખબાર શરૂ કરનાર તેમજ ગુજરાતી લોકોમાં પ્રાચીનતમ અને અમૂલ્ય ગ્રંથ પ્રસિધ્ધ કરીને તેને લોકપ્રિય બનાવનાર ફરદુનજીનું જીવન અને કવન આજે પણ સૌને પ્રેરણા આપે તેવું છે. ફરદુનજીએ મહાન ફારસી શાયર ફિરદુસી તુસીના સુપ્રસિધ્ધ પુસ્તક 'શાહનામા'ના કરેલા અનુવાદ 'મુખ્તેસર શાહનામું'ની બીજી આવૃત્તિ ફરદુનજીના મરણ પછી ઘણાં વર્ષે, ઈ.સ. ૧૮૯૬માં બહાર પડી. તે પુસ્તકની પ્રસ્તાવના લખ્યા પછી એક સ્થાને એમનું જીવન ચરિત્ર મીનો ચેહેર ખુરશેદે લખેલું છે. તેમાં ફરદુનજીની સરખામણી પંદરમી સદીમાં ટાઈપો બનાવીને છાપકામની શોધ કરનાર પહેલા જર્મન શોધક ગુટેન બર્ગ સાથે કરી છે અને ફરદુનજી ગુટેનબર્ગ કરતાંયે કેટલીક વાતોમાં બેશક ચડિયાતા હતા. તેની પણ વિશેષ નોંધ લીધી છે.

અને છેલ્લે કેકોબાદ મર્ઝબાને ફરદુનજીના જીવનચરિત્રમાં અંતમાં મહાન કવિ ફિરદુસીએ પાદશાહ ફરિદુન વિશે વાપરેલા જે શબ્દો ટાંકયા છે તે જ શબ્દોમાં નેકનામ ફરદુનજી મર્ઝબાનની જીવન કથા પૂર્ણ કરીએ. ''ફરિદુન પાદશાહ કોઈ ફરિસ્તો ન હતો, અને નહિ, કસ્તુરી કે નહિ અંબરનો બનાવેલો હતો પણ ભલાઈ અને દાદથી તે આવું માન પામ્યો. તું પણ નેકી અને દાદ ખાહી કર, અને તું પણ ગોયા ફરિદુન જ છે.''[૧૭]

## (૨) 'મુંબઈ સમાચાર'નો પ્રારંભ અને વિકાસ :

કહેવાય છે કે વ્યકિત મહાન હોતી નથી, સંસ્થા મહાન હોય છે. વ્યકિત તો આવે અને જાય. 'મુંબઈ સમાચાર'ના સંદર્ભમાં આ વાત સંપૂર્ણ સાચી નથી. 'મુંબઈ સમાચાર'ને એક મહાન અખબારની હરોળમાં મૂકીએ તો એમ નોંધવું રહ્યું કે પત્રની આ મહાનતા પાછળ તેને મળેલા એક એક નિષ્ઠાવાન અને વિદ્વાન તંત્રીઓનું ભારે મોટું પીઠબળ હતું.

'મુંબઈ સમાચાર' ફરદુનજીએ કેવા સંજોગોમાં શરૂ કર્યું તે તો આપણે આગળના પ્રકરણમાં જોયું. પણ પછી સમય જતાં ફરદુનજીની જાહોજલાલી ઘટી અને આર્થિક સ્થિતિ કથળી તેને પરિણામે તેમની બીજી મિલકતોની સાથે 'મુંબઈ સમાચાર' પણ વેચાઈ ગયું. એ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમયના અન્ય અખબારોની કક્ષામાં મુંબઈ સમાચારનો ઈતિહાસ વધુ સંઘર્ષપૂર્ણ અને વધુ રોચક છે. ઈ.સ. ૧૮૩૨ની ૧૩મી ઓગષ્ટના દિવસે ફરદુનજી મર્ઝબાનજી પોતાના પ્યારા પત્રની માલિકી અને તેનું સુકાન તથા અધિપતિ પદ તેના શિષ્ય તહેમુલજી રૂસ્તમજી મીરઝાને આપે છે.

આશરે પોણાબસોથી પણ વધુવર્ષો પહેલાં, જાહેર ખબર એટલે શું એ સુધ્ધાં મોટા ભાગના લોકો સમજતા નહોતા, એ સમયે પણ ફરદુનજી જાહેર ખબરનું મૂલ્ય બરાબર જાણતા હતા. પોતે જે સમાચારપત્ર બહાર પાડતા હતા. તેની એક નમૂનેદાર જાહેર ખબર તેમણે ૧ જૂન, ૧૮૨૨ના રોજ બહાર પાડી. આ જાહેરાત એટલે કે મદેહ નજર અનેક રીતે મહત્ત્વ ધરાવે છે.

તેને આપણે ગુજરાતી અખબારની સૌપ્રથમ જાહેરાત પણ કહી શકીએ.

શ્રી રસિક ઝવેરીએ સંપાદિત કરેલા પુસ્તક,'મુંબઈ સમાચાર દોઢસો વરસની તવારીખ'માં આ અંગે થોડી વિગતો મળે છે.

''મુમબઈ સમાચાર''

''તા. ૧ લીજુલાઈ ૧૮૨૨ સવંત ૧૮૭૮ના અખાડ શ્રુદી ૧૨ને વાર શોમે શરી મુમબઈનાં સમાચાર ગુજરાતી ભાશા મધે દર અઠવાડીએ શ્રી મુમબઈના ધરમરાજ અંગરેજી રાજદોઆરની મોટી કુરૂપાથી ફરેદુનજી મોબેદ મરજબાંનજી બનાવશે અને છાપશે તેની વિગત.

શરવે ગુજરાતી વાંચનારા શેઠ લોકોની સેવામાં સેવક ફરેદુનજી મોબેદ મરજબાંનજી અરજ અને જાહેર અને જાણીતું કરે છે જે એ શેવકે ગુજરાતી ભાશા મધે એક અઠવાડીઆનું નીઉજ પેપર એટલે અઠવાડીઆના શમાચાર છાપવા ઠેડવેઉ છે તે તારીખ ૧લી આવતા જુલાઈ મહીનાની સંવત ૧૮૭૮ના આખાડ શ્રુદી ૧૨ને શોમવારને દંનથી પહેલુ શ્રી મુમબઈનાં સમાચારનું પતર પરેશ મધેથી એટલે જે છાપાનાં ઈઅંતર મધેથી બાહર પડશે અને એ દંનથી શદા દર અઠવાડીઆનાં શોમવારે શરી મુમબઈના શમાચાર છપાએઆ કરશે અને એ અઠવાડીઆનું પતરનું નામ 'શરી મુમબઈના શમાચાર' રાખેઉ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જે કાંઈ મુમબઈના શમાચાર પતર મધે ગુજરાતી ભાશામો દર અઠવાડીએ છપાશે તેહની વિગત.

જે કાંઈ જીનશો તથા વશતુઓ શરી મુમબઈમાંની તથા દેશાવરોની હરેક કોઈની વેચવાની હશે તેહની તથા જે કાંઈ અંગત કારણ હશે તેહની શરવે લોકોને જાણ પાડવા શારૂ ખબર જે કોઈ તેહનાં ધારા પરમાણે ખરચ આપીને છપાવશે તો છાપશે. અને તહેવાર પછે ચોખુંણ પરથવીના દેશાવરોનાં શમાચારો તથા શંધેશાવો તથા હોણીઓ જે કાંઈ અંગરેજ બહોદોરની વેલાએતનાં તથા શરી હીનદોશતાનનાં દેશો જેહવા કે કલકતું તથા મધરાજ તથા શેલાંન તથા મુમબઈના અંગરેજી સમાચાર મધે છપાએલું હશે તે મધેથી જે કાંઈ આપણાં લોકોને કામ આવે તેહવી વારતાવો હશે તે ગુજરાતી ભાષામાં છપાશે અને વલી તે શાથે શારા ચાલ ચલણની અને શુધે મારગે ચાલવાની લોકોનું મનપતીજે તેહવી શારી મહાભારત શીખાંમણો જે કાંઈ વીદેઆવાન પંડીત લોકોની ફારશી તથા અંગરેજી પુસ્તકોમાં કહેલી છે તે તથા મોહોટાં વાહાણોને લાંબા દેશાવરોથી આવવા તથા જવાની ખબર તથા અંગરેજ બહાદોરનાં રાજદોઆરને તાએબેનાં અંગરેજ અમલદારો તથા કારકુનો તથા લશકરી કેનડરો તથા બીજા મોટા આદમીઓ શરી મુમબઈ મધે આવશે તથા શરી મુમબઈથી હરેક દેશાવર જાશે તેહની ખબર તથા તે લોકોના મરણનાં શંધેશાવો તથા કે કાંઈ દેશાવસ્થી આડતીઆવો તથા શરી મુમબઈ શમાચાર પતરનાં લેનારાઓ જે કાંઈ દેશાવરના શંધેશાવો તથા વરતમાનો ગુજરાતી મધે લખશે તે મધેથી જે કાંઈ છાપવા જોગ હશે તે પણ છપાશે.

.... એ કામ ઘણું જ સારૂ છે અને એથી આપણ લોકોને ઘણા એક ગુણો અને ફાએદાવો છે કે તે શરવે એ કામ ચાલુ થાએ આથી સમજ પડશે અને એ કામ ઉપર બહુ મહેનત પડશે શા શારું જે શંઘલાં દેશાવરોમો જે કાંઈ અંગરેજી ભાષામો સમાચાર પતરો બને છે તેહમાંથી ગુજરાતી ભાશામો ઉતારો કરવો એ બહુ કઠંણ પડે છે. હાં એ જે પહેલાં એક વાતને અંગરેજીમાંથી પોતે સમજીને પછે ગુજરાતી ભાશામો હેવી ઉતારી જોઈએ જે તેથી શરવે લોકોને શહમજ પડે અને વળી એ વતરોગ બીજી ઘણી મહેનતો છે કે તે શરવે એ શરી મુમબઈના સમાચારનાં વાંચેઆથી જણાશે એજ વીનંતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને શરી મુંમબઈનાં સમાચારના બનાવનાર શેવક ફરદુનજી મોબેદ મરજબાનજી શરી મુંમબઈનાં શમાચાર પતરનાં જાથુક અઠવાડીએ લેનાર પાસેથી દર માસ ૧નાં રૂા. ૨ લેશે. વાશતે શરી મુમબઈ શમાચારનું પતરના લેનારાવો ગમે તો મહિને રૂા. ૨ અને ગમે તો તરણ મહીને રૂા. ૬ એકઠા આપે અને દેશાવરવાળા શેઠ લોકો જે શરી મુમબઈના સમાચારનું પતર લેતું કરશે તેવણને ધારા મુજબ ટપાલનો ખરચ તથા નાણા વટાવ આપવો જોઈએ અને જે શાહેબોને આએ શરી મુમબઈ સમાચારનાં પતર દર અઠવાડીએ લેવા શારું પોતીકું નામ લખવાની ઈછા હોએ તો એ શેવકનું મુમબઈના શામચાર ખાતું શરી મુમબઈનાકોટનાં બજારમો છે. તહાં આવી અથવા પતર મંગાવી નામ ભરે અથવા ગમે તો નામ ભરવા શારૂ ચીઠી લખી શેવક પર મોકલે.

હવે જાણવું જે આ કામ વિશે બહુ ખરચ પડે છે તેથી એકાએક એવું કામ બનવું જ કઠંણ હતું પણ શરી મુમબઈના ધરમરાજ અંગરેજ રાજદોવારનો ચલાવનાર હમણાં જે બોજો ૨ગ અને નામદાર મઓનર ઈશટોવરટ એલીફીનશટંન સાહેબ બાહોદર કોશલ મદે તેહની મહોટી કરપા અને આભાર જેહવારે એ કારણ વિશે થાએઓ તેહવારે એ કામ એ શાહેબના પરતાબથી ચાલુ કરવાની આશા થઈ છે પરમેશવર છેવા ધરમરાજનો છાંએડો આપણે લોકો પર શદા રાખે.''[૧૮]

સાફ સુથરીને સરળ ભાષામાં ફરદુનજીએ કેવી રીતે જનતા સમક્ષ પોતાની વાત રજૂ કરી છે! પ્રથમ અખબારની પ્રથમ મદેહનજરમાં તેમણે અખબારની વિતરણ વ્યવસ્થા અને કિંમત પણ વ્યવસ્થિત રીતે રજૂ કરી છે. આ ઉપરાંત અખબારમાં કેવા પ્રકારની ખબરો છપાશે તે પણ જણાવ્યું છે. મુંબઈ સમાચારના પ્રથમ દોઢસો ગ્રાહકો ૧૪ અંગ્રેજ, ૮ હિન્દુ, ૬ મુસલમાન અને ૬૭ પારસીઓ હતા, જયારે ૫૦ નકલો ગર્વનર એલ્ફિન્સ્ટનની સરકારે નોંધાવી પ્રથમ અખબારના પ્રથમ અંકમાં તેમણે અખબારની નીતિ રજૂ કરી હતી જેને આપણે સર્વપ્રથમ તંત્રીલેખ ગણી શકીએ.:

''શરવે લોકોને પરગટ છે જે શરી દીનદોશતાંન મધે પહેલી શંશકરૂત ભાશા હતી તે મધેથી કેટલીએક બીજી ભાશાઓ નીકલી છે એમોની એક ગુજરાતી ભાશા પણ છે. પણ એ ગુજરાતી ભાશા મધે મોગલાઈની હકુમતનાં વખતમો ઘણા ખરાં ફારશીના અરબીના બોલો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બોલે આમો આવેલા છે અને વળી હવે અંગરેજ બહાદોરની હકુમતમાં કેટલા એક અંગરેજી બોલો પણ ભેલા એલા છે અને તે ફારશીના અરબીના અંગરેજીના બોલ પારશી લોકો ઘણાં ખરાં ગુજરાતી બોલીમો કામમો લાવે છે કે તેહને વાણીઆં લોકો થોડું સમજે છે અને વાણીઆ લોકો કેટલા એક શંશકરૂતના પરાકરૂતના બોલો જે ગુજરાતીમાં ભેલીને બોલે છે તેહને પારશી લોકો થોડા સમજે છે અને ઘણા ખરા વેદેઆના બોલો તો ગુજરાતીમો મલતા નથી અને જો મલેચ તો તેને સમજનાર થોડા છે જેથી કરી એ શમાચારની ગુજરાતી બોલી હેવી લેવા ધારીચ જે પારશી તથા વાણીઆ લોકો શરવેના સમજમો આવે અને આપણે જો કદાપી ચાહીએ કે નીતરી ગુજરાતી ભાશા બોલીએ અથવા ચાહીએ કે ફારશી અરબી અંગરેજીના બોલો ભેલીએ બોલીએ તો તે બંધે તરેહથી બોલી શકીએચ પણ તે એક બીજાને શમજવી કઠંણ પડશે.''[૧૯]

આ છે પ્રથમ તંત્રીલેખ ! અખબાર બહાર પડયા પછી ઉતરોતર ફરદુનજીની કુનેહ અને કાળજીથી પ્રગતિ સાધતું ગયું. એ જમાનામાં આજના જેવા અદ્યતન મશીનો અને સમાચાર મેળવવાનાં સાધનો ન હતાં. જો કોઈ વખત પૂરતા સમાચાર ન મળે તો વાંચકો સામે શું રજૂ કરવું તે યક્ષ પ્રશ્ન હતો. એ જમાનામાં આજના જેવા તેજીલા અને ચબરાક ખબરપત્રીઓ નહોતા આથી, ફરદુનજીએ સમાચાર માટે ગ્રાહકોને વિનંતી કરવી પડતી હતી.

સાધનોની અગવડતા અને ખબરોની તંગીને કારણે ઈ.સ. ૧૮૩૩થી અઠવાડિયામાં રવિવાર અને બુધવાર એમ બે દિવસોએ બહાર પડવા માંડયું. સમય જતાં પૃષ્ઠસંખ્યામાં વધારો કર્યો. તા. ૧૩ ડિસેમ્બર,૧૯૩૦ના અંકમાં વીસ પાનાની સામગ્રી છાપી હતી. જેમાં પહેલાં ત્રણ પાનાં તો ફકત જાહેર ખબરનાં જ હતાં.

છેલ્લાં ૧૮૭ વર્ષમાં 'મુંબઈ સમાચાર'માં ફરદુનજી સિવાય બીજા આઠ માલિકોની ફેરબદલી થઈ. જેની વિગતો નીચે મુજબ છે.:

(૧) મોબેદ ફરદુનજી મર્ઝબાનજી (૧૮૨૨ થી ૧૮૩૨)

(૨) તહેમુલજી રૂસ્તમજી મીરઝાં (૧૮૩૨ થી ૧૮૩૪)

(૩) મહેરજી હોરમજજી મહેરજી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

(૪) ખરશેદજી હોરમજજી મહેરજી ( તે મહેરજી હોરમજજીના નાનાભાઈ)

(૫) પીરોજશા મહેરજી (તે એમના ભત્રીજા)

આ ત્રણ જણના હાથમાં ૧૮૩૪ થી ૧૮૬૬ સુધીમાં માલિકીની ફેરબદલી થતી રહી.

(૬) માણેકજી બરજોરજી મીનોચેરહોમજી (૧૮૬૬ થી ૧૮૯૮)

(૭) કેખશરૂ માણેકજી મીનોચેરહોમજી (૧૮૯૮ થી ૧૯૨૧)

(૮) નવરોજી હોરમજજી બેલગામવાળા (૧૯૨૧ થી ૧૯૨૮) અને ત્યાર પછી ધ બોમ્બે સમાચાર લિ. હસ્તક નવરોજી બેલગામવાળા (૧૯૨૮ થી ૧૯૩૩)

(૯) ધ બોમ્બે સમાચાર લિ. (૧૯૩૩ થી ૧૯૫૬) અને ત્યાર પછી ધ બોમ્બે સમાચાર પ્રા.લિ. (૧૯૫૬ થી આજ સુધી) હસ્તક મંચરેજી નસરવાનજી કામા અને કુટુંબીઓ.

મુંબઈ સમાચારમાં મોટા ભાગે માલિકો એજ તંત્રીઓની પણ જવાબદારી નિભાવી પણ અમુક સમયગાળા દરમિયાન માલિક અને તંત્રી અલગ અલગ રહ્યા છે હાલના સમયમાં પણ માલિક અને તંત્રી બંને અલગ અલગ જ છે.

જો 'મુંબઈ સમાચાર'ના વિકાસની વાત કરવી હોય તો તેના માલિકોની વાત પણ કરવી જ જોઈએ. કારણ કે તે માલિકો તેના વિકાસ સાથે જ જોડાયેલા છે. કદાચ, તેઓના બલિદાન વિના મુંબઈ સમાચારને આ સ્થાને પહોચાડવું અશકય હતું.

## ❁ તહેમુલજી મીરઝાં :

ઈ.સ. ૧૮૩૨નાં ૧૩મી ઑગષ્ટે ફરદુનજી મર્ઝબાનજી પોતાની આર્થિક ભીંસને કારણે પત્રની માલિકી અને એનું સુકાન તથા અધિપતિ પદ એમના શિષ્ય તહેમુલજી રૂસ્તમજી મીરઝાને સોંપે છે. ફરદુનજી પોતાના પ્રિય અખબારની સોંપણી કરતી વખતે તેના નવા માલિકને થોડી શિખામણો આપતા ગયા હતા. તેમણે પોતાની વિદાય વેળાએ જે 'અલવિદા' તરીકે નોંધ લખી હતી તેનું અનુસંધાન ટાંકયું. તેમાં ફરદુનજીએ સુંદર વહીવટ ચલાવવા સૂચન કર્યું. વધુમાં લખ્યું કે વચ્ચે જો કોઈ અણઘટતું આડું આવે તો મારા શબ્દોનો ઢાલ તરીકે ઉપયોગ કરવો. કોઈ માઠું કે કડવું બોલે તો તેને ન બોલેલું જ માનવું અને પોતાના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કામમાં જ ગુલતાન રહેવું. ઉપરાંત ધર્મશાસ્ત્રોની ભાંજગડોમાં કયારેય ન પડવાની પણ સલાહ આપી.

'મુંબઈ સમાચાર'ના ઈ.સ. ૧૮૩૨ ની ૧૪મી ઓગષ્ટના અંકમાં તહેમુલજી પોતાના ગુરુ અને શુભચિંતકની શિખામણને માથે ચડાવે છે તે સમયે લખાણના અમુક અંશો અહીં લીધા છે,

" જે કાંઈ હમારા મુરબીએ હમુને ઓહદો શોંપો છે તે ઓ હોદાને તેહોની લખેલી ચાણાંક આગેનેઆ પરમાણે ચાલવાને આંખોથી હાજર છેઈએ અને તે શાહેબે જે કાંઈ હમારી વખાણ લખી છે તે વખાણ જોગ હતો નથી પણ તેમોથી તે શાહેબની મોટા ઈ શરીખું છે અને તે કામને જે રીતે તે શાહેબે ચલાવીઉં હમથી તે કાંઈ બની શકશે પણ હમારી ઈચ્છા એ જ છે કે એ કામ ઉપર જેમ બની આવે તેમ વધારે મહેનત લઈને શરવે સાહેબોની ચાકરી પૂરી પાડવી કે જેથી કરીને કાંઈબી તે પાએરીએ પહોંચીએ."[૨૦]

તહેમુલજી ઉદવાડાવાળા દસ્તુર રૂસ્તમજી તહેમુલજી મીરઝાંના મોટા દીકરા દસ્તુર બરજોરજી રૂસ્તમજી મીરઝાનાં મોટા ભાઈ અને ફરામજીના પિતા. એમણે પત્રકારત્વની તાલીમ ફરદુનજીના હાથ નીચે લીધી હતી. તેમનો જન્મ ઈ.સ. ૧૮૦૮માં ઉદવાડામાં થયો અને તા. ૧૮ જુલાઈ, ૧૮૯૮ના રોજ છવ્વીસ વર્ષની વયે મૃત્યુ પામ્યા.

'મુંબઈ સમાચાર'માં તા. ૧૭ જુલાઈ, ૧૮૩૪ના રોજ એમના મરણની નોંધ છપાઈ હતી. જેના અમુક અંશો અહીં લેવામાં આવ્યા છે. તેમાં લખ્યા પ્રમાણે તા. ૮મી જુલાઈના રોજ સવારે એરવદ તહેમુલજી મીરઝાંએ સ્વર્ગવાસી લોકોમાં વસ્તીવધારો કર્યો હતો. ૨૬ વર્ષના તહેમુલજી ત્રણ મહિનાથી તંબોલિયા ક્ષયથી પીડાતા હતા. તેઓ નામીચા કાઉશજી મીરઝા ખુશરોબેગના વંશમાના એક નામીચા વિદ્વાન હતા. તેઓના પિતાએ તેમનું નામ દસ્તુર તહેમતન રાખ્યું હતું. જેનો અર્થ થાય તનથી તંદુરસ્ત. પણ તેઓ શરીરે બળવાન નહતા. હા, સુબુદ્ધિ અને જ્ઞાનથી જરૂર બળવાન હતા. તમેહતન નામ લોક જીભે ન ચડતાં તેમણે પિતાના ગુજર્યા પછી પોતાનું નામ તહેમુલજી રાખ્યું હતું.

તેઓ બાર વર્ષની ઉંમરે ઉદવાડાથી મુંબઈ આવ્યા હતા. અને જયારથી 'મુંબઈ સમાચાર'માં પગ મૂકયો હતો ત્યારથી ત્યાં કાયમ રહેવા માટે જ નિશ્ચય કર્યો હતો.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ફરદુનજીના હાથ નીચે તૈયાર થઈને સર્વ રીતે પ્રવીણ થયા હતા. આટલી નાની ઉંમરમાં તેઓની વિદાયના કારણે તેમના માતા પિતા મિત્રો કુટુંબ બધાને ઊંડો આઘાત લાગ્યો હતો. જે તેમના જીવનના અંત સુધી વીસરાયો નહી.

## ❁ મહેરજી હોરમજજી મહેરજી :

ઈ.સ. ૧૮૩૩માં 'મુંબઈ સમાચાર' ખૂબજ કપરા સંજોગોમાં ચાલતું હતું. તહેમુલજીની હયાતી દરમિયાન જ છાપખાનું લિલામ થયું હશે તેવું પ્રખ્યાત પારસી લેખક રતનજી ફરામજી વાછાએ લખેલા 'મુંબઈનો બહાર' નામના ઈ.સ. ૧૮૭૪ના પ્રસિદ્ધ થયેલા પુસ્તકમાં નોંધ્યું છે.

એ છાપખાનું ખરશેદજી હોરમજજી મહેરજી અને મહેરજી હોરમજજી મહેરજી નામના બંને ભાઈઓએ ભાગીદારીમાં ખરીદ્યું. 'મુંબઈ સમાચાર'ની માલિકી વારાફરતી ખરશેદજી, મહેરજી અને પીરોજશાહ હસ્તક પહોંચી. મહેરજી હોરમજી મહેરજીનું અવસાન ૨૮ વર્ષની નાની વયે થયું ત્યારે મુંબઈ સમાચારે ખૂબજ લંબાણથી હૃદય સ્પર્શી મૃત્યુ નોંધ લખી હતી. અમુક અંશો અહીં લેવા આવશ્યક ગણાશે.

મરણનોંધ પ્રમાણે, ''આ જગતના વિદ્વાન લોકોમાંના એક વિદ્વાન ટૂંકી વયમાં મરણ થયું છે જે વિશેની સંતાપ ભરેલી ખબર પ્રગટ કરીને અમોને અમારો હોદો મોટા દુઃખ સાથે બજાવવો પડે છે.... એ મરનાર બાપદાદાથી મોટા અને નામીચા ખાનદાનનો હતો. જેથી કંઈ આ ટાપુના લોકો અજાણ્યા નથી. એ ધણી કદમાં ઘણો નાનો હતો, પણ તેમ બુદ્ધિ અને જ્ઞાન અને ડાહપણમાં ઘણો મોટો હતો. મોઢાનો હસતા ચહેરાનો સફાઈ ભરેલો અને ચાલનો રોનક ભરેલો હતો. નમનતાઈ ભરેલો અને ગરીબોને આશરો અને મદદ આપનારો અને નવા વારસોને પ્રતિપાલ કરનારો હતો.... એ મરનારે વિદ્યા પછવાડે ઘણી જ મહેનત નાનપણથી લીધી અને શીખવાની ઘણી જ હોંશ અને ઉલટ રાખી અને એ દહાડા પર કંઈ આવા વિદ્યા મેળવવાના ખાતા હતા નહિ. તેથી વિદ્યા મેળવવામાં તથા પુસ્તકો ખરીદ કરવામાં પૈસા ખરચવાને કશી રીતે બાકી રાખી હતી નહિ. તેને લીધે આ ટાપુમાં એક નામીચો વિદ્વાન કહેવાતો હતો....''[૨૧]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

એ સમયમાં માલિક અને તંત્રીની સાલવાર યાદી અને નામ પ્રગટ કવરાનું ખાસ મહત્ત્વ હોય તેવું નથી લાગતું. કદાચ એ વિશે કોઈ ખાસ કાયદાકાનૂન ન હોવાને કારણે એવો રિવાજ નહિ હોય તેવું બની શકે. એ સમયના અખબારમાં કયાંય પત્રના માલિક કે તંત્રીના નામનો ઉલ્લેખ જોવા નહોતો મળતો.

### ❁ ખરશેદજી હોરમજજી મહેરજી :

એમના સમય દરમિયાન એક બે વર્ષ અધિપતિઓ બદલાતા હતા. બધા તંત્રીઓ ટૂંકા ગાળામાં બદલાઈ જતા.

મહેરજી હોરમજજી મહેરજીના નાનાભાઈ ખરશેદજી હોરમજજી મહેરજી પણ થોડા સમય માટે માલિકી પદે હતા તેવી નોંધ રસિક ઝવેરીએ પોતાના પુસ્તકમાં કરી છે. ૧૮૪૪ના વર્ષ આસપાસ માલિક અને તંત્રી બંને પદ પર તેઓ જ બિરાજમાન હતા તેવું મનાય છે.

૯મી માર્ચ, ૧૮૪૫ના રોજ મુંબઈ સમાચારમાં તેઓની મરણનોંધ છપાયેલી હતી. જેના અમુક અંશો જોઈએ તો,

''મુંબઈના ટાપુમાંનો ભિખાજી મહેરજી નામીચા ખાનદાનનો અને પુરાણા ઘરાણાનો વડો અને આ પત્રનો અધિપતિ ખરદેશજી હોરમજજી કેટલાક દિવસની માંદગીથી ૩૭ વરસની વયમાં તા. ૭મી માર્ચને ગયા શુક્રવારની રાત્રે આશરે સાડાબાર કલાકને અમલે આ ભરોસાવગરની અને ખોટી માયાની દુનિયામાં પોતાનો અસબાબ ઉઠાવી આકાશવાસી લોકોમાં કૂચ કરી ગયો. એ મરનારે અંગ્રેજી વિદ્યાની સારી કેળવણી લીધી હતી અને તે સાથે ફારસી વિદ્યા અચ્છી રીતે શીખેલો હતો. તેથી કરીને પારસી ટોળામાં ફારસી જાણનારાઓમાંના મુખ્ય પદવીના લોકોની મંડળીમાં બેસવાને લાયક થયેલો હતો.''[૨૨]

ઈ.સ. ૧૮૪૫ના તા. ૧૧મી માર્ચના 'બોમ્બે કુરીયર'માં પણ એમની અવસાન નોંધમાં 'મુંબઈ સમાચારના અધિપતિ' તરીકે એમનો ઉલ્લેખ થયેલો છે.

### ❁ પીરોજશાહ મહેરજી હોરમજજી :

૧૮૪૫માં 'મુંબઈ સમાચાર'ની માલિકી પીરોજશાહ મહેરજીને વારસામાં મળી. પીરોજશાહનું અવસાન ૧૯૦૨ના નવેમ્બરની ૨૨મીએ ૬૮ વર્ષની વયે થયું. ૧૮૬૧માં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેમણે 'દોસ્ત હિંદ' નામનું દર રવિવારે પ્રાપ્ત થતું અઠવાડિક શરૂ કર્યું, પણ બે એક વર્ષ ચાલી તે બંધ પડયું. ૧૮૬૪માં 'સૂર્યોદય' નામનું અઠવાડિક શરૂ કર્યું પણ તેનું બાળ મરણ થયું. એક સમય એવો હતો કે મુંબઈ સમાચારના માલિક અને અધિપતિ તરીકે તેઓ ઘણા મશહૂર હતા. ૨૨ નવેમ્બર, ૧૯૦૨ના રોજ તેમની મરણનોંધમાં 'મુંબઈ સમાચાર'માં આ પ્રમાણે નોંધ હતી,

"આ પત્ર એમના બાપ, કાકાની માલિકીમાંથી ઈ.સ. ૧૮૪૫માં એમના હસ્તક થયું હતું. આ વેળા એમની નાની વયને લીધે મેનેજરો હસ્તકને ચલાવી ૧૮૫૬ના જાન્યુઆરીથી તેઓ પોતે અધિપતિ થયા હતા. ઈ.સ. ૧૮૫૮માં તેઓ ચીન ગયા હતા અને ત્યાંથી પાછા ફરી અધિપતિનો હોદ્દો પાછો પોતાને સ્વાધીન લીધો હતો. ઈ.સ. ૧૮૬૫માં શેરસટ્ટાના વમળમાં તેઓ પણ સપડાયા હતા અને ૨૭મી જૂન, ૧૮૬૬થી 'મુંબઈ સમાચાર' સાથેનો તેમનો સંબંધ છૂટો કરી તે પત્ર તથા છાપખાનું શેઠ માણેકજી બરજોરજી મીનોચેરહોમજીને વેચાતું આપી પોતે રાજદ્વારી જિંદગીમાં પડયા અને ૧૮૬૮માં ગોંડળ રાજયના કારભારી નિમાયા. ત્યાં બે એક વરસ રહી પાછા મુંબઈ આવ્યા અને બિમાર જિંદગી ગુજારી."[૨૩]

## ❁ માણેકજી બરજોરજી મીનોચેરહોમજી :

સમયનું વહેણ વહયા કરે છે. મુંબઈ સમાચારને શરૂ થયાને ૪૦મા વર્ષમાં પાંચ માલિકો બદલાયા, પરંતુ વિકાસ નહિવત થયો. ઈ.સ. ૧૮૬૬ સુધી એનો ફેલાવો બસો નકલ કરતાં વધ્યો નહી ! એનું એક કારણ એ હોઈ શકે કે ત્યારે અખબારના ધંધાને નફાનો ધંધો નહોતો ગણાતો. મોટા ભાગના માલિકો થોડા સમય માટે જ માલિક બની શકયા વળી, અન્ય ધંધામાં પણ પોતાનું ધ્યાન વહેંચાયેલું રહે આથી અખબારની પ્રગતિ શકય ન બની. પણ, હવે મુંબઈ સમાચારનું નસીબ બદલવાનું હતું. તા. ૨૭ જૂન, ૧૮૬૬થી એ પત્રની માલિકી અને તંત્રીપદ માણેકજી બરજોરજી મીનોચેરહોમજીએ સંભાળ્યું. એમણે મુંબઈ સમાચારને એમની જિંદગીના ૩૨ વર્ષ આપ્યાં.

તા. ૨૭ જૂન, ૧૮૬૬ થી તા. ૨૯ માર્ચ, ૧૮૯૮ સુધીમાં અખબારનો ફેલાવો ૩૨૦૦ નકલ સુધી પહોંચ્યો હતો. તેમના મૃત્યુ બાદ મુંબઈ સમાચારમાં આવેલી નોંધોને જોયા પછી ખ્યાલ આવે છે કે તેઓ કેટલા દૂરદર્શી, બાહોશ અને નિષ્ઠાવાન પત્રકાર હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નાનીવયથી જ સાહિત્ય પ્રત્યે પ્રેમ ધરાવનારા માણેકજીનો જન્મ ઈ.સ. ૧૮૪૦માં થયો હતો. તેઓ એ સમયના એલ્ફિસ્ટન ઈન્સ્ટિયૂશનમાં ઊંચા પ્રકારની તાલીમ લીધા બાદ લશ્કરી હિસાબખાનામાં કામગીરી બજાવવાની સાથોસાથ મુંબઈ સમાચાર ઉપરાંત બીજા કેટલાક અન્ય પત્રોમાં ધર્મ તથા સંસાર સંબંધી લખાણો લખ્યાં હતાં.

જિંદગીના આખરી દિવસો સુધી મુંબઈ સમાચારના કામકાજમાં તેઓ મશગુલ રહ્યા હતા. અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતાં ફકત થોડાજ કલાકોની બીમારી ભોગવી તેઓ આ ફાની દુનિયા છોડી ગયા.

તે સમયે મુંબઈ ઉપરાંત ભારતના ખૂણે ખૂણેથી પ્રસિધ્ધ થતાં પચાસથી પણ વધુ વર્તમાનપત્રોએ માણેકજીના અવસાનની નોંધ ખૂબજ વિસ્તારપૂર્વક પ્રગટ કરી હતી. દરેકે તેમની પત્રકારત્વ ક્ષેત્રની આગવી સૂઝ સમજ અને કાર્યક્ષમતાને બિરદાવીને એમની ભારોભાર પ્રશંસા કરી હતી. 'જામે જમશેદ' ના ૩૦ મી માર્ચ, ૧૮૯૮ના અંકમાં માણેકજી વિશે ખૂબજ વિસ્તૃત નોંધ છપાઈ હતી. જેના થોડા અંશો જોઈએઃ

જામે જમશેદે નોંધ્યું છે કે, ''ઈ.સ. ૧૮૬૧ થી એટલે કે ૩૭ વરસથી તેઓ દેશી છાપાં સાથે જોડાયેલાં હતાં. પીરોજશાહ મહેરજીના રવિવારે પ્રગટ થતા 'દોસ્તે હિન્દ'ના તેઓ તંત્રી હતા. ઈ.સ. ૧૮૬૪થી દર રવિવારે પ્રગટ થતાં 'સૂર્યોદય' પત્રમાં પણ તેઓજ તંત્રી હતા. ઈ.સ. ૧૮૬૬ની આખર સુધી તેમનો 'સૂર્યોદય' પત્ર સાથે સંબંધ હતો. ૧૮૬૬ના જૂલાઈમાં તેમણે અને તેમના નાના ભાઈ રૂસ્તમજી રાણીનાએ 'યુનિયન પ્રેસ'ને મુંબઈ સમાચાર સાથે જોડીને આ પત્રના માલિકી હકક લીધા. તેઓએ તા. ૪ જાન્યુઆરી, ૧૮૬૮થી 'લોકમિત્ર' નામનું અઠવાડિક પત્ર પણ બહાર પાડયું હતું.''[૨૪]

ઈ.સ. ૧૮૬૯ના એપ્રિલ માસથી બંને ભાગીદારોએ ફરીથી 'યુનિયન પ્રેસ' નામનું વેપાર વાણિજયની ખબર આપનારું દૈનિક ગુજરાતી પત્ર પ્રગટ કરવા માંડયું હતું. થોડા સમય બાદ માણેકજીએ 'દાંતરડું' નામનું એક રમુજી અખબાર દર બુધવારે બહાર પડતું હતું. જે ૬ વર્ષ ચાલ્યું હતું. ત્યાર બાદ 'પારસી પંચ' સાથે સંબંધ રાખી 'હિન્દ પંચ' નામનું અંગ્રેજી ગુજરાતી રમુજી લખાણો અને ચિત્રો સાથેનું અખબાર બહાર પાડયું હતું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

માણેકજીએ પોતાના દેશી ગાયનના શોખને ખીલવવા 'ગઝલસ્તાન' નામનું દેશી ગઝલો વગેરે જાળવવાના હેતુથી માસિક પ્રગટ કરવા માંડયું. જેનાં ઘણાં વોલ્યુમો બહાર પડયા હતા.

તેમના ચરિત્ર વિશે આટલું જાણ્યા પછી એ વાત સ્પષ્ટ છે કે, મુંબઈ સમાચારની સફળતાનો યશ ફરદુનજી મર્ઝબાનજી પછી માણેકજી બરજોરજીને ફાળે જાય છે. એ સમયની સરકારે તેમને 'જસ્ટિસ ઓફ પીસ' એટલે કે સુલેહના અમલદાર તરીકે નિમ્યાં હતા..

## ❁ કેખશરૂ માણેકજી મીનોચેરહોમજી :

માણેકજીના અવસાન બાદ તેમના પુત્ર કેખશરૂને મુંબઈ સમાચારની માલિકી અને તંત્રીપદ વારસામાં મળ્યું. એમણે વરસો સુધી પોતાના પિતાની રાહબર હેઠળ પત્રકારત્વની અને છાપખાનાની વહીવટની તાલીમ મેળવી હતી અને માણેકજીના પગલે ચાલીને પૂરાં ત્રેવીસ વર્ષ સુધી 'મુંબઈ સમાચાર'ની આગેકૂચમાં પોતાનો ગણનાપાત્ર ફાળો નોંધાવ્યો હતો.

તેઓએ માલિકી સંભાળી લેતાં તે દિવસના છાપામાં નીચે મુજબની નોંધ હતી. '' આ મુંબઈ સમાચાર પત્ર કોટમાં ફ્રીઅર રોડ પર નવા મોદીખાને આઈસના કારખાના સામે મુંબઈ સમાચાર છાપખાનામાં પોતાને માટે કેખશરૂ માણેકજી બરજોરજી મીનોચેરહોમજીનાએ છાપ્યું છે.''[૨૫]

તેમણે જિંદગીના છેલ્લાં આઠ વર્ષ નિવૃત્ત જીવન ગાળ્યું. ઈ.સ. ૧૯૨૧ની ૯મી નવેમ્બરે તેમણે નવરોજી હોરમજજી બેલગામવાળાને પત્ર વેચી નાખ્યું અને ૫ જાન્યુઆરી, ૧૯૨૯ના રોજ તેમનું અવસાન થયું. પત્રને વેચીને તેઓ એકાંત જિંદગી ગુજારતા હતા. તેઓ પણ તેના પિતાની જેમ દેશી ગાયનમાં પ્રવીણ હતા. તેઓએ પણ પોતાના કાર્યકાળ દરમિયાન મુંબઈ સમાચારની પ્રતિષ્ઠા જાળવી રાખી હતી.

## ❁ નવરોજી હોરમજજી બેલગામવાળાઃ

'મુંબઈ સમાચાર'નો વહીવટ કથળવાની શરૂઆત ઈ.સ.૧૯૧૫થી જ થઈ ગઈ. માલિક કેખશરૂ માણેકજીની નાદુરસ્ત તબિયતને કારણે તા. ૯ નવેમ્બર,૧૯૨૧ના રોજ તેમણે 'મુંબઈ સમાચાર' પત્ર અને છાપખાનું નવરોજી હોરમજજી બેલગામવાળાને વેચી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નાખ્યા એ વખતે પત્રનો ફેલાવો ૪૦૦૦ નકલની આસપાસ હતો. પણ કોઈ દેવું ન હતું. બરજોરજી ભરૂચા જેવા પીઢ કાર્યકરની સલાહ પ્રમાણે શરૂ થીજ એના તંત્રી પદે એ સમયે વીસેક વર્ષનો અખબારનો અનુભવ લઈ ચૂકેલા અને પત્રકારત્વના ક્ષેત્રે નામના ધરાવનાર પીઢ અધિપતિ સોરાબજી પાલનજી કાપડિયાની નિમણૂંક થઈ. નવરોજી બેલગામવાળા વેપારી સૂઝના આદમી હતા. એ સમયે ગાંધીજી હિન્દુસ્તાન પાછા ફરવાથી કોંગ્રેસની હિલચાલ વ્યવસ્થિત વેગ પકડતી હતી. એ સમયે અન્ય પત્રો અંગ્રેજ સરકારની તરફેણના હતા. પણ કોંગ્રેસનો પક્ષ લેનારાની અછત હતી.

એ સમયે 'મુંબઈ સમાચાર' આર્થિક મુશ્કેલીઓથી ઘેરાયેલું હતું. આથી છડેચોક સરકારનો વિરોધ કરે તેવું તેનું ગજું નહોતું. પણ નવરોજી બેલગામવાળા કોંગ્રેસ તરફી હતા. વળી રાજકીય ક્ષેત્રે આગળ આવવાની તેમને ઘણી હોંશ હતી. પરંતુ તેમની આ હોંશ 'મુંબઈ સમાચાર'ને ભારે પડી. દેશ વ્યાપી અસહકારની ચળવળમાં આગેવાની કરી માન અકરામ મેળવવામાં જ તેનું બધું ધ્યાન રહ્યું. 'મુંબઈ સમાચાર'એ જીવનકાર્યને બદલે એક પ્રચાર સાધન વિશેષ બની રહ્યું. આથી તેનો આંતરિક વહીવટ ખોરવાયો. માલિકની અંગત દેખરેખના અભાવે છાપું કરજના ખાડામાં ઊતરતું ગયું.

તા. ૨૨ જૂન,૧૯૪૯ના રોજ ૬૩ વર્ષની ઉંમરે બેલગામવાળાનું અવસાન થયું. ત્યારે 'મુંબઈ સમાચાર'માં છપાયેલી અવસાન નોંધના અમુક અંશો જોઈએ.

'''મુંબઈ સમાચાર' અને 'બોમ્બે ક્રોનિકલ'ના માલિકનું અકાળે અવસાન થયું છે. તેઓએ ૧૯૨૧માં 'મહાસભા'નો પ્રચાર કરવાના હેતુથી 'મુંબઈ સમાચાર' પણ ખરીદ્યું હતું. જયારે ઈ.સ. ૧૯૨૮માં 'બોમ્બે ક્રોનિકલ'ની આર્થિક સ્થિતિ નબળી પડતા તેનો પણ વ્યવહાર સંભાળ્યો હતો... તેઓ રૂના વેપારી હતા અને રૂના વેપારમાંથી તેમને વર્તમાન પત્રોનો રંગ લાગતા સ્વર્ગસ્થ શેઠ લક્ષ્મીદાસ રવજી તેરસી અને શ્રી શંકરલાલ બેંકર વગેરેની સહાયથી તેમણે 'બોમ્બે ક્રોનિકલ' ખરીદ્યું હતું. તેમણે 'વોઈસ ઓફ ઈન્ડિયા' નામનું પત્ર પણ કાઢયું હતું.

''અખબારના વ્યવસાયમાંથી નિવૃત થયા પછી તેઓ પાછા રૂના વેપારમાં પડયા હતા. ભાગલા પછી તેઓ પાકિસ્તાન ગયા હતા. પણ તબિયત લથડતાં ફરી સારવાર માટે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈ આવ્યા હતા. ત્યારે સાંજે રેડિયો કલબની મિટિંગમાં મિત્રો વચ્ચે જ હૃદય બંધ પડી જવાથી તેમનું અવસાન થયું હતું. તેમનાં અવસાનથી રૂ બજારે એક સાહસિક વેપારી ગુમાવ્યો છે.'' [૫૬]

બેલગામવાળાની બેજવાબદારીના કારણે ૧૯૩૩માં પત્રની સ્થિતિ કથળતા અને લાખોની ઉઘરાણી ચડી જતાં અખબારનો ભાંગ્યો તૂટયો વહીવટ તેમણે મંચેરજી નસરવાનજી કામાના હાથમાં સોંપ્યો.

## ❁ માલિક મંચેરજી નસરવાનજી કામા :

મકકમ મનોબળ અને દઢ નિશ્ચય કરનારા આ નવમા તંત્રી અને માલિકે 'મુંબઈ સમાચાર' પર લાગેલું ગ્રહણ દૂર કર્યું. એ સમયમાં તેમુરસ રૂસ્તમજી નવરોજી કામા અને મંચેરજી નસરવાનજી કામા ભાગીદારીમાં 'કામા નોરટનની કંપની'નો વહીવટ કરતા હતા. એ પેઢી 'બોમ્બે ક્રોનિકલ' છાપાના છાપખાનાને માલ પૂરો પાડતી હતી. અ સમયે 'બોમ્બે ક્રોનિકલ'ના માલિક ઉમર સોબાની માથે રૂપિયા ૧૪૦૦૦નું દેણું હતું. જે તે ચુકવતા ન હતા. મંચેરજી અને સોબાનીની ઉગ્ર બોલાચાલીમાં નવરોજી બેલગામવાળાએ જામીનગીરી કરી અને પોતે પૈસા ચુકવશે તેવી બાંહેધરી આપી!

મંચેરજીનું વિશ્વાસનું વહાણ ફરી ચાલ્યું ! હવે, બેલગામવાળાએ સોબાની ભાઈઓ પાસેથી 'બોમ્બે ક્રોનિકલ' છાપું ખરીદી લીધું. પરંતુ હવે તેમણે લેણી રકમ ચૂકવવાની ના પાડી. નવરોજી બેલગામવાળાનો ઘાટ એ સમયે 'સબ બંદરકા વેપારી' જેવો હતો. પોતાના બે વર્તમાન પત્રો અને રાજકીય પ્રવૃત્તિઓ ઉપરાંત તેઓ શેર, સટ્ટો,રૂ બજાર અને રેસકોર્સને રસ્તે પણ પૂરા ઊતરી ચુકયા હતા. એ રસ્તો એમને માટે ખતરનાક પુરવાર થયો. 'મુંબઈ સમાચાર'ને જે નફો થતો તે, ઉપરાંત કાર્યાલયમાં જે તે રોકડ આવતી તે પણ આ રીતે વેડફાઈ જતી હતી. કામા નોરટન કંપનીને એના બીલનાં નાણાં પેટે કંઈ રકમ મળી નહીં અને બેલગામવાળાનું બીજા દેવા સાથે કુલ કરજ વધતાં વધતાં અગિયાર લાખ જેવી જંગી રકમ પર પહોંચી ગયું. ના છૂટકે લેણી રકમ માટે તેમણે કોર્ટનો આશરો લીધો. બેલગામવાળાએ તો નાદારી નોંધાવી. બદલામાં તેમણે દેણા સહિતનું 'મુંબઈ સમાચાર' પ્રેસ મંચેરજીને સોંપ્યું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આખરે દાદાભાઈ નવરોજીના પૌત્ર જાલભાઈને મધ્યસ્થી રાખીને મંચેરજી કામાએ 'મુંબઈ સમાચાર લિમિટેડ' અને 'બોમ્બે ક્રોનિકલ કંપની લિમિટેડ' ના બધા શેર પોતાના નામે ચડાવીને એ બંને છાપા અને પ્રેસનો તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૩૩ના દિવસે કબજો લીધો. પાછળથી તેમના ભાગીદાર તેમુરસ કામા પણ એમાં જોડાયા.

મંચેરજીને માલિકી અને તંત્રીપદ તો મળ્યું. પણ એ બંને કાંટાળા તાજ સમાન હતા. એ સમયના મેનેજર સોરાબજી કાપડિયાએ સમાચાર આપ્યા કે,"સ્ટાફને ઘણાં સમયથી પગાર નથી ચુકવ્યો. આથી બધા હડતાલ પર છે. ઉપરાંત આપણી પુરાંતમાં તો પાંચ રૂપિયાની સિલક પણ નથી."[૨૭] મંચેરજીના માથે શૂન્યમાંથી સર્જન કરવાનું આવ્યું.

તેમણે સમગ્ર સ્ટાફને એકઠો કરીને પોતાનો આખરી નિર્ણય દઢતાપૂર્વક સંભળાવી દીધો કે 'હું પણ તમારી જેમ એક લેણદાર જ છું. આપણે સૌ સંપીને મહેનત કરીને પરસેવો પાડીને છાપાનો અને છાપખાનાનો ઉધ્ધાર કરીએ અને એમાંથી પૈસા પેદા કરીને આપણાં નાણાં વસૂલ કરીએ. ' તેમણે કારીગરોને વચન આપ્યું કે, "જયાં સુધી તમારા સૌના જૂના લેણાની પાઈએ પાઈ ચૂકતે નહી થાય ત્યાં સુધી હું, મારા ભાગીદાર કે મારા કુટુંબની કોઈ વ્યકિત કે કામા નોરટનની કંપની એક પણ પૈસો લઈશું નહિ. આજથી તમને તમારો પગાર ચૂકતે મળશે અને નફામાંથી જેમ જેમ બચત થતી જશે તેમ ફાળે પડતા હપતાથી પૈસા ચૂકવાશે."[૨૮] કર્મચારીઓને સદ્‌બુદ્ધિ સૂઝી અને તેઓ ફરી કામે વળગ્યા. આમ, ફરદુનજી મર્ઝબાનજીએ શરૂ કરેલું છાપખાનું જાણે એમના આશીર્વાદથી એક મોટી આફતમાંથી ઉગરી ગયું. આ પ્રમાણે 'મુંબઈ સમાચાર'ના વેર વિખેર વહીવટને તેના નવમા માલિક મંચેરજી નસરવાનજી કામાએ શિસ્તબદ્ધ કર્યો. કાળક્રમે મંચેરજી કામાના બે પુત્રો નસરવાનજી કામા અને રૂસ્તમજી કામા પણ છાપખાનાના સંચાલનની તાલીમ લઈને પિતાની સાથે જોડાયા.

ઈ.સ. ૧૯૪૪માં તેમુરસ કામાનું અવસાન થતાં આજદિન સુધી સમગ્ર વહીવટ કામા બ્રધર્સ સંભાળી રહ્યા છે. મંચેરજીએ એક પ્રશ્ન હલ કર્યો તેથી બધુ પાર નહોતું ઊતર્યું. અહીં તો પ્રશ્નોની હારમાળા હતી. એ વખતે પ્રેસ અને અખબારની ઑફિસ કોટ વિસ્તારમાં બંસીલાલ પિટટીના મકાન હરિ બિલ્ડિંગમાં આવેલા હતા. ઘણા વર્ષનું ભાડું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બેલગામવાળાના સમયમાં ચડી ગયેલું આથી ઉઘરાણી માટે તેમણે પ્રેસ પર અદાલત મારફત ટાંચ મારેલી. મંચેરજીએ ફરી એજ રીત અપનાવી. તેમણે બંસીલાલને કહ્યું કે, ''કોરટ દરબારના લફરામાંથી નહી તમારાં નાણા પૂરાં વસૂલ થાય કે નહિ પ્રેસને ફાયદો થાય.પ્રેસ ડૂબવાથી કોઈને લાભ નથી. તમે ધીરજ રાખી નાના હપ્તા કરી આપો તો હું પૂરી રકમ ચૂકવીશ મોટા હપ્તા કરો તો, અડધી રકમ અને રોકડા જ જોઈતા હોય તો પચીસ ટકામાં મંડવાળ કરી નાખો એટલે વાત પતે !''[૨૯]

બંસીલાલે ચાર આની રોકડ લઈને જૂની લેણદેણ પૂરી કરી પણ મંચેરજીએ નિશ્ચય કર્યો કે હવે અહીં હાલાકીવાળા મકાનમાં કામ નથી કરવું. આમ, ઈ.સ. ૧૯૩૫માં 'મુંબઈસમાચાર' છાપખાનું અને અખબારના દફતરો હાલના 'રેડ હાઉસ' બિલ્ડિંગમાં ફેરવાયા, આજે તો 'મુંબઈ સમાચાર'નું એ બિલ્ડિંગ ચર્ચગેટ વિસ્તારમાં ખુદ એક સરનામું બની ગયું છે.

હંમેશા બગડેલી બાજી સુધારવાનું કામ વધુ મુશ્કેલ હોય છે. 'મુંબઈ સમાચાર'ના ખરાબે ચઢેલા નાવને એવા સુકાનીની જરૂર હતી, જેની પાસે ધીરજ હોય, સાહસ કરવાની હિંમત હોય, વેપારી આવડત હોય, પૈસાનું પીઠબળ હોય, કામ કરવાની કુનેહ હોય, નિષ્ઠાભરી ધગશ હોય, અને નેકી તથા ઉદાર વૃત્તિ હોય, મંચેરજીમાં આ બધા જ ગુણો હતા. મંચેરજી કામા વેપારી માનસના આદમી હતા. પરંતુ છાપખાનું અને છાપું એ બંને બાબતો એમના માટે સાવ અજાણી હતી. કોઈ જાણકારી કે અનુભવ વિના તેઓએ એક પછી એક ખાતાની તપાસ આદરી.

કોઈપણ અખબારનું આવકનું સૌથી મોટું માધ્યમ જાહેર ખબર હોય છે. મોટા આર્થિક આધાર સ્તંભ જેવા જાહેર ખબર ખાતામાં અંધેર કારભાર હતો. જાહેરાતનો ઠરાવેલો ભાવ ઈંચ દીઠ એક રૂપિયો પણ ગરજ એવી દેખાડાય કે બાર આના દસ આના છેવટે આઠ આનામાં પણ જાહેરાત છાપી નાખે. મંચેરજીએ આ બાબતમાં જાહેર ખબર વિભાગના મેનેજરને બોલાવી તાકિદ કરી કે, હવે આપણે નકકી કરેલા ભાવ જ લેશું 'એક જ ભાવ' એ આપણો મુદ્રાલેખ રહેશે. પરંતુ જૂના કર્મચારીઓતો માથાભારે થઈ ગયા હતા. તેમણે તો આગળની રીત ચાલુ રાખી એક કંપનીની એક હજાર ઈંચ જાહેરાતનો મોટો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કોન્ટ્રાકટ બાર આનાના હિસાબે લઈ લીધો. મંચેરજીને એના હુકમનો અનાદર કરનાર માણસો પ્રત્યે સખત નફરત. તેમણે તો તે મેનેજરને ત્યારે જ છુટટા કર્યા. એ કોન્ટ્રેકટ 'મુંબઈ સમાચાર'ના નામથી થયો હતો એટલે બાર આનાના ભાવથી પૂરો કર્યો. પણ પછી સૌના માટે 'એક જ ભાવ' આ નીતિને આજ દિન સુધી 'મુંબઈ સમાચાર' વળગી રહ્યું છે. 'મુંબઈ સમાચાર'ના બોલની કિંમત અમૂલ્ય છે. મંચેરજીના મનમાં બસ એકજ વાત રમતી હતી કે, 'બીજા છાપા ચાલે તો આ છાપું કેમ ન ચાલે ?' એમણે 'મુંબઈ સમાચાર'ને પોતાનું જીવનકાર્ય બનાવી લીધું અને પોતે જાતે એ કામમાં દટાઈ ગયા. 'મુંબઈ સમાચાર'ને પગભર અને પ્રગતિશીલ બનાવી દીધું. ઈ.સ. ૧૯૩૯માં પાછો દાયકો ફર્યો. બીજું વિશ્વયુદ્ધ જાગ્યું અને એ સાથે 'મુંબઈ સમાચાર'નું ભાગ્ય પણ જાગ્યું.

જાહેર ખબર ખાતાની ભાવતાલની નવી મકકમ નીતિનો એક રસપ્રદ કિસ્સો જાણવા જેવો છે.

એ જમાનામાં ફિલ્મક્ષેત્ર આર્થિક નબળું અને અવિકસિત હતું. ફિલ્મમાં રોકેલાં નાણાં કોઈપણ પ્રકારે સલામત રહે એ માટે જાતજાતની તરકીબો અજમાવાતી. નાણાં રોકનાર સાચા માલિકો ઈજજત આબરૂ વગરના ભાડૂતી માણસોને નકલી માલિક બનાવી, એમને મારગેજ પર પૈસા ધીરવાના ખોટા દસ્તાવેજો કરી આપી પોતાનું મૂડી રોકાણ સલામત રાખવાની છટકબારી રાખતા. જેથી કરીને ફિલ્મ ન ચાલે તો થિયેટર કે જાહેરખબરના બિલો માટે કોઈ ટાંચ લાવીને ફિલ્મ જપ્ત કરી શકે નહી. આ રીતે અખબારમાં અપાતી જાહેરખબરના લાખો રૂપિયા ફિલ્મ ઉદ્યોગમાં ફસાયેલા હતા.

'' 'મુંબઈ સમાચારે 'એકજ ભાવની' નીતિ અપનાવવાની સાથોસાથ ફિલ્મ ઉદ્યોગ અને બીજા એન્ટરટેઈનમેન્ટ એટલે કે નાટક, ગાયનના જલસા, સરકસ વગેરે મનોરંજનના ક્ષેત્રો માટે રોકડેથી જાહેર ખબરો સ્વીકારવા માટેની નીતિ અપનાવી. મંચેરજીએ નકકી કર્યું કે દાખલા તરીકે જાન્યુઆરી માસ દરમિયાન જે જાહેર ખબરો છપાઈ હોય તેનાં બીલ પાર્ટીને ફેબ્રુઆરીમાં મળી જાય અને એ બીલના રોકડાં નાણાં ૧૦મી માર્ચ સુધીમાં જમા થઈ જવા જોઈએ. આમ નકકી કરેલી મુદતમાં પૈસા ચૂકવનારને આ મનોરંજન કાર્યક્રમો માટે પંદર ટકાનો વટાવ કાપી આપવામાં આવશે. જો ૧૦મી માર્ચ પછી બીલ એક દિવસ પણ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મોડું ચુકવાય તો વટાવ કોઈ સંજોગોમાં મળે નહી. આ નીતિ બંને પક્ષ માટે ફાયદાકારક હતી. પરંતુ સિનેમા ઉદ્યોગની પ્રતિનિધિ સંસ્થા 'ફિલ્મ ઈન્ડસ્ટ્રી એસોસિએશને' આ પોલીસી સામે વાંધો ઉઠાવ્યો. સૌએ ભેગા મળીને એવો ઠરાવ કર્યો કે 'જો મુંબઈ સમાચાર આવી જોહુકમી કરશે તો એની શાન ઠેકાણે લાવવા માટે તેનો બહિષ્કાર કરીને કોઈ સિનેમાવાળા એમાં જાહેરખબર આપવી નહી.' એસોએસિએશનના આ ઠરાવનો ભંગ કરનાર સામે શિસ્તભંગનાં પગલાં લેવાની ધમકી મોજૂદ હતી એટલે સૌ મને કમને આ બહિષ્કારમાં જોડાયા હતા. પણ મંચેરજી આ પડકારથી ડગ્યા નહી. એમણે કહ્યું,''અમારે પૈસા ખોવાનો ધંધો નથી કરવો. જાહેર ખબર આપવી કે નહિ એ તમારી મનસુફીની વાત છે. ઉઘરાણી મોડી પડે અથવા માંડી વાળવી પડે એ અમને હરગીજ પરવડે નહિ.!c'[૩૦]

એ સમય દરમિયાન ફિલ્મ ઉદ્યોગમાં અસાધારણ મંદીનું મોજૂ ફરી વળ્યું. એવામાં એક દિવસ એક સભ્યે આવીને કહ્યું કે, મારુ નવું ચિત્ર આવતે અઠવાડિયે રજૂ થવાનું છે. મારે 'મુંબઈ સમાચાર'માં જાહેરાત કરવી છે. મંચેરજીએ કહ્યું કે, 'જાહેર ખબર આપવાનું તમે લોકો એ જ ઠરાવ કરીને બંધ કર્યું છે.' પેલાભાઈ કહે,'મને તમારી શરતો પ્રમાણે જાહેરખબરો આપવાનું મંજૂર છે. ભલે એસોસિએશન વાળા મારું નામ મંડળીમાંથી કાઢી નાખે!' બીજા દિવસે તેના નવા ચિત્રની આખું પાનું ભરીને જાહેરાત આવી. પરિણામ ચમત્કારિક આવ્યું. બીજાઓની કક્ષામાં તેનું ચિત્ર હિટ ગયું ને ચિકકાર હાઉસ મળ્યું. એ પછી બીજાની શાન ઠેકાણે આવી ગઈ. 'મુંબઈ સમાચાર'ને પગભર અને સમૃધ્ધ કર્યા વિના મંચેરજીનો કોઈ છૂટકો જ ન હતો.

મંચેરજીની ઈશ્વર પરની શ્રધ્ધા કેવી હતી તે જાણવા એક વિચિત્ર પણ રસપ્રદ કિસ્સો જોઈએ. 'રેડ હાઉસ'માં છાપખાનું ફેરવાયા પછી જૂના મશીનને બદલે નવા રોટરી મશીન પર કામ થતું હતું. એ મશીન પર રાણે નામનો એક કુશળ કારીગર કામ કરતો હતો. એણે એક દિવસ અચાનક આવીને કહ્યું કે,'બીજા પ્રેસમાં મને ૫૦૦રૂા. વધુ મળે છે. તમે મને પગાર વધારો કરી આપો નહીંતર કાલથી કામ પર નહીં આવું. મંચેરજીને તેની રજૂઆત કરવાની ઢબ ગમી નહિ તેમને લાગ્યું કે રાણેને રાખવાથી બીજા કર્મચારીઓમાં પણ ધમકીનો ચેપ લાગશે. આથી એમણે રાણેને એ જ દિવસથી છૂટો કર્યો. પણ હવે મશીન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કોણ ચલાવે? એ મશીન જર્મન ઈજનેરે ફિટ કર્યું હતું. ત્યારે તેની મદદ માટે શિવરામ નામે એક દક્ષિણી હમાલ કામ કરતો હતો. પણ તેને રોટરી મશીનની આંટીઘૂંટીની કોઈ જ સમજ નહોતી. મંચેરજીએ શિવરામને મશીન ચલાવવાનું કહ્યું. એ તો હેબતાઈ જ ગયો. કહે આવડી મોટી જવાબદારી કેવી રીતે માથે લઉં? મંચેરજી કહે, 'જવાબદારી બધી મારે માથે તું તારે ભગવાનનું નામ લઈ ચડી જા કામ પર ! થોડા દિવસ તો  કામ ચાલ્યું. એક દિવસ મશીન અટકી બેઠું. મંચેરજી દાદા હોરમઝદનું  નામ લઈને શિવરામ સાથે ગયા. મંચેરજી કહે 'મશીન ખોલી નાખ આપણે જોઈએ કે શું તકલીફ છે ? શિવરામને તો પરસેવો છૂટી ગયો. કહે કે સાહેબ કંઈક ઊંધાચતું થશે તો મોટી નુકશાની થશે તો મારી જવાબદારી નહિ. ફરી મંચેરજી કહે કે 'જવાબદારી બધી મારી તું તારે ભગવાનનું નામ લઈને મશીન ખોલી નાખ!'

મશીન ખોલી નાખતાં જણાયું કે ફકત એક બોલ્ટ પડી જવાથી સાંધા ઢીલા થઈ ગયા હતા. મંચેરજીએ ખુદાનું નામ લઈને એ બોલ્ટ ફિટ કર્યો. શિવરામે ભગવાનને યાદ કરી ફરી બટન દબાવ્યું.  મશીન ચાલું થઈ ગયું ! વરસો સુધી એ શિવરામે જ મશીન ચલાવ્યું. એ નિવૃત્ત થયા બાદ એનો શિખાઉ દીકરો 'મુંબઈ સમાચાર'માં જ તાલીમ લઈને જોડાયો. આમ મંચેરજી કામાના પરિશ્રમથી એક પછી એક ખાતું વ્યવસ્થિત થઈ ગયું.

૧૯૬૩માં બીજી એક આફતનો સામનો મંચેરજીને કરવો પડયો. તેમણે છાપું હાથમાં લીધું ત્યારથી સ્ટાફ સાથેના તેમના સંબંધો મીઠા રહ્યા હતાં. ૧૯૬૦માં માલિકો અને નોકરોએ પગારનાં ધોરણો અને નોકરીની શરતો અંગે સ્વેચ્છાએ પાંચ વર્ષના કરારો કર્યા હતા. સરકારે પણ એ સમજૂતીને મંજૂરી આપી, પણ બહારના કેટલાક લોકોની ભંભેરણીથી ઉશ્કેરાઈને ૧૯૬૩ના મે મહિનાની નવમી તારીખે છાપખાનાના કામદારો એકાએક હડતાળ પર ઉતરી ગયા. આ હડતાલ પૂરા ૭૮ દિવસ ચાલી. છેવટે બંને પક્ષે રાજીખુશીથી સમાધાન કરી લીધું.

ત્યાર પછી 'મુંબઈ સમાચારે' કયારેય પાછું વાળીને જોયું નથી. ઉત્તરોત્તર પ્રગતિ જ કરતું રહ્યું છે. શેઠ મંચેરજી કામા પત્રકાર ન હતા. પરંતુ પત્રકારત્વના મુખ્ય સિધ્ધાંતો સારી રીતે જાણતા હતા. એટલું જ નહિ પરંતુ પોતાના સ્ટાફને શિખવાડી શકે તેવા હતા. તદ્‌ઉપરાંત વિશ્વના અનેક દેશોની મુસાફરી કરી તેમણે આ વિષયનો ઊંડો અભ્યાસ કર્યો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હતો. શિસ્તની બાબતમાં તેઓ મકકમ હતા પરંતુ તેની સાથોસાથ એમનામાં માનવતાની મહેક હતી. માણસની કાબેલિયત પારખવાની શકિત હતી. મંચેરજી કામા સત્ય અને માનવ અધિકારો માટે મકકમ વિચારો ધરાવતા. 'મુંબઈ સમાચાર' એક સ્વતંત્ર અખબાર છે. તે કોઈની શેહમાં જતું નથી એ વાત એમના વિચાર અને વર્તન પરથી સ્વયંસ્પષ્ટ થતી. એક પારસી તરીકે તેઓ પોતાની કોમ માટે ગૌરવ ધરાવતા હતા. પોતાના પાક પયગંબરોના પગલાં અનુસાર જીવન ગાળવાનો તેમનો આગ્રહ હતો. જયારે કોમની વરિષ્ઠ સંસ્થાના કામકાજ કોઈપણ પ્રકારની ગેરરીતિ કે અન્યાય દેખાતો ત્યારે તેની સામે અવાજ ઉઠાવવાનો, તે અન્યાય દૂર કરવાનો આદેશ પોતાના તંત્રીને આપતા એટલું જ નહી પરંતુ ગમે તેવા વિકટ સંજોગોમાં એની પડખે ઊભા રહેતા. આવા હતા સૌના લાડિલા મંચેરજી કામા શેઠ.

## (૩) સ્વરૂપ અને શૈલી :

આજકાલ કોઈ નવું અખબાર શરૂ થાય તો પ્રજા સમક્ષ પોતાનું સ્વરૂપ,શૈલી,નીતિ,ઉદ્દેશ વગેરે સ્પષ્ટ કરે છે. જયારે ઈ.સ. ૧૮૨૨માં ''શરી મુમબઈના સમાચાર' શરૂ થયું ત્યારે ન તો કોઈ રાજકિય ઉથલપાથલ મચી હતી કે ન તો ચૂંટણીના પડઘમ વાગતા હતા. અરે ! ત્યારે તો અંગ્રેજી શાસન વિરુદ્ધ દેખાવો પણ શરૂ થયા નહોતા. કોઈ સ્પર્ધાત્મક વાતાવરણ પણ નહોતું છતાં પોતાના અલગ જ સ્વરૂપ અને શૈલીથી મોએદ ફરદુનજી મર્ઝબાનજીએ મુંબઈમાં દુનિયાનું પ્રથમ ગુજરાતી અખબાર શરૂ કર્યું.

'મુંબઈ સમાચાર'ની લેખન શૈલીની નકલો એ પછી જન્મનારા દરેક અખબારે કરી પણ 'મુંબઈ સમાચાર'ની નીતિની નકલ કરવામાં સૌ પાછા પડયા. દુનિયા આખીમાં એવો કોઈ બનાવ કે ઘટના નહી ઘટી હોય જેની નોંધ 'મુંબઈ સમાચારે' ન લીધી હોય. ૧૮૭ વર્ષના આશરે ૬૭,૫૨૫ થી પણ વધુ તંત્રીલેખોએ રોજરોજ જનતાને જગાડવાનું કામ કર્યું છે. શહેરમાં, દેશમાં અને વિદેશમાં બનતી એક એક ઘટનાનું તટસ્થ નિરૂપણ કર્યું છે. જનતાને અને સરકારને આવનારી મુસીબતો સામે ચેતવ્યા છે. પોણા બે શતકથી પણ વધુ સમયથી તે વિશ્વમાં ઘટતી ઘટનાઓનું સાક્ષી છે.

સૂરતથી આવેલા ફરદુનજી મર્ઝબાનજીએ ૧ લી જુલાઈ, ૧૮૨૨ના રોજ 'મુંબઈ સમાચાર' શરૂ કર્યું હતું. મુંબઈ સમાચારના પ્રથમ અંકમાં જ ફરદુનજીએ 'મુંબઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમાચાર'ની નીતિ કયા પ્રકારની રહેશે તે જાહેર કર્યું હતું. તેમનો આગ્રહ એ હતો કે અખબારની ભાષા સાદી અને સરળ હોવી જોઈએ, કે જેથી સાધારણ વ્યકિત પણ તે વાંચી અને સમજી શકે. બીજો મહત્ત્વનો મુદ્દો એ હતો કે જે સમાચારો પ્રગટ કરવામાં આવે તે સાચા હોવા જોઈએ. અખબારના આરંભની ભાષા આજે આજના અખબારોમાં કેટલી હદે બદલાઈ ચૂકી છે તે જાણવા માટેય 'મુંબઈ સમાચાર' પાસે જવું પડે છે.

આગળના મુદ્દામાં આપણે 'મુંબઈ સમાચાર'ની પ્રથમ મદેહ નજર અને પ્રથમ તંત્રીલેખ એ સમયની ભાષામાં જોયા. તેના પરથી ખ્યાલ આવે કે એ સમયની ગુજરાતી ભાષા કેવી હશે? છતાં મોબેદ ફરદુનજી ભાષા પ્રત્યે ઘણા જાગૃત હતા.

પુસ્તક 'દોઢસો વરસની તવારીખ'માં વિદ્વાન ગગન વિહારી મહેતાએ લખેલા આમુખનું પ્રારંભિક લખાણ આજે પણ એટલું જ પ્રસ્તુત છે. તેઓ લખે છે કે,''આ પુસ્તક ભારતના પત્રકારત્વના અગ્રેસરનું જીવન ચરિત્ર છે, તેમજ ભારતના દૈનિકનો રસપ્રદ ઈતિહાસ છે. 'મુંબઈ સમાચાર' આજે 'ઘરઘરનું પત્ર' છે. છાપું એટલે 'સમાચાર' એમ અનેક લોકો ધારે છે અને માને છે. અને સવારે ચ્હાના પ્યાલા જેટલી એની રાહ જુએ છે. ....... ખાસ નોંધવા લાયક એ છે કે બધા માલિકો પારસી હોવા છતાં આ કોઈ કોમનું, વર્ગનું, સંપ્રદાયનું છાપું નથી, બધી કોમોનું, બધા વર્ગોનું, બધા ધર્મોનું માનીતું મુખપત્ર છે.''[૩૧]

ગગન વિહારી મહેતાની ૧૯૭૨ની વાત આજે પણ એટલી જ પ્રસ્તુત છે અને આજે પણ 'મુંબઈ સમાચાર' તમામ કોમ,વર્ગ,સંપ્રદાય,ધર્મોના લોકો વાંચે છે. તેનું કારણ તેની સરળ ભાષા, બોલચાલમાં વપરાતી ભાષા જ હોઈ શકે અને સરળ ભાષાનો ઉપયોગ કરવાનો સિધ્ધાંત તો પ્રારંભથી જ જળવાયો છે. મહાત્મા ગાંધીએ 'નવજીવન' શરૂ કર્યું તે અગાઉ કહ્યું હતું, ''ગુજરાતી ભાષા એવી સરળ રીતે લખાવી જોઈએ કે કોશિયો પણ સમજી શકે.'' [૩૨](કોશિયો એટલે કોસ ચલાવી તેના વડે પાણી કાઢનાર). ગાંધીજીની આ વાતનું મહત્ત્વ સમાચારના સ્થાપક મોબેદ ફરદુનજી મર્ઝબાનજીએ એથી યે ઘણાં વર્ષો પહેલાં જ સમજી લીધું હતું. તદ્દન સામાન્ય માણસ પણ સમજી શકે એવી ભાષા દ્વારા જ લોકપ્રિયતા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મળી શકે એ વાત તેઓ બરાબર સમજતા હતા. આ વાત તેમણે મુંબઈ સમાચારના પ્રથમ અંકમાં જ લખી હતી.

'આંખ' શબ્દથી અર્થ સમજાતો હોય તો 'નેત્ર' શબ્દ વાપરવો નહીં. 'ખૂન'થી ચાલતું હોય તો 'હત્યા' કરવી નહીં, આમ જટિલ જોડાક્ષરોવાળા શબ્દો બને ત્યાં સુધી દૂર રાખવાના કારણે જ લખનારાને સરળ, સોંસરવો અર્થ સમજાવતાં શબ્દો લખવા જહેમત કરવી પડે અને તેમ તેની પોતાની ભાષામાં પણ સમૃદ્ધિ આવતી જતી. ગાંધીયુગથી સમગ્ર ગુજરાતી ભાષામાં સરળતા પ્રવેશી તે ખરું, પણ સમાચારે તો તે પહેલાં વર્ષો અગાઉ સરળ ભાષા લખવા છાપવાનો આરંભ કર્યો હતો. ગાંધીયુગથી સરળ ભાષા શૈલી આવી પરંતુ, ફરદુનજીની ભાષા બોલચાલની ભાષા છે, લોકબોલી એ એમની શૈલી છે., લાંબુ પીંજણ કર્યા વગર મુદ્દો સોંસરવો ઉતરી જવો જોઈએ તે મહત્ત્વનું છે અને સમાચારે તે વિલક્ષણ વિશિષ્ઠતા જાળવી છે.

આટલી વાત 'મુંબઈ સમાચાર'ની ભાષા નીતિ વિશે કર્યા પછી આજના છાપાંની ગુજરાતી જોઈએ તો કેટલી હદ સુધી અંગ્રેજી માધ્યમના શિક્ષણે ગુજરાતીને અસર કરી છે તે જણાઈ આવે. આજના ગુજરાતી અખબારો વાંચતા અખબારી લોકોને કેટલાક પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે, પરંતુ અખબારી ભાષા અને બોલાચાલની ભાષા અને સનદી ભાષા, શાસનની વહીવટી ભાષા જેવા ભેદ ઓળખનારાને પણ અનેક સવાલો થાય છે. ડાઉનટ્રોડન, એબોલિશનિસ્ટ, એમ્બેલિશમેન્ટ અને એકિસડન્ટ એટલે શું ? હાઈટ્રીઝન એટલે દેશ સાથે ચીટીંગ કરી તેમ કહેવાય ? બથ ભરવી કે બાથ ભરવીમાં સાચું શું ? અખબારના તંત્રી ને કે ચીફ સબને સાહિત્ય કે સાહિત્યિક શબ્દો, ભાષાની જાણકારી હોવી જોઈએ કે પરિચય હોવો જોઈએ? એવું કશુંય ન હોય તો અછડતી ઓળખ ચાલે કે? અખબારમાં આવનારા નવા તાલીમાર્થી ઉપતંત્રીને તેના વરિષ્ઠ સાથીઓ 'ફ્રિ હેન્ડ ટ્રાન્સલેશન' કરવા અને શબ્દોને શબ્દશઃ નહીં ચોંટી રહેવા જણાવે તો તે કેટલું સ્વીકાર્ય? અખબારના સ્વરૂપ અને શૈલી તો સમયાંતરે બદલાયા જ કરે છે. હા નીતિ ન બદલી શકે.

મુંબઈ સમાચારની તટસ્થ નીતિ જ તેની લોકપ્રિયતાનું સૌથી મોટું કારણ છે. ૧૯૪૦ સુધી 'મુંબઈ સમાચાર' પારસી ગુજરાતીમાં પ્રગટ થતું હતું. પરંતુ ત્યારબાદ સામાન્ય



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગુજરાતીમાં પ્રગટ થવા લાગ્યું. 'મુંબઈ સમાચાર'નું અંગ્રેજી સંસ્કરણ 'બોમ્બે ક્રોનિકલ'ના નામે પ્રખ્યાત હતું. અને તેના સંપાદક સર ફિરોઝશાહ મહેતા હતા. ગુજરાતના મેમણ, ખોજા અને વ્હોરા સમાજોએ તેને પોતાના જીવનનું અંગ બનાવી લીધું. મુંબઈ શહેરમાં એક મોટી સમસ્યા એવી હતી કે દરેક સમાજનો માણસ જે દૂરના ઉપનગરોમાં રહેતો હોય, તે એક બીજાના સુખદુઃખમાં કેવી રીતે સહભાગી બને. મરણ એક એવો પ્રસંગ હોય છે, જયારે પોતાના સંબંધીઓને દિલાસો આપવા માટે દરેક જણ બેચેન હોય છે. તેથી મરણ નોંધના રૂપમાં 'મુંબઈ સમાચાર' દ્વારા દરેક પંથના લોકોના સમાચાર આપવાનું શરૂ કરાયું. પ્રથમ અંકથી થયેલી શરૂઆત આજ સુધી કાયમ છે.

પારસીઓની પાયદસ્ત અને ઉઠમણું તથા ખોજા, મેમણ,વ્હોરા અને શિયા ઈશ્ના અશરીના મરણના સમાચાર તથા ફાતેહા ખ્વાનીની જાણ તેમજ હિંદુ તથા જૈન મરણ અને સાદડીના સમાચાર સહિત દરેક ગુજરાતી પંથના મૃત્યુને લગતી નોંધ આજે પણ નિયમિતપણે વિનામૂલ્યે પ્રગટ થાય છે. કોઈ મરણના ખોટા સમાચાર છપાવી જાય નહી તેની તકેદારી રૂપે લેટર હેડ પર જ તેનો સ્વીકાર કરાય છે. તે ઉપલબ્ધ ન હોય તો સ્મશાનની લાકડાની રસીદ અથવા મૃત્યુનું પ્રમાણ પત્ર માગવામાં આવે છે. ટેલિફોન અથવા ફેકસ સંદેશા મારફતે તેનો સ્વીકાર કરાતો નથી. 'મુંબઈ સમાચાર'ની આ નિરંતર વિનામૂલ્ય સેવાના જાહેર જનતા વખાણ કરે છે.

ઈ.સ. ૧૮૨૨માં જયારે અખબારનો જન્મ થયો ત્યારથી આટલા વર્ષો દરયિમાન તેણે અનેક મહત્ત્વના સમાચારોની નોંધ લીધી છે. દેશ દુનિયાની અઢળક ખબરોને વિવિધ સ્વરૂપે એકત્રિત કરી રજૂ કરી છે. દરેક વર્ષની મહત્ત્વની ખબરો જો લઈએ તો પાનાઓનાં પાનાં ભરાય જાય. પરંતુ એવી કેટલીક ખાસ ખબરો જેનાથી વિશ્વમાં થયેલા નોંધનીય પરિવર્તનો અંગેના સમાચારો તેણે પોતાના વાચકો સુધી પહોંચાડયા છે તેનો અછડતો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે.

**૧૮૩૦ વિશ્વની સૌપ્રથમ રેલ્વે અસ્તિત્વમાં આવી.**

ઈંગ્લેન્ડમાં લીવર પુલ અને માન્ચેસ્ટર વચ્ચે વિકસાવાયેલા રેલ માર્ગ પર વિશ્વની સૌપ્રથમ રેલવે દોડતી થઈ. લંડનના રેલમાર્ગની સફળતાથી પ્રેરાઈને



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અમેરિકામાં રેલમાર્ગ નાખવાની શરૂઆત થઈ.

**૧૮૩૩ સતી પ્રથાનું દૂષણ નાબૂદ કરતો કાયદો ઘડાયો.**

સદીઓથી ઘર કરી ગયેલી એક ક્રુર પ્રથા નામે 'સતી' પર પ્રતિબંધ મૂકાયો. જે માટે સમાજ સુધારક રાજા રામમોહનરાયે મોટો ભાગ ભજવ્યો હતો. ૧૮૧૧થી ચલાવેલી તેમની ઝૂંબેશ સતત ઉગ્ર થતી રહી. ૧ ઓગષ્ટ, ૧૮૨૯ના રોજ લોર્ડ વિલિયમ બેન્ટિકે સતી પ્રથા પર પ્રતિબંધ મૂકયો. આજ દિવસ જોવા માટે જીવી રહેલા રાજા રામમોહનનું કાયદો ઘડયાના બે એક વર્ષમાં જ નિધન થયું.

**૧૮૪૮ સામ્યવાદના પ્રણેતા કાર્લ માર્કસનો વધતો જતો પ્રભાવ.**

સામ્યવાદના પ્રણેતા કાર્લમાકર્સે ફ્રેડરિક એન્ગલ્સ સાથે મળી સામ્યવાદની વ્યાખ્યા સમજાવતું સૌપ્રથમ પુસ્તક 'કમ્યુનિસ્ટ મેનીફેસ્ટો' લંડનથી પ્રકાશિત કર્યું. મૂડીવાદી સમાજ રચનાને નેસ્તનાબૂદ કરી સામ્યવાદનું સ્વર્ગ ખડુ કરનાર આ અનોખી થિયરીએ ૧૯મી સદીના પૂર્વાધ સુધી અડધા યુરોપને સામ્યવાદના નશામાં ઝૂમતું રાખ્યું. સામ્યવાદના સંઘર્ષમાં 'કલાસ વોર' શરૂ થઈ.

**૧૮૪૮ ભારતમાં વિદેશી રાજની આણ.**

૧૮૪૮ની સાલમાં ભારતને લોકો હિન્દુસ્તાન તરીકે ઓળખતા હતા. ત્યારે 'કાશ્મીરથી કન્યાકુમારી' જેવી ઓળખ હિન્દુસ્તાનની ન હતી. કોચીનવાળો મલબાર પ્રદેશ પોર્ટુગીઝોના હાથમાં હતો. જયારે ઉત્તરે ભારતની બોર્ડર કાબુલ સુધી વિકસી હતી. હિન્દુસ્તાનમાં પ્રવર્તતા નાના મોટાં રજવાડાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ઈશારે નાચતાં હતાં.

**૧૮૫૭ બ્રિટિશ સામે બળવોઃ**

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સ્થાનિક હિંદુ,મુસલમાનોને સિપાઈ તરીકે લશ્કરમાં ભરતી કર્યા હતા. સપ્ટેમ્બર માસમાં એક દિવસ બંદૂકના કારતૂસ પર ગાય અને ડુકકરની ચરબી લગાડેલી હોય છે તેવી વાત વહેતી થઈ અને હિંદુ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુસ્લિમ સિપાઈઓએ વિફરીને બ્રિટિશ સરકાર સામે બળવો પોકાર્યો હતો. આ બળવાખોરોએ દિલ્હીમાં યુરોપિયન રહેવાસીઓને ઘેરો ઘાલ્યો હતો.

**૧૮૬૯ સુએઝ નદી કાર્યરત થઈ**

રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચે રહેલા પોણોસો માઈલના અંતરને દૂર કરીને દુનિયાને જળમાર્ગે અતિ નિકટ લાવી દેતી નહેર ખુલ્લી મૂકાઈ હતી.

**૧૮૭૭ સાઉન્ડ રેકોર્ડિંગ સિસ્ટમની શોધ.**

થોમસ એડિશનને 'સાઉન્ડ રેકોર્ડ કરવાનો અને તેનો રીપ્રડયુસ કરવાનો વિચાર ઘણાં વખતથી આવતો હતો. ૨૦ નવેમ્બર, ૧૮૭૭ના રોજ ન્યૂજર્સીમાં મેન્લો પાર્કમાં એડિસને 'મેરી હેડ અ લિટલ લેમ્બ' લલકાર્યું અને પાસે મૂકેલા ટીન ફોઈલ પર કેદ પણ કર્યું . સિલિંડરની આસપાસ વીંટાયેલી ટીનફોઈલમાં અવાજ મઢવાનો જાદુ કરી બતાવ્યા પછી એડીસને ટીનને બદલે મીણ વાપર્યું.

**૧૮૭૮ સૌપ્રથમ કાર અસ્તિત્વમાં આવી.**

સૌપ્રથમ કાર જર્મનીના એક સાધારણ મિકેનિકલ એન્જિનિયર કાર્લ બેન્ઝે બનાવી હતી. બેન્ઝે ૧૮૭૮માં બે સાઈકલને ઈન્ટરનલ કમ્બન્શન એન્જિનથી જોડી 'કાર'નો કન્સેપ્ટ ડેવલપ કર્યો હતો.

**૧૮૮૫ ભારતમાં કોંગ્રેસની સ્થાપના.**

વિશ્વની મહત્ત્વની ઘટનામાં સ્થાન ન પામેલા આ સમાચારને અસાધારણ એટલે ગણી શકાય કારણ કે કોંગ્રેસની સ્થાપનાથી જ આઝાદીનો વિચાર જોર પકડવાનો હતો. ખરેખર તો, પૂણેમાં આ સ્થાપના સમારંભ ગોઠવાયો હતો. પરંતુ, ફાટી નીકળેલ મરકીને કારણે કોંગ્રેસની સ્થાપનાનો પ્રસંગ ગોવાલિયા ટેંક સ્થિત તેજપાલ ઓડિટરિયમ સામે રહેલા મેદાનમાં પાર પાડયો. ત્યારે ત્યાં લોકમાન્ય તિલક, મોતીલાલ નહેરૂ, લાલા લજપતરાય, ફિરોઝશાહ મહેતા, ગોખલે, વ્યોમેશચંદ્ર બેનરજીએ હાજરી આપી હતી. ત્યારે કોંગ્રેસના કુલ સભ્યોની સંખ્યા ૭૫ હતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

**૧૮૮૮ મોશન પિકચરનો યુગ શરૂ થયો.**

એડિસને જયોર્જ ઈસ્ટમેન સાથે મળી સૌપ્રથમ મોશન પિકચર પ્રોજેકટર વિકસાવ્યું હતું. તે વખતે આ પ્રોજેકટર 'કાઈનેટોસ્કોપ' તરીકે ઓળખાતું હતું. પોતાની ૧૦૦૦ જેટલી શોધ પર કોપીરાઈટ મેળવી ચૂકેલા એડિશનની આ શોધ પર ૧૯૧૩માં વિશ્વની સૌપ્રથમ 'ટોકી' એટલે કે બોલતી ફિલ્મ ઉતરી.

**૧૮૯૩ સ્ત્રીઓને પહેલી વાર મતાધિકાર મળ્યો.**

આ સમય દરમિયાન મતાધિકાર તો માત્ર પુરુષોને જ હતો. સ્ત્રીઓને સૌપ્રથમ મતાધિકાર ન્યુઝિલેન્ડમાં અપાયો. જયારે અમેરિકામાં આ મતાધિકાર સન ૧૯૧૯માં મળ્યો હતો.

**૧૯૦૩ ઉડયયન યુગની શરૂઆત.**

૧૭ ડિસેમ્બર, ૧૯૦૩ વિકટર અને ઓરવીલ રાઈટ નામના રાઈટ બ્રધર્સે સૌ પ્રથમ સફળ ઉડયયન કર્યું. રાઈટ બંધુઓની સૌપ્રથમ ફલાઈટ ૧૨ સેકન્ડની હતી. ઓરવીલ રાઈટે ૪૮ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ૧૩.૫ મીટરનું અંતર કાપ્યું હતું. આ વિમાન ૯.૯ ફૂટની ઊંચાઈએ ઉડયું હતું અને સાંજે વિલ્બર્ટે ૫૯ સેકન્ડ સુધી વિમાનને હવામાં તરતું રાખ્યું હતું.

**૧૯૦૮ લોકો માટે સસ્તી નાની ખરા અર્થમાં વાહન વ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ આવી**

કારની શોધ થઈ ગઈ હતી, પરંતુ રસ્તા પર તો બગીઓ જ દોડતી હતી. ડેટ્રોઈટના હેન્રી ફોર્ડે સૌપ્રથમ ઓટોમાબાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝની તવારીખને આંચકો આપતી નાનકડી, સસ્તી કાર બજારમાં મૂકી.

**૧૯૧૪ પ્રથમ વિશ્વયુધ્ધની શરૂઆત**

ખરખેર તો વિશ્વયુધ્ધનાં બીજ સન ૧૮૭૦માં જ રોપાઈ ચૂકયાં હતાં. સને ૧૯૧૪માં આ યુધ્ધ આરંભાયું. તે વખતના લેટેસ્ટ પરિબળો દ્વારા લડાયેલા ચાર વર્ષ ચાલેલા આ યુધ્ધમાં ૨૦૦ લાખ લોકોએ જાન ગુમાવ્યા. અખબારોએ આ યુધ્ધને 'સદીના યુધ્ધ' તરીકે લેખાવી હતી. પ્રથમ વિશ્વયુધ્ધમાં અમેરિકાએ છેલ્લે છેલ્લે ઝૂકાવ્યું. પણ ૧૯૧૮માં યુધ્ધનો અંત આવ્યો.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

**૧૯૧૯ હિન્દુસ્તાનમાં અસહકારની ચળવળનો પ્રારંભ**

બ્રિટિશ સરકાર માટે પ્રથમ વિશ્વયુધ્ધ લડનારા હિન્દુસ્તાની સૈનિકોએ બજાવેલી ઉત્તમ કામગીરીને બિરદાવવા બ્રિટિશ સરકારે ભારતમાં પ્રોવિન્શિયલ કાઉન્સિલો સ્થાપી. જેમાં શિક્ષણ, ખેતીવાડીક્ષેત્ર, જાહેર આરોગ્ય ક્ષેત્રે ભારતીયોને સૌપ્રથમવાર સુપરવાઈઝરના હોદા મળ્યા. પણ આજ સમયમાં કોંગ્રેસમાંથી તિળકની વિદાય સાથે ગાંધીજીનું આગમન થયું અને તેમણે અસહકાર આંદોલનને પ્રબળ બનાવ્યું.

**૧૯૨૨ સરમુખત્યાર હિટલર અને મુસોલિનીનો ઉદય**

ગુંડા, લૂંટારા અને અસામાજિક રાજકીય તત્વોની મદદથી સત્તારૂઢ થયેલા મુસોલિનીએ ૧૯૨૨માં કટોકટી કરતાં સોગણી વિકટ પરિસ્થિતિ સર્જી હતી. મુસોલિનીના આ કન્સેપ્ટને જર્મનીમાં એડોલ્ફ હિટલરે અમલી બનાવ્યો. આ સદીમાં થઈ ગયેલા ત્રણ સરમુખત્યારોમાં મુસોલિની, હિટલર અને સ્પેનના ફ્રાંસિસ્કો ફ્રાંકોનું નામ આવે છે.

**૧૯૩૦ મહાત્મા ગાંધીની દાંડી કૂચ**

અંગ્રેજ સરકારે મીઠા પર ટેકસ નાખ્યો તે માટે ગાંધીજીએ ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ જેલભરો આંદોલન હેઠળ ૩૨૦ કિ.મી. જેટલી લાંબા અંતરની અમદાવાદથી દાંડીકૂચ યાત્રા આરંભી હતી.

**૧૯૩૫ ધર્મવિગ્રહનાં બીજ**

બ્રિટિશરોએ ધર્મના પાયા પર મતદાન કરવાનું ચાલું કર્યું. જેમાં બ્રાહ્મણ, શુદ્ર, મુસ્લિમ, શીખ મતદારો પોતાની જાતિના ઉમેદવારોને જ મત આપી શકતા. આ કારણે કોમવાદ, ધર્મવિગ્રહની શરૂઆત થઈ. ઝીણાએ ભારતમાંથી મુસ્લિમ પ્રાંત છૂટા કરવા માટેનું આંદોલન ઉપાડયું. હવે તેમને સ્વતંત્ર પાકિસ્તાન જ જોઈતું હતું.

**૧૯૩૯ બીજા વિશ્વયુધ્ધનો પ્રારંભ**

૧૯૩૯માં હિટલરે પોલેન્ડ પર કબજો કર્યો. ૧૯૪૦માં ફ્રાંસ જીત્યું. ઉત્તર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

યુરોપમાં ઈંગ્લેન્ડ એકલું અટુલું પડી ગયું. વિશ્વયુધ્ધના પ્રારંભમાં અમેરિકા કાયદેસર રીતે તટસ્થ રહ્યું હતું. ૧૯૪૧માં ૭ ડિસેમ્બરે જાપાનીઝોએ પર્લ હાર્બર પર બોંબમારો કર્યો, ત્યાં સુધી તટસ્થ રહેલાં અમેરિકાએ યુધ્ધમાં ઝંપલાવ્યું ૯ સપ્ટેમ્બર,'૧૯૪૨ ના રોજ કાયદેસર રીતે બીજા વિશ્વયુધ્ધની ઘોષણા રેડિયો પર કરવામાં આવી.

**૧૯૪૩ રશિયાએ હિટલના દાંત ખાટા કરી નાખ્યા**

નવેમ્બર માસમાં યુક્રેનનું પાટનગર કીવ રશિયનોએ કબજે કર્યું. તે વખતે છંછેડાયેલા હિટલરે મ્યુનિકમાં ભાષણ કર્યું કે જર્મની કોઈપણ ભોગે રશિયા હાંસલ કરીને જ રહેશે. અલબત, હિટલરે પોતે અમેરિકા સુધી ન પહોંચી શકવાની અસમર્થતા પણ આ જ ભાષણમાં વ્યકત કરી હતી જે વિગત મુંબઈ સમાચારના ૧૦ નવેમ્બર ૧૯૪૩ના અંકમાં છપાયેલી છે.

**૧૯૪૪ ડી.ડે.જર્મનોથી બિનશરતી શરણાગતિ**

બ્રિટન, ફ્રાંસ, કેનડા, રશિયા અને અન્ય યુરોપિયન દેશોના સૈન્યએ મળીને જર્મનીના નોર્મેન્ડી પર હુમલો કર્યો હતો. આ દિવસને ડી.ડે. તરીકે તવારીખમાં બિરદાવાયો છે. ૧ વર્ષ ચાલેલી કૂચમાં ૧૯૪૫માં જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી.

**૧૯૪૫ હિરોશીમા–નાગાસાકી પ્રકરણ**

જાપાનના બે ટાપુ જીમા અને ઓડીનાવા માટે થયેલા યુધ્ધમાં હજારો અમેરિકન સૈનિકો ખુવાર થયા હતા. ૬ ઓગષ્ટ, ૧૯૪૫ ના રોજ હિરોશીમા પર 'લિટલ બોય' અને ૯ ઓગષ્ટના રોજ નાગાસાકી પર 'ફેટમેન' અણુબોંબ ઝીંકાયા. જેમાં ૧,૦૦,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા. જાપાને તુરંત શરણાગતિ સ્વીકારી હતી.

**૧૯૪૬ વિશ્વનું સૌપ્રથમ ડિજીટલ કમ્પ્યુટર અસ્તિત્વમાં આવ્યું**

પેન્સિલવાનિયા સ્ટેટમાં ૧૮૦૦૦ વેકયુમ ટયુબ્ઝવાળુ ડિજિટલ કમ્પ્યુટર 'એનીએક' ૧૯૪૬માં અસ્તિત્વમાં આવ્યું. આ કમ્પ્યુટર એક ગરાજ જેટલી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જગ્યા રોકતું. જેનો ઉપયોગ માત્ર સ્વીચ ઑન ઑફ કરવા થતો હતો. મુંબઈ સમાચારે તેની ખાસ નોંધ લીધી હતી.

**૧૯૪૭ બ્રિટિશ રાજનો અંત, ભારત પાકિસ્તાનનો ઉદય**

૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ ભારતનો આઝાદી દિન. અલબત ફેબ્રુઆરી મહિનામાં જ બ્રિટિશ સરકારે એલાન કર્યું હતું કે જૂન, ૧૯૪૮ સુધી બ્રિટિશરો કોઈ સંજોગોમાં હિન્દુસ્તાન છોડશે નહીં પરંતુ કોઈક દબાણથી તેમને નિર્ણય ફેરબદલ કરવો પડયો.

**૧૯૪૮ ગાંધીજીની હત્યા.**

૩૦ જાન્યુઆરી, સંધ્યાકાળની પ્રાર્થના સભામાં કટ્ટર હિન્દુત્વવાદી નથુરામ ગોડસેએ પોતાની નાની સરખી બેરેટા પિસ્તલોમાંથી ત્રણ ગોળી ગાંધીજી પર ચલાવી અને પ્રાર્થના સભામાં જ ગાંધીજીનું નિધન થયું.

**૧૯૫૫ એલ્વિસ પ્રેસ્લી મેનિયા**

વિશ્વ યુધ્ધમાં સેવા આપનાર એક સૈનિક પોતાની જન્મજાત ટેલેન્ટથી છવાઈ ગયો. જગતમાં પોપ મ્યુઝિકની ઓળખ કરાવનાર અને જીટર બેગ, ટ્રેડિશનલ ટેંગો અને રમ્બા જેવાં ડાન્સને પ્રખ્યાત બનાવનાર એલ્વિસનું હિંદી વર્ઝન શમ્મીકપુરમાં જોવા મળતું.

**૧૯૫૭ સૌપ્રથમ કૃત્રિમ ઉપગૃહ સ્પુટનિક અવકાશમાં મૂકાયો.**

૪ ઓકટોબર, સોવિયેટ રશિયાએ વિશ્વનો સૌપ્રથમ કૃત્રિમ ઉપગ્રહનું માન લઈ જનાર સ્પુટનિક પૃથ્વીની ભ્રમણ કક્ષામાં તરતો મૂકયો.

**૧૯૫૮ અમેરિકાની નાસાની સ્થાપના**

અવકાશ ક્ષેત્રે રશિયાએ સાધેલી પ્રગતિથી ડરીને અમેરિકાએ ૧૯૫૮માં ફલોરિડા અને હયુસ્ટનમાં નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ની સ્થાપના કરી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

**૧૯૬૯ ચંદ્ર પર પ્રથમ પગલું**

સૌપ્રથમવાર અમેરિકાએ છોડેલું યાન એપોલો–૧૧ ત્રણ અવકાશયાત્રીઓને લઈ ૧૬ જુલાઈ, ૧૯૬૯ના રોજ ચંદ્ર તરફ રવાના થયું. તા. ૨૦ જુલાઈ,૧૯૬૯ના રોજ નીલ આર્મસ્ટ્રોંગ અને એડવીન એલ્ડ્રીને ચંદ્ર પર પ્રથમ ડગલું ભર્યું.

**૧૯૭૦ જાપાન ફાઈનાન્શિયલ વિઝાર્ડ તરીકે વિકસ્યું.**

૧૯૪૫ સુધી વિશ્વ ક્ષેત્રે જાપાનની કોઈ મહત્તા ન હતી. જાપાનીઝ ઉત્પાદનો તકલાદી, પોકળ અને આંતરરાષ્ટ્રીય સ્તરે અતિ પાછળ લેખાતાં ૧૯૪૫માં વિશ્વયુધ્ધમાં થયેલી ખુંવારી પછી જાપાને એક નવી શરૂઆત કરી. ખાસ કરીને કાર, કાંડા ઘડિયાળો અને ઈલેકટ્રોનિકસ ક્ષેત્રે જાપાને ચમત્કાર કરી દેખાડયો. તેણે ઈકોનોમિક મિરેકલ કરી બતાવ્યું.

**૧૯૮૦ પર્સનલ કમ્પ્યુટર્સ (પીસી)નો યુગ.**

૧૯૬૩થી આવતા મોટાં ભારેખમ ઔદ્યોગિક કમ્પ્યુટરનું સ્થાન બચૂકડાં પીસીઝે લીધું. ટેકસસ ઈન્સ્ટ્રુમેન્ટસે ટીઆઈ ૯૯૪એ ના વોઈસ સિન્થસાઈઝર્સ સહિત ૧૬ બીટ કમ્પ્યુટર વિકસાવ્યાં.

**૧૯૮૧ ખતરનાક એઈડ્સનું આગમન**

એકવાયર્ડ ઈમ્યુન ડેફિશિયન્સી સિન્ડ્રોમ (એઈડ્સ)ના ટૂંકા નામે ઓળખાતા આ જીવલેણ વ્યાધિએ સૌપ્રથમવાર દેખા દીધી. સત્તાવાર રીતે એઈડ્ઝનો પ્રથમ શિકાર ફ્રેંચ, કેનેડિયન એરલાઈન્સનો સ્ટુઅર્ડ ગર્ટન ડયુગસ બન્યો હતો.

**૧૯૮૪ પૃથ્વીની આસપાસ રહેલાં ઓઝોન સ્તરમાં ગાબડાં.**

પૃથ્વીની આસપાસ ૧૯ થી ૪૮ કિ.મી. સુધી પથરાયેલાં ઓઝોન વાયુના સ્તરમાં ગાબડાં પડયાં હોવાની વાત પર્યાવરણવાદીઓની નજરમાં આવી. પૃથ્વીને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોમાંથી રક્ષતું આ સ્તરનું તૂટવાનું કારણ પૃથ્વી પર વધતું જતું માનવસર્જિત પ્રદૂષણ હતું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

**૧૯૮૯ ચીનના ટાઈનામેન સ્કવેરમાં વિદ્યાર્થી આંદોલન કચડી નાખ્યું.**

ચીનમાં બેજીંગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ટાઈનામેન વિસ્તારમાં એક મંચ પર સ્વતંત્રતાની દેવીના શિલ્પનું સ્થાપન કર્યું હતું. ઠેરઠેર પોસ્ટરો ચોંટાડીને આ ચળવળને ટેકો અપાયો હતો. ચીનના હજારે શહેરો ગામોમાંથી વિદ્યાર્થી આવ્યા હતા. કમ્યુનિસ્ટ પાર્ટીના ડેંગ ઝીઆઓ પીંગ સખત બીમાર હોવાથી તેમના અનુયાયી લી પેંગે આ બળવો કચડી નાખવા લશ્કરની મદદ લીધી. લશ્કર દ્વારા ૨૪ કલાક ચાલેલા બેરહેમ રકત પાતમાં હજારો કૂમળાં વિદ્યાર્થીઓ ગોળીથી વિંધાયા. કેટલાક જેલમાં ગયા, આંકડા ઉપલબ્ધ નથી.

**૧૯૯૦ હબલ ટેલિસ્કોપ અવકાશમાં મૂકાયું.**

નાસાએ હબલ ટેલિસ્કોપ અવકાશમાં મોકલી વધુ એક સિધ્ધિ હાંસલ કરી. હબલ ટેલિસ્કોપે પોતાની કામગીરી રૂપે ૧૯૯૪માં ફોટોગ્રાફસ મોકલ્યાં તે ઉપરથી 'બ્લેક હોલ' ના અસ્તિત્વની થિયરીને ખરેખરા અર્થમાં માન્યતા મળી.

**૧૯૯૧ સોવિયેટ યુનિયનનું વિભાગીકરણ.**

આ સમયે એક સાથે ૧૫ રિપબ્લિક છૂટાં પડયાં, અને સ્વતંત્ર દેશ તરીકે ઉભર્યા. રશિયાનો સૌથી સમૃધ્ધ ગણાતો પ્રદેશ યુક્રેન એક સ્વતંત્ર દેશ બન્યો. યુક્રેનને ફાળે સૌથી વધુ ન્યુકિલયર શસ્ત્રો આવ્યા હતા. જે તેણે સમય જતાં અમેરિકાને વેંચ્યા.

**૧૯૯૧ ઈરાક અમેરિકાનું ખાડી યુધ્ધ, જેણે વિશ્વનું પર્યાવરણ ખોરવી નાખ્યું.**

સરમુખત્યાર સદ્દામ હુસૈને ૨ ઓગષ્ટ ૧૯૯૦ના રોજ પ્રથમ હુમલો કરી કુવૈતને હસ્તગત કરી લીધું હતું. કુવૈતમાં રહેલા તેલના કૂવામાં અમેરિકા અને બ્રિટન આ બંને દેશના અઢળક રોકાણને કારણે સદ્દામને પાઠ ભણાવવાનું નકકી થયું. અમેરિકાનો આ યુધ્ધમાં તહેનાત કરેલા અઢી લાખ સૈનિકોને નિભાવવાનો ખર્ચ મહિને ૧ અબજ ડોલર હતો. મુંબઈ સમાચારના પાનાઓ કહે છે કે ૧૫ જાન્યુઆરી, ૧૯૯૧થી પ્રારંભ થયેલ ૧૭ દિવસ ચાલેલા આ ખાડીયુધ્ધમાં સેંકડો તેલ કૂવાઓ ફૂંકી નંખાયા. જે મહિનાઓ સુધી ભડકે બળ્યા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સત્તાવર રીતે ભલે કોઈ ન કબૂલે પણ, તે વર્ષે આખા વિશ્વની વર્ષાઋતુ મહિનો પાછળ ઠેલાઈ હતી.

**૧૯૯૭ ચીનને હોંગકોંગની સોંપણી**

ચીનને હોંગકોંગની સોંપણી થાય તે પૂર્વે ૪ જૂનના રોજ નીકળેલ એક રેલીને વિખેરી નખાઈ. આ વાત જ અંધકારમય ભાવિના આગમનનો સંકેત છે.

**૧૯૯૮ પોખરણમાં ન્યુકિલયર પરિક્ષણ**

ભારતે પોખરણ ખાતે ૩ ન્યુકિલયર પરિક્ષણ કર્યા જેમાંનું એક થર્મોન્યુકિલયર ડિવાઈસ પરીક્ષણ હતું.

**૧૯૯૯ (૧) જહોન કેનેડી જુનિયરનું પ્લેન દુર્ઘટનામાં નિધન.**

**(૨) ટાઈગર હિલ પર કબજો.**

ભારતે કારગીલ યુધ્ધમાં ટાઈગર હિલ ઉપર કબજો મેળવ્યો અને જીતની સાબિતી આપી.

**૨૦૦૧ વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો**

૯/૧૧ આતંકવાદીઓએ અમેરિકામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કર્યો. જેની જવાબદારી ઈસ્લામિક આતંકવાદી ગ્રુપના વડા ઓસામા બિન લાદેને સ્વીકારી.

**૨૦૦૨ AIDS નો કાળો કેર.**

એક સર્વે મુજબ ૨૦૨૦ સુધીમાં ૬૫ મિલિયન લોકો AIDS થી મૃત્યુ પામ્યા હશે. હજુ તેની ચોકકસ દવા શોધાઈ નથી.

**૨૦૦૪ સુનામીનો સપાટો.**

સુનામીના તોફાને એશિયામાં ૨,૦૦,૦૦૦ લોકોનો ભોગ લીધો. એકલા દક્ષિણ ભારતમાં ૧૫ થી ૨૦,૦૦૦ લોકોનો ભોગ લેવાયો.

**૨૦૦૬ ઈરાક અમેરિકા યુધ્ધ**

ઈરાક યુધ્ધ મામલે યુ.એસ. પ્રમુખ જયોર્જ બુશએ વીટો પાવર વાપર્યો. જયોર્જ બુશ અને ટોની બ્લેરે ઈરાક યુધ્ધના મૃતકોના પરિવાર માટે દિલગીરી વ્યકત કરી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

**૨૦૦૭ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ**

આઝાદી બાદ પ્રથમ વખત ભારતનાં રાષ્ટ્રપતિ પદે એક મહિલાની નિમણૂક થઈ. પ્રતિભા પાટીલને આ પદ પ્રાપ્ત કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

**૨૦૦૮ યુ.એસ.એ.ના પ્રથમ અશ્વેત પ્રમુખ**

બરાક ઓબામા યુ.એસ.ના પ્રથમ અશ્વેત પ્રમુખ તરીકે ચૂંટાયા. અમેરિકાના ઈતિહાસમાં આવી ઘટના પ્રથમ વખત બની છે.

સન ૧૮૨૨ થી ૨૦૦૮ સુધીના સમયગાળામાં ઘટેલી ઘટનાઓને સમાવવાનો પ્રયાસ ગાગરમાં સાગર સમાવવા જેવો છે. જેની નોંધ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવી પડી હોય તથા જે વિષે જાણવાની કુતૂહલવૃત્તિ પણ વૈશ્વિક ધોરણે હોય તેવી સાંપ્રત ઘટનાઓ જેને મુંબઈ સમાચારમાં મથાળાનું સ્થાન મળ્યું હોય તેની અતિ સંક્ષિપ્ત વિગત આપવાનો એક નમ્ર પ્રયાસ અહીં કર્યો છે.

ઈ.સ. ૨૦૨૨માં જયારે આ દૈનિક પોતાનો બીજો શતાબ્દી મહોત્સવ ઉજવશે ત્યારે આપણા દેશે ૨૧મી સદીની ચોથા ભાગની મજલ કાપી લીધી હશે અને તેથી વિશ્વમાં ભારત કેવું સ્થાન ધરાવે છે તે આખી દુનિયાને દેખાડનારા અખબારના પૃષ્ઠો તેનો બોલતો દસ્તાવેજ હશે. ત્યાં સુધીમાં વિજાણું માધ્યમ ખૂબજ પ્રગતિ કરી ચૂકયું હશે અને આજનો એવો પ્રશ્ન મહદ અંશે ઉકેલાઈ ગયો હશે કે વિશ્વમાં પ્રિન્ટ મિડિયા રાજ કરશે કે પછી વિજાણું યંત્રોની મદદથી ઝડપી ગતિથી ચાલતું પત્રકારત્વ?

સ્વરૂપ અને શૈલી ભલે ગમે તેવી હોય પરંતુ ત્યારે પણ 'મુંબઈ સમાચાર' ભારતીય પત્રકારત્વમાં ભૂંસી શકાય નહી તેવી છાપ કાયમ કરનારું અને ભાવિ પેઢી માટે મશાલ સમાન અખબાર હશે. 'મુંબઈ સમાચાર'ની ચર્ચા કર્યા વિના ભારતીય પત્રકારત્વ અધૂરું છે.

''એશિયાનું આ માત્ર એક જ વર્તમાનપત્ર છે જેને અમેરિકાના પ્રેસિડન્ટ અબ્રાહમ લિંકનની હત્યાની નોંધ લીધી હતી. મોગલ સલ્તનતનો અંત મુંબઈ સમાચારના પાનામાં નોંધાયેલો છે. ભારતની આઝાદીનું પ્રથમ યુધ્ધ જેને૧૮૫૭નો બળવો કહેવામાં આવે છે. તેની વિગતો આ વર્તમાનપત્રમાં પ્રગઈ થઈ હતી અને ભારતનું રાજકારણ કંપનીના હસ્તકથી આંચકી લઈ વિદેશી તાજને સોંપવામાં આવ્યું તે ઐતિહાસિક બનાવ પણ 'મુંબઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમાચાર' માં નોંધાયો છે. ૧૮૫૭ના બળવા પછી જયારે કોટ વિસ્તારમાં કેટલાક બળવાખોરોને મુંબઈમાં તોપને મોઢે ચઢાવવામાં આવ્યા હતા તે પ્રસંગની નોંધ પણ આ વર્તમાન પત્રે લીધી હતી.''[૩૩]

મુંબઈ સમાચારની સ્થાપના થઈ તે પછી દસ વર્ષ બાદ ટાઉન હોલનું ઐતિહાસિક મકાન બાંધવામાં આવ્યું અને એ મકાનમાં લિવિક્ષ્ટન નામનાં અંગ્રેજ અફસર જેને આફ્રિકાના જંગલો ખેડી તેની રસીલી વિગતો રજૂ કરી હતી,તેનું સ્વાગત પણ ટાઉન હૉલમાં કરવામાં આવ્યું હતું. તેનો અહેવાલ આ અખબારમાં પ્રગટ થયો હતો. અન્ય અખબારો સાથે અંગ્રેજોના ખૂન–ખરાબાની વિગતોપણ 'મુંબઈ સમાચારે' પ્રગટ કરી હતી. તુર્કીમાન સલ્તનત જયારે ભાંગી પડી અને તુર્કીસ્તાન નવા રંગ અને સ્વરૂપમાં પ્રજાસત્તાક રાજય બન્યું તેનો વિગતવાર અહેવાલ 'મુંબઈ સમાચાર'ના પ્રથમ પૃષ્ઠે રજૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૯૫૨નાં અરસામાં તે સમયનું વિશ્વનું સૌથી મોટું જહાજ ટાઈટેનિક, જે કદી પણ ડૂબે નહી એવો દાવો કરવામાં આવતો હતો. તે તેની પહેલી દરિયાઈ સફર દરમિયાન જ એટલાન્ટિક મહાસાગરમાં એક હિમશીલા સાથે અથડાઈને સેંકડો મુસાફરો સાથે જળ સમાધિ લઈ દરિયાના તળિયે બેઠું તેની વિગતવાર માહિતી આ અખબારમાં નોંધાઈ હતી.

પહેલા વિશ્વ યુધ્ધની વિગતો અને તેજ પ્રમાણે બીજા વિશ્વયુધ્ધના કારમા હત્યાકાંડની વિગતો 'મુંબઈ સમાચાર'માં રજૂ થતી રહી. ઈરાન અને ભારત વચ્ચેના વ્યાપાર અને સાંસ્કૃતિક સંબંધો બે હજાર વર્ષ જૂના છે અને ઈરાનમાં વખતોવખત થયેલા રાજય પલટાની વિગતોની નોંધ લેવાનું 'મુંબઈ સમાચાર' ચૂકયું નથી.

૧૪ એપ્રિલ, ૧૯૪૬ના દિવસે સાંજે ૪ કલાકને ૬ મિનિટે મુંબઈનાં વિકટોરિયા ડોકમાં લંગારવામાં આવેલા એક જહાજમાં પ્રચંડ ધડાકો થયો. દારૂગોળાથી ભરેલા જહાજમાં ૩૫૬ લોકો મર્યા અને ૪૦ હજાર ટન અનાજ નાશ પામ્યું હતું. ૨૬ મિનિટ પછી એક વધારે શકિતશાળી ધડાકો થયો. જેમાં ૪૦૦ મકાનો ધરાશાયી થયાં હતાં અને ૧૧૭૫ મકાનોને ભારે નુકશાન થયું હતું. કુલ ૧૫ કરોડનું નુકશાન આ ધડાકામાં થયું હતું. તેની વિગતોનો સંપૂર્ણ અહેવાલ 'મુંબઈ સમાચાર'માં રજૂ થયો હતો અને ત્યાર પછી રાહત અને પુનર્વસવાટ માટે મામૂલી મદદ આપી હતી. તેની વિગતો 'મુંબઈ સમાચાર'માં પ્રગટ થઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હતી. આ રીતે 'મુંબઈ સમાચાર' ની ૧૮૭ વર્ષની ફાઈલ ઐતિહાસિક,સામાજિક અને રાજકીય તવારીખની સમૃધ્ધ માહિતી પૂરી પાડે છે. ભવિષ્યના ઈતિહાસકારો માટે આ વિગતો મહામૂલી બની રહેશે.

'મુંબઈ સમાચાર'ની લેખન શૈલી એ પ્રકારની રહી છે કે દરેક સમાચાર રસપ્રદ બની રહે વળી સ્વરૂપ એટલું સાદું રાખવામાં આવ્યું છે કે તેમાં કયાંય અતિશયોકિત કે ઉત્તેજના ન જોવા મળે. કોઈપણ હિચકારી ઘટનાનું વર્ણન બને ત્યાં સુધી સરળ શબ્દોમાં લખવામાં આવે છે. જેથી સવારમાં છાપું વાચનાર વાંચકને સમાચાર વાંચ્યાનો અફસોસ ન થાય. આજ કારણથી તે સતત ૧૮૭ વર્ષથી લોકોના હૃદયમાં વસ્યું છે.

## (૪) તંત્રીઓ અને પત્રકારો

'મુંબઈ સમાચાર'ના ૧૮૭ વર્ષના ઈતિહાસમાં બે વ્યકિતઓએ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. જયાં સુધી આ સંસ્થા રહેશે ત્યાં સુધી પત્રકારત્વના ઈતિહાસમાં એમના નામ સોનેરી અક્ષરે લખાશે. એક તો અખબારના જન્મદાતા મોબેદ ફરદુનજી મર્ઝબાન અને બીજા મુંબઈ સમાચારના ડૂબતા જહાજના તારણહાર સ્વ. શેઠ મંચેરજી નશરવાનજી કામા. આ બંને વચ્ચેના સમયગાળામાં આઠ માલિકો બદલાયા જેની સંપૂર્ણ માહિતી આપણે આગળના પ્રકરણમાં જોઈ ગયા. ઈ.સ. ૧૮૨૨થી અત્યાર સુધીમાં એકવીસ તંત્રીઓએ ઉચ્ચતમ કામગીરી બજાવી અને અનેક શ્રેષ્ઠ પત્રકારોએ પોતાનું યોગદાન આપ્યું. તેની વિગત આ પ્રકરણમાં મેળવીએ.

ભૂતકાળના વીતેલા વર્ષોમાં અખબારની ભૂમિકા વિશેના ખ્યાલો બદલાયા છે. દેશમાં શિક્ષણ સંસ્થાઓનો બહોળો વિસ્તાર થયો છે અને જ્ઞાન વિજ્ઞાનમાં રુચિ ધરાવતા શિક્ષિત નાગરિકોની સંખ્યામાં મોટો વધારો થયો છે. ગુજરાતી ભાષામાં અનેક નવા વિષયોની રજૂઆત થવાથી ભાષાનો ગણનાપાત્ર વિકાસ થયો છે. ગુજરાતનો શિક્ષિત વર્ગ સરળતાથી સમજી શકે એવી અનેક ભાષાઓના શબ્દોથી ભરપૂર, ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ થઈ છે. આજે હવે અખબારો મુખ્યત્વે નગર વિસ્તારોમાં જ વેચાતા અને વંચાતા નથી. તે ગ્રામ્ય વિસ્તારોમાં પણ પ્રસર્યા છે. આ વાત દરેક અખબારના વર્તમાન તંત્રીઓ અને પત્રકારોએ ધ્યાનમાં રાખવા જેવી છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈ સમાચારના જન્મ સમયે તેનું માલિકીપદ અને તંત્રીપદ એક જ વ્યકિતએ સંભાળ્યું હતું મોબેદ ફરદુનજી મર્ઝબાન. વાર્ષિક લવાજમ રૂા. ૨થી પહેલા પ્રકાશનની ૯૫ નકલો બહાર પાડવામાં આવી. પહેલો તંત્રીલેખ પણ એમણે જ લખ્યો હતો. તેમાં 'મુંબઈ સમાચાર'ની નીતિ કયા પ્રકારની રહેશે તે જાહેર કર્યું હતું. તેમ સમયે તેઓ માલિક,તંત્રી,પત્રકાર અને કારીગર તથા ફેરિયા દરેકનું કામ એકલા જ કરતા હતા.

ફરદુનજીએ ૧૮૨૨ના જૂનની ૧૦મી તારીખે પોતાના વર્તમાનપત્રની જાહેર ખબર ચોપાનિયા રૂપે બહાર પાડી જેને નામ આપ્યું 'મદેહનજર'. તેમાં તેમણે ગુજરાતી વર્તમાનપત્રના આરંભથી આજ સુધી જે એક મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેનો ઉલ્લેખ કર્યો હતો. આ મુશ્કેલી તે સારા અનુવાદકો મેળવવાની. ફરદુનજી પોતાના આ નવા કાર્યને સંપૂર્ણ સમર્પિત હતા. 'મુંબઈ સમાચાર' અને ફરદુનજીની પ્રતિષ્ઠા વધવાથી એમનું મિત્રમંડળ મોટું થવા લાગ્યું. અંગ્રેજ અમલદારો,વેપારીઓ,શાહુકારો, વિદ્વાનો સાથે એમને નિકટના સંબંધો બંધાયા. તેમના હાથ હેઠળ તાલીમ પામેલાઓમાંથી કેટલાકે આગળ જતાં પોતપોતાનાં અલગ છાપાં શરૂ કર્યા. ચાબુક, રિફોર્મર, અખબારે સોદાગર વગેરે વર્તમાન પત્રોના તંત્રી કે માલિક ફરદુનજીના શિષ્યો હતા.

દીપક મહેતાએ લખ્યું છે કે," આજના વર્તમાનપત્રોમાં જોવા મળતી ઘણી બાબતો છાપવાની પહેલ ફરદુનજીએ કરી હતી. હવામાનના સમાચાર, દૈનિક પંચાગ,જન્મ મૃત્યુની નોંધ, લોકોપયોગી માહિતી, જાહેર ખબરો અને જાહેરાતો વગેરે તેઓ નિયમિત રીતે છાપતા. ઉપરાંત મહત્ત્વના બનાવો અંગે તંત્રીનોંધ પણ અવારનવાર લખતા. વાચકોના પત્રો પણ નિયમિત રીતે પ્રગટ થતાં."[૩૪]

પૂરા દસ વર્ષને ૪૪ દિવસ સુધી 'મુંબઈ સમાચાર' સુપેરે ચલાવ્યા પછી ૧૮૩૨ના ઓગષ્ટની ૧૩મી તારીખે તેમણે પોતાના એ વહાલા અખબાર સાથેનો અંત આણ્યો અને છાપું પોતાના શાગિર્દ તહેમુલજી રુસ્તમજી મીરઝાને સોંપ્યું.

તહેમુલજી ૨૬ વરસની વયમાં ફારસી વિદ્યામાં પ્રવીણ તથા અંગ્રેજી અને અરબીમાં કામ ચલાવવા જોગ થયા હતા અને પોતાના ધર્મશાસ્ત્રથી સંપૂર્ણ માહિતગાર હતા. ગુજરાતી ભાષાને તેઓ ઘણી સારી રીતે લખી જાણતા હતા. તેઓએ મુંબઈ સમાચારના અધિપતિનો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હોદ્દો ઘણી ચતુરાઈ અને શાણપણથી ચલાવ્યો હતો. તેમના સ્વભાવની ખૂબી એ હતી કે, સહુ કોઈને નમીને ચાલવું, મીઠા શબ્દથી બોલવું, ગમે તે હોય તેને માન આપવું, કોઈ માઠું બોલે તે સાંભળી લેવું, તેનો પાછો ઉત્તર વાળવો નહિ, અગત્ય જેટલું જ બોલવું, ને કોઈનું કામ પોતાનાથી બને તેમાં આશરો આપવો.

ઈ.સ. ૧૮૭૪માં પ્રખ્યાત પારસી લેખક રતનજી ફરામ વાછાએ લખેલા, 'મુંબઈનો બહાર' નામના પુસ્તકમાં નોંધે છે કે," ૧૮૩૩માં તહેમુલજીની હયાતિ દરમિયાન જ ફરદુનજીની આર્થિક સ્થિતિ કથળતાં 'મુંબઈ સમાચાર'ના છાપખાનાનું લિલામ થયું. એ છાપખાનું ખરશેદજી હોરમજજી મહેરજીએ પોતાના નાનાભાઈ મહેરજી હોરમજજી મહેરજીની ભાગીદારીમાં ખરીદ્યું. 'મુંબઈનો બહાર' પુસ્તકમાં મહેરજી હોરમજજી મહેરજી મુંબઈ સમાચારના તંત્રી હતા. એવી નોંધ છે. તેમણે ઈ.સ. ૧૮૩૩માં પોતાના મોટાભાઈ ખરશેદજી સાથે ભાગીદારીમાં 'મુંબઈ સમાચાર'નું છાપખાનું અને વર્તમાન વેચાતા લીધા હતા. તે હંમેશા અખબારમાં લોકોપયોગી બાબતો લખતા. "[૩૫]

અહીં બન્ને ભાઈઓએ સંયુકત રીતે અખબારની માલિકી અને તંત્રીપદ સંભાળ્યું હશે તેમ માની શકાય. મહેરજી હોરમજજી 'મુંબઈ સમાચાર'માં ભાગીદાર તરીકે હશે પણ એમનો હોદ્દો 'સ્લિપિંગ પાર્ટનર' જેવો જ હશે. શ્રી રસિક ઝવેરીએ નોંધ્યું છે કે,"૧૮૩૪થી ૧૮૪૧ સુધી 'મુંબઈ સમાચાર'ના અધિપતિ તરીકેની કામગીરી કાવસજી હોરમજજી મામાએ બજાવી એવા ઉલ્લેખ 'મુંબઈ સમાચાર'ના બીજે ઠેકાણેથી મળે છે. જયારે ઈ.સ. ૧૮૩૯માં મહેરજજી હોરજજીનું તો અવસાન નોંધાયું છે. એટલે તેઓ અધિપતિ તરીકે નહી પણ માલિક ભાગીદાર તરીકે હશે એવું અનુમાન નોંધવું પડે. પણ એ વખતે અખબારમાં છપાયેલી પ્રેસ નોટમાં કયાંય માલિક કે તંત્રીના નામોનો ઉલ્લેખ જોવા મળતો નથી. ફકત 'પ્રિન્ટર નસરવાનજીએ ધણી માટે છાપ્યું.' એટલી જ નોંધ માલુમ પડે છે. એટલે ત્યારના 'મુંબઈ સમાચાર'ના અંકોમાંથી માલિક અને અધિપતિ વિશેની તારીખવાર કે સાલવાર સ્પષ્ટ નોંધ તારવવાનું શકય બનતું નથી."[૩૬]

ઈ.સ. ૧૮૩૪માં તહેમુલજી રૂસ્તમજી મીરઝાના થયેલા અવસાન પછી, નવા માલિકોએ અખબારનું તંત્રીપદ કાવસજી હોરમજજી મામાને સોંપ્યું. કાવસજી મામા ઈ.સ.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૮૩૪ થી ઈ.સ. ૧૮૪૧ સુધી એટલે મૃત્યુ સુધી અખબારના તંત્રીપદે હતા. મુંબઈ સમાચારમાં ૨૩ મે, ૧૮૪૧ના રોજ તેમની મરણનોંધ છપાઈ હતી. તેના અમુક અંશો અહીં લેવા યોગ્ય લેખાશે.

જેમ કે,''તારીખ ૨૦મી ચાલતા મે એ ગયા. ભરેશ પતવારને દિને બપોર પછી અઢી કલાકે કોટમાં પોતાના બજાર આગળ રહેવાના ઘરમાં આશરે ૩૨ વરસની વયમાં સાત દહાડાની માંદગીમાં આ પત્રનો આગલો અધિપતિ પારસી કાવસજી હરોમજજી ભિખાજી મામા આ કમીની અને બેવફાઈ તથા જૂઠી માયાની દુનિયા છોડી સદાની સાચી અને હંમેશની સાચી સ્વર્ગવાસી લોકમાં પોતાના ભાઈબંધ તથા જાનીમિત્રોને ભારે પ્રિતની માયા દેખાડી ચાલતી પકડી ગયો....''[૩૭] તેમના કૌશલ અને જ્ઞાન વિશે લખ્યું છે કે,''એ ઘણી વિદ્યાઓમાં સારો પ્રવીણ હતો. તેમાં ગુજરાતી તથા બાળ બોધ અક્ષરની લખેલી ગુજરાતી તથા થોડી એક ફારસી ભાષા પણ જાણતો હતો અને અંગ્રેજી વિદ્યા એવી તો જાણતો હતો કે પોતે તેનું સારી પેઠે ભાષાંતર કરી શકતો હતો. એ ઘણી ગુજરાતી લખવામાં એવો તો ઉતાવળો હતો કે તેવા થોડા જ ઘણી હશે. તે સંગાથે તે લખવું વળી એવું શુધ્ધ કે તેવું લખવાનું તો આપણા ઘણા ખરા લોક મુદલ સમજતા નથી. અને દરેક વાત સાંભળી પોતાના ડાહપણથી લખાવામાં તો જાણે એક ગ્રંથકાર હતો.....''[૩૮] કાવસજી મામાના સ્વભાવ વિષે લખ્યું છે કે,'' સર્વ કોઈને નમીને ચાલવું, મીઠા શબ્દથી બોલવું, ગમે તેવા હોય તેને માન આપવું, કોઈ માઠુ બોલે તો સાંભળી રહેવું, તેનો પાછો ઉત્તર વાળવો નહિ, અગત જેટલું જ બોલવું, કોઈનું કામ પોતાથી બને તેમાં આશરો આપવો.''[૩૯] આવી ખૂબીઓ સાથે તેમણે સાત વરસથી પણ વધુ સમય માટે 'મુંબઈ સમાચાર'નું અધિપતિ પદ સંભાળ્યું. નોંધના અંતે આવા મૂલ્યવાન અધિપતિ ગુમાવ્યાનું દુઃખ પત્રના માલિકને તથા અન્ય કર્મચારીગણને ખૂબ જ છે એ વિશેની લાગણી અહીં વ્યકત થઈ છે.

ઉપરોકત અંશોમાં ભાષા જૂના મૂળ સ્વરૂપે જ રાખી છે. જેથી વાંચનાર ૧૮૪૧ના સમયના મુંબઈ સમાચારની ભાષા જાણી શકે.

ત્યાર પછી 'મુંબઈ સમાચાર'ના અધિપતિ તરીકે બે મરાઠી ભાઈઓ જનાર્દન વાસુદેવ અને વિનાયક વાસુદેવ આવ્યા. ૧૮૪૧માં કાવસજી મામા અવસાન પામ્યા બાદ બે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મરાઠી હિન્દુ ભાઈઓ તંત્રીપદે આવ્યા. ''આ બંને ભાઈઓ પાછળથી ઊંચા સરકારી હોદ્દા પર ગયા હતા. જનાર્દન વાસુદેવ મુંબઈની સુપ્રિમ કોર્ટના એકટીંગ જજ બન્યા હતા. આવો ઊંચો હોદ્દો સંભાળનાર અને શોભાવનાર તેઓ પ્રથમ હિન્દી હતા. એમના ભાઈ વિનાયક વાસુદેવ 'ઓરિએન્ટલ ટ્રાન્સલેટર'ની ઊંચી પદવી પર નિમાયા હતા. એ વખતમાં એક પારસી ગુજરાતી અખબારનું તંત્રીપદ હિન્દુ તંત્રીઓના હાથમાં હોય એ અસામાન્ય વાત ગણાય. પણ એ દિવસોના મરાઠી વિદ્વાનો ગુજરાતી ભાષાના સારા અભ્યાસી હતા.''[૪૦] તેઓ છ બાર મહિનાના ટૂંકા ગાળા માટે જ એ પદ પર કામચલાઉ ધોરણે રહ્યા હશે. કારણ કે એ પછી ખરશેદજી હોરમજજી અધિપતિ તરીકે રહ્યા હતા. એવી સ્પષ્ટ નોંધ 'મુંબઈ સમાચાર'માં એમની મરણનોંધમાંથી મળે છે. તેઓ ઈ.સ. ૧૯૪૫ની ૭મી માર્ચે અવસાન પામ્યા એટલે બંને ભાઈઓ અને ખરશેદજી એમ ત્રણ તંત્રીઓ ૨૦ મે, ૧૮૪૧ થી ૭ માર્ચ, ૧૮૪૫ દરમિયાન અધિપતિ તરીકે આવી ગયા એમ માનવું પડે. ખરશેદજી હોરમજજીએ કયારે તંત્રીપદ સંભાળ્યું તે જાણવા મળતું નથી.

ઈ.સ. ૧૮૪૫ની ૭મી માર્ચને શુક્રવારે રાત્રે ૩૭ વરસની ઉંમરમાં થોડા દિવસની માંદગીથી તેઓનું અવસાન થયું હતું. તેઓએ તેની ઘણી ખરી ઉંમર વેપાર અર્થે વાપરી હતી. આથી મુંબઈના ગ્રામ્ય અને યુરોપિયન લોકો સાથે સારી મિત્રતા બંધાણી હતી. ૯મી માર્ચના રોજના 'મુંબઈ સમાચાર'માં તેમની મરણ નોંધ છપાઈ હતી. જેનો થોડો અંશ અહીં લેવાયો છે.: ''..... એ મરનાર જાતે ઘણો ડાહ્યો અને શાણપણ ભરેલો, માયાળુ, ખુશ મિજાજનો, સારા સ્વભાવનો, શાહેદિલ અને નમનતાઈ ભરેલો હતો. એ મરનાર આગળ જે કોઈ દરદી માણસ આવતું તેનો ડાહપણ ભરેલી રીતે ઈલાજ કરવામાં પોતાથી બની આવતી તેટલી મહેનત અને કોશિશ કરતો હતો.''[૪૧]

ખરશેદજીના અવસાન પછી એમના ભત્રીજા પીરોજશાહ મહેરજી હોરમજજી 'મુંબઈ સમાચાર'ના માલિક બન્યા. તે સાથે જ તંત્રી તરીકે જ નવરોજી દોરાબજી ગાય આવ્યા. એ સમયના 'મુંબઈ સમાચાર'માં તેમના વિષે કોઈ વિશેષ નોંધ છપાઈ નહોતી. 'પારસી મૃત્યુક' ભાગ–૩માં તેમની મરણનોંધ છપાઈ છે. જે મુંબઈ સમાચારના ઈતિહાસમાં નોંધાયું છે. તે મુજબ,''જૂનામાં જૂના એક એલ્ફિન્સ્ટોનિયનનું મરણ નોંધવાની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અમોને દિલગીરી ભરેલી ફરજ પડી છે. અત્રેથી એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટયુશન મધ્યેથી ૧૮૩૨માં પહેલા વહેલા સ્કોલર તરીકે બહાર પડેલા બે પારસી વિદ્યાર્થીઓમાંના એક શેઠ નવરોજી દોરાબજી ગાય ગયા પખવાડીયાના બુધવારે ૭૨ વરસની વયે મરણ પામ્યા છે. એમણે પેહલી વેહલી ૧૮૩૪માં મુંબઈ કોટ મધ્યે સાંજને વખતે છોકરાઓને અંગ્રેજી ભાષા શીખવાની 'નોકટરનલ સોસાયટી' નામની એક શાળા ઉઘાડી હતી. એ બાદ ૧૮૩૯ થી ૧૮૪૭ સુધી 'મુંબઈ સમાચાર' તથા ૧૮૪૯ થી ૧૮૫૪ સુધી 'સમાચાર દર્પણ'નું અધિપતિપણું ચલાવ્યું હતું.''[૪૨]

પાછળથી તેઓ મેસર્સ ખરશેદજી નસરવાનજી કામાની કંપનીમાં એક ભાગીદાર તરીકે જોડાયા હતા. તેમના પછી ઈ.સ. ૧૮૪૮ થી ૧૮૫૦ સુધી કાવસજી એદલજી ખંભાતાએ 'મુંબઈ સમાચાર'નું આધિપત્ય સંભાળ્યું હતું. આ બંને તંત્રીઓ મુંબઈની એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થી રહી ચુકયા હતા. ખંભાતાએ 'નોરમલ સ્કોલર'ની ઊંચી પદવી પણ મેળવતી હતી. અને તે અગાઉ એ જ ખાતામાં શિક્ષક તરીકે કામ કર્યું હતું. ઈ.સ. ૧૮૪૮માં સ્થાપેલી 'સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાયન્ટિફિક સોસાયટી'ના તેઓ માનદ મંત્રી હતા. ઉપરાંત રાહનુમાએ માજદિયશનાન મંડળી' તથા 'બોમ્બે એસોસિએશન' જેવા મંડળોમાં આગેવાની લીધી હતી. તેઓ ઈ.સ. ૧૮૫૧થી ઘણાં વરસો સુધી 'રાસ્તગોફતાર', 'પારસી મિત્ર' અને 'સત્ય દીપક' જેવા પત્રોમાં અંગ્રેજી કટારો લખતા રહ્યા હતા.જયારે ચીનમાં તેઓ વેપારી પેઢીની નોકરી માટે ગયા હતા ત્યારે ત્યાંના 'ફ્રેન્ડ ઓફ ઈન્ડિયા' નામના પત્રના અધિપતિ તરીકે કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૮૬૧માં ત્યાંથી પાછા આવીને શેઠ રતનજી એદલજી બાટલીવાલાની પેઢીમાં જોડાયા હતા.

''ઈ.સ. ૧૮૭૨ થી ૧૮૮૭ સુધી પોર્ટ કેનિંગ લેંડ કંપનીના એજન્ટ તરીકે કલકત્તામાં વસવાટ કર્યો. એ સમયના ડોકટર નાઈટે એમને હિન્દીઓમાંના સર્વથી સરસ અંગ્રેજી લખનાર તરીકે ઓળખાવ્યા હતા. 'પારસી પ્રકાશ' દફતર પાંચમું ભાગ–૪માં છપાયેલી એમની મરણ નોંધના આધારે આ માહિતી મળી છે. ઈ.સ. ૧૯૧૬માં ૮૬ વરસની જૈફ વયે અવસાન પામ્યા હતા.''[૪૩]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કાવસજી ખંભાતાના ગયા પછી એ જમાનાના અગ્રણી સમાજ સુધારક અને સ્ત્રી કેળવણીના પ્રખર હિમાયતી સોરાબજી શાપુરજી બંગાળીએ પણ 'મુંબઈ સમાચાર'નું તંત્રીપદ શોભાવ્યું હતું. પણ માત્ર દસેક માસના ટૂંકાગાળા માટે તંત્રીપદ સંભાળ્યા પહેલા તેઓ 'મુંબઈ સમાચાર'માં અવારનવાર લેખો લખતા હતા. એમની જાહેરજીવનની કારકિર્દી ઘણી ઝળહળતી અને શાનદાર હતી. પત્રના મેનેજર સાથેના સતત મતભેદોના કારણે તેમણે રાજીનામું આપ્યું હતું.

''ઈ.સ. ૧૮૫૦થી તેમણે 'જગત મિત્ર', 'સ્ત્રીબોધ' વગેરે સામયિકો ચલાવ્યા હતા. આ ઉપરાંત 'રાસ્ત ગોફતાર' પત્રના માલિકોમાંના તેઓ એક હતા અને એ પત્રનું તંત્રીપદ પણ ઈ.સ. ૧૮૫૮–૫૯ દરમ્યાન તેમણે સંભાળ્યું હતું. ઈ.સ. ૧૮૬૩માં બ્રિટિશ સરકારે તેમને સુલેહના અમલદારનો હોદ્દો બક્ષ્યો હતો. ઈ.સ. ૧૮૮૧માં તેઓ મુંબઈના શેરિફ નિમાયા અને એ જ વર્ષમાં સી.આઈ.ઈ. એટલે કે 'સ્ટાર કમ્પેનિયન ઓફ ઈન્ડિયન એમ્પાયર'નો માનવંતો ખિતાબ એનાયત થયો હતો. ઈ.સ. ૧૮૯૩ના એપ્રિલ મહિનાની ૩જી તારીખે ૬૩ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.'' [૪૪]

સોરાબજી શાપુરજી બંગાળીના અવસાન બાદ પેસ્તજી દાદાભાઈ ઊનવાલા અને બહેરામજી ખરશેદજી ગાંધી પણ થોડો વખત તંત્રી બન્યા. પેસ્તનજી દાદાભાઈ ઊનવાલા વિશે 'જામે જમશેદ'માં લખાયેલી અને 'પારસી મૃત્યુક' દફતર ૩ પાનું ૨૮૧ ઉપર સચવાયેલી નોંધ પ્રમાણે તેમનું મૃત્યુ ૧૭મી માર્ચ, ૧૮૯૦ રોજ સોમવારે રાત્રે ૬૩ વર્ષની ઉંમરે થયું હતું. ''મુંબઈના દેશી છાપાઓ સાથે સારો સંબંધ ધરાવનાર પેસ્તનજીએ એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટયૂટમાં કેળવણી લીધી હતી. ઈ.સ. ૧૮૫૦માં 'જ્ઞાન પ્રસારક મંડળી'માં લખવા અને છાપવાના હુન્નરથી થતા ફાયદા વિશે ભાષણ કર્યું હતું. એ જ સમય દરમિયાન તેમણે 'સ્ટુડન્ટ લિટરરી સોસાયટી'માં ભારતમાં બાળલગ્નોથી થતા ગેરફાયદા અને ૧૮૫૧માં મા બાપની ફરજો વિશે બે નિબંધો અંગ્રેજીમાં વાંચ્યા હતા. તેઓ ઈ.સ. ૧૮૫૧થી ૧૮૫૬ની શરૂઆત સુધી 'મુંબઈ સમાચાર'ના તંત્રી હતા. ઈ.સ. ૧૮૫૧માં મુંબઈમાં થયેલા હુલ્લડને લગતી બધી માહિતી અંગ્રેજીમાં ચોપાનિયું છપાવીને પ્રગટ કરી હતી. ઈ.સ. ૧૮૫૩માં તેમણે બચ્ચાંની સંભાળ તથા માવજત કેવી રીતે કરવી તે વિષય પર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'ચેમ્બર્સ મિસેલીની'માંથી ગુજરાતી તરજુમો કરી પુસ્તક બહાર પાડયું હતું. ઈ.સ. ૧૮૫૬માં 'મુંબઈ સમાચાર'માંથી નીકળીને તેઓ સમાચાર દર્પણના અધિપતિ બન્યા. આજ વર્ષે તેઓ ઓરિએન્ટલ છાપખાનામાંથી છપાતા અને ફકત છ માસ માટે જ બહાર પડેલા માસિક ચોપાનિયા 'જગત વર્ણન'ના પણ અધિપતિ બન્યા.''[૪૫]

તેમણે ઈ.સ.૧૮૫૭ના જાન્યુઆરીમાં 'સમાચાર દર્પણ' દ્વારા ખ્રિસ્તી ધર્મના પાદરીઓ માટે લખાયેલા સત્તર પત્રોનો ગુજરાતી અનુવાદ કરી ચોપાનિયા સ્વરૂપે બહાર પાડયો હતો. એ જ વર્ષના અંતમાં તેમણે 'જામેજમશેદ' ના તંત્રી તરીકેની કામગીરી પણ બજાવી. ઈ.સ. ૧૮૫૮માં મુંબઈમાં 'કસરત શાળા સ્થાપક મંડળી' સ્થાપવામાં આવી હતી. જેના તેઓ સેક્રેટરી પણ હતા. ઈ.સ. ૧૮૬૪માં તેઓએ થોડા સમય માટે ચીનની મુસાફરી પણ કરી. ઈ.સ. ૧૮૭૧થી તેઓ 'નેટીવ જનરલ લાઈબ્રેરી'ના ખજાનચી પણ હતા. ઉપરાંત તેઓ સરકારી નોકરીમાં પબ્લિક વર્કસ ખાતામાં આસિસ્ટન્ટ સુપરિટેન્ડેન્ટ હતા. પણ તેમનો હક હોવા છતાં બીજાને ચડત હોદ્દો મળવાથી તેમણે ૧૮૮૪માં આ હોદ્દો છોડયો હતો.

ઉપરોકત માહિતી જોતાં ખ્યાલ આવે કે ફકત ૬૩ વર્ષની ઉંમરમાં તેમણે કેટકેટલી જગ્યાએ પોતાની સેવા આપી. જો આ વ્યકિત વધુ ૨૦ વર્ષ જીવ્યા હોત તો સમાજને કેટલા ઉપયોગી થયા હોત.

પેસ્તનજી ઉનવાલા પછી 'મુંબઈ સમાચાર'ના તંત્રી તરીકે બહેરામજી ખરશેદજી ગાંધીનું નામ આવે છે. તેમની માહિતી 'પારસી મૃત્યુક' ભાગ–૩, પૃષ્ઠ ૧૪૫ પર સચવાયેલી છે. જેની નોંધ શ્રી રસિક ઝવેરીએ કરી છે. ''તેઓ જૂના જમાનાની એલ્ફિન્સ્ટન સ્કૂલના એક હોંશિયાર વિદ્યાર્થી અને ત્યારબાદ શિક્ષક હતા. તેજ અરસામાં તેમણે 'ચિત્રજ્ઞાન દર્પણ' નામનું ચિત્રો સાથેનું એક અઠવાડિકપત્ર પ્રવર્તાવવા માંડયું હતું. તેમાં દરેક ધર્મના વડાના ચિત્રો આપવામાં આવતાં. તેમાં એક વખત મુસ્લિમોના પયગંબરનું ચિત્ર છપાયું આથી મુસલમાન કોમના કેટલાક બેસમજ લોકોએ વિરોધ કર્યો અને 'ચિત્રજ્ઞાન દર્પણ'નું પ્રકાશન બંધ કરવું પડયું ત્યાર બાદ એલિફસ્ટન કોલેજના પ્રિન્સિપાલની ભલામણથી તેમને હાઈકોર્ટના ટ્રાન્સલેટરના ખાતામાં નોકરી મળી હતી.''[૪૬] એજ અરસામાં 'મુંબઈ સમાચાર'ના આગલા માલિકે તેને દૈનિક બનાવ્યું હતું. જેની લગામ બહેરામજીને



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સોંપવામાં આવી હતી. જાહેર લખાણોમાં લખવા માટે તેની કલમ હંમેશા ગરમ જ રહેતી.તેમણે 'સદ્‌ગુણી સ્ત્રીઓ' નામનું ઉપયોગી પુસ્તક પણ લખ્યું હતું.

''અઠવાડિયે એક વાર છપાતા 'બોમ્બે ક્રોનિકલ' ના તેઓ સાત વરસ સુધી માલિક અને તંત્રી રહ્યા હતા. એ વખતનાં 'બોમ્બે ક્રોનિકલ'માં એમના વિશે વિસ્તૃત નોંધ છપાઈ હતી. જેમાં પત્રકારત્વ સાથે સંકળાયેલી તેમની કારકિર્દીને બિરદાવી હતી. ૨૫ એપ્રિલ, ૧૮૮૬ના રોજ તેમનું મૃત્યુ થયું હતું''. [૪૭]

બહેરામજીના ગયા પછી તંત્રીપદ અને માલિકીપદ બંને પીરોજશાહ મહેરજી હોરમજીએ સંભાળ્યું. તા. ૭ માર્ચ, ૧૮૪૫ના રોજ એમના કાકા ખરશેદજી હોરમજજીના અવસાન બાદ 'મુંબઈ સમાચાર'ની માલિકી તેમને વારસામાં મળી હતી. પીરોજશાહ માલિક રહ્યા તે સમયગાળા દરમિયાન પાંચ તંત્રીઓએ લાંબા ટૂંકાગાળા માટે ફરજ બજાવી. તેમણે એક માલિક તરીકે અને એક તંત્રી તરીકે ઉત્તમ કામગીરી બજાવી હતી. તેઓ ઉચ્ચકક્ષાના લેખક પણ હતા. ઈ.સ. ૧૮૫૬–૫૭ દરમિયાન તેમણે અધિપતિ પદ સંભાળ્યું હતું. ઈ.સ. ૧૮૫૮માં તેઓ ચીન ગયા હતા. ત્યાંથી પાછા ફરીને ફરીથી તંત્રીપદ પોતાના હસ્તક લીધું હતું.

''પીરોજશાહ ચીન ગયા ત્યારે 'મુંબઈ સમાચાર'નું તંત્રીપદ એદલજી ફરામજી ઘોંડીએ સંભાળ્યું હતું. મધ્યમ રીતની કેળવણી લઈને ઈ.સ. ૧૮૫૦ પછી તેઓ નાનાભાઈ જીવણજી પટેલની સાથે એપોલો સ્ટ્રીટમાં મેસર્સ નાનાભાઈ એદલજીની કંપનીને નામે ધંધો ચલાવતા હતા. પીરોજશાહ ચીન ગયા ત્યારે એક વર્ષ સુધી તેમણે એકપણ રૂપિયાનો પગાર લીધા વિના 'મુંબઈ સમાચાર' સંભાળ્યું હતું. ત્યાર બાદ તંત્રીપદ પર ન હોવા છતાંય ૨૧ વરસ સુધી તેમણે 'મુંબઈ સમાચાર' સાથે સંબંધ ચાલુ રાખ્યો હતો. 'પારસી મૃત્યુક' ભાગ–૩, પાનું ૧૩૯ ઉપરની નોંધ પ્રમાણે તા. ૩ ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ મધરાતે તેઓનું નિધન થયું હતું.''[૪૮]

તા. ૨૭ જૂન, ૧૮૮૬થી 'મુંબઈ સમાચાર'ની માલિકી અને અધિપતિપણું માણેકજી બરજોરજી મીનોચેરહોમજીના હાથમાં જાય છે. છટ્ઠા માલિક અને પંદરમા તંત્રી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

માણેકજીના હાથમાં 'મુંબઈ સમાચાર'નું સંચાલન ૩૨ વરસ સુધી એટલે માણેકજીના મરણ દિન તા. ૨૯ માર્ચ, ૧૮૯૮ સુધી જળવાઈ રહ્યું.

તેમના વહીવટ દરમિયાન મુંબઈ સમાચારનો ફેલાવો ૨૦૦માંથી ૩૨૦૦ નકલો સુધી પહોંચ્યો હતો. એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતા તે બેશુધ્ધ થઈ ગયા અને થોડા કલાકની માંદગીમાં મૃત્યુ પામ્યા.

માણેકજી બરજોરજી મીનોચેરહોમજીના અવસાન બાદ 'મુંબઈ સમાચાર' ની માલિકી અને તંત્રીપદ એમના પુત્ર અને વારસદાર કેખશરૂ માણેકજી મીનોચેરહોમજીના હાથમાં આવ્યું છે. તેમણે તેમના પિતા પાસેથી પત્રકારત્વની અને વહીવટની તાલીમ મેળવી હતી. તે ૧૮૯૫માં બી.એ. થયા હતા. અને ૮ એપ્રિલ, ૧૮૯૮થી 'મુંબઈ સમાચાર' નો વહીવટ સંભાળ્યો હતો. તા. ૫ જાન્યુઆરી, ૧૯૨૯ના રોજ ૫૭ વર્ષની ઉંમરે ૮ વર્ષની માંદગી પછી મૃત્યુ થયું હતું. આમ ઈ.સ. ૧૮૬૬માં માણેકજી બરજોરજીના હાથમાં 'મુંબઈ સમાચાર'ની લગામ આવ્યા પછી ઈ.સ. ૧૯૧૫ સુધીનો અર્ધ સદીનો ગાળો એ જ 'મુંબઈ સમાચાર' નો ખરો ઉદય કાળ ગણાય.

વર્તમાનપત્રનું તંત્ર એટલે સાત ઘોડાના રથ જેવો ઘાટ છે. એકલા માલિક કે તંત્રીના બાહોશ હોવાથી એ રથ નથી ચાલતો. તેને વેગ આપવા માટે માલિકથી માંડીને તંત્રી,સહતંત્રી, રિપોર્ટરો, કામદાર,હિસાબખાતું,જાહેરખબર વિભાગ, કંપોઝીટર પ્રૂફરીડર, મશીન ચલાવનારા કારીગર, કલાર્ક અને પટાવાળા સહિત દરેકનો સહિયારો સુસંવાદી સહકાર જ કામ આવે છે. માણેકજી બરજોરજીને ચોકકસપણે વર્તમાનપત્રના રથના કુશળ સારથિ કહી શકાય. પણ તેમના અને 'મુંબઈ સમાચાર'ના સારા નસીબે એમને એમના પછી કેખશરૂ માણેકજીને નિષ્ઠાવાન કાર્યકરોનો કાફલો પણ મળી ગયો અને તેને લઈને જ અખબારની એકધારી પ્રગતિ થઈ હતી. આવા કુશળ સહકાર્યકરોમાં આજીવન પત્રકાર અને બાહોશતંત્રી મહેરજીભાઈ પાલનજી માદનનો ફાળો ખૂબ જ મહત્ત્વનો અને ગણનાપાત્ર હતો.

૧૮૬૦ના સપ્ટેમ્બરની ૧૮મી તારીખે જન્મેલો એક છોકરો કુટુંબની નબળી આર્થિક સ્થિતિને કારણે ૧૧ વર્ષની ઉંમરે મહિને બાર રૂપિયાના પગારથી 'મુંબઈ સમાચાર'માં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રૂફરીડર તરીકે જોડાયો. એ પહેલાં તેણે જમશેદજી જીજીભાઈની નિશાળમાં અને મુલ્લા ફિરોઝ મદરેસામાં થોડું ભણતર મેળવેલું. એ છોકરો તે મહેરજીભાઈ પાલનજીમાદન. જોડાયા પછી ધીમે ધીમે તેઓ એક એક પગથિયું ચડતા ગયા. પ્રૂફરીડર, પછી રિપોર્ટર સબ એડિટર, આસિસ્ટન્ટ એડિટર અને છેવટે એડિટર.

૧૯૨૯ના નવેમ્બરમાં અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં મળેલી પહેલી ગુજરાતી પત્રકાર પરિષદના તેઓ પ્રમુખ હતા. પ્રમુખપદેથી આપેલા ભાષણમાં તેમણે કહેલું,''મારી જિંદગીના દરેક તબકકામાં હું ફતેહમંદ નીકળ્યો હતો. કેમકે મારા કામને અંગે જે પણ સવાલ આવતો એ સવાલની બાબતમાં ઊંડા ઉતરીને તેનો અભ્યાસ કરવાની હું જરૂર માનતો. નોકરી કરવા ખાતર જ સોંપવામાં આવેલું કામ કરવું એ મારા લક્ષણની બહાર હતું.''[૪૯]

તેઓ કોઈ કોલેજ કે યુનિવર્સિટીની પદવી કે કેળવણી ધરાવતા ન હતા. ત્યાં સુધી કે પત્રકારની જિંદગી શરૂ કરી તે પહેલાં કોઈ પણ વર્તમાનપત્ર વાંચવાની સગવડ પણ નહોતા ધરાવતા. પણ તેમની ઉલટ ખંત જોઈને તેમને પ્રથમ નોકરી આપનાર સ્વર્ગીય શેઠ માણેકજી બરજોરજીએ તેમનું ભવિષ્ય ઊંચું માન્યું હતું અને એમને વેગ મળે તેવી પૂરતી સગવડ કરી આપી હતી. પત્રકાર વિશે તેઓ કહેતા કે,''એક સાચા પત્રકારની ફરજ પ્રજામત કેળવવાની, તેને દરેક દિશામાં આગળ વધવાને માર્ગ બતાવવાની અને સરકાર અને પ્રજાને એકબીજાની નેમ સમજાવી તેઓ વચ્ચેના સંબંધને બની શકે તેટલો વિશ્વાસ અને એખલાસભર્યો બનાવવાની છે.''[૫૦]

એક રિપોર્ટર તરીકે એમના અહેવાલો એટલા બધા ચોકકસ રહેતા કે સર ફિરોજશાહ મહેતા જેવા અગ્રણીએ પણ નોંધ્યું છે કે,''જયાં શંકા જેવું લાગે ત્યાં મહેરજીભાઈએ રજૂ કરેલા અહેવાલને પ્રામાણિક ગણીને તેનો આધાર લેતા અને પોતાના અભિપ્રાય ઘડતા.''[૫૧] એક વૃત્તનિવેદક માટે આ કંઈ જેવું તેવું પ્રમાણપત્ર નથી. ચીવટભરી ચોકકસાઈ ઉપરાંત એક રિપોર્ટરમાં આવશ્યક એવી નિર્ભિક અને તટસ્થ પ્રમાણિકતા પણ મહેરજીભાઈમાં હતી. કોઈની પણ શેહમાં તણાયા વિના અને આર્થિક પ્રલોભનોથી અળગા રહીને તેઓ સાચી વાતને યથાર્થ સ્વરૂપમાં પ્રજા સમક્ષ રજૂ કરતા. વાચકોની રસરુચિને બરાબર ઓળખતા હતા. વેપારવાણિજય વિશેનો તેમનો અભ્યાસ તલસ્પર્શી હતો.'મુંબઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમાચાર' વેપારીવર્ગનું માનીતું પત્ર હતું અને છે. આથી એ વર્ગની જરૂરિયાતો હંમેશા ધ્યાનમાં લેવાતી.

મહેરજીભાઈના લખાણો અને મંતવ્યો ખાસ માર્ગદર્શક નીવડતાં અને સરકાર પણ એની પર ધ્યાન આપતી એવા ઉલ્લેખો મળે છે. મુંબઈના હાલના 'ઈન્ડિયન મર્ચન્ટસ ચેમ્બર' એટલે કે દેશી વેપારી મંડળની મૂળ સ્થાપના મહેરજીભાઈના લખાણો અને લડતને આભારી છે. દેશી વહાણવટાના ઉત્કર્ષ માટે તેમણે હિલચાલ કરીને, ફકત લખાણો લખીને બેસી ન રહેતા સત્તાધીશો સાથે પત્રવ્યવહાર દ્વારા પરામર્શ શરૂ કર્યો હતો. આ ઉપરાંત પરદેશોની અને ખાસ કરીને યુરોપની રાજકીય પરિસ્થિતિનો એમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન એમણે લખેલા તંત્રીલેખોએ વાંચકોમાં ખૂબ રસ જગાડયો હતો.

આ ઉપરાંત તેઓ જન્મજાત અથોરનાન હોઈ જરથોસ્તી ધર્મનું ઊંડું જ્ઞાન તેમણે મેળવ્યું હતું અને સુધારક મનોવૃત્તિના હતા. પારસી સમાજમાં ધર્મના એક આગેવાન વિદ્વાન તરીકે એમની ઘણી નામના હતી. વર્તમાનપત્રની ભાષા વાચકોનો દરેક વર્ગ આસાનીથી સમજી શકે એવી સરળ હોવી જોઈએ એવો જે સિધ્ધાંત 'મુંબઈ સમાચાર'ના આદ્યસ્થાપક ફરદુનજી મર્ઝબાનજી નકકી કરી ગયા એ પંથે મહેરજીભાઈએ આગેકૂચ કરી એ ઉપરાંત ભાષાશુદ્ધિના પણ તેઓ આગ્રહી હતા. એમણે ગુજરાતી પત્રકારત્વમાં શુદ્ધ ભાષા દાખલ કરી 'મુંબઈ સમાચાર'ને એક નવું સ્વરૂપ આપ્યું. જેમાં આજદિન સુધી ઉત્તરોત્તર પ્રગતિ થતી રહી છે.

તા. ૨ જૂન, ૧૯૩૧ના રોજ ૭૦ વરસની જૈફ વયે તેમનું અવસાન થયું. પોતાના આયુષ્યકાળ દરમિયાન સતત પચાસેક વરસ સુધી તેઓ પત્રકાર તરીકે જીવ્યા અને ગુજરાતી પત્રોની સેવા કરતા રહ્યા. મહેરજીભાઈ પાલનજી માનદનું મહત્ત્વનું પ્રદાન 'મુંબઈ સમાચાર'ને હંમેશા યાદ રહેશે.

૧૯૧૫ થી ૧૯૨૧ વચ્ચેના સમયગાળા વચ્ચેના સમયગાળાના તંત્રીઓ વિશે માહિતી ઉપલબ્ધ નથી. એ સમયે તંત્રીઓ અને માલિકો વિશેની નોંધો રાખવાની કોઈને જરૂરિયાત લાગી નહીં હોય. ૧૯૨૧માં સોરાબજી પાલનજી કાપડિયા તંત્રીપદે આવ્યા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૯૬૧ના એપ્રિલની ૭મી તારીખે તેમનું અવસાન થયું ત્યાં સુધી, એટલે કે પૂરાં ૪૦ વર્ષ સુધી સોરાબજી આ સ્થાને રહ્યા. તે સમયે અખબારના માલિકી હકક નવરોજી હોરમજજી બેલગામવાળા પાસે હતા.

સોરાબજી કાપડિયા પણ પોતાના પુરોગામી મહેરજીભાઈ માદનની જેમ જ એક અદના રિપોર્ટર તરીકે વર્તમાનપત્રની દુનિયામાં પ્રવેશીને અનુભવની એરણ પર ઘડાયને તંત્રીના જવાબદાર પદ સુધી પહોંચ્યા હતા. તેઓ 'મુંબઈ સમાચાર' સાથે જોડાયા ત્યારે પ્રૌઢ વયના હતા. દુનિયાભરની બધી જ રીતભાત તેઓ સારી પેઠે જાણતા હતા. એમની દૃષ્ટિ અસહકારની લડતને અનુકૂળ હતી.એટલે યુગબળ અને દેશકાળ સાથે કદમ મિલાવી શકે અને રાષ્ટ્રીય ચળવળને વેગ આપી શકે એવા માલિક અને તંત્રી ગાંધીજીની અસહકારની લડત વખતે મુંબઈને મળી ગયા. એ વખતથી 'મુંબઈ સમાચાર'ની નીતિરીતિ અને વલણમાં લોકમાનસને ઘડે તેવા ઠીકઠીક ફેરફારો થયા.

સોરાબજી કાપડિયાના અવસાન સમયે 'મુંબઈ સમાચારે' જે ભાવભરી શ્રધ્ધાંજલી આપી તેના અમુક અંશો અહીં જોઈએ,

''શેઠશ્રી સોરાબજી પાલનજી કાપડિયા'નો જન્મ ઈ.સ. ૧૮૮૦ના મે માસની ૩૦મી તારીખે થયો હતો. આમ અવસાન સમયે એમની વય ૮૦ વરસની હતી. છેક નાનપણથી સતર અઢાર વરસની વયે તેઓ આ વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. અને શરૂઆતમાં નવ દસ વરસ 'અખબારે સોદાગર' અખબારમાં વિવિધ કામગીરી બજાવીને ૧૯૦૭ 'સાંજ વરતમાન' પત્રમાં ઉપતંત્રી તરીકે જોડાઈને તેના અધિપતિ થયા હતા. પંદર વરસ ત્યાં કામ કર્યા પછી ઈ.સ. ૧૯૨૧માં તેઓ 'મુંબઈ સમાચાર'ના અધિપતિ તરીકે જોડાયા હતા. અને મૃત્યુપર્યંત એ સ્થાન પર રહીને 'મુંબઈ સમાચાર'ની અપ્રતિમ સેવા બજાવતા રહ્યા હતા.''[૫૨]

ઈ.. ૧૯૬૧માં તા. ૭મી એપ્રિલના રોજ 'મુંબઈ સમાચાર'ના તંત્રી સોરાબજી પાલનજી કાપડિયાનું અવસાન થયું ત્યારથી તા. ૩૦મી જૂન સુધી 'સમાચાર'ના એક જૂના અને સંનિષ્ઠ કર્મચારી બરજોરજી રૂસ્તમજી બનાજી નવા વિધિસરના તંત્રી નિમાયા. ત્યાં સુધી 'એકટિંગ એડિટર' તરીકેની કામગીરી બજાવી. તે પછી તા. ૧ જુલાઈ, ૧૯૬૧થી 'મુંબઈ સમાચાર'ના સપરમા જન્મદિનથી મીનુ બરજોરજી દેસાઈ તંત્રી તરીકે નિમાયા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેમનો જન્મ ૧૯૧૯ના જુલાઈની પહેલી તારીખે નવસારીમાં થયો હતો. એટલે તેમનો અને મુંબઈ સમાચારનો જન્મ એક જ તારીખે થયો. પત્રકાર તરીકેની કારકિર્દીની શરૂઆત તેમણે મુંબઈ સમાચારમાં જુનિયર રિપોર્ટર તરીકે કરી હતી.

આમ તેઓ કિશોરવસ્થાથી જ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેતા રહ્યા હતા. અને ઈ.સ. ૧૯૪૨માં 'કિવટ ઈન્ડિયા' ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. 'મુંબઈ સમાચાર'માં જોડાયા પહેલા તેઓએ 'મુંબઈ વરતમાન'માં સહતંત્રી તરીકેની અને 'સાંજ વર્તમાન' 'માસિક અને વાર્ષિક' ના તંત્રી તરીકેની કામગીરી બજાવી હતી. તેઓ સરકારી સહયોગથી યુરોપ,પશ્ચિમ જર્મની,સિંગાપોર અને મોરેશિયસના પ્રવાસે પણ ગયા હતા. સંખ્યાબંધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલા મીનુ દેસાઈને મહારાષ્ટ્ર સરકારે 'જસ્ટીસ ઓફ પીસ' તરીકે નિમ્યા હતા. આ ઉપરાંત મહારાષ્ટ્ર રાજય સરકારની 'ઈમરજન્સી પ્રેસ એડવાઈઝરી કમિટી','પ્રેસ કન્સલ્ટેટિવ કમિટી' અને પ્રેસ એક્રેડીએશન કમિટિના તથા ગુજરાત સરકારની 'પ્રેસ કન્સલ્ટેટીવ' કમિટીના તેઓ સભ્ય હતા.

સાહિત્યક્ષેત્રે એમના યોગદાનની વાત કરીએ તો તેમણે ૨૪ જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. જેમાં 'ગાંધીબાપુ'પુસ્તક માટે ભારત સરકાર તરફથી 'વિદ્યાર્થી નાટિકા' માટે ગુજરાત સરકાર તરફથી પારિતોષિક મળેલાં છે.

૧૯૭૫ની ૨૫મી મેના રોજ તેમનું અવસાન થયું ત્યાં સુધી તેઓએ તંત્રીપદ શોભાવ્યું હતું. ત્યાર પછી તેમના સ્થાને જેહાન દારૂવાલા તંત્રી પદે આવ્યા.

જેહાન દારૂવાલાએ ૧૯૭૫ થી ૧૯૯૯ સુધી 'મુંબઈ સમાચાર'નું તંત્રીપદ શોભાવ્યું હતું. તેઓએ ઈ.સ. ૧૯૩૨માં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અંગ્રેજી વિષય સાથે બી.એ. પાસ કર્યું હતું. ત્યાર બાદ એલ.આઈ.સી.માં પણ સેવા બજાવી હતી. ત્યાર બાદ મુંબઈ સમાચારને જ કર્મભૂમિ બનાવી. તેમના સમયમાં સરકયુલેશન વધ્યું હતું. જે ૧ લાખ ૫૫ હજાર જેટલું હતું. આમ તો તેમને પત્રકારત્વનો અનુભવ નહી જેવો હતો. વળી જૂની પરંપરાને વળગી રહેવાને કારણે બદલાતા સમયની જરૂરિયાત સાથે કદમ મિલાવવાનું ઓછું બન્યું. પણ તેઓને માણસોની પરખ કરતાં સારું આવડતું હતું. તેઓએ મુંબઈ સમાચારની નીતિ અને લાક્ષણિકતા સાથે કયારેય બાંધછોડ કરી નહી. આજ અરસામાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈના સવારનાં અખબારો વચ્ચેની હરીફાઈ ખૂબ ઉગ્ર બની. બદલાયા વગર એ હરિફાઈમાં ટકી રહેવું મુશ્કેલ જણાયું.

જેહાનભાઈએ ઘણા નવા લેખકો અને પત્રકારોની શોધ કરી. વાચકોની રૂચિ અને અભિગમ બદલવાની થોડી કોશિશ પણ કરી. હાલમાં તેઓની ઉંમર ૯૫ વર્ષની છે અને તેઓ નિવૃત્તિ જીવન માણે છે. ઉંમરને કારણે આંખમાં તકલીફ પણ છે.

''જાન્યુઆરી ૨૦૦૦ની બીજી તારીખથી પિન્કિબેન દલાલે કાર્યવાહક તંત્રી તરીકેની જવાબદારી ઉપાડી લીધી. ૧૯૯૫ના જુલાઈની પહેલી તારીખે તેઓ 'મુંબઈ સમાચાર'માં ખબર પત્રી તરીકે જોડાયા હતા. પાંચેક વર્ષ આ જવાબદારી સંભાળ્યા પછી ૨૦૦૫ના એપ્રિલની નવમી તારીખે તેમની નિમણૂંક અખબારના તંત્રી તરીકે કરવામાં આવી. ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર'નો પ્રારંભ થયો તે પછી પહેલી જ વાર એક મહિલા તેના તંત્રી પદે નિમાઈ અગાઉ બહુ ટૂંકા ગાળા માટે બે બિન પારસીઓ જનાર્દન વાસુદેવ અને તેમના ભાઈ વિનાયક આ અખબારના તંત્રી બન્યા હતા. તે પછી પહેલી વાર એક બિનપારસી અને તેય વળી એક મહિલા 'મુંબઈ સમાચાર'ના તંત્રીપદે આવી.''[૫૩]

તંત્રી બદલાતા વિચારો બદલાય છે. પિન્કીબેનના આગમનથી મુંબઈ સમાચારે નવા રૂપરંગ ધારણ કર્યા. ૨૦૦૫માં અખબારે અને તેના તંત્રીશ્રીએ એક ખૂબ હિંમતભર્યું પગલું ભર્યું અખબારના પ્રારંભેથી જે માસ્ટર હેડ વપરાતો હતો તેને સ્થાને આજના જમાના સાથે વધુ સુસંગત એવો નવો માસ્ટર હેડ વાપરવાનું શરૂ થયું. એમ કરીને જાણે વાચકોને કહેવાઈ ગયું હતું કે આ અખબાર માત્ર ૧૯મી સદીનું જ નથી, એકવીસમી સદીનું પણ છે. એશિયાના બીજા કોઈ અખબાર પાસે નથી તેવા લાંબા ભૂતકાળનો ભવ્ય વારસો આ અખબાર પાસે છે. આજ પર્યંત પિન્કિબેન તેમની કામગીરી સુપેરે નિભાવી રહ્યા છે.

દરેક તંત્રીઓ કયાંકને કયાંક તો પત્રકાર તરીકેની પોતાની ફરજ અદા કરી જ છે. આજે પણ મુંબઈ સમાચારમાં ૪૦ જેટલા પત્રકારો ફરજ બજાવે છે. ઘણાં મોટા મહાન પત્રકારોએ મુંબઈ સમાચારને ઉજાળ્યું છે.

એક આદર્શ પત્રકારત્વ કેવું હોવું જોઈએ તેનું પણ દષ્ટાંત મુંબઈ સમાચારે આપ્યું છે. ''મહાત્મા ગાંધીએ કહ્યા મુજબ પત્રકારત્વનો ઉદ્દેશ જનતાની ઈચ્છાઓ,વિચારોને સમજવાનો અને તેને વ્યકત કરવાનો છે. બીજો ઉદ્દેશ છે લોકોમાં વાંછનીય ભાવનાઓ જાગૃત કરવાનો અને ત્રીજો ઉદ્દેશ છે સાર્વજનિક દોષોને નિર્ભયતાથી પ્રગટ કરવાનો. જો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આજનો પત્રકાર આ ધ્યેય નજર સમક્ષ રાખી કાર્યશીલ રહેશે જો એક લક્ષ્ય સતત પરિશ્રમ અને કાર્યનિષ્ઠાએ જાળવી રાખશે તો આવતીકાલ એની જ હશે.''[૫૪]

## (૫) પૂર્તિઓ અને વિશેષાંકો

'મુંબઈ સમાચાર'માં ૨૫ વર્ષથી પણ વધુ સમયથી પૂર્તિઓ રૂપે વિશેષ વાંચન આપવામાં આવે છે. સોમવારથી રવિવાર સુધીના સપ્તાહમાં વિશેષ વાંચન સામગ્રી પીરસીને વાચકોએ આ અખબારમાં મૂકેલા અતૂટ વિશ્વાસને જાળવી રાખી ''ગ્રાહક એ રાજા છે'' એવા મહાત્મા ગાંધીએ આપેલા સૂત્રને ચરિતાર્થ કર્યું છે.

ગુજરાતી વાચકો મોટે ભાગે અખબાર જુએ છે, વાચતા નથી. વાચકોના આ અભિગમને 'મુંબઈ સમાચારે' ખોટો સાબિત કર્યો છે. 'મુંબઈ સમાચાર'ના વાંચકો 'વામા'ની ફાઈલ તૈયાર કરે છે. વરાઈટીના લેખો સાચવવામાં આવે છે. 'આચમન', 'પાંગરતા પરમાર', 'ફિટનેસ પ્લસ', 'તુલસી ઈસ સંસાર મેં', 'ગુડ મોર્નિંગ' જેવી કોલમો લોકો સાચવી રાખે છે. વિવિધ સામાજિક સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં પ્રગટ થયેલા ફોટા કે અહેવાલોના કટીંગ્સનું કલેકશન થાય છે. 'મુંબઈ સમાચાર'ના તંત્રીલેખો ગ્રંથ સ્વરૂપે પ્રસિદ્ધ થયા છે! ગુજરાતી વાચકો તેના સમૃદ્ધ સાહિત્યથી પણ વણપોંખાયેલા ન રહે, સમય સાથે તાલ મિલાવીને સમાજમાં બનતી વિવિધ ઘટનાઓનાં સ્પદંનો ઝીલી શકે તે માટે 'મુંબઈ સમાચારે' પૂર્તિઓની યોગ્ય માવજત લીધી છે.

'મુંબઈ સમાચાર'ની કટારો અને લેખોએ વાંચકોમાં પોતાનું જે સ્થાન બનાવ્યું છે તે અન્ય કોઈ બનાવી શકયું નથી. ગુજરાતી પત્રકારત્વમાં આપણે જેને કટાર કહીએ છીએ એ અંગ્રેજી શબ્દ 'કૉલમ'નું સ્વીકૃત ચલણીરૂપ છે. ''અંગ્રેજી ભાષાની ઑકસફર્ડ ડિકશનરી આ 'કૉલમ' શબ્દનો આવો અર્થ આપે છે,'બાંધકામને ટેકો આપતો સીધો, ઊભો થાંભલો' અને પછી તરત જ બીજો અર્થ આપે છે,'અખબારોમાં ચોકકસ વિષય ઉપર નિયમિત લખાતાં લખાણો', જે કૉલમ મજબૂત ઈમારતને ટેકો પણ બની શકે છે. એ જ કોલમ શબ્દ અખબારી ક્ષેત્રે પણ પ્રયોજાયો છે. એનું અર્થ ગૌરવ સમજવું અઘરું નથી. આ કોલમ શબ્દને ગુજરાતીમાં કટાર કેમ કહી હશે એવો સવાલ થાય છે. સાર્થ જોડણી કોશની ૧૯૪૯ની આવૃત્તિમાં 'કટાર' શબ્દનો અર્થ માત્ર એક શસ્ત્ર એવો આપ્યો છે. અખબારી લખાણનો કોઈ અર્થ એમાં નથી. ૧૯૮૬માં પ્રગટ થયેલી ગુજરાત સરકારની ગુજરાતી–અંગ્રેજી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ડિકશનરીમાં આ 'કટાર' શબ્દ એક શસ્ત્ર ઉપરાંત 'અખબારો'માં નિયમિત પ્રગટ થતું લખાણ' એવો અર્થ બની ગયો છે!''[૫૫] એવું લાગે છે કે ગુજરાતીમાં આ શબ્દ ખાસ્સો મોડેથી અખબારી લખાણો સાથે સંકળાયેલો છે. એ પહેલીવાર કોણે, કયારે અને કયાં પ્રયોજયો તેની કોઈ માહિતી કયાંય નોંધાયેલી નથી.

મારા મતે કોઈપણ અખબારે પૂર્તિમાં એવા મુદ્દાઓનો સમાવેશ કરવો જોઈએ કે જેના માટે અખબારનાં પાનાં ટૂંકાં પડતાં હોય. 'મુંબઈ સમાચાર'ની સાતેય દિવસની પૂર્તિઓ વર્ષોથી વિવિધ વિષયોની માહિતીનો રસથાળ પીરસતી રહી છે. અમુક જૂની કટારો હવે બંધ થઈ છે તેના સ્થાને નવા લેખકો નવી કટાર સાથે રજૂ થયા છે. પણ આજેય પૂર્તિઓમાં આવતું લખાણ કોઈને ઉપયોગી કે માર્ગદર્શક બને તેનો ખાસ ખ્યાલ રખાય છે. ૪૦ વર્ષ પહેલાં પૂર્તિઓમાં આવતા લખાણો, વિષયો અને ફોરમેટ અત્યારે સંપૂર્ણ બદલી ગયાં છે. આજનું 'મુંબઈ સમાચાર' જમાના પ્રમાણે નવા વાઘા પહેરી રજૂ કરવામાં આવે છે. 'મુંબઈ સમાચાર'માં પૂર્તિઓની શરૂઆત તંત્રી શ્રી મીનુ દેસાઈના સમયમાં થઈ હતી. એ સમયમાં લેખનકાર્ય કરતાં અમુક લેખકો આજે પણ લેખન કાર્યમાં સક્રિય છે અને તેમની કટારો છપાય છે. જયારે અમુક કટારોને વાચકોની માંગના આધારે જમાનાની રુચિ પ્રમાણે બદલવામાં આવી છે.

સૌ પ્રથમ વર્ષોથી ચાલતી અને લોકપ્રિયતાના શિખરો પર પહોંચેલી જૂની કટારો પર એક નજર કરીએ.

'મુંબઈ સમાચાર'ની સૌથી વધુ લોકપ્રિય કટાર 'તુલસી ઈસ સંસાર મે' દર બુધવારની પૂર્તિમાં પ્રગટ થતી. તેના લેખક હતા દિનકર જોષી. તેમણે પોતાની આ કટાર વિષે એક લેખમાં લખ્યું હતું કે, '' 'તુલસી ઈસ સંસાર મે' કટાર સાથે હું કટાર લેખનના ક્ષેત્રે 'દ્વિજ' બન્યો એમ કહું છું ત્યારે એ સહેતુક છે. આ કટારનો જે પ્રતિભાવ સાંપડયો એણે કટાર શબ્દને એના તમામ પાસા સાથે મને સમજાવ્યો છે. આ અનુભવ પછી જ કટાર લેખનનો વ્યાપ અને સામર્થ્ય બેય સમજાયા.''[૫૬] તેઓ અહીં બૃહદ સંસારના આંતરબાહ્ય તાણાવાણા ઉકેલાતા હતા. આ કોલમ શરૂ થયા પછી ખ્યાલ આવ્યો કે સાહિત્યમાં રસ લેનારા વાચકોની સંખ્યા અધધધ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વરસોથી દાયકાઓથી સાહિત્યક્ષેત્રના લખાણોની ખાસ્સી ખોટ હતી. સાહિત્ય સાથેનો દૈનિક અખબારોનો સંબંધ પુસ્તકોની થોડીક સ્વીકારનોંધ કે ઉપર છલ્લાં અવલોકનો પૂરતો જ મર્યાદિત થઈ ગયો હતો. આ ખોટ પૂરવાની હામ ૧૯૯૫માં 'મુંબઈ સમાચારે' ભીડી! એક ન માની શકાય એવો સમયોચિત પણ હિંમતપૂર્વકનો આ નિર્ણય હતો! દર ગુરુવારે 'અક્ષરલોક' નામે સાહિત્ય વિભાગ શરૂ કરવામાં આવ્યો જેનાથી એવા અસંખ્ય વાચકો મળ્યા જે આનંદ આશ્ચર્ય સાથે પ્રતિભાવ વ્યકત કરતા. તેના પ્રવાહ, ગ્રંથદર્શન જેવા વિભાગોનું સંપાદન દિનકર જોશી કરતા હતા. ઉપરાંત કિશોર સી. પારેખ લિખિત 'આપણો અક્ષર વારસો' વિભાગમાં રજૂ થતાં ગુજરાતી પુસ્તકોના પરિચયે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. દૈનિક અખબારોમાંથી હડસેલા ગયેલા સાહિત્યપદાર્થને એના સિંહાસન ઉપર પુનઃપ્રતિષ્ઠિત કરવાનું કામ યજ્ઞવેદિને પ્રજજવલિત કરવા જેવું છે. દૈનિક અખબારનો સાહિત્ય વિભાગ કદાચ સહુથી વધુ યથાર્થરૂપે 'કટાર' છે. વર્તમાન પૂર્તિઓમાંથી આ કોલમ નીકળી ગઈ છે.

દર રવિવારની પૂર્તિમાં ગિરીશ ગણાત્રા 'જીવન શિલ્પ' નામની કટારમાં જીવનના અપાર વૈવિધ્યને વર્ણવતા. ગિરીશ ગણાત્રાએ પોતાના સંસ્મરણો વાગોળતાં એક લેખમાં લખ્યું છે કે, ''જયારે તેમણે લેખન કાર્યમાં ઝંપલાવ્યું ત્યારે તેમના જેવા નવાસવા નિશાળિયાને 'એડમિશન' આપવા કોઈ તંત્રી તૈયાર ન થયા. ત્યારે તેમના એક મિત્ર સુરેશ સરૈયાએ તેમને 'મુંબઈ સમાચાર'ના તંત્રી મીનુ દેસાઈને મળવાનું સૂચન કર્યું. મીનુ દેસાઈએ તેમને ધ્યાનથી સાંભળ્યા પછી કહ્યું કે, ''તમે લખો, જરૂર લખો. મને લાગે છે કે અમારી રવિવારની પૂર્તિમાં તમારું લખાણ ઉપયોગી બનશે. રવિવારની પૂર્તિનું સંપાદન શાંતિકુમાર ભટ્ટ કરે છે તમે તેને મળો.

શાંતિકુમાર ભટ્ટે કહ્યું કે અમારું 'મુંબઈ સમાચાર' એક પારિવારિક પત્ર છે, એટલે એવું લખજો કે તમારું લખાણ કોઈને ઉપયોગી, માર્ગદર્શક બને. આત્યારે જિન્સી સાહિત્ય ભરપૂર પીરસાય છે. લોકોને ગલગલિયાં થાય તેવું ગમે છે. એ હકીકત છે પણ તે સાહિત્ય ચિરંજીવ નથી બનતું માટે...''[૫૭]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બીજા અઠવાડિયે શ્રી ગિરીશ ગણાત્રાએ એમની સામે લેખ રજૂ કર્યો અને એમની કટારને નામ અપાયું 'જીવન શિલ્પ'. આ કટાર ૩૦ વર્ષથી પણ વધુ સમય ચાલી અને વાચકોએ માણી.

શનિવારે 'કલરવ અને કોલાહલ'માં સાહિત્યકાર ચંદુલાલ સેલારકા જીવનનો તડકો અને છાંયડો એમ બંને પક્ષને રજૂ કરતાં અનુભવો પ્રસંગો ચર્ચાઓ રજૂ કરતા રહે છે. 'મુંબઈ સમાચાર'માં તેમણે 'કલરવ અને કોલાહલ' નામે કટાર શરૂ કરી ત્યાં સુધીમાં તેમની સત્તર અઢાર નવલકથાઓ પ્રગટ થઈ ચૂકી હતી. તેમજ ટૂંકી વાર્તાઓના બાર ચૌદ સંગ્રહો પણ પ્રગટ થઈ ચૂકેલા. આજે લગભગ ૨૪ વર્ષથી તેઓ 'મુંબઈ સમાચાર' સાથે જોડાયેલા છે. તેઓને વાર્તા લેખન અને કટાર લેખનનો બહોળો અનુભવ છે. આથી બંને વચ્ચેનો તફાવત દર્શાવતા એક લેખમાં તેમણે લખ્યું હતું કે,''વાર્તામાં લેખક કલ્પનાનો અને વાસ્તવનો સુમેળ સાધે છે. સર્જકતાને, કલ્પનાશિલતાને તેમાં ઘણો મોટો અવકાશ રહે છે. કટાર લેખન, તેના વિષય પ્રમાણે વાસ્તવિકતાની ધરતી પર ચાલે છે. ચિંતનનો વિષય હોય તો તે સાત્વિક ચિંતન હોવું જોઈએ. દૈનિક સામાન્ય માણસને સરેરાશ વાચકને નજરમાં રાખીને પ્રગટ થાય છે. તેથી કટાર લેખનની ભાષા સાદી સરળ અને તેનો ઉદ્દેશ લોકોને જીવનમાં કોઈ પ્રેરણા, માર્ગદર્શન આપવાનો પણ હોય. સૌથી વધુ તો આજે મનુષ્યનાં હૃદય સંવેદન વગરનાં કઠણ, દયાહીન,વિવેકહીન, શિસ્તહીન થયાં છે. ત્યારે તેના હૃદયમાં માણસાઈનું ઝરણું વહેતું કરવું. તેના હૃદય આ કોમળ ભાવો ખીલે તેવી રચનાઓ રજૂ કરવી અને સમયની અંધાધૂંધીમાં વિવેક,મર્યાદા, સમતુલા અને શિસ્ત પ્રગટે તેવા લખાણ રજૂ કરવાનો કટાર લેખકનો ઉદ્દેશ હોવો જોઈએ.''[૫૮] તેઓ આજે પણ દર શનિવારે તંત્રીલેખના પાના પર વર્તમાન વિષય પર કટાર લખે છે.

૯૦ના દસકામાં રવિવારની પૂર્તિનું સંપાદન શાંતિકુમાર ભટ્ટ કરતા હતા. તેમણે'મુંબઈ સમાચાર'ની ૧૭૫ વર્ષની વિશેષ પૂર્તિમાં લેખ દ્વારા જણાવ્યું હતું કે ''મુંબઈ સમાચારના પાંત્રીસ વર્ષના ઈતિહાસનો હું સાક્ષી છું. એમાં સક્રિય પત્રકાર હતો... શેઠ શ્રી રૂસી કામાએ જાહેર ખબર વિભાગ સંભાળી એમાંય નીતિમત્તાનાં ઉચ્ચ ધોરણો સ્થાપીને જાળવી રાખ્યાં છે. નિયમિતતા પ્રકાશનમાં ખૂબ જરૂરી છે. મુંબઈમાં વીજળી બંધ હોઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બધાજ સમાચાર એક દિવસ બંધ રહ્યા ત્યારે જૂનવાણી, જાળવી રાખેલા ટ્રેડલ મશીન પર પણ 'મુંબઈ સમાચાર'નો અંક નીકળેલો.'' [૫૯]

૧૫ વર્ષ પહેલાંની પૂર્તિઓના લેખક પરિવાર અને હાલના લેખક પરિવારમાં ઘણું બદલાઈ ગયું છે, પણ પત્રની લોકપ્રિયતા અને વિશ્વસનીયતામાં કોઈ ફેરફાર થયો નથી. એ તો દીવા જેવું સ્પષ્ટ છે. 'મુંબઈ સમાચાર'ની લોકપ્રિયતામાં સમાચાર, સંચાલકોની નીતિ, સમાચાર લેખ સિવાયના વિભાગો, એ સંભાળનારા પત્રકારો વગેરેનો જેટલો મોટો ફાળો છે, લગભગ એટલો જ મોટો ફાળો એના નિયમિત–અનિયમિત કટાર લેખકોનો છે. વિવિધ ક્ષેત્રો વિષયોના ખ્યાતનામ નિષ્ણાતો 'મુંબઈ સમાચાર' માટેનો પ્રેમ તથા એના વાચકો પ્રત્યેની ફરજથી પ્રેરાઈને સતત લખતા રહે છે. પોતાને સૂઝેલો નવો વિચાર, પોતાને થયેલો કોઈ અનોખો અનુભવ, પોતાના ક્ષેત્રની નવી રસપ્રદ હલચલ, રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ, પોતાને અને વાચકને લાભદાયી બનવાની શકયતાવાળા ચિંતન–વિચારણામાં વાચકને ભાગીદાર બનાવવાની નિષ્ઠાં જેવા અનેક પ્રેરણા બળોને વશ વર્તીને સંખ્યાબંધ લેખકો 'મુંબઈ સમાચાર'નાં પૃષ્ઠોને સમૃધ્ધ અને ખરેખરા અર્થમાં ઉપયોગી કે માર્ગદર્શક બનાવતા રહે છે.

હવે આપણે'મુંબઈ સમાચાર'માં જયારે સાતેય દિવસની પૂર્તિઓની શરૂઆત થઈ ત્યારે કેવો લેખક પરિવાર હતો તેના પર એક વિહંગ દષ્ટિ નાખીએ.

સૌપ્રથમ રવિવારે રજાના દિવસે ગુલાબદાસ બ્રોકર જેવા લબ્ધ પ્રતિષ્ઠિત અને વયોવૃધ્ધ સર્જક સારો જ 'અમૃતનો આસ્વાદ' કરાવતા, કાન્તિલાલ કાલાણી 'પગલું પડયુંને પંથ ખૂલ્યો'માં આધ્યાત્મિક વિચારણાને પ્રેરક રૂપે સ્પષ્ટ કરતા 'જીવન શિલ્પ'ના ગિરીશ ગણાત્રા વિષે તો આગળ ચર્ચા કરી જ છે. 'પુષ્ટિ ભકિત'માં અર્વાચીન ગુજરાતી નાટય લેખનના આરંભિક સફળ કલમનવેશ પ્રાગજી ડોસા પુષ્ટિ સંપ્રદાયની વિશેષતાઓનું પાન કરાવતા. આ હઉદ્‌ભવતા ઉજાસ' કટારમાં કવિ ડૉ. યશવંત ત્રિવેદી વિવિધ સાહિત્યના અપરિચિત કે વણસ્પર્શ્યા જગતને તાદૃશ કરતા 'રાજકીય રાજકારણના રંગને ઝીલીને બટુક દેસાઈ વાચકોને પણ રંગતા, 'અર્થ જગત'માં ડૉ. કિશોર પી. દવે અર્થકારણની આંટીઘૂંટીની ચર્ચા કરતા મુઝફફર હુસૈન જેવા આગ્રણી કટાર લેખક મુસ્લિમ વિશ્વના પ્રત્યક્ષ પરિચયનો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

લાભ વિશાળ દષ્ટિકોણથી આપતા વર્તમાન સમયમાં પણ તેઓ તંત્રીલેખના પાના પર ઈસ્લામ ધર્મને લગતી કોલમ લખે જ છે. 'સમાજનું સફરનામુ'માં જયા મહેતા વિવિધ સામાજિક વિચારો સમજવાનું આગવી સર્જનશીલતાથી પૃથક્કરણ કરતા. 'આપણા મિત્રોને ઓળખીએ'માં ડૉ. અશોક કોઠારી એવા પક્ષી વૃક્ષોની વાતો કરતાં જેના પર આપણી નજર જ ન પડે. 'કન્ઝ્યુમર્સ કેર'માં ચંદ્રકાન્ત સી. આનંદપરાની આપણી ગ્રાહક તરીકેની પ્રવૃત્તિને સંકોરતા 'ગુફ્તેગુ'માં રમેશ પુરોહિત કવિતાના વિરાટ દરિયામાં ડૂબકી મારીને પ્રસન્ન કરતાં મોતીને બહાર લાવતા. તેઓ વર્તમાન સમયમાં કવિતા દ્વારા વાચકોનું રસપાન કરે છે. 'ઓન ધ ફિલ્ડ ઓફ ધ ફિલ્ડ'માં દ્વારા પોચખાનાવાલા રમત ગમત સૃષ્ટિની અવનવી વાતો કરતાં, આ કોલમ આજે પણ ચાલુ છે. પણ લેખક બદલાઈ ગયા છે. 'રામ રતન ધન પાયો'માં કિશોર શાહના અનુવાદમાં ઓશો રજનીશની પ્રચંડ વિદ્વાનતા અને વિચારણાનો લાભ મળતો. 'સિનેમા સિનેમા' માં ભગત ત્રિવેદી અને અન્ય આ લોકપ્રિય માધ્યમ વિષે જાણકારી આપતા.

'સખળ ડખળ'માં મનહર શુકલ જગતને હાસ્યની દષ્ટિએ નિહાળતા રહી સૌને હસાવતા 'જિન દર્શન'માં મહેન્દ્ર પુનાતર જૈન દર્શનને કેન્દ્રમાં રાખી વર્તમાન સમયને મૂલવતા. આ કોલમ અત્યારે પણ ચાલું જ છે. 'કેવડિયાનો કાંટો'માં પ્રિતમલાલ કવિ જીવનને પ્રફુલ્લિત કરતાં તત્ત્વો દર્શાવતા. 'જીવન સંગીત' માં ડો. દોલતભાઈ દેસાઈ જીવનમાંથી સંગીત મેળવવાના માર્ગો પ્રત્યે અંગુલિ નિર્દેશ કરતાં. ડૉ. મલ્લિકા ઠક્કુર, કાન્તિભાઈ વૈદ્ય વગેરે જુદા જુદા દષ્ટિકોણથી આપણા આરોગ્યની વૃધ્ધિની તથા રોગોને નિવારવા ઓળખવાની ચાવીઓ બતાવતા. હાલમાં પણ ડૉ. મલ્લિકા ઠક્કુરની કોલમ નિયમિત પ્રકાશિત થાય જ છે. 'સાપ્તાહિક ભવિષ્ય'માં જિતેન હરિહર મહેસાણાવાળા જયોતિષની દષ્ટિએ રાશિવાર અઠવાડિક માર્ગદર્શન આપતા રહે છે.

'યુગાન્તર'માં સૌરભ શાહ ભારતના પ્રાચીન ઈતિહાસનો પરિચય આપવાની નેમ સાથે હમણાં અંગ્રેજો પાસેથી ભારતે મેળવેલા સ્વાતંત્ર્યની તવારીખ આલેખતા તે સમયના મુંબઈ સમાચારના તંત્રી જેહાન દારૂવાલા રવિવારે 'ઉઘાડે છોગ'માં કોઈ વર્તમાન વિચાર સમસ્યાની નિર્બંધ ચર્ચા કરતા 'પારસી તારી આરસી'માં તેઓ ગુજરાતી અને અંગ્રેજી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભાષામાં પારસી વ્યકિત કે પ્રદાનનો પરિચય આપતા, ઉપરાંત બુધવારે 'પારસી પ્રકાશ'માં પણ તેઓ આ વિષયને જુદી જુદી રીતે ચર્ચતા.

આ ઉપરાંત ધારાવાહી, નવલકથા, નવલિકા, વિવિધ કાવ્યો, ચિત્રવાર્તા પટ્ટીઓ, મહિલા મંડળ, સારેગમ, સ્ક્રિન ટેસ્ટ, આર્ટ ગેલેરી, ગિરિના કાર્ટુનો જેવા કાયમી વિભાગો અતિ રસપ્રદ રહેતા. ડૉ. રશ્મિ મયૂર, સુરેશ ડુગ્ગર, જયોતિર રાવળ જેવા લેખકો દ્વારા વિવિધ વિષયો પર સચિત્ર માહિતી સભર લખાતા લેખો 'મુંબઈ સમાચાર'ની રવિવારી પૂર્તિને સમૃધ્ધ કરતા.

ઉપરોકત માહિતી જોતાં ખ્યાલ આવે કે પહેલાં રવિવારની એક જ પૂર્તિમાં કેટલો બધો મસાલો ઠાંસી ઠાંસીને પીરસી દેવામાં આવતો. વાચક વાંચી વાંચીને ધરાઈ જાય તો પણ પૂર્તિનો સંપૂર્ણ સ્વાદ ન માણી શકે. વર્તમાન સમયના તંત્રીએ આ જ મુદ્દાને ખાસ ધ્યાનમાં રાખીને સાતેય દિવસની પૂર્તિઓને અલગ અલગ વિષયો જ ફાળવી દીધા છે. કોઈ એક પૂર્તિનું વજન વધી જાય અને બાકીના દિવસોમાં પૂર્તિના બે જ પાનાં મળે તેવું નથી બનતું. જે આજના સમય પ્રમાણે ખૂબજ સમજદારી ભર્યું પગલું કહી શકાય.

અન્ય દિવસોની વાચન સામગ્રી પર નજર કરીએ તો સોમવારે 'પ્રકૃતિ–પ્રતિકૃતિ'માં બીટુ સહગલ પર્યાવરણ જાળવણીના વર્તમાન પ્રાણ પ્રશ્નને અધિકારપૂર્વક ચર્ચતા, 'પાટનગરના પ્રવાહો'માં શ્રી બિલ્વ મંગળ દિલ્હીના રાજકીય તખ્તે ભજવાતા સારા ખરાબ નાટકનું દર્શન કરાવતા. કાંતિલાલ સામાણી દ્વારા થતી 'શેરબજારની સાપ્તાહિક સમીક્ષા' અને 'આચમન' વિભાગમાં અનેક લેખકો વિવિધ ધાર્મિક આધ્યાત્મિક વિચારણા રજૂ કરતા. મહેન્દ્ર ત્રિવેદી સંપાદિત 'એક હતો રાજા' નામનો બાળકોનો વિભાગ ગુજરાતી વર્તમાન પત્રોમાં પ્રગટ થતાં સૌથી વધુ જૂના વિભાગોમાંનો એક હતો. જેના સ્થાને વર્તમાન સમયમાં બાળજગત વિભાગ આવે છે.

મંગળવારે 'નરીમાન પોઈન્ટની પાળ પરથી'માં મૂલચંદ વર્મા મુંબઈના ઈતિહાસને ધ્યાનમાં રાખી જાણીતા અજાણ્યા સ્થળો અને ઘટનાઓની માહિતી પીરસતા. તેમની આ કૉલમના બધા લેખો ભેગા કરી એક પુસ્તક પણ બહાર પાડવામાં આવ્યું છે. જેનું નામ 'નરીમાન પોઈન્ટની પાળ પરથી' જ રાખવામાં આવ્યું છે. ડૉ. પ્રકાશ ગજ્જર 'પાંગરતા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પરમાર' નામક યુવકો માટેના વિશેષ વિભાગમાં યુવાનોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરતા.

બુધવારે દેશના અગ્રણી પત્રકાર કુલદીપ નાયરની કટાર 'ભીતરના વહેણ' પ્રગટ થાય છે.જે વર્તમાન સમયમાં પણ વાચકોની પ્રિય કોલમ છે. ગુરુવારે 'દ્વારે દ્વારે રાજદ્વારે' કૉલમ લખતા જયન્ત પંડયા અને 'મુખ્બિરે ઈસ્લામમાં' અનવર વલિયાણીની ઈસ્લામના ધ્યાન પાત્ર મુદ્દા રજૂ કરતા રહેતા. ઈસ્લામ ધર્મની આ કટાર વર્તમાન સમયમાં પણ આવે છે. 'કરવેરાના કળણ'માં મહેશ બુચ કરવેરાની જાળની જટિલતાને સરળ કરતાં. કિશોર સી. પારેખ લિખિત 'આપણો અક્ષર વારસો' વિભાગમાં રજૂ થતા જૂના ગુજરાતી પુસ્તકોનો પરિચય ખાસ વંચાતો.

શુક્રવારે 'અર્થક્ષેત્રે વિદ્યાક્ષેત્ર'માં રમેશ બી. શાહ અર્થક્ષેત્રના અને શિક્ષણક્ષેત્રના સૈધ્ધાંતિક અને વ્યવહારલક્ષી પ્રશ્નો ચર્ચતા.'વેપાર અને વેરા'માં નટરવરલાલ એસ.શાહ વિવિધ વસ્તુઓના વેપાર સંબંધી વેરાઓની સરળ સમજણ આપતા. વર્તમાન તંત્રી શ્રી પિન્કી દલાલ ૧૯૯૫થી 'વામા' પૂર્તિનું સંપાદન કરતાં. પરંપરાગત મહિલા પૂર્તિઓના ઉત્તમ પાસાને જાળવીને વિવિધ લેખકો બહેનોને કેન્દ્રમાં રાખી ઘણી છણાવટ કરતાં તથા માહિતી માર્ગદર્શન પૂરું પાડતા. વર્તમાન સમયમાં પણ 'વામા' પૂર્તિનું સંપાદનનું કાર્ય તેઓ જ સંભાળે છે. આ જ પૂર્તિમાં ડૉ. ગગન વિહારી સંપાદિત 'ફિટનેસ પ્લસ' વિશેષ વાચનમાં આરોગ્યમય જીવન,સારવાર,નિસર્ગોપચાર, અમર આર્યુવેદ જેવા કેટલાય વિભાગ દ્વારા આ સંબંધી માર્ગદર્શન મળવા સાથે ગેરસમજણ દૂર કરવામાં આવતાં.

શનિવારે 'કલરવ અને કોલાહલ' ઉપરાંત કે.સી.વજીફદાર 'કાયદાની સાદી સમજ' આપી મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડતાં. 'વ્હોરા વર્તમાન'માં સંપાદિક વ્હોરા મિત્ર આ સમાજની વિવિધ તાસીરને વિવિધ લેખકોના વિચારો દ્વારા તાદશ કરતા. વર્તમાન સમયમાં પણ તંત્રીલેખના પાના પર વ્હોરા મિત્રો સાથે મુલાકાત થતી રહે છે.

આ ઉપરાંત કયારેક 'ઘમમર વલોણું' લખતાં ડૉ. કેશુભાઈ પટેલ તો કયારેક 'ઓપિનિયન'માં પિન્કી દલાલ કોઈ મહત્ત્વની ઘટના કે ચર્ચાના વિચાર અંગે સ્પષ્ટ પ્રતિભાવો આપતા. રોજેરોજ વાચક દરબારમાં બે લેખકો રજૂ થતા. સૌરભ શાહ' અને



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ડૉ. પ્રકાશ ગજ્જર, સૌરભ શાહની 'ગુડ મોર્નિંગ' કટાર વાંચવા તો લોકો હંમેશા ઉત્સાહિત રહેતા. તેની લોકપ્રિયતા એટલી ઊંચે ગઈ કે 'ગુડ મોર્નિંગ'ના બધા લેખોનું સંકલન કરી એજ નામે પુસ્તક બહાર પાડયું. લોકોએ એ પુસ્તકને પણ ઉમળકા ભેર વધાવ્યું. 'આજનું ગુલાબ' જેવી નાનકડી કટારમાં ડૉ. પ્રકાશ ગજ્જર એક મનનીય મુદ્દો છેડી બાકીનું વિચારવાનું નિર્ણય લેવાનું વાચકો પર છોડી દેતા.

તદ્‌ઉપરાંત રોજેરોજ રજૂ થતી મોડેસ્ટી, જેમ્સ બોન્ડ, રિપ કર્બી તથા મટ અને જેફ એ ચાર ચિત્રવાર્તા પટ્ટ પણ વર્ષોથી વાચકોને મનોરંજન પૂરું પાડતી. 'શબ્દ લાલિત્ય' નામની શબ્દ કસોટી અને શ્રી મહેસાણાવાળાની 'આજનું પંચાંગ', 'આજનું ભવિષ્ય' જેવી કટારો પણ બહોળા વાચક વર્ગને આકર્ષતી રહેતી. દિલ્હીના વ્યંગ ચિત્રકાર પી. નાથના રોજ પહેલે અને ત્રીજે પાને પ્રગટ થતાં રમૂજ ચિત્રો અખબારનું અનિવાર્ય ઘરેણું હતાં.

સૌથી છેલ્લે પણ જેનું મહત્ત્વ સૌથી છેલ્લું નથી જ એવા તંત્રીને લખાતા પત્રો. તંત્રીને મળતાં અસંખ્ય પત્રોમાં અને એમાંથી પસંદ કરી રોજેરોજ પ્રગટ થતાં થોડા પત્રોમાં ત્રણેય કાળ, ચોંસઠેય વિદ્યા તથા રાજકારણ, સમાજ અને જીવનને સ્પર્શતા, ચર્ચતા, વખોડતા, વિચારો વ્યકત થતા અને હજુ પણ થાય છે આ 'મુંબઈ સમાચાર'નો એક પ્રતિબધ્ધ અને પ્રતિષ્ઠિત વિભાગ છે. જે કાયમ રહેશે.

'મુંબઈ સમાચાર'ને જયારે ૧૫૦ વર્ષ પૂર્ણ થયાં ત્યારે શ્રી રસિક ઝવેરીએ દોઢસો વરસની તવારીખ (૧૮૨૨–૧૯૭૨) એવો વિશેષાંક સંપાદિત કર્યો હતો. જેના મેનેજિંગ ડિરેકટર તરીકે શ્રી એમ.એન.કામાનું નામ છે. આ વિશેષાંકની ફકત ૫૦૦૦ કોપીજ છપાવવામાં આવી હતી. જે આંકડો ખૂબજ મર્યાદિત કહી શકાય.

'મુંબઈ સમાચારે' ૧લી જુલાઈ, ૧૯૯૭ના રોજ તેના જીવનકાળના ૧૭૫ વર્ષ પૂર્ણ કર્યા ત્યારે વિશેષ પૂર્તિ બહાર પાડવામાં આવી હતી. તે દિવસના અખબારના પ્રથમ પાના પર સંચાલકે એક નાનકડી ખબર મૂકી હતી. જે આ પ્રમાણે હતીઃ '' 'મુંબઈ સમાચારે' એ ૧૭૫ વર્ષની યાત્રા પૂરી કરી એ નિમિત્તે આજના અંકમાં ૨૪ પાના ઉપરાંત ૨૪ પાનાની વિશેષ પૂર્તિ સામેલ છે. કુલ ૪૮ પાનાનાં આજના અંકની કિંમત રોજની જેમ રૂા. ૧.૫૦ જ છે.– સંચાલક''



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તે સમયે તંત્રી સ્થાને શ્રી જેહાન દારૂવાલા કાર્યરત હતા. આ વિશેષ પ્રસંગની વિશેષ પૂર્તિમાં તેમણે તંત્રી સ્થાનેથી વિશેષ લેખ લખ્યો હતો જે અખબારના પ્રથમ પાના પર છપાયો હતો. ૧૭૫ વર્ષ જૂના પત્રના તંત્રી તરીકે જેહાન દારૂવાલા કેવી લાગણી અનુભવે છે તે જાણવા અહીંએ તંત્રીલેખ લખવો જરૂરી લાગે છે. આભારની લાગણી સહ એ તંત્રીલેખને અહીં રજૂ કર્યો છે.

૧૭૬માં વર્ષમાં પ્રવેશ કરતાઃ....

'મુંબઈ સમાચાર' ૧૭૬માં વર્ષની ઐતિહાસિક જન્મજયંતિની મંગળ પ્રભાતે સૌપ્રથમ પરમકૃપાળુ પરમાત્માનો આભાર માનીએ છીએ. પોણા બે સદીની આ લાંબી સફર દરમિયાન આ અખબાર અનેક આપત્તિઓ અને આફતોમાંથી ઉગરી ગયું છે. આ સમય દરમિયાન બે મહાન વિશ્વયુધ્ધો લડાયાં અને મોટી સલતનતો રચાઈ અને પડી ગઈ. નવા દેશોની રચના થઈ. 'મુંબઈ સમાચાર' આ સઘળી વિગતોની ગવાહી આપે છે. અને તેનો ઈતિહાસ રજૂ કરે છે. આ ખુદ એશિયામાં એક અભૂતપૂર્વ સિધ્ધિ છે. અને પૂરી નમ્રતાઈ સાથે અમે એ વાતનું ગૌરવ લઈએ છીએ.

આ અખબારનો ઈતિહાસ રંગીન અને રોમાંચક છે. તેની વાત એક પરીકથા સમાન છે. સૂરત શહેરના પારસી ધર્મગુરુના કુટુંબના એક નબીરાએ મુંબઈ આવી અનેક વ્યવસાયો જમાવ્યા. પછી અંતે'મુંબઈ સમાચાર' પ્રેસ અને વર્તમાનપત્રની સ્થાપના કરી. ફરદુનજી મર્ઝબાન બાળપણથી એક તમન્ના ધરાવતા હતા. તે એ હતી કે પોતાના જીવનકાળ દરમિયાન કાંઈ અનેરું અને અદ્‌ભુત કરી બતાવવું ? મુંબઈ સમાચારની પ્રથમ આવૃત્તિ ૧લી જુલાઈ, ૧૮૨૨ના દિવસે બહાર પડી. અને ૯૫ નકલો છાપવામાં આવી હતી. અને એનું વાર્ષિક લવાજમ રૂા.બે હતું.

આ સાપ્તાહિક બહાર પાડવા પાછળનો હેતુ દેશ વિદેશથી આવતા અનેક જહાજો જે મુંબઈ શહેરમાં લાંગરવામાં આવતા હતા. તેના આવવા જવાની માહિતી આપવા ઉપરાંત જુદી જુદી ચીજ વસ્તુઓના ભાવો વેપારીઓને જણાવવાનો હતો. પરંતુ તેની સાથોસાથ ફરદુનજી મર્ઝબાને પત્રકારત્વના ચોકકસ મૂળભૂત સિધ્ધાંતો પણ રજૂ કર્યા અને જે સિધ્ધાંતો આજે પણ પત્રકારત્વ માટે મહત્ત્વના છે એમનો આગ્રહ હતો કે વર્તમાનપત્રની ભાષા સાદી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને સરળ હોવી જોઈએ કે જેથી સામાન્ય માણસ પણ વાંચી શકે. સમાચારની સચ્ચાઈને તેઓ ઘણું મહત્ત્વ આપતા. ચકાસણી કર્યા વગર કોઈપણ સમાચાર તેઓ છાપતા નહીં શરૂઆતથી જ આ વર્તમાનપત્ર પાંચ જુદી જુદી કોમોની સેવા માટે હતું, અને આજે પણ એ તે ફરજ બજાવે છે. કોઈપણ ધર્મના અનુયાયીઓની ધાર્મિક લાગણી દુભાવવી નહીં એવો નિર્ણય તેમણે કર્યો હતો. તે છતાં ધર્મના નામે ચલાવવામાં આવતા ધતિંગો, અત્યાચારો સામે તેમણે સખત લડત ચલાવી હતી. એમના સમયથી જ આ વર્તમાનપત્ર સામાજિક અને ધાર્મિક સુધારા પ્રત્યે અભિગમ ધરાવે છે. તે માટે તેમણે અનેક જેહાદો ચલાવી છે.

બાર–તેર વર્ષના ટૂંક સમય પછી ફરદુનજી મર્ઝબાન ચડતી પડતીના ચક્રમાં ફસાયા અને આ વર્તમાનપત્ર છોડી દમણ જઈ રહ્યા, પરંતુ એમણે એવો સંગીન પાયો નાખ્યો હતો કે તેની ઉપર આ ઈમારત હજુ અડીખમ ઊભી રહી છે.

'મુંબઈ સમાચાર' શરૂ થયું ત્યાર પછી અને વર્તમાનપત્રો ઊગ્યા અને આથમ્યા. વર્તમાનપત્રોમાં બાળમરણનું પ્રમાણ બહુ મોટું હતું. આવી કટોકટી આજથી આઠ વર્ષ અગાઉ 'મુંબઈ સમાચાર' સામે પણ આવી હતી. તેના આગલા માલિકની બેપરવાહી અને બિન કાબેલિયતના કારણે આ વર્તમાનપત્ર અધોગતિના આરે આવી પડયું હતું અને કરજદારીમાં ડૂબી ગયું હતું. તે સમયે જયારે એમ લાગતું હતું કે બીજા અખબારોની પેઠે એ પણ અસ્ત પામશે. ત્યારે પરમકૃપાળુ પરમાત્માના આશીર્વાદથી સ્વ. શેઠશ્રી મંચેરજી કામા જીવનદાતા તરીકે તેની મદદે આવી પહોંચ્યા. પોતાની દીર્ઘદષ્ટિ, કાર્યકુશળતા અને હિંમતના પરિણામે એમણે 'મુંબઈ સમાચાર'ને ફરીથી પગભર કર્યું. સાચું કહીએ તો એક ખંડિયેરમાંથી ભવ્ય ઈમારત રચી. ત્યાર પછી આ વર્તમાનપત્રે ફરીથી કદી પાછું વળીને જોયું નથી અને ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. જો ફરદુનજી મરઝબાન 'મુંબઈ સમાચાર'ના સ્થાપક અને સ્વપ્નદષ્ટા હતા તો શેઠ મંચેરજી કામા તેના ઘડવૈયા અને જન્મોધ્ધારક હતા. આ સંસ્થાના માલિકો અને કામદારો નથી. આ એક પરિવાર છે. સુખ અને દુઃખમાં, મુશ્કેલીઓમાં અને આબાદીના સમયમાં સઘળાએ સાથે મળીને આ સંસ્થાને આબાદ કરી છે. એના સંચાલકો પોતાના કાર્યકરોને પોતાના પરિવારના સભ્ય સમાન ગણે છે. અને આ કદાચ વર્તમાન પત્રની દુનિયામાં એક જ એવું અખબાર હશે જેમાં કામદારોનું યુનિયન નથી,



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને જે યુનિયન છે એ માત્ર 'મુંબઈ સમાચાર' પરિવારનું છે. તેમાં કામ કરતી પ્રત્યેક વ્યકિત તે પછી તે ગમે તે દરજજાની હોય તે આ અખબારને પોતાનું જ સમજે છે.

'મુંબઈ સમાચારે' દેશની અને ખાસ કરીને ગુજરાતીઓ અને ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવાઓ બજાવી છે. અંગ્રેજોના અમલ દરમિયાન આઝાદીની લડત શરૂ થાય તે પહેલાં વિદેશી સલતનત તરફથી દેશની પ્રજા પ્રત્યે જે ભેદભાવ અને અત્યાચારો થતા હતા તેની સામે'મુંબઈ સમાચાર' અનેક વખત પોતાનો અવાજ બુલંદ કર્યો હતો.

મહાત્મા ગાંધીએ જયારે આઝાદીની લડત શરૂ કરી ત્યારે એમને સંપૂર્ણ સાથ અને સહકાર આપવામાં મુંબઈ સમાચાર પ્રથમ હતું. એની નોંધ મહાત્મા ગાંધીએ અનેક વખત લીધી છે. અને દેશના મહાન નેતાઓએ પણ તેને અંજલિ આપી છે. પરંતુ બહેરામજી મલબારી, દાદાભાઈ નવરોજી જેવા બીજા નેતાઓ અને દેશભકતોની પેઠે મુંબઈ સમાચાર માનતું હતું કે જયાં સુધી સામાજિક સુધારાઓ આવશે નહીં ત્યાં સુધી રાજકીય આઝાદી ભોગવવાને લાયક બની રહેશું ? આવા સિધ્ધાંતોથી પ્રેરાઈને તે સમયે મુંબઈ સમાચારે બાળલગ્ન, સતીપ્રથા, વિધવાવિવાહ અને મહિલા શિક્ષણ જેવા વિષયોને પોતાની કટારોમાં અગ્રસ્થાન આપ્યું હતું. યાદ આપવાની જરૂર નથી કે પાછળથી મહાત્મા ગાંધીએ પણ આ વાત સ્વીકારી હતી. જો દેશમાં આગલા નેતાઓ અને મુંબઈ સમાચારે ચીંધેલો માર્ગ અપનાવવામાં આવ્યો હોત તો આઝાદીના પચાસ વર્ષ પછી બાળલગ્ન નાબૂદ થયાં હોત. આપણી બહેન બેટીઓને દહેજ ખાતર સળગાવી દેવામાં આવતી ન હોત.

ગુજરાતી ભાષા સાહિત્યક્ષેત્રે 'મુંબઈ સમાચાર'નું યોગદાન અજોડ રહ્યું છે. ફરદુનજી મર્ઝબાને આ અખબારના માલિક અને તંત્રી તરીકેના બાર વર્ષ દરમિયાન અઢાર પુસ્તકો લખી પ્રગટ કર્યાં હતા. ત્રીજી વિશ્વ ગુજરાતી પરિષદ જે પોરબંદરમાં ભરવામાં આવી હતી. તેની આગેવાની બ્રિટિશ પાર્લામેન્ટના બીજા હિંદી સભ્ય ભાવનગરીએ કરી હતી અને એમનાં બે મિત્રોએ તેનું સંચાલન કર્યું હતું. મુંબઈ સમાચારે પોતાના પ્રેસમાં પ્રગટ કરવામાં આવેલા બાર પુસ્તકોની ભેટ આ વિશ્વ પરિષદને કરી હતી. મુંબઈ સમાચારની કટારોમાં સાહિત્યના વિવિધ ક્ષેત્રોના લખાણો જુદી જુદી કટારોમાં પ્રગટ થયા છે અને ત્યાર બાદ પુસ્તકના સ્વરૂપમાં પણ પ્રગટ થયા છે. તે ઉપરાંત યોગ, આયુર્વેદ,યુનાની દવા,



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હોમિયોપેથી, રમતગમત, રાજકારણ, જયોતિષશાસ્ત્ર જેવા અનેક વિષયો ઉપર આ કટારોમાં લખાણો છે. તેના પુસ્તકો પણ પ્રગટ થયા છે. આ અખબારે તેના ઊંચા નૈતિક અને વ્યવસાયી ધોરણોને કદી પણ તજયાં નથી અને તેની સાથોસાથ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી આ અખબારને વધુને વધુ વિકસાવ્યું છે.

જુદી જુદી કોમો અને ધર્મના શિક્ષણને પણ આ અખબારની કટારોમાં સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ તેની સાથોસાથ કોઈપણ કોમ કે ધર્મમાં બદીઓ પ્રવેશી ગઈ હોય, ભાવિકો સાથે છેતરપિંડી થતી હોય કે તેમનું શોષણ કે અત્યાચાર થતો હોય ત્યારે મુંબઈ સમાચાર તેમની પડખે ઊભું રહ્યું છે.

આ અખબાર તેની લાંબી સફર અને અત્યાર સુધી બજાવેલી અનેક સેવાઓ માટે વિનમ્ર રીતે ગર્વ લે છે. પરંતુ જન્મજયંતીનો દિવસ માત્ર પોતાની યશગાથા ગાવા માટે જ નથી. અમે જયારે ૧૭૬માં વર્ષમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે પ્રાર્થીએ છીએ કે હે પ્રભુ, અમે જે માર્ગ પર ચાલી રહ્યા છીએ તેમાં સંયમ અને હિંમતથી આગળ વધી ભારત અને ભારતીયોની સેવા બજાવવાને માટે અમને શકિત અને ડાહપણ બક્ષે.

તથાસ્તુ

–જેહાન દારૂવાલા

મુંબઈ સમાચારની પૂર્તિઓ કયારથી શરૂ થઈ અને તેની સાતેય દિવસની રંગીન પૂર્તિઓની શરૂઆત  કયારથી થઈ તેની કોઈ એક તારીખ કયાંય રેકોર્ડમાં નોંધાયેલી નથી. તેમ છતાં છેલ્લાં ચાલીસેક વર્ષથી તો મુંબઈ સમાચાર પૂર્તિઓ આપી જ રહ્યું છે.

વિશેષાંકની વાત કરીએ તો દર વર્ષે દિવાળી પર્વ પર દિપોત્સવી અંક બહાર પાડવામાં આવે છે.  વર્ષ ૨૦૦૮માં તેની કિંમત રૂા. ૩૦ રાખવામાં આવી હતી. વિવિધ રંગોથી નિતરતો, જાહેર ખબરોથી શોભતો અને ઉચ્ચ કોટીના લેખકો અને વાર્તાકારોના સર્જનથી સજજ એવો આ દિપોત્સવી અંક હાથમાં લીધા પછી મૂકવાનું મન ન થાય. પહેલા પાના પર વિગતો છે કે સંપાદન– પિન્કી દલાલ અને કમલ જોશી, કલા નિર્દેશન અને ગ્રાફિકસ–ચેતન પટેલ, રેખાંકન– કિન્નરી પટેલ, લાઈબ્રેરી સહાય– મહેશ સૂરતી તથા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પબ્લિશરનું નામ– શ્રીમાન મહેરવાનજી આર. કામા લખ્યું છે. દર દિવાળીએ બહાર પડતા આ દિપોત્સવી અંકને મુંબઈ સમાચારનું સાહિત્યક્ષેત્રે પ્રદાન જ કહી શકાય. ઈ.સ. ૧૯૫૭થી દિપોત્સવી અંક બહાર પડે છે. પરંતુ તે પહેલા અખબાર સ્વરૂપે જ બહાર પડતા. હવે મેગેઝીન સ્વરૂપે બહાર પડે છે. તેમાં નામાંકિત લેખકો અને લેખિકાઓ દ્વારા વાર્તા અને લેખમાળા રજૂ થાય છે. વ્યંગ વિશ્વ પણ સારી એવી છાપ પાડે છે. મુંબઈ સમાચાર પોતાના વાચકોના નવા વર્ષની શરૂઆત હસતાં હસતાં કિલ્લોલ કરતા થાય તેવા પૂરતા પ્રયાસ કરે છે.તેવી જ રીતે દર વર્ષે વસંતઋતુમાં મુંબઈ સમાચાર તરફથી વસંત અંક બહાર પાડવામાં આવે છે. વર્ષ ૨૦૦૮માં તેની કિંમત રૂા. ૧૫ રાખવામાં આવી હતી. આ અંકના પણ છેલ્લા પાને તંત્રી શ્રી પિન્કી દલાલે નોંધ ટાંકી છે કે ''મુંબઈ સમાચારનો વસંત અંક,૨૦૦૮, રેડ હાઉસ' સૈયદ અબ્દુલા બ્રેલવી રોડ, ફોર્ટ મુંબઈમાં મુંબઈ સમાચાર છાપખાનાના માલિકો ધી બોમ્બે સમાચાર લિ. માટે મહેરવાનજી આર. કામાએ છાપ્યો છે અને ઉપર જણાવેલા ઠેકાણાથી પ્રગટ કર્યો છે.''[૬૦]

આ વસંત અંકમાં વસંતમંજરી, વાસંતી વૈભવ અને વાસંતી પરમાર જેવા શીર્ષકો હેઠળ ઘણાં જાણીતા સાહિત્યકારો, લેખકો અને કવિઓએ પોતાની કલમના વિવિધ રંગો રજૂ કર્યા છે. જેમ વસંત ઋતુમાં ફૂલોની મધમધતી સુગંધ મનને તરબતર કરી દે છે. તેમ દર વર્ષે બહાર પડતાં મુંબઈ  સમાચારના વસંત અંકથી વાચકોનું મન અને તેના વિવિધ રંગોથી આંખો તરબતર થઈ જાય છે.

ઉપરોકત બંને વિશેષાંકો વાચકોની સાહિત્ય ભૂખને ઉજાગર કરવા પ્રગટ કરવામાં આવે છે. આ ઉપરાંત સાહિત્ય પત્રકારત્વનું એક નવું પાસું પણ રજૂ કરે છે. સાહિત્ય અને પત્રકારત્વ એ બંનેનો ઉદ્‌ગમ ભાષાકિય અભિવ્યકિતને રૂપે થાય છે. સાહિત્યકાર શબ્દનો બંદો છે, તો પત્રકાર શબ્દનો સોદાગર છે. સાહિત્ય એ કલાની સભાનતા અને ગંભીરતાથી સર્જેલો કસબ છે. 'મુંબઈ સમાચાર'નું અનુભવ વિશ્વ અસીમ છે. તેમાં જયારે આવો સાહિત્ય રંગ ચઢે ત્યારે સોનામાં સુગંધ ભળી હોય તેવું લાગે છે.

૧ જુલાઈ, ૨૦૦૯માં મુંબઈ સમાચારે ૧૮૮મા વર્ષમાં પદાપર્ણ કર્યું ત્યારે 'મુંબઈ સમાચાર' તરફથી તેના વાચકો માટે 'મલ્હાર ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૪ જુલાઈના રોજ ભાઈદાસ વિલેપાર્લે ખાતે નિઃશુલ્ક ગમતીલાં ગુજરાતી ગીતોની સતરંગી મહેફિલ રાખવામાં આવી હતી. આ ઉપરાંત ૧ જુલાઈના રોજ વિશેષ પૂર્તિ પણ આપવામાં આવી હતી. આ અંકની કિંમત રૂા. ૫ રાખવામાં આવી હતી. જેમાં કુલ ૬૮ પાનાં હતાં. આટલી દળદાર પૂર્તિ અને અખબારમાં એવા મુંબઈની વાતો સમાવવામાં આવી હતી કે તેના વાચકને જાણવાની અને માણવાની મજા આવે. મુંબઈને એક આગવા પરિપ્રેક્ષ્યમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અંકના પ્રથમ પાને એક નાનું વાકય લખ્યું હતુંઃ

'' 'મુંબઈ સમાચાર'

તમારા માટે

તમારી સાથે

સતત...''

## (૬) વર્તમાન સમયનું 'મુંબઈ સમાચાર'

વર્તમાન સમયનું 'મુંબઈ સમાચાર' સંપૂર્ણ નવા પરિવેશમાં રજૂ થાય છે. મુખ્ય લોગોમાં ૧૯૯૫માં ફેરફાર કરવામાં આવ્યો. હવે દરરોજ તે અવનવા રંગોમાં રજૂ થાય છે. મુખ્ય ભાગોની વચ્ચે એક ચિત્ર છે. જેમાં બે ઘોડા અને ભારતના નકશાનું ચિત્ર છે. નીચે એકાદ ઈંચની પટ્ટીમાં THE BOMBAY SAMACHAR સાપ્તાહિક લખેલું છે. બાજુમાં તેની વેબસાઈટનું સરનામું www.bombay samachar.com લખેલું છે. તેની બાજુમાં રજિસ્ટર્ડ નંબર Regd. No. MH/MA/South-177/2009-11 લખેલું છે. તેની નીચે બીજી પટ્ટીમાં પુસ્તકઃ ૧૮૮, અંક : ૨૬, અષાઢ સુદ ૬, વિક્રમ સવંત ૨૦૬૫, મુંબઈ રવિવાર, તારીખ અને કિંમત રૂા. ૩.૫૦ લખેલ છે.

અખબારનાં ૧૨ પાનાં અનેક વિવિધતાઓથી ભરેલાં હોય છે. હાલમાં 'મુંબઈ સમાચાર'માં ચાલીસ પત્રકારો કાર્યરત છે. પૂર્તિઓ માટે અલગ તંત્રી નથી. વર્તમાન 'મુંબઈ સમાચાર'ના એકાઉન્ટ અને જાહેરખબર વિભાગમાં ૨૦ થી ૨૫ લોકો કાર્યરત છે. જેના પર એક ડિપાર્ટમેન્ટ મેનેજર હોય છે. જેઓ લો–પ્રોફાઈલ રાખીને કાર્ય કરે છે. 'મુંબઈ સમાચારે' જગતને ઘણા જાણીતા પત્રકારો આપ્યા છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હાલમાં મેનૂગ્રાફ મશીન પર 'મુંબઈ સમાચાર'નું પ્રિન્ટિંગ થાય છે. પહેલાં 'મુંબઈ સમાચાર'માં Afternoon અને Blitz પ્રસંગોપાત છપાતા હતા.પણ કાયમી ધોરણે નહીં. સારા ને સુરુચિભર્યા લખાણો માટે સ્વચ્છ અને સુઘડ છાપકામ હોવું જરૂરી છે અને તેના માટે ઉત્તમ કક્ષાનું પ્રિન્ટિંગ મશીન જરૂરી છે. હવે તો મોટા અખબારોમાં ઑફસેટ કમ્પ્યુટર્સ આવી ગયા છે. મોનો અને લાઈનો ટાઈપ મશીન આમતો હવે જૂની ટેકનોલોજીના ગણાય તેમ છતાં તેની કિંમત ૬ થી ૭ લાખ જેટલી હોય છે. ટેકનોલોજીમાં અપગ્રેડ રહેવા માટે લાખો રૂપિયા ખર્ચવા પડે છે.

રોજેરોજ અખબારને તાજગી અને નવીનતાથી ભરપૂર બનાવવા માટે કેટકટલા લોકો મહેનત કરે છે. કાર્યાલયમાં આખો દિવસ પસાર કરો તો જ સમજાય. વર્તમાનપત્રનો ધબકાર તેની તાજગી હોય છે. ભૂપત વડોદરિયાએ આ વિષય પર લખ્યું છે કે,''પહેલી જ નજરે જે વર્તમાનપત્ર નિષ્પ્રાણ લાગે, ઉદાસીન લાગે તેના અંદરના પાનામાં સોનાની ખાણ પડી હશે તોય તેની કિંમત નહીં થાય. તંત્રીની અને તંત્રીમંડળની તાકાત કે નબળાઈ ત્યાં જ દેખાય છે. વર્તમાનપત્ર ટીમવર્ક છે અને સમાચાર તંત્ર કાબેલ હોય તોય બાકીની ટુકડીની બેકાળજીને લીધે માર ખાઈ જાય તેવું બને છે. વર્તમાન પત્રની સફળતામાં ટીમવર્ક બોલતું હોય છે. આખી ટીમ સંવાદ અને શિસ્ત વગરની હોય ત્યાં એકાદ સારા બેટ્સમેનથી કે બોલરથી વિકેટકીપરથી કોઈ ફતેહ મળતી નથી. કારણ કે આ તો રોજેરોજનો ખેલ હોય છે અને વર્તમાનપત્રોને ફ્રેન્ડલી મેચની ભાવના બિલકુલ માફક ન આવે. ''[૬૧]

મુંબઈ સમાચાર ૧૮૮ વર્ષે પણ યુવાન દેખાય છે. તેનું કારણ તેમાં આવેલું પરિવર્તન અને તેની તાજગી છે. 'મુંબઈ સમાચાર' મુંબઈ સિવાય આખા ભારતનાં ઘણાં નાના મોટા શહેરો અને દૂરદૂરના ઈલાકાઓમાં ગુજરાતીઓ વાંચે છે. હવે વર્તમાન સમયના 'મુંબઈ સમાચાર'ની વિસ્તૃત છણાવટ કરીએ તો ખ્યાલ આવે છે કે તેણે જમાના પ્રમાણે કેવું પરિવર્તન કર્યું છે. વર્ષ ૨૦૦૮ના ફેબ્રુઆરી અને માર્ચ મહિનાના અખબારોના વિવિધ સમાચાર અને તંત્રીલેખોના હેડિંગ તથા અન્ય વિગતો પર એક નજર કરીએ....

તા. ૩ ફેબ્રુઆરીના રોજ કુલ ૧૨ પાનાનું અખબાર હતું. જેમાં પ્રથમ પાને કિડની કૌભાંડ, પોલિટિકસ અને શેરબજારની વધઘટના સમાચાર છે. પાના નં.૨માં મનોરંજન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

માટે ટી.વી. ટાઈમ ટેબલ અને પંચાંગ તથા કોયડો છે, પાના નં.૩માં દેશ વિદેશમાં બનતી ઘટનાના સમાચાર છે તો પાના નં.૪માં વેપાર વાણિજયને લગતા સમાચાર અને રોકાણ યોજનાની વાતો છે.પાના નં.૫માં સમાચાર સંક્ષેપ, સિટીન્યુઝ તથા થોડા શ્રધ્ધાંજલિના ફોટાઓ છે. પાના નં.૬ પર મરણ નોંધ અને ૭ પર ગતિશીલ ગુજરાતમાં ગુજરાત સૌરાષ્ટ્રના સમાચાર અને તેના હવામાન સમાચાર છે. પાના નં.૮–૯ પર કલાસિફાઈ ટચૂકડી જાહેર ખબરો છે. પાના નં. ૧૦માં સિટી લાઈફ અને સાપ્તાહિક ભવિષ્ય છે. પાના નં.૧૧ના સિટી ન્યુઝમાં શહેરના હાલચાલ અને ટી.વી. તથા ફિલ્મોની ગપશપ છે. પાના નં. ૧૨ના શહેર સમાચારમાં સમસ્યાઓ પર સવાલો ઉઠાવ્યા છે.

તા.૫ ફેબ્રુઆરીના રોજ ટાઈટલ છે 'મુંબઈ અધ્ધર શ્વાસે' પાના નં.૨માં વિન્ટેજ કારની વાતો, મેડમ તુસાડમાં મ્યુઝિયમની જાણકારી અને નીચે વાચકની અદાલત છે. વાચક અદાલત આ અખબારની ખૂબ મહત્ત્વની કોલમ છે. તેમાં વાંચકોને એક પ્રશ્ન પૂછવામાં આવે છે જેનો ફોન કે ઈ–મેઈલ દ્વારા જવાબ આપવાનો હોય છે. ઘણા જાગૃત નાગરિકો આ અદાલતમાં સક્રિય ભાગ ભજવે છે. બીજા દિવસના અખબારમાં વાચકોનાં મંતવ્યો નામ સાથે રજૂ થાય છે. આ પધ્ધતિને કારણે ઘણાં જટિલ પ્રશ્નોનો સરળતાથી નિકાલ થયો છે. પાના નં.૫માં વેપાર વાણિજય અને સોના ચાંદીના સમાચાર છે. પાના નં.૬માં મરણ નોંધ અને ૭ પર કલાસિફાઈ જાહેરાતો છે. પાનું ૮ મું ખૂબ મહત્ત્વનું છે. તેમાં 'કાળ મીંઢ વાસ્તવિકતા' એવા શીર્ષક સાથે તંત્રીલેખ છે. નીચે 'રણકાર' છે. બાજુમાં કુલદીપ નાયર પાકિસ્તાની ચૂંટણીની વાત કરે છે અને નીચે પ્રજામતમાં વાચકોના પત્રોના જવાબ છે. પાના નં. ૧૦ પર ગતિશીલ ગુજરાત અને ૧૧ પર દેશ વિદેશના સમાચાર છે. પાના નં. ૧૨ પર શહેરના હાલચાલ અને વિવિધ ખબરો છે.

લગભગ દરરોજ અખબારના દરેક પાનાનું માળખું એક સરખું રહે છે. દરેક વિભાગ અને સમાચારને ચોકકસ સ્થાન ફાળવવામાં આવ્યું છે. આનાથી વાચકને ઘણી સગવડતા રહે છે. તે પોતાને ગમતા સમાચાર વાળું પાનુંજ ખોલીને વાંચી શકે છે. ઉપરાંત લે આઉટ પણ સુંદર લાગે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તા. ૬ ના રોજ પાના નં. ૮ પર બે તંત્રી લેખ છપાયા છે. જેનાં પ્રથમ છે 'આ તે કેવી રાજનીતિ' અને બીજો છે 'માણસ નામે ગુનેગાર' બાજુમાં સોનલ શુકલ 'સ્ત્રી પુરુષ વચ્ચે પ્રગતિની મસમોટી ખાઈ' વિષય પર લેખ લખે છે. નીચે ફોકસ કોલમમાં આતંકવાદ અને નકસલવાદ વિષે માહિતી અને ચર્ચા છે. સૌથી નીચે પ્રજામતને સ્થાન છે.

તા. ૭ ફેબ્રુઆરીના રોજ 'લશ્કરી કારકિર્દી'ને લૂણો લાગ્યો છે. વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં ડૉ. કાન્તિ રામી 'ધૂપછાંવ' કોલમ લખે છે તેની નીચે લેખક અનવર વલિયાણી જીવનના સુખ દુઃખ પર ચિંતનાત્મક લેખ લખે છે અને નીચે પ્રજામત છે.

તા. ૮ ફેબ્રુઆરીના રોજ 'લગ્ન વય ઘટાડવાથી ફાયદો કોને ?' તેવા ગંભીર પ્રશ્ન પર તંત્રીલેખ છે. બાજુમાં મુઝફફર હુસૈન 'દિન દુનિયામાં' દેવનારના કતલખાના પર લેખ લખે છે. નીચે વ્હોરા મિત્રનો ચિંતનાત્મક લેખ છે. સૌથી નીચે પ્રજામત છે.

તા. ૯ ફેબ્રુઆરીએ 'કમાઉ દુષણ' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં અનુસંધાન કૉલમમાં ખલીલ ધનતેજવી દેશની સંકુચિતતા પર પ્રશ્ન કરે છે. નીચે 'કલરવ અને કોલાહલ'માં ચંદુલાલ સેલારકા ચિંતનાત્મક લેખ લખે છે. નીચે પ્રજામતને સ્થાન છે.

તા. ૧૨ ફેબ્રુઆરીએ 'મંદીની મહામારી' પર તંત્રીલેખ છે. બાજુમાં 'ભીતરના વહેણ' કોલમમાં કુલદીપ નાયર મધ્યસત્રની ચૂંટણીના પડઘમ સંભળાવે છે. તો નીચે હેમરાજ શાહ 'વિમર્શ' કોલમ લખે છે સૌથી નીચે પ્રજામત છે.

તા. ૧૩ ફેબ્રુઆરીએ તંત્રીલેખનું ટાઈટલ છે 'જૂના પક્ષો–નવાં સમિકરણો'. બાજુમાં સોનલ શુકલ દહેજ વિરોધી લેખ લખે છે. તેની નીચે અતિથિ કટારમાં ખેડૂતોની વ્યથા વર્ણવી છે.

તા. ૧૪ ફેબ્રુઆરીએ 'રાજને માથે 'હાથ' કોનો ?' તેવો ચોટદાર પ્રશ્ન કરી રાજ ઠાકરે વિષે ચોટદાર તંત્રીલેખ છે. બાજુમાં ડૉ. કાન્તિ રામીનો લેખ છે. નીચે અનવર વલિયાણી કટાર અને તેની નીચે પ્રજામત છે.

તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ એક તંત્રી લેખ જનતાને જગાડવા માટે છે. બાજુમાં 'દિન દુનિયા' કોલમમાં મુઝફફર હુસૈન ચર્ચા કરે છે. જયારે નીચે 'વ્હોરા વર્તમાન'માં વ્હોરા મિત્ર કટાર લખે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તા. ૧૬ ફેબ્રુઆરીએ તંત્રીલેખમાં યુવાધનને ચાબખા સમાન પ્રશ્ન કર્યો છે કે, "જે રાષ્ટ્રનું યુવાધન પાંગળું હોય તેનું ભાવિ શું ?' બાજુમાં અનુસંધાન કોલમમાં ખલીલ ધનતેજવીની કોલમ છે. નીચે ચંદુલાલ સેલારકાની કટાર છે અને સૌથી નીચે પ્રજામત છે.

તા. ૧૮ના રોજ ચૂંટણી વિષય પર તંત્રી લેખ છે. બાજુમાં 'શબ્દ વેધ' કોલમમાં નગીનદાસ સંઘવી ચિંતનાત્મક લેખ લખે છે. નીચે અવંતિકા ગુણવંતનો લેખ છે. તા. ૧૯ના રોજ સમગ્ર ભારતની પરિસ્થિતિ પર ચર્ચા કરતો તંત્રીલેખ છે. બાજુમાં કટાર 'ભીતરના વહેણમાં' કુલદીપ નાયરની કટાર છે. 'અનિશ્ચિત પાકિસ્તાન' નીચે વિમર્શમાં હેમરાજ શાહની કટાર છે છેલ્લે પ્રજામત છે.

તા. ૨૦ ફેબ્રુઆરીએ નાણા પ્રધાન પાસેની અપેક્ષાઓ વિષે તંત્રીલેખ છે. બાજુમાં ઘટના અને અર્થઘટન કટારમાં સોનલ શુકલ સમાજના મુદ્દાઓ ચર્ચે છે. નીચે અતિથિ કટાર છે.

તા. ૨૧ના રોજ ક્રિકેટ પર તંત્રીલેખ છે. બાજુમાં 'ધૂપછાંવ'માં ડૉ. કાન્તિ રામીની કટાર છે. નીચે 'મુખ્બિરે ઈસ્લામ'માં અનવર વલિયાણીની ચિંતનાત્મક કટાર છે. નીચે પ્રજામત છે.

તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ 'સબ સલામત હૈ???' એવા પ્રશ્નાર્થચિહન સાથે તંત્રીલેખ છે. અને બાજુમાં' દિન દુનિયા'માં મુઝફ્ફર હુસૈનની કટાર છે. તા. ૨૩ના રોજ 'વિદેશી ખેત પેદાશો' કૃષિઅર્થતંત્રને હચમચાવી દેશે' વિષય પર તંત્રીલેખ રજૂ થયો છે. બાજુમાં 'અનુસંધાન' કટાર પર ખલીલ ધનતેજવી પ્રકાશ પાથરે છે. નીચે ચંદુલાલ સેલારકા 'કલરવ અને કોલાહલ'માં ચર્ચાનો વિષય રજૂ કરે છે.

તા. ૨૪ ફેબ્રુઆરીએ ત્રાસવાદ પર તંત્રીલેખ છે. બાજુમાં શબ્દવેધ કોલમમાં નગીનદાસ સંઘવી પાકિસ્તાનની લોકશાહી વિષે ચર્ચા કરે છે. નીચે અવંતિકા ગુણવંત આંગણાની તુલસી કટારમાં સામાજિક વિષય પર પ્રકાશ પાથરે છે.

તા.૨૬ના રોજ નકસલવાદીઓ પર લેખ છે. બાજુમાં કુલદીપ નાયર 'ભિતરનાં વહેણમાં' કટાર લખે છે. નીચે 'વિમર્શ'માં હેમરાજ શાહ સરકારને ઢંઢોળતા વિષય પર કલમ ચલાવે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તા. ૨૭ ફેબ્રુઆરીએ રેલવે બજેટ પર તંત્રીલેખ છે. બાજુમાં સોનલ શુકલ સામાજિક મુદ્દા પર કટાર લખે છે. નીચે ડૉ. કિરીટ સોમૈયા અતિથિ કટાર લખે છે.

તા. ૨૮ના રોજ ચૂંટણીલક્ષી બજેટ વિષય પર તંત્રીલેખ છે. ડો. કાન્તિ રામી 'ધૂપછાંવ' કટાર લખે છે. નીચે અનવર વલિયાણીની સામાજિક મુદ્દા પર કટાર લખે છે.

તા.૨૯ના રોજ સામાજિક મુદ્દા પર તંત્રીલેખ છે. બાજુમાં 'દિન દુનિયા'માં મુઝઝફર હુસૈન ઈસ્લામ ધર્મ પર એક લેખ લખે છે. નીચે વ્હોરા મિત્રની કટાર છે. તેની નીચે પ્રજામત છે.

અહીં આખા ફેબ્રુઆરી માસના તંત્રીલેખવાળા મહત્ત્વના પાનાની છણાવટ કરવામાં આવી છે. રોજેરોજ તંત્રીલેખનો વિષય વાચકોને સીધો સ્પર્શતો તેની સમસ્યાને વાચા આપતો અને વૈવિધ્ય સભર હોય છે. મોટે ભાગે એક જ તંત્રીલેખ છાપવામાં આવે છે.એજ પાના પર પ્રખ્યાત કટાર લેખકોએ અનેક અવનવા વિષયો પર કટારો લખી વાચકોને તે વિષય પર ચિંતન મનન કરવાની તક પૂરી પાડે છે. પુરુષ લેખકો જેટલો સ્ત્રી લેખિકાઓનો પણ ફાળો છે. આ વાત સાબિત કરવા હજુ વધુ એક મહિનાના અખબારોની ચકાસણી કરીએ.

તા. ૧લી માર્ચના રોજ અખબારના નામ નીચેની પટ્ટીમાં લખ્યું છે કે પુસ્તક–૧૮૭, અંકઃ૫૩, માઘ વદ–૯,વિક્રમ સવંત ૨૦૬૪ મુંબઈ.

પ્રથમ પાના પર મુખ્ય ટાઈટલ છે. 'ફસલ વોટની, બિયારણ બજેટનું' પાના નં.૨ પર બજેટ–૨૦૦૮ને લગતા નાના મોટા સમાચાર છે. નીચે નવા ગુજરાતી નાટકોની જાહેરાત છે. આમ પણ 'મુંબઈ સમાચાર'માં ગુજરાતી નાટકોની જાહેરાત સૌથી વધારે હોય છે. પાના નં.૩ પર ચૂંટણી અને ૪ પર વિવિધ રાજકીય નેતાઓના મંતવ્યો અને મુદ્દાઓ છે. પાના નં. ૫ ના ગતિશીલ ગુજરાતમાં સૌરાષ્ટ્ર ગુજરાતને બજેટની અસર તથા કચ્છના સમાચાર છે. પાના નં. ૬ પર વેપાર વાણિજય અને શેર બજારના સમાચાર છે. પાના નં.૭ પર કોમોડિટી અને ૮ પર બજેટના વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં ખલીલ ધન તેજવીનો લેખ છે. નીચે ચંદુલાલ સેલારકાની કટાર 'કલરવ અને કોલાહલ' છે. પાના નં. ૯ પર દેશ વિદેશની ખબરો અને સમાચાર સંક્ષેપ છે. નીચે જાહેર નોટીસને સ્થાન છે. પાના નં. ૧૦ માં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મરણનોંધ અને ૧૧માં કલાસિફાઈડ જાહેર ખબરોને સ્થાન છે. પાના નં. ૧૫–૧૬માં સિટી ન્યુઝ અને સ્થાનિક સમાચાર તથા જાહેર ખબરો છે.

તા. ૨ માર્ચના રોજ અખબારનું પ્રથમ પાનાનું હેડિંગ છે. 'સોનાની વિક્રમી સપાટી' રવિવાર હોવાથી તંત્રીલેખને સ્થાન નથી.

તા. ૩ માર્ચના રોજ ટાઈટલ છે. 'ભારતનો ક્રિકેટ અશ્વમેઘ'. પાના નં.૨ પર સિટિ ન્યુઝ અને વાચકની અદાલત છે. પાના નં.૮ પર સિડનીમાં માસ્ટર બ્લાસ્ટર સચિનના મલેશિયામાં માસ્ટર સ્ટ્રોક પર તંત્રીલેખ છે. બાજુમાં નગીનદાસ સંઘવીની શબ્દવેધ કોલમ છે. નીચે અવંતિકા ગુણવંતની કટાર છે. નીચે ખુણામાં રણકાર છે અને તેની નીચે પ્રજામત છે. પાના નં.૯માં રમત ગમતનું જગત અને પાના નં.૧૦માં ગતિશીલ ગુજરાત અને પાના નં.૧૧માં દેશવિદેશના સમાચાર તથા ૧૨માં સિટી ન્યુઝ છે.

તા. ૪ માર્ચના રોજ પ્રથમ પાને ટાઈટલ છે 'સોનું આસમાને, સેન્સેકસ પાતાળમાં' પાના નં. ૮માં રૂા. બેના કિલો ઘઉં જોઈતા હોય તો..... ' એવા ટાઈટલ સાથે તંત્રીલેખ છે. બાજુમાં કુલદીપ નાયરની કટાર 'ભીતરના વહેણમાં' અને 'વિમર્શમાં હેમરાજ શાહની કટાર છે.

તા. ૫ના રોજ પહેલા પાના પર લે આઉટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પાના નં.૮માં વર્તમાન આવક ધોરણ પર તંત્રીલેખ છે. બાજુમાં સોનલ શુકલની કોલમ છે. નીચે અતિથિ કટારમાં અંગકોરવારના મંદિરની ભવ્યતા અને સ્થાપત્ય પર માહિતી સભર લેખ છે. તા.૬ના રોજ રોકેટની ગતિથી વધી રહેલા ભાવો પર ચોટદાર તંત્રીલેખ છે. બાજુમાં 'ધૂપછાંવ' કટારમાં ડૉ. કાન્તિ રામીનો માહિતી સભર લેખ છે. નીચે અનવર વલિયાણીની કટાર છે.

તા. ૭ના રોજ માર્ગ અકસ્માતને રોકવા પર પ્રજાને જાગૃત કરવા માટેનો તંત્રીલેખ છે. બાજુમાં 'દિન દુનિયા' કટારમાં મુઝફ્ફર હુસૈનનો લેખ છે. નીચે 'વ્હોરા વર્તમાન'માં વ્હોરા મિત્રનો માહિતી સભર લેખ છે. નીચે પ્રજામત છે. તા. ૮ના રોજ 'મંદી સમૃધ્ધને જ અસર કરે છે' એ વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં ખલીલ ધનતેજવીનો લેખ અને નીચે ચંદુલાલ સેલારકાની ચોટદાર કટાર છે. તા.૯ના રોજ પ્રથમ પાના પર ૮૦ ટકા જગ્યામાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જાહેર ખબર જ છે. તા. ૧૦ના રોજ રાજય સરકારની હાલત પર તંત્રીલેખ છે. બાજુમાં શબ્દવેધ કોલમમાં નગીનદાસ સંઘવી કલમ ચલાવે છે. તા.૧૧નો તંત્રીલેખ અણુકરાર પર છે. બાજુમાં કુલદિપ નાયરે પાકિસ્તાન અને કાશ્મીર મુદ્દા પર લેખ લખ્યો છે. નીચે 'વિમર્શ' કોલમમાં હેમરાજ શાહનો લેખ છે. તા. ૧૨નો તંત્રીલેખ લોકજાગૃતિ પર છે. બાજુમાં સોનલ શુકલનો લેખ અને અતિથિ કટાર છે.

તા. ૧૩ના રોજ શૈક્ષણિક ક્રાંતિ લાવવા પર તંત્રીલેખ દ્વારા લોકજાગૃતિનું કાર્ય કર્યું છે.બાજુમાં ધૂપછાંવ કોલમમાં ડો. કાન્તિ રામી શિક્ષણ પર લેખ લખે છે. નીચે અનવર વલિયાણીની કટાર છે. તા. ૧૪ના રોજ સિંચાઈને અગ્રતાક્રમ આપવા બાબત તંત્રીલેખ છે. બાજુમાં 'દિન દુનિયા' કોલમમાં મુઝફફર હુસૈનનો લેખ છે. નીચે વ્હોરા વર્તમાનમાં વ્હોરા મિત્ર કલમ ચલાવે છે. નીચે પ્રજામત છે. તા. ૧૫ના રોજ મોંઘવારી અને આમ આદમીની મહામારી પર તંત્રીલેખ છે. જેના દ્વારા સરકારને તેની ત્રુટીઓ બતાવવામાં આવી છે. બાજુમાં ખલીલ ધનતેજવીનો લેખ છે. નીચે 'કલરવ અને કોલાહલ'માં ચંદુલાલ સેલારકાની કટાર છે. તા.૧૭ના રોજ વર્તમાન રાજકારણ પર તંત્રીલેખ છે. જેમાં રાજકારણીઓની નીતિ છતી કરવામાં આવી છે. બાજુમાં શબ્દવેધ કોલમમાં નગીનદાસ સંઘવીની શ્રધ્ધા,અંધશ્રધ્ધા વિષય પર લેખ લખે છે  તા. ૧૮મીએ સંયુકત રાષ્ટ્રસંઘ પર તંત્રી લેખ અને બાજુમાં કુલદિપ નાયરની કોલમ 'ભીતરના વહેણમાં' છે. નીચે વિમર્શ કોલમમાં હેમરાજ શાહ લેખ લખે છે. તા.૧૯મી માર્ચના રોજ એરપોર્ટના વિકેન્દ્રીકરણ પર તંત્રીલેખ છે. બાજુમાં સોનલ શુકલનો લેખ અને નીચે અતિથિ કટાર છે. તા. ૨૦મીએ ઈતિહાસના વિષય પર તંત્રીલેખ છે. જેમાં વર્તમાન સરકારને ઈતિહાસમાંથી શીખ લેવાની સલાહ આપવામાં આવી છે. બાજુમાં 'ધૂપછાંવ' કોલમમાં ડૉ. કાન્તિ રામીની કટાર છે અને નીચે મુખ્બિરે ઈસલામ કોલમ છે. તા.૨૧મીએ સોના ચાંદીના ભાવમાં વધઘટ વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં 'દિનદુનિયા' કોલમમાં મુઝફફર હુસૈન પાકિસ્તાન પર લેખ લખે છે. નીચે 'વ્હોરા વર્તમાન'માં વ્હોરા મિત્રના વિચાર જાણવા મળે છે.

તા. ૨૪ માર્ચના રોજ 'સેકયુલારિસ્ટ અને લજ્જાપૂર્ણ શરમ' એવા ટાઈટલ સાથે તંત્રીલેખ રજૂ થયો છે. બાજુમાં 'શબ્દ વેધ' કોલમમાં નગીનદાસ સંઘવી ધર્મ પર લેખ દ્વારા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ચર્ચા કરે છે. નીચે 'આંગણાની તુલસી'માં અવંતિકા ગુણવંતનો લેખ છે. તા. ૨૫મીએ કેરળમાં રાજકીય હિંસાના વધતા જતા બનાવો પર તંત્રી લેખ છે. બાજુમાં 'ભીતરના વહેણમાં' કોલમમાં કુલદિપ નાયર વૈચારિક લેખ લખે છે. નીચે 'વિમર્શ' કોલમમાં હેમરાજ શાહ ભ્રષ્ટાચાર વિરુધ્ધ કલમની તલવાર વિંઝે છે. સૌથી નીચે પ્રજામત છે.

તા. ૨૬ માર્ચના રોજ પાના નં.૮ પર 'વનવિભાગની જમીન અને રહેણાક' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં સોનલ શુકલનો લેખ છે. નીચે અતિથિ કટાર છે. તા.૨૭મી ગુરુવારે સરકાર દ્વારા થતી સામાન્ય પ્રજાની લૂંટના વિષય પર ચોટદાર તંત્રીલેખ છે. બાજુમાં 'ધુપછાંવ'માં ડૉ. કાન્તિ રામી અદમ્ય ધન લાલસાના વિષય પર લેખ લખે છે. નીચે અનવર વલિયાણી સામાજિક કાર્યકરોને લેખ દ્વારા ટકોર કરે છે. તા. ૨૮ માર્ચે 'સમગ્ર વિશ્વ સમક્ષ આર્થિક પડકાર' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં મુઝફફર હુસૈનનો લેખ અને નીચે વ્હોરા મિત્રનો લેખ છે. તા. ૨૪ માર્ચના રોજ 'પક્ષીય વિચાર ધારા અને ચૂંટણી' એવા ટાઈટલ સાથે તંત્રીલેખ રજૂ થયો છે. બાજુમાં અનુસંધાન કોલમમાં ખલીલ ધનતેજવી લેખ લખે છે. નીચે ચંદુલાલ સેલારકાની કલરવ અને કોલાહલ કોલમ રજૂ થઈ છે.

તા. ૩૧ માર્ચના રોજ 'વૈશ્વિક પ્રભાવ બની રહેલા ભારતની તાકાતમાં વધારો થવા બાબત ઉત્સાહ પ્રેરક તંત્રીલેખ છે. બાજુમાં 'શબ્દવેધ' કોલમમાં નગીનદાસ સંઘવીની કટાર છે. નીચે 'આંગણાની તુલસી'માં આવંતિકા ગુણવંત લેખ લખે છે. સૌથી નીચે પ્રજામત છે.

આ તો થઈ અખબારના મહત્ત્વના તંત્રીલેખવાળા પાનાની વાત. તેના પરથી એટલો ખ્યાલ આવી શકે કે કેટકેટલા વિવિધતા સભર વિષયોને તેમાં સમાવેશ થયો છે. વળી તેજ પાના પર મોટા લેખકો દ્વારા તાજા વિષયો પર મત મંતવ્યો રજૂ કરવામાં આવે છે. અહીં તો ભૂતકાળના ઓથે ભવિષ્યનો કયાસ કાઢવાનો એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો છે. મુંબઈ સમાચાર માટે ગર્વ લેવા જેવી બીજી એક વાત એ પણ છે કે આજ સુધી એટલે કે ૧૮૭ વર્ષ દરમિયાન એક પણ વખત તેના પર બદનક્ષીનો દાવો કે કોર્ટ દ્વારા કોઈ ફરમાન જાહેર થયું નથી. તેની શુધ્ધ નીતિ અને ચોકકસાઈનો આ સૌથી મોટો પુરાવો છે.

વર્તમાન સમયમાં પણ રવિવારની વરાઈટી પૂર્તિમાં નિયમિત 'પારસી તારી આરસી' કોલમ અંગ્રેજીમાં જ છપાય છે. અહીં બ્રિજેશ દેસાઈ મહાન પારસીઓ અને તેના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

યોગદાનને બિરદાવે છે. મુંબઈ સમાચાર નાના ભૂલકાંઓને વધામણા આપવાનું પણ નથી ચૂકતુ. મુંબઈ સમાચારની વી ટીમ તો યુવાનોમાં પ્રિય થઈ ચૂકી છે. રવિવારની પૂર્તિના છેલ્લા પાને પ્રખ્યાત અંગ્રેજી કાર્ટુનનો ગુજરાતી અનુવાદ કરી બાળકોને ઈતર વાંચન પૂરું પાડવામાં આવે છે. આવો પ્રયોગ ફકત મુંબઈ સમાચારમાં જ જોવા મળે છે.

દરેક પૂર્તિ અને અખબારોના રંગો, લેઆઉટ,પાનાની ગોઠવણી,હેડિંગ,સમાચારોને યોગ્ય સ્થાન, જાહેર ખબર બધુ જ એટલું વ્યવસ્થિત હોય કે કોઈપણ ગુજરાતી પોતે ગુજરાતી અખબાર વાંચતા હોવાનો ગર્વ કરે. વર્તમાનપત્રની ગળાકાપ હરીફાઈમાં પણ સારા સારા અંગ્રેજી અખબારોને હંફાવનાર આ પ્રથમ ગુજરાતી અખબાર દિવસેને દિવસે વધુ યુવાન બનતું જાય છે. તેની વિતરણ વ્યવસ્થા પણ અફલાતૂન છે. કાર,ટ્રેન, પ્લેન દ્વારા તે દૂર દૂર તેના વાચકો સુધી પહોંચે છે. મુંબઈ સમાચારના ભલા માલિકોએ કોઈ કર્મચારીને પગાર કાપવાની બીક બતાવી ધમકાવ્યા નથી. પટ્ટાવાળાથી માંડીને તંત્રી સુધી દરેક માનભેર તેનું કાર્ય કરે છે. ફરદુનજી જેવું સમાનતા અને માનભર્યું વાતાવરણ ઊભુ કરી ગયા હતા તેવું જ ૧૮૭ વર્ષે પણ જળવાઈ રહ્યું છે.

આજે વર્તમાનપત્રોનું સ્વરૂપ બદલાઈ ગયું છે. વર્તમાનપત્રો ઊંડી સૂઝથી જીવનના નિકટતમ સ્પર્શ વર્તુળમાં આવી ગયા છે. સાહિત્યનું સ્વરૂપ પણ બદલાઈ ગયું રહ્યું છે. કલ્પના કે ભભકાના વાઘા ઉતારી એ પણ જીવનને સ્પર્શતું બન્યું છે. વર્તમાનપત્રો આપણા રોજિંદા માનસિક જીવનને ઘડે છે. લોકજીવન અંગેની આપણી ચેતનાને ભભૂકતી રાખે છે. માટે જ હાલના વર્તમાનપત્રોનું પ્રભુત્વ વિશેષ છે. તજજ્ઞોની જટિલ ભાષામાં જકડાયેલું જ્ઞાન અહીં સરળ ભાષામાં લોકો સુધી પહોંચાડવાનું કાર્ય વર્તમાનપત્રો જ કરે છે. આવા ભગીરથ કાર્ય બદલ તેને બિરદાવવા જોઈએ.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ–૪

## પાદટીપ

૧ લે. ઝવેરી રસિક ,'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ' , પૃષ્ઠ નં. ૩

૨ એજન, પૃષ્ઠ નં. ૫

૩ એજન, પૃષ્ઠ નં. ૮

૪ એજન,પૃષ્ઠ નં. ૧૦

૫ એજન, પૃષ્ઠ નં. ૭

૬ એજન, પૃષ્ઠ નં. ૧૨

૭ લે. ઝવેરી રસિક,'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ', પૃષ્ઠ નં.૨૧

૮ લે. મહેતા દીપક,પરિચય પુસ્તિકા 'પ્રથમ અખબાર', પૃષ્ઠ નં. ૨૨

૯ લે. ઝવેરી રસિક ,'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ' પૃષ્ઠ નં.૨૯

૧૦ લે. મહેતા દિપક,પરિચય પુસ્તિકા 'પ્રથમ અખબાર', પૃષ્ઠ નં. ૨૬

૧૧ લે. ઝવેરી રસિક,'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ', પૃષ્ઠ નં.૩૧

૧૨ એજન, પૃષ્ઠ નં.૩૭

૧૩ એજન, પૃષ્ઠ નં.૪૦

૧૪ એજન, પૃષ્ઠ નં.૪૪

૧૫ એજન, પૃષ્ઠ નં.૪૮

૧૬ એજન, પૃષ્ઠ નં.૫૧

૧૭ એજન, પૃષ્ઠ નં.૫૬

૧૮ એજન, પૃષ્ઠ નં.૬૬

૧૯ એજન, પૃષ્ઠ નં.૭૭

૨૦ એજન, આમુખ

**લેખ :**

૨૧ લેખક : દારૂવાલા દારૂવાલા, 'મુંબઈ સમાચાર ૧૭૫ વર્ષની ખાસપૂર્તિ '
પૃષ્ઠ નં.૨૨



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૨૨ લેખક : મહેતા દીપક,પરિચય પુસ્તિકા–'પ્રથમ અખબાર', પૃષ્ઠ નં. ૧૯

૨૩ લેખક : ઝવેરી રસિક , 'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ'પૃષ્ઠ નં.૪૮

૨૪ એજન, પૃષ્ઠ નં.૫૦

૨૫ એજન, પૃષ્ઠ નં.૫૧

૨૬ એજન, પૃષ્ઠ નં.૫૨

૨૭ એજન,પૃષ્ઠ નં.૫૩

૨૮ એજન, પૃષ્ઠ નં.૫૫

૨૯ લેખક : મહેતા દીપક,પરિચય પુસ્તિકા–'પ્રથમ અખબાર', પૃષ્ઠ નં. ૩૯

૩૦ લેખક : ઝવેરી રસિક,'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ' પૃષ્ઠ નં.૬૭

૩૧ લેખક : મહેતા દીપક, પરિચય પુસ્તિકા–'પ્રથમ અખબાર', પૃષ્ઠ નં. ૪૧

૩૨ સંપાદક– ડો. દેસાઈ કુમારપાળ,'સાહિત્ય અને પત્રકારત્વ', પૃષ્ઠ નં. ૧૫૨

૩૩ મુંબઈ સમાચાર – ૧૭ મું વર્ષ વિશેષ પૂર્તિ, લેખક : જહોન દારૂવાલા, પૃષ્ઠ નં.૨૨

૩૪ 'પ્રથમ અખબાર',પરિચય પુસ્તિકા,લેખક મહેતા દીપક, પૃષ્ઠ નં. ૧૯

૩૫ લે. ઝવેરી રસિક,'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ', પૃષ્ઠ નં.૪૫

૩૬ એજન,પૃષ્ઠ નં.૪૮

૩૭ એજન,પૃષ્ઠ નં.૪૯

૩૮ એજન,પૃષ્ઠ નં.૪૯

૩૯ એજન,પૃષ્ઠ નં.૪૯

૪૦ એજન,પૃષ્ઠ નં.૫૦

૪૧ એજન,પૃષ્ઠ નં.૫૧

૪૨ એજન,પૃષ્ઠ નં.૫૨

૪૩ એજન,પૃષ્ઠ નં.૫૩

૪૪ એજન,પૃષ્ઠ નં.૫૩

૪૫ એજન,પૃષ્ઠ નં.૫૪

૪૬ એજન,પૃષ્ઠ નં.૫૪

૪૭ એજન,પૃષ્ઠ નં.૫૫

૪૮ એજન,પૃષ્ઠ નં.૫૬

૪૯ પરિચય પુસ્તિકા, 'પ્રથમ અખબાર', લેખક મહેતા દીપક,પૃષ્ઠ નં. ૩૯



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૫૦ 'મુંબઈ સમાચાર દોઢસો વર્ષની તવારીખ',લેખક : ઝવેરી રસિક, પૃષ્ઠ નં.૬૧
૫૧ એજન,પૃષ્ઠ નં.૬૨
૫૨ એજન,પૃષ્ઠ નં.૬૩
૫૩ પરિચય પુસ્તિકા, 'પ્રથમ અખબાર', લેખક મહેતા દીપક,પૃષ્ઠ નં. ૪૧
૫૪ 'સાહિત્ય અને પત્રકારત્વ', સંપાદક– ડો. દેસાઈ કુમારપાળ, પૃષ્ઠ નં. ૧૫૨
૫૫ 'મુંબઈ સમાચાર' ૧૭૫ વર્ષ વિશેષ પૂર્તિ, પૃષ્ઠ નં. ૧૮
૫૬ એજન,પૃષ્ઠ નં.૧૮
૫૭ એજન,પૃષ્ઠ નં.૧૮
૫૮ એજન,પૃષ્ઠ નં.૧૮
૫૯ એજન,પૃષ્ઠ નં.૨૨
૬૦ મુંબઈ સમાચાર વસંત અંક –૨૦૦૮, તંત્રી પિન્કી દલાલ
૬૧ 'સાહિત્ય અને પત્રકારત્વ', સંપાદક ડો. દેસાઈ કુમારપાળ ,પૃષ્ઠ નં. ૧૪૭



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૫

# જન્મભૂમિ

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૫

# જન્મભૂમિ

## (૧) અમૃતલાલ શેઠ :

કોઈ વિરાટ પ્રતિભાને શબ્દોથી મૂલવવાનું કામ હંમેશા અઘરું હોય છે અને અમૃતલાલ શેઠ આ વિરાટની પંક્તિમાં અગ્રેસર સ્થાન ધરાવે છે.

૧૫મી જુલાઈના રોજ ડૉ. કાન્તિ ભટ્ટને 'ચેતનાની પ્રભાતે' પુસ્તક લખવા માટે પ્રતિષ્ઠિત ગણાતો મનુભાઈ મહેતા એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેઓએ ૪૦ વર્ષના પત્રકારત્વમાં ૩૧ વર્ષ ફ્રીલાન્સ પત્રકાર તરીકે ગાળ્યા છે. આ સંદર્ભમાં જન્મભૂમિના એક લખેલા લેખમાં તેમણે જણાવ્યું હતું કે,''મને પત્રકાર બનાવનાર મારી માતૃસંસ્થા જન્મભૂમિના ગુણગાન ગાઈશ. ૪૦ વર્ષ પહેલાં 'જન્મભૂમિ'નું એટલું માન હતું કે તેનો પટાવાળો જમીનથી બે વેંત ઊંચો ચાલતો. 'જન્મભૂમિ'ના તંત્રી હોવું એટલે ગવર્નર કરતાંય મોટી અદશ્ય સત્તાના અધિષ્ઠતા હોવું બરાબર હતું. આજકાલ તો નવું અખબાર કરોડો રૂપિયા બલકે અબજો રૂપિયાના ખર્ચે શરૂ થાય છે. 'જન્મભૂમિ'ના જનક અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર' નામનું અખબાર માત્ર રૂા.૨૧,૦૦૦ અને મિત્રોની મદદથી શરૂ કર્યું.''[૧]

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,'' જન્મભૂમિ જૂથ પત્રકારો માટેની કોલેજ બની ગયું તેમાં 'વ્યાપાર' તો તેના સ્થાપક તંત્રી હરજી ઝવેરી નીચે એક કોમર્શિયલ જર્નાલિઝમની યુનિવર્સિટી બની ગયું. ભારતમાં આર્થિક પત્રકારિત્વની શરૂઆત જન્મભૂમિ જૂથે કરી. તેમાં તાલીમ લીધેલા આર્થિક પત્રકારો પછી ઈકોનોમિકસ ટાઈમ્સ અને ફાયનેન્સિયલ એક્ષપ્રેસને મફતમાં મળી ગયા. આજે તમે મુંબઈ કે અમદાવાદ કે રાજકોટના અખબારો તરફ નજર નાખો તો જન્મભૂમિ કે વ્યાપારની ગળથૂથી પીધેલા પત્રકારો ઠેરઠેર દેખાશે. નગેન્દ્ર વિજય રૂા. ૧૨૮ના બેઝિક પગારથી 'જન્મભૂમિ જુથ'ના પ્રકાશનના ઉપતંત્રી હતા.''[૨]

લેખના ઉપરોક્ત વાકયો વાંચીને ખ્યાલ આવે કે,'' 'જન્મભૂમિ' ગ્રુપની શાખ કેટલી વિકસિત હશે. કેવા પ્રખર જ્ઞાનીને નિડર હશે તેના સ્થાપક જેમણે માત્ર રજવાડાંના દીવાનોની કનડગતને કારણે મુંબઈમાં આવીને 'જન્મભૂમિ'નો પાયો નાખ્યો. ઓછી મૂડી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને ઓછા સાથીદારો હોવા છતાં પોતે આરંભેલું કાર્ય સફળ થશે જ એવા નિર્ણય અને આત્મવિશ્વાસ સાથે અખબારના શ્રીગણેશ કરનાર શ્રી અમૃતલાલ શેઠને થોડા નજદીકથી જાણીએ.

### જન્મ,બાળપણ અને શિક્ષણ:

અમૃતલાલ દલપતભાઈ શેઠનો જન્મ ૨૫મી ઓગષ્ટ, ૧૮૯૧માં લીંબડી ગામમાં થયો હતો. તેમના પિતા દલપતભાઈ શેઠ એક સાધારણ શિક્ષક હતા. એ જમાનામાં શિક્ષકનો પગાર ખૂબ ટૂંકો હતો. આથી અમૃતલાલ મેટ્રિકથી આગળ ન ભણી શકયા.બાળપણથી જ મહત્ત્વાકાંક્ષી એવા અમૃતલાલે આર્થિક ભીંસને કારણે પિતાના પગલે આવી શિક્ષકની નોકરી સ્વીકારી લીધી. પણ ઈચ્છા હોય તો ધાર્યું પણ થઈ શકે તે પ્રમાણે શિક્ષકની નોકરી કરતાં કરતાં સૌરાષ્ટ્રના પ્રખર બેરિસ્ટર શ્રી પોપટલાલ ચુડગરના માર્ગદર્શન હેઠળ ઘરે રહીને વકીલાતનો અભ્યાસ કર્યો. તેની પરીક્ષામાં 'ફર્સ્ટ કલાસ ફર્સ્ટ' પાસ થઈને હાઈકોર્ટની પ્લીડરની પદવી મેળવી. સુરેન્દ્રનગરમાં વકીલાત શરૂ કરી. આવડત અને આત્મવિશ્વાસના જોરે પ્રખર નામાંકિત વકીલોમાં પોતાનું નામ ઝળકાવ્યું. પણ કાળો કોટ પહેરીને કાળા ધંધામાં તેઓને અકળામણ થવા લાગી. તેમનો સત્યપ્રિય આત્મા અકળાઈ ઉઠયો ને ધીકતી કમાણી છોડી ૧૯૧૮માં એમણે રાજયનું ન્યાયધીશપણું સ્વીકાર્યું.

તેમનું બુધ્ધિ કૌશલ્ય અને નિખાલસતા ઊડીને આંખે વળગે તેવા હતા. તેઓના આ ગુણોને કારણે તે એ વખતના ઠાકોર સાહેબના પ્રિયપાત્ર બની શકેલા અને બહુ થોડા સમયમાં એમના રહસ્યમંત્રી બનેલા. એ ઉચ્ચ પદ અને સત્તાનો ઉપયોગ તેમણે રાજયના ગરીબ લોકોને અન્ન પાણી વગેરે પહોંચાડવાનો પ્રબંધ રાજય દ્વારા જ ઠરાવીને કર્યો. પ્રજાને ન્યાયાલયમાંથી સાચો ન્યાય મળે તેની તેઓ હંમેશા કાળજી રાખતા. કેદીઓનો અંતરાત્મા જાગૃત રહે અને તેઓ સ્વાવલંબી જીવન ગાળે તે હેતુથી ખાદી વણાટ કામ શીખવી ઉદ્યમી બનાવ્યા. એ જમાનામાં એમને રાજસી ઠાઠ મળ્યો પણ દેશપ્રેમથી ઉભરાતા આત્માને એ રાજસી વાતાવરણમાં કેમ ચેન પડે ? એમને કંઈક અસાધારણ કરવું હતું. કંઈક બનવું હતું. દેશની ભકિત કાજે અને પોતાના પ્રિય દેશવાસીઓના દર્દ મિટાવવા માટે એમને પોતાનું જીવન ન્યોછાવર કરવાની તમન્ના હતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેઓ સ્વતંત્ર વિચારના હતા. પણ પોતાની સંસ્કૃતિ અને પરંપરાના ઉપાસક હતા. તેઓ એમનું નામ લખવામાં સહી કરવામાં એમના પિતાનું નામ લખવાનો આગ્રહ સેવતા. સામાન્ય પત્રિકા હોય, ગંભીર લેખ હોય કે કાયદા–કાનૂની કાગળ પર સહી કરવાની હોય તો પણ તે અમૃતલાલ દલપતભાઈ શેઠ એમ પૂરું નામ જ લખતા. એવું નહોતું કે એમના પિતા કોઈ પ્રતાપી પુરુષ હતા કે કોઈ ખાસ શકિત ધરાવતા હતા. તેઓ તો મધ્યમ કદના ઓછું બોલનારા અને સ્વભાવે શાંત હતા તેથી તેમના જીવન પર તેમના પિતાની કોઈ અસર વર્તાતી નહોતી. છતાં પિતા એમના માટે પૂજય આદરણીય હતા.

અમૃતલાલના જીવન પર તેમના માતુશ્રી ઝબકબેનની ઊંડી છાપ હતી. તેઓ શરીરે દૂબળાં અને પ્રભાવશાળી વ્યકિતત્વ ધરાવતા હતા. એક હાક મારેતો ભલભલા ઊભા રહી જાય. એમના સ્વભાવની અને ઉગ્રતાની વાતો તેઓ પોતાના બાળકોને પ્રેમપૂર્વક મમળાવતા.

તેમની પુત્રી લાભુબહેન મહેતાએ 'મારા જીકાકા મારું રાણપુર' પુસ્તકમાં નોંધ્યું છે કે, ''માને તેઓ મનોમન યાદ કરતા ત્યારે એટલા રાજી થતા કે માનો પ્રેમ એ વખતે પણ તેઓ અનુભવી શકતા.તેઓ કહેતા કે,''બા કેવા હતાં ખબર છે? મેટ્રિકની પરીક્ષા વખતે હું માંદો પડેલો ને પરીક્ષામાં હું બેસી નહીં શકેલો તેથી મને મેટ્રિકનું ફોર્મ નહોતું મળ્યું. મેં ઘરે આવીને વાત કરી એટલે બા તો નીકળી પડયાં મેદાને. શાળાના હેડમાસ્તરના બા મારા બાના બહેનપણી. ત્યાં જઈને બાએ તો બહેનપણીને એવી ધધડાવી એવી ધધડાવી કે તારા દીકરાની આવી હિંમત કે મારા દિકરાને ફારમ ન આપે? ને બંને બહેનપણી ગઈ શાળાએ. ત્યાં જઈને નાના બાળકને કાન પકડીને ધમકાવે તેમ હેડમાસ્તરને ઉધડા લીધા કેમ અલ્યા ઝબકના અમૃતલાલને ફારમ કેમ નથી દેતો. દઈ દે ફારમ, અબ ઘડી આપી દે અને હેડમાસ્તરે ચૂં કે ચા કર્યા વિના મને ફોર્મ આપી દીધું. એ વખતનો બાનો પ્રકોપમંડિત ચહેરો હજીયે મારી નજર સમક્ષ તરે છે.''[૩]

કોઈનો થોડો પણ ઉપકાર અમૃતલાલ વિસરતા નહીં એકવાર જેની પાસે ભણ્યા હોય કે અભ્યાસ અથવા જીવનદિશા વિશે માટે માર્ગદર્શન મેળવ્યું હોય તેનું ૠણ કદીય ભૂલતા નહીં. અમૃતલાલના શાળાજીવનમાં શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ એમના સાથી હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વધુમાં પત્રકારત્વનો એકડો પણ એમની પાસેથી શીખ્યા હતા.તો એ ઋણ તેઓ કદીય વિસર્યા નહીં. ચુનીભાઈ જયારે મુંબઈમાં ભરાયેલી સાહિત્ય પરિષદમાં પત્રકાર વિભાગના પ્રમુખ થયા ત્યારે તેઓએ એમનું સન્માન પણ કર્યું. એવી જ રીતે બૅરિસ્ટર શ્રી પોપટલાલ ચુડગર પાસે અમૃતલાલે કાયદાનો અભ્યાસ કર્યો હતો. એનું ઋણ તો જીંદગીભર યાદ રાખ્યું. શ્રી ચુડગર અમૃતલાલના કુટુંબના વડીલ હોય એવો એમનો સંબંધ માન અને આમન્યા જાળવી શ્રી ચુડગર ઉગ્ર સ્વભાવના હતા એટલે કેટલીય વાર એમની અણગમતી બાબતમાં અમૃતલાલને નાના બાળકની જેમ ધધડાવી નાખતા. ગુરુ મોટી મોટી ત્રાડો પાડી એમના પર ક્રોધ વરસાવતા ત્યારે શેઠ મૂંગા મોએ શિષ્યભાવે એ સાંભળી લેતા. વડીલોને માન આપવાનું, કોઈ નાની વ્યકિતનો નજીવો એવો પણ ઉપકાર જિંદગીપર્યંત નહીં ભૂલવાનું જાણે અમૃતલાલના લોહીમાં વણાયું હતું.

### જીવન ઘડતર :

જેમ જેમ માણસ પ્રગતિના પંથે ચાલવા લાગે તેમ તેમ તેના જીવનનું ઘડતર આપો આપ થવા લાગે. દેશની ભકિત કાજે અને દેશવાસીઓના દુઃખ દર્દ મિટાવવા માટે તેમને પોતાનું જીવન ન્યોછાવર કરવાની ઈચ્છા હતી. આથી અમૃતલાલે રાજકોટમાં એક મોટું વિદ્યાલય સ્થાપવાનો વિચાર કર્યો. એના અનુસંધાનમાં ભાવનગરનાં દક્ષિણામૂર્તિના સ્થાપક શ્રી નાનાભાઈ ભટ્ટને મળીને કંઈક યોજના પણ ઘડી કાઢી. પરંતુ તેમનો ઊર્મિશીલ સ્વભાવ સાહસ વૃત્તિથી ભરપુર હતો. આથી વર્તમાનપત્ર તરફ મન વળ્યું.

લોકોની દરિદ્રતાનાં દુઃખ દર્દો, દેશી રાજયની પ્રજા પર થતાં જુલમો ઓછાં કરવાની તીવ્ર લાગણી, સ્વતંત્ર ભારતના સ્વપ્નો,મહાત્મા ગાંધીની અહિંસા અને મુકિતની હાકલ આ બધાથી પ્રેરણા લઈને બહુ ઓછા લોકોને મળે તેવું માનભર્યું સત્તા સ્થાન થથા છૂટાહાથે અને મુકત મને થતી સેવાની તક, રાજય તથા રાજાનો પ્રેમ, બધુંય છોડી દીધું અને આખા દેશની સેવા માટે ફકીરી વહોરી લીધી. તેઓ મોટા સાથે મોટા બની જતા અને નાના સાથે નાના બની જતા, મીઠી વાણીમાં બાળકોને સૂચન અને શિખામણ પણ આપે. બાળકોને ઉદાર દિલ બનવાનું,હિંમતબાજ બનવાનું ને પીતરાઈ ભાંડરુ સાથે હળી મળીને રહેવાની સલાહ આપતા. તેઓ ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા. સામાજિક રૂઢિઓને તેઓ કદી સ્વીકારતા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નહીં. પોતાનું કુટુંબ તો ઠીક બીજાના કુટુંબમાં પણ સમાજના દૂષણો ન સ્વીકારવા પ્રેરણા આપતા. કુટુંબીજનો,મિત્રો અને વતનવાસીઓ માટે કંઈપણ કરી છૂટવા તેઓ કાયમ તત્પર રહેતા.

અમૃલાલ શેઠ અને મણિલાલ કોઠારી બંને એકજ વર્ગમાં ભણતા હતા. મોટા વર્ગના બે ભાગમાં એકમાં શેઠ અને બીજામાં કોઠારી ભણે. બંને તેજસ્વી વિદ્યાર્થી, એકમાં બોલીની મીઠાસ અને બીજામાં ભાષાનું તેજ હતું. બંનેએ હાઈકોર્ટની પરીક્ષા સાથે જ આપી. જેમાં શેઠ ફર્સ્ટકલાસ આવ્યા કોઠારી સેકન્ડ કલાસ. લીંબડીમાં ૪–૫ ધોરણ ભણીને અમૃતલાલ પછી ધરમપુર ગયા હતા. ત્યાં એમના પિતાશ્રી દલપતભાઈ શાળામાં શિક્ષક હતા. એમના પિતા નિવૃત્ત થયા ત્યારે  એમને પાંચ રૂપિયાનું પેન્શન મળતું હતું. એ જમાનામાં બહોળો પરિવાર ઓછી આવક કેમેય કરીને બે છેડા ભેગા ન થતા એ વખતની ગરીબાઈની વાત તેઓએ એમના એક મિત્રને કરેલી હતી જેનો શબ્દ ઉલ્લેખ લાભુબેને તેમના પુસ્તકમાં કર્યો છે.

"અમારી સ્થિતિ એવી હતી કે પૂરી થાળી ભરીને જમવાનું કયારેય ન મળતું. બા વલોણાની છાશ માગી આવે. (જે પાણી જેવી પાતળી હોય.) જેની સાથે અમે ખીચડી ખાતાં. કયારેક તો છાશ પણ ન મળે ત્યારે પાણીમાં ખીચડી ડોળીને પી જતા. ઘી,પૈસો કે પાઈનાં તો બાળપણમાં દર્શન નહીં કરેલાં. પગ હંમેશા ઉઘાડા જ રહેતા, બૂટ તો મેટ્રિકની પરીક્ષા દેવા ગયો ત્યારે પહેરેલાને તે પણ કોઈના માગેલા."[૪]

પોતે જે ગરીબી ભોગવી તે બીજાને ભોગવવી ન પડે તેવી જ હંમેશા ઈચ્છા સેવતા અને એ ઈચ્છા એમની જિંદગીની છેલ્લી પળ સુધી માર્ગદર્શક રહી. જિંદગીનો અધવચનો સમય આર્થિક મુશ્કેલીવાળો હતો. તો પણ કયાંય થોડા સમય માટે વસવાટ કરે તો યે આજુ બાજુની ગરીબ પ્રજાને અનાજ અને નાણાંની બનતી મદદ કર્યા વિના ન રહે. એમની આર્ષ દષ્ટિ ચારે બાજુ એવા માણસોને શોધ્યા કરે. એ સમયે લીંબડીમાં કોઈ હાઈસ્કૂલ નહોતી તેથી અમૃતલાલ વઢવાણની દાજીરાજ હાઈસ્કૂલમાં ભણવા ગયા. ત્યાં મેટ્રિક સુધી ભણીને મુંબઈ પરીક્ષા આપવા ગયા. એ વખતે શીવલાલ પાનાચંદ અને સ્વામી આનંદ એમના સાથીદારો હતા સ્વામી આનંદ અને શેઠ દેશદાઝથી સળગતા કિશોરો હતા. એટલે એ વખતે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વિદ્યાર્થીઓના નેતા જેવા હતા.

વંદેમાતરમ્ બોલાતું નહીં. કોઈપણ વ્યકિત દરબારના ડરથી કયાંય વંદેમાતરમ્નો ઉચ્ચાર પણ કરી શકતો નહીં. જો કોઈ વિદ્યાર્થી વર્ગમાં પાટિયા પર વંદેમાતરમ્ લખે તો માસ્તર આવીને ભૂંસી નાખતા. આવી પરિસ્થિતિમાં પણ શેઠ અને સ્વામી આનંદ નીડર બનવાનું કહેતા ને સૌને પાનો ચડાવતા. વંદેમાતરમ્ બોલવામાં કોઈથી ડરવાની જરૂર નથી. એવું કહી દેશ પ્રેમના પાઠ ભણાવતા. નીડરતા અને હંમેશા હિંમત બાળપણથી જ સહજરૂપે એમનામાં હતાં. લાભુબેન મહેતાએ પોતાના પુસ્તકમાં એમના જીકાકાનો એક પ્રસંગ ટાંકયો છે.

''બંગભંગ વખતે લાલ,બાલ અને પાલની છબીઓ લોકો પોતાની દેશભકિતની લાગણીને માન આપવા ઠેર ઠેર લટકાવતા અને એમના પ્રત્યે પ્રેમ આદર સેવતા. શેઠે પણ ઘરમાં એ ત્રણેયની છબીઓ લટકાવી હતી. એજન્સીનું કામ એ વખતે કડે ધડે હતું. દરેક રાજયને એ દબાવે, કોઈના રાજયમાં દેશપ્રેમની ચળવળ ચાલવા ન દે. એ રીતે અમૃતલાલના ઘરે પણ પોલીસ આવી. શેઠને ખબર પડી એટલે ધડાક કરતું બારણું ખોલી બહાર આવ્યા. બાંય ચઢાવી છાતી કાઢી એ કિશોર પોલીસ સામે ઊભો રહ્યો ને રોષ ભર્યા સ્વર પૂછયું, 'શું છે આ બધું? શા માટે આવ્યા છો?'

'આ છબીઓ ઉતારી નાંખો તમારાથી એ ઘરમાં નહિં ટાંગી શકાય.'

'લાવો વોરંટ વોરંટ વીના તમે ઘરમાં દાખલ નહિં થઈ શકો.''[૫]

એક કુમળા કિશોરે પોલીસ સામે ઊભા રહી છબી ઉતારવા ન દીધી. તેઓ ૧૯૧૮માં વકીલાત છોડી ન્યાયધીશ બન્યા. ૧૯૨૦માં કાઠિયાવાડ દુષ્કાળ રાહત સમિતિના પ્રમુખ બન્યા. છાશ અને પાણીની પરબો બેસાડી. અનાજ વહેંચવાનું કામ શરૂ કર્યું. આમ, માનવ સેવાની શરૂઆત કરી દીધીને ગુપ્ત નામે 'બોમ્બે ક્રોનિકલ'માં લેખો લખવાનું શરૂ કરી પત્રકારત્વના પણ શ્રી ગણેશ કર્યા.

અમૃતલાલ જયારે લીંબડીમાં ન્યાયધીશ હતા ત્યારે શકય એટલી લોકસેવા અને પત્રકારત્વ તરફ વળ્યા. પરંતુ દેશી રાજયની પ્રજાના દુઃખ માટે બેચેન રહેતા. લીંબડી ઠાકોર એમના કોઈપણ સેવા કાર્યમાં દખલ ન કરતા. છતાં પોતે નોકર છે, ગુલામ છે એવું ભાન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સતત રહેતું. એવામાં એક વખત સૌરાષ્ટ્રના અગ્રણી નેતા મનસુખલાલ રવજીભાઈ મહેતા લીંબડી આવ્યા. એમની સાથેની ચર્ચા સમયે શેઠે પોતાનું મંતવ્ય જણાવ્યું કે:'ગાંધીજી વિદેશી સત્તા સામે લડી રહ્યા છે. પણ દેશી રજવાડાની પ્રજાનું કોઈ ધણી ધોરી નથી. ત્યારે મનસુખભાઈએ કહ્યું કે, જેનું કોઈ નથી તેના તમે થાઓ."[૬] અને બસ શેઠને એમનું જીવન કાર્ય મળી ગયું. અહીંથી જ તેમને સૌરાષ્ટ્રની પ્રજા માટે 'સૌરાષ્ટ્ર' પ્રગટ કરવાનો વિચાર આવ્યો.

### વકીલાત છોડી :

લીંબડીમાં મુનસફ તરીકે અમૃતલાલ રહ્યા ત્યારે એમનો પગાર સો રૂપિયા હતો. કોર્ટમાં તેઓ બીજા નંબરનું સ્થાન ધરાવતા હતા. આથી એ જમાનામાં એટલો પગાર બરાબર ગણાય, પરંતુ શેઠનું એટલામાં પૂરું થતું નહીં. આથી એમણે થોડા સમય પછી દાદા સાહેબના હાથમાં પોતાનું રાજીનામું મૂકી દીધું. દાદાસાહેબનો શેઠ પર બહુ પ્રેમ હતો. એટલું જ નહીં પણ શેઠના મિજાજને સાચવી લેવા તેઓ સદા પ્રયત્નશીલ રહેતા. દેશી રાજયોમાંતો રાજા સાહેબ સામે નમતા ભજતા જ રહેવું પડે ત્યારે શેઠ તેમની સામે નીડરતાથી વર્તતા.

"શેઠનું રાજીનામું જોઈ દાદાસાહેબ તો વિચારમાં પડી ગયા. તેમણે બંનેના મિત્ર એવા એક વ્યકિતને અમૃતલાલને સમજાવવા કહ્યું. તેમને રૂા. ૫૦૦નો ચેક આપીને કહ્યું કે હું અમૃતલાલનો પગાર વધારું તો મારે એમની ઉપરનાનો પણ વિચાર કરવો પડે અને ત્રણેક મહિના પછી ૨૫–૩૦ રૂપિયાનો પગાર વધારો કરી આપ્યો. એ જમાનામાં પાંચ કે દશનો વધારો તો બહુ ગણાય ત્યાં દાદા સાહેબે શેઠને રાજી રાખવા માટે આવડી મોટી રકમ વધારી દીધી."[૭]

અમૃતલાલ લીંબડીમાં મેજિસ્ટ્રેટ હતા, રાજયના નોકર હતા.એમણે કયારેય રાજયની ગુલામી સ્વીકારી નહોતી. ઉલટાનું રાજય પાસે પોતાનું ધાર્યું કામ કરાવતા હતા. લીંબડીના યુવરાજ દાદાસાહેબ બુધ્ધિશાળી અને ભાવનાશીલ વ્યકિત હતા. શેઠને અને એમને રાજા નોકર જેવો નહી પણ મૈત્રીનો સંબંધ હતો. બંને ભાવનાવાળા,બુધ્ધિશાળી અને સિધ્ધાંતવાળા હોવાથી સારું બનતું. દાદા થોડા મનસ્વી ખરા પણ શેઠ પાસે એમનું કાંઈ ચાલે નહીં. એ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જમાનામાં ખાદીની ટોપી પહેરવી એ ગુનો ગણાતો. ત્યારે અમૃતલાલે ઠાકોરને સમજાવી જેલના કેદીઓ પાસે કાંતવા વણવાનું કામ શરૂ કરાવ્યું. ખાદી વણાવવી એ દેશ માટે જરૂરી છે તે દેશ સેવા છે. એમ સમજાવ્યું. શેઠનો પ્રભાવ ઠાકોર સાહેબ પર એવો  જબરો હતો કે તેમના આ સુધારાનો કોઈ ઈન્કાર કરી શકયું નહીં. રાજય મેજિસ્ટ્રેટથી સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લઈ શકાય નહિં, છતાં ગુલામીની આવી વાતોને શેઠ ગણકારતા નહીં.

આજનું સુરેન્દ્રનગર ત્યારે વઢવાણ કેમ્પ તરીકે ઓળખાતું. ત્યાં અમૃતલાલ શેઠ, ચુડગર,ગીજુભાઈ બધેકા,મણિલાલ કોઠારી વગેરે સાથે વકીતલાત કરતા. કોર્ટમાં એકબીજાની સામે દુશ્મનોની જેમ દલીલ કરતાને સાંજે ભોગાવાની રેતીમાં બેસી મિત્રો ગોષ્ઠિ કરતા. શેઠની વકીલાત સારી ચાલતી અને દિવસેને દિવસે તેમની ખ્યાતિમાં વધારો થતો ગયો. આર્થિક રીતે પણ ભવિષ્ય ખૂબજ ઊજળું હતું.

''એકવાર મૂળી ગામના ગરાસનો મોટો કેસ તેમને મળેલો. એ કેસની વિગતો સમજવા  તેઓ મુળી ગયા. ત્યાં દરબારે તેમની સારીએવી સરભરા કરી. રાત્રે શેઠ બાથરૂમ કરવા ઉઠયા ત્યારે બાજુના ઓરડામાં કેસને તરકટી બનાવવાની ધીમી ગુપસૂપ ચાલતી હતી. ખોટા ડોકયુમેન્ટ તૈયાર થાય છે તેવી ગંધ શેઠને આવી એટલે સવારે યજમાનને બોલાવી હકીકત પૂછી. દરબારો ગલ્લાં તલ્લાં કરવા લાગ્યા. વાત ઉડાવવા ઘણો પ્રયાસ કર્યો. પણ શેઠે શાંતિથી કહી દીધું કે,''આવી જૂઠી વાત પર મારાથી કેસ ન લડાય,તમે બીજો વકીલ શોધી લેજો.'' બસ વઢવાણ પાછા આવી વકીલાતના પોટલા બાંધી લીંબડી પાછા ચાલ્યા ગયા.વકીલ મિત્રોમાંથી કોઈએ હિંમતપૂર્વક પૂછયું તો જવાબ આપ્યો કે ''વકીલાત જૂઠાણા પર જ કરવાની હોય છે, મારાથી આવા જૂઠાણું ચલાવી નહીં લેવાય એટલે આજથી મારી વકીલાતના ધંધાને તિલાંજલી આપી.''[૮] આમ અમતૃલાલે સત્યનો સાથ દેવા માટે ઊજળા ભવિષ્યવાળું ક્ષેત્ર પળવારમાં છોડી દીધું. આવું ભવિષ્ય છોડવું અને હાથમાં આવેલી સોનેરી તકને પળવારમાં તરછોડી દેવી તે પણ હિંમત અને ખમીર માગી લે તેવું કામ છે.

## સૌરાષ્ટ્રનો ઉદ્‌ભવ અને વિશેષતાઃ

ઈ.સ. ૧૯૨૧ની સાલની વાત છે. સમગ્ર દેશમાં જ નહીં પણ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ મહાત્મા ગાંધીજીના નામનો ડંકો વાગી ગયો હતો. સૌરાષ્ટ્રભરમાં ચાલી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

રહેલી મહાત્માજીની પ્રવૃત્તિમાં ધ્રાંગધ્રા રાજયની રાજધાની ધ્રાંગધ્રાના જુવાન વર્ગે ખાદી પ્રવૃત્તિ શરૂ કરી હતી. રેંટિયો કાંતવાના વર્ગો શરૂ કર્યા હતા અને તિલક ફાળા માટે નાણાં એકઠા કરતા હતા. એ સમયના ધ્રાંગધ્રાના દીવાન માનસિંહજીની કરડી નજર એ પ્રવૃત્તિ પર પડી. ત્યાંની પોલીસે રેંટિયા તોડી નાખ્યા ઉપરાંત એ પ્રવૃત્તિ કરનારાઓ પર ત્રાસ ગુજાર્યો. તેની સ્થાનિક તપાસ કરવા અને પ્રવૃત્તિને યોગ્ય સહાય અને રાહબરી આપવા કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક ધ્રાંગધ્રા ખાતે બોલાવવામાં આવી. એ કાર્યવાહક સમિતિના અગ્રેસર સભ્ય અને કાઠિયાવાડના પ્રથમ પંકિતના બેરિસ્ટર શ્રી શુકલ સાહેબ કે જેઓ ધ્રાંગધ્રા રાજયના કાયદાના સલાહકાર હતા, તેઓ પોતે સાથે આવ્યા. તે સમિતિમાં અમૃલાલ શેઠ પણ હતા.

ધ્રાંગધ્રા રેલ્વે સ્ટેશન પર રાજય તરીફથી સૌ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. રાજયના સુશોભિત વાહનોમાં બેસાડી અતિથિગૃહમાં સૌને ઊતારો આપવામાં આવ્યો. પણ તુરંત જ સમગ્ર અતિથિગૃહને રાજયની પોલીસે ઘેરી લીધું. ધ્રાંગધ્રા રાજયના અમલદારો સિવાય કોઈ અન્ય વ્યકિત તેઓની પાસે ફરકી પણ ન શકે તેની કડક વ્યવસ્થા કરવામાં આવી. સમજો કે સૌને નજરકેદ કરી દેવામાં આવ્યા. અમૃતલાલે આ બનાવના વૃત્તાંતો તૈયાર કરીને રાજકોટ અને મુંબઈના વર્તમાનપત્રોમાં મોકલ્યા. રાજકોટના વર્તમાન પત્રોએ તો કશું પ્રસિદ્ધ ન કર્યું પણ મુંબઈના વર્તમાનપત્રોએ પણ નહીં જેવી નોંધ લીધી. સૌકોઈને આ વાત પર ગુસ્સો આવ્યો. આ જુલમ જહાંગીરીનો પ્રચાર કરવા માટે તેઓ મુંબઈ ગયા.

મુંબઈની એક જાહેરસભામાં અમૃતલાલ શેઠે લગભગ ૧ કલાક સુધી લાંબી લચક દર્દભરી દાસ્તાન સંભળાવી. તેઓએ તેના વકતવ્યમાં જણાવ્યું કે, "આ પ્રકારના વર્તમાન પત્રોથી દેશ સેવા થઈ શકશે નહીં. જો દેશ સેવા કરવી હોય તો નવા વર્તમાનપત્રો સ્થાપવા પડશે. એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહીં પણ અમારા લાલ લોહીથી લખાશે. એ પત્રો ધ્રાંગધ્રાની આવી ઘટના પર મૂંગા નહીં રહે. એના દુઃખના,વેદનાના, બળવાના પોકારથી ધરતી ધણધણી ઉઠશે. રાજાઓના દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે."[૯] વગેરે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

એ સમયે અમૃતલાલ કંઈ લખતા નહોતા પણ સભાઓની સભાઓ ડોલવા લાગે તેવું તેજાબી ભાષણ કરી શકતા. મુંબઈની જાહેરસભામાં તેજાબી ભાષણ કરી તેઓ બેઠા કે તુરંત જ લીંબડી વઢવાણના કેટલાક શ્રીમંત મિત્રો કેશવલાલ મૂળચંદ, જગજીવનદાસ ઉજમસી, છોટાલાલ કોઠારી વગેરેએ કહ્યું કે,"તો પછી તમે જ વર્તમાનપત્ર તમે જ કાઢો ને?" અમૃતલાલે કહ્યું કે,"ભાઈ તેના માટે પૈસા જોઈએ ને?" જગજીવનદાસ બોલ્યા,"કેટલા પૈસા જોઈએ?"

શેઠે અંદાજીત આંકડો કહ્યો,"પચ્ચીસ હજાર"

જગજીવનદાસે શ્રી છોટાલાલ કોઠારી સામે જોયું. આંખના ઈશારાથી ત્યાં બેઠેલા શ્રીમંતોની સંમતિ મેળવી એક ક્ષણના વિલંબ વિના શ્રી જગજીવનદાસે કહ્યું જાઓ આપ્યા અને બસ શેઠે પણ કશો વિચાર કર્યા વિના કહ્યું તો પછી લીધા અને આ પેપર કાઢયું સમજો ?"[૧૦]

આમ તદ્દન અચાનક જ એના જીવન સાથે પત્રકારત્વ જોડાઈ ગયું. તુરત જ તેઓ મુંબઈ છોડી આજના સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડમાં આવ્યા. લોકોમાં વધુ ઉહાપોહ કર્યા વિના ઝડપથી લીંબડીમાંથી એક નાનકડું પ્રેસ ખરીદી લીધું અને મુંબઈ છોડયાના પંદર જ દિવસમાં તે જ પ્રેસના જૂના માણસો સાથે ૧૯૨૧ની ૧લી સપ્ટેમ્બરે કાફલો રાણપુરમાં ઉતર્યો. હાથેથી મશીનના પૈડા ચલાવી ગાંધીજીના પ્રેરક અને પવિત્ર જન્મ દિને ૧૯૨૧ની ૨જી ઓકટોબરે સૌરાષ્ટ્રની શરૂઆત કરી.શ્રી શેઠે એમના જીવનનો ભવ્ય સેવાયજ્ઞ શરૂ કર્યો. દેશી રાજયની જૂલમી જહાંગીરી ખુલ્લી પાડવા અને રાજસ્થાની પ્રજાને નિર્ભય બનાવવા કલમ ઉપાડી.

અમૃતલાલ શેઠ પોતાના શબ્દોમાં એ સોનેરી દિવસોનું વર્ણન કરતાં જેની નોંધ લાભુબેન મહેતાએ લીધી છે તેઓ શ્રી લખે છે કે, "એ જાત મહેનતની તો આજે કલ્પના પણ થઈ શકતી નથી. સવારના પરોઢે પાંચ વાગે ઊઠી, દાતણ,પાણી કરી લખવાનું હોય તે સતત પહેલા લખી નાખ્યા પછી બધાય ૧૫–૨૦ માણસો સાથે બેસીને ચા અને રાણપુરના દાળિયાનો નાસ્તો કરીએ. શરૂઆતના દિવસોમાં કરકસરના જીવન તરીકે અમારે ત્યાં રસોયો નહોતો અમે કોઈ કુટુંબ લઈ ગયા નહોતા. એટલે બધા કામે લાગે ત્યારે સમય



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બચાવી લઈને વચમાં એકાદ કલાકમાં બધાયને માટે હું રસોઈ બનાવી લઉં અને બધાને પ્રેમથી જમાડું. મારા પોતાના હાથે બનાવેલી ઘઉંની ભાખરીઓ, તીખું તમતમતું શાક અને ગોળ જમાડું. છાશના તો લોટા પાઉં. તે બધાને ખુશ કરી દઉં"[૧૧]

શરૂઆતના કાળમાં 'સૌરાષ્ટ્ર' જેના પર છપાતું એ મશીન હાથે ચલાવવું પડતું. એ ચકરડું ફેરવનાર માણસ જયારે થાકી જતો ત્યારે અમૃતલાલ કે પછી તેના સાથી પૈકીનો કોઈ એક એ કામ ઉપાડી લેતા. પેપર છપાઈ જાય ત્યારે બધા લાઈનબંધ બેસીને પેપરની ઘડીઓ કરી એના ઉપર પેપર વીંટી, ટિકિટો ચોંટાડીને સામે આવેલી પોસ્ટ ઓફિસમાં ખભે થેલો નાખી પહોંચાડતા. બીજી બાજુ પેપર છપાઈ રહ્યા પછી તુરત જ અઠવાડિયા દરમિયાન મળેલી બામીઓની જાત તપાસ કરવા નીકળી પડતા. આમ, જુઓ તો ઈન્વેસ્ટીગેશન,જર્નાલિઝમ અહીંથી જ શરૂ થયું ગણાય. 'સૌરાષ્ટ્રે' પ્રજામાં અને રાજાઓમાં પોતાનું આગવું સ્થાન જમાવી લીધું હતું. આથી રાજાઓનો કોપ વધે તે વાતની કોઈ નવાઈ નહોતી. જાન જોખમમાં હોવાના જાસાઓ તો મળ્યા જ કરતા.

અમૃતલાલ કાયમ પોતાની પાસે બચાવ માટે પિસ્તોલ રાખતા. ઑફિસમાં પણ છ ભડાકાની મોટી બંદૂક સાથે રાખતા અને અમુક સમયે ઝાડ પર નિશાન ગોઠવી તેને ઉડાવી પણ દેતા. કયારેક તો ભર વરસાદમાં રોજની ત્રીસ ત્રીસ માઈલની ઘોડેસવારી કરતા અને પછી તેનું વર્ણન અને હાથમાં આવેલી બાતમીઓ 'સૌરાષ્ટ્ર'માં છાપતા. જોખમની જાણ હોવા છતાં તેઓ કયારેય ગુપ્ત વેશે કયાંય ગયા નથી. દેશી રાજયોના જુલમોને ખુલ્લાં પાડવાને દુઃખી પ્રજાના ઘા સરકાર સુધી પહોંચાડવા 'સૌરાષ્ટ્ર'નો જન્મ થયો હતો. 'સૌરાષ્ટ્ર' ઘરના પ્રશ્નોને તો માથુ હાથમાં લઈને પ્રગટ કરે પણ, આંતર રાષ્ટ્રીય પ્રશ્નોને પણ એટલું જ મહત્ત્વ આપે. રશિયાના તારણહાર લેનીનનો ફોટો પણ પહેલે પાને આવે ને સૌરાષ્ટ્રના ગ્રામ સેવક પથિકજીનો પણ આવે. કોઈપણ દેશ હોય પણ સ્વાતંત્ર્યની લડતની વાત હોય તો તે બાબતને સૌરાષ્ટ્રમાં સ્થાન મળે એવી લોકોની માન્યતા હતી.

'સૌરાષ્ટ્ર'માં કોઈ જાતિ ધર્મ કે પ્રાંતનો ભેદભાવ ન હોતો. હિન્દુ, મુસ્લિમનો વાદવિવાદ હોય કે, જૈનોના તીર્થસ્થાનનો ઝઘડો હોય કે હરિજન પર અત્યાચારની વાત હોય પેપરમાં સૌને એક સરખું સ્થાન મળતું. ધાર્મિક ક્ષેત્રે વાત કરીએ તો પાલીતાણા ખાતેના ધર્મ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ક્ષેત્રે મુંડકા વેરા સામે સત્યાગ્રહ થયો ત્યારે પત્રનો ખાસ વધારો કાઢેલો. એ બનાવને ભરપૂર પ્રસિધ્ધિ આપીને સત્યાગ્રહને સફળ કરવામાં મદદરૂપ થયા. તા. ૨૬ ડિસેમ્બર,૧૯૨૧માં અમદાવાદમાં હિંદી મહાસભા મળી ત્યારે છાપામાં પ્રચાર કરી, અપીલો છાપી અને અમદાવાદ સ્પેશ્યલ ટ્રેન લઈ જવા સુધીની ચળવળ ચલાવી. 'સૌરાષ્ટ્ર' એકલા દેશી રાજયની પ્રજાના આંસુ લૂછવા જ નહીં પણ ખાદીનો પ્રચાર કરી દેશના ગરીબ લોકોને મદદ કરવાના પણ પ્રયાસ કરતું.

"તે સમયે અખબાર ક્ષય વિરોધી ઝૂંબેશ ચલાવતું હતું. ડૉ. પ્રાણજીવનદાસ પાસે ક્ષય વિશે ખાસ લેખો લખાવતા હતા. સંગીત પરિષદ અને કલા પરિષદના રિવ્યું રસભરી ભાષામાં આવતા. ગગન વિહારી મહેતા, ઈંદુલાલ યાજ્ઞિક, ડૉ. સુમંત મહેતા જેવા મોટા નેતા પણ સૌરાષ્ટ્રમાં પ્રેમથી લેખો લખતા. અખબારમાં ખાનદાનીના ખપ્પરમાં, સમાજ સીતમની ભઠ્ઠીમાં વગેરે વિભાગો અત્યંત લોકપ્રિય થયેલા ને તે પણ માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં જ નહીં પણ કરાંચી,રંગૂન,કલકત્તા,મદ્રાસ વગેરે દૂર દૂરના સ્થળેથી પણ તેમાં છપાવા માટે માહિતી આવતી."[૧૨]

૧૯૨૮માં બારડોલીમાં સત્યાગ્રહની લડત થઈએ લડતમાં શ્રી શેઠે અને તેમના સૌરાષ્ટ્રે ઘણો આગળ પડતો ભાગ ભજવ્યો. ગાંધીજીના રંગે રંગાઈ. કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ તેમણે સક્રિય ભાગ ભજવ્યો. એક પત્રકાર લડવૈયા અને આઝાદીના આંશિક રાજકારણી જેવા વૈયકિતક ગુણ વિશેષનો એમના વ્યકિતત્વમાં સુભગ સમન્વય સધાયો. એ પાસાદાર વ્યકિતત્વના ઉજજવળ અને રંગીન વ્યકિતત્વએ કાઠિયાવાડ,ગુજરાત,મુંબઈને જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રને મંત્રમુગ્ધ કર્યું.

ગુજરાતના જળ પ્રલય વખતે સૌરાષ્ટ્ર પણ તેમાં સપડાયું એ વખતે અમૃતલાલે પોકારો પાડીને લોકોને રાહત કરવા પ્રેર્યા. અખબારમાં નીચે પ્રમાણે વિનંતી કરી હતી. 'નઠોરમાં નઠોર હૃદયોને રડાવી દે અને તેમને અનુકંપાથી છલકાવી દે તેવી આ સર્વભક્ષી હોનારતની સંકટ વેળા હું ખાસ પ્રાર્થના તો શી કરું? તમારા દેશ બાંધવો પ્રત્યેનો બંધુપ્રેમ બજાવવાની તમને તાલાવેલી લાગે અને તમારો હાથ પરવશ બની તિજોરીનું બારણું ઊઘાડી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બધું આપી દેવા તત્પર થઈ જાય એટલી લાગણી ઊભરાઈ આવે તો જ નિરાધારોને નામે સમિતિની પચાસ હજારની ભીક્ષા પૂરી કરવા માટે ફાળો મોકલી આપજો.

રાણપુર, તા. ૫–૮–૨૭ અમૃતલાલ શેઠ

શુક્રવાર (પ્રમુખ, સૌરાષ્ટ્ર સેવા સમિતિ)'' [૧૩]

## ભાષા પર પ્રભુત્વ :

અમૃતલાલનો મૂળ જીવ પત્રકારનો નહી પણ સાહિત્યકારનો હતો તેમ તેના અમુક લખાણો પરથી લાગે છે.પૂ. બાપુના પ્રમુખ પદે ભરાયેલી રાજપૂત પરિષદનાં સંસ્મરણો તેમણે આલેખ્યાં છે. તેનું ભાવનાભર્યું અને સાહિત્યમય ભાષામાં જે વર્ણનો છે તે એમની સાહિત્યિક શકિતના સુંદર સ્વરૂપો જેવું છે. શ્રી શેઠની સાહિત્યિક શકિતના નમૂનાઓ 'સૌરાષ્ટ્ર' કે 'જન્મભૂમિ'ની જૂની ફાઈલો જોતાં સર્વત્ર દેખાઈ આવે. 'અંતરનાદ' પુસ્તકમાં તેમના લેખો અને તંત્રીલેખોનો સમન્વય છે. એ લેખો વાચતાં વાર્તા,નવલકથા, ઈતિહાસગાથા,જીવનકથા વગેરેના રસો માણ્યાનો અનુભવ થાય તેવા એ લેખો છે. એ લેખોમાં અમૃતલાલના અખબારી પરાક્રમોની ઝણઝણાટી અનુભવી શકાય છે. સ્વ. અમૃતલાલ શેઠનું વ્યકિતત્વ મુકિત માટે મથતા અને બીજાઓને મુકત કરવા માટે સર્વ ક્ષેત્રે ઝઝૂમતા અડગ યોધ્ધારૂપે બહાર આવે છે. ગીતામાં અભય શબ્દને એટલે કે નીડરતાને પ્રથમ શબ્દ રૂપે લેવામાં આવ્યો છે. ત્યારે અભય શબ્દની વ્યાખ્યા માટે અમૃતલાલ શેઠના જીવનને ટાંકી શકાય. ધ્યેયલક્ષી પત્રકારત્વ કેવું હોય તેનો નમૂનો અમૃતલાલ શેઠે પૂરો પાડયો છે.

શેઠની કારકિર્દી અલગારી અને બહુરંગી હતી. તેઓએ  તેમના જીવનકાળ દરમિયાન ખૂબ પ્રવાસો ખેડયા હતા. અમુક પ્રદેશના દશ્ય વર્ણનો, વ્યકિતઓનું આલેખન, ભાષણ, ઉદ્‌બોધન,અપીલો,અંજલિઓ વગેરે સાહિત્યિક ભાષા એવી તો ઉચ્ચકક્ષાની છે કે તેનું જ એક આખુ અલગ પુસ્તક બને. 'જય મંગલ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ' શરૂઆતના પ્રથમ વર્ષના પ્રથમ અંક પર આ સૂત્ર મૂકયું. લોહી અને પ્રાણમાં ભળેલો હેતુ તથા જીવનમાં જે કાંઈ કર્યું એ જોવા પ્રથમ અંકનાં પ્રથમ અગ્રલેખ જોવો જ પડે. અગ્રલેખ લખવાની લાલચ અહીં રોકી શકાતી નથી. એટલે તેના અમુક અંશો જ લખું છું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

"જગત શ્રેષ્ઠ ભારતનો આ મોંઘામૂલો અમારો પ્રિયતમ પ્રદેશ સૌરાષ્ટ્ર કે જેની સુંદર ધરા ઉપર શ્રી કૃષ્ણ પ્રભુએ પોતાની જીવનલીલા વિસ્તારી અને સંકેલી, મીરાંએ પોતાની પ્રેમ લક્ષણા ભકિતની બંસરી બજાવી. નરસિંહ મહેતાએ પોતાની ભકિતની ધૂન જગાવી. જયાં ઝાલાઓએ અને જાડેજાઓએ અને પરમારોએ અને ગોહેલોએ, કાઠીઓએ અને વાઘેરોએ પોતાની તાતી તલવારોના પાણી જગતને બતાવ્યા. શહેનશાહોના રાજદરબારો ડોલાવ્યાં, જયાં અધર્મના પડળો તોડનાર વેદધર્મનો ટંકાર કરનાર શ્રી દયાનંદે શ્રી સૂર્યદેવતાના કિરણો પ્રથમ નિરખ્યાં. જયાં શ્રી રાજચંદ્રે અપૂર્વ બુધ્ધિ સંપત્તિની દુનિયાને ઝાંખી કરાવી અને જયાં સદાને માટે આર્યહૃદયમાં જલવંત રહેવાના એવા આપણી આર્ય ભૂમિના ઈતિહાસ સૃષ્ટાઓ ભારતની સદાની કીર્તિના કારણરૂપ આર્યનૃપતિઓના યોગ્ય વા અયોગ્ય અવશેષો બહોળા પ્રમાણમાં હજુ પણ પથરાયા છે. જેમને જોઈને બહુતઃ આંસુ પાડીને પણ આપણા પૂર્વજોની ચિરંજીવ જીવનપ્રથા આપણે સ્મરણે ચડે છે. તેમને અનુસરવા પ્રયત્નો આદરવા લલચાઈએ છીએ. ત્યાં તે ભકિતની વીરતાની જ્ઞાનધનની આ ભૂમિમાં તેનું શ્રેય સાધવા. કર્મયોગના તપશ્ચર્યા બળના અને આત્મભોગના પાઠો સૌરાષ્ટ્ર વાસીઓ સન્મુખ વાંચવા, આ પત્ર આજ પ્રકાશ પામે છે."[૧૪]

રાજપૂતોને જોમને જુસ્સો ચડાવવા માટે અમૃતલાલની ભાષા જ પૂરતી છે. તે તેમણે તા. ૧૮–૯–'૨૪ના રોજ રાજપૂત પરિષદ માટે લખેલા અગ્રલેખમાં જણાવી દીધું છે. તે લેખના અમુક વાકયો ખૂબ જુસ્સો પ્રેરે છે.

"રાજપૂતી મરી નથી ગઈ માત્ર સૂતી છે અને એને ઘેન ચડાવવામાં અન્ય વર્ણનો સ્વાર્થી હાથ છે. રાજપૂતી ભ્રષ્ટ નથી થઈ, માત્ર જડ બની છે અને એ જડતા લાવવાના પાતકમાં આપણા હાથ પણ કાળા બન્યાં છે. રાજપૂતી નફ્ફટ નથી બની, રસ્તો ભૂલી છે એ રસ્તો ભૂલાવવામાં આપણે કાંઈ ઓછો દોષ નથી વહોર્યો. આજ એ આળસ મરડીને ઉઠે છે. એના આત્મજ્ઞાનનું ભડકડું થાય છે એ જાગશે જ."[૧૫]

કેટલું શૌર્ય,કેવી વાણી વરતેજની રાજપૂત પરિષદના સંસ્મરણોમાં એમની કલમમાં અનન્ય સુંદરતાનાં દર્શન થાય છે. એમની સાહિત્ય રચનાના તો પાનાઓ ભરીને વખાણ થાય તેમ છે. તેમાંથી ભારતને દેશી રાજયના રંગીન પાત્રોના સુંદર અસુંદર સર્વ પ્રકારના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ચિત્રો વાંચવા મળે, સુંદર હૃદયસ્પર્શી પ્રસંગ ચિત્રો, રાજાના સુકાર્યોના ચિત્રો વાંચીને ગદગદ બની જવાય. બારડોલી સંગ્રામમાં ભાગ લેવા ગયા ત્યારે આપેલા ભાષણોમાંથી થોડો અંશ એમના સાહિત્યકાર તરીકેનો પરિચય આપી જાય છે. તેમણે બારડોલીને ગુલાબનું ફૂલ કહ્યું છે. સંગ્રામ, ઘોર યાતના અને અન્યાય સહેતા જમીનના ટૂકડાને એમણે ગુલાબની ઉપમા આપી છે. રાજાઓના જુલમોની સખતમાં સખત ટીકા કરનારે જયાં રાજાના દિલની ઉદારતા જોઈ ત્યાં તેને ખુલ્લા દિલથી બિરદાવી પણ છે.

"ગોંડલ નરેશ સર ભગવતસિંહને એમના જન્મદિને નિર્લોભી સાચો હિન્દુ, ગૌભકત નરેન્દ્રોની સ્વાધીનતાનો રક્ષક વગેરે ગુણોવાળા ગણાવી સાહિત્યિક ભાષામાં એમને ખૂબજ બિરદાવ્યા પરંતુ છેવટે એમના રાજયની થતી અવગતી તરફ પણ આંગળી ચીંધવાનું ચૂકયા નહી. કોઈને શેહ શરમમાં તણાયા એ અમૃતલાલ શેઠ નહીં."[૧૬]

ભારતનું ભાવિ વિચારવા અને ઘડવા માટે લંડનમાં ગોળમેજી પરિષદ યોજાઈ હતી. ત્યાં ગયાં ત્યારે સ્ટીમરનું, વચ્ચે પોતે જોયેલા દેશોનું ને લંડનનું પ્રવાસવર્ણન અત્યંત રસાળ શૈલીમાં કર્યું હતું. ગોળમેજી પરિષદમાં ભારતનું ભાવિ નકકી થવાનું હતું એટલે મહાત્મા ગાંધીજી ગયા ત્યારે રાજસ્થાનનું ભાવિ નકકી કરવા રાજસ્થાન પ્રજા પરિષદ તરફથી અમૃતલાલ શેઠ ગયા. એ સમયે અગ્રલેખમાં એમનું લંડન જવું કેટલું યોગ્ય હતું તે વાંચકોને વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. અલ્વર નરેશે લંડનમાં મળેલી સામ્રાજય પરિષદમાં મીઠા મધુરા શબ્દોમાં અંગ્રેજ સામ્રાજયના બીજા લોકોને સહિષ્ણુ થવા લાંબુ ભાષણ કર્યું હતું. ત્યારે શેઠે દંભના જલસાના શીર્ષક હેઠળ ચોટદાર અગ્રલેખ લખી રાજાઓમાં સનસનાટી ફેલાવી હતી. જૂનાગઢના નવાબ સિંહના શિકાર માટે આવતા પરદેશી મહેમાનોના સ્વાગત પાછળ ધૂમ ખર્ચ કરતા તેની સામે લાલબત્તી ધરી શ્રી શેઠે તે નાણાં શિક્ષણ અને લોક ઉત્કર્ષ પાછળ ખર્ચવા સૂચન કર્યું હતું.

## સૌરાષ્ટ્રની અસર :

'સૌરાષ્ટ્ર'ની સમગ્ર છાપ અને કાર્ય ધ્યાનપૂર્વક જોતાં એમ લાગે કે અમૃતલાલ શેઠે આખી જિંદગીમાં આ પત્ર કાઢવા સિવાય કંઈ ન કર્યું હોત તો પણ ચાલત. કારણ કે તેના આ પ્રથમ પત્રમાં જ તેનું વ્યકિતત્વ આવી જાય છે. ગુજરાતના પત્રકારત્વને જવલંત મોહતાજ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આપનાર અને પત્રકારત્વ તથા સમકાલીન રાજકારણના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે કોતરી જનાર શ્રી અમૃતલાલ શેઠે જીવનના દરેક ક્ષેત્રમાં આ અખબાર દ્વારા પ્રજાની સેવા કરી છે. સૌરાષ્ટ્રમાં સમાજના બધા દૂષણો સામે પાનાનાં પાના ભરીને લખાયું છે. સ્ત્રી જાગૃતિ છેલ્લાં ત્રીસ વર્ષથી વધી ગઈ હોય તેમ આપણને લાગે પરંતુ તે જમાના પણ રાજસ્થાની મહિલા પરિષદો,રાજપૂતાણી પરિષદ, આર્ય સમાજ મહિલા પરિષદો ભરાતી અને તેમાં મોટા પ્રમાણમાં સ્ત્રીઓ ભાગ લેતી.

શ્રી રતુભાઈ અદાણીએ લખ્યું છે કે,'' 'સૌરાષ્ટ્ર સાપ્તાહિકે' લોકોને એ વખતની આપખુદી અને અન્યાય સામે લડી લેવા માટે જાગૃત કરવામાં અને સંગઠિત બનાવવામાં તેમજ સમગ્ર પ્રદેશમાં રાષ્ટ્રીય ભાવનાને કેળવીને પ્રજાનું ઘડતર કરવામાં એક પત્ર તરીકે મહત્ત્વનો ફાળો આપ્યો છે. શ્રી શેઠની જોશીલી કલમે લખાયેલા તંત્રી લેખો અને અન્ય પ્રેરણાદાયી લખાણો શ્રી મેઘાણીભાઈની કલમે આલેખાતી ક્રાંતિ કથાઓ અને શ્રી હરગોવિંદ પંડયા અને બીજા સાથીઓએ નિડરતાથી દેશી રજવાડાંની કિલ્લેબંધી તોડીને મેળવેલી માહિતીઓનો રસથાળ આખા અઠવાડિયા માટે ચર્ચાઓના વિષયો પૂરા પાડતા સત્યાગ્રહ સંગ્રામ શરૂ થતાંની સાથે જ સૌરાષ્ટ્ર સત્યાગ્રહ સંગ્રામનું મુખપત્ર બની રહ્યું. સૌરાષ્ટ્ર મંડળમાં એક પછી એમ અનેક તેજસ્વી લોકોનો મેળાવડો જામતો ગયો. શ્રી શેઠ માણસ પારખું હતા. ચીંથરે ઢાંકયા રત્નોને પત્ર દ્વારા ઝળહળતા કર્યા. શ્રી ભીમજીભાઈ સુશીલ, ઝવેરચંદભાઈ મેઘાણી, કકલભાઈ કોઠારી, ગુણવંતભાઈ આચાર્ય, હરગોવિંદભાઈ પંડયા એમ ધીમે ધીમે મંડળ જામતું ગયું. સૌરાષ્ટ્રે રાજકારણ અને સમાજ સુધારણા ઉપરાંત સાહિત્યક્ષેત્રે પણ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. સૌરાષ્ટ્રની સંસ્કૃતિનું એ જયોતિર્ધર બન્યું. સૌરાષ્ટ્રનું પહેલું અને છેલ્લું પાનું વધુ આકર્ષણ જમાવતાં હતાં. પહેલા પાના પર સપ્તાહનો કોઈ ધમાકેદાર સમાચાર કે પ્રસંગ હોય તેમાં દેશ દુનિયાની ક્રાંતિકારી કથાઓ પણ સમાવવામાં આવતી. ઈતિહાસની પ્રેરક સામગ્રી પણ તે પીરસતું હતું. એક બાજુ આશ્રમ જેવી સાદાઈ અને બીજી બાજુ ક્રાંતિકારીઓની રહસ્યમય છાવણીનું જાણે સંમિલન હતું. આ અખબારે કાઠિયાવાડના રાજકીય ઈતિહાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. સૌરાષ્ટ્રની પ્રજાને ધીમી પણ મકકમ ગતિએ નીડર,સાહસિક અને વિચારશીલ બનાવી.''[૧૭]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## 🌍 અખબારોનો ઉદ્ભવ :

'સૌરાષ્ટ્ર'ના ઉદ્ભવ પછી શેઠ પોતાનું જીવન પત્રકારત્વને સોંપી ચુકયા હતા. જન્મભૂમિ શરૂ કર્યા પહેલાં તેઓ મુંબઈથી બહાર પડતા બોમ્બે ક્રોનિકલમાં લેખો લખતા હતા. એ સમયે એક ઘટના એવી બની કે, અમૃતલાલ સમસમી ઉઠયા. બન્યું એવું કે ધ્રાંગધ્રા રાજયે કિન્નાખોરીથી ખાદીભંડાર પર જપ્તી બેસાડીને ત્યાંની પ્રજાના પ્રિય કાર્યકર મોહનલાલ પીતાંબર સંઘવીને ગામ છોડી ભાગવું પડયું. આવી અન્યાયી વાત અંગ્રેજી છાપાઓએ ના છાપી. આથી શેઠે પોતે છાપું કાઢવાનું વિચાર્યું અને તે પણ અંગ્રેજીમાં ૬૦ હજારનું ફંડ એકઠું કરીને 'ડેઈલી સન' નામનું અખબાર શરૂ કર્યું પણ તે ખાસ ચાલ્યું નહીં. એટલે ગુજરાતીમાં 'જન્મભૂમિ' શરૂ કર્યું. નવું અખબાર હતું એટલે શરૂઆતમાં ખાસ કમાણી નહોતી આથી અન્ય છાપા છાપવાનું કામ પણ રાખતા. આથી સાવરકરની માલિકીનું 'લોકમાન્ય' પણ છાપતા. સાવરકર છાપકામના પૈસા દઈ શકતા નહોતા આથી બીલ ૩૦ હજારે પહોંચ્યું. શ્રી શેઠે લોકમાન્ય ખરીદી લઈ બીલ સરભર કરી દીધું.

જન્મભૂમિ વિષેની વિગતવાર માહિતી તો આપણે આગળના પ્રકરણમાં મેળવીશું જ પણ અહીં થોડી પાયાની વાતો અને જન્મભૂમિ સાથે સંકળાયેલ અન્ય અખબારોની વાત કરીએ. જન્મભૂમિ સંસ્થા રાજસ્થાન પ્રજા પરિષદને મદદ કરવા રાજસ્થાની પ્રવૃત્તિને આગળ ધપાવવા માટે સ્થપાઈ હતી. પણ દેશના રાજકારણમાં બીજુ સ્થાન ધરાવતા આજના પ્રજા સમાજવાદી પક્ષના પુરોગામી કોંગ્રેસ સમાજવાદી પક્ષની રચના કરવા માટે પક્ષના કાર્યકરોની પ્રથમ સભા ૧૩૯ મેડોઝ સ્ટ્રીટવાળા પક્ષના સંસ્થાના જૂના મકાનમાં મળી હતી. એ સમયના એક સમાજવાદી અગ્રણી શ્રી મીનુ મસાણી ડેઈલીસનના તંત્રી વિભાગમાં કામ કરતા હતા. શ્રી શેઠને હંમેશા પ્રગતિક રાજકારણ પ્રત્યે રૂચિ રહેતી એટલે એ પક્ષની સ્થાપના માટેની પહેલી જ સભા જન્મભૂમિ સંસ્થાના મકાનમાં મળી હતી.

શ્રી લાભુબેન મહેતા લખે છે કે, ''જન્મભૂમિ'માં અખિલ હિંદ રાજસ્થાન પ્રજા પરિષદનું કાર્યાલય હતું. જેલમાંથી છુટેલા અનેક કાર્યકરો ત્યાં ધામા નાખીને રહેતા હતા. તેનો સઘળો બોજો જન્મભૂમિ ઉઠાવતું હતું. બીજા એવા અગત્યના અનેક કાર્યકરોને આર્થિક સહાય આપવા તથા એમનું કામ સરળ બનાવવા શ્રી શેઠે એમને ખબરપત્રીઓ બનાવ્યા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હતા. આમાનાં કેટલાંય ખબરપત્રીઓ રાજસ્થાન અને મધ્ય ભારતમાં સ્વાતંત્ર્ય તથા દેશના એકીકરણ પછી પ્રધાન કે મુખ્ય પ્રધાનો પણ બન્યાં હતા. એમની પસંદગી કેટલી સુયોગ્ય હતી તે પણ આના પરથી જણાય છે. એ પ્રધાનોની તરફેણમાં પણ એટલું કહેવું જોઈએ કે ઉચ્ચ પદે આવ્યા પછી પણ તેઓ મારા જીકાકાને ત્યાં જ ઉતરતા અને એમનું વડીલ જેવું માન રાખતા.''[૧૮]

જેલમાંથી છૂટેલા ગુજરાતના એક કાર્યકરે રૂા.૨૦૦ની માગણી કરતાં લખેલું કે, ''મારે જરૂર છે રૂા.૩૦૦ની પણ ૨૦૦ આપશો તો ચાલશે. હું દર મહિને થોડા થોડા કરીને ભરી દઈશ. એને શેઠે બસોને બદલે ત્રણસો મોકલ્યા. ઉપરથી લખ્યું કે પૈસા પાછા આપવાની જરૂર નથી પણ અમારી સંસ્થા તમારા જેવા કાર્યકરો માટે મદદની જોગવાઈ થાય જ છે.''[૧૯]

જયારે બીજું વિશ્વયુધ્ધ પૂરજોશમાં ચાલતું હતું ત્યારે જન્મભૂમિએ સૌપ્રથમવાર પોતાના ખર્ચે એક જુવાનને હિંદીને બર્મા અને દૂર પૂર્વના મોરચા ઉપર યુધ્ધના ખબર મેળવવા માટે મોકલ્યો હતો પણ તેનું કામ સંતોષજનક નહોતું. વળી એમના જૂના મિત્ર મણિલાલ દોશી પણ બર્મામાં અટકી ગયા હતા. જેના કોઈ ખબર નહોતા. શેઠને થયું કે હિન્દુસ્તાનમાંથી કોઈ તંત્રી ખબરપત્રી તરીકે યુધ્ધમોરચે ગયા નથી તો પોતે જ ત્યાં જવા કૂચ કરવી જોઈએ, અને તેઓ ઉપડયા. સિલોનમાં થોડા આંટા માર્યા બાદ ત્યાંથી વિમાનમાં વિશાખાપટ્ટમથી કલકતા અને કલકત્તાથી રંગૂન પહોંચ્યા રંગૂનમાં યુધ્ધ ખબરપત્રીઓની છાવણીમાં મુકામ કર્યો. ત્યાં રોઈટરના એક હિંદી ખબરપત્રી હતા બાકીના બધાજ અંગ્રેજ,અમેરિકન,ફ્રેંચ અને કેનેડિયનો હતા. યુધ્ધ ખબરપત્રી તરીકે દરેકે યુધ્ધનો ખાસ ગણવેશ પહેરવો પડતો અને તેમને માનદ કેપ્ટન તરીકેનો દરજજો અપાતો.ત્યાં ફરવા માટે લશ્કરી જીપ પણ મળતી. એ લશ્કરી જીપમાં ફરતા ફરતા સુભાષબાબુના ઘણા સાથીઓનો પરિચય થયો.

એ સમયના જનરલ ભોંસલે અને સુભાષબાબુના સાથીઓ સિયામ થાઈલેન્ડમાં હતાં. બ્રિટિશ લશ્કર ત્યાં કબજો કરવા માટે ઉપડતું હતું. તેઓની પરવાનગી લઈ અમૃલાલ પણ તેઓની સાથે જોડાયા, પરંતુ ત્યાં જઈને ખબર મળ્યા કે અમુક મુદાના માણસો અમુક



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુદાના સ્થળે રંગૂનમાં છે. તેમની પાસે વધુ સત્તાવાર દફતર છે, શેઠ રંગૂન પાછા ફર્યા. અહીં એમણે તે ભાઈઓને શોધી કાઢયા. એ પ્રસંગ અમૃતલાલ શેઠના શબ્દોમાંજ જોઈએ.

"એ સમુદાયના મોવડી બોલ્યા તમે રંગૂન આવ્યા ત્યારથી અમે તમારી પ્રવૃત્તિ જોઈ રહ્યા હતા. તમે સિયામ ગયા તેની પણ અમને ખબર હતી. હવે અમને ભરોસો છે. હકીકતમાં અમે પોતે ભયંકર ભીડમાં છીએ. શ્રી સુભાષબાબુની આરઝી હકૂમતની તમામ સત્તાવાર ફાઈલો,કેબિનેટની મીટીંગોની સત્તાવાર સહી સાથેની મિનીટો નોંધો. અમોને સુપ્રત કરવામાં આવી છે. બ્રિટિશ સત્તાવાળાઓને આ માહિતી મળી ગઈ છે. તેઓ આ મિનિટોની શોધમાં છે. અમે રોજના બે ત્રણ વખત અમારી પાસેના આ દફતરનું સ્થાન બદલાવ્યા કરીએ છીએ. અમે કોઈ એવા વિશ્વાસું આદમીની શોધમાં છીએ કે જે આ દફતર હિન્દુસ્તાન લઈ જાય અને ત્યાં અમારા વતી સાચવી રાખે. પણ હિન્દુસ્તાન જતા હરકોઈ આદમીની નાનામાં નાની વસ્તુની તપાસ થાય છે. આવી સ્થિતિમાં અમને મદદ કરો એવી અમારી તમારી પાસે માંગણી છે."[૨૦]

અમૃતલાલ શેઠે મામલાની ગંભીરતા જાણી. આમાંતો જીવ જવાનું પૂરેપૂરું જોખમ હતું. છતાં તેમણે વિચારવાનો ૨૪ કલાકનો સમય માગ્યો. તેઓએ વિચાર્યું કે કદાચ હું પકડાયો અને મને ગોળીથી ઠાર કરવામાં આવ્યો તો એનાથી વિશેષ કીર્તિવંત મૃત્યુ કયાં થવાનું હતું. બસ પછી તો હિંમત અને સાહસપૂર્વક પ્રવાસખાતાના અધિકારીને મળીને તુરત જ કલકત્તા જવાનો પરવાનો મેળવ્યો. સુભાષબાબુને લગતી નોટોની બરાબર વ્યવસ્થા કરી. નકકી કરેલ સમયે પેલા ભાઈઓને મળ્યાં તેમણે એક પોટલું બાંધીને તૈયાર જ રાખ્યું હતું. શ્રી શેઠ તેને અડયા નહીં. ડ્રાઈવરને બોલાવીને તે પોટલું જીપમાં ગોઠવી દીધું. ત્યાંથી સીધા પોતાના ઉતારે ગયા. પણ પેલું પોટકું તો ડ્રાઈવરે પોતાના રૂમમાં મૂકયું. ત્યાંના બધા હિંદી સિપાહીઓને ચા પાણી પાયા અને ખૂબ ખવડાવ્યું. પોતાના ઓરડાની મધ્યમાં ટેબલ પર પોટકું રાખી સૂઈ ગયા. વહેલી સવારે જીપનો ડ્રાઈવર લેવા આવ્યો. શેઠ તો ચાલ્યા, ડ્રાઈવરને યાદ આવ્યું કે પેલું પોટકું રહી ગયું! ડ્રાઈવરે તે પોતાની જ બાજુ રાખ્યું અનેક પહેરા અને પહેરેગીરોને હટાવીને તે વિમાન સુધી પહોંચ્યા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પેલા ડ્રાઈવરે પોતે પેલું પોટકું શેઠને સોંપ્યું અને બધા વાતોએ વળગ્યા. શેઠે એમને આશ્વાસનો પણ આપ્યા. ત્યાં વિમાન આવ્યું અને ડ્રાઈવરે પોતે જ પોટલું વિમાનમાં મૂકી દીધું. શેઠ ઝડપભેર ચડી ગયા. તેમના હૃદયના ધબકારા વધી ગયા. વિમાન ઉપડયું અને શેઠને કલકત્તામાં શ્રી ભૂપતભાઈ વસાના મકાનમાં પોતાના ઉતારે પહોંચીને નિરાંત થઈ. રંગૂનવાળાભાઈ જયારે હિન્દુસ્તાન આવી શકયા ત્યારે અમૃતલાલ પાસેથી દફતર લઈ ગયા. ત્યાં સુધી સુભાષબાબુનો એ ઐતિહાસિક ખજાનો જન્મભૂમિ કાર્યાલયમાં સુરક્ષિત હતો.

એ સમયે કોંગ્રેસ મહાસમિતિની બેઠક મુંબઈ અને પૂના ખાતે મળવાની હતી. શેઠે પોતાની પાસેનું યુધ્ધ સાહિત્ય સરદારશ્રીને જોવા મોકલ્યું અને પોતે તેને લગતો ખાસ વધારો મહાસમિતિની મુંબઈની બેઠક વખતે બહાર પાડવા મુંબઈ રોકાયા. એ બેઠકમાં જન્મભૂમિ અને લોકમાન્યના ખાસ વધારા બહાર પડયા હતા અને એ પ્રસિધ્ધિએ સર્વત્ર કોલાહલ મચાવી મૂકયો હતો. શ્રી શેઠે બધું સાહિત્ય અંગ્રેજીમાં અને તમામ બીજી ભાષાઓમાં બહાર પાડવાનું નકકી કર્યું. શ્રી બાટલીવાળા અને શ્રી તેંડુલકરે મળીને બધા સાહિત્યને ભેગું કરીને અંગ્રેજીમાં જયહિન્દ નામે પુસ્તક લખ્યું. જે હિન્દી,ઉર્દૂ,ગુજરાતી, મરાઠી,કનડી, મલયાલમ, તામિલ,તેલુગુ,એમ ચૌદ ભાષામાં ભાષાંતર થયું. અમૃતલાલ શેઠે તે પુસ્તકના રૂા. ૫૦ હજાર સરદારશ્રીને આપ્યાને રૂા. પાંચ હજાર જનરલ ભોંસલેને આપ્યા.

## જૂનાગઢની આરઝી હકૂમત :

અમૃતલાલ શેઠે જયારે જન્મભૂમિનું સંચાલન પદ સંભાળ્યું ત્યારે કોમી હુલ્લડો સામાન્ય બની ગયા હતા. આવા દરેક હુલ્લડ વખતે શેઠ લોકોને આંખે દેખ્યો અહેવાલ આપવા માટે જાતે જ હુલ્લડગ્રસ્ત વિસ્તારોમાં ઘૂમ્યા હતા. એટલું જ નહીં પરંતુ રમખાણગ્રસ્ત વિસ્તારોમાં સપડાયેલા કોઈપણ કોમના માણસોને બચાવવા માટે જાતે જ સાહસ કરી જન્મભૂમિમાં વાહનો દ્વારા અહીં કે તહીં તેમને ફેરવતા હતા. એ જ રીતે બહારગામ કયાંય પણ હોનારત થાય રેલ્વેમાં ભંગાણ પડે કે પોલીસના જુલમ થાય ત્યારે તેઓ દોડી જતા હતા. શેઠ કોઈ દિવસ સમાચારો ઉપજાવી કાઢતા નહી કે પછી તેને વાસી પણ થવા દેતા નહીં. તંત્રી વિભાગના કાર્યકરો સાથે એમનો વર્તાવ ખૂબ ઉદાર અને મૈત્રીભર્યો રહેતો. દરેક કાર્યકર એવો અનુભવ કરતો કે તે કોઈ મિશનના કામમાં ભાગીદાર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

છે. કોઈપણ પ્રકારની ઉથલ પાથલના દિવસોમાં જન્મભૂમિના સમાચારો અને વિચારો પર લોકો અદ્‌ભુત વિશ્વાસ મૂકતા હતા. જન્મભૂમિ સામાન્ય અખબાર નથી, પરંતુ એક મીશન છે એવો ભાસ તેઓ સદા સેવતા હતા.

બ્રિટિશ ગુપ્તચરોને હાથતાળી આપી ક્રાંતિકારી પૃથ્વીસિંહ આઝાદ કેટલાક મહિના જન્મભૂમિ દૈનિકના માલિક અમૃતલાલ શેઠની સહાયથી પઠાણના વેશમાં અને કરીમખાનના નામે જન્મભૂમિ ભવનના પહેરેગીર તરીકે પણ રહી ચૂકયા હતા. તા. ૯ મે, ૧૯૮૯ના રોજ મોરારીબાપુએ કહ્યું હતું કે,"લોકશાહીનો સ્તંભ સમા અખબારો હનુમાનજીની જેમ સંદેશ વાહક બને."[૨૧]

દેશના કોઈપણ ભાગમાં ગમે તેવી કુદરતી આફતો આવે જન્મભૂમિ દ્વારા ફંડ ઉઘરાવવામાં આવે અને લાખો રૂપિયાનું ફંડ એકત્ર કરી લોકોને મદદરૂપ થવાનું કાર્ય થાય. જન્મભૂમિ લોકશિક્ષણનું પ્રબળ સાધન બની રહે તેવા એમના મનોભાવ હતા. યુધ્ધ સમયે યુધ્ધવાંચન પહેલા પાના પર તેઓ જાતે લખતા. એના દ્વારા આંતરરાષ્ટ્રીય રાજકારણ નહી પણ યુધ્ધની વ્યૂહરચના અને હવે શું થશે તેની આગાહીઓ થયા કરતી. એ પછી તો ઘણા વર્તમાનપત્રોએ આ પધ્ધતિ અપનાવી હતી. પણ તેનો આરંભ કરનાર તો અમૃતલાલ શેઠ જ હતા.

'જન્મભૂમિ'એ હસ્તગત કરેલી અનેક સિધ્ધિઓમાં જૂનાગઢની આરઝી હકૂમત દ્વારા જૂનાગઢ રાજયને પાકિસ્તાનના પંજામાંથી છોડાવી ભારતમાં તેનું વિલીનીકરણ કરવાની સિધ્ધિને પણ ગણાવી શકાય. અમૃતલાલ શેઠ આમ તો જન્મે વણિક હતા. પૂર્વજન્મના કોઈ સંસ્કારને કારણે તેમનામાં ક્ષત્રિય જેવું તેજ હતું. જૂનાગઢના નવાબે જયારે પાકિસ્તાન સાથે જોડાવાની વાત કરી ત્યારે તેમનું લોહી ઉકળી ઉઠયું. આ રાષ્ટ્રવ્યાપી સવાલમાં દેશના દિગ્ગજ નેતા સરદાર પટેલ પણ ચિંતા સેવતા હતા. એ સમયે મુંબઈમાં એવી વાતો આવતી હતી કે આંતરરાષ્ટ્રીય કાનૂન અનુસાર જૂનાગઢની પ્રજાએ જ આ બાબતમાં પહેલ કરવી જોઈએ.

ત્યારે સર્વપ્રથમ અમૃતલાલ શેઠને વિચાર આવ્યો કે જૂનાગઢની પ્રજા નેતાજી સુભાષબાબુની પેઠે આરઝી હકૂમતની રચના કરે તો કેમ? આ વિચાર તેમણે મિત્રો સામે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રગટ કર્યો. સુભાષબાબુની આઝાદહિંદ ફોજની પૂર્વભૂમિકાથી તેઓ પરિચિત હતા. તેમણે જૂનાગઢવાસીઓની શોધ કરવા માંડી. જૂનાગઢ પ્રજામંડળના આગ્રણીઓને જન્મભૂમિ કાર્યાલયમાં બોલાવીને પોતાના વિચારો જણાવ્યા. આગેવાનો સાથે મંત્રણા કરી આરઝી હકૂમતની રચના કરવામાં આવી. અમૃતલાલ શેઠ જૂનાગઢના નહોતા એટલે તેઓ તેમાં આવી શકયા નહીં. તેથી તેઓ પ્રેરક સ્થાને રહ્યા. સૌરાષ્ટ્રના આગેવાનો સર્વશ્રી ઢેબરભાઈ, રસિકભાઈ,રતુભાઈ અને બીજા અનેક મિત્રો સાથે સંપર્ક સાધ્યો અને આરઝી હકૂમતની જાહેરાત કરી દેવામાં આવી. યુધ્ધના શંખો જન્મભૂમિમાંથી ફૂંકાયા. આરઝી હકૂમતને વિદાય આપતી વેળાએ શેઠે આરઝી હકૂમતમાં અગ્રેસર એવા શ્રી શામળદાસ ગાંધીને તલવાર ભેટ આપી હતી.જયારે એમણે જોયું કે કેન્દ્ર સરકાર એ પ્રદેશને સાચવી લેવા ઝડપી હિલચાલ કરતી નથી ત્યારે પોતે મુંબઈ છોડી સૌરાષ્ટ્ર પહોંચ્યા અને રાજપૂતોને એકત્ર કરી જોરદાર ચળવળ આદરી તેઓ જાગૃત રાષ્ટ્ર સેવક હતા. કેન્દ્ર સરકારને તાર કરીને પોતે લેવા ધારેલ પગલાંની જાણ કરી અને તુરંત જ સરકારે પગલાં લીધાં અને શેઠને ખાત્રી આપી કે જૂનાગઢને પાકિસ્તાનમાં જવા રોકવા સરકાર પૂરતા કાર્યો કરશે ત્યારે શેઠ શાંત પડયા.

શ્રી પરીખે ૧૦ નવેમ્બર, ૧૯૯૭ના રોજ લખેલા લેખનું ટાઈટલ હતું:'જૂનાગઢની આરઝી હકૂમતની લડતનું શ્રેય જન્મભૂમિ અને અમૃતલાલ શેઠને ફાળે.'' આ લેખનાં થોડા અંશો અહીં લેવા જેવા લાગ્યા

''આરઝી હકુમત લડતના એક સેનાની મણિભાઈ દોશીએ જણાવ્યું હતું કે,'સ્વ. અમૃતલાલ ભાઈ શેઠે જન્મભૂમિ દ્વારા અમને પ્રેરકબળ પૂરું પાડી દેશભકિતની ભાવનાનું વાતાવરણ સર્જી દીધું હતું. જે અમારા માટે યાદગાર સંભારણા રૂપ બની ગયું છે. હિન્દુઓની યાતનાઓને જન્મભૂમિ,ફૂલછાબ,વંદેમાતરમ્,વિરાટ ભારત અને સંદેશે વાચા આપી. પરિણામે જન્મભૂમિ અને ફૂલછાબને ૧૩મી સપ્ટેમ્બરથી જૂનાગઢની હદમાં લાવવા પર પ્રતિબંધ જાહેર કરાયો. આ પ્રતિબંધ જૂનાગઢ આઝાદ થયા બાદ છેક ૧૧–૧૧–૧૯૪૭બાદ દૂર કરાયો હતો.''[૨૨]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

શ્રી શેઠ કયારેય કદરદાનીમાં ઓછા ન ઉતરતા. કકલભાઈ કોઠારી સૌરાષ્ટ્રમાં જોડાયા તે જ દિવસે શેઠને મુંબઈ જવાનું થયું. મેઘાણી પાસે બેઠા બેઠા કકલભાઈએ લેનિનનું પુસ્તક વાંચીને તેના પરથી રશિયાનો તારણહાર લેખ લખ્યો. શેઠે તે મુંબઈમાં વાંચ્યો અને તુરંત જ તાર કર્યો. ''ખૂબ સરસ લખાણ અભિનંદન'' શરૂઆતના દિવસોની કામગીરીમાં આવા વખાણ અને કદરદાની મળે તો કયો સાથી રાજી ન થાય. શેઠ તો બધાને એક સાથે સાચવી શકતા.

### ઈશ્વર ભકિત :

બાહ્ય દેખાવ તો નાસ્તિક જેવો લાગતો પણ ખરા અર્થમાં તેઓ કોઈ સામાન્ય માનવી કરતાં અનેક ગણું વધારેને ઉચ્ચકક્ષાનું આધ્યાત્મિક હૃદય ધરાવતા હતા. તેઓ નિયમિત પૂજાપાઠ કે શ્લોકોનું ઉચ્ચારણ ન કરતા પણ અંતરના ઉંડાણથી ઈશ્વરના આશીર્વાદને જરૂર માનતા. તેમના હાથે એમના જીવનનું મહત્ત્વનું કાર્ય એટલે રાજસ્થાની પ્રજાપરિષદની સ્થાપના. આ પ્રવૃત્તિનું પ્રથમ અધિવેશન ૧૯૨૭ના ડિસેમ્બરમાં મળ્યું હતું. ત્યારે એમણે એક અગ્રલેખ લખ્યો હતો. જેમાં તેના આધ્યાત્મના અને સાહિત્યના બંનેના દર્શન થાય છે. તે લેખનો થોડો ભાગ અહીં જોઈએ.

''મુંબઈની પરિષદ થઈ ગઈ. અનેક વિદ્વાનો આવ્યા.મહિનાઓથી ઠેલાતી ઠેલાતી મે માસમાં મળવા ઠરેલી છેક ડિસેમ્બરમાં મળી શકી. અનેક વિઘ્નસંતોષીઓના આક્રમણોથી તે અલિપ્ત ન રહી શકી. પણ એના શિરે સાત કરોડના આશીર્વાદ હતા. દેશી રાજયોની દુભાયેલી કચડાયેલી દુવા હતી.તે તોફાન માટે નહોતી મળવાની. તેના વિચારમાં કે પ્રચારમાં પાપભાવના નહોતી. તેનો માર્ગ સાફ,શુધ્ધ સત્યનો અને સેવાનો હતો એટલે જ દુશ્મનોના આક્રમણો તે આવરી શકી અને અત્યારની દેશી રાજયોની પ્રજાની કરુણ કમજોરીના સમયમાં સામાન્ય રીતે અશકય માની શકાય તેટલા ઉત્સાહપૂર્વક પોતાની બેઠક ભરીને તેને પાર ઉતારી શકી. દેશી રાજયોની દીનહીન જનતા માટે આટલું વ્યવસ્થિત આટલું સંગઠિત આટલું વિસ્તારી અને આટલું પ્રતિનિધિત્વવાળું આ પહેલું પગલું છે. પ્રભુના આપણે ગુણ ગાઈએ કે તેણે તેના ઉપર પોતાની કૃપાનાં અમૃત વરસાવ્યા. એણે જે જમીનને રસાળ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બનાવી. એની જ કૃપાથી કાલે એમાં પાક થશે એ જમીનમાંથી ફળફૂલ ઉતરશે. કાલે એનો પાક દેશી રાજયની સમસ્ત પ્રજાને પુષ્ટ,સમૃધ્ધ,સલામત અને સુદઢ બનાવશે.''[૨૩]

સૌરાષ્ટ્રના સાથી કાર્યકર હરગોવિંદ પંડયા જયારે સૌરાષ્ટ્રમાં જોડાયા ત્યારે શ્રી શેઠે તેમને જે હિંમત બાંધી આપી તેમાં પણ તેની ઈશ્વર પરની શ્રધ્ધા છલકાતી હતી. જયારે પંડયાજીએ તેમને કહ્યું કે મેં મારી અશકિતઓ,અસાન,ત્રુટિઓ,નિષ્કિંચનપણું બધું જ તમને કહી દીધું. ત્યારે શ્રી અમૃતલાલ શેઠે જવાબ વાળ્યો કે ફિકર ન કરશો. જનતાને ચરણે જીવન સમર્પણ કરનારાઓના હાથ પરમાત્મા પકડે છે. આપણી ત્રુટિઓ તે નિવારશે. આપણું કુશળક્ષેમ તે નિવારશે.

પરમાત્માની શકિતમાં તેમને પૂરી શ્રધ્ધા હતી. જીવનની અંતિમ ક્ષણોમાં માંદગીના બિછાને પણ તેમના મનની શાંતિ અદ્‌ભુત હતી. તે બોલ્યા કે,''મારું મન શાંત છે. ઈશ્વરની ઈચ્છા અનુસાર જ બધું થાય છે. કોઈએ શોક કરવાનો નથી. આપણે જાણી જોઈને કોઈનું બુરૂ કર્યું નથી. છતાં ભૂલ થઈ ગઈ હોય તો માફી માગી લઉં છું.... વ્યવહારની વાતમાં કંઈ કહેવાનું નથી બધું ચોપડામાં છે.''[૨૪] ઉચ્ચ આધ્યાત્મિક હૃદય વિના યમરાજની સાક્ષીમાં કોઈ આવા વચનો ઉચ્ચારી શકે? પરંપરાગત ભકિત રસ પણ એમના મન પર છવાયેલો જ રહેતો. સૌરાષ્ટ્રના જમાનામાં સહકુટુંબ અંબાજી માતાના દર્શને જવું, રાણપુરની બાજુના સાળંગપુર હનુમાનની સૌરાષ્ટ્રના ૨૦૦ માણસના કુટુંબને યાત્રા કરાવવી. નવરાત્રીમાં માના ભકત બનીને અન્ય ભાઈઓની સાથે ગરબા ગાવા જોડાવું. નવા વર્ષની શરૂઆત સહકુટુંબ દેવદર્શનથી કરવી વગેરે ઘટનાઓ એ સાબિત કરે છે કે ઈશ્વર ભકિતમાં તેમને હૃદયના ઊંડાણથી શ્રધ્ધા હતી. ફકત ઈશ્વર પ્રત્યે જ નહી પણ ઈશ્વરિય અંશ ધરાવતી અમૂક વ્યકિતઓ પ્રત્યે પણ તેમને પૂરતી શ્રધ્ધા હતી.જેમકે પૂ. ગાંધીજી જયારે મુંબઈમાં રહેતાને સાંજે પ્રાર્થના કરતા ત્યારે ભરચક મેદનીમાં છેક છેલ્લે ઊભા રહીને એકીટશે પૂ.બાપુનાં દર્શન કરતા. ઉપરાંત અનેક સંતો મહંતોનો સહવાસ પણ કરતા. પૂજય ઠકકરબાપાને તો તેઓ દેવના પુત્રજ માનતા હોય તેવું માન સેવતા.એમની પાસ કયારેય ખોટું પણ ન બોલતા અને બાપાના અદના સેવક હોય તેમ જ વર્તતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## 🌍 ગાંધી ભકિત :

ગુપ્તપ્રયાગના તોફાનો સમયે ભૂલાભાઈ દેસાઈએ દેશી રાજયની પ્રજાને નુકસાન કરનારી ખોટી સલાહ આપી હતી. જેથી અમૃતલાલ શેઠનું મગજ તપ્ત થઈ ઊઠેલું ને એનો વિરોધ કરતો એક લેખ લખી એને ફરતી જાડી પટ્ટી મૂકી, પણ પાછળથી વિચાર આવ્યો કે કદાચ બાપુને એ નહીં ગમે. આવો કટુતાભર્યો લેખ બાપુના મનને ન દુભાવે એટલે એમણે જાહેર કર્યું કે બાપુનો સેવક છું માટે લેખ નહી છાપું પણ તેમણે લેખને સ્થાને કાળો સ્તંભ મૂકીને શોક વ્યકત કર્યો.

એક જગ્યાએ બાપુના વ્યકિતત્વનું વર્ણન કરતાં શેઠ લખે છે કે," એ મોં ગંભીર બને ત્યારે જાણે ગાંધીજી આખી મેદનીનો બાપ લાગે. ને બીજી ઘડીએ મલકી ઉઠે ત્યારે આઠ મહિનાનું બાળક લાગે."[૨૫]

એમના એક સ્નેહીએ કહેલો પ્રસંગ લાભુબહેન મહેતાએ પોતાના પુસ્તકમાં છાપ્યો હતો. જેનો ટૂંકસાર આ પ્રમાણે છે," તે સ્નેહી ફરવા નીકળ્યા હતા.ને ત્યાંથી અમૃતલાલ શેઠની ગાડી પસાર થઈ. શેઠ કવિના ઘેર મળવા જતા હતા. તેથી પેલા સ્નેહીને પણ સાથે લીધા. કવિશ્રી માટેના પ્રેમ અને આદર શેઠની વાણીમાં ભારોભાર વર્તાઈ આવતા હતા. ગુજરાતી સાહિત્યના સમ્રાટની સાથે વાત કરતા હોય એવી નમ્રતા અને આદર એમની વાણીમાંથી ટપકતા હતા. કવિશ્રીને આર્થિક મદદરૂપ થવા પણ ઈચ્છતા હતા. ત્યાં અચાનક કવિ પૂ. બાપુ માટે જેમ તેમ બોલવા લાગ્યા. કેટલાંક હીણાં વચનો પણ બોલ્યા. એ સાંભળીને નમ્રતાની મૂર્તિ જેવા શેઠ એકદમ વિફરેલા સિંહ સમાન થઈ ગયા અને એક ઝાટકે ઊભા થઈને બોલ્યા કે,'કવિ કાકા મને તમારે માટે માન છે, પરંતુ ગાંધી તો મારો બાપ છે.' બળે પણ વળ ન જાય તેવા અકકડ કવિ શેઠના આ શબ્દો સાંભળી છોભીલા પડી ગયા. વાતને આડે રસ્તે લઈને શ્રી શેઠને શાંત પાડયા. બાપુ માટેની તેમની ભાવના અને ભકિત અનન્ય હતા. તે આ પ્રસંગ સાબિત કરે છે.

રાષ્ટ્રકવિ મેઘાણીનું પ્રસિદ્ધ કાવ્ય "છેલ્લો કટોરો" પરનો એક પ્રસંગ છે.

સત્યાગ્રહ દરમિયાન 'સૌરાષ્ટ્ર'ને બંધ કરવામાં આવ્યું હતું. જે ૧૯૩૧માં ફરી ચાલું થયું હતું. ૧૯૩૧માં જ સરકાર અને કોંગ્રેસ વચ્ચે સમાધાન થયું હતું અને એ જ સમયે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગાંધીજી ગોળમેજી પરિષદમાં જવાના હતા. એ ઘટનાનું પ્રતિબિંબ ઝીલતાં કાવ્યો અને લેખો એ સમયે 'સૌરાષ્ટ્ર'માં પ્રસિદ્ધ કર્યા હતા. થોડા સમયે ગાંધીજીને લંડન જવાનું થયું એ નિર્ણયની જાહેરાત સૌપ્રથમ 'સૌરાષ્ટ્ર' દ્વારા થઈ હતી. ગુરુવારે બપોરે ત્રણ વાગ્યે અખબારના છેલ્લા પાના યંત્ર પર ચઢે, ત્યાં જ આ સમાચાર આવ્યા શ્રી શેઠે મેઘાણીભાઈ સાથે વાત કરી એટલે તે તો તરત જ કાગળ કલમ લઈને બેસી ગયા. જોત જોતામાં તેમણે બહુ ભાવભરી કવિતા લખી નાખી. ત્યાં 'બાપુને' બદલે બંધુ શબ્દ વાપર્યો હતો. પણ અમૃતલાલભાઈએ સૂચવ્યું કે ત્યાં 'બાપુ' વધુ રુચિકર લાગે છે. આટલા ફેરફારથી કાવ્ય વધુ ચોટદાર બની ગયું. શેઠે આર્ટ કાર્ડ પર પ્રતો છપાવી નાખી અને એ આપવા માટે મુંબઈ પહોંચી ગયા. બાપુ જયારે આગબોટ પર હતા ત્યારે એમને એ કાર્ડ અપાયું. અહીં આપણને વહેલામાં વહેલી તકે સમાચાર પ્રગટ કરે તેવા એક સાચા પત્રકાર, અંતરના ઊંડાણમાં બેઠેલા સાહિત્યકાર અને તનમન પ્રાણ અર્પી ચૂકેલા બાપુભકતના દર્શન થાય છે.

સૌરાષ્ટ્રના કાર્યાલયમાં પુણ્યશ્લોક ગાંધીજીએ જાતે પધારીને તેને પાવન કર્યું હતું. એ અનોખી મુલાકાતમાંથી જ અંતરનાદ શબ્દનો ઉદ્ભવ થયો હતો. મહાત્માજીએ સૌરાષ્ટ્ર કાર્યાલયમાં નિવાસ કર્યો હતો. ત્યારે એમના સ્વાગતાર્થે સ્વાગત શીર્ષક હેઠળ અમૃતલાલભાઈએ લેખ લખ્યો હતો. એ સ્વાગતના જવાબમાં ગાંધીજીએ આશીર્વાદ લખીને સૌરાષ્ટ્રને આપ્યા હતા. જેના થોડા અંશો અહીં જોવા યોગ્ય છે.:

''બાપુને સ્વાગત''

''રાણપુરને આંગણે સોનાનો સૂરજ ઉગ્યો. તેનાં તેજ સૌરાષ્ટ્રને તો અનાયસે અને કદાચ વિના અધિકારે મળી ગયાં છે. ઈશ્વર સૂઝાડે છે. તેટલી જે કાંઈ અલ્પ સત્ય સેવા અમારું આ અખબાર નોંધાવી રહ્યું છે તેની અમે આપશ્રીના પગલાથી પ્રોત્સાહક કદર થયેલી સમજીએ છીએ. જગતના એક સત્યનિષ્ઠ અખબાર નવેશની મુલાકાત થવી એ અત્યારે દુલર્ભ વસ્તુ છે. .. વર્તમાન પત્રના પંથ અતિ કાંટાળા, બિહામણા,વિકટ હોય છે. બાપુજી આપ એવા ભોમિયા ભલે ભેટી ગયા... આપનો વાવટોને તલવાર કેવળ રાજદ્વારી નહોતા પણ અમર સત્યનાં નિશાનો હતાં. તે ભેદ પ્રજા પારખી નહોતી શકી એટલે જ આજ આપનું સત્યયુધ્ધ ઘરઆંગણના પડાવેથી રિપુઓની સામે મંડાતા, માટીની આંખોવાળા માનવીઓ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આપને ધર્મદ્રોહીને સમાજદ્રોહી કહી આપનો સાથ તજી ગયા. રાજદ્વારી વિજય પરાજયના માયાવી તેજપુંજમાંથી નીકળીને નિર્મળ સત્યવાદીને રૂપે આપને આત્મપ્રકાશ વચ્ચે એકલા ઊભેલા જોવામાં આજ એક અલૌકિક આનંદ થાય છે. એ એકાકીપણામાં જ આપનું મહાત્મ સાત ગણું ઝળકી રહ્યું છે.... બાપુજી આપના ભકતજનો પણ મનુષ્યોજ છે અને તેઓને આપે પોતે જ બધાં સત્યો બુધ્ધિની કસોટીએ ચડાવવાનું ભણતર ભણાવ્યું છે. બાપુજી દેશ સમસ્તની અંદર ઘૂમતી આપની નજર આટલી વેળાસર સોરઠની ઉપર પણ મંડાશે એવી આશા નહોતી પણ પ્રભુની કૃપા વરસી કે આપના ડેરાતંબુ આ પ્રદેશને આરે ખેંચાવા લાગ્યા છે. (૪ એપ્રિલ, સને ૧૯૨૫)''[૨૭]

આ લેખના જવાબમાં બાપુએ નીચે મુજબ આશીર્વાદ આપ્યા હતા.

''આમાં લખેલી એક વસ્તુ મને બહુ પ્રિય છે. દુનિયાની સામે ઊભીને પણ આપણો અંતરાત્મા આપણને જે કહે તે જ કરવું. મારી જિંદગીમાંથી કે મારા બોલમાંથી જે કેટલીક વસ્તુઓ શીખવા જેવી હું માનું છું તેમાંની આ મહત્ત્વની છે. જેણે લોક વિરુધ્ધ અથવા મારા જેવા મહાત્મામાં ખપતા મનુષ્યોની સામે પણ પોતાનો અંતરનાદ બીજાને સંભળાવ્યો છે, એને ધન્ય હજો એવી શુધ્ધ,પૂર્ણ,શાંત સ્વતંત્રતા સૌરાષ્ટ્ર સહુને શીખવો એ હું ઈચ્છું છું.''

રામનવમી

સવંત :૧૯૮૧, રાણપુર —મોહનદાસ કરમચંદ ગાંધી[૨૮]

ગાંધીજી જયારે ગોળમેજી પરિષદમાં ગયા હતા. ત્યારે શ્રી અમૃતલાલને પણ રાજસ્થાની પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે જવું હતું. પરંતુ ગાંધીબાપુને એમનું એ પગલું યોગ્ય લાગતું ન હતું. દાખલા દલીલો આપીને પોતાને ત્યાં જવાની અગત્યતા સમજાવી. મદ્રાસથી પ્રસિધ્ધ થતાં 'હિન્દુ' પત્રમાં લંડનથી ખાસ ખબરપત્રી તરફથી રાજસ્થાની પ્રજા પ્રતિનિધિમંડળની, રાજસ્થાની પ્રજાના અધિકારો અર્થેની પ્રવૃત્તિના વિશેષ અહેવાલો પણ છપાયા. આથી બાપુએ શ્રી શેઠને હા પાડી આવી રીતે સમજાવીને હા પડાવ્યા પછી કોઈ સાધારણ વ્યકિત બાપુ સામે પણ ન જાય ઉપરથી મનમાં ભાર પણ રાખે જયારે અમૃતલાલ શેઠ તો ત્યાં પહોંચી બીજાજ દિવસે બાપુને મળવા ગયા. બાપુને સહેજ ઠંડીથી ધ્રુજતા જોઈ પોતાનો કાઠિયાવાડી ગરમ ધાબડો ઓઢાડી દીધો. બાપુએ પૂછયું તું શું કરીશ ? શેઠે જવાબ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આપ્યો : ''હું તો મારું ગોઠવી લઈશ'' અને બીજી પ્રાસંગિક વાતો કરી વિદાય લીધી. આવી અનન્ય હતી એમની ગાંધી ભકિત.

## પટેલ,ઝવેરી અને મેઘાણી :

સરદાર અમારા સરદાર નથી. આવા મથાળાવાળો અમૃતલાલ શેઠનો લેખ વાંચીને એવી ગેરસમજ પ્રવર્તે કે શ્રી શેઠને એમના માટે મનમાં સારી ભાવના નથી. પરંતુ સરદાર સાહેબ સાથેના કેટલાક પ્રસંગો પર નજર કરતાં જાણ થાય કે આ એક ભ્રમણા છે તે લેખ કયા સંદર્ભમાં હતો. કઈ બાબત વિશે હતો. તેની જાણકારી બહુ ઓછા લોકોને હશે.

શ્રી સરદાર સાહેબ શેઠને અવારનવાર ખબરઅંતર પૂછી પોતાની લાગણી દર્શાવતા. શેઠની કાર્યશકિત અને સમજ પર માન રાખતા. બારડોલીના સત્યાગ્રહ વખતે સરદાર સાહેબ કોઈને બારડોલીમાં ભાષણ કરવાની છૂટ આપતા નહીં. શેઠને સામે ચાલીને ભાષણ કરવાનું કહ્યું કારણ કે તેમને શ્રી શેઠ પર એટલો વિશ્વાસ હતો કે તેઓ બારડોલી સત્યાગ્રહને નુકશાન થાય તેવું કંઈ નહીં બોલે. લીંબડી રાજયના દરબારે એવો કાયદો કર્યો હતો કે એમની મંજૂરી વિના કોઈ રાજયમાં ભાષણ ન કરી શકે. લીંબડીના કાર્યકર્તાઓ આ કાયદાનો ભંગ કરવા ઈચ્છતા હતા. એ સમયે બારડોલી સત્યાગ્રહમાં સરદાર વિજેતા થયા. સન્માન કરવાનો વિચાર આવ્યો. આ યોજનાના પ્રમુખ હતા અમૃતલાલ શેઠ. તેઓ રાણપુરથી લીંબડી આવીને યોજના પાર પાડવા વિચારણા કરતા. તેમણે ઘોડા પર બેસીને સન્માન સરઘસની આગેવાની લીધી. પણ રાજય તરફથી કોઈ પગલાં ન લેવાયા. અલબત એમણે રાણપુર છોડયું ત્યારે દાદા સાહેબે બે ચાર વાર લખ્યું કે પાછા આવી જાઓ. લીંબડીમાં જે સગવડો જોઈશે તે પૂરી પાડીશું.

પહેલેથી લડાયક પ્રકૃતિ ધરાવતા શ્રી શેઠ ૧૯૨૨ની સાલમાં રાષ્ટ્રીય સપ્તાહની ઉજવણી સમયે ખાસ રાણપુરથી લીંબડી આવેલાને ૧૩–૨–'૨૨ના રોજ કાયદો ભંગ કરી પકડાયેલા. પરંતુ પ્રજાએ ધરપકડ સામે એવો ઉહાપોહ કર્યો કે રાત્રે બાર વાગે એમને છોડી દેવા પડયા.

''મનસુખભાઈ ઝવેરીનો પરિચય આપતાં એક લેખમાં શ્રી શેઠે આ પ્રમાણે લખ્યું હતું,''સૌરાષ્ટ્રનો હૃદયપ્રવેશ વેરાન થતો ચાલ્યો હતો. ભકિતની વાટિકાઓ અદશ્ય થતી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જતી હતી. કલ્યાણભાવનામાં એ વિરાટ વૃક્ષો સુકાતા ચાલ્યા હતા. આત્મભોગના એ પુલકિત પુષ્પો પરાગ વિહોણાં થયાં હતાં. એ સમયે એક નવો માળી જાગ્યો. એણે એ વાટિકામાં વિહાર કરવા માંડયો. વૃક્ષોને પાણી પાયાં. પુષ્પ કયારાઓનો નવો ઉછેર આદર્યો. મનસુખલાલ અમારો માળી હતો.''[૨૯] સૌરાષ્ટ્રની રાજકીય પ્રવૃત્તિના આદ્યપ્રણેતા શ્રી મનસુખભાઈને દેશભકતોની કદર હતી. એમના વિચારો ફેલાવવાની ધગશ હતી. તે દેશ ભકતોને તો ન ભૂલતા ઉપરાંત તેઓના પરિવાર અને ઘરનાંઓને પણ અન્યાય ન થવા દેતા.

તેઓ શ્રી શેઠની ઘરની પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ હતા. આથી એક વખત જયારે શેઠે નોકરી છોડવાની વાત કરી ત્યારે તેઓએ પૂછયું કે'તારા કુટુંબનું શું?' તારે આ છોકરાઓને શું ભૂખે મારવાં છે ? તો ઘરસંસારમાં પડયા જ શું કરવા? તમે બધા તમારા કુટુંબીઓ ઉપર અત્યાચાર કરો છો. તમે નિર્દય છો! નાલાયક છો! વગેરે વગેરે કહ્યું. આ ઘટના પરથી ખ્યાલ આવે કે તેમનામાં કેટલું વાત્સલ્ય હતું. તેઓ હંમેશા ભવિષ્યનો વિચાર કરતા શેઠ પ્રત્યે તેમને અપાર લાગણી હતી.

કોઈએ શેઠને પૂછયું કે મેઘાણી જેવા લાગણી પ્રધાન માણસને તમે શી રીતે જાળવી શકો છો? ત્યારે શેઠે જવાબ આપ્યો કે ''મેઘાણીભાઈને તો અમારા ગુજરાત કાઠિયાવાડની એક વીણા સમાન લેખું છું. વીણા આંગળીથી પણ ન વાગે તો તારની નખલી જોઈએ. હું પણ મેઘાણીને આ રીતે આટલી કોમળતાથી સાંભળ્યું છું.''[૩૦] ઝવેરચંદ મેઘાણી અને અમૃતલાલ શેઠ બંનેને એકબીજા પર અપાર પ્રેમ હતો. અમૃતલાલભાઈના સાહિત્યલક્ષી પત્રકારત્વે સૌરાષ્ટ્રની મુફલિસ વેળામાં પણ એક સરસ નાનું પુસ્તક વસાવી આપ્યું હતું. અઠવાડિકના હર એક અંકમાં એ પુસ્તકોના વાંચન પરથી એક કે બે સાહિત્યલેખનું શિલ્પ મૂકવાનો એમનો હંમેશ આગ્રહ રહેતો.

કલકત્તાની નોકરી છોડીને મેઘાણી કાઠિયાવાડમાં સ્થિર થવા આવ્યા હતા. શું કાર્ય કરવું ખેડૂત બનવું કે શિક્ષક કે પછી વેપારી તેની ગડમથલમાં હતા ત્યારે ખરાબે ચડેલા વહાણને તેમના બે–ત્રણ લેખોએ આબાદ ઊગાર્યું. અમર રસની પ્યાલી, ચોરાનો પોકાર વગેરે લેખો સૌરાષ્ટ્રમાં ગયા અને છપાયા. બસ ત્યારથી અમૃલાલ શેઠે તેમને પોતાના કુટુંબમાં સમાવી લીધા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રજાને ઉચ્ચકક્ષાનો સાહિત્યરસ પીરસવો એ સૌરાષ્ટ્રનું એક અંગ હતું. ધૂમકેતુ જેવા પાસે દેશી રાજયની પ્રજા અને રાજાને ધ્યાનમાં રાખી ખાસ નવલકથા લખાવતા. મેઘાણીભાઈ દ્વારા સૌરાષ્ટ્રીય લોકસાહિત્ય અને રાષ્ટ્રગીતોની રચના થતી. પરદેશી દેશ સેવકોના પરિચય ચાલુ નવલની જેમ સૌરાષ્ટ્રમાં સ્થાન પામતા. કવિ અને લેખકોનું સન્માન પણ કરે અને પુરસ્કાર પણ આપે. સૌરાષ્ટ્રનો એવો પ્રભાવ હતો કે એમાં કોઈપણ પ્રકારની અપીલ થાય તો એનો જવાબ તુરંત જ મળી રહે.

કવિ ન્હાનાલાલ, કવિ ખબરદાર,વિજયરાય વૈદ્ય, મેઘાણી વગેરેની જીવન પર્યંત ચિંતા સેવતા અમૃતલાલભાઈ કવિ ન્હાનાલાલનું અવસાન થયું ત્યારે વધુ વ્યથિત થયા.તેમણે જન્મભૂમિમાં આંસુ સારતી સરસ્વતી દેવીનું ચિત્ર મૂકી કવિતા આંસુ સારે છે એ શીર્ષક હેઠળ અગ્રલેખ લખ્યો હતો. શ્રી શેઠમાં મમતાની સરવાણી જીવનપર્યંત રહી.

## આવા હતા અમૃતલાલ શેઠ :

જન્મભૂમિમાં ઘણો વફાદાર અને લાગણીવાળો ડ્રાઈવર શેઠની અને જન્મભૂમિની બંને ગાડી ચલાવે. જયારે આઝાદીની લડતનું મંડાણ થયું અને હિન્દુસ્તાન પાકિસ્તાનની હવા ફેલાઈ ત્યારે પણ તેમનું મગજ ફર્યું. નવરા બેઠા તે પાકિસ્તાનના જ સમાચાર વાંચતા. શેઠને થયું કે આ માણસના મનમાં હિન્દુસ્તાન પાકિસ્તાનનું ભૂત ભરાશે તો એને ને 'જન્મભૂમિ'ની સંસ્થાને નુકશાન થવા સંભવ છે. એટલે કોઈની પણ સાથે વાતચીત કર્યા વિના સહજ રીતે એને એસ્ટેટ કાંદિવલીમાં ગોઠવી દીધો. આ જગ્યાએ બીજી કોઈ વ્યકિત હોય તો નોકરીમાંથી છૂટો કરી દે પણ શેઠે એમ ન કર્યું. એટલું જ નહીં પણ જિંદગીભર તેની વફાદારીની કદર કરી તેને નોકરીમાં રાખ્યો. તેમના અવસાન પછી પણ તેમના માંડ મેટ્રિક પાસ થયેલા બાવીસ વર્ષના પુત્રને પણ રૂા. ૩૫૦–૦૦નો પગાર આપી પિતાની જગ્યાએ બેસાડી દીધો. તેઓ એક સાચા હમદર્દ હતા.

શ્રી શેઠની ધાક એ સમયમાં કેવી હતી તેનો સ્પષ્ટ ખ્યાલ શ્રી ધૂમકેતુના જીવનરંગમાંથી મળે છે. "શ્રી ધૂમકેતુએ એક સામયિકમાં નવલકથા લખવાનું શરૂ કર્યું. એ જોઈને અમૃતલાલ શેઠને પણ સૌરાષ્ટ્રમાં નવલકથા લખાવાની ઈચ્છા થઈ. ધૂમકેતુ સાથે એમનો પ્રાથમિક પરિચય થયો હતો. આથી તેમણે એક પત્ર લખ્યો. પણ તે ધૂમકેતુ પર નહીં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પણ ગરાસિયા કૉલેજના શિક્ષક શ્રી નાગરદાસ મુળજી ધ્રુવ પર લખ્યો. કારણ કે એ જમાનામાં ગોંડલમાં અમૃલાલ શેઠનો કાગળ સીધો કોઈના પર આવે તો એ બોંબ ગણાતો. શ્રી ધ્રુવે ધૂમકેતુને ખાનગીમાં બોલાવી તે પત્ર પાઠવ્યો. ધૂમકેતુ એ સમયે પ્રસિધ્ધ લેખક ન હતા. પણ શેઠની ધાક સારી હતી. આથી તેમની શકિત પારખી ગયા અને નવલકથા લખવા તૈયાર થયા.''[૩૧]

શેઠ પોતે કવિનો જીવ પણ ધરાવતા હતા. પોતાનું કવિહૃદય પરખાઈ આવે તેવા ગણ્યા ગાંઠયા કાવ્યો તેમણે રચ્યાં હતાં. યુવાનીમાં દેશ પ્રેમથી પ્રેરાઈને ચાલો, વહાલા જગતભરના મોજ શોખો ત્યજી દો, લખેલું એ પહેલાં લીંબડીના યુવરાજ અને અંગતમિત્ર દાદાસાહેબને ઉદ્દેશીને પણ કેટલાંક કાવ્યો લખ્યાં હતાં. તેઓ પ્રકૃતિથી એક વિરલ અને નીડર પુરુષ હતા. વીરતાના પૂજક શેઠ કરુણાના કવિ પણ હતા. કવિ કલાપીના આંશિક હતા. પોતે કવિનો જીવ એટલે કાવ્યોની કદર પણ વિના સંકોચે મનમૂકીને કરતા. એમણે જે લખ્યું છે તે બધુ એમના શબ્દ સામર્થ્યમાંથી પ્રાપ્ત થાય છે. ગુજરાતી ગદ્યના વિશિષ્ટ સ્વરૂપનો પરિચય આપતી સામગ્રી આપણને તેમની પાસેથી મળે છે. તેમણે અનેક સંગ્રામો પરાક્રમપૂર્વક ખેલ્યા હતા, તે સાબિત કરે છે કે તે સાચા અર્થમાં યુધ્ધવીર હતા. રાજસ્થાનીઓનું વિલીનીકરણ સરળ બન્યું એમાં શ્રી અમૃતલાલભાઈનું પ્રદાન નિર્ણાયક અને મહત્ત્વનું હતું.

ગુજરાતનું પત્રકારત્વ જગત અમૃતલાલભાઈનું વિસ્મરણ કયારેય કરી શકે નહીં. અરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવનનું નામ જ તેમના નામે છે. એ.ડી.શેઠ પત્રકારત્વ ભવન એટલે કે અમૃતલાલ દલપતભાઈ શેઠ પત્રકારત્વ ભવન. તેઓ મંડળી સાથે કયાંય નીકળે તો તેમની ચમક જુદી જ તરી આવે. લીંબડીમાં મજિસ્ટ્રેટ હતા ત્યારે ગુલાબી સાફો બગલમાં દબાવીને મસ્ત જુવાનની માફક ફરે. દેશી રાજયોનો કેસ ઉકેલવા અભ્યંકર અને ચુડગર લંડન ગયા હતા એ પહેલાં ચુડગરની જગ્યાએ શેઠ પોતે જવાના હતા પણ લંડનમાં દેશી પ્રજાની વાત રજૂ કરવાની વાતને ચુડગરે વાહિયાત ગણાવેલી અને તેનો વિરોધ કરેલો. શેઠે એમના ગળે વાત ઉતરાવીને ચુડગરને જ લંડન મોકલવાનું સૂચન કર્યું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મારવાડી હોલમાં ચુડગરને સન્માનવાની સભા બોલાવીને તેમનું જ જવું જરૂરી છે તેમ શ્રોતા પાસે બોલાવડાવ્યું. શેઠની વાણીમાં અદ્‌ભુત તાકાત હતી.

રાજકારણમાં પોતે જ પડવું ને નામ કમાવું એવી એમની વૃત્તિ નહોતી. દેશનું કામ થાય તે જ મુદ્દો તેઓ પકડી રાખતા. અમદાવાદ જિલ્લા લોકલ બોર્ડમાં હાર્યા એટલે બીજીવાર ઊભા ન રહ્યા. પણ દીવાન બહાદુર મોતીલાલ શેઠને પોતાની સર્વ શકિતઓ વાપરીને પણ જીતાડયા. તેમને પ્રમુખ બનાવીને મિટિંગમાં જે કામ કરાવવાનું હતું. તે બધું પ્રમુખની મદદથી કરાવી લીધું.

વ્યવહારિક કાર્યમાં સામાજિક દષ્ટિએ નામોશી મળે, ને પોતાનું નીચું દેખાય તેવી સ્થિતિ ઉપજે તો પણ જો પોતાની ભૂલ હોય તો બે ધડક ખુલ્લા હૃદયે માફી માગતાં અચકાતા નહીં. શેઠ જયારે ધારાસભામાં હતા અને નવી ચૂંટણીમાં ઊભા રહે તો ઝળહળતી પ્રતિષ્ઠાને કારણે ચૂંટાઈ પણ આવે તેમ હતા છતાં ૧૯૩૦ની ચૂંટણીમાં ઊભા ન રહ્યા. એમના ખિસ્સામાં એક રાતી પાઈ પણ ન હોય તો પણ તેઓ હજારો રૂપિયાનું જોખમ ખેડી જાણતા. એક વખત ઘોલેરાને બંદર તરીકે વિકસાવવાની યોજના અડધી રાત સુધી બેસીને વિચારી, મિત્રોને સમજાવી. ધોલેરાની ખાડી ખોદાવીને તેને અમદાવાદની સાબરમતી સુધી પહોંચાડી ગુજરાતને વેપાર ધંધાથી ધમધમતું કરી દેવાની એમની કલ્પના હતી. પછી તો ગાંઠના પૈસા ખર્ચીને કેટલાય સરકારી અમલદારોને બોલાવીને યોજના સમજાવતા પરંતુ કોઈનામાં એમના જેટલી પ્રજા માટે કંઈક કરી છૂટવાની ધગશ અને તાલાવેલી નહોતી એટલે કામ આગળ જ ન વધ્યું.

સૌરાષ્ટ્રમાં અને સૌરાષ્ટ્ર બહાર ભાઈની ઉદારતા અને સંવેદનશીલ હૃદયની પ્રતિષ્ઠા એટલી બધી હતી કે ગમે તે માણસ ગમે તે ઘડીએ એની અંગત મદદ માટે રાણપુર ઉતરી આવતું. એકવાર એવું બન્યુ કે એક લેખક બિરાદર સાથે તેમને આંખનીય ઓળખાણ નહીં. એ લેખક પર કોઈ પ્રકારનો કેસ થયો હતો. અંદરો અંદર પતાવટમાં પણ રૂા. ૧૨૫ ચૂકવવા પડે તેમ હતા. એ જમાનામાં લેખક પાસે આટલા રૂપિયા કયાંથી હોય બહુ વિચાર કરી એક રાત્રે સીધા રાણપુર આવી પહોંચ્યા. પોતાની આપવીતી શેઠને સંભળાવી, શેઠ તો પીગળી ગયા. નમ્ર શ્વરે ફોસલાવતા હોય તેવા અવાજે ખજાનચીને બોલાવીને તિજોરીમાંથી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

રૂ ૧૨૫ આપવા કહ્યું. એ વખતે સૌરાષ્ટ્રની તિજોરી લગભગ ખાલી જ રહેતી. આથી પૈસા આપવાની બાબતમાં ખૂબ કડક વલણ દાખવવું પડતું. કર્મચારીઓનો પગાર ચૂકવવામાં પણ રૂ ૨૫૦ ખૂટતા હતા. તેમાં પેલા લેખકને પૈસા કયાંથી આપવા પણ શેઠે કરગરતા ભાવે કહ્યું કે કાલે હું ગમે ત્યાંથી કરજ લાવીને પણ તમારી રકમ પૂરી કરી દઈશ. પણ આજે આ બિચારા લેખકને મદદ કરો. તેઓ કોઈનું દુઃખ સહી શકતા નહીં.

પતિયાળાના રાજાના જુલમો સામે જયારે શેઠ જોરદાર લડત ચલાવતા હતા ત્યારે એ રાજાએ જીકાકાને મારવા માટે ચારે બાજુ એના માણસો ફરતા કરી દીધા હતા. શેઠ કયાંય પણ દેખાય તો ઠાર કરી દેવાની સૂચના હતી. પણ એવા કપરા સંજોગોમાં પણ શેઠ માથુ હાથમાં લઈને પોતાના કામ કરવા ઉપડી જતાં. મુંબઈમાં સૌરાષ્ટ્રના ગુપ્તપ્રયાગ વેરાવળમાં જયાં જયાં મુસ્લિમ હુલ્લડો થયા ને જયાં જવાની કોઈ હિંમત ન કરે ત્યાં તેઓ ખુલ્લે આમ જાનને જોખમે જતાં સમાચાર મેળવતા અને છાપતા.

અમૃતલાલ શેઠ લિખિત જાપાનની ખેતીવાડી પુસ્તક વાંચીને એમ થાય કે આવા ઉત્સાહી,ઊર્મિલ વ્યકિતએ આવા કોઠાને આંકડાનું કપરું કામ કેમ કર્યું હશે? પોતે આદરેલા વહાણવટાના કામમાં ખોટ ગઈ ત્યારે શાંત બેસી રહેવાને બદલે તેમના સતત કાર્યશીલ મગજે દેશના ખેડૂતોને ઉપયોગી નીવડે એવું પુસ્તક લખી નાખ્યું. એક તરફથી જાપાનની પ્રતિષ્ઠિત સંસ્થાએ એ પુસ્તકનો સત્કાર કર્યો. તો બીજી બાજુ ગાંધીજી પણ પુસ્તક જોઈને રાજી થયા. પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે કહ્યું હતું કે, "જાપાન પાસેથી મેળવેલા આ જ્ઞાનનો ઉપયોગ મારા દેશની પુર્નરચનામાં થઈ શકે એ દષ્ટિએ મેં આ પુસ્તક તૈયાર કર્યું છે."[૩૨] ઉપરાંત સર મણિલાલ બી. નાણાવટીએ પણ આ પુસ્તક માટે વીસેક પાના જેટલી વિસ્તૃત પ્રસ્તાવના લખી છે.

નેત્રયજ્ઞ નામ પણ કોઈએ ન સાંભળ્યું હોય તેવા સમયે આજે સુરેન્દ્રનગર તરીકે ઓળખાતા વઢવાણ કેમ્પમાં શેઠે નેત્રયજ્ઞ કર્યો હતો. લાહોરમાં શ્રી શેઠને ડૉ. મથુરાદાસ મોગાવાળાનો પરિચય થયો હતો. મોતિયાના ઓપરેશન કરવાની તેમની અદભુત કળાથી શેઠ આકર્ષાયા હતા. આથી તેમણે ડૉકટર સાહેબને કેમ્પમાં આવવા આમંત્રણ આપ્યું હતું. આ યજ્ઞમાં કાઠિયાવાડના ખૂણે ખૂણેથી ડૉકટરો અને નર્સો આવ્યા હતા. યજ્ઞ માટે પૈસાની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વ્યવસ્થા તો કોઈ ચમત્કારિક રીતે જ થઈ હતી. મોરબીના રાજાએ તો એક ધડાકે બાર હજાર રૂપિયાનો ચેક લખી મોકલ્યો હતો. શેઠનો સ્વભાવ કોઈ કામને વિલંબમાં નાખવાનો નહોતો. આમ ઘણી સેવાઓ તેમના થકી શરૂ થઈ હતી.

## પત્ની અને પરિવાર :

જીવનભર અન્યના કલ્યાણ અર્થે દોડાદોડી કરનારા અમૃતલાલ શેઠ પરિવારને ઓછો સમય આપી શકતાં. પરંતુ પરિવાર વત્સલ પૂરેપૂરા હતા. શ્રી રતિલાલ શેઠને અમૃતલાલ શેઠે પુત્ર સમાન રાખ્યા હતા. પુત્રીઓમાં લાભુ,મનુને રુકમણિ તો હતાં જ. જીવનના અંતિમ દિવસોમાં તેમણે શ્રી રતિલાલને લખેલા પત્રમાં લખ્યું હતું કે," હમણાં હમણાં મારું મન ઘર તરફ વળ્યું છે. મને એમ થાય છે કે હું બધાંથી વિખૂટો થઈને ભટકું છું. ઘણીવાર ખૂબ માનસિક પીડાઓથી કચરાઉ છું. ઘરનાની સાથે એમના પડખામાં રહી શાંતિ ઈચ્છું છું પણ મને લાગે છે કે મારી ફરજ બીજી જગ્યાએ છે. જગતસેવા કરનારે મમત્વ અળગા કરવા ઘટે. એટલે એ ગૃહસૂત્રો કાપી નાખવા ઘટે અને બહારના દુઃખ,અશાંતિ,ઝઘડા એ બધા બરદાસ્ત કરવા પડે. એનાથી કંટાળવું એમાં સેવા નથી એમાં રચ્યા રહેવું એમાં તપશ્ચર્યા છે. પણ આજે હું ખૂબ ખૂબ માનસિક કલહોમાં પડયો છું."[૩૩]

તેમના પુત્રી લાભુબેનના શબ્દોમાં તેમના નાનપણનો એક દાખલો રસપ્રદ છે. જયારે લાભુબેન નાંનાં હતાં ત્યારે અંધારાથી ખૂબ ડરતાં હતાં. શેઠ એમનો ડર કાઢવાનો રોજ પ્રયાસ કરતા હતા. તેઓ લાભુબહેનને કહેતા કે,"જો હું તને બોલાવ્યા કરીશ લાભબા લાભબા તારે સામે અવાજ આપવાનો જીકાકા જીકાકા એટલે પછી તને ડર નહીં લાગે અને ખરેખર લાભુબેન એમ કરતા ત્યારે તેમને અંધારા ઓરડામાં જતાં જરા પણ ડર ન લાગતો. તેઓ  હંમેશા બાળકોને કાલી કાલી ભાષામાં બોલાવે તેમને પ્રેમથી સવારે ઉઠાડે."[૩૪]

બે ત્રણ પેઢીએ દૂરના કાકાના દીકરા ભાઈ અત્યંત નાના ગામડામાં રહેતા હતા. તેઓ નાની વયે જ ગુજરી ગયા. આથી શેઠ ઘેરી ચિંતા અને શોકથી ત્યાં દોડી ગયા. તેમના પત્નીને આશ્વાસન આપીને તેના પુત્રને પોતાની સાથે લઈ ગયા. તેને ઘરનો સભ્ય બનાવીને દીકરાની જેમ ઉછેર્યો, ભણાવ્યો, પરણાવ્યો અને રસ્તે ચડાવ્યો. જયારે લાભુબેનનાં સગાં કાકી ગુજરી ગયા ત્યારે એમનાં સંતાનોને પણ પોતાના કુટુંબમાં સમાવી લીધાં. બાળકો વચ્ચે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સ્પર્ધા અને ઝઘડા થાય તે વાતથી તેઓ અજાણ નહોતા. આથી સદાય સૌને સંપીને રહેવાની સલાહ આપતા. જયારે સત્યાગ્રહ વખતે જેલમાં હતા ત્યારે પણ પત્ર દ્વારા બાળકોને સંપીને રહેવા માટે શિખામણ આપતા હતા.

બાનું શબ્દચિત્ર આલેખતા લાભુબેન મહેતા પોતાના પુસ્તકમાં લખે છે કે," પાણી ભરેલી બે હેલ માથે મૂકી એકાદ માઈલ દૂરથી છૂટે હાથે,સ્થિર અને ગંભીર ડગલાંથી ચાલી આવતી મારી બા. એનો પાતળો સશકત દેહ કોઈ કાઠિયાણીના રૂપનો ભાસ કરાવતો હતો. એ રૂપ હંમેશા દોઢિયા સાડલાની લાજમાં ઢંકાયેલું રહેતું. રૂઢિચુસ્ત સાસુના શાસન તળે પરોઢિયે ચાર વાગે ઊઠી દળણું દળતી, લાજ કાઢતી, રસોડામાં ચૂલો ફૂંકતી,એઠાં વાસણનો ગંજ સ્વસ્થ ચિત્તે માંજી નાખતી, ને મોડી રાત્રે થાક અને ઊંઘથી બિડાઈ જતી આંખને પરાણે ખુલ્લી રાખી. સાસુના પગ દબાવતાં મારાં બા."[૩૫]

જૂના જમાનામાં સ્ત્રીની હિંમત ઓછી અંકાતી. શેઠનાં બા ખૂબ પ્રતિભાશાળી અને સ્વભાવે કડક હતાં. શેઠના પત્ની અને મોટાભાભી ઘરનું સઘળું કામ કરીને દાળ રોટલા ખાઈને જ દિવસો કાપે. સારું શાક અને ચા દૂધ તો ભાગ્યે જ જોવા મળે. શેઠે આ વાતને બરાબર ધ્યાનમાં રાખીને વચ્ચેનો રસ્તો કાઢયો. વળી, પોતાના બા માટે એમના દિલમાં અનહદ ભકિત અને પ્રેમાદર હતો. એક વખત તેમણે એમના બાને કહ્યું કે મારા ત્રણ મિત્રો ઘરે જમવા આવવાના છે તો રસોઈ સારી કરાવજો. બા એ તો સારા પકવાન બનાવડાવ્યા પણ બપોર સુધી કોઈ જમવા ન આવ્યું. અમૃલાલ શેઠ પોતે હાજર થયા ને કહ્યું કે મિત્રો તો આજે આવી શકે તેમ નથી. એટલે મને પીરસી દો. બા દીકરાને પ્રેમથી જમાડે. પણ બાકીનું વધે તેનું શું કરવું પછી બા બોલે વહુ હવે તમે જ આ જમી લો. મહેમાન તો ન આવ્યા. આમ શેઠની મહેરબાનીથી વહુને સારા ભોજન જમવા મળી જાય. આમ, માતાની આમન્યા તોડયા વિના ઘરના સ્ત્રી વર્ગની ચિંતા સેવતાને એમને સુખ આપતા.

શૂન્યમાંથી સર્જન કરવું, સૌને પોતાના માની લેવા, અનેક અગવડોની વચ્ચે હસતા રહી સંસાર ચલાવવો એ બધુ એમના પત્નીના જીવનનો એક ભાગ બની ગયો હતો. સૌરાષ્ટ્રમાં સો થી વધુ લોકો એક પરિવારની જેમ રહેતાં અને સાથે જ જમતા અને રોજનું સો લોકોનું જમવાનું શેઠના શ્રીમતીજી બનાવતા. બહારગામથી ઉપરાંત બાજુના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગામડાઓમાંથી સાંજ સવારને મોડી રાત્રે પણ મહેમાનો આવતા અને એ સૌનું આતિથ્ય તેઓ સરખા ભાવ અને સરખા જ સ્નેહ સાથે કરતાં. જયારે તેઓ રાણપુર રહેતા હતા ત્યારે યથાશકિત સારી નહોતી. તો પણ આછુ પાતળું દાન કરતા. જયારે મુંબઈમાં વસવાટ કર્યો ત્યારે સિધ્ધિ અને પ્રસિધ્ધિ તો ટોચ પર હતા ત્યારે પણ ગરીબ ઘરોને યાદ કરીને કપડા, કોઈને અનાજ,કોઈને પૈસા,કોઈને શિષ્યવૃત્તિ એવું એવું મોકલવાનું એમને માટે સહજ હતું. વૃધ્ધાવસ્થામાં પણ ઉપાશ્રય કે દેરાસરમાં દર્શને જવાનું કે ત્યાં કોઈને કોઈ પ્રકારનું દાન કરવાનું ચાલું હતું. ગરીબ બહેનોને કપડા,અનાજ એમને ઘેર જઈને હાથોહાથ આપવામાં એમને સંતોષ થતો. વડીલોની મૃત્યુ તિથિ પર કે જન્મદિન પર એ બાળકોને દૂધ, નાસ્તો, વૃધ્ધોને કપડાં તથા દવા,ગરીબ મજૂર બહેનોને જૂનાં કપડાં, પાંજરાપોળનાં ઢોરને ઘાસચારો, કબૂતરને ચણ આ બધું જ આપવું એના રોજિંદા જીવનમાં વણાઈ ગયું હતું.

### અંતિમ વિદાયઃ

અમૃતલાલ શેઠની સવારના વહેલા ઉઠવાની ટેવ હતી. લાભુબહેન મહેતા એ અશુભ દિનને યાદ કરતાં લખે છે કે,''શુક્રવાર તા. ૨૩મી જુલાઈ, બપોરે ૧ વાગ્યે ઘરે આવ્યા. માથું ભારે લાગતું હતું. એટલે છાશ ખાખરો ખાઈને સૂઈ ગયા હતા. તરત બેચેની થઈ એટલે બૂમ પાડી, મારા બા, મનુભાઈ,નરેન્દ્ર,શાન્તાબેન દોડી આવ્યા. બે ત્રણ ઉલ્ટીઓ થઈને શરીર ઠંડુ પડી ગયું. મનથી તેઓ સ્વસ્થ હતા. ડૉકટરને બોલાવવા અમે પણ દોડી ગયા. એકાદ કલાકે સારું થઈ ગયું પણ એ ભ્રામક હતું. સાડા ચાર વાગે હૃદયરોગનો હુમલો થયોને પળવારમાં સ્થિતિ ચિંતાજનક બની ગઈ.''[૩૬]

અચાનક પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ કે ડૉકટરોએ આશા છોડી દીધી અને છેલ્લી વાર વાતચીત કરી લેવા કહ્યું. સૌ કુટુંબીજનો ભાંગી પડયા. અંતે લાભુબેનના પતિ સોપાન હિંમત કરીને આગળ વધ્યા અને પૂછયું ,''જીકાકા કાંઈ કહેવું છે તમારે? અહિં બધા ઉભા છે.'' આંખ ઉઘાડી મીઠું મલકીને તેઓ બોલ્યાઃ ''ડોકટરોને અને તમને લાગે છે કે મારો જવાનો સમય થઈ ગયો છે પણ એવું નથી હવે મને સારું છે. મારું મન શાંત છે. ઈશ્વરની ઈચ્છા અનુસાર બધું સારું થાય છે. કોઈએ શોક કરવાનો નથી. અને બધા જ રડી પડયા અને એ પછી એમણે ધીમે ધીમે પોતાની અંતરની ભાવનાઓ પ્રગટ કરવા માંડી તેમાં નહોતી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વિદાયની વેદના કે ન તો બધું છોડી જવાનો વલોપાત. જે સેવાઓ અધૂરી રહી તે પૂરી કરવાની એમના બાળકો માટેની પ્રેરણા જ હતી. પોતાના બાળકોને સંપીને રહેવા, વડીલોની સલાહ માનવા એકબીજાને સાચવવા ને ગરીબોને મદદરૂપ થવાની પ્રેરણા આપી અંતે નવકારમંત્રો ઉચ્ચારવાનું શરૂ કર્યું અને ઘરના સર્વે પણ તેને જ અનુસર્યા. આ ઘટના પછી અમૃતલાલ શેઠ મોત સાથે યુધ્ધ કરતાં હોય તેમ છ દિવસ જીવ્યા. આ દિવસો દરમ્યાન બધા જ અંગત સ્વજનો આવીને તેમને મળી ગયા હતા. ૧૯૫૪ના જુલાઈની ૩૦મીને શુક્રવારે હૃદયરોગના હુમલામાં ૬૩ની વયે એકાએક એમનો જીવનદીપ બુઝાયો ત્યારે મુંબઈ સૌરાષ્ટ્ર ગુજરાત જ નહી પણ સમગ્ર દેશની જનતાએ આંચકો અનુભવ્યો. એમના જવાથી રણ મેદાન ખાલી પડયું હોય તેવું લાગ્યું. એક મહાસેનાનીની લડાઈ અધૂરી રહી અને તેની વિદાય થઈ.

તેઓ હંમેશા શૂરવીર પ્રજાની ચાહના કરતા હતા. જીવનભર એમનું સ્નેહ ઝરણું તેમના મિત્રો,સ્નેહીઓ અને પરિવારજનો પર વહયા કરતું હતું. આજે તે સ્થૂળ સ્વરૂપે તો હાજર નથી પણ તેમના વિચારો લેખો અને શબ્દો સ્વરૂપે હજુય જીવિત છે.

## (૨) જન્મભૂમિનો પ્રારંભ અને વિકાસ :

તા. ૯ મી જૂન, સને ૧૯૩૪ના રોજ મેડોઝ સ્ટ્રીટ ખાતેથી અમૃતલાલ શેઠે જન્મભૂમિનો આરંભ કર્યો. જેના પ્રથમ અંકનો અગ્રલેખ સૌપ્રથમ આપણે જોઈ લઈએ.

'જન્મભૂમિનો કોલ'

જીવન એ યોજના હશે કે અકસ્માત? જાહેર જીવન એ તો સંપૂર્ણ અને વ્યવસ્થિત યોજનાનો જ પરિપાક હોવો જોઈએ. જગતભરમાં ચાલી રહેલી પંચવર્ષીય યોજનાઓની પ્રવૃત્તિ પછી તો સારી જનતા અર્થેની સુખ સાધના યોજના પૂર્વકજ થઈ શકે. એ માન્યતાએ શકયતાની દુનિયામાં પ્રવેશ કર્યો છે. છતાંયે મારે તો એકરાર જ કરવાનો રહે છે કે મારા જાહેર જીવનમાં યોજના કરતાં અકસ્માતે જ પ્રધાનપદ મેળવ્યું છે.

સૌરાષ્ટ્રનો જન્મ એક સાફ સાફ અકસ્માત હતો. વર્તમાનપત્રની દુનિયાની જયારે મને ગંધમાત્ર નહોતી મુદ્રણાલયની એક નાનકડી ખીલી સાથે પણ જયારે મને ઓળખાણ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નહોતી વર્તમાનપત્રના તંત્રી બનવાનું જે વખતે મને સ્વપ્નું પણ નહીં આવેલું તેવે વખતે મેં સૌરાષ્ટ્રનો પ્રારંભ કર્યો.

''એક સ્મરણ'':

સને ૧૯૨૧ના જુલાઈ માસનો એ પ્રસંગ હજીયે ચિત્રપટના ચિત્ર માફક મારી દષ્ટિ સન્મુખ ખડો થયો છે. ધ્રાંગધ્રા રાજયની સતામણીઓનો વિરોધ કરવા મુંબઈમાં મોરારજી ગોકળદાસ માર્કેટના હોલમાં એક સભા હતી. મારા દિલના દર્દની કહાણી હું સભાજનોને સુણાવતો હતો હું કહેતો હતો કે 'અમારા અંતરની આગ ઠાલવવાનું પણ આજે તો અમારી પાસે સાધન નથી. વર્તમાન પત્રો તે પીડિતોને પીડામાં હિસ્સેદારી કરે કે રાજસ્થાનીના રાજવી વિલાસોની બરદાસ કરે ? અમારે તો વર્તમાનપત્ર જોઈએ એવું કે જે અમારાં આસુંથી રેલાય. જે અમારા લોહીથી લખાય.

કેટલાક મિત્રો વ્યાસ પીઠ પર બેઠા હતા. હું જેવો બેઠો કે તરત જ એક મિત્ર બોલ્યો ''તો તમે કહો છો એવું વર્તમાનપત્ર તમે જ કાઢોને ?''

મેં કહ્યું : ''પૈસા જોઈએ ને ?''

''કેટલા જોઈએ ?''

''પચ્ચીસ હજાર''

''તો જાઓ આપ્યા''

''તો લીધા''

તરતો તરત હું કાઠિયાવાડ પહોંચ્યો. રાણપુરમાં બેઠો અને 'સૌરાષ્ટ્ર' શરૂ થયું. બાકીનો ઈતિહાસ તો સારુંય ગુજરાત જાણે છે. આ જન્મભૂમિ પણ આવો જ એક અકસ્માત છે.

''સન'' અને ''જન્મભૂમિ'':

હું કાઠિયાવાડથી મુંબઈ આવ્યો છું. અનેક મનોરથોનું ભાથું બાંધીને આવ્યો છું. અને મારા જીવનના બધા મનોરથો તો રાજસ્થાની પ્રજાના હિતકાર્યની આસપાસ જ વીંટળાઈ રહ્યા છે. એ કાર્યના મારા અનુભવોએ મને એક વસ્તુની પ્રતીતિ કરાવી છે કે એ કાર્યની સિધ્ધિ રાજસ્થાની પ્રજાની માલિકીનું અંગ્રેજી વર્તમાનપત્ર હોય તો જ થઈ શકે. એ માટે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

છેલ્લાં લગભગ પાંચ વર્ષ થયા હું વિચાર કરતો હતો. એને અમલમમાં મૂકવાનો અવસર આ વખતે મળ્યો ને આપ સૌ જાણો છો તેમ અંગ્રેજી દૈનિક સન મેં શરૂ કરી દીધું છે.

'સન'ના જીવનનો આ ત્રીજો માસ ચાલે છે એમાં થયેલા અનુભવોની વાતોથી આપને કયાં ત્રાસ આપું? મારા જીવનમાં નહીં થયેલાં અનુભવો અનુભવી રહ્યો છું. કદી નહીં થયેલી મુઝવણોથી મુંઝાઈ રહ્યો છું. 'સન'ને જોડીદાર આપ્યા વિના એના કે મારા જીવનની મુઝવણ કરી શકે તેમ નથી લાગતું. એટલે જ મારા કાર્યની અનિવાર્ય જરૂરિયાત તરીકે જન્મભૂમિનો વિચાર આવ્યો હતો અને તેને તરત અમલમાં મૂકું છું.

વર્તમાનપત્રોના સંચાલક તરીકે કામ કરવાના કે વર્તમાનપત્રના ધંધાદારી થવાના મારા મનોભાવ નથી. કોઈની સામે હરીફાઈઓ કરવાના કોઈની સાથે લડવાનાં, કોઈને તોડી પાડવાના મને સ્વપ્ને પણ નથી. હું તો મારા કાર્ય માટે મુંબઈ આવ્યો છું અને આજે ગુજરાતી વર્તમાનપત્ર સિવાય એ કાર્ય સાધના નથી થઈ શકતી એટલે 'જન્મભૂમિ'નો પ્રારંભ કરવાની રજા લઉં છું.

''પ્રેમની ભિક્ષા'':

મારી ઈચ્છાઓ તો સને ૧૯૨૧માં હતી તે આજે છે જન્મભૂમિએ દુઃખીઓના આંસુનું પાત્ર બનશે. જાલિમોના જુલમોનું એ ચિત્રપટ બનશે. આજે એનો પોશાક ભલે નવો છે, પણ કલેવર એનું એજ જૂનું,ખખડધજ, સો લડાઈઓ લડેલા અને એકસો એકમી લડાઈને માટે તૈયાર એવો જોશ ધરાવનારું છે.

આજની પરિસ્થિતિ વિકટ છે, છેલ્લા આખા દશકામાં નહીં જોયેલી એટલી જ વિકટ છે, રાજસત્તાના વિજયજનિત જોરને કારણે વિકટ છે, પ્રજાપક્ષના પરાજયજનિત નિરાશા અને નિર્બળતાને કારણે વિકટ છે. પણ સિપાઈનું કાર્ય તો વિકટતાઓને વીંધીને આગળ ચાલવાનું છે. નિરાશાના અંધકારમાં આત્મબળની બત્તી પેટાવી એના પ્રકાશને આગળ ધપવાનું છે.

જન્મભૂમિ એ કાર્ય કરશે ડરશે નહીં કે ડગશે નહીં, ખાસ કરીને રાજસ્થાની પ્રજા પોતાની પડખે જૂનો અને નિમકહલાલ દોસ્ત જોશે. સમસ્ત ગુજરાતની પ્રજા તેનો હંમેશા સેવક અને આરાધક જોશે બાકી તો કોઈના કહ્યા કાંઈ હંમેશા થાય છે કે થવાનાં છે?



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સૌરાષ્ટ્રનાં બાર વર્ષો આપે સૌએ જોયાં છે. રોશનીનો પ્રારંભ આપે જોયો છે. સન અને જન્મભૂમિ એ પગલે ચાલશે.

આપનો પ્રેમ માંગું છું, સહકાર માંગું છું, સહાય માંગું છું, સને અને જન્મભૂમિને આપના કરી રાખજો એ સદા આપનાં છે અને રહેશે.''

જન્મભૂમિ તા. ૯મી જૂન, સને ૧૯૩૪ —અમૃતલાલ શેઠ''[૩૭]

તે સમયે ગુજરાતીઓ સાથે અન્યાય થતો કે તેની કોઈ માહિતી અંગ્રેજી છાપામાં ન છપાતી. આથી શેઠે પોતે જ આફ્રિકામાંથી ૪ હજાર રૂપિયાનું ફંડ એકઠું કરીને ડેઈલી સન નામનું અખબાર કાઢયું. પણ તેણે ખાસ પ્રગતિ ન કરી. આથી તેને ઉગારવા ગુજરાતીમાં 'જન્મભૂમિ'માં શરૂ કર્યું.

'જન્મભૂમિ'ના રજતજયંતી અંક વર્ષ ૧૯૬૯માં છપાયેલી માહિતી મુજબ 'જન્મભૂમિ'નો આરંભ અને આશા અને મનોરથો છતાં આર્થિક મુસીબતો વચ્ચે થયો હતો. ૧૯૨૧માં મુંબઈમાંથી નાણાં મળતાં રાણપુરમાં સૌરાષ્ટ્ર શરૂ થયું. તેમ રાજસ્થાની પ્રજાનો અવાજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દુનિયા સમક્ષ અંગ્રેજી અખબાર દ્વારા રજૂ કરવાની શ્રી અમૃતલાલ શેઠની હોંશ હતી. જે માટે તેમને પૂર્વ આફ્રિકામાંથી રૂા. ૪૬૦૦૦ મળ્યા હતા અને એમણે ૨૩મી માર્ચ, ૧૯૩૪ ના રોજ ડેઈલી સન અખબાર શરૂ કર્યું. આ અખબારને સફળ બનાવવા માટે શ્રી શેઠે અસાધારણ જહેમત ઉઠાવી પરંતુ તેમને એટલી સફળતા ન મળી. આ બધી આર્થિક અને નાણાંકીય ભીંસમાંથી સંસ્થાને ઉગારી લેવા તેમજ રિયાસતી પ્રજાનો અવાજ સદા માટે ગૂંગળાઈ ન રહે એ માટે એકાદ અખબાર ચાલું રાખવા શ્રી શેઠે છેલ્લાં ડચકાં ભરતું 'ડેઈલી સન' મૃત્યુ પામે એ પહેલાં જ 'જન્મભૂમિ' પત્ર શરૂ કર્યું હતું.

'જન્મભૂમિ' ઉગતાં જ રાજસ્થાની પ્રજાનું મુખપત્ર ન રહ્યું. પણ એનો પ્રાણ બની ગયું. રિયાસતી કાર્યક્રમો માટે એ પ્રેરણામય બની ગયું. રિયાસતી કાર્યકરો માટે એ પ્રેરણારૂપ બની ગયું. સૌરાષ્ટ્ર કાઠિયાવાડ રાજકીય પરિષદનો બૂંગિયો ઢોલ બન્યું હતું. તો 'જન્મભૂમિ' અખિલ હિંદ રાજસ્થાન પરિષદનું ધામ બન્યું વિવિધ દેશી રાજયના પ્રજામંડળો, પ્રજા પરિષદો વગર પોત પોતાની ભાષામાં 'જન્મભૂમિ' જેવું અખબાર કાઢવાની તમન્ના અને આદર્શ ધરાવા હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'જન્મભૂમિ'ની શરૂઆત ૫૦૦૦ નકલોથી થઈ હતી તે વખતે મુંબઈથી સવારનું છાપું મુંબઈ સમાચાર નીકળતું હતું. જેણે મુંબઈ ક્ષેત્રે પોતાનું સ્થાન બનાવ્યું હતું. તેથી અમૃતલાલ શેઠે તેની સાથે હરીફાઈમાં ન ઉતરતાં સાંધ્ય દૈનિક તરીકે 'જન્મભૂમિ'ની શરૂઆત કરી 'જન્મભૂમિ'માં અગાઉ બપોરના ૧૧:૩૦ વાગ્યા સુધી સમાચારો લેવાતા હતા અને તેથી એ ખરા અર્થમાં સાંજનું છાપું હતું. આજ તો ગળાકાપ હરીફાઈને લીધે સાંધ્ય અખબારોએ પણ પોતાની ડેડલાઈન વહેલી કરવી પડે છે.

'જન્મભૂમિ'નો આરંભ થયો ત્યારે તેનું કાર્યાલય મુંબઈ ખાતે મેડોઝ સ્ટ્રીટમાં હતું. ૧૯૩૪ થી ૧૯૪૯ની અધવચ સુધીએ સ્થળે જ કાર્યાલય રહ્યું હતું. અત્યારના ઘોઘા સ્ટ્રીટમાંના મકાનનો પાયો ૧૯૪૭માં નખાયો હતો અને ૧૯૪૯ના વર્ષથી સૌરાષ્ટ્ર ટ્રસ્ટ હેઠળ ચાલતી બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર આજ સ્થળ બની ગયું.

જન્મભૂમિ સંસ્થાની શરૂઆતના વર્ષોમાં જ બીજી સવિનય ભંગની લડત પૂરી થવા આવી હતી. મહાત્મા ગાંધીજીએ સામુદાયિક સત્યાગ્રહ બંધ કરી વ્યકતિગત સત્યાગ્રહ શરૂ કર્યો હતો આથી મોટા પાયા પરનું લોકોનું જેલ ગમન બંધ પડયું અને હજારો સ્વતંત્ર સૈનિકો સજામાંથી મુકત થયા. મુંબઈ શહેર લડતનું કેન્દ્ર હોવાથી હજારો સૈનિકો જેલ મુકત બન્યા. પણ હવે કામધંધા રોજગારનું શું ? મોટાઓ તો ફરીથી પોતાના જૂના ધંધામાં મચી પડયા પણ નાના અને બિનઅનુભવીઓ રખડી પડયા એ વખતે સૌરાષ્ટ્રથી મુંબઈ આવી આ સંસ્થા શરૂ કરતાં જ શ્રી અમૃતલાલ શેઠે ઠરાવ્યું કે આ સંસ્થાના વ્યવસ્થા કાર્યમાં જેલ જઈ આવેલા સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે. આ રીતે દેશના કંઈક સૈનિકોને સંસ્થામાં પણ આશ્રય મળ્યો. શ્રી રાંગણેકર જેવા દેશના કંઈક સૈનિકોને સંસ્થામાં પ્રથમ આશ્રય અપાયો. એવી જ રીતે હરિજનોને પટાવાળાની જગ્યામાં પ્રથમ પસંદગી મળી. આઝાદીની ચળવળ જયારે ઉગ્ર બની ત્યારે 'જન્મભૂમિ'નું મુખ્ય કાર્ય આઝાદીની લડતને ટેકો આપવાનું પ્રચાર કરવાનું અને આઝાદીમાં સંકળાયેલા લોકોને મદદ કરવાનું હતું.

એ સમયે યુવાનોને આગળ ભણવા માટે 'જન્મભૂમિ' દ્વારા રૂા. ૫૦ની સ્કોલરશિપ અપાતીને તેના બદલામાં તેની સેવા લેવાતી હતી. 'જન્મભૂમિ' તા. ૧૫–૮–૩૫ થી ૫–૯–૩૭ સુધી તંત્રી પદે મણિશંકર ત્રિવેદી હતા. ત્યારબાદ ૧૯૪૦મી ૧૩મી ડિસેમ્બર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સુધી તેના તંત્રીપદે શ્રી શામળદાસ ગાંધી હતા. તેઓએ 'જન્મભૂમિ'ની લોકપ્રિયતામાં ખૂબ ફાળો આપ્યો હતો. પરંતુ પછી અમુક કારણોસર તેમણે આ પત્ર સાથે નાતો તોડીને નવું પત્ર વંદેમાતરમ્ શરૂ કર્યું. વંદેમાતરમ્ની શરૂઆત સારી થઈ હોવા છતાં પણ આ પત્ર લાંબો સમય ચાલ્યું નહીં અને અકાળે બંધ થઈ ગયું.

જન્મભૂમિના રજતજયંતી અંકમાં રજૂ થયેલી માહિતી પ્રમાણે,''૯મી જૂન, જન્મભૂમિના પ્રકાશનનો પ્રથમ દિવસ હતો. આ દિવસે ભારતની રિયાસતોમાં પીળા પ્રદેશ તરીકે ઓળખાતા પ્રદેશમાં રહેતા કરોડો લોકોને અન્યાય સામે લડત ચલાવવાની, જવાબદાર રાજયંત્ર પ્રાપ્ત કરવાની, રિયાસતી પ્રજાની આકાંક્ષાઓને વાચા આપવાની રિયાસતી રાજવીઓના ત્રાસને હિંમતપૂર્વક ખુલ્લા પાડવાની ખાતરી આપતો કોલ જન્મભૂમિએ આપ્યો અને જન્મભૂમિએ તેના પહેલા અંકના પહેલા પાનાથી આ કોલનું પાલન કરવા માંડયું હતું. પહેલા પાના પર જ મોરબીના ત્રાસનો ભોગ બનેલા ધરમશી મિસ્ત્રીની વાત આપવામાં આવી હતી.''[૩૯]

ગુજરાત સૌરાષ્ટ્રના અને રિયાસતોના સમાચાર ઉપરાંત દેશવિદેશના સમાચારો પણ પ્રથમ અંકથી જ જન્મભૂમિમાં વિશિષ્ટ રીતે સ્થાન પામતા હતા. આર્યલેન્ડના દેવેલેરાની ઘોષણા હિન્દી વજીર સામેના આક્ષેપો વગેરે સમાચારો પણ ચમકતા. જન્મભૂમિએ પ્રારંભથી જ જીવનના વિવિધ પાસાંને સ્પર્શતા ખાસ વિભાગો પણ શરૂ કર્યા હતા. આજકાલનું વ્યાપારી જગત એવા શીર્ષક હેઠળ વ્યાપારી સમાચારો છાપવામાં આવતા. ઉપરાંત 'કલમ–કિતાબ' નામનો વિભાગ તેના પ્રથમ અંકથી શરૂ થઈને ૨૫ વર્ષે પણ ચાલુ રહ્યો. રૂપેરી આલમના પડઘા અને પ્રતિબિંબ, મહાજનના મોંએથી, જત લખવાનું કે, લોકવાણી, કદમે કદમે, શબ્દોના સાથિયા, પરપોટા વગેરે વિભાગો પ્રારંભથી જ શરૂ થયા હતા. પ્રથમ અંકમાં કલમ કિતાબમાં સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો લેખ છપાયો હતો.

શરૂઆતના મહિનાઓમાં જન્મભૂમિએ ભારત અને ખાસ કરીને રિયાસતોના મુકિત સંગ્રામમાં ઝંપલાવ્યું અને રાજવીઓના દમનને ખુલ્લા પાડવાનું કામ કર્યું. એજ મહિનાઓમાં જન્મભૂમિએ મુકિતસંગ્રામમાં ભાગ લેનાર ગુજરાતના ખેડૂતોને સહાય કરવાની અપીલમાં પોતાનો સૂર પૂરાવ્યો. જન્મભૂમિએ વડોદરા રાજયનો દુષ્કાળની કરુણ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કથાઓને વાચા આપી અને દરિયાપારના દેશ બાંધવોને પડતી હાડમારીનો ખ્યાલ આપવાનું પણ એ ચૂકયું નહીં. ઝાંઝીબારના હિંદીઓને પડતી હાડમારીઓને લગતો શ્રી કે.વી. એસ. મેનનનો અહેવાલ પણ સૌપ્રથમ આજ છાપાએ પ્રજા સમક્ષ મૂકયો. આ બધાને પરિણામે જન્મભૂમિએ ઘણાંની ખફગી પણ વહોરી અને લીંબડીએ એના પર પ્રવેશબંધી પણ ફરમાવી.

ઈ.સ. ૧૯૩૬માં સર સયાજીરાવ ગાયકવાડના હીરક મહોત્સવનો પ્રસંગ આવ્યો. જન્મભૂમિએ આ પ્રસંગને પોતાના સમાચારોમાં ચમકાવવા સાથે અગ્રલેખ દ્વારા વડોદરાના રાજાને પ્રજાના સેવક બની રહેવા અપીલ કરી હતી. ઉપરાંત આ વર્ષ દરમિયાન જન્મભૂમિએ પ્રજાની મુકિતના પક્ષે રહેવાની કૂચ આગળ ચલાવી. સાથોસાથ સિકરના ચાલુ હત્યાકાંડના ઝાંબુઆની જનતા સામે રાજય તંત્રે આરંભેલા ત્રાસના,પતિયાળાના દમનના, ધોળકાના ખેડૂતોના, મહેસૂલ વિષયક પોકારના, દાહોદ જાલોદના ખેડૂતો પરના સિતમની કથા, કમળા નહેરુના દુઃખદ અવસાનની કથા, લિલિયાના આંસુની દર્દનાક કહાની, નવા વાઈસરોય સાથે મહાત્માજીની મંત્રણાની શકયતા, લુણાવાડાના ખેડૂતોની હિજરત, રાજકોટના રાજરંગ વગેરે અહેવાલો અને લેખો પ્રજા સમક્ષ રજૂ કર્યા હતા.

૧૯૩૭–૩૮નાં વર્ષો દરમિયાન ભારત માટેના ૧૯૩૫ના બંધારણનો અંશતઃ અમલ શરૂ થયો. પ્રારંભમાં કોંગ્રેસે બંધારણનો વિરોધ કર્યો અને પ્રાંતોમાં પૂતળા પ્રધાન મંડળોની સ્થાપના થઈ. કોંગ્રેસનો વિજય થયો. આ સાથે કોંગ્રેસી પ્રધાનમંડળોના પ્રજા જીવનના કાર્યોને જન્મભૂમિએ બિરદાવ્યા અને ફેલાવ્યા. ૧૯૩૮માં રાજકોટની જવાબદાર રાજતંત્ર માટેની લડતને પણ વેગ આપ્યો. ઉપરાંત આ બે વર્ષ દરમિયાન વિરમગામની અનાવારી માટેની ધમકીઓ અને બિકાનેરનું દમનરાજ, સયાજીરાવની સાર્વભૌમત્વ માટેની શતરંજ,જન્મભૂમિ પાસે સરકારે માગેલી જામીનગીરી સામે અદાલતમાં કરાયેલા પડકારમાં જન્મભૂમિને સાંપડેલો વિજય, માણસામાં ખેડૂતોએ ચલાવેલી લડત વગેરેના અહેવાલો જન્મભૂમિને પાને ચમકયા હતા.

ઉપરાંત જયપુરની જવાબદારતંત્રની માગણી લીંબડી અને હૈદરાબાદનું દમન, કચ્છના મહારાવને જવાબદાર રાજતંત્ર આપવા માટે અલ્ટીમેટમ વગેરે પ્રશ્નો પર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જન્મભૂમિએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ધીરે ધીરે દુનિયા એક ભયંકર વિશ્વયુધ્ધ તરફ કઈ રીતે ઘસડાઈ રહી હતી એનો ખ્યાલ જન્મભૂમિમાં પ્રગટતા સમાચારો,લેખો અને તસવીરો પરથી મળતો હતો. આ વર્ષો દરમિયાન જન્મભૂમિએ ચૂંટણીની બે પૂર્તિઓ, કાઠિયાવાડ અને કચ્છની પૂર્તિઓ પ્રગટ કરી હતી. આ સમય દરમિયાન જન્મભૂમિ એક કમાતા દૈનિક તરીકે સાબિત થયું.ખોટનો શબ્દ જન્મભૂમિના ચોપડામાંથી નીકળી ગયો.

રાજકોટની લડત ૧૯૩૮માં શરૂ થઈ હતી. એ સમયે ત્યાંના રાજવીઓ અને દીવાને અનેક પ્રકારના ત્રાસ ગુજાર્યા પણ પ્રજા અણનમ રહી. કસ્તુરબા ગાંધી અને બીજા સ્વતંત્ર સૈનિકો રાજકોટ ગયા અને પકડાઈ ગયા. દમનનો કોરડો પૂર જોશમાં વિંઝાતો હતો ત્યારે ગાંધીજી રાજકોટ ગયા. વાટાઘાટો કરી પણ કંઈ પરિણામ આવ્યું નહીં. છેવટે તેમને ઉપવાસનો માર્ગ લેવો પડયો. આ બધી ઘટનાઓના ખાસ અહેવાલો જન્મભૂમિમાં છપાતાં રહ્યાં. રાજકોટ બાદ જન્મભૂમિએ લીંબડીની લડતમાં 'લીંબડી જવાળામુખીની શિખર પર' શીર્ષક હેઠળ એક લેખમાળા પ્રગટ કરી હતી.

૧લી ઓગષ્ટ, ૧૯૩૯થી દારૂબંધી અમલમાં આવી ત્યારે જન્મભૂમિએ એક મહિના સુધી દારૂબંધીના ફાયદા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

જન્મભૂમિ દેશની પ્રજાના, રિયાસતી પ્રજાના ધબકારને સાંભળતું હતું અને એ સાંભળીને વિશ્વચોકમાં રજૂ કરતું હતું. ૧૯૩૯માં જન્મભૂમિ સંસ્થા તરફથી શ્રી રવિશંકર મહેતાના તંત્રીપદે પ્રવાસી નામનું સાપ્તાહિક શરૂ થયું. ૧૯૪૦ના ડિસેમ્બરમાં શ્રી મોહનલાલ મહેતા સોપાન કે જે અમૃતલાલ શેઠના જમાઈ પણ હતા તે તંત્રી બન્યા અને તે પછી થોડા મહિના બાદ પ્રવાસી કદ બદલાવી જન્મભૂમિના પ્રવાસીના નામે તે પ્રગટ થવા લાગ્યું.

રતલામમાં, રાજપીપળામાં, વડોદરા અને બીજા અનેક રિયાસતોમાં અમલદારશાહીને છૂટો દોર મળ્યો એ સાથે પ્રજા જાગૃતિ પણ વધવા લાગી. જન્મભૂમિ મૂળ તો રાજસ્થાનીઓ માટેનું અખબાર હોવાથી એમાં એ બધી ઘટનાઓનું પ્રતિબિંબ પડતું હતું. રિયાસતી પ્રજાની આશા અને આકાંક્ષાઓનું પ્રતીક જન્મભૂમિ જ રહ્યું હતું. દેશમાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આઝાદીની જંગનું જે પૂર ઉમટયું તેમાં જન્મભૂમિપત્રો પણ જોડાયા. સરકારના પગલાનાં વિરોધમાં જન્મભૂમિએ યુધ્ધને લગતી સરકારી જાહેરખબર છાપવાનું બંધ કર્યું.

ઈ.સ. ૧૯૪૩–૪૪ દરમિયાન મુંબઈ શહેરના અનાજના પ્રશ્નની પણ જન્મભૂમિએ ખાસ વિચારણા કરી અને શહેરની અન્ન સ્થિતિના ખાસ અહેવાલો આપ્યા. આ ઉપરાંત સૌરાષ્ટ્ર ગુજરાત વગેરે સ્થળે જયાં જયાં દુષ્કાળ અને અનાજનો પોકાર ઉઠયો ત્યાં જન્મભૂમિએ એના પાયાદાર અહેવાલો વાંચકો સમક્ષ રજૂ કર્યા. ૧૯૪૩માં જન્મભૂમિના જીવનનો ખાસ પ્રસંગ બન્યો. એની પાસે ૧૯૪૨ના નવેમ્બરની તા. ૨૬મીએ તમે નરી આપખુદી ફેલાવો છો ? એ શીર્ષક હેઠળ પ્રગટ થયેલાં શ્રી શ્યામાપ્રસાદ મુખરજીના લેખ સંબંધે જન્મભૂમિની રૂપિયા પંદરસોની જામીનગીરી જપ્ત કરી અને વધુમાં બે હજાર રૂપિયાની જામીનગીરી માગી. જન્મભૂમિએ આ હુકમને વડી અદાલતમાં પડકાર્યો અને એને તેમાં વિજય મળ્યો. આ પ્રસંગનો અહેવાલ ૧૦–૦૩–૧૯૪૩ના પહેલા પાને પ્રગટ થયો.

રજત જયંતી અંકમાં જણાવ્યું છે કે સમગ્ર સૌરાષ્ટ્રમાં ત્રાસ પ્રસરાવનાર ધાડપાડુ ભૂપતનો સૌરાષ્ટ્ર સરકાર સામનો કરતી હતી ત્યારે જન્મભૂમિ દ્વારા જોખમો ખેડીને પોતાના પ્રતિનિધિ દ્વારા છેલ્લામાં છેલ્લા અહેવાલ અખબારના પહેલા પાને છપાતા. તદ્ઉપરાંત ગોવા અંગેના આંદોલન વેળા જન્મભૂમિ સમાચારોમાં મોખરે હતું. તેણે અગ્રલેખની લેખમાળા ચલાવી હતી અને સમાચારો સાથે કદમ મિલાવતા કટાક્ષ ચિત્રો આપ્યાં હતાં.

૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે દેશ આઝાદ થયો. દેશભરમાં અજબ ઉત્સાહનું વાતાવરણ છવાયું તો બીજી બાજુ ભાગલાનું દુઃખ આવ્યું ને પાકિસ્તાનની રચના થઈ. ઠેર ઠેર કોમી તોફાનો ફાટી નીકળ્યા. પંજાબમાં મોટો હત્યકાંડ થયો. મુંબઈમાં પ્રચંડ વાવાઝોડું આવ્યું તેના અહેવાલો આપ્યા અને વીજળી પુરવઠો બંધ થતાં હાથે મશીન ચલાવીને પણ લોકોને જન્મભૂમિ પહોંચાડયું. તે સમયે નિઝામ સાથે ભારતના નેતાઓની અને સરકારની વાટાઘાટો, નિઝામની લશ્કરી તૈયારી વગેરેના કાશ્મીરની વહારે ભારત ધાર્યું અને કાશ્મીર ભારત સાથે જોડાયું વગેરે અહેવાલો જન્મભૂમિએ પ્રગટ કર્યા હતા. તંત્રી અમૃતલાલ શેઠે હૈદરાબાદની મુલાકાત લઈને ત્યાંની પરિસ્થિતિનો નજરે જોયેલો અહેવાલ જન્મભૂમિમાં રજૂ કર્યો હતો. જૂનાગઢના પ્રશ્નમાં જન્મભૂમિ હંમેશા મોખરે રહ્યું હતું. તોફાનની પ્રથમ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આગાહી પછીથી તોફાન શાંત પડયું ત્યાં સુધી જનતાની મજલમાં જન્મભૂમિ સાથે જ રહ્યું હતું.

૧૯૪૯–૫૦ના વર્ષો દરમિયાન કોરિયાનું યુધ્ધ અને ચીને તિબેટમાં કરેલી ઘૂસણખોરી ઉપરાંત ભોપાળમાં થયેલા દમનના સમાચારો જન્મભૂમિમાં આપ્યા હતા. સૌરાષ્ટ્રમાં લોકસભાનું થયેલું ઉદ્‌ઘાટન,ગોડસે આપ્ટેને મળેલી ફાંસીની સજા, તેજ બહાદુર સપ્રુનું અવસાન, સરોજીનીદેવીનું અવસાન, સરદાર પટેલનું અવસાન, બર્નાડશોનું મૃત્યુ, બ્રહ્મદેશની અરાજકતા,ગાંધી સ્મારક નીધિ માટે ઝૂંબેશ, ભાડા નિયમન ધારો કાશ્મીર પંચ, સૌરાષ્ટ્રમાં ગરસદારોની લડત, વડોદરાનું જોડાણ, પાઉન્ડનો અને રૂપિયાના મૂલ્યનો ઘટાડો, નહેરૂની અમેરિકાની મુલાકાત,સુઈગ્રામની સરહદે પાકિસ્તાની ગુંડાઓનો ત્રાસ, પૂર્વ બંગાળના હિન્દુઓની હિજરત પ્રજાસત્તાકની પ્રથમ સામાન્ય ચૂંટણીની તૈયારી,સૌરાષ્ટ્રમાં દારૂબંધી, ડાકુ ભૂપતના ત્રાસથી સાથી વીસી માંજરિયાનું મૃત્યુ, મુંબઈમાં સંપૂર્ણ દારૂબંધી, રમણ મહર્ષિનું અવસાન, નહેરુ લિયાકતની મુલાકાત, લઘુમતીઓને લગતા કરાર,સૌરાષ્ટ્રનું ફી વધારા સામેનું આંદોલન, કચ્છમાં પૂર વગેરે મહત્ત્વપૂર્ણ ઘટનાઓના અહેવાલો જન્મભૂમિએ છાપ્યા હતા.

આ વર્ષો દરમિયાન જન્મભૂમિ પત્રોની કચેરીઓ પોતાના ઘોઘા સ્ટ્રીટમાં આવેલા નવા મકાનમાં ખસેડવામાં આવી. સમાજ જીવનનું પ્રતિબિંબ નામનો એક નવો વિભાગ શરૂ કરી એમાં સમાજનાં વિવિધ પાસાંઓની તસવીરકથા રજૂ કરવામાં આવી હતી. એ જ રીતે 'ગોફણ ગીતા' અને 'આકાશની અટારી' નામના વિભાગો પણ આ વર્ષ દરમિયાન શરૂ થયાં. ૧૯૪૯માં ઘાટકોપરની ટેકરી પર વિમાન પર તૂટી પડતાં પત્રકારો અને બીજા ઘણા માર્યા ગયા. આ વિમાન અકસ્માતના સમાચાર આપનાર જન્મભૂમિ પહેલું છાપું હતું. જન્મભૂમિ પત્રો એટલે જન્મભૂમિ જ નહી મુંબઈ અને એક બાજુ ગુજરાત અને બીજી બાજુ મહારાષ્ટ્ર.

જન્મભૂમિ સંસ્થાએ સમગ્ર રાજયની સેવા કરવાના ઉદ્દેશથી મરાઠી દૈનિક લોકમાન્યને પોતાની પાંખમાં સમાવી લીધું અને એ પછી પ્રવાસી સાહિત્ય અને સંસ્કારી સુવાસ ફેલાવાના હેતુથી પ્રગટેલી એ સાપ્તાહિક આજે ગુજરાતીઓમાં સાપ્તાહિકમાં અગ્ર સ્થાને બિરાજે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૯૩૫માં જાન્યુઆરી મહિનામાં ઝાંઝીબારને લગતો મેનનનો અહેવાલ પ્રગટ થયો અને જન્મભૂમિએ અગાઉ અહેવાલ વિષે કરેલી આગાહીઓ સાચી ઠરી, ભાવનગરના બંદરને લગતી માહિતી જન્મભૂમિએ આપી અને એ પછી સિકરના શેખાવટી પ્રદેશના જાટ ખેડૂતોના સત્યાગ્રહની માહિતી એના પાનાઓ પર પ્રથમવાર ચમકી, એને લગતા અહેવાલ મોટા મથાળા હેઠળ છપાયા હતા.જન્મભૂમિ શિરોહીના ભેદભરમોની કથા પણ લખે છે. લુહારમાં થતાં અત્યાચારોને પણ નિર્ભય રીતે પ્રજા સમક્ષ મૂકી દે છે. વચ્ચે વચ્ચે ભારતમાં બનતા બનાવો પણ પોતાની વિશિષ્ટ રીતે ચમકાવ્યા છે એ સમયે એમાં મોહનભાઈ મહેતા,કરસનદાસ માણેક, નરભેરામ સદાવ્રતી વગેરે કામ કરતા હતાં.

જયારે આઝાદી મેળવવા માટેની લડત પૂરજોશમાં ચાલી ત્યારે જન્મભૂમિનું કાર્ય આઝાદીની લડતને ટેકો આપવાનું પ્રચાર કરવાનું અને આઝાદીમાં સંકળાયેલા લોકોને મદદ કરવાનું હતું.

ઈ.સ. ૫૫–૫૬ના ગાળામાં જન્મભૂમિએ રાજકીય શબ્દોનો શબ્દકોશ (ડિકશનરી) બહાર પાડી હતી જેની એક જ એડિશન બહાર પડી હતી. પણ તેમાં માહિતીનો ભંડાર સમાયેલો હતો.

શ્રી બકુલ બક્ષીએ એક લેખમાં લખ્યું હતું કે–''અનેક શહેરોમાંથી સમાચાર પત્રો પ્રકાશિત થતાં હોય છે. પણ બહુજ ઓછાં એવાં પત્રો છે કે જે પચાસ વર્ષથી વધારે ટકી શકે. આવી લોકપ્રિયતા મેળવવા માટે તેમની  નીતિ અને સમાચારોનું વિશ્લેષણ મહત્ત્વનો ભાગ ભજવે છે જો સ્તર જાળવી ન શકાય તો આ કાર્ય શકય નથી. પચાસ વર્ષનો સમય કાપ્યા બાદ સમાચારપત્ર એક સંસ્થા બની જાય છે. એનો વાંચક વર્ગ નિશ્ચિત હોય છે એની ભૌગોલિક સીમાઓ પણ નકકી થઈ જાય છે.''[૪૦]

જયારે ૧૯૩૪માં આ પત્ર શરૂ થયું ત્યારે ૫–૫–૩૪ના ફૂલછાબના અંકમાં છેલ્લા પાને એની જાહેરખબર આ પ્રમાણે છપાઈ હતી.

'' 'જન્મભૂમિ'

પહેલા જ અંકથી કાઠિયાવાડના રાજયે રાજયની અને ગામેગામના વર્તમાનો અને પ્રજાના પ્રશ્નોની ખાસ ચર્ચા, એ જન્મભૂમિનું ખાસ અંગ બનશે. જન્મભૂમિનો પહેલો જ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અંક જોવાથી તેની ખાતરી થશે. ગુજરાતના ગામગામના વર્તમાન અને ગુજરાતના રાજકીય પ્રશ્નોની છણાવટ પણ દૈનિક અંગ તરીકે ખાસ છાપવામાં આવશે. જન્મભૂમિ ગુજરાતનો પણ અરીસો બનવાની કોશિશ કરશે. પહેલો અંક જરૂર મેળવજો.

ત્યારબાદની એક જાહેરખબરમાં પ્રકાશનની તારીખ નવમી જૂન રાખવામાં આવી અને થોડી વધારે માહિતી આપી હતી. જન્મભૂમિમાં આંતરરાષ્ટ્રીય પ્રશ્નો, સાહિત્યના પ્રવાહો,ટૂંકી વાર્તાઓ,નાટકો,આર્થિક સમસ્યાઓ વગેરે વિશિષ્ટ રૂપમાં સ્થાન પામશે. સૌરાષ્ટ્ર અને રોશનીની નીડરતા જન્મભૂમિના પાના પર દેખાશે. મુંબઈથી રોજ સાંજે છેલ્લામાં છેલ્લા ખબરોથી દેશાવરમાં રવાના થશે. મુખ્ય શહેરોના ખાસ પત્રો આજ સુધી કોઈ દૈનિકમાં ન આવ્યા હોય તો જન્મભૂમિમાં આવશે. ''[૪૧]

છેવટે ૨૩–૬–૩૪ના ફૂલછાબમાં બે ફોટા છપાયા હતા. જેની નીચે લખ્યું હતું શ્રી શેઠ પહેલી નકલ વેચે છે. બીજા ફોટામાં લોકોની ભીડ દર્શાવાઈ હતી અને લખ્યું હતું ,''જન્મભૂમિ ખરીદનારાઓની પડાપડી. '' શ્રી શેઠ ૧૩–૫–૧૯૩૪ના દિવસે ફૂલછાબનાં તંત્રીલેખમાં લખ્યું હતું કે, ''જન્મભૂમિ માત્ર વર્તમાનપત્ર બનવા નથી માગતું. જન્મભૂમિ કોઈની ખાનગી મિલકત નથી કે તેમાં કોઈને અંગત સ્વાર્થ નથી. જન્મભૂમિ પ્રજાનો યોધ્ધો બનવા માગે છે. એના પાસેના શોષણ માટેની સામગ્રી જરૂરત કરતા વધારે થશે તો તે પ્રજાને અર્પી દેશે અને પોષણ માટેની સામગ્રી જરૂરત કરતાં ઓછી થશે તો તે પ્રજા પાસેથી માગશે.જન્મભૂમિ પ્રજા અર્થે અને પ્રજા સહાયે જીવશે. પ્રજા કાર્ય અને પ્રજા સહાય એ બે એનાં ફેફસાં રહેશે. એમાંથી એકે નબળું પડશે તો તે જીવવાનું મંજૂર નહીં કરે. જન્મભૂમિમાં આ બે જીવનલક્ષણો સર્વ કોઈ સંપૂર્ણ રીતે લક્ષમાં લઈ તેને દિલોજાનથી સત્કાર અને સહાય આપે એવી મારી પ્રાર્થના છે.''[૪૨]

શ્રી શેઠે જીવનભર પોતાની આ નીતિ અને આદર્શો પર ચાલ્યા હતા અને બીજા માટે આદર્શરૂપ બન્યાં.

### ૩. સ્વરૂપ અને શૈલી :

અમૃતલાલ શેઠે તા. ૯મી જૂન, ૧૯૩૪ના રોજ જન્મભૂમિના અગ્રલેખમાં ખૂબજ સરળ ભાષામાં પોતાનો વર્તમાન પત્ર શરૂ કરવાનો ઉદ્દેશ જણાવ્યો હતો. જન્મભૂમિનો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રારંભ કેવી સ્થિતિમાં થઈ રહ્યો છે તે પણ જણાવ્યું હતું. કારણ કે સ્વ. અમૃતલાલ શેઠ પ્રચલિત અથવા સ્થૂળ અર્થમાં પત્રકાર કરતાં ઘણું ઘણું વધારે હતા.દેશ દુનિયાના પત્રકારત્વ પર નજર નાખીએ તો કયાંક તે વ્યવસાય તરીકે દેખાય. કયાંક ઉદ્યોગ તરીકે જયારે સ્વ. શેઠે એવા કોઈ હેતુ કે ઉદ્દેશથી પત્રકારત્વની શરૂઆત નહોતી કરી. અલબત્ત, એમણે વ્યવસાય અને ઉદ્યોગની દષ્ટિએ સફળ થવા માટે પૂરી કાળજી રાખી હતી અને પુરુષાર્થ પણ ખેડયો હતો. અન્ય વ્યવસાય કે ઉદ્યોગમાં જે પરિશ્રમની જરૂર પડે. જે જાગૃતિ રાખવી પડે અને પ્રસંગ આવ્યે જે નિર્ણાયાત્મક સાહસ ખેડવું પડે તે બધું તેમણે કર્યું હતું. પણ તેમનું પત્રકારત્વ અથથી ઈતિ સુધી સંપૂર્ણ પણે મિશનરૂપ જ હતું. તેમના જીવનના ધ્યેયને સિધ્ધ કરવા માટેનું એક સાધન હતું.

જન્મભૂમિની પહેલી એક શૈલી રહી હતી એમ કહો કે એક પ્રકારની નીતિ હતી કે તેમાં જે કાંઈ પણ છપાતું હતું તે પુરાવા સાથે અને સચોટ સત્ય છપાતું હતું. ઉદાહરણ તરીકે ગાંધી–ઝીણાના પત્રવ્યવહારને જ લઈએ. ૧૯૪૪ની સાલ હતી મહાત્મા ગાંધીજી પૂનાના આગાખાન મહેલમાં કારાવાસ ભોગવીને મુકત થયા બાદ તેમણે પાકિસ્તાનની માંગણી વિશે મુંબઈમાં મહમદઅલી ઝીણા સાથે મંત્રણા શરૂ કરી હતી. આ મંત્રણા દરમિયાન ગાંધીજી અને ઝીણા વચ્ચે પત્રવ્યવહાર થયો હતો. આ પત્રવ્યવહાર અતિશય ગુપ્ત રહેતો હતો પણ જન્મભૂમિ એ આ ગુપ્ત પત્રવ્યવહાર હાથ કર્યો હતો. અને જન્મભૂમિમાં પ્રગટ કરીને સનસનાટી મચાવી દીધી હતી. દેશ વિદેશના અખબાર નવેશો જન્મભૂમિના આ સ્કૂપથી સ્તબ્ધ થઈ ગયા હતા.

આ પત્રવ્યવહાર બાપુના કાર્યાલયમાંથી ફૂટી ગયો નથી. પણ અન્ય સાધનો દ્વારા જન્મભૂમિએ પ્રાપ્ત કર્યો હતો. તેની ખાતરી તંત્રી શ્રી અમૃતલાલ શેઠે તમામ આગેવાનોને કરાવી આપી હતી. ૧૯૪૧–૪૨માં મૌલાના આઝાદે દેશની પરિસ્થિતિ વિષે જન્મભૂમિના ખબરપત્રીને ખાસ મુલાકાત આપી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પોતાનું દિલ ખોલ્યું. પંડિત નહેરુએ જન્મભૂમિ કાર્યાલયની મુલાકાત લીધી અને મનભરીને વાતો કરી આ સમય દરમિયાન અમૃતલાલ શેઠે પુનઃતંત્રી સીટ પર આવ્યા અને અહોરાયજી આંતરરાષ્ટ્રીય રાજકારણ વગેરે વિભાગો શરૂ થયા. ૧૯૪૫–૪૬માં કન્યાકુમારીથી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કાશ્મીર 'સત્યમ શિવમ્ સુંદરમ્' વગેરે નવા વિભાગો પણ શરૂ કર્યા. આ વર્ષે જર્મનીની શરણાગતિના સમાચાર સૌપ્રથમ જન્મભૂમિએ ખાસ વધારો કાઢીને આપ્યા હતા. આ વર્ષ દરમિયાન જન્મભૂમિએ ન્યુયોર્કમાં પોતાની નવી કચેરી ખોલી હતી.

'' 'જન્મભૂમિ' સમાચારક્ષેત્રે હંમેશા અગ્રસ્થાને રહ્યું છે. તેવી જ રીતે સંસ્કાર પ્રેરક વાચન આપવામાં વિભાગોની રચના દ્વારા નુતન પ્રણાલિકા શરૂ કરવાનો યશ પણ ગુજરાતી પત્રકારત્વમાં જન્મભૂમિને ફાળે જાય છે. તે સમયે સોમવારે 'કલમ–કિતાબ' મંગળવારે 'નગરપાલિકા' બુધવારે 'પાટગરનો પત્ર' અને 'રમતનું મેદાન', 'ગુરૂએ સંસ્કાર દર્શન' અને શુક્રવારે 'પાકિસ્તાનના પ્રવાહો' અને 'કન્યાકુમારીથી કાશ્મીર' તથા શનિવારે 'ગોફણગીતા' વગરે વિભાગો નિયમિત છપાતા હતા.''[૪૩]

લોકવૃત્તને અનુકૂળ રહેવાનો નહીં પણ સારી વાંચન વૃત્તિ કેળવવામાં જન્મભૂમિ મોખરે છે. જન્મભૂમિ સાંજનું દૈનિક છે. બે વાગ્યા સુધીમાં બધા પાના તૈયાર થઈ જાય, સાંજે ત્રણ સવા ત્રણ વાગે જન્મભૂમિ વાચકના હાથમાં હોય છે. જન્મભૂમિની સ્થાપના સમયે ભારતની વસ્તી લગભગ ૯ કરોડની હતી. કયાં એ સમયને કયાં આજનો સમય જન્મભૂમિમાં ખાસ સમાચારોને વધારા તરીકે બહાર પાડવાની પ્રણાલિકા હતી. જન્મભૂમિ પત્રોએ અનેક નવા ચીલા પાડયા છે. યુધ્ધ વાંચન અને વૈશપાયનની વાણી જેવા લોકપ્રિય વિભાગો મહાન અને દુલર્ભ દસ્તાવેજોની સમીક્ષા, વિસ્તૃત અને વિગતપૂર્ણ નકશાઓ તથા અપ્રાપ્ય તસવીરો એ જ તો જન્મભૂમિની વિશેષતા છે. જન્મભૂમિનું સામર્થ્ય બતાવતા તો અનેક પ્રસંગો બન્યાં છે. પરંતુ જગતભરના પત્રકારત્વમાં જેને ઉચ્ચ સ્થાન મળી શકે તેવી સિધ્ધિ તો નેતાજીની આઝાદ હિંદ ફોજનો ઈતિહાસ અને અમૂલ્ય તસવીરોનું પ્રકાશન. શ્રી અમૃતલાલ શેઠના એ અદભુત સાહસની નોંધ ઈતિહાસકારોએ લેવી ઘટે. આજસુધી જન્મભૂમિ અખબારોની વિશિષ્ટતા એ રહી છે કે વ્યવસ્થાના જવાબદારીભર્યા કાર્ય માટે હંમેશા નવા નવા યુવાનોને તાલીમ આપી તૈયાર કર્યા છે. કોઈપણ વર્તમાન પત્રોમાં હોય તેના કરતાં જ જુદા પ્રકારની જવાબદારીવાળી બધીજ જગ્યાઓ પર યુવાનો જોવા મળે છે.

'સમકાલીન'માં કાન્તિ ભટ્ટે જન્મભૂમિના ૬૮માં જન્મદિને પોતાના તંત્રીલેખમાં લખ્યું હતું કે,'' જન્મભૂમિ સતત બદલાતા સમયના પ્રવાસ સાથે કદમ મિલાવવામાં માને છે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પણ સંસ્કાર સભ્યતાની મર્યાદામાં રહીને. જન્મભૂમિ સંસ્કારી પરિવારોને ટ્રસ્ટીમાં રાખીને વાંચન સામગ્રી પીરસે છે. વાંચકોની આશા,અપેક્ષા સંતોષવા બાબત હંમેશા જાગૃત છે અને તે અનુસાર વાંચકોની સુરુચિ અને સમાજમાં થતા પરિવર્તન વચ્ચે સમતુલા જાળવવાના તેના પ્રયાસો હોય છે. આજે સમય માર્કેટીંગનો છે. મેકઅપની માંગ છે. બાહ્ય સુશોભનોની સ્પર્ધા છે. ત્યારે જરૂરી પરિવર્તન છતાં જન્મભૂમિનો આદર્શ અને અખબારી ધર્મ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી અંગે સભાનપણે જાગૃત રહીને તેના અંતઃસત્ય અને તત્ત્વ જાળવી રાખવામાં માને છે. રંગ રૂપ જૂજવા હોય હેમનું હેમ રહેશે જ તેની ખાતરી સુજ્ઞ વાચકોને આપવાની ભાગ્યે જ જરૂર હોય.''[૪૪]

તા. ૯ જૂન ૧૯૮૮ના રોજ શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ લખેલા લેખનું શીર્ષક હતું 'જન્મભૂમિ વ્હાલું નામ ન્યારું કામ' જન્મભૂમિ અખબારની લેખન શૈલી વિષે વિગતવાર વાતચીત કરતાં તેમાં ઘણી વિશેષતા જોવા મળે છે.

તા. ૯–૬–૧૯૩૪ શનિવાર સાંજે ૩ થી ૪ની વચ્ચેઃ

જન્મભૂમિના માસ્ટરહેડની નીચે કે તંત્રીલેખ ઉપર ''જનની જન્મભૂમિ સ્વર્ગાદપિગરિયસી'' સૂત્ર છાપવાનું શરૂ થયું પરંતુ તેમાં નિયમિતતા જળવાઈ હોય એવું લાગતું નથી. સાથે કમળ અને હથોડીનું પ્રતીક પણ છપાવવામાં આવતું હતું.

| | |
|---|---|
| તા. ૧૯–૬–૧૯૪૨ થી ૧૩–૧–૧૯૪૩ઃ | ચિમુરના અત્યાચારની વિરુધ્ધમાં પ્રો. ભણસાલીએ કરેલા ઉપવાસના સમાચાર દીવડાના પ્રતીકરૂપે છાપ્યાં. |
| તા. ૧૩–૮–૧૯૬૪ : | જન્મભૂમિ સંસ્થાની મુંબઈ અમદાવાદ રાજકોટ સુરત વચ્ચેની ટેલિપ્રિન્ટર સર્વિસનું ઉદ્‌ઘાટન મુંબઈના નગરપતિ ડૉ. બી. બી. દીવગીના હસ્તે થયું. |
| તા.૮–૫–૧૯૮૪ : | સૂત્ર છપાતું બંધ થયું. |
| તા. ૨૩–૪–૧૯૯૦ : | ફરીથી સૂત્ર છપાવા લાગ્યું. |
| તા.૩૦–૭–૧૯૯૬ : | અંદરના મહત્ત્વના લેખોના શીર્ષક પહેલે પાને મૂકવાના શરૂ થયા. |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | |
|---|---|---|
| તા.૧૬–૧૨–૧૯૯૬ | : | પહેલે પાને સુવાસ આજના હવામાન વગેરે શીર્ષક સાથે છપાવા શરૂ થયા. |
| તા. ૧૩–૮–૧૯૯૭ | : | બુધવારના જન્મભૂમિ સાથે ટેબ્લોઈડ સાઈઝની મેઘધનુષ પૂર્તિ શરૂ થઈ. |
| તા. ૪–૨–૨૦૦૦ | : | જન્મભૂમિના પહેલા પાના પર અન્ય પાનાનાં લેખ સમાચારનું શીર્ષક ફોટા અને પાના નંબર સાથે છાપવાની શરૂઆત થઈ.સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય આપવાનું બંધ થયું. |
| તા.૧૩/૪/૨૦૦૨ | : | (ગુડી પડવો) 'જન્મભૂમિ' માસ્ટરહેડ લાલ રંગથી શરૂ થયું. ઉપરાંત પહેલાને છેલ્લાં પાના પર ફોટા સહિત કલર પ્રિન્ટિંગ શરૂ કર્યું. આજ સમયથી કલરમાં જાહેરખબર છાપવાની પણ શરૂઆત થઈ. |
| તા. ૨૩/૭/૨૦૦૨ | : | પાનાની સાઈઝ પોણા ચૌદ ઈંચ કરવામાં આવી. |
| તા. ૩/૧/૨૦૦૪ | : | શનિવાર જન્મભૂમિ સાથે મહેક પૂર્તિ શરૂ થઈ. |

૧. જન્મભૂમિનાં અન્ય પ્રકાશનોઃ

જન્મભૂમિના સ્વરૂપ અને શૈલી સાથે સાથે જન્મભૂમિને સંલગ્ન અને જન્મભૂમિના કર્મચારીઓ દ્વારા તૈયાર થતા વિવિધ પત્રો વિષે પણ થોડી જાણકારી મેળવી લઈએ. આ બધા એવા પત્રો છે જે જન્મભૂમિના ઉદ્દેશ અને નીતિ પ્રમાણે જ ચાલ્યા. અને સારી પ્રતિષ્ઠા પણ ઊભી કરી શકયા.

એક વખત જામસાહેબે કોઈ ભોજન સમારંભમાં કહેલું કે, ''રાણપુરવાળા શેઠ ધ્યાન રાખજો નહીંતર તમારું આવી બનશે.'' એમ કહી રાણપુરવાળા શેઠ ઉપર કેટલાક આક્ષેપો કર્યા આ રાણપુરવાળા શેઠ એટલે અમૃતલાલ શેઠ. જામસાહેબ જે કાંઈ બોલ્યા તે મુંબઈના અંગ્રેજી અખબાર 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ છાપી નાખ્યું. અમૃતલાલ શેઠે ટાઈમ્સ ઑફ ઈન્ડિયા ઉપર બદનક્ષીનો દાવો કર્યો હતો.તેમાંથી સમાધાન રૂપે રૂા. ૧૦૦૦૦ મળ્યા હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

એ જમાનામાં દસ હજાર એ કાંઈ નાની સુની રકમ નહોતી પણ ઉદાર દિલના અમૃતલાલ શેઠે આ રકમ સૌરાષ્ટ્ર ટ્રસ્ટને આપી દીધી. 'જન્મભૂમિ'ની માલિકી પણ તેમણે સૌરાષ્ટ્ર ટ્રસ્ટને સોંપી દીધી. આ ટ્રસ્ટ તરફથી મુંબઈમાં જન્મભૂમિ, રાજકોટમાં ફૂલછાબ, કચ્છમાં કચ્છમિત્ર અને સૂરતમાં પ્રતાપ તથા સવારના દૈનિક તરીકે જન્મભૂમિ પ્રવાસી કાર્યરત હતા. પ્રતાપ બંધ પડી ગયું છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી કવિતા નામનું દ્વિમાસિક અને વ્યાપાર નામનું અર્ધ સાપ્તાહિક પણ પ્રગટ થવાનું શરૂ થયું.

વેપાર ઉદ્યોગ અને રાષ્ટ્રીય અર્થતંત્રને લગતું વાંચન પૂરું પાડવા માટે જૂન ૧૯૪૯માં 'વ્યાપાર' નામનું સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું. અઠ્ઠાવન વર્ષો બાદ હજુ આજે પણ વ્યાપાર સિવાય આ પ્રકારનું બીજું કોઈ વર્તમાનપત્ર ગુજરાતી ભાષામાં નથી. તેના સ્થાપક તંત્રી તરીકે શ્રી હ.ઝ.ગીલાણી ફકત રૂા. ૩૫ના પગારથી વ્યાપારમાં જોડાયા હતા. દસ વર્ષ અગાઉ તેની રાજકોટ આવૃત્તિ પણ શરૂ કરાઈ છે. રોકાણકારોને રોકાણ માટેના વિવિધ ક્ષેત્રનું સાચું જ્ઞાન મળે તે અર્થે વ્યાપાર સતત પ્રયત્નશીલ રહ્યું છે.

જન્મભૂમિ જૂથના અખબારોની એક પ્રતિષ્ઠા છે. એ પ્રકારે જન્મભૂમિ અને વ્યાપારમાં કામ કરી ગયેલા તંત્રીઓની પણ ભારે પ્રતિષ્ઠા છે. નવા વર્તમાનપત્રો શરૂ થાય ત્યારે તાલીમ પામેલા જન્મભૂમિ જૂથના સ્ટાફ તરફ જ તેની નજર જાય છે. 'ઈકોનોમિક ટાઈમ્સ' અને 'ફાઈનેન્શયલ એકસપ્રેસ' જેવા અંગ્રેજી ભાષાના વ્યાપારી દૈનિકો શરૂ થયાં ત્યારે વ્યાપારી કક્ષાનું રિપોર્ટીંગ કરનારો ઘણો સ્ટાફ જન્મભૂમિ જૂથના 'વ્યાપાર'માંથી મળ્યો હતો. મુંબઈમાં ગુજરાતી પત્રકાર સંઘ સ્થપાયું છે તેનું ઉદ્ભવસ્થાન પણ જન્મભૂમિ જ રહ્યું છે.

ફલેશ અને સ્કોપ તથા હાલમાં સફળતાપૂર્વક સફારી ચલાવતા નગેન્દ્રજીવિજય એક જમાનામાં જન્મભૂમિ જૂથમાં જ પત્રકારત્વની તાલીમ પામ્યા હતા. ગુજરાત મિત્ર નામના સૂરતના દૈનિકમાં વિજ્ઞાનની કોલમ લખતા ભારદ્વાજ વિજય પણ જન્મભૂમિમાં ઉપતંત્રી હતા. આજે પણ ઓલ ઈન્ડિયા રેડિયોને વિજ્ઞાન કે રાજકારણના વિષયો ઉપર વાર્તાલાપ કરવો હોય ત્યારે સૌપ્રથમ નજર જન્મભૂમિના તંત્રી કે ઉપતંત્રીઓ ઉપર નાખે છે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાએ ૧૯૮૨માં જયારે ચિત્રવાર્તાનું મેગેઝિન કાઢયું તેમાં પણ જન્મભૂમિના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સ્ટાફની  સેવા લીધી હતી. જન્મભૂમિ એ લોકશાહી સંસ્થા છે. આથી કોઈપણ પત્રકાર કે છાપા સાથે જોડાયેલો માણસ જન્મભૂમિની કચેરીમાં પ્રવેશ મેળવે છે. વર્ષો પહેલાં જૈન યુવક મંડળનું પ્રબુધ્ધ જીવન નામનું મુખપત્ર બહાર પડતું હતું. જેનું સંચાલન છપાઈ અને સંપાદન પણ જન્મભૂમિમાં છપાતું હતું.

કાન્તિ ભટ્ટ વ્યાપારમાં ઉપતંત્રી હતા ત્યારે રસિકલાલ ભૂતા પાસે યુવદર્શન શરૂ કરાવવામાં એમનો ફાળો હતો. ઘણા લોકોને ખબર નહીં હોય કે 'શ્રી' નામનું મરાઠી સાપ્તાહિક તેમજ યુવદર્શનના સંચાલક રસિકભાઈ ભૂતા એક જમાનામાં જન્મભૂમિના સરકયુલેશન મેનેજર હતા. તેઓએ જ સંદેશની રવિવારની આવૃત્તિને મુંબઈમાં લોકપ્રિય બનાવી હતી. નિખાલસમાં એક સમયે તીખી તેજદાર રાજકીય કોલમ લખનારા હસમુખ ગાંધી જન્મભૂમિ પ્રવાસીમાં સહાયક તંત્રી હતા.

માત્ર ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારત વર્ષના પત્રકારત્વનો ઈતિહાસ લખાશે ત્યારે તેના પ્રકરણોમાં આ પત્રો મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરશે. જન્મભૂમિની શૈલી અને નીતિની કસોટી થાય તેવી કેટલીક ઘટનાઓ પણ તેના જીવનકાળમાં બની હતી. લેખક હસમુખભાઈ સંઘાણીએ એક લેખમાં આ પ્રમાણે નોંધ્યું છે કે, "૧૯૬૬ સુધી દેશના રાજકારણ ઉપર કોંગ્રેસ પક્ષનું રાજ હતું.  જન્મભૂમિ,ફૂલછાબ,કચ્છમિત્ર વગેરે પત્રોની ઈમેજ કોંગ્રેસ તરફી પત્રો તરીકેની હતી. ૧૯૬૭માં રાષ્ટ્રજીવનમાં નવા રાજકીય પ્રવાહો ઉપસ્યા. મધ્યપ્રદેશ,રાજસ્થાન અને યુપીની ચૂંટણીમાં નવા પ્રવાહો જોવા મળ્યા.એ દિવસોમાં આખી પરિસ્થિતિની સમીક્ષા કરવા ૧૯૬૭ની અગિયારમી ડિસેમ્બરે રાજકોટમાં શાન્તિભાઈ શાહ, સ્વ. રવિભાઈ મહેતા, સ્વ. મનુભાઈ મહેતા અને તંત્રી મંડળના સિનિયર સભ્યોની બે દિવસની બેઠક યોજવામાં આવી. તેનાં પત્રકારત્વના કર્તવ્ય ધર્મને નજરમાં રાખી કોંગ્રેસે જયાં જયાં ભૂલો કરતી હોય ત્યાં ત્યાં સ્પષ્ટ કહેવાની અને વિરોધ પક્ષોના અવાજને એટલું જ મહત્ત્વ આપવાનું નકકી થયું. બે દિવસની બેઠકના અંતે એક નીતિ વિષયક નોંધ તૈયાર થઈ અને તે નોંધને મુંબઈમાં મળેલી ટ્રસ્ટી મંડળની બેઠકમાં બહાલ રાખવામાં આવી."[૪૫] કેટલી સ્પષ્ટ નીતિને ઉદ્દેશ કહેવાય!



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ભૂતપૂર્વ વાઈસ ચેન્સેલર એચ.વી.દિવેટિયાએ નોંધ કરી છે કે,"I have always found Janmbhoomi a model Gujarati daily not only are the news accurately and methodically edited but its views are also balanced and factually precise and informative"[૪૬]

જન્મભૂમિ ટ્રસ્ટ સાથે જોડાયેલા વિવિધ પ્રકાશનોની તારીખવાર પ્રમાણેની યાદી પર નજર કરીએ. આ માહિતી જન્મભૂમિના મુંબઈ ખાતેના કાર્યાલયમાંથી મેળવવામાં આવી છે.

## (૧) ''જન્મભૂમિ પ્રવાસી'' સાપ્તાહિકના તંત્રીઓની યાદી :

| | | |
|---|---|---|
| (૧) | તા.૨૨–૧૦–૧૯૩૯ થી | તંત્રીશ્રી રવિશંકર વી. મહેતા |
| | તા.૨૨–૧૨–૧૯૪૦ | સહતંત્રી શ્રી જીતુભાઈ મહેતા |
| | | રતીલાલ કોઠારી |
| | તા.૨૯–૧૨–૧૯૪૦થી | તંત્રી શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' |
| | તા.૨૩–૧૧–૧૯૪૨ | સહતંત્રી શ્રી જીતુભાઈ મહેતા |
| | તા.૩૦–૧૧–૧૯૪૨થી | તંત્રીશ્રી અમૃતલાલ દ શેઠ |
| | તા.૨૨–૪–૧૯૪૫ | તંત્રીશ્રી અમૃતલાલ દ શેઠ |
| | | સહતંત્રી શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' |
| | તા.૨૩–૧૨–૧૯૪૫થી | તંત્રી શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' |
| | તા.૦૩–૧૨–૧૯૬૧ | |
| | તા.૧૦–૧૧–૧૯૬૧થી | તંત્રીશ્રી મનુભાઈ મહેતા |
| | તા.૩૦–૦૯–૧૯૬૨ | |
| | તા.૦૭–૧૦–૧૯૬૨ | તંત્રીશ્રી રવિભાઈ મહેતા અને |
| | | મનુભાઈ મહેતા |
| | તા.૧૭–૧૧–૧૯૬૮થી | તંત્રીશ્રી મનુભાઈ મહેતા |
| | તા.૩૦–૦૬–૧૯૭૪ | |
| | તા.૦૭–૦૭–૧૯૭૪થી | તંત્રીશ્રી જયંતી શુકલ |
| | તા.૧૯–૦૮–૧૯૭૯ | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | |
|---|---|
| તા.૧૬–૦૮–૧૯૭૯થી | તંત્રીશ્રી હરીન્દ્ર દવે અને જયંતિ શુકલ |
| તા.૨૬–૦૭–૧૯૮૦ | |
| તા.૦૩–૦૮–૧૯૮૦થી | તંત્રીશ્રી હરીન્દ્ર દવે |
| તા.૨૬–૦૩–૧૯૯૫ | |
| તા.૦૨–૦૪–૧૯૯૫ થી | શ્રી કુન્દન વ્યાસ નિવાસી તંત્રી રમેશ જાદવ (જે ૧૯/૦૧/૨૦૦૧માં છૂટા થયા.) |

**(૨) જન્મભૂમિ પ્રવાસી (દૈનિક)**

| | |
|---|---|
| તા.૨૮–૦૮–૧૯૭૯થી | મુંબઈથી શરૂ કરવામાં આવેલ દૈનિક તંત્રી |
| તા.૩૧–૦૭–૧૯૮૦ | હરીન્દ્ર દવે અને જયંતિ શુકલ |
| તા. ૦૧–૦૮–૧૯૮૦થી | તંત્રીશ્રી હરિન્દ્ર દવે |
| તા.૩૧–૦૩–૧૯૫૫ | |
| તા. ૦૧–૦૪–૧૯૯૫થી | તંત્રી શ્રી કુન્દન વ્યાસ |
| તા. ૨૩–૦૮–૧૯૯૬ | (નિવાસી તંત્રી) રમેશ જાદવ. |
| તા. ૨૪–૦૮–૧૯૯૬ | થી આ પ્રકાશન બંધ કરવામાં આવ્યું. |

**(૩) વ્યાપાર –ગુજરાતી :**

| | |
|---|---|
| તા. ૦૫–૦૬–૧૯૪૯ | થી જન્મભૂમિ પ્રવાસી સાપ્તાહિકની માસિક પૂર્તિ તરીકે રવિવારે પ્રગટ કરવાનું શરૂ કર્યું (૩૨ પાનાથી શરૂઆત થઈ.) તંત્રી શ્રી હ.ઝ.ગિલાણી. |
| તા.૦૪–૦૯–૧૯૪૯ | થી બીજા રવિવારે પ્રગટ થતું. |
| તા. ૧૧–૧૦–૧૯૫૩ | પખવાડિક (નાની સાઈઝ) |
| તા. ૧૯–૧૦–૧૯૪૯ | પ્રથમ દિપોત્સવી અંક |
| તા. ૧૪–૧૧–૧૯૫૩ | થી દર શનિવારે પ્રગટ થતું (અઠવાડિક મોટી સાઈઝ) |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | |
|---|---|
| તા. ૦૪–૦૧–૧૯૬૧ | થીઅર્ધ સાપ્તાહિક સ્વરૂપે દર બુધવારે અને શનિવારે પ્રગટ થતું. |
| તા. ૧૯–૦૫–૧૯૪૦ | વ્યાપાર ત્રિશતાબ્દી મહોત્સવ : મુંબઈ ઈન્ડિયન મરચન્ટ ચેમ્બર ખાતે (વાણિજય) કેન્દ્રિય પ્રધાન શ્રી પ્રણવ મુખરજીના પ્રમુખ પદે યોજાયો. |
| તા. ૩૧–૦૭–૧૯૮૦ | વ્યાપાર ત્રિશતાબ્દી મહોત્સવ, અમદાવાદ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ ખાતે ગુજરાત ના મુખ્ય પ્રધાન શ્રી માધવસિંહ સોલંકીના પ્રમુખપદે યોજાયો. |
| તા. ૨૭–૦૩–૧૯૯૯ | વ્યાપાર સુવર્ણ જયંતિ મહોત્સવઃ મુંબઈ ઈન્ડિયન મરચન્ટ ચેમ્બર ખાતે કેન્દ્રના માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન શ્રી પ્રમોદ મહાજનના પ્રમુખપદે યોજાયો. |
| તા. ૧૭–૦૪–૨૦૦૨ | માસ્ટર હેડ લાલ રંગથી શરૂ થયું. પહેલા અને છેલ્લા પાના પર ફોટા સહિત કલર પ્રિન્ટિંગ શરૂ થયું. કલર જાહેર ખબર પણ શરૂ કરવામાં આવી |
| તા. ૨૨–૦૫–૨૦૦૨ | પાનાની સાઈઝ પોણા ચૌદ ઈંચ કરવામાં આવી.(૮માંથી ૭ કોલમ થઈ) |
| તા.૨૦–૧૨–૨૦૦૩ | કલર ફોટા સાથે પેનલ શરૂ થઈ. |
| તા. ૨૩–૧૨–૨૦૦૬ | ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગુજરાતી ટ્રેડ કોમ અને એકસ્પો વિઝનના ઉપક્રમે યોજાયેલા પ્રથમ ઈન્ટરનેશનલ ગુજરાતી ટ્રેડ શો ૨૦૦૬માં ભારતમાં સૌથી જૂનામાં જૂના |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આર્થિક અખબાર તરીકે વ્યાપારને એવોર્ડથી નવાજવામાં આવ્યું.

## (૪) વ્યાપાર ગુજરાતીના તંત્રીઓની યાદી :

| | |
|---|---|
| તા. ૫–૬–૧૯૪૯ થી તા. ૧૫–૧–૧૯૭૫ | શ્રી હ.ઝ. ગિલાણી |
| તા. ૧૮–૧–૧૯૭૫ થી તા. ૧૭–૪–૧૯૯૯ | શ્રી શશીકાન્ત વસાણી |
| તા.૩૧–૧૨–૧૯૯૭ | તંત્રીશ્રી શશીકાન્ત વસાણી<br>સહતંત્રીશ્રી રાજેશ એમ.ભાયાણી |
| તા. ૧૭–૪–૧૯૯૯ થી તા. ૧૫–૧૦–૨૦૦૬ | તંત્રીશ્રી રાજેશ એમ. ભાયાણી |
| તા. ૨૧–૧૦–૨૦૦૬ થી | શ્રી મુકુન્દનભાઈ વ્યાસ |
| તા. ૧૫–૧–૨૦૦૭ થી | તંત્રીશ્રી શિરીષભાઈ મહેતા |

## (૫) વ્યાપાર (વેબસાઈટ) :

| | |
|---|---|
| તા. ૧–૧૧–૨૦૦૦ | સત્યમ ઈન્ફોટેકવે. (સીફી)એ વ્યાપારના સહયોગમાં રોકાણકારોમાં માર્ગદર્શન માટે દેશની પ્રથમ ગુજરાતી વેબસાઈટ શરૂ કરી.<br>WWW.GUJARATI.WELLETWATH.COM |
| તા. ૧–૭–૨૦૦૧ | વેબ સાઈટ બંધ કરવામાં આવી. |

## (૬) વ્યાપારના પ્રકાશનો :

| | | |
|---|---|---|
| ૧. | મે. ૧૯૫૧ | વ્યાપાર ડિરેકટરી પ્રથમ આવૃત્તિ |
| ૨. | ઓકટો. ૧૯૫૪ | વ્યાપાર ડિરેકટરી દ્વિત્તીય આવૃત્તિ |
| ૩. | તા. ૨૬–૭–૧૯૫૪ | મુંબઈનો વેચાણવેરો પુસ્તિકા |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | |
|---|---|---|
| ૪. | તા. ૭–૨–૧૯૬૬ | નેશનલ ડિફેન્સ રેમિટન્સ યોજના પુસ્તિકા |
| ૫. | તા. ૭–૨–૧૯૬૬ | નેશનલ ડિફેન્સ રેમિટન્સ યોજના |
| | તા. ૩–૨–૧૯૬૬ | પુસ્તિકા બીજી આવૃત્તિ |
| ૬. | તા. ૩૦–૪–૧૯૭૩ | ભાડા નિયમન ધારાની સમજ પુસ્તિકા |
| ૭. | જૂન–૧૯૭૮ | નવા બેગેજ રુલ્સ |
| | જુલાઈ–૧૯૭૮ | નવા બેગેજ રુલ્સ બીજી આવૃત્તિ |
| ૮. | ૧૯–૭–૧૯૯૭ | આવકની સ્વૈચ્છિક જાહેરાત યોજના ૧૯૯૭ |

## (૭) કવિતા :

| | |
|---|---|
| તા. ૧૦–૧૦–૧૯૩૭ | મુંબઈથી પ્રગટ થતું દ્વિમાસિક<br>તંત્રી સુરેશ દલાલ<br>ઓકટોબર,ડિસેમ્બર,ફેબ્રુઆરી,એપ્રિલ<br>જૂન,ઓગષ્ટ એમ મળીને કુલ વર્ષના<br>૬ અંક. |

## (૮) સુધા (સ્ત્રી સાપ્તાહિક) :

| | |
|---|---|
| તા. ૪–૧૧–૧૯૬૭ થી | મુંબઈથી શરૂ કરવામાં આવ્યું. |
| તા. ૧૬–૬–૧૯૭૧ | માનદતંત્રી શ્રી ધીરૂબહેન પટેલ<br>તંત્રીશ્રી વેણીભાઈ પુરોહિત |
| તા. ૨૩–૬–૧૯૭૧થી | માનદમંત્રી શ્રી ધીરૂબેહન પટેલ |
| તા. ૧૮–૨–૧૯૭૬ | |
| તા. ૨૫–૨–૧૯૭૬થી | તંત્રીશ્રી વર્ષાબહેન અડાલજા |
| તા. ૧૭–૫–૧૯૭૮ | |
| તા. ૫–૧૦–૧૯૭૭ | સુધીનું બુકલેટ સાઈઝ |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | |
|---|---|
| તા. ૨૪–૫–૧૯૭૮થી | માનદતંત્રી –નીરા દેસાઈ |
| | –જયાબહેન મહેતા |
| તા. ૧૮–૨–૧૯૭૯ | કાર્યવાહક તંત્રી સરયુ થાણાવાળા |
| તા. ૨૫–૨–૧૯૭૯થી | માનદ તંત્રી નીરા દેસાઈ |
| તા. ૧૮–૪–૧૯૭૯ | જયા મહેતા |
| તા. ૨૫–૪–૧૯૭૯થી | માનદ તંત્રી જયા મહેતા |
| તા. ૧–૮–૧૯૭૯ | |
| તા. ૮–૮–૧૯૭૯થી | માનદ મંત્રી શ્રી ત્ર્યંબક મહેતા |
| તા. ૧–૧૦–૧૯૮૦ | ત્યારબાદ સુધાનું પ્રકાશન બંધ પડયું. |

**(૯) પ્રતાપ :**

| | |
|---|---|
| તા. ૨૫–૭–૧૯૨૬ | સુરતથી સાપ્તાહિક સ્વરૂપે શરૂ થયું. સ્થાપક તંત્રી શ્રી કાલીદાસ શેલત |
| ૧૯૩૦ | રોજ સાંજે વધારા પ્રગટ થવા લાગ્યા. |
| ૧૯૩૬ | દૈનિકમાં પરિવર્તન |
| તા. ૧૫–૧૨–૧૯૪૫ | લોકપ્રકાશન સાથે સંયોજન થયું ને સવારની આવૃત્તિ શરૂ કરવામાં આવી. આમ બે આવૃત્તિ પ્રગટ થવા લાગી. |
| તા. ૧૨–૧૦–૧૯૪૮ | ફરી અંગત માલિકી શ્રી કાલીદાસ શેલત |
| તા. ૧–૧૨–૧૯૫૪ | સૌરાષ્ટ્ર ટ્રસ્ટ હસ્તગત તંત્રીશ્રી કાલીદાસ શેલત |
| તા. ૨૬–૭–૧૯૬૨ | પ્રકાશ સદન મકાનનું ઉદ્‌ઘાટન. |
| તા. ૧૦–૧૧–૧૯૭૯ | પ્રતાપ સાપ્તાહિકની પરદેશીય આવૃત્તિ બંધ થઈ. |
| તા.૧–૫–૧૯૮૭ | સવારની આવૃત્તિ બંધ થઈ. |
| તા. ૧૭–૭–૧૯૮૯ | પ્રકાશન બંધ કરવામાં આવ્યું. |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## (૧૦)પ્રતાપના તંત્રીઓની યાદી :

| | |
|---|---|
| ૧૯૨૬થી ૧૯૫૯ | શ્રી કાલીદાસ શેલત |
| ૧૯૫૯થી૧૯૬૦ | શ્રી મનુભાઈ મહેતા |
| ૧૯૬૦થી૧૯૬૯ | શ્રી જયોત્સનાબેન શુકલ |
| ૧૯૬૯થી૧૯૮૧ | શ્રી મનુભાઈ નાયક |
| ૧૯૮૧થી૧૯૮૨ | શ્રી રવીન્દ્ર ભટ્ટ |
| ૧૯૮૪ સુધી | કાર્યવાહક તંત્રીશ્રી ઠાકોરભાઈ પટેલ |
| ૧૯૮૨થી૧૯૮૯ | શ્રી જગદીશભાઈ શાહ |

## (૧૧)સૌરાષ્ટ્રના તંત્રીઓની યાદી :

| | |
|---|---|
| | તંત્રીશ્રી અમૃતલાલ દલપતલાલ શેઠ |
| ૨–૧૦–૧૯૨૧ | માં રાણપુરમાંથી સાપ્તાહિક રૂપે શરૂ કરવામાં આવ્યું. |
| ૨૧–૬–૧૯૩૦ | માં પ્રકાશન બંધ |
| ૩–૧૯૩૧ | માં ફરી શરૂ કરવામાં આવ્યું. |
| ૯–૧–૧૯૩૨ | ફરી બંધ પડયું. |
| ૧૯૩૪ની | શરૂઆતમાં નામ બદલીને રોશની તરીકે થોડો વખત પ્રગટ કરવામાં આવ્યું |

## (૧૨) ફૂલછાબના તંત્રીઓની યાદી :

| | |
|---|---|
| ૧૯૩૨ | શ્રી ગુણવંતરાય આચાર્ય |
| ૧૯૩૬થી ૧૯૪૫ | શ્રી ઝવેરચંદ મેઘાણી |
| ૧૯૪૫થી૧૯૫૧ | શ્રી જયમલ્લ પરમાર |
| ૧૯૫૨થી૧૯૫૫ | શ્રી નાથાલાલ મનસુખલાલ શાહ |
| ૧૯૫૫ | શ્રી જયમલ્લ પરમાર |
| ૧૯૫૫ | શ્રી ભૂપત વડોદરિયા |
| ૧૯૬૨ | શ્રી હિંમતલાલ પારેખ |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | |
|---|---|
| ૧૯૭૫ | શ્રી હરસુખ સંઘાણી |
| ૧૯૯૮ | શ્રી દિનેશ રાજા |
| ૨૦૦૩ | શ્રી મહેશ દોશી |
| ૨૦૦૬ | શ્રી નારાયણ ટી. પરમાર |
| | મદદનીશ તંત્રી શ્રી કૌશિક વિ. મહેતા |

ફૂલછાબનો સૂરતનો અંક ૨૩–૧–૧૯૯૯ના રોજ પ્રગટ થયો હતો.

૧૦–૩–૨૦૦૦ ના રોજ બંધ થયું.

છેલ્લો અંક ૮–૩–૨૦૦૦ના રોજ પ્રગટ થયો હતો.

### (૧૩) કચ્છમિત્રના તંત્રીઓની યાદી :

| | |
|---|---|
| તા. ૨૦–૭–૧૯૪૭ | મિત્ર નામે સાપ્તાહિક તરીકે નાની સાઈઝમાં શરૂ થયું. તંત્રી– શ્રી શરદ બી. શાહ<br>સ્થાપક/માલિક –શ્રી લીલાધર શાહ<br>–શ્રી દેવજી ખીમજી<br>–શ્રી હંસરાજ ડી. શાહ |
| તા. ૧૦–૧૨–૧૯૪૮ | કચ્છમિત્રના નામે ત્રિસાપ્તાહિક તરીકે શરૂ થયું. |
| તા. ૧૫–૮–૧૯૫૦ | પૂર્ણ કદનું પ્રગટ થયું. |
| તા. ૧૫–૫–૧૯૫૨ | નાની સાઈઝમાં દૈનિક તરીકે ભૂજથી પ્રગટ થયું. |
| તા. ૧–૪–૧૯૫૫ | સૌરાષ્ટ્ર ટ્રસ્ટને હસ્તક થયું. |
| તા. ૧–૪–૧૯૫૫ | કચ્છમિત્ર સાપ્તાહિક શરૂ થયું. |
| ૧૯૫૬ | થી કદમાં ફેરફાર થયો. |
| તા. ૧૭–૧૧–૧૯૬૬ | ફૂલ સાઈઝમાં પ્રગટ થયું. |
| તા. ૧–૫–૧૯૯૧ | આઠ પાનાનું પૂર્ણ કદનું અખબાર થયું. |
| તા. ૧૭–૫–૧૯૯૬ | 'કચ્છ તારી અસ્મિતા' અંકનું મુંબઈ ખાતે |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

|  |  |
|---|---|
|  | વાય.બી.ચૌહાણ ઓડિટોરિયમમાં વિમોચન થયું. |
| તા. ૨૭–૯–૧૯૯૭ | બીજી આવૃત્તિનું ભૂજ ખાતે વિમોચન થયું. |
| તા. ૨૬–૯–૧૯૯૭ | ના રોજ ધરતી કંપના કારણે એક દિવસ બંધ પડયું. |
|  | અને ત્યારબાદ ૧૫ દિવસ સુધી ફૂલછાબ રાજકોટથી પ્રગટ થતું. |
| તા. ૧૫–૨–૨૦૦૧ | ફરીથી ભૂજ ખાતે પ્રકાશન શરૂ થયું. |

*તા. ૨૬/૧/૨૦૦૧ના પ્રથમ વર્ષ નિમિત્તે જાહેર રજા ન પાળતાં પૂર્તિ બહાર પાડી.

*ધરતીકંપના બીજા વર્ષે 'વિનાશની વરસી ટાણે નવ સર્જન પર મીટ' શીર્ષક હેઠળ ૩૨૦ પાનાનું વિશેષ પ્રકાશન–૨૦૦૨ના બહાર પાડયું.

*માવજીભાઈ મહેશ્વરીની કોલમ તિરાડનું પુસ્તક 'તિરાડની આરપાર' સ્વરૂપે રઘુવીર  ચૌધરીના હસ્તે વિમોચન થયું.

*ભૂજથી આઠ કિલોમિટર દૂર કચ્છમિત્ર પાર્કનું તા. ૨–૪–૨૦૦૩ના રોજ ઉદ્‌ઘાટન થયું.

*કચ્છમિત્ર દૈનિક અને ભૂજ મર્કેન્ટાઈલ કો.ઓપરેટીવ બેન્ક ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી કચ્છમિત્ર ન્યુઝ નેટવર્કનું ટ્રસ્ટી શ્રી દામજીભાઈ એન્કાવાલાના હસ્તે ઉદઘાટન થયું.

*તા. ૧૭/૫/૨૦૦૬ના રોજ કચ્છમિત્ર વેબસાઈટનો આરંભ થયો.

WWW.KUTCHMITRADAILY.COM

## (૧૪) કચ્છમિત્રના તંત્રીઓની યાદી :

|  |  |
|---|---|
| ૧૯૪૭ થી ૧૯૪૮ | શ્રી શરદ વી. શાહ મિત્રના તંત્રી |
| ૧૯૪૮ | શ્રી પ્રાણલાલ શાહ કચ્છમિત્રના પ્રથમ તંત્રી |
|  | શ્રી નવીનભાઈ અંજારિયા |
| ૧૯૫૦ | શ્રી રસિકલાલ જોષી (પૂર્ણ કદનું થયું ત્યારે) |
|  | ૬ માસ માટે શ્રી રવિશંકર મહેતા |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | |
|---|---|
| ૧૯૫૨ | શ્રી હસમુખલાલ મહેતા |
| ૧૯૬૭ થી ૧૯૭૦ | શ્રી રસિકલાલ જોષી |
| ૧૯૭૦ | શ્રી નવનીતભાઈ અંજારિયા |
| ૧૯૭૪ | શ્રી ભાસ્કર વી. પંડયા |
| ૧૯૮૧ થી ૧૯૮૨ | શ્રી શિવકુમાર આચાર્ય |
| ૧૯૮૨ | શ્રી કીર્તિભાઈ ખત્રી |

**(૧૫)ડેઈલી સન :**

તા. ૨૬–૩–૧૯૩૪ અંગ્રેજી દૈનિક મુંબઈ ખાતેથી શરૂ થયું.
તંત્રી શ્રી કે. નિવાસન
સહતંત્રી શ્રી મનુ મસાણી

તા. ૧૨–૯–૧૯૩૪ ખોટ કરવાને કારણે બંધ કરવામાં આવ્યું.

**(૧૬)લોકમાન્ય :**

મારવાડી સવારનું દૈનિક મુંબઈ ખાતે જન્મભૂમિના છાપખાનામાં છપાતું હતું.

તા. ૧–૬–૧૯૩૮ થી સૌરાષ્ટ્ર હસ્તગત થયું તેના તંત્રીપદે શ્રી દતાત્રેય ગણેશ સાવરકર હતા. ત્યારબાદ શ્રી પી.વી.ગાડગીલ હતા. ૧૯૫૮માં તે બંધ કરવામાં આવ્યું.

**(૧૭)લોકશાહી :**

સ્વાતંત્ર્ય પછીનું સાંજનું મરાઠી દૈનિક ૧૯૪૯માં બંધ કરવામાં આવ્યું.

**(૧૮)પૂર્ણિમા :**

૧૯૩૯થી મરાઠી અઠવાડિક પ્રવાસી સાપ્તાહિક સાથે જ બહાર પડયું હતું. પણ થોડા સમયના પ્રકાશન પછી બંધ કરવામાં આવ્યું.

**(૧૯)અખંડભારત :**

૧૯૩૬માં હિન્દી દૈનિક તરીકે બહાર પડયું. જેના તંત્રીશ્રી જયનારાયણ વ્યાસ હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## (૨૦) નૂતન ગુજરાત :

તા. ૧–૮–૧૯૪૨માં મુંબઈ ખાતેથી સવારનું દૈનિક શરૂ કરવામાં આવ્યું. તેના પ્રથમ તંત્રીશ્રી ઈન્દુલાલ યાજ્ઞિક હતા. પછી તે પદ પર શ્રી કરસનદાસ માણેક આવ્યા. તા. ૩૦–૭–૧૯૪૪થી તે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ હસ્તગત થયું. તા. ૧૬–૪–૧૯૪૫માં તે તંત્રીશ્રી અમૃતલાલ શેઠે સંભાળ્યું. ૧૫–૩–૧૯૫૦માં તેનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું.

## (૨૧) યુગ દર્શન માસિક :

તા. ૧૫–૮–૧૯૪૯ના મુંબઈથી જન્મભૂમિ કાર્યાલય દ્વારા પ્રકાશિત થયું. પણ તેનું પ્રકાશન બંધ કયારે થયું તેની માહિતી મળતી નથી.

જન્મભૂમિએ એના સુવર્ણકાળ દરમિયાન અમુક સમયાંતરે પ્રદર્શનો પણ યોજયાં હતાં. જેનો લાભ જાહેર જનતાએ લીધો હતો.

૧૯૬૩ના નવેમ્બરમાં કોડાક હાઉસમાં Many moods of Neheruનું પ્રદર્શન યોજયું હતું.૧૯૬૪માં નવેમ્બરમાં યુગદષ્ટા નહેરુનું આલ્બમ પ્રદર્શન તરીકે રજૂ કર્યું હતું.૧૯૬૬ના મે માસમાં પ્રાણમુખાનંદ હૉલમાં સરદાર શ્રુતિ પ્રદર્શન દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની તસવીરો જનતા સમક્ષ મૂકી હતી.

## ૪. તંત્રીઓ અને પત્રકારોઃ

તંત્રીએ અખબારનું હૃદય છે. જો હૃદય ૧ મિનિટ માટે નિષ્ક્રિય થઈ જાય તો શરીર પણ નિષ્ક્રિય થઈ જાય. તંત્રીની કાર્યશીલતા અને ઉત્સાહ તથા વિચાર સરણી જ અખબારને દુનિયામાં પ્રખ્યાત કરે છે. જન્મભૂમિએ પહેલાંથી જ રાજસ્થાની અને ગુજરાતી પ્રજાનો અવાજ બન્યું છે. રોજબરોજ કરતાં કશુંક જુદું, કશુંક રસપ્રદ,કશુંક વિચિત્ર જાણવા મળે તેવી લોકોની અખબાર પાસે અપેક્ષા હોય છે. આજનાં અખબારો વિશાળ વાંચકવર્ગ ધરાવતાં શરૂ થયાં છે. તેનું એક કારણ અખબારોમાં અપાતી લોક માનસને સમૃધ્ધ કરનાર જ્ઞાન માહિતી પ્રધાન પૂરક સામગ્રી પણ છે. સમાચાર પત્રનો જન્મ મૂળ તો સમાચારો આપવા માટે જ થયો હતો પણ આજનાં અખબારો માત્ર સમાચારો આપવાનું જ નહી વિવિધ વિષયોને એક સાથે સમાવીને ગાગરમાં સાગર ભરવાની ઉકિત સાર્થક કરી રહ્યાં છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આજની સરખામણીએ પહેલાનાં સમયમાં તંત્રીલેખનું મહત્ત્વ વધું હતું. હવે કદાચ તે અમુક વર્ગ જ વાંચે છે. પણ તંત્રીશ્રી ધારે તો હજુય પોતાના સ્થાનની ગરિમા અને પ્રતિષ્ઠા જાળવી શકે છે. આગળના પ્રકરણમાં આપણે જન્મભૂમિના વિવિધ સ્વરૂપો અને શૈલી વિષે જાણકારી મેળવી ઉપરાંત જન્મભૂમિમાંથી બહાર પડતા વિવિધ પ્રકાશનોની પણ માહિતી મેળવી. હવે અહીં જન્મભૂમિનો જન્મ થયો. ત્યારથી તેમાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર તંત્રીઓની સાલવાર યાદી જોઈએ.

| ક્રમ | તંત્રીનું નામ | નિમણૂક તારીખ | નિવૃત્તિ તારીખ |
|---|---|---|---|
| ૧ | શ્રી અમૃતલાલ દલપતલાલ શેઠ<br>અવસાન તા. ૩૦/૭/૧૯૫૪ | ૯/૬/૧૯૩૪ | ૧૪/૮/૧૯૩૫ |
| ૨ | શ્રી મણિશંકર ત્રિવેદી<br>અવસાન તા.૪/૯/૧૯૩૭ | ૧૫/૮/૧૯૩૫ | ૪/૯/૧૯૩૭ |
| ૩ | શ્રી શામળદાસ ગાંધી<br>અવસાન તા.૮/૬/૧૯૫૩ | ૬/૯/૧૯૩૭ | ૧૩/૧૨/૧૯૪૦ |
| ૪ | શ્રી ચંન્દ્રકાન્ત સુતરિયા<br>અવસાન તા. | ૧૪/૧૨/૧૯૪૦ | ૧૮/૧૨/૧૯૪૭ |
| ૫ | શ્રી રવિશંકર મહેતા<br>અવસાન તા. ૨૦/૮/૧૯૮૮ | ૧૯/૧૨/૧૯૪૦ | ૩/૧/૧૯૪૧ |
| ૬ | શ્રી અમૃલાલ શેઠ (ફરીથી)<br>અવસાન તા. ૩૦/૭/૧૯૫૪ | ૪/૧/૧૯૪૧ | ૩૦/૧૨/૧૯૪૮ |
| ૭ | શ્રી મોહનલાલ મહેતા (કાર્યવાહક)<br>અવસાન તા.૨૩/૪/૧૯૮૬ | ૩૧/૧૨/૧૯૪૮ | ૩૧/૧/૧૯૪૯ |
| ૮ | શ્રી મોહનલાલ મહેતા<br>અવસાન તા. ૨૩/૪/૧૯૮૬ | ૧/૨/૧૯૪૯ | ૪/૧૨/૧૯૬૧ |
| ૯ | શ્રી મનુભાઈ મહેતા<br>અવસાન તા.૧૪/૭/૧૯૮૫ | ૫/૧૨/૧૯૬૧ | ૨૬/૯/૧૯૬૨ |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | |
|---|---|---|---|
| ૧૦ | શ્રી રવિશંકર મહેતા<br>શ્રી મનુભાઈ મહેતા | ૨૭/૯/૧૯૬૨ | ૬/૧૧/૧૯૬૮ |
| ૧૧ | શ્રી મનુભાઈ મહેતા<br>અવસાન તા.૧૪/૭/૧૯૮૫ | ૭/૧૧/૧૯૬૮ | ૨૦/૬/૧૯૭૯ |
| ૧૨ | શ્રી જયંતીભાઈ શુકલ<br>અવસાન તા.૧૩/૧૦/૧૯૮૫ | ૧/૭/૧૯૭૪ | ૨૭/૮/૧૯૭૯ |
| ૧૩ | શ્રી જયંતિભાઈ શુકલ<br>શ્રી હરિન્દ્રભાઈ દવે | ૨૮/૮/૧૯૭૯ | ૩૧/૭/૧૯૮૦ |
| ૧૪ | શ્રી હરીન્દ્રભાઈ દવે<br>અવસાન તા.૨૯/૩/૧૯૯૫ | ૧/૮/૧૯૮૦ | ૩૧/૩/૧૯૯૫ |
| ૧૫ | શ્રી રમેશભાઈ જાદવ (નિવાસી તંત્રી)<br>શ્રી કુન્દન વ્યાસ | ૧/૪/૧૯૯૫<br>૧/૪/૧૯૯૫ | ૧૯/૪/૨૦૦૧<br>હજુ કાર્યરત છે |

તા. ૨૧મી જૂન, ૧૯૩૭ના રોજ જન્મભૂમિએ એક સ્નેહસંમેલન યોજયું હતું. આ પ્રસંગે શ્રી બાબા સાહેબ ખેરે જન્મભૂમિને હિન્દુસ્તાનનું એક પ્રતિભાશાળી અને સમૃધ્ધ પત્ર તરીકે ગણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સરદાર પટેલે જણાવ્યું હતું કે "જન્મભૂમિ એ ત્રણ વર્ષનું બાળ છે.  બાળપણમાં ઠીક શકિત દાખવી છે. સંયમ અને નિર્ભયતાનું મિશ્રણ થાય અને ગુજરાતની સેવામાં અગ્ર સ્થાન ભોગવે એ પ્રકારની વૃધ્ધિ થાય એમ ઈચ્છું છું."[૪૭]

સમાચારએ દૈનિક પત્રોનો હૃદય ધબકાર છે. તંત્રી વિભાગ દૈનિક પત્રનું સર્જન કાર્ય કરે છે. યુનાઈટેડ પ્રેસ ઑફ ઈન્ડિયાનું યુ.પી.આઈ. ટૂંકું નામ છે. આ એક ભારતીય સમાચાર સંસ્થા છે. પી.ટી.આઈ. એ અગાઉ એ.પી. આઈ.ના નામે ઓળખાતી સંસ્થા છે. એ.પી.આઈ. એટલે એસોસીયેટ પ્રેસ ઑફ ઈન્ડિયા.

જન્મભૂમિની સફળતા પાછળ સંપાદનની દષ્ટિનો જેટલો હિસ્સો છે તે કરતાં લેશ માત્ર ઓછો નહીં પણ કંઈક વિશેષ સંચાલનની કુશળતા અને કર્તવ્યનિષ્ઠાનો પણ હિસ્સો રહ્યો છે. સાચી રીતે જોઈએ તો કોઈપણ વર્તમાન પત્રની સફળતાનો આધાર જેટલો સંપાદન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઉપર હોય છે તેટલો તેના સંચાલન ઉપર પણ હોય છે. જન્મભૂમિના આટલાં વર્ષોના ઈતિહાસમાં કયારેય તેના સંચાલકોએ પોતાના વિશિષ્ટ અધિકારોનો ઉપયોગ નહીં કર્યો હોય એ જ રીતે તંત્રીને પણ પોતાના હકક માટે લડવું તો શું, આગ્રહ પણ સેવવો પડયો હોય તેવું બન્યું નથી.

જન્મભૂમિની શરૂઆત અમૃતલાલ શેઠના તંત્રી પદ દ્વારા થઈ જે તેના સ્થાપક પણ છે. અમૃતલાલ પછી મણિશંકર ત્રિવેદી અને શામળદાસ ગાંધી આવ્યા હતા. અને એમના સમયમાં જન્મભૂમિનું બળ વધ્યું હતું તે પછી પુનઃશેઠના સમયમાં તેનો વધુ વિકાસ થયો. પ્રથમથી આજ સુધી જન્મભૂમિ તથા બીજા પત્રોના મદદનીશ તંત્રીઓ, ઉપતંત્રીઓ, વૃત્તાંત નિવેદકો, ખબરપત્રીઓ અને વ્યવસ્થા વિભાગના કાર્યકરો સાથે મળીને જન્મભૂમિના પત્રોનું આજનું કલેવર બાંધ્યું છે. જાહેર ખબર વિના કોઈપણ વર્તમાનપત્ર ચાલી શકે નહીં. જાહેરખબર આપનારાઓએ હંમેશા જન્મભૂમિ પત્રોને પ્રેમથી નવાજયાં છે. જન્મભૂમિના વંશની ઈમારતના ચણતરમાં આ બધાં તત્ત્વોનો ફાળો છે.

શ્રી હિંમતલાલ મહેતા તેના એક લેખમાં જણાવે છે કે, ''વડા પ્રધાન જવાહરલાલ નહેરુને રજત જયંતીના વિશેષાંક બહાર પાડવાની ઉજવણીમાં નિમંત્રવામાં આવ્યા હતા. તેઓ તે માટે ખાસ મુંબઈ આવ્યા હતા ત્યારે તેઓએ આઝાદીના જંગના સમયનાં સંસ્મરણો વાગોળ્યાં અને રિયાસતી પ્રજા, દેશી,રાજયોની પ્રજાની મુકિત માટેના આંદોલનોની પ્રેરણાભૂમિ એવા જન્મભૂમિ કાર્યાલયમાં કયારેક પોતે ગાળેલા દિવસોની યાદ તાજ કરી હતી.''[૪૮]

જન્મભૂમિ તંત્રી વિભાગ સાથે સંકળાયેલા કેટલાક નામો કરસનદાસ માણેક,રવિશંકર મહેતા,દિલીપ કોઠારી,મનુભાઈ મહેતા, બાબુભાઈ મહેતા, લક્ષ્મીપ્રસાદ બારોટ, ચન્દ્રકાન્ત પાઠક,મગનલાલ સતીષકુમાર, રતુભાઈ કોઠારી, વીરચંદ શેઠ, હિંમતલાલ પારેખ, જિતુભાઈ મહેતા, ચંદ્રકાન્ત સુતરિયા,વિજયગુપ્ત મૌર્ય, વેણીભાઈ પુરોહિત, ચુનીલાલ મડિયા, જન્મભૂમિના ઘડતરમાં આવી ઘણી જાણીતી ઓછી જાણીતી કલમોનો ફાળો રહ્યો છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જન્મભૂમિ રજત જયંતી વિશેષાંકનું સંપાદન જયોતિન્દ્ર દવેએ સંભાળ્યું હતું. સાહિત્ય જગત સાથે જન્મભૂમિનો આરંભથી જ ગાઢ સંબંધ રહ્યો છે. ઝવેરચંદ મેઘાણીને તેનો યશ ઘટે છે. કલમ અને કિતાબ વિભાગની અનન્ય લોકપ્રિયતા તેમની કલમને આભારી હતી. તે કારણે પણ અગ્રણી સાહિત્યકારોનો જન્મભૂમિને હંમેશા સાથ અને સહકાર સાંપડયો છે. અમૃતલાલ શેઠે જન્મભૂમિના પ્રથમ અંકમાં જનતાને જે કોલ આપ્યો હતો તે એમણે અને તેમના પછીના દરેક તંત્રીએ જીવનભર પાળ્યો અને તેઓના પરિશ્રમને કારણે જ જન્મભૂમિ આજે આ સ્થાને છે.

તા. ૫ એપ્રિલ, ૧૯૯૧ના રોજ ધોલેરા સત્યાગ્રહના સૈનિકો જન્મભૂમિ પત્રોમાં જ સમાયા હતા તે રજૂ કરતી એક :

| | | | |
|---|---|---|---|
| ૧ | અમૃતલાલ શેઠ | : | જન્મભૂમિ ટ્રસ્ટના સ્થાપક અને તંત્રી |
| ૨ | ઝવેરચંદ મેઘાણી | : | જન્મભૂમિ તંત્રી વિભાગ 'કલમ અને કિતાબ' સાહિત્ય પાનાના સર્જક |
| ૩ | બળવંતરાય મહેતા | : | સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અધ્યક્ષ |
| ૪ | મણિશંકર ત્રિવેદી | : | જન્મભૂમિના તંત્રી |
| ૫ | ઘનશ્યામભાઈ ઓઝા | : | સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અધ્યક્ષ |
| ૬ | રસિકલાલ પરીખ | : | સૌરાષ્ટ્ર ટ્રસ્ટ ટ્રસ્ટી |
| ૭ | મોહનલાલ મહેતા (સોપાન) | : | તંત્રી જન્મભૂમિ |
| ૮ | રતિલાલ શેઠ | : | વ્યવસ્થાપક અને મંત્રી સૌરાષ્ટ્ર ટ્રસ્ટ |
| ૯ | વીરચંદ શેઠ | : | મદદનીશ વ્યવસ્થાપક |
| ૧૦ | પુરુષોત્તમ દોશી | : | મદદનીશ વ્યવસ્થાપક |
| ૧૧ | રતુભાઈ કોઠારી | : | વ્યવસ્થાપક સ્ટેટસ પીપલ પ્રેસ તેમજ તંત્રી વિભાગ |
| ૧૨ | કીર્તિકાંત શેઠ | : | સરકયુલેશન ખાતાના વડા |

શ્રી અમૃતલાલ શેઠની વાત કરીએ તો તેઓના જીવના મૂળમાં પત્રકાર વસેલો હતો. અમૃતલાલ શેઠ એક વખત હૉસ્પિટલમાં બીમારીના ખાટલે પડયા હતા. ડૉ.ચંદુલાલ દેસાઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને મોરારજી દેસાઈ સરદારથી કંટાળીને પોંડીચેરી જવા નીકળી ગયા. તે શેઠની તબિયત જોવા હોસ્પિટલમાં આવ્યા. શેઠ માંદા માંદા ખાટલે પડેલા પણ જીવ પત્રકારનો એટલે તુરંત જ વીરચંદ શેઠને કહ્યું, ''આ બેટા બાવા થવા જાય છે એટલે એમની મુલાકાત લઈ લો.'' મોરારજીભાઈએ કહ્યું, તમે તમારી તબિયત સંભાળો.' પણ શેઠ કહે,''ના, ના મુલાકાત લેવી જ છે.'' આ પ્રસંગ દ્વારા તે મૂળથી પત્રકાર હતા તે સાબિત થાય છે. ''[૪૯]

એક પત્રકારમાં હિંમત અને ખૂમારી હોવી જોઈએ તે અમૃતલાલ શેઠમાં ભારો ભાર હતી. તેનો એક દાખલો લાભુબેન મહેતા પોતાના પુસ્તક 'મારા જીકાકા,મારું રાણપુર' માં નોંધે છે કે,'' એક વખત મુંબઈમાં મહાત્માજી સાથેની કોઈ વાતમાં અમૃતલાલભાઈથી એ જ રાજવીનો દેશના હિત વિરુધ્ધની પ્રવૃત્તિનો ઈશારો થઈ ગયો. સત્યપ્રેમી બાપુએ કહ્યું કે,અમૃતલાલ તારી વાતનો ઠોસ પુરાવો બતાવ. નહીંતર માફી માગી લે. શેઠ પણ પત્રકારજીવ હતા. અમૃતલાલભાઈએ બાપુના હાથમાં એક અઠવાડિયામાં જ પુરાવો મૂકી દીધો એ પૂરાવો હતો. મહારાજાએ આ દેશના હિતની વિરુધ્ધમાં જાપાનમાંથી સસ્તુ અને થોકબંધ કાપડ આપણા દેશમાં ઉતારી આપણા દેશના કાપડ ઉદ્યોગને કબરમાં ભંડારી દેવાની વાત કહી દેતો ખુદ તે મહારાજાની સહી ગુપ્ત કાગળ. ''[૫૦]

આ કાગળની સાચી વાત અમૃતલાલભાઈને સૌરાષ્ટ્રના એક વખતના દેશપ્રેમી મુત્સદ્દીએ મોઢે કરેલી ખરી પણ મહાત્માજીએ પૂરાવો માગ્યો એટલે વાત બહાર પડી શકે તેમ ન હતા. આ કિંમતી પુરાવો હાથ કરવા અમૃતલાલ શેઠ અને તેના સાથીઓએ આઠ દિવસ અથાગ પરિશ્રમ કરીને સફળતા મેળવી હતી.

એક પત્રકારમાં ખેલદિલીને સત્ય સાથે સ્વીકારવાની પણ ભાવના હોવી જોઈએ. તેનો એક દાખલો લાભુબહેન મહેતાએ નોંધ્યો છે. ''ડેઈલી સન ચાલી ન શકયું તેથી બંધ કરવામાં આવ્યું ત્યારે અમૃતલાલભાઈએ એક લેખ પોતાની સહીથી સારીયે પરિસ્થિતિ જનતા સમક્ષ રજૂ કરી તેમાં જણાવ્યું કે, ધી ડેઈલી સન' બંધ કરવું પડે છે પણ તેની સહાયમાં શરૂ કરેલું જન્મભૂમિ સારું ચાલે છે. તેના દ્વારા અમારું કામ ચાલું રહેશે. તે સમયે જન્મભૂમિનો એ વખતનો ધંધાદારી હરીફ 'નવભારત'માં શ્રી મસ્ત ફકીર કામ કરતા હતા. તેમણે પોતાના અખબારમાં 'ડોકા મરડીનો કાછીઓ' નામનો કટાક્ષભર્યો પ્રતિ લેખ લખ્યો.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેમાં કટાક્ષમાં એવા મતલબનું જણાવ્યું કે,'મારી ઝવેરી બજારની સોના ચાંદીની દુકાન બંધ કરવી પડે છે પણ ડોકમરડીમાં એક શાકભાજીની દુકાન શરૂ કરી છે તે સારી ચાલે છે અને તે દ્વારા હું મારા ગ્રાહકોની સેવા કરતો રહીશ.એ લખાણ એટલું કટાક્ષમય અને મૂળ લેખની પ્રતિકૃતિ સમાન હતું પણ અમૃતલાલ શેઠે ગુસ્સે થવાને બદલે ખેલદિલીથી શ્રી ફકીરને અભિનંદન આપવા ફોન કર્યો. અને ઈનામ પણ આપ્યું. અમૃતલાલ શેઠની ખુમારી અને ખમીર તેના દરેક લેખમાં જણાઈ આવતા હતા.''[૫૧]

અલગ અલગ અખબારોમાં તંત્રીઓના સ્થાન અને પ્રકાર પ્રમાણે વાત કરીએ તો મુંબઈ સમાચારમાં રવિવારની આવૃત્તિ માટે અલગ તંત્રી છે એ પ્રકારે જનશકિત અને જન્મભૂમિમાં નથી. સંદેશ અને ગુજરાત સમાચારે જો કે અમુક હદ સુધી રવિવારની આવૃત્તિ માટે જુદા માણસો રાખ્યાં છે પણ જુદા તંત્રી રાખ્યા નથી. ન્યુયોર્ક ટાઈમ્સની રવિવારની આવૃત્તિ માટે જુદા તંત્રી છે. અને તે માટે ૯૦ ઉપતંત્રીઓ કામ કરે છે. ત્યારે ગુજરાતી દૈનિકની રવિવારની આવૃત્તિનું કામ એક થી બે ઉપતંત્રીઓ સંભાળતા હોય છે. તંત્રીલેખનું રવિવારનું પાનું ન્યુયોર્ક ટાઈમ્સના ૧૧ તંત્રીઓ સંભાળે છે!

અમૃતલાલ શેઠ સવારે નવ વાગે તો જન્મભૂમિની ઑફિસમાં આવી જતા હતા. મુંબઈમાં હુલ્લડો થાય તો માત્ર રિપોર્ટર જ રિપોર્ટ લેવા જાય તેવો નિયમ નહોતો. અમૃતલાલ શેઠ જાતે જ ખિસ્સામાં પિસ્તોલ રાખીને હુલ્લડના સ્થળે પહોંચી જતા હતા. એમના સાહસિક સ્વભાવના કારણે બીજા વિશ્વયુધ્ધ વખતે વૉર કોરસપોન્ડન્ટ તરીકે રંગૂન જઈ આવ્યા હતા. અને સુભાષચંદ્ર બોઝના ઈન્ડિયન નેશનલ આર્મીના કેટલાક ડોકયુમેન્ટસને ભારત લઈ આવ્યા હતા. આ ડોકયુમેન્ટ પકડાય તો તેમને દેહાંત દંડની સજા થાય તેમ હતી. છતાં શેઠે હિંમત ન હારી. જન્મભૂમિ સધ્ધર થતું ગયું તેમ અમૃતલાલ શેઠે છાપાની કમાણી પ્રેસને વિકસાવવામાં માટે વાપરી. મુંબઈ ઘોઘા સ્ટ્રીટમાં જન્મભૂમિનું મકાન ૧૯૪૮માં વેચાતું લીધું. ઉપરાંત ખંભાલા હિલ ખાતે ૫૨૯ ચોરસવાર જમીન પણ લીધી હતી. ત્યાં જન્મભૂમિના સ્ટાફને રહેવા માટે મકાન બાંધવાનું હતું. સ્ટાફના નસીબ ઉજળાં નહોતાં જન્મભૂમિનું સંચાલન સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કરે છે. તેમને નાણાની જરૂર પડી ત્યારે જમીન વેચી દેવી પડી હતી. અત્યારે જન્મભૂમિ કે બીજા છાપાઓનાં મેનેજરોના પગાર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

એટલા ઉચ્ચ ધોરણનાં છે જેની એ જમાનામાં કલ્પના કરવી પણ શકય નહોતી. જન્મભૂમિના મેનેજર તરીકે રતિલાલ શેઠનો પગાર ૪–૪–૧૯૩૫માં રૂા. ૧૫૦ હતો. તે સમયે તંત્રી કે ઉપતંત્રી પણ બહુ ઓછા પગારથી નિષ્ઠાપૂર્વક કામ કરતા હતા. તેઓ ઘણા નિડર હતા. રાજા કે સરકારથી ડરતા નહી.

ચિત્રલેખામાં ધારાવાહિક નવલકથા લખતા શ્રી હરીન્દ્ર દવે જન્મભૂમિ પ્રવાસીના તંત્રી હતા. કાન્તિભટ્ટ વ્યાપારમાં ઉપતંત્રી હતા ત્યારથી ચિત્રલેખામાં લખતા હતા. જન્મભૂમિ પ્રવાસીમાં થોડા સમય ઉપતંત્રી તરીકે રહી ગયેલા સૌરભ શાહ પણ ચિત્રલેખામાં લખતા. મુંબઈમાં ગુજરાતી પત્રકાર સંઘ સ્થપાયું છે તેનું ઉદ્‌ભવસ્થાન પણ જન્મભૂમિ જ છે. 'ગુજરાત મિત્ર'ના નામના સુરતના દૈનિકમાં વિજ્ઞાનની કોલમ લખતાં, ભારદ્વાજ વિજય પણ જન્મભૂમિમાં ઉપતંત્રી હતા. ઓલ ઈન્ડિયા રેડિયોને વિજ્ઞાન કે રાજકારણના વિષયો ઉપર વાર્તાલાપ કરવો હોય ત્યારે સૌપ્રથમ નજર જન્મભૂમિના તંત્રી કે ઉપતંત્રી ઉપર નાખે છે. મુંબઈ સમાચાર એ ખાનગી માલિકી ધરાવે છે.આથી તેની કચેરીમાં કંપોઝ વિભાગ કે છપાઈ વિભાગમાં ભાગ્યેજ કોઈને પ્રવેશ મળે છે. સ્ટાફ સિવાયના માણસો અંદર જઈ શકતા નથી પણ જન્મભૂમિએ ટ્રસ્ટ સંચાલિત છે. લોકશાહી સંસ્થા છે. આથી કોઈપણ પત્રકાર કે છાપા સાથે જોડાયેલો માણસ જન્મભૂમિની કચેરીમાં અબાધિત પ્રવેશ મેળવે છે. એક સમયે 'નિખાલસ' નામના સાપ્તાહિકમાં તીખી કોલમ લખનારા હસમુખ ગાંધી જન્મભૂમિ પ્રવાસીમાં સહાયક તંત્રી હતા.

૧૯૪૦ની નવેમ્બરની પહેલી તારીખે શ્રી રણછોડદાસ લોટવાળાનું 'હિન્દુસ્તાન પ્રજામિત્ર' બંધ પડયું અને સ્વ. લક્ષ્મી પ્રસાદ બારોટ સ્વ. ચંદ્રકાન્ત પાઠક, સ્વ. બાબુભાઈ અને સ્વ. મનુભાઈ મહેતા બેકાર થઈ ગયા. મનુભાઈ મોટાભાઈની પેઠે રોકાવાને બદલે શિયાળું પાકની મજા માણવા ગામ ભેગા થઈ ગયા. તેમને શ્રી યજ્ઞેશ શુકલે મોકલેલો સંદેશો મળ્યો કે જન્મભૂમિમાં જોડાવામાં રસ હોય તો તાકીદે આવો.

શ્રી મનુભાઈ મહેતાએ ૮ જૂન, ૧૯૮૫ના રોજ એટલે કે ''જન્મભૂમિના બાવનમે વર્ષે'' સ્મૃતિઓના નંદનવનમાં એક લટાર શીર્ષક હેઠળ લેખ લખ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે ''તા. ૨૪–૧૨–૧૯૪૦ના રોજ હું જન્મભૂમિમાં હાજર થઈ ગયો કામ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કરવા મંડી ગયો. તે વખતે તંત્રીપદે શ્રી શામળદાસ ગાંધી હતા પરંતુ થોડા સમયમાં તેમણે જન્મભૂમિના આખા સ્ટાફ સાથે વિદાય લીધી. પરંતુ જન્મભૂમિના સદ્‌ભાગ્યે હિન્દુસ્તાન પ્રજામિત્રનો આખો તાલીમબધ્ધ બેકાર થયેલો સ્ટાફ જન્મભૂમિને મળી ગયો. મારા બે મહિના કામ કર્યા પછી શ્રી શેઠના હસ્તે એપોઈન્ટમેન્ટ લેટર મળ્યો. ''[૫૨]

એક તરફ ૧૯૪૩માં મહાયુધ્ધ ચાલતું હતું. ત્યાં જ બંગાળમાં ભયંકર દુષ્કાળ પડયો. લોકો ભૂખે મરતા હતા ત્યારે શ્રી શેઠ ભૂખ્યા બંગાળીઓની વહારે આવ્યા અને જન્મભૂમિ દ્વારા સેવાની એવી તો આહલેક જગાવી કે એક સ્ટીમર ભરાય એટલો બાજરો તેઓ ખરીદીને બંગાળ મોકલી શકયા. શેઠનો પ્રિય શબ્દ 'ભાઈલા' હતો તે મીઠાશથી બોલે એટલે આપોઆપ લોકો કામ કરવા તૈયાર થઈ જતા. ૧૯૪૦થી ૧૯૭૬ સુધી શ્રી મનુભાઈ મહેતા જન્મભૂમિ સાથે કાર્યરત રહ્યા. ૧૯૬૧માં તેઓ તંત્રી બની ગયા.

તંત્રીમંડળના બીજા એક પત્રકાર શ્રી રજનીકાન્ત બી. મોદીએ તા. ૧૨ ઓગષ્ટ, ૧૯૮૮ના રોજ એક લેખ લખ્યો હતો જેમાં તેમણે તંત્રીમંડળમાં અને વિવિધ તંત્રીઓના સ્વભાવની વાત કરી છે. ૧૯૫૦–૫૧માં જન્મભૂમિના સવારના દૈનિક 'નૂતન ગુજરાત'માં જયારે એ જોડાયા ત્યારે તેમના તંત્રી સ્વ.શ્રી કરસનદાસ માણેક હતા. શ્રી દિલીપ કોઠારી, શ્રી મગનલાલ, શ્રી સતીષકુમાર કે જેઓ બધા સ્વ. ઝવેરચંદ મેઘાણી સાથે રાણપુરમાં ફૂલછાબમાં સાથી સહલેખક પત્રકાર હતા તેઓ પણ હતા. તે સમયે શ્રી ચુનીલાલ મડિયા શ્રી જયંતી પાઠક, સ્વ. ખલીલ બધા જ તંત્રી મંડળના સભ્યો હતા.

શ્રી રજનીકાન્ત મોદી લખે છે કે,'' શ્રી કરસદાસ માણેક સાથે કામ કરવું. એ જીવનનો એક લહાવો હતો. ચુનીલાલ મડિયા વાતોડિયા હતા. અખબારના ઘોંઘાટિયા વાતાવરણમાં પણ તે લક્ષ કેન્દ્રિત કરીને એકાદ ટૂંકી વાર્તા ઘસડી કાઢે. મડિયા એમને સોંપેલું કામ ભાગ્યે જ પૂરું કરી શકતા. આથી જયારે અમારામાંથી કોઈ કામ પૂરું ન કરીએ ત્યારે શ્રી ખલીલ ચીડાઈને કહેતા કે, ''તું પણ મડિયા જ છો'' સતીષકુમાર સજ્જન આદમી હતા. 'મરતાને મર' ન કહે તેવા સજ્જન હતા. ગંભીર ભૂલો સુધારી લે. કદી કોઈને ઠપકો પણ ન આપે. દિલીપ કોઠારી સફાઈદાર માણસ બે લીટી મૌલિક લખે અને તરત જ અખબારી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કાગળથી પસીનો લૂછે પણ એમની હાથ નીચેના માણસ પ્રત્યે ખૂબ માયાળુ વર્તાવ રાખે ભૂલનો નિર્દેશ પણ અત્યંત વિવેકભરી ઢબે કરે.''[૫૩]

એ સમય દરમિયાન 'સોપાન' પણ 'નૂતન ગુજરાત'ના તંત્રી તરીકે કામ કરી ગયા. તે અતિશય ચોકકસાઈના આગ્રહી અને થોડા તેજ હતા. છાપું બહાર પડયા પછી આખું જોઈ જાય. ભૂલો તરફ નિશાન કરે. ઉપરોકત લેખ અંશો જોયા પછી ખ્યાલ આવે કે જન્મભૂમિ સાથે સંકળાયેલ દરેક વ્યકિત એક આગવી પ્રતિભા ધરાવતી હતી.જન્મભૂમિના સદનસીબે આટલા સારા પત્રકારો અને તંત્રીઓની સેવા તેને મળી રહી છે.

મુંબઈમાં જનશકિત બંધ થયું ત્યારે હરીન્દ્ર દવે આખા તંત્રીમંડળને લઈને જન્મભૂમિમાં જોડાયા હતા. હરીન્દ્ર દવે જન્મભૂમિના તંત્રીપદે આવ્યા ત્યારથી તેમનું સાહિત્યકાર તરીકેનું સ્તર ઘણું ઊંચું ગયું. હરીન્દ્ર દવે એક ઊંચા ગજાના કવિ,નવલકથાકાર અને વિવેચક હતા. તેમણે હંમેશા મૂલ્યોને જાળવીને પત્રકારત્વનો ખરો ધર્મ બજાવ્યો છે. હરીન્દ્ર દવેએ પત્રકારત્વ વિષે તા. ૨૮–૬–૧૯૯૨ના રોજ એક પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, ''પત્રકારત્વ ક્ષેત્રે બેતાલીસ વરસ વીતાવ્યાં છે. પત્રકારત્વે મારી દષ્ટિને સંકોરી છે. દેશના અને દુનિયાના આ સદીનો ઈતિહાસ ઘડનારા મહાનુભાવોને ખૂબ નજીકથી જોયા છે અનુભવનું આ જગત શબ્દની સાધનામાં ખપ લાગ્યું છે. પત્રકારત્વે મારા ગદ્યને માંજયું છે. કવિતાના લયને ઊંડાણ આપ્યું છે.''[૫૪]

ડૉ. યાસીન દલાલ હરીન્દ્ર દવે વિષે લખે છે કે,'' હું હંમેશા માનતો રહ્યું છું કે આપણા જેવા ગરીબ,અવિકસિત અને સામાજિક તણાવવાળા દેશને ખંડનાત્મક નહીં પણ વિકાસાભિમુખ રચનાત્મક અને સંવાદિતાવાળા પત્રકારની જરૂર છે. હરીન્દ્રભાઈનું એક પત્રકાર અને સમીક્ષક તરીકે હંમેશા આવું જ વલણ રહ્યું છે. એમણે અયોધ્યા પ્રશ્ને મંડણ પ્રશ્ને કે પંજાબ પ્રશ્ને કદી અંતિમવાદી કે કોઈ એક પક્ષની તરફ દારીની ગંધ આવે એવું વલણ લીધું નથી પણ અત્યંત તટસ્થ અને સમતાનો દષ્ટિકોણ અપનાવ્યો છે. ''[૫૫]

કોઈ પ્રદેશમાં એક જ વ્યકિત ઊંચા ગજાનો કવિ હોય, ઉચ્ચકક્ષાનો નવલકથાકાર હોય, વિવેચક હોય અને એટલા જ ઊંચા ગજાનો તંત્રી, પત્રકાર અને સમીક્ષક પણ હોય એવું ભાગ્યેજ બને છે. હરીન્દ્રભાઈમાં આ બધા જ ગુણો હતા. જયપ્રકાશ નારાયણના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અવસાન નિમિત્તે એમણે લખેલો લેખ ગુજરાતીમાં લખાયેલા લેખોમાં ઉત્તમ લેખ ગણી શકાય. બહુ ઓછા લોકોને જાણ હશે કે હરીન્દ્રભાઈ ફિલ્મ પત્રકારત્વમાં પણ કાર્યરત હતા. એમણે ગુરૂદત જેવા મહાન સર્જકને ખૂબજ નિકટથી જોયા અને જાણ્યા હતા. તેમના ફિલ્મો પરના લેખોએ આપણા પત્રકાત્વનું યાદગાર પાનું છે. એક પૂર્ણ કક્ષાના દૈનિકના તંત્રી હોવા છતાં તેઓએ એટલું બધું સર્જન કાર્ય કરવાનો સમય કયાંથી કાઢયો હશે તે પણ આશ્ચર્ય પમાડે તેવી વાત છે.

હરીન્દ્ર દવેએ જન્મભૂમિને સાહિત્ય રંગ બક્ષ્યું છે. તો હાલના તંત્રી શ્રી કુન્દનભાઈ વ્યાસે તેને સમાચાર પત્ર તરીકે વિકસાવ્યું તેમણે જન્મભૂમિનું સાહિત્યિક સ્તર જાળવી રાખ્યું તે સાથે જ સમાચારોને પણ વધારે મહત્ત્વ આપવા માંડયું.કુન્દનભાઈ વ્યાસ હાલના ગુજરાતી પત્રકારોમાં ખૂબ ઊંચું સ્થાન ધરાવે છે. તેઓ જન્મભૂમિ સાથે ૧૯૬૪થી સંકળાયેલા પણ છે તેમણે ત્રીસ વર્ષ સુધી તેના દિલ્હી ખાતેના બ્યુરો ચીફ તરીકેની કામગીરી સંભાળી હતી. હરીન્દ્ર દવેના અવસાન બાદ ૧૯૯૫ના એપ્રિલથી તેમણે જન્મભૂમિના તંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેઓ ખૂબ જ કાબેલ અને અનુભવી પત્રકાર છે. પોતાની કારકિર્દી દરમિયાન તેમણે અનેક રોમાંચક ઘટનાઓનું જીવંત રીપોર્ટીંગ કર્યું છે. ૧૯૭૧ના યુધ્ધ વખતે તેમણે યુધ્ધભૂમિ પરથી અહેવાલો આપ્યા હતા. આ ઉપરાંત દિલ્હી નિવાસ દરમિયાન સંસદનું પણ રિપોર્ટીંગ તેમણે સંભાળ્યું હતું. દેશની દરેક કટોકટીને નજીકથી નિહાળવાનો તેમને મોકો મળ્યો છે. દેશના વડાપ્રધાન સાથે વિદેશમાં ફરીને રિપોર્ટીંગ કરનાર તેઓ એક માત્ર ગુજરાતી પત્રકાર છે. હાલના પત્રકારોમાં સૌથી વધુ વિદેશ પ્રવાસ તેઓએ કર્યો છે. ૧૯૭૬માં યુનાઈટેડ નેશન્સ દ્વારા હેમરશોલ્ડ ફેલોશિપથી નવાજવામાં આવેલા. તેઓ એક માત્ર એશિયન હતા. તેઓ આઈ એન એસ સાથે પણ સંકળાયેલા છે. તેમજ ઈન્ડિયન લેંગ્વેજીસ ન્યુઝપેપર એસોસિએશનના ઉપપ્રમુખ પણ છે. જન્મભૂમિના સદનસીબે આવા અનુભવી પત્રકારનો જન્મભૂમિને લાભ મળ્યો છે અને તે ઉત્તરોત્તર પ્રગતિ કરે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કાન્તિભટ્ટ લખે છે તેમ ''જન્મભૂમિ જાણે ગુજરાતી પત્રકારો માટે યુનિવર્સિટી બની ગઈ છે. કોઈ સભામાં પત્રકાર તરીકેના પરમ સુખની પળ કઈ તેવા પ્રશ્નના જવાબમાં 'જન્મભૂમિ'નું નામ જ આવે.''[૫૬]

હવે તંત્રીઓ અને પત્રકારોની વાત કરીએ જ છીએ તો સાથોસાથ અખબારો અને સામયિકોને પોતાની કળાથી શણગારનારા કાર્ટુનિસ્ટો વિષે પણ વાત કરીએ. સિત્તેરના દાયકામાં ચિત્રલેખામાં કાર્ટુનો આપતા રમેશ બુચ જન્મભૂમિ પ્રવાસીમાં પહેલેથી કાર્ટુન આપતા હતા. 'વાહ ભાઈ વાહ'ના પાનામાં કાર્ટુનો આપતા શ્રી નારદ જન્મભૂમિમાં ફોરમેન હતા. તેમનું મૂળ નામ મહેન્દ્ર ત્રિવેદી હતું પણ હુલામણું નામ નારદ હતું. સંદેશના કાર્ટુનિસ્ટ ચકોર પણ જન્મભૂમિમાં પોતાની સેવા આપતા હતા. એક પત્રકારને ચિત્રકારની સહાયથી પોતાના અખબારને વધુ સચિત્ર બનાવવાની હોંશ રહે છે. એક અખબાર માટે લેખક અને ચિત્રકારની જોડીની આજની ઘડીએ પણ સંપૂર્ણ જરૂરત રહે છે.

શ્રી જમનાદાસ નેનુજી અતીતની અટારીએથી લેખમાળામાં લખે છે તે પ્રમાણે એમના જીવનમાં આવનાર અનેક ચિત્રકારોમાં સૌપ્રથમ પરિચય દુર્ગાશંકરભાઈ પંડયાનો થયો તેનું ઉપનામ હતું 'કલાબ્ધિભાઈ' એમના વડીલ પત્રકાર બંધુ ઉષાકાંત જે. પંડયા જે વર્ષો સુધી રવિવાર અને કિસ્મતના તંત્રી રહ્યા હતાં. ચિત્રકામના તેઓ તપસ્વી ગણાતા. તેઓ હંમેશા એક રંગી,એક રાગી અને એક માર્ગી રહ્યાં હતા. પીંછીને કારણે મહાન પત્રકાર અમૃતલાલ શેઠથી માંડીને સવિતાના તંત્રી સેવંતીલાલ શાહ સુધી દરેક સાથે સંબંધો ધરાવતા હતા. મુંબઈનું કોઈપણ દૈનિક સાપ્તાહિક કે માસિક એવું નથી કે જેમણે કલાબ્ધિભાઈના ચિત્રો ન છાપ્યાં હોય. ૧૯૨૮માં કનૈયાલાલ મુનશીની 'ગુજરાત'ના મુખપૃષ્ઠ પર એમનું સૌપ્રથમ રંગીન ચિત્ર છપાયું હતું. ૧૯૩૨માં જયારે અમૃતલાલ શેઠે જન્મભૂમિનો પ્રારંભ કર્યો ત્યારે કલાબ્ધિભાઈ જ તેમાં ચિત્રો દોરતા.

અમૃતલાલ શેઠે તો દિવસના બે ત્રણ કલાક કામ કરવા માટે તેમને એક અલાયદી રૂમ પણ આપી હતી. કલાબ્ધિભાઈએ જન્મભૂમિના આઝાદી અંકના મુખપૃષ્ઠ પર દોરેલું રંગીન ચિત્ર કોંગ્રેસના નેતાઓને એટલું ગમી ગયું કે, આ ચિત્રને એમણે એનલાર્જ કરીને મેરઠ કોંગ્રેસ અધિવેશનના મુખ્ય દ્વાર પર મૂકયું હતું. ઈ.સ. ૧૯૪૪થી ૧૯૬૦ સુધી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હજારો અભિનંદન કાર્ડઝની વિવિધ ડિઝાઈનો પણ એમણે દોરી હતી. પોતાની જીંદગીના ૬૦ વર્ષ તેમણે ચિત્રકળાને ધર્યા હતા.

બીજા એક ચિત્રકાર હતા સી. જોશી. તેઓ સાંતાક્રુઝ પૂર્વમાં રહેતા. અઠવાડિકો અને મુંબઈ સમાચાર દૈનિકમાં એમનાં ચિત્રો પ્રગટ થતાં અન્ય એક ચિત્રકાર હતા હસમુખભાઈ સોની પણ આ કલાકાર કસમયે ક્ષયની જીવલેણ બીમારીથી મૃત્યુ પામ્યા.

જન્મભૂમિના બે કાર્ટુનિસ્ટો શનિ અને રૂપમને લોકો ખૂબ સારી રીતે ઓળખે છે. ૧૯૪૦ થી ૧૯૫૦ની વચ્ચે શનિ પોતાના કાર્ટુનોથી લોકપ્રિય બન્યા હતા. શનિએ ,પોતાનું સ્વતંત્ર સાપ્તાહિક ચેતમછંદર શરૂ કર્યું હતું. ૧૯૪૪માં શનિએ ચિત્રપટ માટે ખાસ કાર્ટુનો દોરવાનું શરૂ કર્યું હતું. શામળદાસ ગાંધીના પુત્ર કિશોર ગાંધી બાળકો માટે 'રમકડું' માસિક પ્રગટ કરતા હતા. એમાં શનિની ચાર પાનાની નથ્થુભાઈની રંગીન વાર્તા બાળકોના આકર્ષણરૂપ હતી. પછી શનિ રાજકારણમાં જોડાયા આથી પીછી અને રંગો પાછળ રહી ગયા અને કલમ આગળ નીકળી ગઈ જીવનના અંતિમ વર્ષોમાં કેશવલાલ ધનેશ્વર ત્રિવેદી (શનિ) પોતાની જાતને સંભાળી ન શકયા અને અકાળ અવસાન પામ્યા.

શનિ પછી જન્મભૂમિમાં રમેશકુમાર ચંદે એટલે રૂપમનું નામ ઝળકયું. કાર્ટુનિસ્ટ તરીકે ચાર દાયકાથી પણ વધુ સમય કાર્યરત રહ્યા. સ્વભાવે સરળ અને ખુશ મિજાજી રૂપમની પીંછી દ્વારા ખૂબ સારો વ્યંગ પ્રગટ કરવામાં આવ્યો. પાકિસ્તાનના અલગ થયા પછી રૂપમ મુંબઈ આવ્યા અને પોતાની પીછીના કસબથી જન્મભૂમિમાં સ્થાન મેળવ્યું હતું.

બંસી વર્મા અને લક્ષ્મણ વર્મા આ બંને ચિત્રકાર ભાઈઓમાં બંસી વર્માનું નામ વિશેષ જાણીતું ગણાય છે. ચકોરના નામે એમણે કાર્ટુનો દોરીને ગુજરાતનું મોં મલકાવ્યું છે. તેઓ અમદાવાદથી મુંબઈ આવીને ફ્રિ પ્રેસમાં જોડાયા હતા. આ ફ્રિ પ્રેસ સંસ્થાના 'નવશકિત' અને 'જનશકિત'માં એમના કાર્ટુનો પ્રસિધ્ધ થતાં. પત્રકાર પોતાના વિચાર એક આખી કોલમ દ્વારા વ્યકત કરે તે જ વિચાર એક ચિત્રકાર કે કાર્ટુનિસ્ટ એક કોલમનો આઠમો ભાગ રોકી ને આપી શકે છે. એક ચિત્ર ૧૦૦ શબ્દોની ગરજ સારે છે.

જન્મભૂમિ સંસ્થા તરફથી ૧૯૩૯ની આખરે સચિત્ર સાપ્તાહિક પ્રવાસી પ્રગટ કરવાનું નકકી થયું તેનું તંત્રીપદ શ્રી રવિભાઈ મહેતા અને સહતંત્રી પદ શ્રી જીતુભાઈ મહેતા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને શ્રી રતુભાઈ કોઠારીને સોંપાયેલ હતું. રતુભાઈના ભાગમાં કેટલાક ફિચર સંભાળવાના આવ્યા. અને તેમાં મુખ્ય સાપ્તાહિકનું પહેલું,બીજું અને ત્રીજું સચિત્ર કવર પાનું હતું. આ પાના માટે અનેક ફોટોગ્રાફર મિત્રો તેમાં યોગદાન આપતાં. એમાં પણ એ જૂના પ્રવાસી સાપ્તાહિકના અનેક પાના ડી.ડી.બારોટની તસવીરોથી શોભી રહેલા.

ફોટોગ્રાફીનો ભારે શોખ ધરાવનાર ડી.ડી. બારોટને લોકો સારંગ બારોટના નામથી વધુ ઓળખે છે. સારંગ તખલુસ એમણે પાછળથી ધારણ કર્યું હતું. ૫૦ જેટલા વિવિધ પુસ્તકો દ્વારા વાંચકને રોચક અને રસભર્યું સાહિત્ય આપી જનાર હજુ ઘણું આપી જવાની ક્ષમતા ધરાવતા હતા. ૫ ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ સારંગ બારોટનું અવસાન થયું હતું.

હાલના જન્મભૂમિમાં દેવ ગઢવી અને એનાયત પટેલ તથા રમેશ બુચ કાર્ટુનિસ્ટ તરીકે કાર્યરત છે.

### (૫) પૂર્તિઓ અને વિશેષાંકો :

જયારે અખબારોનો જન્મ થયો અને પા પા પગલી શરૂ થઈ ત્યારે પૂર્તિઓનું ખાસ મહત્ત્વ ન હતું. લોકો માટે સમાચાર વાચવા જ પર્યાપ્ત હતા. સમાચાર જ સર્વસ્વ હતા, ઈતર વાચન તો ગૌણ અને બિન જરૂરી ગણાતું. ધીમે ધીમે સમય જતા શિક્ષણનું પ્રમાણ વધ્યું. લોકોની વાચન પ્રત્યેની રુચિ વધી,વાચન ભૂખ વધી, આથી પુસ્તકોનું પ્રકાશન વધ્યું, વિવિધ વિષયો પર લેખનની જરૂરિયાત ઊભી થઈ. લેખકો જે પહેલાં વાર્તા,નવલકથા જ લખતાં તેઓ હવે પૂર્તિમાં લેખોને લેખમાળા લખવા લાગ્યા. સમયમાં પરિવર્તન થયું. આમ, ૧૩–૮–૧૯૯૭ બુધવારના જન્મભૂમિ સાથે ટેબ્લોઈડ સાઈઝની 'મેઘધનુષ' પૂર્તિની શરૂઆત થઈ.

એ પહેલાં નિયમિત રીતે પૂર્તિ બહાર નહોતી પડાતી પરંતુ સમય અનુસાર જો જરૂરી લાગે તો વિશેષાંકો કે પત્રિકાઓ બહાર પાડવામાં આવતી. ૧૯૫૯માં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા જન્મભૂમિ રજતજયંતી બહાર પાડવામાં આવ્યો હતો. તેમાં ૯મી જૂન, ૧૯૩૪ના રોજના જન્મભૂમિનાં પ્રકાશનના પ્રથમ અંકથી માંડીને દર વર્ષે કેવાં કપરાં ચઢાણ ચઢીને પ્રગતિ કરી તેની સાલવાર માહિતી આપવામાં આવી હતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૯૩૯–૪૦માં હિટલરના અવસાનના સમાચાર મળ્યા, પછી એક જ કલાકમાં પ્રગટ થયેલા, જન્મભૂમિના ખાસ વધારાના એક પાનાની તસવીર આ વધારા સાથે છપાઈ હતી. ઉપરાંત હિટલર વિષેની મહત્ત્વપૂર્ણ વાતો ચાર પાનાની પૂર્તિ દ્વારા પ્રજા સુધી પહોંચાડી હતી. જેને એક સિદ્ધિ જ ગણી શકાય.

૧૯૪૫–૪૬માં સૌથી મહત્ત્વના બનાવને પૂર્તિ સ્વરૂપે પ્રજા સમક્ષ મૂકવામાં આવ્યો. અમૃતલાલ શેઠે બર્મા જઈને નેતાજી સુભાષચંદ્ર બોઝ અને એમણે રચેલી આઝાદ હિંદ ફોજનો ઈતિહાસ મેળવ્યો. હિંમતપૂર્વક સાહસ વેઠીને એ બધુ તેઓ ભારત લઈ આવ્યા હતા.

જીવના જોખમે લાવેલી સામગ્રી જન્મભૂમિએ સૌપ્રથમ ખાસ પૂર્તિ દ્વારા પ્રગટ કરીને પ્રજામાં ઉત્તેજના ફેલાવી હતી. કેટલીક ભાષામાં તેના અનુવાદો પણ થયા હતા.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટની એ વિશેષતા રહી છે કે, તે પોતાના ટ્રસ્ટના દરેક અખબારમાં એક જ સમાન પૂર્તિઓ આપે છે. પછી તે ફૂલછાબ હોય, જન્મભૂમિ હોય કે, કચ્છમિત્ર હોય તેમાં સમાચારપત્ર તો જે તે રાજય કે પ્રાંતને અનુરૂપ તેના સમાચારો જ છાપે છે પણ પૂર્તિ મુંબઈમાં છપાય છે. ત્યાંથી જ જેતે અખબારના કાર્યાલય સુધી પહોંચે છે. પછી લોકોમાં વિતરણ થાય છે. આ પધ્ધતિને કારણે વાચક ગમે ત્યાં રહેતો હોય તેને એક સરખા વાચનનો લાભ મળે છે.

સૌપ્રથમ આપણે જન્મભૂમિના વિવિધ પ્રકાશનો અને વિશેષાંકોની સાલવાર યાદી જોઈ લઈએ.

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧૯૪૪ ચોથી આવૃત્તિ | રાષ્ટ્રગીત સંપાદક : શ્રી કરશનદાસ માણેક | |
| | (પ્રથમ ત્રણ આવૃત્તિ ૧૯૨૨ થી ૧૯૨૪ દરમિયાન બહાર પડી હતી.) | | |
| (૨) | ડિસેમ્બર, ૧૯૪૨ | જન્મભૂમિ | પારિભાષિક જ્ઞાનકોષ |
| (૩) | નવેમ્બર, ૧૯૪૫ | જયહિન્દ | અંગ્રેજી |
| | ડિસેમ્બર, ૧૯૪૫ | જયહિન્દ | ગુજરાતી |
| | ડિસેમ્બર, ૧૯૪૫ | જયહિન્દ | મરાઠી |
| | ફેબ્રુઆરી, ૧૯૬૪ | જયહિન્દ | હિન્દી |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | |
|---|---|---|---|
| (૪) | માર્ચ,૧૯૫૨ | મેઘાણી | સ્મૃતિગ્રંથ |
| (૫) | જૂન, ૧૯૫૪ | જન્મભૂમિ | વાર્ષિક અંક |
| (૬) | ઓકટોબર, ૧૯૫૯ | જન્મભૂમિ | રજત જયંતી અંક |
| (૭) | નવેમ્બર,૧૯૬૫ | યુગ દષ્ટા | નહેરૂ આલ્બમ |
| (૮) | ૩૦ જાન્યુઆરી, ૧૯૮૯ | જયશંકર | સંદરી વિશેષાંક |
| (૯) | ૮ ઓકટોબર , ૧૯૮૯ | જન્મભૂમિ પ્રવાસી | સુવર્ણ પર્વ વિશેષાંક |
| (૧૦) | ૯ જૂન ૯, ૧૯૯૩ | જન્મભૂમિ | હીરક પર્વ વિશેષાંક |

છેલ્લા ૧૫ વર્ષમાં પ્રિન્ટ મિડિયાએ ભારતમાં કાઠું કાઢયું છે અને લોકશાહી મૂલ્યોના જતનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ બની રહ્યું છે. આથી જ વાચકોની સંખ્યામાં નિરંતર વધારો થઈ રહ્યો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં વાચકોની સંખ્યા ૧૭૯ મિલિયનથી વધીને ૨૦૦ મિલિયન થઈ ગઈ છે. મતલબ કે ૧૫ વર્ષથી ઉપરના ૨૭.૪ ટકા ભારતીય એક યા બીજું અખબાર વાંચે છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ વાચકોની સંખ્યા ૧૭ ટકાથી વધી ૧૯ ટકા થઈ ગઈ છે. તે વધતા જતા સાક્ષર જ્ઞાનની સાથે વધતી જતી માહિતીની ભૂખની પણ પ્રતીતિ કરાવે છે. સમગ્ર મુદ્રિત સામગ્રી પૈકી માત્ર અખબારોના વાચકો પણ ૧૫૫ મિલિયનમાંથી વધીને ૧૮૨ મિલિયન થયા છે. આમ, ટી.વી.નો વધતો વ્યાપ અને ૨૪ કલાક સમાચારો પ્રસ્તુત કરતી ચેનલોનું આગમન અખબારો પર માઠી અસર કરશે એવી ધારણા ખોટી પડી છે. દશ્ય માધ્યમ કે વિજાણું માધ્યમ હોવા છતાં અખબારોનો ફેલાવો અને વાચન સંખ્યા વધતાં જ રહ્યાં છે. ૧૯૩૭–૩૮ના વર્ષો દરમ્યાન જન્મભૂમિએ ચૂંટણીની બે પૂર્તિઓ, કાઠિયાવાડ અને કચ્છની પૂર્તિઓ, રાજકોટની લડતની પૂર્તિઓ પણ પ્રગટ કરી હતી. ઉપરાંત 'બાળજગત' નામનું બાળકોનું પાનું પણ શરૂ કરવામાં આવ્યું.

પહેલા અઠવાડિયામાં એક બુધવાર અને એક રવિવાર એમ બે પૂર્તિઓ જ આવતી પછી સોમ કે શુક્રની પૂર્તિ ચાલું થઈ એમ કરતાં અખબારો વચ્ચે સ્પર્ધા ચાલું થઈ. ધીમે ધીમે એ સ્પર્ધા ગળાકાપ સ્પર્ધાનું સ્વરૂપ લીધું અને એક પછી એક એમ દરેક અખબારે બધાજ દિવસોની પૂર્તિ બહાર પાડવાનું શરૂ કર્યું. શરૂમાં લોકોને એ વધુ પડતું વાચન લાગતું પછી તેઓ પણ ટેવાઈ ગયા. બસ જન્મભૂમિનું સૌરાષ્ટ્ર ગ્રૂપ તેમાંથી બાકાત રહ્યું છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જન્મભૂમિ દર રવિવારે 'મધુવન' સાપ્તાહિક પૂર્તિ બહાર પાડે છે. આમ તો આ પૂર્તિની શરૂઆત ૨૦૦૫માં થઈ હતી. પણ તેનો ખરો ઈતિહાસ તપાસવામાં આવે તો તેનો જન્મ ૧૯૩૯માં થયો હતો. ખરેખર ખૂબ રસપ્રદ ઈતિહાસ છે આ પૂર્તિનો. તેને પહેલાં જન્મભૂમિ પ્રવાસી સાપ્તાહિક એવું નામ આપવામાં આવ્યું હતું. આપણે તેના તારીખ વાર પ્રમાણે ઈતિહાસની વિગતો મેળવીએ.

દશેરા પછીના પહેલા રવિવારે પ્રવાસી સાપ્તાહિકનું વર્ષ બદલવામાં આવે છે.:

| | |
|---|---|
| ૨૨–૧૦–૧૯૩૯ | દશેરાના દિવસે શુભારંભ દર રવિવારે સવારનું નાની સાઈઝનું સાપ્તાહિક શરૂ થયું. |
| ૨૭–૦૭–૧૯૪૧ | દર રવિવારે મોટી સાઈઝનું છપાવાનું શરૂ થયું. |
| ૦૧–૦૧–૧૯૫૬ | ભૂરા રંગનું વચ્ચે કમળના ચિત્ર સાથેનું માસ્ટરહેડ છપાવવાનું શરૂ થયુ. |
| થી | |
| ૨૦–૦૧–૧૯૬૩ | |
| ૨૮–૦૧–૧૯૬૩ | કાળા રંગનું માસ્ટર હેડ છપાવવાનું શરૂ થયું. |
| ૦૩–૦૨–૧૯૬૩ | લાલ રંગનું માસ્ટર હેડ છપાવવાનું શરૂ થયું. |
| થી | |
| ૦૮–૦૮–૧૯૬૫ | |
| ૧૫–૦૮–૧૯૬૫ | ફરીથી કાળા રંગનું માસ્ટર હેડ છપાવવાનું શરૂ થયું. |
| ૧૩–૧૨–૧૯૬૪ | આફ્રિકાની આવૃત્તિ શરૂ થઈ. |
| જુલાઈ ૧૯૭૧થી | આફ્રિકા આવૃત્તિની ફાઈલ જન્મભૂમિ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ નથી. |
| ૨૫–૦૫–૧૯૮૬ | ગુજરાતની આવૃત્તિ શરૂ થઈ. |
| ૨૭–૦૭–૧૯૮૬ | ગુજરાત આવૃત્તિ બંધ કરવામાં આવી. |
| ૧૪–૦૮–૧૯૮૮ | સાપ્તાહિક પૂર્તિ રંગીન બની. |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૪–૦૪–૨૦૦૨ પહેલા અને છેલ્લા પાના પર ફોટા સહિત કલર પ્રિન્ટિંગ શરૂ થયું. માસ્ટરહેડ લાલ રંગથી છપાવાનું શરૂ થયું. રંગીન જાહેર ખબર છપાવાની શરૂ થઈ.

૨૬–૦૫–૨૦૦૨ પાનાની સાઈઝ પોણા ચૌદ ઈંચની કરવામાં આવી.

૦૮–૦૬–૨૦૦૩ સાપ્તાહિક પૂર્તિની ડિઝાઈન બદલવામાં આવી.

૧૧–૦૯–૨૦૦૫ જન્મભૂમિ જૂથના અખબારોની સાપ્તાહિક પૂર્તિમાં એક સૂત્રતાના ઉદ્દેશ માટે સાપ્તાહિક પૂર્તિને મધુવન નામ આપવામાં આવ્યું.

(જન્મભૂમિ પ્રવાસી સાપ્તાહિકના તંત્રીઓની વિગતવાર યાદી તંત્રી અને પત્રકારોના પ્રકરણમાં સમાવવામાં આવી છે.)

જન્મભૂમિ કાર્યાલય દર વર્ષે પંચાંગ બહાર પાડે છે. તે પણ વિશેષાંક જ કહેવાય. તા.૩ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ શ્રી દેવશી વીરજી બોનાએ પંચાંગ લખવાનું શરૂ કર્યું. લગભગ શરૂઆથી લઈને તા. ૧–૭–૧૯૭૧ સુધી શ્રી અમૃતલાલે તેનું સંચાલન સંભાળ્યું. તા. ૧–૭–૧૯૭૧ થી ૧૨–૧૦–૧૯૭૯ સુધી શ્રી દત્તાત્રય શુળેએ સંચાલન સંભાળ્યું. તા. ૧૨–૧૦–૧૯૭૯ થી શ્રી જયોતિબહેન ભટ્ટે કાર્યભાર હાથમાં લીધો હતો.

પંચાંગની અન્ય વિગતો જોઈએ તોઃ

તા. ૩–૧–૧૯૪૫ માં પંચાંગ કાર્યાલય શરૂ થયું.

તા. ૨–૨–૧૯૪૫ માં લોકમાન્ય (મરાઠી) ચૈત્રી પંચાંગ બહાર પડયું. (તંત્રી શ્રી કૃષ્ણાજી વિઠ્ઠલ સોમણ)

તા. ૧૦–૩–૧૯૪૫ માં નૂતન ગુજરાત (ગુજરાતી) ચૈત્રી પંચાંગ શરૂ થયું.

તા. ૧૩–૧૦–૧૯૪૫ જન્મભૂમિ (ગુજરાતી) કાર્તિકી પંચાંગ બહાર પડયું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પંચાંગની તારીખવાર પ્રમાણેની યાદી અને તંત્રીઓની યાદી નીચે પ્રમાણે છે.:

| પંચાંગનું વર્ષ | પ્રગટ થયાની તારીખ | કયા વર્ષ માટે | | તંત્રી |
|---|---|---|---|---|
| | | વિ.સંવત | ઈ.સ. | |
| ૧ | ૧૩–૧૦–૧૯૪૫ | ૨૦૦૨ | '૪૫–૪૬ | દેવશી વીરજી બોના |
| ૨ | ૨૨–૦૮–૧૯૪૬ | ૨૦૦૩ થી | '૪૬–૪૭ | દેવશી વીરજી બોના અને |
| ૧૩ | | ૨૦૧૪ | '૫૭–૫૮ | કૃષ્ણાજી વિઠ્ઠલ સોમણ |
| ૧૪ | ૧૯–૦૮–૧૯૫૮ | ૨૦૧૫ | '૫૮–૫૯ | લક્ષ્મીપ્રસાદ બારોટ |
| ૨૫ | ૨૧–૦૮–૧૯૬૯ | ૨૦૨૬ | ઓકટો'૬૯ થી માર્ચ'૭૧ (દોઢ વર્ષ) | લક્ષ્મીપ્રસાદ બારોટ |
| ૩૫ | ૧૫–૮–૧૯૭૯ | ૨૦૩૬ | ઓકટો'૭૯ માર્ચ '૮૧ | લક્ષ્મીપ્રસાદ બારોટ |
| ૩૬ | ૧૫–૮–૧૯૮૦ | ૨૦૩૭ | '૮૦–'૮૨ | જયોતી એન. ભટ્ટ |
| ૪૯ | ૧૭–૭–૧૯૯૩ | ૨૦૫૦ | '૯૩–'૯૫ | જયોતી એન. ભટ્ટ |
| *૫૦ | ૨૨–૦૭–૧૯૯૪ | ૨૦૫૧ | '૯૪–'૯૬ | જયોતિ એન. ભટ્ટ |
| ૫૧ | ૧૭–૭–૧૯૯૮ | ૨૦૫૫ | '૯૮–'૨૦૦૦ | જયોતિ એન. ભટ્ટ |

*અહીં એક રસપ્રદ વાત નોંધવા જેવી છે ૨૦૫૧ની સાલમાં પંચાંગનું ૫૦મું વર્ષ આવે પરંતુ ભૂલથી ૫૧મું વર્ષ પ્રગટ થયેલું જે શિરસ્તો હજુ સુધી ચાલું રહ્યો છે.

તા. ૧–૮–૧૯૯૧ના રોજ હિન્દી પંચાંગ પ્રગટ કરવામાં આવ્યું. જેના તંત્રી તરીકેનો કારોબાર શ્રી જયોતીબહેન ભટ્ટને સોંપાયો. તા. ૨૬–૩–૨૦૦૧ થી ૧૨–૦૪–૨૦૦૨ એ છેલ્લો અંક પ્રગટ કરવામાં આવ્યો. આ પછી હિન્દી પંચાંગ પ્રગટ થયેલું નહીં અને કાર્યભાર જયોતિબહેન ભટ્ટ પાસે જ રહેલો.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ધાર્મિક,રાજકીય,વ્યવહારિક અને ઔદ્યોગિક બાબતોનું સૂક્ષ્મ જયોતિષશાસ્ત્રને આધારે પ્રમાણભૂત નિરૂપણ એ જન્મભૂમિ પંચાંગની વિશિષ્ટતા છે. જેમાં જયોતિષ નિષ્ણાતો ફળાદેશ સાથે માનવીના જીવનની આરસી સમાન જન્મ પત્રિકાઓ, દાંપત્ય સુખ દર્શાવતા લગ્નના માંગલ્ય મૂહુર્તો, રહેઠાણની સ્થિરતા બક્ષતા વાસ્તુ મૂહુર્તો, ધન પ્રાપ્તિ કરાવતાં વ્યાપારી મૂહુર્તો વગેરે છાપવામાં આવે છે.

જયોતિષ શાસ્ત્ર પ્રવેશ પંચાંગ માર્ગદર્શિકાઃ

| | | |
|---|---|---|
| (૧) | વિ.સં ૨૦૧૬ | પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૫૯ |
| (૨) | ૨૦૧૨ | બીજી આવૃત્તિ ઈ.સ. ૧૯૬૫–૬૬ |
| (૩) | ૨૦૨૬ | ત્રીજી આવૃત્તિ લેખક લક્ષ્મીપ્રસાદ બારોટ ૧૪–૬–૧૯૭૦ |
| (૪) | ૨૦૩૬ | ચોથી આવૃત્તિ લેખક જયોતી ભટ્ટ ૩૦–૪–૧૯૮૦ |
| (૫) | ૨૦૪૮ | પાંચમી આવૃત્તિ લેખક જયોતી ભટ્ટ ૫–૫–૧૯૯૨ |
| (૬) | ૨૦૫૯ | છટ્ટી આવૃત્તિ લેખક જયોતી ભટ્ટ ૧–૧–૨૦૦૩ |

હજારો વાચકો જન્મભૂમિ પ્રત્યે પ્રેમ અને આદર ધરાવે છે. 'જન્મભૂમિ'માં આવતા સમાચારો વિશ્વસનીય મનાય છે. રાજકારણ, અર્થકારણ, કલા, વ્યાપાર, સાહિત્ય, વિજ્ઞાન વગેરે વિષયોના ખાસ લેખો 'જન્મભૂમિ'ની વિશિષ્ટતા મનાય છે. 'જન્મભૂમિ' ચોકકસ રાજકીય વિચારો ધરાવે છે. તે તેનો પ્રચાર કરે છે. જનતાના દિલમાં પૃથ્થકરણસમો વિશ્વાસ છે. તેના મંતવ્ય માટે આદર છે. ગુજરાતી પત્રકારત્વમાં અનેક નવીનતાઓ જન્મભૂમિ દ્વારા દાખલ થયેલી છે. તેની શરૂઆતની કિંમત બે પૈસા હતી. તેના ભવ્ય ભૂતકાળના સંસ્મરણોમાં ડોકિયું કરતાં ખ્યાલ આવે કે, જન્મભૂમિ એ કેટલી અભૂતપૂર્વ સિધ્ધિઓ હાંસલ કરી હતી.

આ પ્રકરણમાં વર્તમાન સમયની એટલે કે ફેબ્રુઆરી ૨૦૦૮ અને માર્ચ ૨૦૦૮ની પૂર્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. વર્તમાન સમય અને માંગને આધારે તેમાં કેવા કેવા મુદ્દાઓ અને વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે તે વિગતે જોઈએ.

જન્મભૂમિ દર શનિવારે મહેક, રવિવારે મધુવન અને બુધવારે મેઘધનુષપૂર્તિ બહાર પાડે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તા. ૨/૨/૨૦૦૮ની શનિવારની મહેકપૂર્તિમાં પહેલાં પાના પર સુરેન્દ્ર મોદી સ્પોર્ટસ્ કોર્નર લખે છે. નીચેના ભાગે ફેશન વિશે લેખ છે. બીજા પાને ટૂંકીવાર્તા 'રૂપ' અને ડાબી બાજુ ઈન્ટરનેટ કોર્નર છે બાકીના અડધા પાનામાં હેલ્થની કોલમ અને કિવઝ તથા લોકોએ લખેલાં કાવ્યો કે જોડકણાંને સ્થાન છે. એ આખા પાનાને 'આપનું પાનું' નામ આપ્યું છે. પાના નં.૩ પર લાઈફ સ્ટાઈલની માહિતી છે જેમાં આહાર અને વાનગીઓની માહિતી આપવામાં આવી છે. જમણી બાજુ અનંત પૈની કોલમમાં વાચકોના વિવિધ જ્ઞાન સભર સવાલોના વિસ્તૃત જવાબ આપવામાં આવે છે. પાના નં.૪માં ભૂપેન્દ્ર પટેલની 'મહેફિલ' કોલમમાં તાજેતરમાં પ્રસિધ્ધ થનારી ફિલ્મની જાણકારી હોય છે. આ ઉપરાંત તેમાં વિવિધ ચેનલો, એવોર્ડસ, નવી સિરિયલો અને નવા જૂના કલાકારોની પણ વાતો છે. (કુલ ૪ પાનાની પૂર્તિ છે.)

તા. ૩/૨/૨૦૦૮ની રવિવારની મધુવન પૂર્તિમાં પહેલાં પાના પર તંત્રી શ્રી કુન્દનભાઈ વ્યાસ રાજકીય પ્રવાહોની કોલમ લખે છે. બાકીના પાનામાં સુરેશ દલાલની 'મારી બારીએથી' કોલમ છે. પાના નં.૨માં યોગેશ જોષીની નવલકથા 'અંતરિયાળ' હપ્તાવાર છપાય છે. જેનો ૨૪મો હપ્તો છપાયો છે. બાકીના પાનામાં અનુસંધાન છે પાના નં. ૩માં ઘરઘરની વાત, ફેમિલિ રૂમ, અસબાબ,ગણિત ગમ્મત,બાલજગત બધા વિભાગને વિષય પ્રમાણે સ્થાન આપવામાં આવ્યું છે. પાનાનાં નીચેના ભાગમાં વાચક સભામાં પૂર્તિ માટે વાચકોના મંતવ્યો છાપવામાં આવ્યા છે. પાના નં.૪ પર મહેશ ભટ્ટની આજકાલ કોલમ છે. મધુ વોરાનો જૂના ફિલ્મી સંભારણાનો લેખ છે. નીચે અપૂર્વ દવેનો 'આંખમાં પીળું' લેખમાં વિકાસ અને પ્રગતિ તથા સામાજિક વલણની વાત છે. હરિશચંદ્ર લિખિત 'આસવ'માં ટૂંકી બોધ કથા છે. પાના નં. ૫ માં જગદ્ગુરૂ શંકરાચાર્યના પૂરીથી લખેલા લેખને છાપવામાં આવ્યો છે. નીચે સ્નેહલ મઝમુદારનો કાયદા અને બંધારણને લગતો લેખ છે. પાના નં. ૬ પર સાપ્તાહિક શબ્દલીલામાં મોટો કોયડો છે. પ્રા. બકુલ રાવલ અધ્યાત્મિક અથવા સામાજિક વિષય પર લખે છે. બાકી અનુસંધાન છે. પાના નં.૭ પર મીરા ભટ્ટ દ્વારા યુવાશકિતની વાત છે. ત્યાર બાદ રજનીકુમાર પંડયાની શબ્દ વેધ કોલમમાં હૃદયાંકિત થાય તેવી કથા કે કિસ્સો છે. સૌથી નીચે કાર્ટુનિસ્ટ રમેશ બૂચ દ્વારા કાર્ટૂન છે. પાના નં. ૮ પર



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ઉત્પલ ભાયાણીની કોલમ 'ચહેરા મ્હોરા', દીપક માંકડની ખેલ ખેલાડી, નિરંજન મહેતાની રંગ મંડપ અને શ્રીકાંત ગૌતમની રંગરાગ કોલમ છે. જેમાં જૂની ફિલ્મ પર લેખો છપાય છે.(કુલ ૮ પાના પૂર્તિ છે.)

તા.૬/૨/૨૦૦૮ બુધવારે 'મેઘધનુષ' પૂર્તિમાં પાના નં. ૧ માં કનુ નાયકનો માહિતી પ્રદ લેખ છે જેનું ટાઈટલ છે 'શાકાહાર ઉત્તમ શા માટે?' અને કનૈયાલાલ જોશી દ્વારા કોઈ વિશેષ વ્યકિતની માહિતી આપતો લેખ છે. પાના નં.૨ માં ડૉ. મલ્લિકા ચંદ્રશેખર ઠકકુર દ્વારા આયુર્વેદની માહિતી છે અને નીચે અનુસંધાન છે. પાના નં.૩ પર સામ્પ્રત સમસ્યાની વાત છે. ઉપરાંત રોગ નિવારણ અને ઉત્તમ આહારને લગતી માહિતી છે. પાના નં. ૪ માં પ્રવાસન અને ધાર્મિક સ્થાનોના મહત્ત્વની વાતો છે. જયારે નીચે સોનલ શુકલની કોલમમાં સમાજની સળગતી સમસ્યા અને કુરિવાજો દૂર કરવાની તેજીલી કોલમ છે.

તા. ૯/૨/૨૦૦૮ને શનિવારની 'મહેક' પૂર્તિમાં પહેલા પાનાં પર સુરેન્દ્ર મોદી લિખિત કોલમમાં રેડિયો વિષેની જાણકારી અને ઈતિહાસની વાતો છે. નીચે સફળતાની સીડી પર પગ માંડવાની વૈચારિક કોલમ છે. પાના નં.૨માં ડાબી બાજુ 'ઈન્ટરનેટ કોર્નર' જમણી બાજુ 'ઑફ બીટ'માં તબિયતની વાત છે. નીચે વાચકોના કાવ્યો અને જોડકણાંને સ્થાન છે. પાના નં. ૩ પર લાઈફ સ્ટાઈલ પર ઈન્ટરનેટની સ્ટોરી છે. નીચે સામાજિક સમસ્યાની વિસ્તૃત ચર્ચા છે. જમણી બાજુ અનંત પૈ વાચકોના સવાલોના માહિતીપ્રદ જવાબ આપે છે.પાના નં.૪માં ફિલ્મો,સિરિયલ અને સિનેમાને લગતી કોલમ તથા મનોરંજનના ટિટ્સ બિટ્સ ન્યુઝ છે.

તા. ૧૦/૨/૨૦૦૮ની રવિવારની 'મધુવન' પૂર્તિમાં પહેલા પાના પર તંત્રી શ્રી કુન્દન વ્યાસ વાચકોને રાજકીય પ્રવાહોથી માહિતગાર કરે છે. નીચે સુરેશ દલાલની 'મારી બારીએથી' કોલમ છે. પાના નં.૨માં યોગેશ જોષીની નવલકથા 'અંતરિયાળ'નો હપ્તો ૨૫મો છપાયો છે. બાકીના પાનામાં અનુસંધાન છે. પાના નં.૩માં ઘરઘરની વાત,ફેમિલી રૂમ,અસબાબ,ગણિત ગમ્મત,બાલજગત બધા વિભાગને વિષય પ્રમાણે સ્થાન આપવામાં આવ્યું છે. નીચે છે વાચક સભા પાના નં.૪માં મહેશ ભટ્ટ લખે છે આજકાલ અને મધુવોરા લખે છે જૂનાં ફિલ્મી સંભારણાં,અપૂર્વ દવેનો લેખ અને હરિશચંદ્રની બોધકથા પણ છે પાના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નં.પમાં જગદગુરુ શંકરાચાર્ય પૂરીથી લખેલા લેખને છાપવામાં આવ્યો છે. તથા નીચે સ્નેહલ મઝમુદાર વાચકોને કાયદાની આંટીઘૂટી સરળભાષામાં સમજાવે છે. પાના નં.૬માં મોટો શબ્દકોયડો છે તથા પ્રા. બકુલ રાવલ અધ્યાત્મિકવલણ અને માનસિક વિકાસ પર સમજણ આપે છે. બાકીના પાના પર અનુસંધાન છે. પાના નં.૭માં મીરા ભટ્ટ યુવાશકિતને ઉતેજીત કરે છે. ત્યારબાદ રજનીકુમાર પંડયાની 'શબ્દવેધ' છે. નીચે રમેશ બુચ કાર્ટુન દ્વારા કટાક્ષ કરે છે. પાના નં.૮માં ઉત્પલ ભાયાણીની કોલમ 'ચહેરા મહોરા', દીપક માંકડની ખેલ ખેલાડી અને નિરંજન મહેતાની રંગમંડપ કોલમ છે. નીચે શ્રીકાંત ગૌતમ જૂની ફિલ્મ પર લેખ લખે છે.

તા. ૧૬/૨/૨૦૦૮ને શનિવારની 'મહેક' પૂર્તિમાં પાના નં.૧ માં સ્પોર્ટસ કોર્નર અને નીચે ફળોમાં છૂપાયું આપનું સૌંદર્ય વિષય પર આહાર અને આરોગ્યની વાત પર લેખ છે. પાના નં.૨ પર ડાબી બાજુ ઈન્ટરનેટ કોર્નર, જમણીબાજુ અવનવું અને નીચે કવિઝ તથા અનુસંધાન છે. પાના નં.૩ પર જીવન અને સબરસ મીઠું લેખમાં મીઠાના ગુણની વાત છે. જમણી બાજુ અનંત પૈ વાચકોને જવાબ આપે છે. તથા નીચે વાચકોના જોડકણાં અને કાવ્યો માટે આપનું પાનું છે. પાના નં. ૪ પર મનોરંજન માટે ફિલ્મી,ટી.વી.ની ગોસીપ અને સમાચારને સ્થાન છે.

તા. ૨૦/૨/૨૦૦૮ને બુધવારે 'મેઘધનુષ' પૂર્તિમાં પાના નં.૧ પર યોગેશ પંડયા દ્વારા વિરલ, તેજસ્વી, વ્યકિતની વાત છે. મુકેશ પંડયા 'ધર્મભી કભી વિજ્ઞાન થા હૈ ઔર રહેગા' કોલમ દ્વારા પર્ણોના વૈભવની વાત છે. ડાબી બાજુ કનૈયાલાલ જોશીનું 'કલા વિહાર' છે. પાના નં.૨ પર ડૉ. મલ્લિકા ઠકકુર આયુર્વેદની વાત કરે છે. નીચે વાચકોના પ્રશ્નોના જવાબ અને અનુસંધાન છે. પાન નં.૩ પર ચિંતનમાં દાન ધર્મની વાત છે. નીચે લીના શેઠે વૃધ્ધાવસ્થા અને પાનખરની વાત કરી છે. પાના નં.૪ પર ટૂર્સ અને ટ્રાવેલ્સમાં વિવિધ સ્થળોની જાણકારી છે. અને નીચે મધુ બારભાયાની કોલમ સ્ત્રીઓ તરફનો અભિગમ છે.

તા. ૨૩/૨/૨૦૦૮ શનિવારના રોજ 'મહેક' પૂર્તિમાં પાના નં.૧ પર સુરેન્દ્ર મોદીનું સ્પોર્ટસ ટુરીઝમ છે. નીચે હેલ્થમાં નેચરની અને શરીરની વાતો છે. નં.૨ પર ડાબી બાજુ ઈન્ટરનેટ કોર્નર નીચે કવીઝ અને જમણી બાજુ યુવાનોની સમસ્યાની વાત છે. નીચે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અનુસંધાન છે. પાના નં.૩ પર ગ્રહોમાં મંગળની જાણકારી છે. બાજુમાં અનંત પૈ વાચકોના પ્રશ્નોના જવાબ આપે છે.  નીચે આપનું પાનુંમાં વાચકોના કાવ્યોને સ્થાન છે. પાના નં.૪ પર ફિલ્મ,ટી.વી.,સિરિયલ, સિનેમાની ગપસપ અને માહિતી છે.

તા. ૨૪/૨/૨૦૦૮ને રવિવાર 'મધુવન'માં પાના નં.૧ પર શ્રી કુન્દન વ્યાસની કોલમ રાજકીય પ્રવાહો છે. સુરેશ દલાલનું મારી બારીએથી અને એમ.વી.કામથનો સામાજિક સમસ્યા પર લેખ છે. પાના નં.૨ પર યોગેશ જોશીની અંતરિયાળ નવલકથા અને નીચે અનુસંધાન છે. પાના નં.૩ પર ફેમિલી રૂમ,વાચક સભા અને બાલ જગત છે. પાના નં.૪ પર મહેશ ભટ્ટની કોલમ 'આજકાલ' છે. મીરા ભટ્ટ અહિંસા પર લખે છે. બાજુમાં ગિરીશ ગણાત્રાની લઘુકથા છે. નીચે અપૂર્વ દવેની રાજકીય કોલમ છે. ૫ નં. પર જગદગુરુ શંકરાચાર્ય પૂરીથી કોલમ લખે છે. નીચે સ્નેહલ મઝમુદાર કાયદાની વાત લખે છે. પાના નં.૬ પર સાપ્તાહિક શબ્દલીલા છે. નીચે બકુલ રાવલ 'શબ્દ લોક'માં  ધાર્મિક લેખ લખે છે. પાના નં.૭માં રજનીકુમાર પંડયા  શબ્દવેધ લખે છે. ને જમણી બાજુ જયવતી કાજીનો ધ્યાન વિશે લેખ છે. નીચે કાર્ટુન છે. પાના નં.૮ પર મોહમ્મદ માંકડ ખેલ ખેલાડી,શ્રીકાંત ગૌતમ રંગરાગ અને નિરંજન મહેતા રંગ મંડપ તથા ઉત્પલ ભાયાણી ચહેરા મહોરા વિષે લખે છે.

તા. ૨૭/૨/૨૦૦૮ને બુધવારે 'મેઘધનુષ'માં પાના નં. ૧માં યોગેશ પંડયા દુબઈ મેટ્રોની વાત લખે છે. નીચે મુકેશ પંડયા ધનનો મહિમા દર્શાવે છે. પાના નં.૨ પર ડૉ. મલ્લિકા ઠકકુર આયુર્વેદ વિશે લખે છે. નીચે ધર્મ અને વિજ્ઞાન પર વાચકોના અભિપ્રાય અને મંતવ્ય છે. પાના નં.૩ પર 'વિસામો' લેખમાં વૃધ્ધોની વાતો અને નીચે આપનું પાનું છે. પાના નં.૪ પર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ પર્યટનની વાત છે. અને નીચે કનૈયાલાલ જોશી 'કલા વિહાર' કોલમ લખે છે.

હવે માર્ચ–૨૦૦૮ની વિવિધ પૂર્તિઓ પર નજર કરીએ.

તા. ૧/૩/૨૦૦૮ને શનિવારના રોજ 'મહેક' પૂર્તિમાં પાના નં.૧ પર બેસ્ટ એન્ડ ધી બ્યુટિફૂલમાં સ્પોર્ટસ કોર્નર છે. નીચે સ્વાસ્થ્યને લગતી કોલમ છે. પાના નં.૨ પર હસવાના ફાયદા, માનસિક સંતાપથી બચો, હેલ્ધી નંબર્સ,ટાઈમ કવીઝ અને ચોખાની વિવિધ જાતોની માહિતી છે. પાના નં.૩માં સિગારેટથી થતું નુકશાન અને ઈન્ટરનેટની માહિતી તથા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બાળકોની ફેશનની વાત છે. પાના નં.૪માં મહેફિલમાં મિસ ઈન્ડિયાની સ્પર્ધા અને નવા અભિનેતા,અભિનેત્રીઓની વાતો તથા મુલાકાતો છે.

તા. ૮/૩/૨૦૦૮ના શનિવારના રોજ 'મહેક'માં પહેલાં સ્પોર્ટસ કોર્નર પછી ફેશન જગતને ત્યાર બાદ જીભના ચોકલેટી ટેસ્ટ વિશે લેખ છે. પાના નં.૨માં આપનું પાનું છે. આગલા પાછલા પાનાના અનુસંધાન અને ટાઈમકિવઝ છે. પાના નં.૩ પર વિટામીન ડી આપતા સૂર્ય સ્નાનની વાતો છે. જમણી બાજુ અનંત પૈ વાચકોના સવાલોના જવાબો આપે છે અને નીચે આરોગ્યની જાણકારી વાળો લેખ છે. પાના નં.૪ પર ફિલ્મી જગતની ગોસીપ છે.

તા. ૯/૩/૨૦૦૮ના રવિવારની 'મધુવન' પૂર્તિમાં પહેલા પાને રાજકીય પ્રવાહોમાં બજેટના સંદર્ભે લેખ છે. સુરેશ દલાલ 'મારી બારીએથી' કોલમમાં 'આનંદથી છલોછલ જીવન રસની વાત કરે છે. બાલ જગતને યાદ કરી પાના નં.૩માં ઝવેરચંદ મેઘાણીમાંથી આવનારી પેઢીને પ્રેરણા મળે તેવી વાત છે. એમ.વી.કામથ ભારતમાં આતંકવાદ સામે કેમ લડવું તેનો જવાબ આપે છે. ડૉ. જે. જે. રાવલ 'ગાંધીજી અને વિજ્ઞાન'ના રસપ્રદ વિષયને લઈને આવ્યા છે. સ્નેહલ મઝમુદારનો લેખ પાના નં.૨માં છે. ઉપરાંત ખેલ ખેલાડી, રંગમંડપ,રંગરાગ,ચહેરા મહોરા, આંખમાં પીળું વગેરે વિષે ઘણી વાતો છે.

તા. ૧૫/૩/૨૦૦૮ના રોજ સ્પોર્ટસ કોર્નરમાં પેરાસેઈલીંગનો રોમાંચ ને નીચે ઑફબીટ છે. પાના નં.૨ પર સ્ત્રીઓ વિશેની ગેરસમજ ઈન્ટરનેટ કોર્નરમાં છે નીચે કવીઝ અને સ્વાસ્થ્યની વાતો છે. પાના નં.૩ પર પાતળા અને સુડોળ બનવાના નુસખા અને સમતોલ કોલેસ્ટ્રોલની વાત છે. જમણી બાજુ અનંત પૈ વાચકોના પ્રશ્નોના જવાબ આપે છે. પાના નં.૪ પર ફિલ્મો અને ટેલિવિઝનની ચટપટી ખબર છે.

તા. ૧૯/૩/૨૦૦૮ને બુધવારે 'મેઘધનુષ'માં પહેલા પાના પર વ્રજની હોળીની રંગીન સ્ટોરી છે. નીચે બરસાનાની લાઠીમાર હોળીની રંગીલી વાતો જણાવી છે. બીજા પાને આયુર્વેદ વિશે ડૉ. મલ્લિકા ઠકકુર લેખ લખે છે. નીચે સીંગદાણા અને શાકભાજીની સીઝનની વાતો છે. નીચે અનુસંધાન છે. પાના નં.૩ પર કળાકારમાં વિનોદ પટેલની મુલાકાત છે. કનૈયાલાલ જોશી વિહારમાં સંગીતની ચર્ચા કરે છે નીચે આપનું પાનું છે. પાના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નં.૪ પર અલૌકિક સૌંદર્ય સૃષ્ટિ ભુતાનની વાતો છે અને ટૂર્સ અને ટ્રાવેલ્સની રસપ્રદ કથા છે.

તા. ૨૬/૩/૨૦૦૭ને બુધવાર ના રોજ 'મેઘધનુષ'માં પાના નં. ૧ પર ઑફબીટમાં કેરળનું આર્યુવેદ અને નીચે કનૈયાલાલ જોશીનું કલા વિહાર છે. પાના નં.૨ પર હાર્ટએટેકના જોખમની વાત છે. નીચે આપનું પાનુંમાં વાચકોની શ્રેષ્ઠ રચનાઓને સ્થાન છે. પાના નં.૩માં મહિલા વિભાગમાં સુખી દાંપત્ય જીવનની વાત છે. બાજુમાં ધર્મભૂમિ છે અને નીચે અજબ ગજબની સ્ટોરી છે. જેનું શીર્ષક છે '૧૦૩ વર્ષના દાદાજી આજે પણ પટણામાં કોર્ટમાં વકીલાત કરે છે.' પાના નં.૪ માં ટૂર્સ અને ટ્રાવેલ્સની વાતો છે. જેમાં ભરતપુર પક્ષી અભ્યારણની વાતો છે.તા. ૨૯/૩/૨૦૦૮ને શનિવારે 'મહેક' પૂર્તિમાં પહેલા પાને ફેશન જગત અને યુવાનો પર લેખ છે. નીચે હેલ્થ વિભાગમાં મગજની તાકાત વધારનારા બ્રેઈનફૂડની વાતો છે. પાના નં.૨માં બિલ ગેટ્સના સફળતાના ૧૧ નિયમો, દમ અને એલર્જીની વાતો અને આગળના પાનાનું અનુસંધાન છે. પાના નં.૩માં સ્પોર્ટસ કોર્નર છે. બાજુમાં અનંત પૈ વોલ સ્ટ્રીટનો અર્થ સમજાવે છે અને નીચે આપનું પાનુંમાં કાવ્યો જોડકણાં વગેરે છે. પાના નં.૪ પર ફિલ્મ જગતની રસભરી ખટ્ટમીઠી વાતો અને ગપસપ છે.

ફેબ્રુઆરી અને માર્ચ બંને મહિનાની પૂર્તિઓનો અભ્યાસ કર્યા બાદ ખ્યાલ આવે કે, દરેક વખતે નવા નવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી વાચકોનાં મંતવ્યો અને પ્રશ્નો તથા રુચિને પણ પૂરતું સ્થાન ફાળવવામાં આવ્યું છે. ભલે અઠવાડિયામાં ફકત ત્રણ જ દિવસ પૂર્તિ આવતી હોય, તેમ છતાં દરેક વર્ગને અનુરૂપ લેખો અને સમાચારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય કોઈપણ સાંધ્ય દૈનિકમાં 'જન્મભૂમિ' જેટલી વિવિધતા જોવા નહી મળે તે ખાત્રીપૂર્વક કહી શકાય.

## (૬) વર્તમાન સમયનું જન્મભૂમિ :

વર્તમાન સમયના જન્મભૂમિ ભવનનું સરનામું છેઃ જન્મભૂમિ માર્ગ, જન્મભૂમિ ભવન, (બીજો માળ), ફોર્ટ, મુંબઈ–૧. મુંબઈના સૌથી જૂના વિસ્તાર ફોર્ટમાં આ સરનામું બન્યું કેવી રીતે? તો ચાલો, જન્મભૂમિના સરનામાનો ઈતિહાસ પણ જાણી લઈએ. તા. ૯–૬–૧૯૩૪ના રોજ મેડોઝ સ્ટ્રીટમાંથી જન્મભૂમિ શરૂ થયું. સોમ થી શનિ સાંજના દૈનિક



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તરીકે. અમૃતલાલ શેઠે તેને સવારના દૈનિક તરીકે શરૂ ન કર્યું કારણ હતું મુંબઈ સમાચાર. એ સમયે મુંબઈ સમાચારને ૧૦૦ વર્ષ પૂરા થઈ ચૂકયાં હતાં. તેણે મુંબઈની ધરતીમાં ઊંડે સુધી પોતાના પગ જમાવ્યા હતા. જાહેર ખબર અને સમાચારથી માંડીને દરેક બાબતમાં તે અનુભવી અને પ્રખ્યાત હતું. આથી સીધી હરીફાઈ ટાળવા સાંધ્ય દૈનિક તરીકે જ તેની શરૂઆત થઈ.

તા. ૭–૧૨–૧૯૪૫ના રોજ ઘોઘા સ્ટ્રીટ ખાતે ૧૨૩૦ ચો. વારના પ્લોટની ખરીદી કરી. તા. ૯–૬–૧૯૪૯માં ઘોઘા સ્ટ્રીટ ખાતેના જન્મભૂમિના મકાનમાં વિધિપૂર્વક પ્રવેશ કર્યો. તા. ૧૮–૧–૧૯૪૮થી માર્ચ ૧૯૬૫ સુધી જન્મભૂમિ મકાનના બેઝમેન્ટમાં સેઈફ ડિપોઝીટ વોલ્ટની શરૂઆત કરવામાં આવી હતી. જેનો લાભ જન્મભૂમિના કર્મચારીઓને મળતો. તા. ૩–૮–૧૯૮૮થી ઘોઘા સ્ટ્રીટનું નામ બદલીને જન્મભૂમિ માર્ગ રાખવામાં આવ્યું. ઉપરોકત વિગતો જન્મભૂમિની સમૃધ્ધ લાઈબ્રેરીની ફાઈલોમાંથી ઉપલબ્ધ થઈ છે.

અહીં જન્મભૂમિની લાઈબ્રેરીનો ઉલ્લેખ ન કરીએ તો પ્રકરણ અધૂરું રહી જાય. આટલી ઉત્કૃષ્ટ,ઉમદા,માહિતી સભર અને જૂની લાઈબ્રેરી દેશના એક પણ અખબાર પાસે નથી. પુસ્તક પ્રેમીઓની સૌથી મોટી સમસ્યાં જૂના પુસ્તકોની જાળવણીની તથા મનગમતા પ્રાચીન દુલર્ભ પુસ્તકો પ્રાપ્ત કરવાની હોય છે. જૂના પુસ્તકો અને સામયિકોને સાચવવાનું કામ જટિલ છે. પુસ્તકો કરતાંય જૂના વર્તમાનપત્રોની જાળવણી ખૂબજ અઘરી છે. કારણ કે તેનો કાગળ જલદીથી પીળો પડી જાય છે અને વિવિધ વર્તમાનપત્રોની ફાઈલો જરા વધારે જગ્યા રોકે છે. આવા માહોલ વચ્ચે પણ ગુજરાતી દૈનિકોમાં માત્ર 'જન્મભૂમિ' પાસે જ પોતાની લાઈબ્રેરી છે. 'એનસાઈકલોપીડિયા બ્રિટાનિકા' જેવો મૂલ્યવાન સંદર્ભગ્રંથ જે રૂા. ૬૩૦૦–૦૦માં મળતો હતો. તે પણ જન્મભૂમિ પાસે છે. અત્રે એ વાતનો ઉલ્લેખ કરવો જોઈએ કે 'મુંબઈ સમાચાર'નો ફેલાવો લાખ ઉપરનો છે છતાં તેની પાસે કોઈ અલગ કહેવાય તેવી રેફરન્સ લાઈબ્રેરી નથી. હા અંગ્રેજી અખબારમાં 'ન્યુયોર્ક ટાઈમ્સ'ને પોતાની લાઈબ્રેરી જરૂર છે.

બન્યું એવું કે,એક વખત ૧૯૬૨માં જન્મભૂમિના મેનેજર શ્રી રતિલાલ શેઠ જર્મની ગયા ત્યાં તેમણે એક વર્તમાનપત્રની લાઈબ્રેરીમાં પંડિત જવાહરલાલ નહેરૂના ફોટા જોયા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તે જમાનામાં ગુજરાતી વર્તમાનપત્રની પોતાની માલિકીની લાયબ્રેરી નહોતી. તે પછી 'જન્મભૂમિ'માં પોતાની લાઈબ્રેરી ઊભી કરવામાં આવી. જન્મભૂમિની આ લાઈબ્રેરી ઘણા વિદેશી પત્રકારો આવીને જોઈ ગયા છે. પંડિત જવાહરલાલ નહેરૂ પણ જન્મભૂમિના મકાનમાં આવી ગયા છે. કોઈપણ ગુજરાતી નવલકથા કે બીજા પુસ્તકો પ્રગટ થાય તે 'જન્મભૂમિ'ના સોમવારના અંક માટે રિવ્યું અર્થે આવે ને પછી તે પુસ્તક જન્મભૂમિની લાઈબ્રેરીમાં જ રહે છે. જન્મભૂમિના તંત્રી કે મેનેજરની પરવાનગીથી ઘણા સાહિત્યકારો અને પત્રકારો જન્મભૂમિની આ રેફરન્સ લાઈબ્રેરીનો લાભ લે છે. હાલના તંત્રીઓને અગ્રલેખ લખવો હોય કે કોઈ મરણ પામેલા નેતાનું જીવન ચરિત્ર્ય લખવું હોય તો આ રેફરન્સ લાઈબ્રેરીમાંથી તમામ વિગતો મળે છે.

જન્મભૂમિની રેફરન્સ લાઈબ્રેરીના શરૂઆતના ઈતિહાસ ને હાલની પરિસ્થિતિ પર એક નજરઃ

| | | |
|---|---|---|
| તા. ૧–૪–૧૯૬૨ | : | માં લાઈબ્રેરીની શરૂઆત થઈ. જેની સાર સંભાળ માટે લાઈબ્રેરીયન તરીકે શ્રીમતી ભાનુબેન સુમંતરાય દેસાઈની નિમણૂક થઈ. |
| તા. ૧–૬–૧૯૬૨ | : | માં જન્મભૂમિ ભવનના ત્રીજા માળે વિધિવત લાઈબ્રેરીની શરૂઆત કરવામાં આવી. |
| તા. ૧–૬–૧૯૬૪ | : | માં મદદનીશ લાઈબ્રેરીયન તરીકે કુમારી નીલિમા ર. મોદીની નિમણૂક થઈ. |
| તા. ૧–૬–૧૯૭૧ | : | ના રોજ જન્મભૂમિ ભવનના બેઝમેન્ટમાં લાઈબ્રેરી ખસેડવામાં આવી. અહીં નવો માઈક્રોફિલ્મીંગ વિભાગ શરૂ કરવામાં આવ્યો. તેથી એરકન્ડીશન હોવું જરૂરી બન્યું. તેમજ સ્ટોર્સ વિભાગ દ્વારા જન્મભૂમિના દરેક પ્રકાશનોની પહેલેથી તૈયાર કરાતી ફાઈલો પણ બેઝમેન્ટમાં ખસેડવામાં આવી. |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

|  |  |  |
|---|---|---|
|  |  | જન્મભૂમિ,જન્મભૂમિ પ્રવાસી, સાપ્તાહિક,વ્યાપાર વગેરેનું માઈક્રો ફિલ્મીંગ અહીંથી જ શરૂ કરવામાં આવ્યું.ફુલછાબનું પણ માઈક્રો ફિલ્મીંગ અહીંથી જ શરૂ કરવામાં આવ્યું. |
| ૧૯૮૦ | : | માં અહીંનો માઈક્રોફિલ્મીંગ વિભાગ બંધ કરવામાં આવ્યો અને જન્મભૂમિના પ્રકાશનોનું માઈક્રોફિલ્મીંગ બહારની કંપની પાસે કરાવવાનું શરૂ કરવામાં આવ્યું. |
| તા. ૨૭–૦૯–૧૯૭૪ થી તા. ૩૧–૧૨–૨૦૦૪ | : | શ્રીમતી ભાનુબહેન દેસાઈ છૂટા થતાં શ્રીમતી નીલિમાબહેન મોદી (દેસાઈ)ની ચીફ લાઈબ્રેરીયન તરીકે નિમણૂક કરવામાં આવી. |
| તા. ૦૧–૦૬–૨૦૦૬ | : | માં મદદનીશ તરીકે કાર્ય કરતાં શ્રીમતી જયશ્રી જાનીને J2Aમાં J2ના ગ્રેડમાં એક ઈન્ક્રીમેન્ટ સાથે અપગ્રેડ કરાયાં. |

હાલમાં એટલે કે મે,૨૦૦૭માં લીધેલી મુલાકાત દરમિયાન જન્મભૂમિની લાઈબ્રેરીમાં ૨૭ વર્ષથી કાર્યરત શ્રીમતી જયશ્રીબહેન જાનીની મુલાકાત લીધી હતી.

ભારતને આઝાદી મળ્યા પછી ભારતીય અખબારી તંત્રી પરિષદના પ્રયાસથી પ્રેસ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા નામની સંસ્થા રચાઈ અને રોઈટર્સ સાથે કરાર કરી સમાચાર વિતરણનું કામ તેની પાસેથી લઈ લીધું.તેથી એ મારફત ભારતના સમાચારો પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા પાસેથી મળે છે. આ સંસ્થાના જન્મમાં 'જન્મભૂમિ'નો ફાળો છે. આ ઉપરાંત યુનાઈટેડ પ્રેસ ઑફ અમેરિકા યુપીએ અને બીજી ગ્લોબ વગેરે સમાચારોનો વહેતો પ્રવાહ આ સાગરમાં ભળ્યા કરે છે. જન્મભૂમિએ મહત્ત્વનાં શહેરોમાં એક થી વધુ ખબરપત્રીઓ પણ રાખ્યા છે. પહેલાનાં જમાનામાં જયારે ફેકસ કે ઈ મેઈલની સુવિધા નહોતી ત્યારે તાર ખાતામાં અખબારી તાર માટેની ખાસ સુવિધા રાખવામાં આવતી. આથી ખબરપત્રીઓને જન્મભૂમિ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તરફથી તારખાતાની એક ઓથોરિટી મેળવી આપવામાં આવતી. જયાં આ ઓથોરિટી હોય ત્યાંથી તે વિનામૂલ્યે તાર મોકલી શકતા. આ ઉપરાંત ટેલિપ્રિન્ટર ઉપરથી તો ૨૪ કલાક સંદેશાઓ મળતા જ હોય છે. જેનો ગુજરાતી અખબારોએ ગુજરાતી અનુવાદ કરવો પડે છે.ટપાલ દ્વારા જે થોડા સમાચારો હોય છે તે તો ગુજરાતી ભાષામાં જ હોય છે પણ તેને અખબારી ભાષામાં મઠારવા પડે છે. સામાન્ય રીતે જન્મભૂમિમાં ૮ પાના આપવામાં આવે છે. રવિવારે ચાર પાના વધુ હોય છે. જેમાં પહેલા અને છેલ્લાં પાને છેલ્લાં અને તાજા સમાચારો હોય છે. બીજા,ત્રીજા અને સાતમા પાને તેની પહેલાંના સમાચારો હોય છે. ચોથા પાને તંત્રી લેખો,અન્ય પ્રાસંગિક લેખો ,લોકવાણી,ઉદબોધન વર્તમાન વહેણ જેવું પીરસાય છે. પાંચમા પાને છઠ્ઠા પાને સૌરાષ્ટ્ર,ગુજરાત અને વ્યાપારના સમાચાર હોય છે. જન્મભૂમિ સાંજનું દૈનિક હોવાથી બે વાગ્યા સુધીમાં બધા પાના તૈયાર થઈ જાય છે. સાંજે ત્રણ વાગે જન્મભૂમિ વાચકના હાથમાં હોય છે.

હવે, ખૂબજ રસપ્રદ મુદ્દાની ચર્ચા કરીએ. એ સમયે લખાણ કેમ કમ્પોઝ થતું અને અત્યારે કેમ થાય છે?

વર્ષો પહેલાં જૂની ઢબથી પ્રિન્ટિંગ થતું. યાંત્રિક ઝડપે ખોખામાંથી ટાઈપો લઈ હાથમાંની સ્ટિકમાં ગોઠવી રહેલા જન્મભૂમિના કામદારો એકદમ કેળવાયેલા હતા. જે અક્ષર જોઈતો હોય તે ખાનામાં જ તેમનો હાથ જાય. આ સિધ્ધિ માટે પણ વર્ષોની તાલીમ જોઈએ. આ સર્વ કમ્પોઝીટરોના વડા અને આ ખાતાની સર્વ નાની મોટી બાબતોની જવાબદારી સંભાળે છે ફોરમેન. ફોરમેન પ્રથમ પોતાની પાસે તંત્રી વિભાગમાંથી આવેલા લખાણને તેના પર સંપાદકે લખેલા સમાચારનાં ટૂંકા નામની અને તે મળવાના સમયની નોંધ કરે છે. અને પછી તે લખાણની નાની નાની કાપલીઓ કરી લખાણમાં સંપાદકે કરેલી સૂચના મુજબ તે કયા ટાઈપમાં ભરવાનું હોય તેની સૂચના સાથે કમ્પોઝીટરોને આપે છે. દરેક કાપલી પર તેણે નંબર આપી દીધો હોય હોય એટલે કમ્પોઝીટર એ લીટીઓ ભરીને લાવે તે દરમિયાન સામે પડેલા સ્ટેન્ડ પર જુદી જુદી નેલીઓ મૂકીને તેના પર ફોરમેને લખેલ નંબર પર મૂકી દે છે. આમ, બધા નંબરો ભરાઈ જતાં તે આખું લખાણ તૈયાર થઈ જાય છે અને પછી તેનું નાની હાથ મશીન પર પ્રુફ કાઢવામાં આવે છે. આ પ્રૂફ 'ગેલી પ્રૂફ' કહેવાય છે. સુધારા થઈ


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગયા બાદ તે લખાણનું ફરી પ્રૂફ કઢાય છે. અને ફરી પ્રૂફ રીડરો તે વાચી જાય છે. આ બીજા વાચન સમયે બહુ જ ઓછી ભૂલો નજરે પડે છે.

કમ્પોઝીટરો પાસેથી કળે બળે કરીને કેમ ઝડપથી કામ લેવું અને અખબારને શકય તેટલું વહેલું તૈયાર કરી આપવું એ કળા ફોરમનને સિધ્ધ હોય છે અને એ આવડતમાં જ તેની લાયકાત રહેલી છે. લખાણની નકલ પોતાની સામે રાખી કમ્પોઝીટરો એક હાથે ટાઈપો લઈ બીજા હાથમાં સ્ટિકમાં મૂકતા હોય છે. આ સ્ટિક લોખંડ કે પિત્તળની હોય છે. તેની પહોળાઈ બે ઈંચની, લંબાઈ ૧ થી ૭ કોલમ સુધીની હોય છે. આ સ્ટિકમાં એકી સાથે તેર પંકિતઓ સમાય છે. એક એક પંકિતમાં સામાન્ય ચાલુ નાના ટાઈપોના ૧૪થી૧૫ અક્ષરો આવે છે.

દરેક કમ્પોઝીટર સામે એક ખાનું હોય છે. જેમાં નાનાં નાનાં ચોરસમાં 'ક' થી 'જ્ઞ' સુધીના ટાઈપો હોય છે. આ રીતે સર્વ લખાણો તૈયાર થઈ ગયા પછી સુપડામાં સાત કોલમના 'પેઈઝ'માં સમાચાર સંપાદકે દોરી આપેલા નકશા અનુસાર ગોઠવવામાં આવે છે. આ ક્રિયાને 'પેઈઝ સેટિંગ'ની ક્રિયા કહેવાય છે. આખું પેઈઝ તૈયાર થઈ ગયા પછી તેનું પ્રૂફ કાઢવામાં આવે છે. અને કંઈ ભૂલ રહી ન જાય તે માટે તેના ઉપર ફરી એક નજર ફેરવી લે છે. આ રીતે તૈયાર થયેલા પેઈઝને એક લોખંડની ફ્રેમમાં બરાબર બાંધવામાં આવે છે. આ ક્રિયાને 'ઈમ્પોઈઝીંગ' કહેવામાં આવે છે. 'ઈમ્પોઈઝીંગ'નું કાર્ય પણ કાબેલિયત માગી લે છે. આ રીતે પેઈઝ તૈયાર થઈ ગયા પછીની ક્રિયા અખબાર કેવા મશીન પર છપાય છે તેના પર આધાર રાખે છે.

અંગ્રેજી લાઈનો ટાઈપ મશીનો અને છેલ્લામાં છેલ્લી ઢબના ઓટોમેટિક યંત્રો મારફત બે,ત્રણ અને ચાર રંગમાં અંગ્રેજી,મરાઠી,ગુજરાતી અને હિન્દી ભાષામાં સુંદર સુશોભન સાથે સ્વચ્છ અને સુઘડ છાપકામ કરી આપવામાં આવે છે.

હાલના સમયની વાત કરીએ તો ઓરીયન્સ વેબ ઓફસેટમાં પ્રિન્ટિંગ થાય છે. જેને 3/C સેટેલાઈટ કહેવાય છે. જેમાં બે પાના કલરમાં છપાઈ શકે છે. જે ૧ કલાકમાં ૩૦૦૦૦ કોપી કાઢવાની કેપેસીટી ધરાવે છે.સાથોસાથ ઓરિયન્સ સુપર નામનું મશીન પણ વસાવ્યું છે. આ પહેલા જન્મભૂમિ પાસે તાઈવાનનું 'હોંગવા' મશીન હતું. તેમાં ૧૬



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પાના એકસાથે છપાતાં, તે પણ ફૂલશીટ,૩૨ પાના ટેબ્લોઈડના છાપી શકાતા. હાલના ઓરિયન્સ સુપર નામના મશીનને સેટેલાઈટ યુનિટ કહી શકાય. જેમાં ૩ યુનિટ અને ૧ ફોલ્ડર છે. જેમાંથી ફોલ્ડર તૈયાર થઈને જ છાપુ બહાર પડે છે. હવે ભવિષ્યમાં જન્મભૂમિ માટે ફૉર આઈ પ્રિન્ટિંગ મશીન લેવાનો વિચાર છે જેમાં ૮ પાના કલરમાં છાપી શકાય છે. કલર પાનું છાપવા માટે બૅઝિક ચાર કલર હોય છે. બ્લુ,રેડ,યેલો અને બ્લેક જેને ટૂંકમાં CMYK પ્રોસેસ કહેવાય છે.

મે, ૨૦૦૭માં 'જન્મભૂમિ' અખબારના કાર્યાલયની લીધેલી મુલાકાતમાં ત્યાં છેલ્લાં ૩૨ વર્ષથી કાર્યરત પ્રિન્ટિંગ ડિપાર્ટમેન્ટ સંભાળતા શ્રી કૃષ્ણકાંતભાઈ ઠકકર સાથે મુલાકાત થઈ હતી.

જન્મભૂમિની હાલ આશરે ૨૫૦૦૦ નકલો છપાય છે. જન્મભૂમિ એપ્રિલ–૨૦૦૫ના વર્ષથી રંગીન બન્યું. ત્યારથી તે રંગીન પાના છાપે છે. તે પહેલાં તો તે બ્લેક એન્ડ વ્હાઈટમાં જ છાપતું હતું. હાલમાં આશરે ૧૧૦ લોકો એડમિનિસ્ટ્રેશનમાં કામ કરે છે.

જન્મભૂમિ લાઈબ્રેરીમાં ૧૯૪૮–૪૯ના વર્ષની નોંધપોથીમાં એક નોંધ ટપકાવવામાં આવી હતી કે, ''ફકત હિંદના મુખ્ય મુખ્ય શહેરોમાં જ નહી પરંતુ પરદેશમાં પણ

સિલોન,બ્રહ્મદેશ,મલાયા,જપાન,ઓસ્ટ્રેલિયા,ઈન્ડોનેશીયા,ચીન,અરબસ્તાન,ઈરાન,ઈટલી, જર્મની,ફ્રાંસ,નોર્વે સ્વીડન,સ્વીટ્ઝરલેન્ડ,ઉત્તર દક્ષિણ આફ્રિકાના મુખ્ય મુખ્ય શહેરોમાં જન્મભૂમિ પત્રો વિમાન માર્ગે જલદી પહોંચી જાય છે.''[૫૭] હાલમાં જન્મભૂમિના પત્રોનો ફેલાવો આટલે દૂર સુધી થતો નથી. આજ વર્ષની એક નોંધમાં લખ્યું હતું કે, ''જન્મભૂમિ પત્રોના પ્રકાશનો આ બધા પત્રોનું પ્રકાશન કરવામાં દર વર્ષે નવ લાખ રૂપિયાની કિંમતનો ૨૦૧૬૦૦૦ રતલ કાગળ વપરાય છે. આ કાગળની લંબાઈ ૧૫૯૧૦ માઈલ થાય છે. ખૂબ જ અદભુત કહેવાય છે. પણ એ સમય હાલનાં કરતાં વધુ પ્રકાશનો છપાતા હતા.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અત્યારે એમાંથી ઘણાં પ્રકાશનો બંધ થઈ ગયાં છે.''[૫૮] જન્મભૂમિને લોકો પ્રેમથી ભૂમિ નામે સંબોધતા. આજે પણ ઘણા જૂની પેઢીના વાચકો તેને ફકત 'ભૂમિ' જ કહે છે.

વર્તમાનપત્ર છપાય જાય એટલે કાર્ય પૂરું થયું તેમ સમજવું ભૂલ ભરેલું છે. વર્તમાન પત્ર છપાઈને મશીન બહાર પડે ત્યાંથી લોકોના ઘરે વખતસર પહોંચાડવા માટે વિશાળ તંત્ર નિભાવવું પડે છે. મશીનમાંથી બહાર પડતી નકલોને ગોઠવીને ગણીને વેચાણ માટે આપવા તથા બહારગામ મોકલવાની નકલોના પાર્સલો બાંધવા માટે ચાલીસ જેટલા ફોલ્ડરો કામે લાગી જાય છે.

જન્મભૂમિ માટે મુંબઈ શહેર તથા ઉપનગરોના સ્થાનિક વેચાણ કાર્યમાં એજન્ટો તથા ફેરિયાઓ રોકાયેલા છે. ઉપરાંત ડિલિવરી માટે મોટરની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત બહારગામ ખાતે પાર્સલો મોકલવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. વિવિધ ટ્રેનો, વિમાન,સ્ટીમર અને મોટરમાર્ગો દ્વારા ગુજરાત,સૌરાષ્ટ્ર,કચ્છ,મધ્યભારત, રાજપૂતાના,મહારાષ્ટ્ર, વરાડ,અને નાગપુર વગેરે પ્રદેશોમાં જન્મભૂમિના પત્રો પહોંચતા કરાય છે. અગત્યના પત્રો વિમાન માર્ગે રવાના કરાય છે.

- **વર્તમાન જન્મભૂમિ :**

સમય બદલાતાં દરેક જૂની વસ્તુમાં ફેરફાર થતા જ હોય છે. જૂના અખબારમાં અને નવા અખબારની સરખામણી કરતાં ખ્યાલ આવે કે, જન્મભૂમિએ પણ જમાના પ્રમાણે ફેરફાર,પરિવર્તનને આવકાર્યું છે. ફેબ્રુઆરી–૨૦૦૮ના જન્મભૂમિ પત્રની પહેલી તારીખની નકલની અહીં વિસ્તૃત છણાવટ કરી છે.

સૌપ્રથમ પહેલું પાનું વિગતવાર જોઈએ. સૌથી ઉપર સંસ્કૃતમાં ટાઈટલ છે "HGGL HgDE}lD`R :JU"Nl5 UZLI;L" પછી મેઈન ટાઈટલ બ્લુ કલરમાં છે. નીચે અંગ્રેજીમાં **Janmbhoomi 1-2-2008 Mumbai** લખેલું છે. જમણા ખૂણામાં આજનું પંચાંગ છે. જેમાં વિક્રમ સવંત ૨૦૬૨ પોષ વદ ૧૦ લખેલું છે. આ ઉપરાંત તેમાં જે તે દિવસનો સૂર્યોદય,સૂર્યાસ્તનો સમય,વ્રત,પર્વની જાણકારી, આવતીકાલનો સૂર્યોદય, નક્ષત્રની જાણકારી,ચંદ્રની જાણકારી, દિવસની જાણકારી અને દિન વિશેષ તથા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુસ્લિમ તારીખિયાની માહિતી આપવામાં આવે છે. ડાબી બાજુ વર્ષ–૭૪, અંક–૧૯૯, મુંબઈ–શુક્રવાર લખેલું છે. પછી આજની તારીખ અને બહારગામની તારીખ લખેલી છે. ત્યાર બાદ પાના નં. ૧૨ અને કિંમત રૂા. ૨–૦૦ લખેલું છે. તેની નીચે REGD. NO. MH/MR SOOTH-58/06-08 W.P.P. LIC NO.37, RNI NO. 1559/57 લખેલું છે.

નીચે અંદાજીત ૭ કોલમ જેટલી જગ્યામાં અલગ અલગ પાનાં પર કયા મુખ્ય સમાચાર અને વિશેષ માહિતી આપવામાં આવી છે તેની માહિતી અપાય છે. ટાઈટલની મધ્યમાં સુવાસ દ્વારા કોઈ મહાન વ્યકિતના સુવાકય છાપવામાં આવે છે. જન્મભૂમિની ખાસિયત એ છે કે આજના જાહેરખબરના યુગમાં પણ મોટાભાગે બોટમ સ્ટોરી છાપવામાં આવે છે. પહેલાં પાના પર વધારે જાહેર ખબર આપીને આવકનો મોહ નથી રખાતો.

પાના નં.૨ પર કયારેક સંક્ષિપ્તમાં સમાચાર સાર, પહેલાં અને છેલ્લા પાનાનું અનુસંધાન અને શહેરના નાના એવા ત્રણેક કોલમમાં સમાચાર આપવામાં આવે છે. પાના નં.૩ પર વ્યાપારની માહિતી આપવામાં આવે છે. જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યાપારની માહિતી આપવામાં આવે છે. શેરબજાર અંગેની માહિતી,સોના ચાંદી અને જસતનો ભાવ, તેલ,તેલીબિયાં,પેટ્રોલ અને અનાજ કઠોળના ભાવ વગેરેની તલસ્પર્શી માહિતી આપવામાં આવી છે. પાના નં.૩માં કયારેક જાહેરખબરોને પણ સ્થાન મળે છે.

જન્મભૂમિમાં તંત્રીલેખ પાના નં.૪ પર છપાય છે તા. ૧ના રોજ પાનાની ડાબીબાજુ બે તંત્રીલેખ છપાયા છે. તેની બાજુમાં ત્રણ મોટી કોલમમાં મુઝફ્ફર હુસૈને લખેલો રાજકીય લેખ છાપવામાં આવ્યો છે. એજ પાના પર વાચકોના પત્રોને વાચક સભા દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. મહિનાનો પહેલો દિવસ હોવાથી એચ.એન.કેશવાણી દ્વારા 'આપનો આ મહિનો કેવો જશે?'ના ટાઈટલ સાથે આખા મહિનાનું દરેક રાશીનું રાશી ભવિષ્ય પાના નં.૫માં દર્શાવ્યું છે નીચેના ભાગે જૈન જગત કોલમમાં જૈનોના ધાર્મિક કાર્યક્રમની રૂપરેખા અને જાણકારી છે.

પાના નં. ૬ પર મુંબઈમાં બનતી ઘટનાઓના ટીટ્સબીટ્સ સમાચાર આપવામાં આવે છે. સાથે ફોટો લાઈન પણ આપવામાં આવે છે. જેમાં એક સમાચારમાં મુંબઈની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૧૩ વર્ષ જૂની પ્રતિષ્ઠિત સંસ્થા પી.જે. હિન્દુ જિમખાના દ્વારા મકર સંક્રાંતિ નિમિત્તે થયેલી પતંગ પર્વની ઉજવણીમાં મેનેજિંગ એડિટર કુન્દનભાઈ વ્યાસની તસવીર છાપવામાં આવી છે.

પાના નં. ૭ પર મહાનગર મુંબઈ અને મહારાષ્ટ્રના સમાચાર છાપવામાં આવ્યા છે. પાનાની નીચેના શબ્દાનંદમાં આડી ઊભી ચાવીના કોયડાઓ છાપવામાં આવ્યા છે.

પાના નં.૮ પર અવસાન નોંધ અને શ્રધ્ધાંજલિ છાપવામાં આવેલી છે. ઉપરાંત નવી ફિલ્મ અને નાટકના સમાચાર પણ છપાયા છે. ગુજરાતી છાપું હોવાથી પાના નં.૯ પર ગુજરાત રાજયના સમાચાર છપાયા છે.

પાના નં.૧૦ પર સૌરાષ્ટ્રના સમાચાર અને ગ્રામ્ય વિસ્તારના સમાચાર છપાયા છે. તેને ફૂલછાબ સમાચાર ટાઈટલ પણ અપાયું છે. પાના નં.૧૧ પર કચ્છમિત્ર સમાચારને સ્થાન મળે છે. તેમાં કચ્છ,ભૂજ,ગાંધીધામ,મુંદ્રા,આદિપુર,અંજાર વગેરેના બનાવોની જાણકારી અને ત્યાંની અવસાન નોંધ છપાઈ છે.

પાના નં.૧૨ પર મુખ્ય બનાવોને સ્થાન મળે છે. તેમાં સામાજિક, રાજકીય, ખેલ,ધાર્મિક, શહેરી હલચલ, કોઈ વિશેષ વિવાદ વગેરે વિષે જાણકારી આપવામાં આવે છે. નીચે આજનો SMS અને સુડોકુ અને કોયડો આપવામાં આવે છે. પાનાને અંતે છેલ્લી ત્રણ લાઈનમાં અખબારની માહિતી છે. જેમાં મેનેજિંગ ડિરેકટર અને તંત્રી કુન્દન વ્યાસ,મુદ્રક અને પ્રકાશક એન.જી.પોલ, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી જન્મભૂમિ મુદ્રણાલય, જન્મભૂમિ ભવન,જન્મભૂમિ માર્ગ, કોટ,મુંબઈ–૧માં છાપ્યું અને તે જ સ્થળેથી પ્રસિધ્ધ કર્યું છે. ટેલિ.નં. ૨૨૮૭૦૮૩૧, જા×ખ ૨૨૮૭૩૪૩૮,Fax No.૨૨૮૭૪૦૯૭,E Mail–bhoomi@bom.3.vsnl.net.in ની માહિતી છે. દિલ્હી કાર્યાલય, આઈ.એમ.એસ. બિલ્ડીંગ : ૪ રફી માર્ગ, ન્યુ દિલ્હી ૧, ટે.નં. ૨૩૭૧૧૦૦૨, અમદાવાદ કાર્યાલય ૨૦૨, કલિંગ કોમ્પલેક્ષ, ૨જે માળે, બાટા શોરૂમ પાસે, માઉન્ટ કાર્મે સ્કૂલ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯,ટેલિ.નં. ૨૬૫૮૮૭૭૪, ફેકસઃ ૨૬૫૮૯૮૯૧. વડોદરા કાર્યાલય : પદ્માવતી શોપિંગ સેન્ટર, ન્યાય મંદિર પાસે, ટેલિ.નં. ૨૪૧૨૯૦૬, સૂરત કાર્યાલય :



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગ્રાઉન્ડ ફ્લોર, લવ–કુશ, જય અંબે રોડ, વિવેકાનંદ બ્રિજ પાસે, અડાજણ રોડ, સૂરત ૩૯૫ ૦૦૯,ટેલિ.નં. ૦૨૬૧ ૨૭૮૦૮૫૦

સંપૂર્ણ અખબારનું લેઆઉટ લગભગ એક સરખું જ હોય છે. રવિવારે તંત્રીલેખનું સ્થાન પૂર્તિમાં હોય છે.

તા. '૨/૨/૨૦૦૮'ના રોજ 'મહેક' પૂર્તિ બહાર પડે છે તેમાં પહેલાં પાના પર અલગ અલગ ઘણાં સમાચારોને સ્થાન છે. પ્રથમ અને છેલ્લું પાનું રંગીન છાપવામાં આવે છે. તેમાં પ્રથમ પાને બીજા દિવસે આવનારી પૂર્તિ 'મધુવન'ની રૂપરેખા પણ જણાવવામાં આવી છે. મુખ્ય સમાચારમાં કયારેક રાજકીય, કયારેક હવામાનના, કયારેક રાષ્ટ્રીય કયારેક શેર બજાર કે આંતરરાષ્ટ્રીય સમાચાર પણ છાપવામાં આવે છે.પાના નં. ૪ પર બે તંત્રી લેખ છે. જેમાં પ્રથમ છે 'અરૂણાચલમાં અરુણ પ્રભાત' અને બીજો છે 'વિષનો પ્યાલો'. આ પાના પર જ જે.એસ.રાજપૂત જે એન.સી.ઈ.આર.ટી.ના ભૂતપૂર્વ ડિરેકટર છે તેણે શિક્ષણની સમસ્યા પર લેખ લખ્યો છે. નીચે ઈકબાલ મેમણે મેમણ સમાજ પર લેખ લખ્યો છે. તેની નીચે વાચક સભામાં વાચકોનું મંતવ્ય રજૂ થયું છે. આ દરેક લેખને ૫ કોલમનું સ્થાન ફાળવ્યું છે. પાના નં.૫ પર વ્યાપાર વિશેષ છે. જેમાં મુખ્ય શેરબજારની ચર્ચા કરવામાં આવી છે. પાના નં. ૬ પર અવસાન નોંધ અને નવા નાટકોની જાહેરાત કરવામાં આવી છે પાના નં.૭ પર મુંબઈના વિવિધ સમાચાર અને શબ્દાનંદમાં કોયડા દર્શાવ્યા છે. પાના નં. ૮માં ફૂલછાબના સૌરાષ્ટ્રના સમાચારો છે. પાના નં. ૯ પર કચ્છ મિત્રના સમાચાર છે. પાના નં. ૧૦ પર 'કુછ તો લોગ કહેંગે'માં તાજી ઘટના પર લોક મંતવ્ય છે. સાથોસાથ મહેશ ભટ્ટનું આજકાલ અને ખેલ સમાચાર પણ રજૂ કર્યો છે.

રવિવારનું અખબાર થોડું અનોખું છે. પ્રથમ પાના પર ૭ કોલમના મુંબઈના રાજકીય સમાચાર છે. પાના નં.૨ પર આજનું પંચાંગ, 'મુંબઈ તારી મજલીસ'માં મુંબઈના સંક્ષિપ્ત સમાચાર, રાશી ભવિષ્ય,ટીવી ચેનેલોનું ટાઈમ ટેબલ,લગ્નમંડપમાં વરકન્યાના સગપણની જાહેબખબર અને અન્ય બે નાના સમાચારને પણ સ્થાન છે. પાના નં.૩ પર મુંબઈના ક્રોસ મેદાનમાં શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાન યજ્ઞની જાહેરાત છે. જે પોણું પાનું રોકે છે. ઉપરાંત થોડા ધાર્મિક સમાચાર પણ છે. પાના નં.૪ પર તંત્રીલેખના સ્થાને ડૉ.મણિલાલ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગડા અને ડૉ. દિપ્તી ગડા કન્સલ્ટિંગ રૂમમાં સ્વાસ્થ્યની વાતો કરે છે. નીચે વિદેશી સિનેસૃષ્ટિની વાત જણાવી છે. પાના નં.૫માં વિપુલ કલ્યાણી 'લંડન કોલીંગ' કોલમ લખે છે અને ડાબી બાજુ 'ઓહ અમેરિકા આહ ઈમિગ્રેશન'માં સુધિર શાહ વાચકોના વિદેશગમનના પ્રશ્નોના જવાબ આપે છે. પાના નં.૬ પર અવસાન નોંધ અને નવી ફિલ્મો અને નાટકોની જાહેરાત છે. પાના નં.૭ પર વાચકોના સવાલોના લાજવાબ જવાબ આપવામાં આવ્યા છે. નીચે GMDCની અડધાપાનાની જાહેરાત છે. પાના નં. ૮ પર હિન્દુ મરણનોંધ અને દરેક પ્રાંતમાં બનેલા  નાનાં પણ મહત્ત્વના બનાવોને સ્થાન છે. ૯નં ના પાના પર મિતીન શેઠે આત્મઘાતી આતંકવાદનો પ્રકોપ અને વૈશ્વિક જોમખની વાત કહી છે. બાજુમાં કિડની ટ્રાન્સપ્લાન્ટના સમાચાર છે નીચે ધ્યાનનો મહિમા વર્ણાવ્યો છે. પાના નં.૧૦ અને ૧૧ પર તાજા રજૂ થનાર નાટકો અને ફિલ્મોની જાહેરખબર છે. અને પાના નં.૧૨ પર વિવિધ પ્રકારના સમાચારોનો રસથાળ છે. તંત્રીલેખનું સ્થાન પૂર્તિમાં છે.

તા.૫ ફેબ્રુઆરીના અખબારમાં એક નવા સમાચાર છે. પાના નં.૭ પર ટાઈટલ છે. 'વાચકોની જીભે' જેમાં શાક જગતના બાદશાહ ઉંધિયાની વાત છે મુંબઈના અલગ અલગ વિસ્તારમાં રહેતા લોકોના ઉંધિયા પ્રત્યેના મંતવ્યો અને પ્રેમને અહીં ઉતારવામાં આવ્યો છે. મોટા ભાગે આખું અઠવાડિયું અખબારનું લેઆઉટ અને કલેવર સરખા જ રહે છે. થોડા નાના ફેરફારો શકયતા પ્રમાણે થાય છે. તા. ૮ ફેબ્રુઆરીના રોજ 'પણ સૂત્રધાર સલામત' અને 'મહાન ભારતનાં કંગાળ બાળકો' વિષય પર બે તંત્રીલેખો છે. તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ 'લેફ.ગર્વનર ભીંત ભૂલ્યા' અને 'એક નેતાની હત્યા' વિષય પર તંત્રીલેખ છે. પાના નં.૩, પર મુંબઈ લક્ષ્મી લોટરીની અડધા પાનાની જાહેરાત છે અને ઉપર શેરબજાર તૂટવાના સમાચાર છે.

તા.૧૨ ફેબ્રુઆરીના રોજના છાપામાં વસંતના આગમને ઉજવવામાં આવ્યું છે પાના નં.૮ પર મુંબઈની ગીચતા વધારતા ટ્રાફિકની ચર્ચા થઈ છે. આજ અંકના પાના નં.૫માં વિદ્યાર્થીઓની આવનારી પરીક્ષાને ધ્યાને લઈને કસોટીનો સમય પાર ઉતરવા માટે નાની નાની ટીપ્સ અને સલાહ આપવામાં આવી છે. તા. ૧૨ના તંત્રી લેખમાં 'માયાવતી કોંગ્રેસને દબડાવે છે' અને 'વેલેન્ટાઈન ડે પૂર્વેની કરૂણાંતિકા' વિષય પર તંત્રીલેખ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તા.૧૪ ફેબ્રુઆરીના રોજ તંત્રીલેખમાં 'વેલેન્ટાઈન ડે' અને 'નં. વન ટુ નં. સેવન' એવા ટાઈટલથી તંત્રી લેખ છે. પાના નં.૫માં વેલેન્ટાઈન ડેને વધુ રોમેન્ટિક બનાવતા કિસ્સાઓ અને સમાચારો તથા કારણો છાપ્યાં છે.નીચે કેરિયર ગાઈડન્સ પણ છાપ્યું છે. આમ એક જ પાનામાં યુવાનોને લગતી બે વિરુધ્ધ બાબતો છાપવામાં આવી છે. તા. ૧૫ના રોજ એક જ તંત્રી લેખ છે. જેનું ટાઈટલ છે 'રાજકારણ' તા. ૧૬ના રોજ અંકના પાના નં. ૩ પર ઉંટીમાં આબુ અંબાજી મલ્ટી રિલિજિયસ ટેમ્પલ વિષે વાત કરી આખા પાનાને ધાર્મિક બનાવ્યું છે. તા. ૧૮ના રોજ 'પસરિયા જાધવ હોદ્દો ત્યાગે' અને 'હતાશાના શિકાર' બે વિષય પર તંત્રી લેખ છે.

તા. ૧૯ના રોજ પાના નં. ૯ પર કચ્છમાં રણોત્સવ અને તેના વ્યાપાર ઉદ્યોગની વિસ્તૃત જાણકારી આપી છે. તંત્રી લેખમાં 'સિધ્ધિઓના સોપાન સર કરતું એમસીએકસ' અને 'ખલીનો ખેલ ખલાસ' વિષય પર લેખ છે. જયારે તા. ૨૦ ના રોજ 'આંદોલનની બલિએ ઉદ્યોગો' અને 'ભૈયા શબ્દની ગરીમાને સમજો' એ વિષય પર તંત્રી લેખ છે. બાજુમાં અફસર કરીમ દ્વારા અલકાયદાની નજર અણુબોમ્બ પર લેખ અને વાચક સભામાં વાચકોના પત્રોના જવાબ છે.

તા. ૨૧ના રોજ પાનું ૭ મુંબઈ રેલ્વેને ફાળવ્યું છે. રેલ્વેના વિવિધ રૂટ અને ટ્રાફિકની સમસ્યા તથા સવલતો વગેરેની ચર્ચા છે. એક જ તંત્રીલેખ છે જેનો વિષય છે. 'પાકિસ્તાનમાં લોકતંત્રનો પુનઃઉદય' તા. ૨૨ ના રોજ બે તંત્રીલેખ છે. 'ક્રિકેટમાં કરોડોની બોલીનો યુગ' અને 'શિવરાજની સુફિયાણી સલાહ' જેવા વિષયો છે. બાજુમાં મુઝફ્ફરહુસૈન આતંકવાદ પર લેખ લખે છે. અને નીચે વાચકોની ટપાલના જવાબ છે. તા. ૨૩ ફેબ્રુ.ના રોજ આત્મહત્યાનું મહાનગર અને ભાષાનું ભૂત બધે સરખું' વિષય પર તંત્રીલેખ છે સાથે સુરેન્દ્ર મોદીને નબળી આર્થિક નીતિથી સર્જાતી અસમાનતા વિષે લેખ લખ્યો છે.

તા.૨૪ના રોજ રવિવાર હોવાથી તંત્રીલેખ પૂર્તિમાં છે. પાના નં.૪ પર કન્સલટીંગ રૂમ,આહાર,સંયમની યાત્રા અને વિદેશી સિનેસૃષ્ટિની વાતો છે. ૮ અને ૯ નંબર સંપૂર્ણ નાટક અને ફિલ્મોની જાહેબખબરથી ભર્યા છે. રવિવારનું લે આઉટ અન્ય દિવસો કરતાં અલગ જ હોય છે. તા. ૨૫ ના રોજ 'ભૂમિપુત્રોના રખેવાળોને સબક' અને 'રાજયપાલ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પદની ગરીમા જાળવો' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં કલમ કિતાબ કોલમ છે અને નીચે વાચક સભામાં પત્રોના જવાબ છે.

તા.૨૭ના રોજ પાના નં.૧૦ પર ફૂલછાબના સમાચારમાં પ્રજા પર નખાતા ખોટા વધારાના કરબોજ પર તીખી કલમ ચલાવી છે. ઉપરાંત સૌરાષ્ટ્રના લોકજીવનની પણ વાત છે. ઉપરાંત બે તંત્રીલેખ છે. એક 'ગુજરાતમાં લઘુમતીઓ સુખી અને સલામત' તથા બીજો 'બેંકની રાજયોને ચેતવણી' વિષય પર છે. તા. ૨૭ના રોજ 'ચક દે રેલ્વે ?' અને 'પ્રતિભા વિનાનું ભાષણ' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં વિનય કોડાએ ઈશાની રાજયોમાં બંગ્લાદેશી આતંકવાદ વિષય પર તીખી કલમ ચલાવી છે. તા. ૨૯ના રોજ 'આતંકવાદ ગેર ઈસ્લામી અને ફરિયાદ નહી' તેમજ 'મુકાબલો જ પર્યાય' વિષય પર બે તંત્રીલેખો છે. બાજુમાં મુઝફ્ફર હુસૈને બેનઝીરની શહાદત રંગ લાવી વિષય પર લેખ લખ્યો છે. ઉપરાંત પાના નં.૫માં કળા જગત, જૈન જગત, વર્લ્ડ અરાઉન્ડ અને કરવેરા પધ્ધતિ વિષય પર વિવિધ લેખો છે.

માર્ચ મહિનાની પહેલી તારીખે એક જ તંત્રીલેખ છે. જેમાં ચૂંટણીલક્ષી બજેટની વાત છે. બાજુમાં અરૂણ નહેરૂએ અણુસોદો સ્વીકૃત ઉકેલ શોધવો અનિવાર્ય વિષય પર લખે છે. નીચે ઈકબાલ મેમણ પણ લેખ લખે છે મહિનાનો પહેલો દિવસ હોવાથી માર્ચ મહિનાનું રાશિ ભવિષ્ય પણ અહીં રજૂ કર્યું છે. પાના નં૬ પર કરવેરાની માહિતી છે. પાના નં.૯ પર મુંબઈની અનાજ,કઠોળ,કરિયાણા બજારમાં બજેટના ઉત્સાહનો અભાવ વિષય પર વિવિધ વાચકોનાં મંતવ્યો આપવામાં આવ્યાં છે. તા. ૩ માર્ચ મુખ્ય હેડીંગ જકાત ચોરી છે. તંત્રીલેખમાં 'એફ.એસ.આઈ.નો લાભ કોને ?' અને 'સહશિક્ષણ આભૂષણ કે દૂષણ' વિષય પર લેખ છે. બાજુમાં કલમ કિતાબમાં ફેબ્રુઆરી ૨૦૦૭માં નવા બહાર પાડેલાં પુસ્તકોની જાણકારી આપવામાં આવી છે. તા. ૪ના રોજ સેન્સેકસ ૧૫૦૦૦એ પહોંચ્યાનો સંકેત હેડિંગ દ્વારા કર્યો છે. તંત્રીલેખમાં 'મેરા કિસાન મહાન' શ્રેય ખાટવા રાજકીય પક્ષોની પડાપડી અને 'ક્રિકેટના ગ્લેમરથી સાવધાન' વિષય પર લેખ છે. પાનુ. ૫ ધાર્મિક સમાચાર માટે છે. તા. ૬ના રોજ શિવરાત્રીની પૂર્વ સંધ્યાની તૈયારીઓ અને સોનાની તેજીના ભડકાની વાત છે. પાના નં. ૪ પર 'વિલાસરાવને કેન્દ્રની ચીમકી' અને 'કિલન મુંબઈ કે મલિન ?'



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વિષય પર તંત્રીલેખ છે. ધાર્મિક સમાચાર અને લેખ પાના નં.૯ પર છે. તા. ૭ ના રોજ ટાઈટલ છે. મહારાષ્ટ્રમાં વીજ સંકટ,ઉનાળો આકરો લાગશે. પાના નં.૪માં 'બાળરાજ અને બિહારીઓ' તથા 'વડીલોની વહારે પોલીસ' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં મેઝફ્ફર હુસૈને મુશર્રફ પાકિસ્તાન છોડી જવાની તૈયારીમાં ? વિષય પર લેખ લખ્યો છે. તા. ૮ માર્ચ પાના નં.૪ પર બે તંત્રીલેખ છે. 'નારી તું નારાયણી માત્ર સૂત્ર ?' અને 'કૃષ્ણાની બાંસૂરી ફરી કર્ણાટકમાં' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન હોવાને કારણે મુઠ્ઠી ઊંચેરી મહિલાઓને યાદ કરીને યાદગાર મહિલા પ્રધાન ફિલ્મોની જાણકારી આપી છે. તા ૧૦ના રોજ પહેલા પાને ઓલમ્પિકમાં ભારતની હોકી ટીમની એન્ટ્રીને ઈંગ્લેન્ડે સાઈડલાઈન કરી તેની વાત છે. પાના નં. ૪ પર 'ભારતીય ક્રિકેટ બોર્ડને લાલબતી' અને 'બોલીવૂડનો ધર્મ નિરપેક્ષ ચહેરો' વિષય પર તંત્રીલેખ છે. છેલ્લાં પાને મુંબઈની જમીનના આસમાને પહોંચેલા ભાવ અને બજાર કિંમતના સમાચાર છે. તા. ૧૧ના રોજ પાના નં.૪ પર 'અમેરિકા ! દૂરના ડુંગર રળિયામણા' અને 'સરકારનો એકરાર અને મોંઘવારીનો માર' બે વિષય પર તંત્રીલેખો છે. બાજુમાં પંકજ વોરાની કટાર છે. પાના નં.૯/૧૦માં ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ વિશેષ સમાચાર છે.

તા.૧૪ ના રોજ સેન્સેકસ હવે ૧૩૦૦૦ ? ટાઈટલ છે. તંત્રીલેખમાં 'સડસડાટ સફરનું સ્વપ્ન' અને 'લાંબી ટ્રેન સફર જરા સંભલ કે ?' વિષય પર લેખ છે. મુઝફ્ફર હુસૈને પાકિસ્તાનના વડાપ્રધાન કોણ? વિષય પર કટાર લખી છે. તા. ૧૫ના રોજ મુંબઈ પર ટાઈફોઈડનો ખતરો એવું હેડિંગ છે.પાના નં.૩માં વ્યાપારમાં શેરબજારમાં સુધારો પણ કેટલો ટકશે? પાના નં.૪ પર તંત્રીલેખ છે. 'નાણા રાહત માટે, વાપર્યા જલસા કરવા.' બાજુમાં જે.એસ.રાજપૂત શિક્ષકોની હાલતમાં સુધાર શિક્ષણને ગુણવત્તા સભર બનાવશે અને ઈકબાલ મેમણ મેમણ સમાજ પર લેખ લખે છે નીચે વાચક સભા છે.

તા. ૧૭ માર્ચના રોજ હેડિંગ છે 'જકાત એજન્ટોની બાદબાકી' અને 'પરીક્ષાની માનસિક તાણ' પાના નં.૪ પર 'પ્રાંતવાદને સુપ્રિમ કોર્ટની લપડાક' અને 'બંધારણ નહિ રાજકારણ સર્વોપરી છે' બે વિષય પર તંત્રી લેખ છે. પાના નં. ૬માં વર્લ્ડ અરાઉન્ડ છે. પાના નં. ૧૦ પર સૌરાષ્ટ્ર અને ૧૧ પર કચ્છમિત્રના સમાચાર છે. છેલ્લા પાના પર ભારતીય



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હોકી ટીમના ખેલ સમાચાર છે. તા. ૧૯ના રોજ ટાઈટલ છે 'શેરબજારને જીવતદાન' તંત્રીલેખમાં 'ઈન્સાફ કા તરાજુ' અને 'તિબેટ ભારતની મોળી પ્રતિક્રિયા' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં જોગીન્દરસિંહ સીબીઆઈને વધુ પાંગળી બનાવવાનો કારસો લખે છે. નીચે વાચક સભા છે.

તા. ૨૦ના રોજ હેડીંગ છે 'સપનાનું ઘર સાકાર થશે?' અને ''સાવધાન મંદીનું ભીષણ મોજું આવે છે' વ્યાપારમાં લખ્યું છે કે શેરબજારમાં મિનિ વેકેશન પાના નં. ૪ પર 'મુંબઈમાં રોટલા સાથે ઓટલો?' અને 'ભાયખલાની આગનો બોધ' વિષય પર તંત્રીલેખ છે. પાના નં.૫માં વર્લ્ડ અરાઉન્ડ અને કેરિયર ગાઈડન્સની વાત છે. તા. ૨૧ના રોજ ટાઈટલ છે. 'ભાવવધારો ભડકે છે સરકાર ભીંસમાં' અને સોનામાં ચાલુ કડાકા તથા વ્યાપારના ભૂતપૂર્વ તંત્રી શશિકાન્ત વસાણીને હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિકની ભેટ મળે છે. તંત્રીલેખ એક જ છે જેનો વિષય છે 'ચિદમ્બરમ્‌ને પગલે જયંત પાટિલ' બાજુમાં મુઝફ્ફરહુસૈનના લેખનું ટાઈટલ છે, 'શું પાકિસ્તાન રાષ્ટ્રીય સંસદનું વિસર્જન થઈ શકે?' નીચે વાચક સભા છે પાના નં.૭માં હોળી નિમિત્તે મુંબઈગરાનું મંતવ્ય છે.

તા. ૨૪ માર્ચના રોજ પહેલા પાને હિંસા સામે અહિંસક અભિયાન અને ઉત્તર ભારતીયો પર મુંબઈમાં હુમલાઃ નીતીશકુમાર વિફર્યા તથા કેરીની મોંઘવારીના સમાચાર છે. તંત્રીલેખમાં ઘરનું સ્વપ્ન ખરેખર સાકાર થશે ? રાજ કાયદાઓનું કે કસાઈઓનું ? તથા બાજુમાં કલમ કિતાબમાં અસ્મિતા પર્વમાં વાકકુધારાનું પ્રાગટય તથા વાચક સભા નીચે છે. પાના નં.૭માં મુંબઈ નગરના સમાચાર છે. છેલ્લા પાને ખેલ સમાચાર છે. તા. ૨૫ માર્ચના રોજ પહેલા પાને 'એક લાખ પરિવાર છે ને હૈયા ધારણ તમે બેઘર નહીં બનો' તથા આજે અંગારકી ઓથ : સિધ્ધિ વિનાયકના દર્શનાર્થીઓનો આંક ૧૮ લાખનો આંબશે જેવા સમાચારો છે. પાના નં.૪માં તંત્રી લેખ છે, તેના વિષય અહિંસાની શાન જળવાશે? અને ખતરનાક એંધાણ બાજુમાં અરૂણ નહેરૂ લખે છે કે, લોકસભાની ચૂંટણી પૂર્વે વિવિધ યુતિઓ આકાર પામશે. પાના નં. ૫ પર ગ્રાહક અધિકાર અને વર્લ્ડ અરાઉન્ડની જાણકારી છે. પાના નં. ૯/૧૦માં સૌરાષ્ટ્ર ગુજરાતના સમાચાર છે. છેલ્લાં પાને આજકાલ, કુછ તો લોગ કહેંગે અને મુંબઈના સમાચાર છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તા.૨૬/૩ ના રોજ ટાઈટલ છે કે, મુંબઈના ૪૯ થિયેટરો બંધ અને ૧લી એપ્રિલથી દૂધ મોંઘુ થશે પાના નં.૩માં શેરબજારમાં ચાર સત્રોમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો પણ ઈન્વેસ્ટરો હજી દ્વિધામાં વિષય પર સમાચાર છે. તંત્રી લેખમાં સરકારી બાબુઓને ઘર છતાં 'બે ઘર' થવાનો ડર વિષય છે. બાજુમાં ડૉ. ભરત ઝુનઝુનવાલા લખે છે કે, વસતી વધારાથી ભારતને લાભ થયો છે. છેલ્લા પાને ખેલ સમાચાર છે. તા. ૨૭ માર્ચના રોજ ટાઈટલ છે કે મુંબઈના માથે પાણી કાપની તોળાતી તલવાર અને હવે બારમાસી કેરી વિષે સમાચાર છે. પાના નં.૪માં 'લોન વસૂલાત બેન્કોને સૂચના ફૂલ ગુલાબી તેજીની સુરખી' વિષય પર તંત્રીલેખ છે. બાજુમાં અરૂણ નહેરુ લખે છે કે દેશનો આર્થિક વિકાસ દર જાળવી રાખવો આવશ્યક છે પાના નં.પમાં વર્લ્ડ અરાઉન્ડ અને કેરિયર ગાઈડન્સની વાત છે.

તા. ૨૮ માર્ચના રોજ પહેલા પાના પર ઝવેરી બજારમાં ઈમિટેશનનો ચળકાટ અને ઉનાળામાં પાણી અને વીજળી મોંઘા થશે. વિષય પર સમાચાર છે. તંત્રીલેખ 'સકારાત્મક અભિગમ' અને 'કોંગ્રેસ ઘરફૂટે ઘર જાય' વિષય પર છે. બાજુમાં મુઝફ્ફર હુસૈન લખે છે કે 'વિશ્વમાં આતંકવાદના ઓસરતા પાણી'. પાના નં.૬ પર જૈન જગત અને વર્લ્ડ એરાઉન્ડ તથા કેરિયર ગાઈડ છે.

તા. ૨૯ના રોજ મોંઘવારી ડામવા સરકાર સજ્જ ટાઈટલ છે. તથા પાના નં.૪ પર 'રાજકારણનો ભોગ નંદલાલ' અને 'લશ્કર ડી કંપનીનું જોડાણ' વિષય પર તંત્રીલેખ છે. છેલ્લા પાના પર મુલતાનનો સુલતાન નવાબ ઓફ નજફગઢ અને આજે લારા ઓફ ઈન્ડિયા બનશે ? વિષય પર સમાચાર છે. તા. ૩૧ માર્ચના રોજ હાય રે મોંઘવારી અનાજના ભાવ આકાશને આંબશે વિષયનું ટાઈટલ છે. તંત્રીલેખમાં 'બાકી જો બચા થા વો મહંગાઈ માર ગઈ' અને 'મોબાઈલ ગ્રાહકોને રાહત વિષય પર લેખ છે. પાના નં.પમાં લગ્ન સંસ્થાના આયામ બદલાઈ રહ્યા છે અને ૭ નંબર પર શહેરના ૨૫૦૬ વૃક્ષો કાપવા ટ્રી ઓથોરીટીની મંજૂરી વિષય પર વિવિધ સમાચાર છે.

ફેબ્રુઆરી અને માર્ચ બે મહિનાના અખબારોના પહેલા પાનામાં હોર્ડિંગ અને તંત્રીલેખોના ટાઈટલ વાચવાથી એ તારણ પર આવી શકાય કે તેમાં કેટકેટલેથી વિવિધતા અને આગમચેતીના ઈશારાઓનો સમાવેશ કરવામાં આવે છે. જન્મભૂમિના તંત્રીલેખો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હંમેશા લોકપ્રિય રહ્યા છે. તેની વિવિધતા, સચોટતા,પારદર્શિતા,તટસ્થતા અને તાજગી લોકોને સ્પર્શી જાય છે. ગમ તેવી મોટી વ્યકિત હોય, કોઈની પણ શરમ રાખ્યા વિના તંત્રી પોતાની કલમ રૂપી કટાર ચલાવીને તેને લોકો સમક્ષ રજૂ કરે છે. જન્મભૂમિના તંત્રીલેખોની વિવિધતાના અહીં તો થોડાજ નમૂના રજૂ થયા છે.

વર્તમાન સમયની વાત કરીએ તો તા. ૯–૬–૨૦૦૮ના સોમવારે જન્મભૂમિએ ૭૫ વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેના આનંદમાં જન્મભૂમિએ અમૃત મહોત્સવ વિશેષાંક પણ બહાર પાડયો છે. આ વિશેષાંકમાં રાષ્ટ્રપતિશ્રી,કોંગ્રેસ પ્રમુખ, ભારતીય જનતા પક્ષના પ્રમુખ,વસ્ત્ર ઉદ્યોગ પ્રધાન,મુખ્ય મંત્રી,પેટ્રોલિયમ પ્રધાન,ગુજરાત વિધાન સભા અધ્યક્ષ ગુજરાતના રાજયપાલ સહિત ઘણાં મહાનુભાવોએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા છે. આ અમૃત અંકમાં શિક્ષણથી લઈને સાહિત્ય સુધી, ભાંગવાડીથી લઈને ભાઈદાસ સુધી, કવિતાથી લઈને ક્રિકેટ અને ક્રાઈમ સુધી, ટ્રામથી લઈને ટ્રેન (મેટ્રો) સુધી, મોલથી લઈને મલ્ટીપ્લેકસ સુધી, મુંબઈથી લઈને મહેફિલ સુધી રાજકારણથી લઈને હૃદયકારણ સુધી, ફેમિલીથી લઈને ફન સુધી જે પરિવર્તનો આવ્યાં છે તેની છોળ ઝિલાઈ છે. અત્યારે જન્મભૂમિ ગ્રૂપના વિવિધ પ્રકાશનો વિવિધ જયંતિ અને મહોત્સવો ઉજવી રહ્યાં છે જે આનંદની વાત છે.

અંતમાં જન્મભૂમિના ભૂતપૂર્વ તંત્રી સ્વ. હરીન્દ્ર દવે ૧૯૯૪માં જન્મભૂમિ પર એક ગીત રચ્યું હતું. આ ગીત હીરક પર્વ' મહોત્સવ પ્રસંગે એટલે કે તા. ૨૭–૬–૧૯૯૪માં સોનાલી રાઠોડના કંઠે શ્રી યશવંતરાવ ચૌહાણના ઓડિટોરિયમમાં ગવાયું હતું.

જન્મભૂમિ કર્મભૂમિ ધર્મભૂમિ છે
આકાશે ઝૂકીને એની
આમ જુઓ તો કાગળ કાચા,
હિમ ગિરિવર આ બળ ઉભરાયા
સહી સહીના જલ છલકાયા
દેશ પરદેશમાં એની વાત ઘૂભી છે
જન્મભૂમિ કર્મભૂમિ ધર્મભૂમિ છે
અમને એમની મમતા માયા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અમને એમની અમૃત છાયા
ગીતમાં સદાય એના ગાયા
લયમાં એના લાગણીઓ તો એવી ઝૂમી છે
જન્મભૂમિ કર્મભૂમિ ધર્મભૂમિ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્રકરણ–૫

## પાદટીપ

૧ જન્મભૂમિ' દૈનિક તા. ૧૫ જુલાઈ, ૨૦૦૫

૨ એજન, પૃષ્ઠ નં.

૩ મારા જીકાકા,મારું રાણપુર–લેખક લાભુબેન મહેતા, પૃષ્ઠ નં. ૧૧

૪ એજન, પૃષ્ઠ નં. ૧૭

૫ એજન, પૃષ્ઠ નં. ૧૮

૬ એજન, પૃષ્ઠ નં. ૧૯

૭ એજન, પૃષ્ઠ નં. ૨૧

૮ એજન, પૃષ્ઠ નં. ૨૫

૯ એજન, પૃષ્ઠ નં. ૨૯

૧૦ એજન, પૃષ્ઠ નં. ૩૦

૧૧ એજન, પૃષ્ઠ નં. ૩૧

૧૨ એજન, પૃષ્ઠ નં. ૪૨

૧૩ એજન, પૃષ્ઠ નં. ૪૬

૧૪ એજન, પૃષ્ઠ નં. ૫૪

૧૫ એજન, પૃષ્ઠ નં. ૫૬

૧૬ એજન, પૃષ્ઠ નં. ૬૫

૧૭ એજન,પૃષ્ઠ નં. ૭૭

૧૮ એજન,પૃષ્ઠ નં. ૯૦

૧૯ એજન,પૃષ્ઠ નં. ૮૯

૨૦ એજન,પૃષ્ઠ નં. ૯૩

૨૧ જન્મભૂમિ' દૈનિક તા. ૯ મે , ૧૯૮૯

૨૨ જન્મભૂમિ' દૈનિક તા. ૧૦ નવેમ્બર , ૧૯૯૭

૨૩ મારા જીકાકા,મારું રાણપુર–લેખક લાભુબેન મહેતા, પૃષ્ઠ નં. ૧૧૪



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૨૪ એજન,પૃષ્ઠ નં. ૧૧૫

૨૫ એજન,પૃષ્ઠ નં. ૧૧૮

૨૬ એજન,પૃષ્ઠ નં. ૧૨૨

૨૭ અંતરનાદ–સંપાદક મહેતા મનુભાઈ, પૃષ્ઠ નં. ૨૦

૨૮ મારા જીકાકા,મારું રાણપુર,લેખક લાભુબેન મહેતા, પૃષ્ઠ નં. ૧૨૧

૨૯ અંતરનાદ, સંપાદક મહેતા મનુભાઈ, પૃષ્ઠ નં. ૪૩૫

૩૦ મારા જીકાકા,મારું રાણપુર, લેખક લાભુબેન મહેતા, પૃષ્ઠ ૧૩૧

૩૧ એજન,પૃષ્ઠ ૧૪૦

૩૨ એજન,પૃષ્ઠ ૧૭૦

૩૩ એજન,પૃષ્ઠ ૨૦૧

૩૪ એજન,પૃષ્ઠ ૨૦૯

૩૫ એજન,પૃષ્ઠ ૨૫૪

૩૬ એજન,પૃષ્ઠ ૨૨૩

૩૭ અંતરનાદ, સંપાદક મનુભાઈ મહેતા પૃષ્ઠ નં. ૧૪–૧૫

૩૮ 'જન્મભૂમિ' રજત જયંતિ અંક , ૧૯૫૯ (પૃષ્ઠ નં.૫)

૩૯ એજન,પૃષ્ઠ નં. ૫૭

૪૦ 'જન્મભૂમિ' દૈનિક તા. ૩૧ ડિસેમ્બર, ૧૯૮૯

૪૧ 'ફૂલછાબ' દૈનિક તા. ૫મી મે, ૧૯૩૪

૪૨ 'ફૂલછાબ' દૈનિક તા. ૧૩મી મે, ૧૯૩૪

૪૩ 'જન્મભૂમિ' રજત જયંતિ અંક, ૧૯૫૯ પૃષ્ઠ નં.૨૦

૪૪ 'સમકાલીન' તા. ૯મી જૂન, ૨૦૦૨ પૃષ્ઠ નં. ૬

૪૫ 'જન્મભૂમિ' દૈનિક, તા. ૧૯ જૂન, ૧૯૯૪ (હીરક પર્વ વિશેષ પૂર્તિ)

૪૬ "Janmabhoomi' Survey book 1957 (100 opinions)

૪૭ 'જન્મભૂમિ' રજત જયંતિ અંક ,૧૯૫૯ પૃષ્ઠ નં.૩૫

૪૮ 'જન્મભૂમિ' દૈનિક, તા. ૯ જૂન, ૧૯૯૦



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૪૯ મારા જીકાકા,મારું રાણપુર, લેખક લાભુબેન મહેતા, પૃષ્ઠ નં ૧૫૦

૫૦ એજન,પૃષ્ઠ નં ૧૫૦

૫૧ એજન,પૃષ્ઠ નં ૧૫૩

૫૨ 'જન્મભૂમિ' દૈનિક, તા. ૮ જૂન, ૧૯૮૫, પૃષ્ઠ નં. ૪

૫૩ 'જન્મભૂમિ' દૈનિક, તા. ૧૨ ઓગષ્ટ, ૧૯૮૮ , પૃષ્ઠ નં. ૬

૫૪ વિરલ વ્યકિતત્વઃ હરિન્દ્ર દવે, સંપાદકઃ ગોપાલભાઈ પટેલ, પૃષ્ઠ નં. ૨

૫૫ એજન,પૃષ્ઠ નં ૧૪

૫૬ 'જન્મભૂમિ' અમૃત મહોત્સવ વિશેષાંક, પૃષ્ઠ નં ૧૬

૫૭ 'જન્મભૂમિ' ગ્રંથાલય નોંધપોથી વર્ષ ૧૯૪૮–૪૯, પૃષ્ઠ નં. ૨૦

૫૮ એજન, પૃષ્ઠ નં. ૨૫



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૬

# મુંબઈ સમાચાર અને જન્મભૂમિનું પ્રદાન અને લોકપ્રિયતા

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્રકરણ-૬

# 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'નું પ્રદાન અને લોકપ્રિયતા

### ૧. મુંબઈ સમાચારનું પ્રદાન અને લોકપ્રિયતા :

આગળનું 'મુંબઈ સમાચાર'નું સમગ્ર પ્રકરણ વાંચ્યા પછી ખ્યાલ આવે કે, પારસી પ્રજાએ ગુજરાતી ભાષા અને ગુજરાતીઓની કેવી અનન્ય સેવા બજાવી છે, મુંબઈની સ્થાપના અને વિકાસના પાયામાં ગુજરાતીઓ છે. મુંબઈનો સદીઓ જૂનો ઈતિહાસ તપાસતાં ખ્યાલ આવે કે આ વાત પાયા વિહોણી નથી.

શ્રી મૂલચંદ વર્માએ 'મુંબઈ તવારીખ'માં નોંધ્યું છે કે,"મુંબઈ એ સાત ટાપુઓ પર સ્થપાયેલું મહાનગર છે. મુંબઈ ઉપર ગુજરાતની રાજકીય સત્તા તેરમી સદીના અંતિમ દાયકામાં અલ્લાઉદ્દીન ખીલજીએ સ્થાપી હતી. ઈ.સ. ૧૫૩૪ સુધી મુંબઈ ઉપર ગુજરાતીઓની આણ રહી હતી. જયારે મોગલ બાદશાહ હુમાયુએ ઈ.સ.૧૫૩૪માં ગુજરાત ઉપર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતના યુવાન સુલતાને લશ્કરી મદદ માટે ગોવાના પોર્ટુગીઝ ગવર્નર જનરલ નુનો ડી કુન્હા સાથે હાથ મેળવ્યા હતા અને સંધિમાં વસઈ સહિત મુંબઈનો પ્રદેશ પોર્ટુગીઝને સોંપી દીધો હતો. વસઈનો અસલ કિલ્લો ગુજરાતના સુલ્તાન બહાદુર શાહે બંધાવ્યો હતો. જયારે વસઈ પોર્ટુગીઝના હાથમાં ગયું ત્યારે વસઈ પરિસરમાં ગુજરાતીઓની વસતી હતી જ"[૧].

સને ૧૬૬૫માં સ્થાનિક પોર્ટુગીઝ સત્તાવાળાઓએ મુંબઈ અંગ્રેજોને સુપ્રત કર્યું હતું. ઈ.સ ૧૬૬૯માં જિરાલ્ડ ઓન્જિયારને મુંબઈના ગર્વનર બનાવવામાં આવ્યા અને દીર્ઘદષ્ટિ ધરાવતા આ ગર્વનરે મુંબઈને કાનૂન અને વ્યવસ્થા તથા ટંકશાળ આપ્યા. તેમણે ફરી ગુજરાતીઓને મુંબઈ આવી નિર્જન સાત ટાપુઓ પર બંદર અને નગરો સ્થાપવા આમંત્રણ આપ્યું. આમ ગુજરાતીઓએ અર્વાચીન મહાનગર મુંબઈનો પાયો નાખ્યો. મુંબઈ વિકાસની એક એક બાબતમાં મૂળ ગુજરાતીઓએ પ્રદાન કર્યું છે. આ એજ ગુજરાતીઓ છે જેણે ગંધાતા માછીમારી ગામને મોહમયી માયાનગરી બનાવવામાં પોતાનું હીર બતાવ્યું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈના વિકાસમાં ભાટિયા કોમ અને કચ્છી કોમનું પણ વિશેષ યોગદાન રહ્યું છે. 'મુંબઈ સમાચાર'એ મુંબઈના એક એક પરિવર્તનનો અરીસો બન્યું છે. દરેક ક્ષેત્રના વિકાસ માટે તેણે પોતાના નિષ્પક્ષ મંતવ્યો રજૂ કર્યા છે. માત્ર મુંબઈ કે ગુજરાત જ નહીં, ભારત કે વિશ્વભરમાં જયાં જયાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં 'મુંબઈ સમાચાર' કેવું અને કેટલું અને કોણ વાંચે છે એ જાણકારી આશ્ચર્ય પ્રેરે એવી છે. એક અંગ્રેજ કવિએ ગાયું છે કે :' "A man may come and man may go but I go on for ever." કવિએ તો ઝરણાંને ઉદ્દેશીને લખ્યું છે પણ આ વાત તો મુંબઈ સમાચારને પણ લાગુ પડે છે."[२] આત્મા તથા હૃદયમાં ફેરફાર થયા વિના પ્રસંગોપાત કાયાકલ્પ થતો આવ્યો છે. એ જોતાં એના આયુષ્યનો અને એની લોકપ્રિયતાનો એની વિશ્વસનીયતાનો અને એની ઉપયોગીતાનો કયારેય અંત આવે તેમ નથી. લોકો અખબારને ત્યારે જ યાદ રાખે અને પ્રેમ આપે જયારે તેને તેમાં વિશ્વાસ બેસે. અખબારમાં સૌથી પ્રથમ ગુણ વિશ્વસનીયતાનો છે. મુંબઈ સમાચાર All the news that is fix to be printed જેવી નીતિ અપનાવવામાં આવી પરિણામે બીજા છાપામાં ગમે તે છપાય ત્યારે સમાચારના બુદ્ધિશાળી વાચકો પૂછતા,"આ સમાચાર મુંબઈ સમાચારમાં આવ્યા છે?"

દરેક ધર્મ,જાતિમાં 'મુંબઈ સમાચાર'ની લોકપ્રિયતાનું એક કારણ એ પણ છે કે, કોઈપણ એક વર્ગ,જાતિ કે સમૂહનું કોઈ રાજકીય પક્ષનું કે સ્થાપિત હિતોનું અખબાર કયારેય ન બન્યું. 'મુબંઈ સમાચાર'ની ત્રીજી વિશેષતા તેની વિવિધતા છે. આ વિવિધતા માટે તંત્રીશ્રી તથા સ્ટાફ ભારે મહેનત કરે છે. જેનો પુરાવો તેની થઈ રહેલી કાયા કલ્પ છે. કેટલાક અખબારો લેખકોના નામથી ઓળખાય છે. પણ મુંબઈ સમાચારના નામથી લેખકો ઓળખાય છે. 'મુંબઈ સમાચાર'ના મુદ્રણની બાબતમાં ભૂતપૂર્વ માલિક નૌશીર કામાએ ખૂબ સર્તકતા દાખવી હતી. તેણે મુદ્રણકળાને સંપૂર્ણતાના શિખરે પહોંચાડી છે.

૧૯૭૨ના વર્ષમાં જયારે મુંબઈ સમાચારે તેની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરી ત્યારે તે દિવસે લખેલા શુભેચ્છા પત્રોમાં ભારતના રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધાકૃષ્ણને જણાવ્યું હતું,"મને જાણીને આનંદ થાય છે કે 'મુંબઈ સમાચાર' પ્રિન્ટિંગ પ્રેસ ૧૫૦ વર્ષ પૂરાં કરે છે. તેના માટે તમે એક ખાસ અંક બહાર પાડી રહ્યા છો. (મુંબઈ સમાચારની દોઢસો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વર્ષની તવારીખ–સંપાદક રસિક ઝવેરી) આ પ્રેસે ગુજરાતી પત્રકારત્વની લાંબા સમયથી કિમતી સેવા બજાવી છે. તેને માટે ગૌરવ લેવાનો અધિકાર છે. મુદ્રણકળાએ તાજેતરમાં હરણફાળ ભરી છે અને મને આશા છે કે મુદ્રણકળાનો ઉદ્યોગ આપણા દેશમાં બીજા દેશોની થતી પ્રગતિ સાથે બરોબરી કરી શકશે.''[3]

મુંબઈ સમાચારનો પાયો નાખનાર પારસી પ્રજા સ્વભાવે મિલનસાર અને દિલેર હોય છે. રસ્તા ચાતરીને ચાલવાનું પસંદ ન કરી કેડી પાડી હોય તેને વળગી રહે. 'મુંબઈ સમાચાર' તેના આદ્ય તંત્રીઓએ પાડેલી કેડીઓ ઉપર આવશ્યક માર્ગ મોકળો કરીને ચાલતું રહ્યું છે. સસ્તી લોકપ્રિયતા, સનસનાટીથી ભરેલી ઘટનાઓ, રાજકીય ગપસપ, છીછરાં, લક્ષણો તેનામાં પેસી શકયાં નથી. એ આજે પણ તેની અનન્ય સિદ્ધિ છે. વાચકોના પત્રો માટે ખાસ્સી એવી જગ્યા ફાળવવાની તેની રીત પત્રકારત્વના ઉદ્દેશોના મેળમાં છે. પરંપરાગતતા પણ જો વિવેકપૂર્ણ હોય તો તેનો બોજો લાગતો નથી. એના ગુણપક્ષે આટલી વાત ઈતિહાસ પણ ભૂલી શકશે નહીં. 'મુંબઈ સમાચાર' એકપક્ષી કે આત્યંતિક ગમા અણગમામાં સરી ગયા વગરના અને વિશ્વસનીય સમાચારો તથા લેખો પ્રગટ કરીને સાડા અઢાર દાયકાથી મુંબઈના ગુજરાતી વાચકોના બહુ મોટા વર્ગનું માનીતું અખબાર બની રહ્યું છે.

સમાજકલ્યાણ અને વાચકોના માનસિક વિકાસમાં 'મુંબઈ સમાચાર'ના તંત્રીલેખોનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. 'મુંબઈ સમાચાર'ના અગ્રલેખો વાચકોને ઘણીવાર અવનવી માહિતી અને એકાધિક વિચાર સંભાવનાનું ભાથું પૂરું પાડે છે. વિરલ કિસ્સામાં વાચકો એની મન ભરીને પ્રશંસા કરતા પ્રતિભાવ પણ લખી જણાવે છે. એ એની વિત્તનું પ્રમાણ છે. ૧૮૨૨માં પહેલા અંકમાં ફરદુનજી મર્ઝબાને લખેલા પહેલા અંકથી માંડી અત્યાર સુધીના દરેક તંત્રીલેખનો ઉદ્દેશ લોકજાગૃતિ, અંધશ્રધ્ધા નાબૂદી અને સમાજ કલ્યાણનો રહ્યો છે. જે મુંબઈવાસીઓ માટે મોટું પ્રદાન છે.

'મુંબઈ સમાચાર'માં આવતો પ્રજામત વર્ષોથી તંત્રી લેખના પાના પર જ છપાય છે. આજ સુધી બનતી દરેક નાની મોટી ઘટનાઓ પર લોકોએ ખુલ્લા મનથી પોતાનાં મંતવ્યો મુંબઈ સમાચારને આપ્યાં છે અને છપાયાં પણ છે. જે જાગૃત નાગરિકોએ સમયે સમયે મુંબઈ


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમાચારની ભૂલો કાઢીને તેને વખોળ્યું છે. તેમના પત્રોને પણ કોઈપણ જાતના સંકોચ વગર મુંબઈ સમાચારે પ્રજામતમાં સ્થાન આપ્યું છે.

હાલના મુંબઈ સમાચારમાં પાના નં.૨માં વાચકની અદાલતમાં તાજેતરમાં બનેલી ઘટનાઓ કે વિવાદો પર સીધો વાચકોને પ્રશ્ન પૂછવામાં આવે છે. આ વાચક અદાલતમાં પોતાનું મંતવ્ય આપવા માટે ફોન, ફેકસ કે ઈમેઈલનો ઉપયોગ કરી શકાય છે. અહીં વ્યકિત પોતાનો ભિન્ન મત આપી શકે છે. લેખક વિજય મહેતાએ 'અભિષેક' મેગેઝીનમાં લખેલા એક લેખમાં વિશે નોંધ્યું છે કે,'''મુંબઈ સમાચાર' ઘણું જૂનું હોઈને તેમજ ગુજરાતીઓની રૂઢિગત પ્રણાલિકાઓને વળગી રહ્યું હોઈને તેનો ફેલાવો વધુ છે અને તેથી તેને જાહેર ખબરો વધુ મળે છે. શનિવારે મુંબઈ સમાચાર ખરીદનારો વર્ગ તે દિવસે આવતી જમીન અને મકાનની જાહેરાતો વાંચવા તેમજ લગ્ન સંબંધી ટચૂકડી જાહેરખબર વાંચવા જ ખરીદે છે. કચ્છીઓ,જૈનો,વોરાઓ,પારસીઓ અને મુસ્લિમો પણ 'મુંબઈ સમાચાર' ખરીદીને સંતોષ માને છે.તેમાં આવતા અહેવાલો કરતાં મરણનોંધને કેટલાક લોકો વધુ મહત્ત્વ આપે છે. આ એક કરૂણ સત્ય છે.''[૪]

લાંબુ આયુષ્ય ભોગવનાર વ્યકિતનું અનુભવનું ભાથું પણ ઘણું વજનદાર હોય છે તેમ મુંબઈ સમાચારે પણ લાંબી કારકિર્દી દરમિયાન લોકપ્રિયતામાં અને સરકયુલેશનમાં ઘણા ચઢ ાવ ઉતાર જોયા છે. છતાં હજી ગઈકાલ સુધી તેની એક છાપ પરંપરાપ્રિય માધ્યમ અને નીચલા મધ્યમવર્ગના અખબાર તરીકેની રહી છે. 'મુંબઈ સમાચાર' તો મરણનોંધનું છાપું છે તેમ કહેનારા લોકો પણ તેને ઘરમાં ઉપયોગિતા સમજીને ખરીદે જ છે. કેટલાક લોકો કહે છે કે અમે જાહેરખબરો જોવા માટે જ મુંબઈ સમાચાર ખરીદીએ છીએ. આમ, અખબારના અનિવાર્ય બની ગયેલા કેટલાક અંગો માટે તો લગભગ રોજ એક પાનું ફાળવવામાં આવે છે. 'મૃત્યુ નોંધ' આવું જ અંગ છે. વળી તે વિનામૂલ્યે છપાય છે. સામાન્ય નિયમ પ્રમાણે વડીલો જે રસ્તો કાઢે તેના પર જ પછીની પેઢી પગલાં માંડતી હોય છે. મુંબઈ સમાચારે પહેલેથી જ અવસાન નોંધ છાપવાના પૈસા લીધા નથી, આ હિસાબે તેના પછી બહાર પડતા અન્ય ગુજરાતી અખબારોએ પણ કયારેય અવસાન નોંધ માટે કોઈ ચાર્જ વસૂલ કર્યો નથી. મુંબઈ સમાચારની મૃત્યુનોંધની શ્રધ્ધેયતા એટલી છે કે ઘણા લોકો તો મુંબઈ સમાચારની મૃત્યુ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

નોંધમાં છપાય નહીં ત્યાં સુધી કોઈ માણસ ખરેખર મર્યો છે એમ માનવા પણ તૈયાર થતા નથી.

આજે ગુજરાતી ભાષામાં ઘણા લેખકો થઈ ગયા છે. જેની અઢળક કૃતિઓ હજારોની સંખ્યામાં છપાય છે. પ્રકાશકો પણ ગણ્યા ગણાય નહીં એટલા છે તેથી આપણને ૧૮૨૨ની સાલમાં આંગળીના વેઢે ગણાય તેટલા પુસ્તકો અને તેના એક માત્ર પ્રકાશકનું પ્રદાન કેવી રીતે સમજાય. તે સમયે નહોતી યુનિવર્સિટી કે નહોતી કોલેજો. ટ્રેન,બસ,મોટર કે ટ્રામ જેવા વાહનો પણ નહોતા. તાર,ટપાલ કે ટેલિફોનની સગવડનો તો વિચાર જ ન આવે. વીજળી નહોતી એટલે વીજળીથી ચાલાતા યંત્રો કયાંથી હોય? નિશાળોની સંખ્યા પણ ઓછી ૧૮૨૦માં 'દેશી' વિદ્યાર્થીઓ માટે માત્ર ચાર જ નિશાળ હતી. બોમ્બે એજયુકેશન સોસાયટીએ ૧૮૨૨ની સાલમાંજ 'એલ્ફિન્સ્ટન નેટિવ એજયુકેશન ઈન્સ્ટિટયુશન'ની સ્થાપના કરી. ૧૮૨૨ સુધીમાં ગુજરાતી ભાષામાં માંડ ૧૦ ગુજરાતી પુસ્તકો છપાયા હતા અને તેના લેખક પ્રકાશક હતા ફરદુનજી મર્ઝબાન. આજની જેમ ગુજરાતી ટાઈપ અને કાગળ ખૂબ જ સહેલાયથી પ્રાપ્ય નહોતા છતાં પણ ગુજરાતીમાં દૈનિકની માત્ર શરૂઆત જ નહીં, પરંતુ મોટા પાયે તેને પ્રજાની વચ્ચે મૂકવાનું ફરદુનજીએ સાહસ ખેડયું. અંગ્રેજોની વિરુધ્ધ આઝાદીનું બ્યુગલ વગાડતી વખતે 'મુંબઈ સમાચાર'ને બેશક અનેક પડકારોનો સમાનો કરવો પડયો હશે. ઉત્તર ભારતથી માંડીને દક્ષિણ ભારત સુધી ભારતીય ભાષાઓમાં પ્રગટ થતાં અનેક નાના મોટા અખબારોએ આઝાદીની લડાઈમાં જે ભૂમિકા ભજવી છે તેમાં 'મુંબઈ સમાચાર'ની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની હતી. જેની નોંધ આગળના પ્રકરણમાં કરવામાં આવી છે.

દરેક યુગમાં સમાજને નેતૃત્વ આપવા બદલ 'મુંબઈ સમાચાર' ચર્ચિત રહ્યું. પોતાના જન્મથી સો વર્ષ સુધી 'મુંબઈ સમાચાર' શુધ્ધ પણે સામાજિક ધાર્મિક અને અધ્યાત્મિક આંદોલનનું પ્રણેતા રહ્યું. ૧૯૨૨થી લઈને દેશની આઝાદી સુધી આ અખબાર સામાજિક પરિવર્તનના અગ્રણી દૂત હોવાની સાથોસાથ રાજકીય અને આર્થિક બાબતોમાં માર્ગદર્શકની ભૂમિકા ભજવતું રહ્યું. આઝાદીથી લઈને અત્યાર સુધી તે સમાજના જાગરુક પ્રહરીની સેવાઓ આપી રહ્યું છે. સમાજનો કોઈપણ પંથ હોય અથવા સંપ્રદાય 'મુંબઈ સમાચાર' માં તેમના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમાચાર અને વિચારોને હંમેશા સ્થાન અપાયું છે. આ અખબારથી એવા અનેક આંદોલનની શરૂઆત થઈ છે જેને કારણે પ્રજામાં જાગરુકતાની લહેર દોડી છે.

૧૮૫ વર્ષની પોતાની ઐતિહાસિક અને ભવ્ય સફર દરમિયાન 'મુંબઈ સમાચાર' અનેક ઐતિહાસિક પ્રસંગોમાંથી પસાર થયું છે. આ સમય દરમિયાન બે મહાન વિશ્વ યુધ્ધ ઉપરાંત અનેક યુધ્ધ લડાયા અને શહેનશાહ સંસ્થાઓ ઊભી થઈ અને તેનો અંત આવ્યો. નવા દેશોની રચના થઈ. 'મુંબઈ સમાચારે' આ સઘળાનો ઈતિહાસ નોંધ્યો છે. એની નજર સમક્ષ એક નવી ભૂગોળ રચાઈ છે. ગુલામી દરમિયાન ભારતની પ્રજાનાં અધિકારો અને આઝાદી માટે 'મુંબઈ સમાચારે' આપેલો ફાળો નોંધપાત્ર હતો. તે સમયે અનેક અખબારો પ્રગટ થતાં અને સરકારી હુકમથી બંધ થતાં અથવા નાદારી નોંધાવી અદશ્ય થતાં આવી બધી મુસીબતો દરમિયાન 'મુંબઈ સમાચાર' અડીખમ ઊભું રહ્યું છે.

'મુંબઈ સમાચાર'ના ભૂતપૂર્વ તંત્રીશ્રી જેહાન દારૂવાલાએ ૧૭૫ વર્ષે બહાર પાડેલી વિશેષ પૂર્તિમાં પોતાના અનુભવો અને મુંબઈ સમાચારના કાર્યકાળ તથા પ્રદાનની ચર્ચા કરી છે. તેમાં જણાવ્યાં પ્રમાણે, '' 'મુંબઈ સમાચાર'ની એક વિશિષ્ટતા સેવા એ છે કે જયારે જયારે કુદરતી કે માનવસર્જિત આફતો દેશના કોઈ ભાગ ઉપર આવી પડે છે ત્યારે રાહતફંડ ખોલી તેમાં જમા થયેલી રકમ કાયમી રાહત માટેના કામો માટે વાપરવામાં આવે છે. આની શરૂઆત બિહારમાં થયેલા ભયંકર ધરતીકંપથી કરવામાં આવી. ત્યારપછી સૂરતની રેલ,મચ્છુનો બંધ તૂટી ગયો તે કે મહારાષ્ટ્રમાં થયેલો ભૂકંપ એ સઘળા માટે મોટી રકમો ભેગી કરવામાં આવી હતી. નોંધપાત્ર બિના એ છે કે અમારા વાચકો તરફથી આવા ફંડ શરૂ કરવા માટે આગ્રહ રાખવામાં આવે છે અને ટૂંક સમયમાં આ રકમ કરોડોમાં ભેગી થાય છે. ''[૫]

આ રકમ રામકૃષ્ણ મીશનને સોંપવામાં આવે છે કે જે તેનો ઉપયોગ મકાનો બાંધવામાં અને વ્યવસાયી સાધનો પૂરા પાડવામાં આવે છે. 'મુંબઈ સમાચાર' તરફથી બાંધવામાં આવેલી વસાહતો મોરબી તેમજ લાતુરમાં મોજૂદ છે. દુષ્કાળ,ભૂકંપ,રેલસંકટ જેવી કુદરતી આફતો સમયે સંકટમાં સપડાયેલા તે પ્રાંતના ભાંડુઓને સહાય કરવા માટે સમગ્ર ભારતના ઉદ્યોગપતિઓ, ધનપતિઓ,સરકાર અને જનતાએ ખભેખભા મિલાવીને ઉદાર મને સ્વેચ્છાએ પોતપોતાનો ફાળો નોંધાવ્યો છે. ઈ.સ. ૧૯૬૨માં ચીના આક્રમણ વખતે અને પાકિસ્તાન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સાથેનાં યુધ્ધો દરમિયાન પ્રજાનો દરેક વર્ગ તન મન અને ધનથી સાબદો રહ્યો છે. આવા સમયે 'મુંબઈ સમાચાર' તરફથી પહેલાં પોતાનો ગણનાપાત્ર ફાળો જાહેર કરીને પછી એમાં સાથ આપવા માટે જનતા સમક્ષ ઝોળી ધરીને અસરકારક શૈલીમાં ટહેલ નાખી છે અને મુંબઈ તથા બહારગામના વાચક સમુદાયે ઉદાર હાથે અને મોકળે મને એ ઝોળીને છલકાવી દીધી છે.

રસિક ઝવેરીની નોંધ પ્રમાણે "(૧) કચ્છ સંકટ નિવારણ ફંડઃ ઈ.સ. ૧૯૫૯માં નોંધાયેલી રકમ : રૂા.૨,૩૮,૭૨૯ (૨) સુરત રેલ સંકટ ફંડઃ ઈ.સ. ૧૯૫૯માં નોંધાયેલી રકમ રૂા. ૫,૪૩,૦૨૩ (૩) ચીની આક્રમણ વખતે નેશનલ ડિફેન્સ ફંડ માટે ઈ.સ. ૧૯૬૨માં નોંધાયેલી રકમ રૂા.૧૬,૭૭,૭૨૭ (૪) કોયના ધરતીકંપ વખતે 'સમાચાર'ની કિંમતમાં રોજના ૪ પૈસા અને સાપ્તાહિકની કિંમતમાં ૫ પૈસાનો વધારો કરીને ઈ.સ. ૧૯૬૮માં એકઠો થયેલો ફાળો : રૂા.૧,૦૧,૩૮૨ (૫) ગુજરાત રેલ રાહત ફંડ માટે પણ ઉપર પ્રમાણે જ કિંમતમાં વધારો કરીને એકઠો થયેલો ફાળો રૂા. ૧,૯૧,૯૯૨ નોંધાયેલો ફાળો રૂા. ૨૦,૧૯,૯૪૭ કુલ રકમ રૂા. ૨૨,૧૧,૯૩૯.મુંબઈ સમાચાર મારફત એકઠી થયેલી રકમનો એક એક પૈસો પૂરતી ખબરદારીથી,યોગ્ય રીતે,યોગ્ય ઠેકાણે પહોંચાડવામાં અને વાપરવામાં આવશે એવો જે અનન્ય ભરોસો જનતાના હૃદયમાં છવાઈ રહ્યો છે, એનો આ બોલતાં આંકડા નક્કર પુરાવો છે."[૬]

આ ઉપરાંત જયારે મોંઘી શસ્ત્રક્રિયા માટે મુંબઈ સમાચાર તરફથી કહેવામાં આવે છે ત્યારે ટૂંક સમયમાં પૂરતી રકમ મળી રહે છે. આની પાછળ પણ કેટલાંક નોંધપાત્ર દષ્ટાંતો છે. જેમાં મુંબઈ સમાચારે જ્ઞાતિ,જાતિ,ઉંમર,લાયકાત જેવા વાડાઓને બાજુ પર રાખીને લોકો સમક્ષ મદદની અપીલ કરી છે. જયારે 'મુંબઈ સમાચાર' તરફથી યોગ્ય અપીલ કરવામાં આવે છે ત્યારે દાતાઓ પોતાના સિધ્ધાંતો અને નિયમોને બાજુએ મૂકી માનવતાનો સાદ સાંભળી ઉદાર અને ખુલ્લા દિલે મદદ કરે છે. જયારે જયારે જયાં પણ અન્યાય થતો દેખાય છે ત્યારે 'મુંબઈ સમાચારે' તેનો અવાજ બુલંદ કર્યો છે. અને પ્રભુ પણ સાચા માર્ગે ચાલનારાઓની મદદ કરે છે. સમાજ ગમે તેટલો સડેલો હોય તે છતાં સારા નસીબે એવી હસ્તીઓ આજે પણ છે જે માનવતાના કામો કરે છે અને તેમનાં કારણે જ માનવતામાં અને દેશના ઉધ્ધારમાં આપણો વિશ્વાસ ટકી રહે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મુંબઈ સમાચારનો વિશાળ વાચક સમુદાય, વાચકોનો પ્રેમ એ 'સમાચાર' ની મૂડીછે, ઈજ્જત છે, શાન છે, બિરાદારી છે અને રોશની છે. શ્રી રસિક ઝવેરી લખે છે કે, " 'સમાચાર' એ કોઈ વર્ગનું, કોઈ ધર્મનું કે કોઈ સંપ્રદાયનું મર્યાદિત છાપું નથી, અને એટલે જ એ બહોળા અર્થમાં બધી કોમનું, બધા ધર્મોનું, બધા વર્ગોનું અને બધાં સંપ્રદાયોનું સહિયારું લોકપ્રિય અખબાર બની શક્યું છે અને બની રહ્યું છે. તટસ્થતા એ એનો ગુરુમંત્ર અને મુદ્રાલેખ બની ગયો છે. આ ઉપરાંત કુટુંબના સૌની રુચિ સંતોષાય એવા નિયમિત વિભાગો એમાં આવતા રહે છે. દેશ પરદેશમાં જ્યાં જ્યાં ગુજરાતી વસતા હોય ત્યાં 'સમાચાર' અવશ્ય જતું હોય છે. "[૭]

મુંબઈ સમાચારની પોણા બે સદીની આ લાંબી સફર દરમિયાન ઘણા વર્તમાન પત્રો આવ્યાં અને ગયાં પણ 'મુંબઈ સમાચાર' એક પહાડની જેમ અડીખમ ઊભું રહ્યું છે. વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યું છે. તે તેની તટસ્થ નીતિને કારણે લોકોમાં વધુ પ્રિય છે. તેમાં જુદી જુદી કોમો માટે જુદી જુદી કોલમો આવે છે.

સાધુ હરિપ્રસાદે ૧૭૫ વર્ષે પ્રજામત કોલમમાં પોતાનું મંતવ્ય આપતા જણાવ્યું હતું કે," 'મુંબઈ સમાચાર' સંસ્કારિતાનું, સર્વદેશીયતાનું, સાચી સમજણ અને વિવેકનું દર્શન કરાવી સમાજની અનુપમ સેવા કરી રહ્યું છે તે બદલ ધન્યવાદ. વળી તંત્રીલેખ સૌથીયે જુદા પ્રકારની ખાનદાની દર્શન કરાવે છે. યોગ્ય માર્ગદર્શન આપે છે. તે ખૂબ પ્રશંસનીય છે આવી અદ્‌ભુત સેવા પ્રભુ કરાવતા રહે તેજ પ્રાર્થના."[૮]

મહાન ગાંધીવાદી સ્વ. મોરારજી દેસાઈ જે તે સમયે ભારતના નાણા મંત્રી હતા. મુંબઈ સમાચારના ૧૫૦ વર્ષની જન્મજયંતી નિમિત્તે તેણે અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે," 'મુંબઈ સમાચાર' પ્રિન્ટિગ પ્રેસની કામગીરીને ૧૫૦ વર્ષ પૂરા થાય છે. એ વર્તમાનપત્રની દુનિયામાં એક મહત્ત્વનો પ્રસંગ કહી શકાય. આ સંસ્થાએ ખાસ કરીને ગુજરાતી બોલનારી પ્રજાની અમૂલ્ય સેવા કરી છે. એની પ્રમાણિક નીતિ–રીતિની વર્ષોથી મારા ઉપર ઊંડી છાપ પડી છે. આજે પણ 'મુંબઈ સમાચાર'ના વાચકોને પ્રમાણિક રીતે સમાચાર અને પ્રામાણિક વિચાર કે દષ્ટિબિંદુનો લાભ મળી રહ્યો છે. કાર્યપધ્ધતિની આ સ્થિરતા માટે હું સંસ્થાના સંચાલકો અને કાર્યવાહકોને ધન્યવાદ આપું છું. અને એના કાર્યને



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

શુભેચ્છા મોકલું છું."[૯] આમ મોરારજીભાઈએ પોતાની લાક્ષણિક ઢબે 'મુંબઈ સમાચાર' નાં કાર્યક્ષેત્રની અને સેવાઓની કદર કરી હતી.

૧૯૯૭માં મહારાષ્ટ્ર રાજયના નાયક મુખ્ય પ્રધાન ગોપીનાથ મુંડેએ શુભેચ્છા આપતા વિશેષ પૂર્તિમાં જણાવ્યું હતું કે,"૧લી જુલાઈએ 'મુંબઈ સમાચાર' ૧૭૫ વર્ષ પૂરાં કરી ૧૭૬માં વર્ષમાં પ્રવેશે તે આનંદ દાયક સમાચાર છે. આ એક ઐતિહાસિક સફળતા છે. આ સફળતાનું કારણ મુંબઈ સમાચારે જે ડર્યા વગર સાચી વાત સારી રીતે સામાન્ય જનતા સુધી પહોંચાડી તે છે આ ઐતિહાસિક પ્રસંગે 'મુંબઈ સમાચાર'ના વહીવટી તંત્રને, સ્ટાફને પણ ખૂબ અભિનંદન."[૧૦] એ સમયના મહારાષ્ટ્ર રાજયના મુખ્ય પ્રધાન મનોહર જોષીએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે,"સમગ્ર ભારત માટે અને ખાસ કરીને મહારાષ્ટ્ર અને તેમાંય મુંબઈ માટે ગર્વની, આનંદની વાત છે કે મુંબઈ સમાચારે ૧૭૫ વર્ષ પૂરાં કર્યા છે. કોઈપણ અખબાર માટે ૧૭૫ વર્ષ એ એક લાંબો ગાળો છે. અનેક આંતર રાષ્ટ્રીય, રાષ્ટ્રીય,સામાજિક,રાજકીય,આર્થિક ઘટનાઓનું સાક્ષી રહેલું આ અખબાર હજુ વધુ પ્રગતિ કરે તેવી જ શુભેચ્છા. વાચકોએ જ તો મુંબઈ સમાચારને ૧૭૫ વર્ષ સુધી લોકપ્રિય રાખ્યું. કારણ વાચકોને પ્રિય એવા અહેવાલ મુંબઈ સમાચાર આપતું રહ્યું. મુંબઈ સમાચારના વહીવટી તંત્રને,સ્ટાફને ફરી ફરી અભિનંદન અને હાર્દિક શુભેચ્છા."[૧૧]

એ સમયના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાએ તેમનો શુભેચ્છા સંદેશ પાઠવતા જણાવ્યું હતું કે,"બે સદીમાં કંઈક વર્તમાનપત્રો,સામયિકો અને હવે તો ટી.વી. ચેનલ સુધ્ધાં શરૂ થયાં અને બંધ થઈ ગયા. છાપા જ શું કામ ? કંઈક સલ્તનતો,સામ્રાજય શાસનો,હાકેમો બે સદીમાં આવ્યા અને ગયા પરંતુ તમારું પત્ર હજું તાજું રહ્યું છે. એ તવારીખી ઘટના છે. પૂજય ગાંધીજી લખી ગયા છે કે પત્રકારત્વ જેવા ક્ષેત્રમાં અંગત સ્વાર્થ કે કમાણી ન હોઈ શકે. તમે અંગત સ્વાર્થ માટે પત્રનો ઉપયોગ કરતા નથી એ પત્રકારત્વનો ઉદાહરણરૂપ નમૂનો છે અને તેમાંથી જ માધ્યમની વિશ્વસનીયતા નીપજતી હોય છે.

સ્વજનના અવસાનથી કુટુંબ દુઃખી હોય ત્યારે મરણ સમાચારમાંથી કમાણી કરવાનું તમને સૂઝયું નથી કે કરવા માગતા નથી એ આજના જમાનામાં ભલે કોઈને ન સમાજાય, પરંતુ તે બદલ તમે અનેક અભિનંદનને પાત્ર છો... 'મુંબઈ સમાચાર' ને કોઈ રૂઢિવાદી ગણતું



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હોય તો મને કહેવા દો કે રૂઢિઓ સદીઓના પરિપાક રૂપે જન્મેલી સામૂહિક શાણપણની નીપજો છે. આપનું અખબાર આજના માધ્યમોના અતિક્રમણમાં આશાનો દીવો છે. આપ સૌને ઉત્તરોત્તર સફળતા મળતી રહે એવી અભ્યર્થના સાથે..."[૧૨]

શ્રી શંકરસિંહ વાઘેલાનો સંદેશો ઘણો લાંબો છે. અહીં તેના મુખ્ય અંશો જ લેવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય ઘણાં મહાનુભાવોની શુભેચ્છા મુંબઈ સમાચારને મળી હતી, જેમાં મહારાષ્ટ્ર રાજયના આવાસ અને ઝુંપડપટ્ટી પુનઃર્વસનના રાજયકક્ષાના પ્રધાન રાજ પુરોહિત, ભાજપ વિધાન સભાના સભ્ય હેમેન્દ્ર મહેતા, ભાજપનાં સાંસદ સભ્ય રામનાઈક, મુંબઈ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ મુરલી દેવરા, જાહેર આરોગ્ય સમિતિ અને મુંબઈ સુધરાઈના અધ્યક્ષ ડૉ. રામ બારોટ, મુંબઈ સુધરાઈ– ભાજપ જૂથના વડા ગોપાલ શેટ્ટી, ભાજપ વિધાન સભ્ય મોહન રાયચુરા, સ્થાયી સમિતિના અધ્યક્ષ સરદાર તારાસિંહ, સંસદ સભ્ય ડૉ.ઊર્મિલાબહેન પટેલ, મેયર મુંબઈ સુધરાઈ શ્રીમતી વિશાખા રાઉત, મહિલા મોરચા ભાજપના અધ્યક્ષ શ્રીમતી નીલા રાઠોડ–સોની, સંસદ સભ્ય માધવસિંહ સોલંકી, ગુજરાત રાજયના નાણા પ્રધાન બાબુભાઈ મેઘજી શાહ, ગુજરાત રાજયના ઉદ્યોગ અને પ્રવાસ પ્રધાન દિલીપ પરીખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રબોધ રાવળ, મુંબઈ શાખાના સહાયક જનરલ મેનેજર કે.એન. શેણોય, અભિનેત્રી કોયલ મહુવાકર,સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના અનુજ પટેલ, વડોદરા જિલ્લા વિકાસ અધિકારી કમલ દયાની, વડોદરાના જિલ્લા પંચાયત પ્રમુખ કે.ડી. પટેલ, ગુજરાત પુસ્તકાલય મંડળના પ્રમુખ અંબુભાઈ ડી. પટેલ, વડોદરાના માજી મેયર ડૉ. જતિન મોદી, વડોદરાના કલેકટર રાજીવકુમાર ગુપ્તા, વડોદરાના મ્યુનિસિપલ કમિશ્નર વિલાસીની રામચંદ્રન, રણજીતસિંહ ગાયકવાડ વગેરે મહાનુભાવોનો સમાવેશ થાય છે.

મુંબઈ સમાચાર વિષે આટલું જાણ્યા પછી એ સ્પષ્ટ પણે કહી શકાય કે આ અખબાર સંસ્કારશીલ બુધ્ધિજીવીઓનું અખબાર છે. એક જ પરિવારમાં પાંચ સાત પેઢીઓથી આ અખબાર તેમનું અંગ બની ચૂકયું છે. ઘરના બધાજ સભ્યો વાંચી શકે એવું આ અખબાર છે સમૃધ્ધ ઘરના વૈભવશાળી દીવાનખાનાને તો આ અખબાર સમૃધ્ધિ બક્ષે છે. પરંતુ મુંબઈ કે મુંબઈનાં પરાંની કોઈ અંધારી ચાલમાં આવેલી દસ બાય દસની ઓરડીમાં પણ જ્ઞાનનો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રકાશ ફેલાવે છે. જયાં કુબેર પણ કંગાળ લાગે એવું સમૃધ્ધ અખબાર છે આ મુંબઈ સમાચાર...

## ૨. 'જન્મભૂમિ'નું પ્રદાન અને લોકપ્રિયતા :

તા. ૯ મે, ૧૯૮૯ના રોજ જન્મભૂમિ પત્રોના ઓચ્છવના આરંભ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ સંધ્યામાં મુખ્ય મહેમાન પૂ. મોરારીબાપુએ જન્મભૂમિના નવા પ્રતીકને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેઓએ કહ્યું હતું કે, ''લોકશાહીનો સ્તંભ એવું મૂલ્ય ધરાવે છે કે માણસ દઢતાની સાથે પોતાના ધર્મગ્રંથોને બદલે પહેલાં અખબાર વાંચે છે. વર્તમાન પત્રોએ મંથરાની જેમ નહિ પરંતુ હનુમાનજીની જેમ સંદેશો આપવાનો છે.''[૧૩]

જન્મભૂમિએ જન્મથી જ પત્રકારત્વમાં હનુમાનજીની જેમ કાર્ય કર્યું છે. તા. ૧૨ નવેમ્બર, ૧૯૮૮ના રોજના અખબારમાં એક શીર્ષક છે, ''જન્મભૂમિ ૫૦ વર્ષ પહેલાં'' તે સમાચારમાં જણાવાયું હતું કે ''૧૨–૧૧–૧૯૩૮ શનિવાર ગઈકાલનો દિવસ અખબારો સામે રાજયે મૂકેલી બંધી તોડવાના દિવસ તરીકે પાળવામાં આવ્યો હતો. મનાઈ કરેલા પત્રોની હજારો નકલ રાજકોટ શહેરમાં એક સામટી ઉતારવામાં આવી હતી અને ઘેર ઘેર દુકાને દુકાને છડે ચોક તેનું વેચાણ કરવામાં આવ્યું હતું. પત્રોની નકલ ઓછી પડતા પત્રોના પાના છૂટા પાડીને તેનું વેચાણ કરવામાં આવ્યું હતું. તેના પાનાં દીવાલો પર ચોડવામાં આવ્યા હતા. જન્મભૂમિ ઝિંદાબાદના નારા આખો દિવસ ગૂંજતા રહ્યા હતા. સ્વયંસેવકો જન્મભૂમિના જયનાદથી વાતાવરણ ગજાવતા હતા. 'જન્મભૂમિ'ની સાથે 'ફૂલછાબ' તથા 'સંદેશ'નું પણ વેચાણ કરવામાં આવ્યું હતું.''[૧૪] ઉપરોકત અખબાર વાંચીને ખ્યાલ આવે કે એ સમયગાળામાં જન્મભૂમિનો દબદબો કેવો રહ્યો હશે! કેવી અપૂર્વ લોકચાહના મળી હશે!

તા. ૧૦ જૂન, ૧૯૯૪ના રોજ ફૂલછાબના તંત્રી શ્રી હસમુખ સંઘાણીએ લખેલા લેખનું શીર્ષક હતું,''સેન્સરશીપ સામેની લડાઈ'' તેમાં લખ્યું હતું કે,''સેન્શરશીપના કાળા કાયદા સામે લડવાનું જન્મભૂમિના પત્રોએ નકકી કર્યું. જયારે દેશના બધાં વર્તમાન પત્રો આ કાયદાથી ડઘાઈ ગયા હતા. શ્રી સોલી સોરાબજી, સ્વ. નરેન્દ્રભાઈ નથવાણી અને સ્વ. શાન્તિભાઈ શાહે મુંબઈમાં સાથે મળીને 'રિટ' અરજી તૈયાર કરી. એમાં સેન્સરશીપના કાયદાનો નહી, પણ તેના ભેદભાવભર્યા અમલને પડકારવામાં આવ્યો. રિટ અરજી અને તેની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સુનવણીના સમાચાર ઉપર સેન્શરશીપની કાતર ન ફરે તે માટે હાઈકોર્ટની મંજૂરી લેવામાં આવી . તા. ૨૧–૧૧–'૭૫ના રોજ રિટ અરજી દાખલ થઈ પછી લાંબી લડાઈ શરૂ થઈ અને સરકારની પીછેહઠ થઈ. સૌરાષ્ટ્ર ટ્રસ્ટની સેન્સરશીપ સામેની કાનૂની લડાઈમાં નૈતિક વિજય હતો.એ કાનૂની લડાઈએ જન્મભૂમિના પત્રોની પ્રતિષ્ઠામાં વધારો કર્યો."[૧૫] આજે પણ જૂના પત્રકારો આ કાનૂની લડાઈને બિરદાવે છે.

આગળના વર્ષોના સમાચારોના થોડા અંશો જોતાં ખ્યાલ આવે કે "લોકો જન્મભૂમિને કેટલું માન અને પ્રેમ આપતા હતા." ઈ.સ. ૧૯૪૦માં જયારે અમૃતલાલ શેઠ વહાણવટાના ક્ષેત્રમાં પડયા અને એ અંગે ચીન અને જાપાનને માર્ગે ઉપડી ગયા, ત્યારે જન્મભૂમિનું તંત્રીપદ શામળદાસ લક્ષ્મીદાસ ગાંધીએ સંભાળ્યું. તંત્રી તરીકે એમણે ખૂબ બાહોશી બતાવી. ૭ વર્ષએ તંત્રી રહ્યાં તે દરમિયાન 'જન્મભૂમિ' પત્રને સારું લોકપ્રિય બનાવ્યું. લોકપ્રિયતાનું મુખ્ય કારણ 'જન્મભૂમિ'ના અગ્ર લેખો હતા. જોશીલી શૈલીમાં નાના મોટા હરફે એકેક વાકયના ફકરા અને નીચે લીટી સાથે પ્રગટ થતા એ લેખો, જે પ્રજાની નજરે એ લેબાસમાં પહેલી જ વાર પડયા તે વાંચવા ગમતા. વિચારબળ અને ચર્ચાની સંગીનતા કરતાં શબ્દોની રમઝટ તેમાં વિશેષ દેખાતી અને એથી એ પધ્ધતિ પત્રકારત્વને બળ આપનારી, તેનું વર્ચસ્વ વધારનારી, પ્રજા પર વધારે સ્થાયી અસર કરનારી નીવડી."[૧૬]

મુંબઈમાં વસતો ગુજરાતી રાજકારણમાં રસ લે છે. પરંતુ તેનો રસ મોસમી હોય છે. રાજકીય ઉથલપાથલ થાય ત્યારે જ આ ગુજરાતી જન્મભૂમિ કે જન્મભૂમિ પ્રવાસી પૈસા ખર્ચીને ખરીદે છે. રાજકીય ઉથલ પાથલો વખતે મુંબઈ સમાચારનો ફેલાવો વધે તેના કરતાં જન્મભૂમિ જૂથના અખબારોનો ફેલાવો વધુ વધે છે. કારણકે રાજકીય લેખોની તિખાશ અને પ્રજાના મતનું પ્રતિબિંબ જન્મભૂમિ જૂથમાં વધુ જોવા મળે છે. ગુજરાતી દૈનિકોમાં સાહિત્યને પણ સંસ્કાર અને સમાચારનું વિશિષ્ટ અંગ ગણીને મહત્ત્વનું સ્થાન આપનાર પ્રથમ અખબાર જન્મભૂમિ છે. મોટા ભાગના સાંજના અખબારોમાં સમાચારથી વિશેષ કંઈ આપવાનો રિવાજ નથી. આથી લોકોને પણ કયારેય એવો વિચાર ન આવ્યો કે સાંજનું દૈનિક પણ સવારના દૈનિકની જેમ વૈવિધ્યસભર બની શકે છે. પરંતુ જન્મભૂમિએ લોકોને સાંધ્ય અખબારનું આ વિશિષ્ટ રૂપ પણ બતાવ્યું.


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ડૉ. ચંદ્રકાન્ત મહેતા જણાવે છે કે,''પત્રકારત્વ રાષ્ટ્રીય ચેતનાનું સંવાહક છે. પરતંત્રતાની બેડીઓ તોડવામાં આઝાદી બાદ પ્રજાજીવનના હિત,હકક અને ગૌરવના સંતરી બનવામાં પત્રકારત્વનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે. એટલે જ પત્રકારત્વને 'કાયમી સંસદ' કહેવામાં આવે છે. સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં પત્રકારોએ જાતની પરવા કર્યા સિવાય પોતાના કર્તવ્યનું સમુજજવળ રીતે પરિપાલન કર્તાના હજારો ઉદાહરણો વિશ્વ પત્રકારત્વનાં પાનાઓ પર નોંધાયા છે.''[૧૭]

આઝાદી આવ્યા પછી માત્ર સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ધ્યેય સાથે બહાર પડતા અખબારો અને સામયિકો ધીમે ધીમે બંધ પડવા માંડયા. જે ચાલુ રહ્યા તેનું કલેવર બદલાતું ગયું અને લોકોની વાચનભૂખ સંતોષવા ઘણા અખબારો અને સામયિકો શરૂ થયાં. જન્મભૂમિ જૂથના પત્રો આઝાદી પહેલાં દેશી રજવાડા હતા ત્યારે દેશી રાજયોની પ્રજાની આઝાદી માટેની લડતને પ્રેરવા પોષવા જ નહી, પણ તેનું સંચાલન કરવામાં તેમજ આઝાદી બાદ પ્રજાની આશા અપેક્ષા અને આકાંક્ષાને સરકાર સમક્ષ હિંમતપૂર્વક રજૂ કરવામાં વિશિષ્ટ ફાળો આપ્યો છે.

અછત રાહતના પ્રશ્ને શ્રી ચીમનભાઈ પટેલની સરકાર વખતે શરૂ થયેલા મોંઘવારી,ભ્રષ્ટાચાર વિરોધી નવનિર્માણ આંદોલન સમયે અને છેલ્લે બિહારના આંદોલન બાબતે 'જન્મભૂમિ' પત્રોમાં છપાયેલા અહેવાલો અને લેખો ઘણોજ મહત્ત્વનો જ નહીં પણ પરિણામદાયી ભાગ ભજવ્યો હતો તેમ દાવા સાથે કહી શકાય.

ઑગષ્ટ, ૧૯૪૫માં 'જન્મભૂમિ'ને જાહેરખબર આપનારા એજન્ટોની મંડળીને તાજમહેલ હૉટલમાં ખાણું આપવામાં આવ્યું તે પ્રસંગે અમૃતલાલ શેઠે પોતાના અખબાર સંબંધી માહિતી આપી તેની સમૃધ્ધિનો ખ્યાલ આપ્યો. ''એ સમયે જન્મભૂમિ દેશ પરદેશની અગિયાર સમાચાર સંસ્થાઓ પાસેથી સમાચાર ખરીદતું. તે ઉપરાંત તેમાં ૧૩૭ ખબરપત્રીઓ રોકવામાં આવ્યા હતા. આમ એ સમયે સમાચાર મેળવવા પાછળ માસિક રૂપિયા સાડા સોળ હજારનો ખર્ચ થતો. જન્મભૂમિ માટે ૯ સહાયક તંત્રીઓ, ૨૯ ઉપતંત્રીઓ અને ૫ કલાકારો રોકવા ઉપરાંત ખાસ વિષયો લખવા અભ્યાસી વિદ્વાનો રોકવામાં આવ્યા હતા. એ પાછળ આશરે માસિક ૪૭ હજારનો ખર્ચ થતો.દરેક કાર્યકરને દર વર્ષે એક માસ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

હકની અને બાર દિવસ કેઝયુઅલ રજા મળતી. તેના બાળકના શિક્ષણ માટે સ્કૂલ કે કૉલેજની ફી અને પાઠયપુસ્તકોનો ખર્ચ સંસ્થા આપતી. કર્મચારીના વીમાના પ્રિમિયમના પચીસ ટકા સંસ્થા તરફથી ભેટ આપવામાં આવે છે. બૉનસ પણ ઉદારતાથી અપાતું. તેના કાર્યકરોને ૧૯૪૪–૪૫ના એક જ વર્ષ દરમિયાન રૂા. ૯૨,૩૪૯ બૉનસ તરીકે વહેંચવામાં આવ્યું હતું." [૧૮] આ માહિતી તા. ૪.૮.૧૯૪૫ના જન્મભૂમિમાં આપવામાં આવી હતી. જેની નોંધ ડૉ. માર્શલે તેના પુસ્તકમાં કરી છે.

આજે ઘણી રીતે જન્મભૂમિ પ્રજાનું અગ્રણી દૈનિક છે. ગુજરાતી પત્રકારત્વને ક્ષેત્રે કવિનું ઊર્મિતંત્ર,ક્રાંતિકારની સરફરોશી,માનવાચિત સ્વભાવગત અને પ્રતિભાવંત દષ્ટિ ધરાવતાં બીજા અમૃતલાલ શેઠ આજે તો કયાંય દેખાતા નથી. પણ આવનારી પેઢીના નવા પત્રકારો તેમાંથી બોધ લે તો તેની આવનારી પેઢી પણ તેને માનપૂર્વક યાદ કરી શકે. અમૃતલાલ શેઠે ૯મી જૂન ૧૯૩૪ના રોજ જન્મભૂમિમાં લખેલા તંત્રી લેખમાં લખ્યું હતું કે–"'જન્મભૂમિ' એ દુઃખીઓના આંસુનું પાત્ર બનશે. જાલિમોના જુલમોનું એ ચિત્રપટ બનશે. આજે એનો પોશાક ભલે નવો છે, પણ કલેવર તો એનું એ જ, જૂનું,ખખડધજ,સો લડાઈઓ લડેલા અને એકસો એકમી લડાઈને માટે તૈયાર એવો જોશ ધરાવનારું છે."[૧૯] જન્મભૂમિના ૭૫ વર્ષે પણ આ કથન સાચું લાગે છે. તેનું કારણ તેની નીતિ,નિષ્ઠા અને સમર્પણ ભાવના છે.

કુદરતી કે માનવસર્જિત આફતો સમયે લોકોને મદદરૂપ થવા જન્મભૂમિ હંમેશા અગ્રેસર રહ્યું છે. તા. ૨૯ જૂન, ૧૯૯૮ના રોજ હસમુખ ગાંધીએ લખેલા લેખનું શીર્ષક હતું. "પ્રતિષ્ઠિત દૈનિકના રાહત ભંડોળમાં સવા કરોડનો આંક વટાવી દો." આ છે જન્મભૂમિની ઉજજવળ પરંપરા તેમાં લખ્યા પ્રમાણે "કચ્છ વાવાઝોડાની આપત્તિને સંદર્ભે જન્મભૂમિ જૂથના પત્રોએ રાબેતા મુજબ ખૂબ ઉત્સાહપૂર્વક અને ધગશથી ફંડ ઊભું કર્યું છે. માત્ર ગુજરાતની કે સૌરાષ્ટ્રની આફત વખતે જ નહીં પણ દેશમાં કયાંય પણ ભૂકંપ,રેલ,દુકાળ કે અન્ય કુદરતી આફત આવી પડે ત્યારે સૌરાષ્ટ્ર ટ્રસ્ટના સૂત્રધારો સૌ પહેલાં દોડી જાય છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટની પરંપરા એવી છે કે તેનાં કોઈ દૈનિક નફો કરવાના ઉદ્દેશથી નથી ચાલતાં."[૨૦]

નાગરિકોએ હોંશથી આપેલા દાનની રકમ એળે ન જાય તે માટે જન્મભૂમિ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓએ રાહતકાર્યો હાથ ધરવા જોઈએ. જન્મભૂમિ જૂથ નસીબદાર છે કે તેને કાનજીભાઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

દેસાઈથી માંડીને ચીમનલાલ ચકુભાઈ અને શાંતિલાલ શાહ જેવા ઉત્તમ સંસ્કારી પુરુષોની દોરવણી પ્રાપ્ત થઈ. જન્મભૂમિના નામની આજે પણ જબરદસ્ત ગુડવીલ છે. અત્યાર સુધી વિવિધ આફતો વખતે જન્મભૂમિએ કરેલી મદદની તારીખ પ્રમાણે નોંધ નીચે મુજબ છે.:

(૧) ૩૦–૦૮–૧૯૪૩ : બંગાળના ભૂખમરા માટે રાહત ફંડ.

(૨) ૦૮–૦૬–૧૯૬૧ : કોંકણ રીલીફ ફંડ

(૩) ૦૧–૧૧–૧૯૬૨ : સંરક્ષણ ભંડોળ

(૪) ૧૨–૧૨–૧૯૬૭ : થી ૧૫–૦૨–૧૯૬૮ કોયના ધરતીકંપ માટે.

(૫) ૦૮–૦૮–૧૯૬૮ થી ૩૧–૧૦–૧૯૬૮ દક્ષિણ ગુજરાત રેલ સંકટ માટે.

(૬) ૨૮–૦૩–૧૯૭૦ : ભરૂચ ભૂકંપ રાહત

(૭) ૨૮–૧૧–૧૯૭૭ : થી ૧૦–૦૨–૧૯૭૮ આંધ્ર તામિલનાડુના વાવાઝોડા માટે.

(૮) ૧૭–૦૯–૧૯૭૮ : થી ૦૪–૧૦–૧૯૭૮ ઉત્તર ભારત અને પ.બંગાળમાં પૂર રાહત માટે.

(૯) ૦૬–૦૭–૧૯૭૯ : જન્મભૂમિ રાહત નિધિ ટ્રસ્ટ"ની સ્થાપના થઈ.

૧. શ્રી ચીમનલાલ શાહ

૨. શ્રી એચ.ટી. શાહ

૩. શ્રી પ્રવીણચંદ્ર ગાંધી

(૧૦) ૧૭–૦૮–૧૯૭૯ : થી ૧૩–૧૦–૧૯૭૯ સૌરાષ્ટ્ર પૂર રાહતનિધિ મોરબી મચ્છુ હોનારત



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | |
|---|---|---|---|
| (૧૧) | ૧૧–૧૧–૧૯૮૨ | : | |
| | થી | | સૌરાષ્ટ્રમાં વાવાઝોડું |
| | ૩૧–૧૨–૧૯૮૨ | | |
| (૧૨) | ૨૯–૦૬–૧૯૮૩ | : | |
| | થી | | સૌરાષ્ટ્ર પૂર રાહત ફંડ |
| | ૧૦–૦૮–૧૯૮૩ | | |
| (૧૩) | ૧૯–૧૦–૧૯૮૫ | : | |
| | થી | | ગુજરાત દુષ્કાળ  રાહત ફંડ |
| | ૨૮–૦૨–૧૯૮૬ | | |
| (૧૪) | ૧૪–૧૦–૧૯૮૭ | : | ગુજરાત દુષ્કાળ  રાહત ફંડ |
| (૧૫) | ૦૧–૧૦–૧૯૯૩ | : | |
| | થી | | લાતુર ભૂકંપ ફંડ |
| | ૨૩–૧૦–૧૯૯૩ | | |
| (૧૬) | ૧૨–૦૬–૧૯૯૮ | : | સૌરાષ્ટ્રમાં આવેલા વાવાઝોડા માટે રૂા. ૨૫ લાખના |
| | થી | | દાનથી તૈયાર કરી 'કચ્છમિત્ર ટિસ્યુ કલ્ચર |
| | ૧૫–૧૦–૧૯૯૮ | | લેબોરેટરી' |
| (૧૭) | ૧૪–૦૧–૧૯૯૯ | : | સ્થાપનાનું ભૂમિ પૂજન |
| (૧૮) | ૧૫–૦૬–૧૯૯૯ | : | કારગીલ દેશભકિત ભંડોળ |
| | થી | | રૂા. ૮,૦૬,૭૪,૦૦૦ નો ફાળો એકત્ર કર્યો. |
| | ૨૧–૧૨–૧૯૯૯ | | |
| (૧૯) | ૦૭–૧૧–૧૯૯૯ | : | ઓરિસ્સા વાવાઝોડા સંકટ રાહત ફંડ |
| | થી | | રૂા. ૫૦,૦૫,૮૮૨નો ફાળો એકત્ર કર્યો. |
| | ૩૧–૦૩–૨૦૦૦ | | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | |
|---|---|---|---|
| (૨૦) | ૨૦–૦૪–૨૦૦૦ થી ૦૩–૦૭–૨૦૦૦ | : | રાજકોટ અને આસપાસમાં જળસંકટને કારણે ૭૪ દિવસ ફૂલછાબ દ્વારા વિનામૂલ્યે પાણી વિતરણ કરવામાં આવ્યું હતું. (ફૂલછાબ વિના મૂલ્ય જલ વિતરણ સેવા) ત્યારે ૪૦ લાખના ખર્ચે ૧૦ કરોડ લિટર જલવિતરણ કર્યુ હતું. |
| (૨૧) | ૨૫–૦૯–૨૦૦૦ | : | કારગીલ ફંડમાંથી કચ્છ સરહદે ધર્મશાળા ચોકી ખાતે ઈ.મેડિકલ સેન્ટરની ગૃહમંત્રી અડવાણી દ્વારા પાયા વિધિ. |
| (૨૨) | ૨૯–૦૧–૨૦૦૧ થી ૩૧–૦૩–૨૦૦૧ | : | ગુજરાત ભૂકંપ રાહત ભંડોળ રૂા. ૧,૯૪,૮૫,૨૬૭નો ફાળો આપ્યો હતો. |
| (૨૩) | ૦૨–૦૪–૨૦૦૩ | : | કચ્છમાં ત્રણ ગામમાં નવનિર્માણ માટે આવાસનું લોકાપર્ણ કર્યું. |
| (૨૪) | ૨૫–૧૧–૨૦૦૩ | : | ધ જન્મભૂમિ ગ્રૃપ ઓફ ન્યુઝ પેપર સેન્ટર, ફોર અર્થકવેક સાયન્સ સ્ટડી એન્ડ રીસર્ચમાં શુભારંભ માટે ઈન્ડિય પ્લેનેટોરિયમને રૂા. ૧૦લાખનું દાન |
| (૨૫) | ૧૨–૧૨–૨૦૦૩ | : | સૌરાષ્ટ્રના ભૂકંપ ભંડોળમાંથી કચ્છ,ધરમશાળા ચોકી ખાતે આપાતકાલીન આરોગ્ય કેન્દ્રનું શ્રી નરેન્દ્ર મોદીના હાથે ઉદ્‌ઘાટન થયું. |

ભારત જેવા દેશમાં દાન કરનારા લોકો ઓછા નથી પણ, તેઓ હંમેશા દાન માટે યોગ્ય સંસ્થાની શોધ કરે છે. રામકૃષ્ણ મિશન અને એવી અન્ય ખાતરીબંધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ મારફત જ જન્મભૂમિ નાગરિકોના નાણાંનો ઉપયોગ કરે છે એટલે કોઈ પ્રોફેશનલ વર્કર અહીં વચેટિયાઓ તરીકે ઘૂસી જાય એવી કોઈ સંભાવના નથી. જન્મભૂમિ જૂથ માત્ર દૈનિકોનું પ્રકાશન કરનારું પબ્લિશીંગ હાઉસ નથી. જન્મભૂમિ એક ઈન્સ્ટિટયૂટ છે. આથી ઘોઘા સ્ટ્રીટમાંથી સાંજે પ્રગટ થતાં દૈનિકને લોકો લાડમાં ભૂમિ કહે છે. જન્મભૂમિના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ટ્રસ્ટીઓએ તંત્રી વિભાગને જે જોઈએ તે સવલતો આપી છે. તેમણે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરી આપ્યું છે. દિલ્હી,વડોદરા,સૂરત,અમદાવાદ અને ભૂજમાં તેના ન્યુરોકસ છે. ગુજરાતમાં તો લગભગ તમામ ગામે ગામ તેના ખબરપત્રીઓ છે. તે અન્ય કોઈ અખબારમાંથી સમાચારની ઉઠાંતરી કરી વાસી સમાચાર નથી પીરસતું.

તા. ૧૬ જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ ૫૦ વર્ષ જૂના સમાચાર એટલે કે તા. ૧૫–૧–૧૯૪૬ને મંગળવારના સમાચાર ફરીથી પ્રગટ થયા હતા. આ સમાચાર છાપવાનો હેતુ ફકત એ જ હતો કે વર્તમાન વાંચકોને ખ્યાલ આવે કે તેમનું પ્રિય જન્મભૂમિ પહેલેથી જ કેવા સેવા કાર્યો અને લોકજાગૃતિના કાર્યો કરી રહ્યું છે. સમાચારનું શીર્ષક હતું ''વટહુકમથી ગભરાનારાઓને જન્મભૂમિ કાર્યાલય તરફથી મદદ માટે વ્યવસ્થા.''

સમાચાર આ પ્રમાણે હતા.: ''જન્મભૂમિ કાર્યાલયને માલુમ પડયું છે કે ઘણાં નાના અને સાચા માણસો નિરર્થક ગભરાઈને પોતાની પાસેની મોટી રકમની નોટો ઓછા ભાવે વેચી નાખી નુકસાનીમાં ઉતરવા લાગ્યા છે. જન્મભૂમિ જેવી સંસ્થાએ સાચા માણસોને મદદ કરવી જોઈએ. એ ઉદેશથી જન્મભૂમિ કાર્યાલયના ખર્ચે નીચે પ્રમાણે ગોઠવણ કરવામાં આવી છે. આજથી આ વિષયના અભ્યાસી ધારાશાસ્ત્રી જન્મભૂમિ કાર્યાલયમાં બેસશે અને મદદ માટે આવનારની હકીકત સાંભળી જેમને બેન્ક માટે ફોર્મ ભરવાનું હશે તેમને ફોર્મ ભરવામાં મદદ રૂપ થશે. આ સેવા બદલ કંઈ મહેનતાણું લેવામાં આવશે નહી.''[૨૧]

ઉપરોકત સમાચાર વાંચીને ખ્યાલ આવે કે પોતાના ભોળા વાંચકો અને જનતાને ગેરમાર્ગે ન જવા માટે તે કેવી રીતે ચેતવે છે તેને મદદરૂપ થાય છે આવા તો અનેક લોકસેવાના કાર્યો જન્મભૂમિએ કર્યા છે. તા. ૧૪ જુલાઈ, ૨૦૦૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદે 'ચેતનાની પ્રભાતે' નામના પુસ્તક માટે કાન્તિ ભટ્ટને મનુભાઈ મહેતા એવોર્ડ અપર્ણ કર્યો હતો. આ એવોર્ડ જન્મભૂમિ જૂથના તંત્રી અને વિજ્ઞાનભૂષણ મનુભાઈ મહેતાના નામનો હતો. આ એવોર્ડ સમારંભમાં તેમણે આપેલા વકતવ્યના અંશો અહીં લેવા યોગ્ય ગણાશે.કાન્તિ ભટ્ટે કહ્યું કે,''૪૦ વર્ષ જન્મભૂમિનું એટલું માન હતું કે તેનો પટાવાળો જમીનથી બે વેંત ઊંચો ચાલતો. જન્મભૂમિના તંત્રી હોવું એટલે ગવર્નર કરતાંય મોટી અદશ્ય સત્તાના અધિષ્ઠાતા હોવું બરાબર હતું. આજકાલ તો નવું અખબાર કરોડો રૂપિયા બલકે અબજ રૂપિયાને ખર્ચે શરૂ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

થાય છે. જન્મભૂમિના જનક અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર' નામનું અખબાર માત્ર રૂા. ૨૧૦૦૦ની મૂડી અને થોડા મિત્રોની મદદથી શરૂ કર્યું....''''જન્મભૂમિનું જૂથ પત્રકારો માટેની કોલેજ બની ગયું. તેમાં 'વ્યાપાર' તો તેના સ્થાપક તંત્રી હરજી ઝવેર ગિલાણી નીચે એક કોમર્શિયલ જર્નાલિઝમની યુનિવર્સિટી બની ગયું. ભારતમાં આર્થિક પત્રકારિત્વની શરૂઆત જન્મભૂમિ જૂથે કરી. તેમાં તાલીમ લીધેલા આર્થિક પત્રકારો પછી ઈકોનોમિક ટાઈમ્સ અને ફાયનેન્સિયલ એકસપ્રેસને મફતમાં મળી ગયા. આજે તમે મુંબઈ કે અમદાવાદ કે રાજકોટના અખબારો તરફ નજર નાખો તો જન્મભૂમિ કે વ્યાપારની ગળથૂંથી પીધેલા પત્રકારો ઠેરઠેર દેખાશે. અંગ્રેજી પત્રકારત્વતો ખાડે ગયું છે. પણ એકંદરે ગુજરાતી પત્રકારો થોડાક અપવાદો સાથે નિષ્ઠાવાન અને પ્રામાણિક છે. ''[૨૨] ઉપરોકત વકતવ્ય વાંચ્યા પછી ખ્યાલ આવે કે જન્મભૂમિ સાથે જે એક વખત જોડાય છે તે કાયમી તેનું ઋણી બની જાય છે. પત્રકારત્વનું પાયાનું જ્ઞાન જન્મભૂમિમાંથી મળે છે.

સન ૧૯૫૭માં જન્મભૂમિ તરફથી સર્વે હાથ ધરાયો હતો. જેમાં ૧૦૦ જેટલા મહાનુભાવોએ પોતાના મંતવ્યો નોંધ્યાં છે. તેમાંથી અમુક ખાસ લોકોના મંતવ્યો અહીં લીધા છે.

- ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રેસિડેન્ટ શ્રી યુ.એન.ઢેબરે લખ્યું છે કે,

"For the last twenty years, that I have been in touch with Janmabhoomi, I have been noticing a constant improvement in its quality, as you must be noticing in its circulation.

Janmabhoomi has ever since independent maintained its standard in communicating. Its views candidly. Its language has been expressive and effective without being needlessly rhetoric or acrimonious. It has tried to carter to the needs of the society in several directions. The needs of commerce, the needs of spreading consciousness amongst women, the needs of interpreting culture to the people, have been well attended to.

- Minister of Planning, Govt. of India. Mr. G.L. Nanda



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

"Janmabhoomi has to its credit a useful contribution to the political and cultural life of Gujarat first as a champion of the cause of the people of the former Indian states and later as leading exponen of constructive thinking on major political and economic issues. Facting the contry."

- Governor of Madhya Pradesh, Mr. B. Pattabhsitaramayya.

"Janmabhoomi is not a mere daily in Gujarati but an institution wedded to the political and social-economic uplift of all the states people as well as the people who were formerly under the British."

- Maharaja of Bhavnagar Shree H.H. Krishnakumarsinhji

"Janmabhoomi papers daily and weekly are Bombay's well known and popular news papers. I read them avidly. Articles and news published there in are full of variety and distinetion."

- Well known Industrialist of Saurashtra Shree Nanji Kalidas Mehta

"Among the Gujarati News Papers, Janmbhoomi definitely occupies a leading position. It serves every class of society with a high standard."

- Mayor of Bombay, Mr. Salebhoy Abdul Kadar

"Janmabhoomi has occupied a position of pride and privilege in the hearts of the Gujarati speaking people of Bombay."

- Editor, The Hindu, Madras, Mr. K Srinivasan

"Janmabhoomi has done sterling service to the people of Gujarat and Maharashtra. Today, more than ever, before the country needs a fearless and enlightened public opinion and



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

Janmabhoomi has put in the for front its objectives the needs to foster constructive national activities."

- Director & Producer of Prakash Pictures Bombay, Mr. Vijay Bhatt

  "By its wide circulation Janmabhoomi has become a powerful vehicle of publicity for the cinema and other industries. The paper has never indulged in destructive activities. It has always been constructive. "

- Solicitors of Bombay Mr. Malvi Ranchhoddas

"Janmabhoomi has served the country during the political struggle and to day serves the country in its stupendous test of reconstruction."

આપણે બંને અખબારોની લોકપ્રિયતા, સમાજમાં તેનું પ્રદાન, તેની નિઃસ્વાર્થ સેવા અને ઉદ્દેશોને જાણ્યા. માત્ર ગુજરાત જ નહીં પણ ગુજરાત બહાર પણ ગુજરાતી ભાષા અને ગુજરાતીઓનો દબદબો છે તે જાણી શકાય. તા. ૯મી જૂન ૧૯૮૯ના રોજ જન્મભૂમિના ૫૬માં વર્ષમાં પ્રવેશના આનંદ અવસરે આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પામનાર ચિત્રકાર મકબુલ ફિદા હુસેને પણ શુભેચ્છા પાઠવી હતી.

તા. ૯–૬–૨૦૦૮ના રોજ 'જન્મભૂમિ'એ ૭૫મા વર્ષે પદાપર્ણ કર્યું ત્યારે અમૃત મહોત્સવ વિશેષાંક બહાર પાડયો હતો. જેમાં પાના નં. ૩માં હાલના ટ્રસ્ટી મંડળની ઓળખાણ આપી હતી. આ વિશેષાંકમાં જન્મભૂમિ સાથે વર્ષોથી સંકાળયેલા લેખકોએ ફરી કલમની ધાર તેજ કરી જન્મભૂમિ નામને અનુરૂપ કામ કરી બતાવ્યું છે. તેમાં ટ્રસ્ટી શ્રી પ્રવીણચંદ્ર વ. ગાંધી, કુન્દન વ્યાસ (તંત્રીશ્રી), મહેશ ભટ્ટ, હિંમતભાઈ મહેતા, કાંતિ ભટ્ટ,રમેશ પુરોહિત,પદ્યુમ્ન બધેકા, દેવરાજ ચૌહાણ, અનિલ જોશી, મિતિન આર.શેઠ, સુધીર શાહ,સુરેશ દલાલ,સ્નેહલ મુઝુમદાર,સતીશ વ્યાસ, કનૈયાલાલ જોશી,ઉત્પલ ભાયાણી, નિરંજન મહેતા, ડૉ. પ્રજ્ઞા પૈ, અપૂર્વ દવે, ધીરુબહેન પટેલ, યોગેશ પંડયા,કેતન જાની, ડૉ. જે. જે. રાવલ, ડૉ . પંકજ જોશી, તારક મહેતા, મહેશ સોપારાવાલા, મણિલાલ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ગાલા, દેવચંદ છેડા, ધનંજય દેસાઈ, સુરેન્દ્ર મોદી, જિતુ સોમપુરા, ઈબ્રાહિમ શેખ, પ્રો. કાંતા ભટ્ટ, ભુપેન્દ્ર પટેલ, કિર્તી ખત્રી, દર્શિની દેસાઈ વગેરે લેખકોએ મુંબઈ અને જન્મભૂમિના અલગ અલગ રૂપ વાચકો સમક્ષ મૂકયાં છે.

આ વિશેષાંકમાં વિશિષ્ટ મહાનુભાવોએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા છે. જેમાં પ્રથમ સંદેશ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવસિંહ પાટીલનો છે. સંદેશમાં જણાવાયું છે કે, 'મને એ જાણીને ખુશી થઈ છે કે 'જન્મભૂમિ અખબારી જૂથ' ૯મી જૂન ના રોજ તેના અસ્તિત્વના ૭૫માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે.સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને તેના ટ્રસ્ટીઓએ છેલ્લાં ૭૫ વર્ષોથી તેમના વાચકો સમક્ષ તટસ્થ,સ્વાતંત્ર્ય, નીડરપણું અને સચ્ચાઈના મૂલ્યો વડે રંગાયેલું પત્રકારત્વ રજૂ કર્યું છે. આપણી આઝાદીની લડતના સમયગાળામાં જન્મેલું આ અખબાર તેની ગૌરવભરી પરંપરાને ચાલુ રાખશે એવી મને ખાતરી છે.

આ પ્રસંગે 'જન્મભૂમિ અખબારી જૂથ' સાથે સંકળાયેલા તમામને મારી શુભકામના અને અભિનંદન પાઠવું છું. અને આ પ્રસંગ તમામ રીતે સફળ નીવડે એવી મારી શુભેચ્છા.''[૨૩]

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીએ શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, ''મને એ જાણીને હાર્દિક પ્રસન્નતા થઈ છે કે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'જન્મભૂમિ' અખબાર તેના પ્રકાશનના ૭૫માં વર્ષમાં પદાર્પણ કરી રહ્યું છે. 'જન્મભૂમિ' આગામી વર્ષોમાં નિરંતર પ્રગતિ સાધે એજ દેશ સેવામાં સમર્પિત રહે એવી મારી શુભકામના. મહોત્સવની સફળતા માટે મારી હાર્દિક શુભકામના.''[૨૪]

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીએ જણાવ્યું કે ''મને જાણીને આનંદ થયો છે કે 'જન્મભૂમિ' તેના પ્રકાશનનાં ૭૫માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. વર્ષોથી અખબારે પત્રકારત્વના વિશ્વમાં ઈર્ષ્યાપાત્ર નામના ઊભી કરી છે. એ જાણીને ખુશી થાય છે કે દેશમાં અને વિશ્વમાં મહત્ત્વની ઘટનાઓ અંગે લોકોને કેળવવાની તેની પ્રાથમિક ભૂમિકા ઉપરાંત 'જન્મભૂમિ' કુદરતી આફતો,યુધ્ધ વગેરે દરમિયાન અસરગ્રસ્તોને સધિયારો પૂરો પાડવા જેવા સામાજિક હેતુઓને ઉત્તેજન આપવામાં પણ સક્રિયપણે સંકળાયેલું છે. મને આશા છે કે અખબાર આ ખ્યાતિને અને તેમની દ્વારા કરાઈ રહેલા સદકાર્યોને આગામી વર્ષોના વર્ષો સુધી ટકાવી રાખશે. આ પ્રસંગે મારી શુભકામના પાઠવું છું.''[૨૫] આ ઉપરાંત



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ભારત સરકારના વસ્ત્ર ઉદ્યોગ પ્રધાન શંકરસિંહ વાઘેલા અને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અહમદ પટેલે પણ શુભેચ્છા લખી મોકલાવી હતી. શંકરસિંહ વાઘેલાના સંદેશમાં જણાવ્યું છે કે,''જન્મભૂમિ' ૯મી જૂન, ૧૯૩૪ના રોજ સ્વાતંત્ર્ય સંગ્રામ અને રિયાસતી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાના કોલ સાથે સ્વ.શ્રી અમૃતલાલ શેઠે સૌરાષ્ટ્ર ટ્રસ્ટના નેજા હેઠળ 'જન્મભૂમિ'ના પ્રકાશનનો આરંભ કર્યો. આઝાદીની લડતના ઈતિહાસમાં પ્રગતિવાદી અને રચનાત્મક ચળવળો સાથે સંકળાઈને જન્મભૂમિએ પોતાના નામે એક સુવર્ણ પ્રકરણ લખ્યું છે. આઝાદી બાદ પણ સમાજ સેવા,સમાજ ઉધ્ધાર,રાષ્ટ્રીય ઉદ્દેશોને હંમેશા અગ્રિમસ્થાન આપ્યું છે....''[૨૬]

અહમદ પટેલે લખ્યું છે કે, ''આઝાદીની પૂર્વેના સમયમાં ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં 'જન્મભૂમિ–ફૂલછાબ' અને આઝાદીની લડતના સમાચારો એકબીજાના પર્યાયો બની રહેલાં. નીડરતા દેશદાઝ આજે સ્વાર્પણભાવના સાથે લડતના સમાચારોને વ્યાપક પ્રસિધ્ધિ આવરી લઈ 'જન્મભૂમિ' –'ફૂલછાબે' દેશવાસીઓ અને યુવાનોને આઝાદીની લડત માટેની તીવ્ર પ્રેરણા અને રાષ્ટ્રભાવનાનું સિંચન કરવામાં અમૂલ્ય અને ગૌરવપૂર્ણ યોગદાન કરેલ....''[૨૭]

ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા સંદેશ પાઠવતાં જણાવ્યું છે કે,''...'જન્મભૂમિ' તેમજ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અખબારોએ સ્વ. ઝવેરચંદભાઈ મેઘાણી અને સ્વ. અમૃતલાલ શેઠના નીડર પત્રકારત્વનું ખમીર આજે પણ અંકબંધ રાખ્યું છે. 'જન્મભૂમિ' માત્ર અખબાર નહીં પણ ગુજરાતી પ્રજાની અણમોલ વિરાસત છે. આજે જયારે અવિચારી સ્પર્ધા અને બેલગામ વ્યાપારીકરણ પત્રકારત્વના આધારસ્તંભ ગણાવા લાગ્યા છે ત્યારે 'જન્મભૂમિ' અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અખબારોએ લાભ આપનારાં અને લાભ વળતરને ઠુકરાવીને મૂલ્ય આધારિત અને નિષ્પક્ષ પત્રકારત્વનો ધ્વજ ફરકતો રાખ્યો છે. ....''[૨૮]

ગુજરાત વિધાન સભાના અધ્યક્ષશ્રી અશોક ભટ્ટે શુભેચ્છા પાઠવતા જણાવ્યું છે કે,''.. જન્મભૂમિ પ્રકાશને રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે નેતૃત્વ આપ્યું તે માત્ર પત્રકારત્વનો ઈતિહાસ નથી, પરંતુ રાષ્ટ્રની સ્વતંત્રતાની લડતની એક તવારીખ છે. લીંબડી રાજયના મુખ્ય



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

ન્યાયમૂર્તિનું પદત્યાગ કરીને આઝાદીની લડત માટે જનમત ઊભો કરવા માટે સ્વ. અમૃતલાલ શેઠે જે પ્રયાસ કર્યો તે પ્રયાસને વંદન કરવાનો આ પ્રસંગ છે. ..."[૨૯]

ગુજરાતના રાજયપાલશ્રી નવલકિશોર શર્માએ જણાવ્યું કે, "...આઝાદીની લડતના ઈતિહાસમાં પ્રગતિવાદી અને રચનાત્મક ચળવળો સાથે સંકળાઈને 'જન્મભૂમિ'એ પોતાના નામે એક સ્વર્ણિમ પૃષ્ઠ અંકિત કર્યું છે, એટલું જ નહિ, આઝાદી બાદ પણ સમાજ સેવા,સમાજ ઉધ્ધાર,રાષ્ટ્રીય ઉદ્દેશોને હંમેશા અગ્રિમ સ્થાન આપ્યું છે. 'જન્મભૂમિ'એ હંમેશા શુધ્ધ પત્રકારત્વની પ્રણાલિકા જાળવી રાખી છે. તે પરંપરાનું જતન ભવિષ્યમાં પણ નિરંતર થતું રહેશે તેવી આશા સહિત હાર્દિક શુભકામનાઓ પાઠવું છું."[૩૦]

ચિત્રલેખાનાં સહસંસ્થાપક મધુરી કોટક જણાવે છે કે," કેટકેટલી જહેમત, આધિ–વ્યાધિ,નિષ્ફળતા અને પછી મેળવેલી અનેકવિધ સિધ્ધિઓ બાદ આવરદાના આ મુકામે પહોંચાય છે. ચિત્રલેખા હમણાં જ અઠ્ઠાવન પૂરા કરી ૫૯મા વર્ષમાં પ્રવેશ્યું એ હિસાબે જન્મભૂમિ અમારાથી વધુ વયસ્ક આયુમાં મોટું. આમ જન્મભૂમિ અમારા મોટાભાઈ જેવું. કોટકે ચિત્રલેખાનું પ્રકાશન શરૂ કર્યું ત્યારે અમારું રોલ મોડેલ 'જન્મભૂમિ' રહ્યું કારણ કે અંગ્રેજની હકૂમત સામે બાથ ભીડનારું ગુજરાતી હોવા છતાં એ ખરા અર્થમાં રાષ્ટ્રીય અખબાર હતું. પરંપરા તથા દઢ પારિવારિક મૂલ્યો ધરાવતું જન્મભૂમિ આજે સાત સાત દાયકાથી ગુજરાતી પત્રકારત્વને હંમેશા સાચું માર્ગદર્શન આપતું રહ્યું છે.... "[૩૧]

મુંબઈ સમાચારના ડાયરેકટર એચ.એન.કામાએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું છે કે,"... 'જન્મભૂમિ' અને 'મુંબઈ સમાચાર' જૂથોએ એકબીજા માટે હંમેશા ઉચ્ચતમ આદર ધરાવ્યો છે. અને ઝડપભેર વિશ્વસનીયતા ગુમાવી રહેલા ઉદ્યોગોમાં વિશ્વાસપૂર્વક માથુ ઊંચકી શકીએ કારણ કે આપણે જાણીએ છીએ કે આ અખબારોએ હંમેશા નિર્ભયપણે પત્રકારત્વના ઉચ્ચતમ ધારા ધોરણોને જાળવી રાખ્યા છે..."'[૩૨] આ ઉપરાંત ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા શ્રી શકિતસિંહ ગોહિલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરત સોલંકી, મહારાષ્ટ્ર રાજયના નાયબ મુખ્ય પ્રધાન આર.આર.પાટીલ, એમ.સી.એકસ.ના વાઈસ ચેરમેન જિજ્ઞેશ શાહ, કપોળ બેન્ક કૉ.ઓપ.લિ.ના ચેરમેન કે.ડી.વોરા, કેન્દ્રિય પેટ્રોલિયમ પ્રધાન મુરલી દેવરા, લોકસભાના સંસદ સભ્ય મિલિંદ દેવરા,



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બોમ્બે સ્ટોક એકસચેન્જના ભૂતપૂર્વ પ્રમુખ દીના મહેતા, ફેડરેશન ઑફ એસોસિયેશન્સ ઑફ મહારાષ્ટ્રના પ્રમુખ મોહન ગુરનાની, ભૂતપૂર્વ કેન્દ્રિય ઉર્જા રાજયપ્રધાન જયવંતીબહેન મહેતા અને પ્રેસ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ચેરમેન જી.એન.રોયે પણ સહર્ષ શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા.

અમૃત મહોત્સવ વિશેષાંકમાં તંત્રી સ્થાનેથી શ્રી કુન્દન વ્યાસનો ત્રણ પાનાનો લેખ છે. જેનું ટાઈટલ છે ''અમૃત યાત્રા : આપની સાથે'' અહીં વર્તમાન તંત્રીશ્રીના વિચારો જાણવા લેખમાંના થોડા અંશો લેવામાં આવ્યા છે.: '' .... 'જન્મભૂમિ' સતત બદલાતા સમયના પ્રવાહ સાથે કદમ મિલાવવામાં માને છે. પણ  સંસ્કારની મર્યાદામાં રહીને, સંસ્કારી પરિવારોને દષ્ટિમાં રાખીને વાચન સામગ્રી પીરસે છે. વાચકોની આશા અપેક્ષા સંતોષવા બાબત જાગૃત છે અને તે અનુસાર પરિવર્તન થાય છે. 'જન્મભૂમિ'ના સહયાત્રી વાચકોએ આ પરિવર્તનની નોંધ હંમેશા લીધી છે  અને આવકાર સહકાર આપ્યો છે.

...'જન્મભૂમિ' પરિવારના સાથીપત્ર 'કચ્છમિત્ર' નો હિરક મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. 'ફૂલછાબ' શતાબ્દી વર્ષ ભણી છે. 'વ્યાપાર' હિરક જયંતિના ઉબરે છે. હિન્દી વ્યાપાર રજત જયંતિ ભણી છે. કવિતા.. પંચાંગ.... જન્મભૂમિ પરિવાર મુ. પ્રવીણભાઈના શબ્દોમાં 'જન્મભૂમિ' પરિવાર તો એક વટવૃક્ષ છે.

...જન્મભૂમિના પાયામાં ધુરંધર ટ્રસ્ટી મહોદયો ઉપરાંત સંચાલનમાં જેમનો ફાળો રહ્યો છે તે બાપાલાલભાઈ દોશી, રતિલાલ દોશી,પુરુષોત્તમભાઈ દોશી તથા લક્ષ્મીપ્રસાદ બારોટને કેમ ભૂલાય! તાજેતરમાં સુદીર્ઘ સેવા આપીને નિવૃત્ત થયેલા પૂ.ધીરુભાઈ દેસાઈનું માર્ગદર્શન આજે પણ મળે છે.

...વાચકોની સુરુચિ અને સમાજમાં થતાં પરિવર્તન વચ્ચે સમતુલા જાળવવા બાબત જન્મભૂમિ પરિવાર સભાન છે. બાહ્ય સુશોભન મેકઅપની બોલબાલા હોવા છતાં આપણી સંસ્કૃતિ અને સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી અંગે સજાગ છે. સત્ત્વ અને તત્ત્વ યથાવત રહે તે અંગે સંચિત છે. આ અમારો અખબારી ધર્મ છે. સમાજની સમસ્યાઓ અને સિધ્ધિઓનાં પ્રતિબિંબ અને પ્રતિઘોષ ઝીલવાનું આ માધ્યમ છે. વીતેલા ૭૪ વર્ષ દરમિયાન



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

'જન્મભૂમિ' એ આ ફરજ બજાવી છે અને આવનારાં દિવસો અને વર્ષોમાં તે બજાવતા રહેવાનો કોલ આપે છે.

...જન્મભૂમિ માત્ર અખબાર નથી સેવાભાવી સંસ્થા છે. કુદરતી આપત્તિ હોય કે વિદેશી આક્રમણ હોય, ભૂકંપ લાતુરમાં હોય કે કચ્છમાં જન્મભૂમિનાં રાહત ભંડોળ અને દેશભકિત ભંડોળને વાચકોએ હંમેશા છલોછલ ભર્યા છે.''[૩૩]

અંતમાં કુન્દનભાઈ વ્યાસે મું. સુરેશભાઈ દલાલ, પત્રકાર મિત્રો યોગેશ પંડયા, ભૂપેન્દ્ર પટેલ, સતીષ વ્યાસ અને લાઈબ્રેરિયન  જયશ્રીબહેન જાનીની જહેમતનો આભાર માન્યો છે. ઉપરાંત તમામ સહકાર્યકરોના ઉત્સાહને બિરદાવ્યો છે.વિશેષાંકના અંતે જૂના અને નવા મુંબઈની તસવીરો છે. જયારે છેલ્લા પાને પૂ.મોરારીબાપુ, જગદ્ગુરુ શંકરાચાર્ય તથા પૂ.પ્રમુખ સ્વામી મહારાજે આશીર્વચન આપ્યાં છે. તેઓએ પણ જન્મભૂમિને તટસ્થ સમાચારો છાપવાની યશસ્વી પરંપરાને બિરદાવી છે. શ્રીશંકરાચાર્યએ પણ જન્મભૂમિના ઉજજવળ ભવિષ્યની કામના કરી છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ–૬

## પાદટીપ

૧. "મુંબઈ સમાચાર" ૧૭૫ વર્ષ વિશેષ પૂર્તિ,પૃષ્ઠ નં. ૪

૨. એજન,પૃષ્ઠ નં. ૨૧

૩. એજન,પૃષ્ઠ નં. ૨

૪ અભિષેક,માર્ચ,૧૯૮૩ પૃષ્ઠ નં. ૧૭

૫ "મુંબઈ સમાચાર" ૧૭૫ વર્ષ વિશેષ પૂર્તિ,પૃષ્ઠ નં. ૧

૬. સંપાદક : ઝવેરી રસિક ,"મુંબઈ સમાચારની દોઢસો વરસની તવારીખ ",પૃષ્ઠ નં.૮૩

૭. એજન,પૃષ્ઠ નં. ૮૧

૮ "મુંબઈ સમાચાર" ૧૭૫ વર્ષ વિશેષ પૂર્તિ,પૃષ્ઠ નં.૮

૯ એજન,પૃષ્ઠ નં.૧

૧૦ એજન,પૃષ્ઠ નં.૮

૧૧ એજન,પૃષ્ઠ નં.૮

૧૨ એજન,પૃષ્ઠ નં.૧૨

૧૩ "જન્મભૂમિ" દૈનિક, તા. ૯ મે, ૧૯૮૯,પૃષ્ઠ નં.૧૦

૧૪ "જન્મભૂમિ" દૈનિક, તા. ૧૨ નવેમ્બર, ૧૯૮૮

૧૫ "જન્મભૂમિ" દૈનિક, તા. ૧૦ જૂન, ૧૯૯૪

૧૬. ડો. માર્શલ રતન, "ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ", પૃષ્ઠ નં. ૨૬૫

૧૭. મહેતા ચંદ્રકાન્ત, "પત્રકારત્વ સિધ્ધાન્ત અને અધ્યયન", પૃષ્ઠ નં. ૬

૧૮. ડો. માર્શલ રતન, "ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ", પૃષ્ઠ નં. ૨૬૯

૧૯. "જન્મભૂમિ",પરિચય પુસ્તિકા,પૃષ્ઠ નં. ૨

૨૦. "જન્મભૂમિ" દૈનિક, તા. ૨૯ જૂન, ૧૯૯૮

૨૧. "જન્મભૂમિ" દૈનિક, તા. ૧૬ જાન્યુઆરી, ૧૯૯૬

૨૨. "જન્મભૂમિ" દૈનિક, તા. ૧૫ જુલાઈ, ૨૦૦૫

૨૩. "જન્મભૂમિ" અમૃત મહોત્સવ વિશેષાંક ૨૦૦૮,પૃષ્ઠ નં. ૯



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૨૪. એજન,પૃષ્ઠ નં. ૯

૨૫. એજન,પૃષ્ઠ નં. ૯

૨૬. એજન,પૃષ્ઠ નં. ૯

૨૭. એજન,પૃષ્ઠ નં. ૯

૨૮. એજન,પૃષ્ઠ નં. ૧૦

૨૯. એજન,પૃષ્ઠ નં. ૧૦

૩૦. એજન,પૃષ્ઠ નં. ૧૦

૩૧. એજન,પૃષ્ઠ નં. ૧૨

૩૨. એજન,પૃષ્ઠ નં. ૧૨

૩૩. એજન,પૃષ્ઠ નં. ૫/૬



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૭

# પ્રશ્નાવલિ, અહેવાલ અને તારણો

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ-૭

# પ્રશ્નાવલિ, અહેવાલો અને તારણો

## પ્રશ્નાવલિ

માનનીયશ્રી,

હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શ્રી એ.ડી.શેઠ પત્રકારત્વ ભવનમાંથી "મુંબઈ સમાચાર અને જન્મભૂમિનું મુંબઈના ગુજરાતી પત્રકારત્વમાં પ્રદાન" વિષય પર પીએચ.ડી. કરું છું. આ અભ્યાસના ભાગરૂપે સંશોધનના હેતુથી અહિં એક પ્રશ્નાવલિ તૈયાર કરી છે જેના આપ તટસ્થતા પૂર્વક ઉત્તરો આપો તેવી વિનંતી છે. આ સંશોધન કે તેના પરિણામોનો કોઈ અન્ય ઉપયોગ ન કરવાની તેમજ જવાબો ગુપ્ત રાખવાની હું ખાત્રી આપું છું.

—ઉર્વિ આર. જોષી

- નામ : ........................................................
- સરનામું : ........................................................
- ઉંમર : ........................................................
- જાતિ : સ્ત્રી / પુરુષ
- અભ્યાસ : ........................................................
- પ્રવૃત્તિ : નોકરી ☐ વેપાર ☐ ગૃહકાર્ય ☐ અભ્યાસ ☐ અન્ય ☐
- આવક જૂથ

  કંઈ નહિ ☐ ૫૦૦૦થી ઓછી ☐ ૧૫૦૦૦ થી ૨૫૦૦૦ ☐ ૨૫૦૦૦ થી વધુ ☐

૧. મુંબઈથી પ્રસિધ્ધ થતાં ગુજરાતી સમાચાર પત્રો નિયમિત વાંચો છો ?

હા ☐ ના ☐

૨. મુંબઈ સમાચાર અને જન્મભૂમિ નિયમિત વાંચો છો ?

હા ☐ ના ☐

૩. મુંબઈ સમાચાર અને જન્મભૂમિમાં આવતી પૂર્તિઓ નિયમિત વાંચો છો ?

હા ☐ ના ☐



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૪. બંને દૈનિકમાં પ્રકાશિત થતાં કયાં પ્રકારના સમાચારો તમને વિશેષ ગમે છે ?

| (સમાચારો) | (મુંબઈ સમાચાર) | (જન્મભૂમિ) | (સમાચારો) | (મુંબઈ સમાચાર) | (જન્મભૂમિ) |
|---|---|---|---|---|---|
| સ્થાનિક | ☐ | ☐ | પ્રાદેશિક | ☐ | ☐ |
| રાષ્ટ્રીય | ☐ | ☐ | આંતરરાષ્ટ્રીય | ☐ | ☐ |
| સામાજિક | ☐ | ☐ | ફિલ્મ જગત/ ટીવી | ☐ | ☐ |
| ટીટસ બીટસ | ☐ | ☐ | ધાર્મિક | ☐ | ☐ |
| વ્યાપાર–ઉદ્યોગ | ☐ | ☐ | રાજકીય | ☐ | ☐ |
| તંત્રીલેખ | ☐ | ☐ | અવસાન નોંધ | ☐ | ☐ |
| ખેલ સમાચાર | ☐ | ☐ | અન્ય | ☐ | ☐ |

૫. બંને અખબારોમાં આવતી પૂર્તિઓમાં તમને કઈ પૂર્તિ વિશેષ ગમે છે ?

| વાર | મુંબઈ સમાચાર | | જન્મભૂમિ | |
|---|---|---|---|---|
| રવિવાર | વેરાઈટી | ☐ | મધુવન | ☐ |
| સોમવાર | બિઝનેસ સમાચાર | ☐ | – | ☐ |
| મંગળવાર | મેટ્રો | ☐ | – | ☐ |
| બુધવાર | મેટિની | ☐ | મેઘધનુષ | ☐ |
| ગુરુવાર | મેટ્રો | ☐ | – | ☐ |
| શુક્રવાર | વામા | ☐ | – | ☐ |
| શનિવાર | વીકએન્ડ | ☐ | મહેક | ☐ |

૬. બંને અખારોમાં કઈ ખૂટતી માહિતી ઉમેરવાની આપને જરૂરિયાત લાગે છે ?
–મુંબઈ સમાચાર–

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

–જન્મભૂમિ –

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

૭. મુંબઈથી બહાર પડતા અન્ય અખબારો કરતા આ અખબારો કઈ રીતે અલગ પડે છે ?
–મુંબઈ સમાચાર–

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

–જન્મભૂમિ –

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૮. શું વર્ષોથી ચાલતા આ ગુજરાતી અખબારો વર્તમાન સમયની સાથે ચાલે છે અને વાંચકોની જરૂરિયાતને સંતોષે છે ?

| | | | | |
|---|---|---|---|---|
| –મુંબઈ સમાચાર | હા | ☐ | ના | ☐ |
| –જન્મભૂમિ | હા | ☐ | ના | ☐ |

૯. મુંબઈ પર આવતી માનવસર્જીત અને કુદરતી આફતો સમયે બંને અખબારો પ્રજાકીય કાર્યોમાં ભાગ લે છે ?

| | | | | |
|---|---|---|---|---|
| –મુંબઈ સમાચાર | હા | ☐ | ના | ☐ |
| –જન્મભૂમિ | હા | ☐ | ના | ☐ |

૧૦. ભવિષ્યમાં પણ તમે મુંબઈ સમાચાર અને જન્મભૂમિના વાચક રહેવાનું પસંદ કરશો ? જો હા તો કારણ આપો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

૧૧. બંને અખબારો વિષે તમારું અંગત મંતવ્ય જણાવો.

–મુંબઈ સમાચાર

.......................................................................................................

.......................................................................................................

–જન્મભૂમિ

.......................................................................................................

.......................................................................................................



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## અહેવાલ અને તારણો

એમ કહેવું જરા પણ અતિશયોક્તિભર્યું નથી કે 'મુંબઈ સમાચારે' વાચકોમાં વર્ષો પહેલાથી પોતાનું સ્થાન બનાવી રાખ્યું છે, તે અડગ રાખવા સતત પ્રયત્નો કરે છે. સમયની સાથે ચાલવામાં તે કયારેય પાછળ રહ્યું નથી. તેમ છતાં તેનો બહોળો વાચકવર્ગ આ અખબાર વિષે કેવા મંતવ્યો ધરાવે છે તે જાણવું આવશ્યક છે.

અખબારો સમાજજીવનની આરસી છે, કારણ કે સમાજની તસવીર એમાં પ્રતિબિંબિત થાય છે. એટલે જ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વર્તમાન પત્રોની યાદીમાં ટોચનું સ્થાન પામનાર 'મુંબઈ સમાચાર' અને સાંધ્ય અખબારોમાં 'જન્મભૂમિ' દૈનિકનું ચિંતન કરવું આવશ્યક છે.

'જન્મભૂમિ'ની વાત કરીએ તો તે હંમેશા પત્રકારત્વની વિદ્યાપીઠ રહ્યું છે. પત્રકારો તો તેને માનની નજરે જુએ જ છે.પણ વર્ષોથી પોતાના જીવનમાં સ્થાન આપનાર વાચકો તેના વિષે કેવું મંતવ્ય ધરાવે છે તે જાણવા આ પ્રશ્નોત્તરી તૈયાર કરી છે.

વાચકો જે માગે છે તે અમે આપીએ છીએ એવી બંને અખબારોની મૂળભૂત દલીલ સાચી છે કે ખોટી તે જાણવા અહીં વાચકોના અભિપ્રાયો એકત્ર કરવામાં આવ્યા છે. જેના તારણો નીચે મુજબ છે.

કુલ મળીને ૨૦૦ વાચકો દ્વારા આ પ્રશ્નાવલિ ભરાવવામાં આવી છે. જેમાં ૧૦૦ સ્ત્રીઓ અને ૧૦૦ પુરુષોનો સમાવેશ થાય છે. પ્રશ્નાવલિમાં પ્રથમ સાત સવાલો અંગત પૂછવામાં આવ્યા હતા. છતાં તે ખૂબજ મહત્ત્વના પ્રશ્નો છે. જેમાં જે તે વ્યક્તિનું નામ શું છે? તે કયાંની રહેવાસી છે? તેમની ઉંમર શું છે ? અને તે સ્ત્રી છે કે પુરુષ તે પૂછવામાં આવ્યું છે. ત્યારબાદ તેનો અભ્યાસ,પ્રવૃત્તિ અને આવક પૂછવામાં આવ્યાં છે. આ પ્રશ્ન દ્વારા જે તે વ્યકિતના અભ્યાસ પ્રમાણે તેની પ્રવૃત્તિ અને આવક છે કે નહીં તે જાણવા મળ્યું છે. તમામ વાચકો પાસે આ પ્રશ્નાવલિ રૂબરૂ ભરાવવામાં આવી હતી. મારા અભ્યાસનાં બંને અખબારો મુંબઈનાં હોવાથી મારું કાર્યક્ષેત્ર પણ મુંબઈ જ રહ્યું છે. મુંબઈ મેટ્રો સિટી હોવાથી ત્યાં સ્ત્રીઓ અને પુરુષોમાં અભ્યાસનું સ્તર ઊંચું જોવા મળ્યું હતું.પ્રશ્નાવલિ ભરીને આ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સંશોધન અભ્યાસમાં મદદરૂપ બનનાર વાચકની વ્યકિતગત માહિતી જેવી કે નામ, સરનામું,ઉંમર અને અભ્યાસ વગેરેને અહીં સામેલ કરવામાં આવી નથી.

જાતિ વિષયક માહિતી મેળવીએ તો ૨૦૦ પ્રશ્નાવલિમાંથી ૧૦૦ પ્રશ્નાવલિ સ્ત્રીઓ અને ૧૦૦ પ્રશ્નાવલિ પુરુષોએ ભરી છે. હવે પ્રવૃત્તિ વિષે આંકડાકીય માહિતી મેળવીએ.

| પુરુષો | સંખ્યા | સ્ત્રીઓ | સંખ્યા |
|---|---|---|---|
| નોકરી | ૫૪ | નોકરી | ૩૧ |
| વેપાર | ૩૭ | વેપાર | ૧૩ |
| ગૃહકાર્ય | ૦ | ગૃહકાર્ય | ૪૧ |
| અભ્યાસ | ૭ | અભ્યાસ | ૧૨ |
| અન્ય | ૨ | અન્ય | ૩ |
| | | | |




હવે સ્ત્રીઓ અને પુરુષોની આવક વિષયક માહિતી મેળવીએ.

| આવક | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|
| કંઈ નહી | ૪ | ૩૩ |
| ૫૦૦૦થી ઓછી | ૧૬ | ૨૦ |
| ૫૦૦૦ થી ૧૫૦૦૦ | ૨૯ | ૨૪ |
| ૧૫૦૦૦ થી ૨૫૦૦૦ | ૩૮ | ૧૭ |
| ૨૫૦૦૦ થી વધુ | ૧૩ | ૬ |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com




ઉપરોકત બંને કોષ્ટકમાં પુરુષોની કોલમ જોતાં ખ્યાલ આવે કે ૧૦૦ પુરુષોમાંથી ૫૪ પુરુષો એટલે કે ૫૦%થી પણ વધુ નોકરી કરે છે. ૩૭ વેપાર કરે છે. ૭ પુરુષો અભ્યાસ કરે છે અને અન્યમાં ૨ પુરુષો છે. એ સામે આવકના કોષ્ટક પર નજર કરીએ તો ૪ પુરુષોએ કંઈ આવક દર્શાવી નથી. તેમાં ૨ નિવૃત્ત જીવન ગાળતા પુરુષો અને ૨ વિદ્યાર્થીઓ છે. ૫૦૦૦થી ઓછી આવક ધરાવનાર ૧૬ વ્યકિતઓ છે. અભ્યાસ કરનાર વ્યકિત પાર્ટ ટાઈમ કોઈ પ્રવૃત્તિ કરીને આવક મેળવતા હશે તેમ ધારી શકાય. ૫૦૦૦ થી ૧૫૦૦૦ આવક દર્શાવનારા ૨૯ પુરુષો છે. જેમાંથી ૧૬ નોકરી કરે છે અને ૧૩ વેપાર કરે છે. ૧૫૦૦૦ થી ૨૫૦૦૦ આવક દર્શાવનારા વ્યકિતમાં ૧૮ નોકરી કરે છે અને ૨૦ વ્યકિતઓ વેપાર કરે છે. જયારે ૨૫૦૦૦ થી વધુ આવક દર્શાવનારા પુરુષોમાં ૯ નોકરી કરે છે અને ૪ વેપાર સાથે સંકળાયેલી છે.

૧૦૦ સ્ત્રીઓ દ્વારા ભરાયેલી પ્રશ્નાવલિ જોતાં ખ્યાલ આવે કે તેઓમાં પણ શિક્ષણનું સ્તર ઊંચું છે. પ્રવૃત્તિ અને આવક જૂથના કોષ્ટક પર નજર કરીએ તો ગૃહકાર્ય કરતી સ્ત્રીઓની સંખ્યા સૌથી વધુ છે. ત્યારબાદ નોકરી કરતી ૩૧ સ્ત્રીઓ છે. જયારે ૧૩ સ્ત્રીઓ વેપાર પ્રવૃત્તિ કરે છે. ૧૨ સ્ત્રીઓ અભ્યાસ કરે છે. અને ૩ અન્ય છે. જે નિવૃત્ત હશે તેમ ધારી શકાય. આવક જૂથમાં ૩૩ સ્ત્રીઓએ પોતાની કોઈ આવક દર્શાવી નથી. જેમાંથી ૭ અભ્યાસ કરે છે. ૨૪ ગૃહકાર્ય કરે છે અને ૨ અન્ય છે. ૫૦૦૦ થી ઓછી આવકમાં ૧ અન્ય, ૫ અભ્યાસ અને ૨ નોકરી તથા ૧૨ ગૃહકાર્ય કરે છે. ગૃહકાર્ય કરનારી સ્ત્રી ઘરગથ્થુ કોઈ નાનું કાર્ય કરતી હશે તેમ માની શકાય. ૫૦૦૦ થી ૧૫૦૦૦ના આવક જૂથમાં ૫ ગૃહકાર્ય કરતી ૧૨ નોકરી અને ૭ વેપાર કરતી સ્ત્રીઓ છે. ૧૫૦૦૦ થી ૨૫૦૦૦ની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આવક ધરાવનારી સ્ત્રીઓમાં ૪ વેપાર કરતી અને ૧૩ નોકરી કરતી સ્ત્રીઓ છે. આખરમાં ૨૫૦૦૦ થી વધુ આવક દર્શાવનારી સ્ત્રીઓમાં ૨ વેપાર કરે છે. અને ૪ નોકરી કરે છે.

ઉપરોકત કોષ્ટક પરથી તારણ નીકળે છે કે નોકરી કરતાં પુરુષો અને ગૃહકાર્ય કરતી સ્ત્રીઓની સંખ્યા વધુ છે. તેની સામે કોઈપણ પોતે પુરુષ ગૃહકાર્ય કરતો હોવાનું જણાવ્યું નથી. સાથોસાથ એ પણ જાણવા મળ્યું કે અભ્યાસ કરતા યુવક યુવતીઓ પાર્ટટાઈ જોબ કે અન્ય કાર્ય કરી થોડી આવક મેળવી લે છે. સ્ત્રીઓ અને પુરુષો બંનેના કોષ્ટક પર નજર કરતા આંકડાનો મોટો તફાવત નજરે પડે છે. આટલી માહિતી જે તે વ્યકિતની અંગત માહિતી સ્વરૂપે લેવામાં આવી હતી. હવે, પ્રશ્નાવલિના પ્રથમ પ્રશ્ન પર નજર કરીએ.

## પ્ર–૧ મુંબઈથી પ્રસિદ્ધ થતાં ગુજરાતી સમાચારપત્રો નિયમિત વાંચો છો ?

આ પ્રશ્નના જવાબ 'હા'માં આપનારા વ્યકિતઓ ૧૦૦% છે. આ પરથી સાબિત થાય છે કે મોટા ભાગના ગુજરાતી અને વર્તમાન સમયની જાણકારી મેળવવા ગુજરાતી વર્તમાન પત્રોનો ઉપયોગ કરે છે. ફકત મુંબઈ શહેરમાંથી જ લોકો વાંચવા ટેવાયેલા હોય તેવા અને પ્રખ્યાત કહી શકાય તેવા ૮ ગુજરાતી વર્તમાન પત્રો બહાર પડે છે.

## પ્ર–૨ મુંબઈ સમાચાર અને જન્મભૂમિ નિયમિત વાંચો છો ?

| પુરુષો | | સ્ત્રીઓ | |
|---|---|---|---|
| હા | ૯૧ | હા | ૮૭ |
| ના | ૯ | ના | ૧૩ |






Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કુલ ૧૦૦ પુરુષોમાંથી ૯૧ પુરુષો નિયમિત રૂપે બંને અખબારો વાંચે છે. જયારે બાકીના ૯ અનિયમિત રૂપે વાંચે છે. સ્ત્રીઓમાં ૮૭ સ્ત્રીઓ નિયમિત મુંબઈ સમાચાર અને જન્મભૂમિ વાંચે છે બાકીની ૧૩ સ્ત્રીઓ અનિયમિત પણે વાંચે છે. પરિણામ બતાવે છે કે ઈલેકટ્રોનિકસ માધ્યમોની ભરમાર વચ્ચે પણ અખબારોનું મહત્ત્વ ઓછું થયું નથી અથવા ઓછું આંકી શકાય તેમ નથી. વળી એ પણ સાબિત થાય છે કે મોટાભાગના ગુજરાતીઓ ગુજરાતી સમાચાર પત્રો વાંચીને સમાચાર વાંચ્યાનો સંતોષ માને છે. સ્ત્રીઓમાં નિયમિત અખબાર વાંચનારની સંખ્યા પુરુષો કરતાં ઓછી છે.

## પ્ર–૩ મુંબઈ સમાચાર અને જન્મભૂમિમાં આવતી પૂર્તિઓ નિયમિત વાંચો છો ?

| પુરુષો | | સ્ત્રીઓ | |
|---|---|---|---|
| હા | ૮૪ | હા | ૮૭ |
| ના | ૧૬ | ના | ૧૩ |




૧૦૦ પુરુષોમાંથી ૮૪ પુરુષો નિયમિત પૂર્તિઓનું વાંચન કરે છે. જયારે ૧૬ પુરુષોએ અનિયમિત વાંચન દર્શાવ્યું છે. આમ પણ પૂર્તિઓના વાંચનમાં પુરુષો સમય મળે તો જ વાંચવાનું વલણ ધરાવતા જોવા મળ્યા હતા.

સ્ત્રીઓમાં પૂર્તિઓ પ્રત્યેનો લગાવ વિશેષ જોવા મળે છે. આ બાબત ઉપરોકત કોષ્ટકના આંકડા પરથી સાબિત થાય છે. ૮૭ સ્ત્રીઓ જે નિયમિત બંને અખબારો વાંચે છે



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેઓ સાથે પૂર્તિ પણ નિયમિત વાંચે જ છે. જયારે ૧૩ સ્ત્રીઓ અનિયમિત વાંચન કરે છે. તેઓ પૂર્તિના વાંચન પ્રત્યે પણ તેવો જ અભિગમ ધરાવે છે. પૂર્તિ પર તેઓ અનિયમિત રૂપે ફકત નજર જ કરતા હશે તેમ ધારી શકાય.

વર્તમાન સમયમાં પૂર્તિએ અખબારનું અભિન્ન અંગ બની ગઈ છે. તે ઉપરોકત કોષ્ટક પરથી સાબિત થાય છે. સ્ત્રીઓમાં ગૃહકાર્ય કરતી અને પાર્ટટાઈમ જોબ કરતી સ્ત્રીઓનું પ્રમાણ વધારે હોવાથી તેઓ પાસે પૂર્તિ વાંચવા જેટલો સમય બચે છે. વળી, પૂર્તિમાં સ્ત્રીને ધ્યાનમાં લઈને ઘણી કટારો અને લેખો લખવામાં આવે છે. વાનગી, ઘરગથ્થુ ટીપ્સ, બાળઉછેર, ફેશન,સાંસારિક વગેરે અનેક મુદ્દાઓને પૂર્તિઓમાં નિયમિત સ્થાન મળતું હોવાથી સ્ત્રીઓ વધારે પૂર્તિઓ વાંચે છે. જયારે પુરુષોનો મોટોભાગનો સમય નોકરી કે ધંધામાં જતો રહે છે. વર્તમાન પત્ર તેઓ વર્તમાન સમાચાર મેળવવાના હેતુસર વાંચે છે પણ પૂર્તિમાં આ બાબત લાગુ પડતી નથી તેથી પૂર્તિ વાંચનમાં પુરુષો સ્ત્રીઓ કરતાં પાછળ છે.

**પ્ર–૪ બંને દૈનિકમાં પ્રકાશિત થતા કયા પ્રકારના સમાચારો તમને વિશેષ ગમે છે ?**

| સમાચારો | પુરુષો | | સ્ત્રીઓ | |
|---|---|---|---|---|
| | મું.સ. | જ.ભૂ. | મું.સ. | જ.ભૂ. |
| સ્થાનિક | ૭૮ | ૭૫ | ૮૭ | ૮૧ |
| રાષ્ટ્રીય | ૭૩ | ૭૮ | ૫૧ | ૪૯ |
| સામાજિક | ૬૮ | ૭૦ | ૭૨ | ૭૬ |
| ટીટ્સબીટ્સ | ૫૨ | ૫૯ | ૬૯ | ૬૩ |
| વ્યાપાર ઉદ્યોગ | ૮૯ | ૮૨ | ૩૩ | ૨૮ |
| તંત્રી લેખ | ૮૬ | ૬૬ | ૪૨ | ૩૭ |
| ખેલ સમાચાર | ૪૭ | ૫૩ | ૨૫ | ૨૮ |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાદેશિક | ૫૨ | ૬૯ | ૫૨ | ૫૯ |
| આંતરરાષ્ટ્રીય | ૭૯ | ૬૮ | ૩૩ | ૩૬ |
| ફિલ્મ જગત/ટીવી | ૮૬ | ૭૮ | ૭૩ | ૭૧ |
| ધાર્મિક | ૨૬ | ૨૧ | ૬૬ | ૫૯ |
| રાજકીય | ૭૬ | ૬૫ | ૪૩ | ૫૧ |
| અવસાન નોંધ | ૭૧ | ૬૨ | ૬૮ | ૫૭ |
| અન્ય | ૮૩ | ૭૯ | ૭૩ | ૬૬ |

ઉપરોકત કોષ્ટક વિગતવાર સમજીએ. અમુક પ્રકારના સમાચારોમાં સ્ત્રીઓ અને પુરુષોમાં વાંચનના આંકડામાં મોટો તફાવત જોવા મળે છે. જયારે 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'ની તુલના કરીએ તો કોઈક સમાચાર 'મુંબઈ સમાચાર'માં વધુ વંચાય છે. તો કોઈક 'જન્મભૂમિ'માં વધુ વાંચે છે. પુરુષોના કોષ્ટકમાં જોઈએ તો મુંબઈ શહેરના સ્થાનિક સમાચારો 'મુંબઈ સમાચાર'માં વધુ વંચાય છે. ૮૭ લોકો 'મુંબઈ સમાચાર'ના સ્થાનિક સમાચાર વાંચે છે જયારે ૭૫ વ્યકિત 'જન્મભૂમિ'માંથી સ્થાનિક સમાચાર વાંચે છે.

આ સંશોધન અહેવાલમાં વાચકો તરફથી વાચન સામગ્રીને અગ્રતા ક્રમ આપવા અંગે પૂછાયેલા આ પ્રશ્નના ઉત્તરમાં મળતી માહિતી અનુસાર સ્થાનિક અને રાષ્ટ્રીય સમાચાર સૌથી વધુ વંચાય છે.

આ પરથી જાણી શકાય છે કે લોકો સૌથી વધુ રસ પોતાના શહેરમાં બનતી ઘટનાઓ અને રાષ્ટ્રીય સ્તરે બનતી ઘટનાઓમાં લે છે. આ બાબત સ્વાભાવિક રીતે સ્વીકાર્ય પણ છે.

આ સિવાય સ્ત્રીઓની સરખામણીમાં પુરુષો વ્યાપાર ઉદ્યોગના સમાચારને વધુ મહત્ત્વ આપે છે. 'મુંબઈ સમાચાર'માં ૮૯ અને 'જન્મભૂમિ'માં ૮૨ પુરુષોએ વ્યાપાર સમાચારમાં રસ દાખવ્યો છે. જયારે સ્ત્રીઓમાં આજ પ્રમાણ ૩૩ અને ૨૮નું રહ્યું છે. આ આંકડા પરથી સાબિત થાય છે કે સ્ત્રીઓ વ્યાપાર સમાચારમાં ઓછો રસ લે છે. સામાજિક સમાચાર વાંચનમાં સ્ત્રીઓનું પુરુષો કરતાં વધુ વાંચન સાબિત થાય છે. 'મુંબઈ સમાચાર'માં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૬૮ પુરુષની સામે ૭૨ સ્ત્રીઓ અને 'જન્મભૂમિ'માં ૭૦ પુરુષોની સામે ૭૬ સ્ત્રીઓ સામાજિક સમાચાર વાંચે છે.

તંત્રીલેખની વાત કરીએ તો 'મુંબઈ સમાચાર' કરતાં 'જન્મભૂમિ'ના તંત્રીલેખો વધુ વંચાય છે. 'મુંબઈ સમાચાર'માં ૫૬ પુરુષો સામે 'જન્મભૂમિ'માં ૬૬ પુરુષોએ તંત્રીલેખ વાંચતા હોવાનું સ્વીકાર્યું છે. સ્ત્રીઓને તંત્રીલેખ વાંચવામાં ઓછો રસ છે. ખેલ સમાચાર વાંચવામાં પણ પુરુષો સ્ત્રીઓ કરતાં વધી જાય છે. સરેરાશ 'મુંબઈ સમાચાર' કરતાં 'જન્મભૂમિ' ખેલ જગતના સમાચારને વધુ મહત્ત્વ આપે છે. પુરુષોમાં અનુક્રમે ૪૭ અને ૫૩ના આંક સામે સ્ત્રીઓ ૨૫ અને ૨૮ ટકા જ વાંચે છે. પ્રાદેશિક સમાચારો 'મુંબઈ સમાચાર' કરતાં 'જન્મભૂમિ'માં વધુ વિસ્તૃત રીતે લખાય છે. આથી સ્ત્રીઓ અને પુરુષો બંને પ્રાદેશિક સમાચાર 'જન્મભૂમિ'માંથી વાંચવા વધુ પસંદ કરે છે. 'જન્મભૂમિ'માં વર્ષોની પ્રથા પ્રમાણે સૌરાષ્ટ્ર અને ગુજરાતના સમાચારો માટે એક અલગ પાનું જ ફાળવવામાં આવે છે. મુંબઈમાં વસતો ગુજરાતી પોતાના પ્રાંતના સમાચાર જાણવા 'જન્મભૂમિ' પસંદ કરે તે સ્વાભાવિક છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે મોટા પાયે બનતી ઘટનાઓના સમાચાર બંને અખબારોમાં પ્રથમ પાને સ્થાન પામે છે. આ સમાચારોમાં પણ સરેરાશ પુરુષોની વાચક સંખ્યા વધુ છે.

ફિલ્મ જગતના મનોરંજક સમાચારો સ્ત્રીઓ અને પુરુષો લગભગ સરખા પ્રમાણમાં વાંચે છે. જેમાં બંને વચ્ચે વધુ તફાવત જણાતો નથી. ધાર્મિક સમાચારો પુરુષો ખૂબ ઓછા પ્રમાણમાં વાંચે છે. 'મુંબઈ સમાચાર' સામે ૨૬ અને 'જન્મભૂમિ' સામે ૨૧ પુરુષોએ ટીક માર્ક કર્યું છે. જ્યારે સ્ત્રીઓનું ધાર્મિક વાંચન વધુ છે. 'મુંબઈ સમાચાર'માં ૬૬ અને 'જન્મભૂમિ'માં ૫૯ સ્ત્રીઓએ ટીક માર્ક કર્યું છે. રાજકીય સમાચારો પુરુષો વધુ વાંચે છે. 'મુંબઈ સમાચાર' કરતાં 'જન્મભૂમિ'માં રાજકીય સમાચારો વધુ રસપ્રદ શૈલીથી રજૂ થાય છે. અવસાન નોંધ 'મુંબઈ સમાચાર'માં વધુ વંચાય છે. આમ પણ 'મુંબઈ સમાચાર'ની અવસાન નોંધ અન્ય અખબારોની તુલનામાં વિશેષ છપાય છે. અન્ય સમાચારોમાં પણ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેનું પ્રમાણ બરાબર છે. 'મુંબઈ સમાચાર' સવારનું દૈનિક છે અને 'જન્મભૂમિ' સાંજનું દૈનિક છે. તેથી બંને અખબાર વાંચનારો વર્ગ મળી રહે છે. ટકાવારી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જોતાં ખ્યાલ આવે છે કે સરેરાશ પ્રજાને સવારમાં સમાચાર વાંચવાની ટેવ વધુ હોય છે. તેમ છતાં અન્ય સાંધ્ય અખબારો વચ્ચે 'જન્મભૂમિ'એ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. તે બાબત તેના ૨૦૦ વાચકોમાંથી ૧૨૦% પ્રાપ્ત થયા તે પરથી સાબિત થાય છે. ઉપરોકત કોષ્ટક પરથી સ્ત્રીઓ અને પુરુષોની પસંદગી અને રસ રુચિનો ખ્યાલ આવી શકે છે.

કુલ ટકાવારી જોઈએ તો ૧૦૦ સ્ત્રીઓ અને ૧૦૦ પુરુષો કુલ મળી ૨૦૦ વાચકોમાંથી ૧૨૩% 'મુંબઈ સમાચાર' અને ૧૨૦% 'જન્મભૂમિ'ના સમાચારો વાંચે છે. આ ટકાવારી બંને અખબાર વાંચનારાઓની છે.

## પ્ર–૫ બંને અખબારોમાં આવતી પૂર્તિઓમાં તમને કઈ પૂર્તિ વિશેષ ગમે છે ?

| વાર | મુંબઈ સમાચાર | | | જન્મભૂમિ | | |
|---|---|---|---|---|---|---|
| | પૂર્તિ | પુરુષો | સ્ત્રીઓ | પૂર્તિ | પુરુષો | સ્ત્રીઓ |
| રવિવાર | વરાઈટી | ૬૮ | ૬૨ | મધુવન | ૭૧ | ૭૩ |
| સોમવાર | બિઝનેસ સમાચાર | ૮૧ | ૩૫ | | | |
| મંગળવાર | મેટ્રો | ૫૯ | ૬૭ | | | |
| બુધવાર | મેટિની | ૬૨ | ૬૫ | મેઘધનુષ | ૬૫ | ૬૨ |
| ગુરૂવાર | મેટ્રો | ૭૩ | ૬૮ | | | |
| શુક્રવાર | વામા | ૨૮ | ૮૨ | | | |
| શનિવાર | વીક એન્ડ | ૫૮ | ૬૦ | મહેક | ૬૧ | ૬૯ |






Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આગળ પ્રશ્ન–૩માં પૂછવામાં આવેલા સવાલના જવાબમાં ૮૪ પુરુષોએ નિયમિત પૂર્તિ વાંચન અને ૧૬ પુરુષોએ અનિયમિત પૂર્તિ વાંચન દર્શાવ્યું હતું. જયારે ૧૦૦ સ્ત્રીઓમાંથી ૮૭ સ્ત્રીઓએ નિયમિત અને ૧૩ સ્ત્રીઓએ અનિયમિત પૂર્તિ વાંચન દર્શાવ્યું હતું. આ પરથી સાબિત થયું કે સ્ત્રીઓ પૂર્તિના વાંચનમાં વિશેષ રસ ધરાવે છે. તેનાથી એક પગલું આગળ અહીં એ પૂછવામાં આવ્યું છે કે કઈ કઈ પૂર્તિ વિશેષ ગમે છે.

મુંબઈ સમાચારમાં અઠવાડિયાના સાતેય દિવસ પૂર્તિ બહાર પડે છે. જયારે જન્મભૂમિમાં અઠવાડિયાના ૩ દિવસ રવિવાર, બુધવાર અને શનિવારે જ પૂર્તિ બહાર પડે છે. આથી બંનેની તુલના કરવી યોગ્ય ન ગણાય. પણ બંને અખબારમાં વાચકો કયા પ્રકારનું વાચન વિશેષ પસંદ કરે છે તે જરૂર જાણી શકાય.

નિયમિત પૂર્તિ વાંચનારા ૮૪ પુરુષોમાંથી ૬૮ પુરુષો વરાઈટી વાંચે છે. જયારે ૮૪માંથી ૮૧ પુરુષો બિઝનેશ સમાચાર વાંચે છે. નોકરી અને વેપાર કરતા દરેક પુરુષને બિઝનેસની પૂર્તિમાં રસ પડે છે. આમ આખા અઠવાડિયામાં પુરુષો દ્વારા વધુ બિઝનેશ સમાચાર વંચાય છે. પુરુષો શુક્રવારની વામા પૂર્તિ સૌથી ઓછી વાંચે છે. કારણ કે તે સ્ત્રીઓ માટેની પૂર્તિ છે. ને તેમાંના મોટા ભાગના લેખો સ્ત્રીઓને જ લગતા હોય છે. આથી સ્વાભાવિક છે કે પુરુષોને તેમાં રસ ન પડે. મનોરંજનની મેટિની પણ ૬૨ પુરુષો વાંચે છે જયારે મંગળવારનું મેટ્રો અને ગુરૂવારનું મેટ્રો પણ પ્રમાણમાં સારા આંક ધરાવે છે. ૮૪ માંથી ૫૮ પુરુષો શનિવારની વિક એન્ડ પૂર્તિ વાંચે છે.

જયારે પૂર્તિઓનું નિયમિત વાંચન કરતી ૮૭ સ્ત્રીઓમાંથી સૌથી વધુ ૮૨ સ્ત્રીઓ શુક્રવારની વામા પૂર્તિ વાંચે છે. ત્યાર બાદ મંગળવારનું મેટ્રો અને મનોરંજન પૂરું પાડતી મેટિની વંચાય છે. સૌથી ઓછી બિઝનેસ સમાચાર પૂર્તિ વંચાય છે. નોકરી અને વેપાર કરતી સ્ત્રીઓ જ બિઝનેસ સમાચાર વાંચે છે. નોકરી અને વેપાર કરતી કુલ ૪૪ સ્ત્રીઓમાંથી ૩૫ સ્ત્રીઓએ બિઝનેસ સમાચાર સામે ટીક માર્ક કર્યું હતું. કુલ ૮૭માંથી ૬૦ સ્ત્રીઓ શનિવારની વિક એન્ડ પૂર્તિ વાંચે છે. 'મુંબઈ સમાચાર'ની સાત દિવસની પૂર્તિઓમાં ઘણી વિવિધતા જોવા મળી છે. આથી મોટા ભાગે દરેક પ્રકારના લોકોને પોતાની પસંદગી પ્રમાણે વાચન સામગ્રી મળી રહે છે. ઉપરોકત કોષ્ટક જોતાં એ તારણ પણ નીકળે છે કે પુરુષોને રસ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પડે તેવી બિઝનેસ સમાચાર પૂર્તિ થોડી સ્ત્રીઓ પણ વાંચે છે જયારે સ્ત્રીઓના વિષય પર બહાર પડતી 'વામા' અમુક ટકા પુરુષો પણ વાંચે.

ટકાવારી પ્રમાણે જોઈએ તો ૬૧% પુરુષો અને ૬૩ % સ્ત્રીઓ 'મુંબઈ સમાચાર'ની પૂર્તિ વાંચે છે. આ પરથી અનુમાન બાંધી શકાય છે કે 'મુંબઈ સમાચાર'નું વાચન કરતા લોકોએ પૂર્તિને માનભેર આવકારી છે.

'જન્મભૂમિ'ના આંકડા પર નજર કરીએ તો અઠવાડિયામાં ફકત ૩ દિવસ આવતી પૂર્તિઓનો વાચક વર્ગ મોટો છે. કારણ કે ત્રણેય પૂર્તિ માહિતીથી ભરપુર હોય છે. નિયમિત પૂર્તિ વાંચતા ૮૪ પુરુષોમાંથી ૭૧ મધુવન વાંચે છે. આ પૂર્તિની ખાસિયત એ છે કે તે રવિવારે આવે છે અને તેમાં મોટા ભાગના લોકોને રસ પડે તેવા દરેક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવે છે. ત્યાર બાદ ૬૫ પુરુષો મેઘધનુષ વાંચે છે. પ્રશ્નાવલિ જોતાં ખ્યાલ આવે કે નિવૃત્ત અને નોકરી કરતાં પુરુષો મેઘધનુષ વધુ વાંચે છે. ૬૧ પુરુષો શનિવારે પ્રકાશિત થતી મહેક પૂર્તિ વાંચે છે. આ પૂર્તિમાં સ્પોર્ટસ,ફેશન અને ફિલ્મ જગતના સમાચાર આવતા હોવાથી તેને વાચક વર્ગ મળી રહે છે.

નિયમિત પૂર્તિ વાંચતી ૮૭ સ્ત્રીઓમાંથી ૭૩ સ્ત્રીઓ મધુવન વાંચે છે. જયારે ૬૨ સ્ત્રીઓ મેઘધનુષ વાંચે છે. કુલ ૮૭માંથી ૬૯ સ્ત્રીઓ મહેકનું વાંચન કરે છે. આંકડા જોતાં ખ્યાલ આવે કે પૂર્તિ વાંચનમાં સ્ત્રીઓનું પ્રમાણ ઊંચું છે.

'જન્મભૂમિ' સાંધ્ય દૈનિક હોવાથી તેમાં પૂર્તિઓનું પ્રમાણ ઓછું રાખવામાં આવ્યું હશે. તેમ માની શકાય. 'જન્મભૂમિ'માં નિયમિત વાચક વર્ગને ધ્યાનમાં રાખીને લેખો લખવામાં આવે છે. આંકડાઓ જોતાં તારણ નીકળે છે કે રવિવારે પ્રકાશિત થતી મધુવન વધુ રસ સભર તેની કક્ષામાં બુધવારની મેઘધનુષ પૂર્તિ ઓછી વંચાય છે.

ટકાવારી પ્રમાણે જોઈએ તો ૬૬% પુરુષો અને ૬૮% સ્ત્રીઓ જન્મભૂમિની પૂર્તિ વાંચવામાં રસ ધરાવે છે. પરંતુ અગાઉ કહ્યું તેમ બંને અખબારોના વાચકોની ટકાવારીની



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તુલના ન થઈ શકે કારણ કે એક અખબાર સાત પૂર્તિ બહાર પાડે છે અને બીજી ત્રણ પૂર્તિ બહાર પાડે છે.

### પ્ર—૬ બંને અખબારોમાં કઈ ખૂટતી માહિતી ઉમેરવાની આપને જરૂરિયાત લાગે છે ?

ઉપરોકત પ્રશ્નના જવાબમાં વાચકે શબ્દોમાં પોતાનું મંતવ્ય રજૂ કરવાનું હતું. જેમાં પ્રથમ 'મુંબઈ સમાચાર' અને પછી 'જન્મભૂમિ' વિષે માહિતી મંગાવવામાં આવી હતી. કુલ ૨૦૦માંથી નિયમિત બંને અખબાર વાંચતા ૧૭૮ લોકોએ આ પ્રશ્નનો જવાબ આપ્યો હતો. અનિયમિત વાંચન કરતાં ૨૨ લોકોમાંથી ૭ લોકોએ 'મુંબઈ સમાચાર' વિષે અને બાકીના ૧૫ લોકોએ 'જન્મભૂમિ' વિષે માહિતી લખી હતી. અનિયમિત વાંચન કરતા ૨૨ લોકોએ બંને અખબારો વિષે પોતાનું મંતવ્ય આપવાનું ટાળ્યું હતું.

સૌપ્રથમ મુંબઈ સમાચારમાં ખૂટતી માહિતી ઉમેરવા બાબતે વાચકોએ આપેલાં મંતવ્યો જોઈએ.

- સ્ત્રી વાચકોએ ભરીને પરત કરેલી પ્રશ્નાવલિ પૈકીની મોટાભાગની બહેનોએ વિષય વૈવિધ્ય તરીકે કારકિર્દી,ગૃહસ્થ જીવનની વાતો,ફેશન અને ગૃહ સજાવટ,દામ્પત્યજીવનની સમસ્યાઓ અને ઉપાયો વગેરે વિષયો પર ભાર મૂકયો હતો.
- ૧૪ પુરુષો અને ૨૯ સ્ત્રીઓએ એવું મંતવ્ય આપ્યું હતું કે V ટીમ અને મેટ્રો ટીમમાં ઘણા અજાણ્યા પત્રકારો અને નવાસવા લેખકો હાથ અજમાવે છે. દરેકનું લખેલું વાંચવું નથી ગમતું. પહેલા જેવા જાણીતા લેખકોની ખોટ વર્તાય છે.
- 'મુંબઈ સમાચાર' દ્વારા અઠવાડિયામાં પ્રકાશિત થતી પૂર્તિઓમાં ચોકકસ વારે ધાર્મિક પૂર્તિનું પ્રકાશન થાય તેવી કેટલીક સ્ત્રી વાચકોએ અને વયસ્ક વાચકોએ ઈચ્છા વ્યકત કરી હતી. ઉપરાંત હપ્તાવાર પૌરાણિક કથાઓ પણ આપવી જોઈએ તેમ જણાવ્યું હતું.
- ગૃહકાર્ય કરતી સ્ત્રીઓ અને યુવા વાચકોએ જણાવ્યું હતું કે 'મુંબઈ સમાચાર' શેરબજારના આંકડા આપવા પાછળ ત્રણથી ચાર પાનાં રોકે છે આટલા ઝીણા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આંકડા વાંચવા માટે કોની પાસે સમય છે? વળી હવે તો ટીવીમાં તાજા સમાચાર અને શેરબજારના ભાવ જોવા લોકો ટેવાયેલા છે આથી તેની પાછળ વ્યર્થ પાનાં ન બગાડવાં જોઈએ.

- પુરુષ અને સ્ત્રી વાચકો બંનેએ એ બાબત પર ધ્યાન દોર્યું કે, દરેક પૂર્તિમાં ફેશનના સમાચાર તો આવે જ છે. ભલે બાળકો માટે કોઈ અલગ પૂર્તિ બહાર ન પાડો પણ તેના વિશેષ વિભાગમાં વૈજ્ઞાનિક સમાચાર અને બાળવાર્તાઓને સ્થાન આપવું જરૂરી છે.
- અભ્યાસ કરતા યુવકો અને યુવતીઓએ કેરિયર અને અભ્યાસને લગતી માહિતી ઉપરાંત વર્તમાન સમયમાં કયા કોર્ષની કેટલી ડિમાન્ડ છે? વગેરે વિષે વિશેષ સામગ્રી છપાય તેવી ઈચ્છા વ્યકત કરી હતી.
- આશ્ચર્ય થાય તેવું એક મંતવ્ય એ પણ જાણવા મળ્યું કે નોકરી કે વેપારમાં સતત વ્યસ્ત રહેતા કેટલાક વાચકોએ લખ્યું હતું કે પૂર્તિઓ જરૂરત કરતાં વધારે આવે છે. વળી તે પણ, ૪ પાનાને બદલે ૧૨ કે ૧૪ પાનાની હોય છે આટલું વાંચવાનો સમય જ નથી મળતો તેથી ખોટો કાગળનો વ્યય રોકવો જોઈએ.
- આજ બાબત ને લગતું બીજું એક મંતવ્ય એ પણ હતું કે પૂર્તિઓમાં વધુ માહિતી હોવાને કારણે બધું વાંચી નથી શકાતું. જો એકાદ દિવસ પૂર્તિ ન હોય તો પણ ચાલે.
- કેટલાક પ્રૌઢ અને પીઢ વાચકોએ જણાવ્યું હતું કે સમયની સાથે ચાલવાની રેસમાં મુંબઈ સમાચારે તેની અમુક પ્રણાલીઓમાં ફેરફાર કર્યા છે. પહેલાં સભ્ય અને જોવાલાયક તસવીરો જ છપાતી હવે થોડા બોલ્ડ ફોટા પણ જોવા મળે છે. જે છાપવાની કોઈ જરૂરિયાત નથી હોતી.
- ગૃહકાર્ય કરતી અમુક બહેનોએ ઈચ્છા વ્યકત કરી હતી કે હસ્તકલા અને ગૃહઉદ્યોગને લગતી માહિતી નથી આવતી. જો છપાય તો પણ ખૂબ ઓછી હોય છે. તેના માટે અન્ય મેગેઝીનનો સહારો લેવો પડે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- મુંબઈના પુરુષ વાચકોએ મહાનગરમાં બનતી ગુનાખોરીને લગતી ઘટનાઓના સમાચાર અને તેના વિશ્લેષણો પર વધુ ધ્યાન આપવામાં આવે તેવી ભલામણ કરી હતી.
- કેટલાક સંતોષી વાચકોએ એમ જણાવ્યું હતું કે અઠવાડિયાના સાતેય દિવસની પૂર્તિઓ અને અખબારનાં ૧૬ પાનામાં એટલી બધી માહિતી આવે છે કે શું ખૂટે છે તેજ યાદ નથી આવતું. તેઓના મતે 'મુંબઈ સમાચાર' ગુજરાતી વાચકોની જરૂરિયાતોને સંતોષે છે.

અહીં વિવિધ ૨૦૦ પ્રશ્નાવલિમાં વાચકો દ્વારા આપવામાં આવેલા વિવિધ મંતવ્યોને રજૂ કરવામાં આવ્યા છે. ઘણીવાર એકજ વિચાર અલગ અલગ ૩૫ પ્રશ્નાવલિમાં જોવા મળે તો કોઈક મંતવ્યો એક બે વ્યકિત જ સૂચવે. દા.ત. વૈજ્ઞાનિક સમાચાર અને બાળ પૂર્તિ આપવા વિષે ૫૮ લોકોએ ઈચ્છા દર્શાવી હતી. જયારે હસ્તકલા અને ગૃહઉદ્યોગને લગતી માહિતી છાપવા વિષે ફકત ૪ જ સ્ત્રીઓએ ઈચ્છા દર્શાવી હતી.

ઉપરોકત વિગતોને આધારે તારણ નીકળે છે કે, સરેરાશ વાચક વર્ગ અખબારની સાથે પૂર્તિ પણ નિયમિત વાંચે છે. વાચકોને કયા પ્રકારની માહિતી જોઈએ છે તેના વિષે પણ તેઓ સ્પષ્ટ છે. સાતેય દિવસની પૂર્તિમાં એટલી બધી માહિતી આવે છે કે શું ખૂટે છે તેજ યાદ નથી આવતું તેવું કહેનારા વાચકોની સંખ્યા ૫૦થી પણ વધુ છે. તેથી સાબિત થાય છે કે 'મુંબઈ સમાચાર'ની પૂર્તિઓમાં ભરપૂર વિશેષ વાંચન પીરસવામાં આવે છે. અમુક મુદ્દાઓ જેવા કે ધાર્મિક,વૈજ્ઞાનિક,બાળ વિભાગ,ગૃહઉદ્યોગને લગતી માહિતી, શહેરમાં બનતી ગુનાખોરીની ઘટનાઓ પર વિશ્લેષણાત્મક ચર્ચા, કેરિયર–અભ્યાસને લગતી માહિતી વગેરે મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવે તેવી મહત્તમ લોકોએ માગણી કરી હતી. અમુક વાચકોએ તો પૂર્તિઓમાં એક દિવસ રજા રાખવાનું પણ સૂચવ્યું હતું. તો વળી સભ્યતા અને સંસ્કૃતિના કેટલાક ચાહકોએ શિષ્ટ અને ભદ્ર ફોટા છપાય તેવો પણ મત વ્યકત કર્યો હતો.

હવે જન્મભૂમિમાં ખૂટતી માહિતી વિષે વાચકોનો શું મત છે તે જાણીએ.

- મોટાભાગના વાચકોએ એવું મંતવ્ય વ્યકત કર્યું હતું કે તેમાં આંતર રાષ્ટ્રીય અને વૈજ્ઞાનિક સમાચારો ઘણાં ઓછા પ્રમાણમાં આવે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- સાંધ્ય અખબાર વાંચવાની ટેવ ઘણા વાચકોએ 'જન્મભૂમિ'માં પૂર્તિઓની સંખ્યા વધારવાની ભલામણ કરી હતી.
- આ પ્રશ્નાવલિમાં સમાવિષ્ટ કરવામાં આવેલા પ્રૌઢ અને સ્ત્રી વાચકોએ આરોગ્ય અને સાહિત્ય વિષયક સામગ્રીનું પ્રમાણ વધારવામાં આવે તેવી ભલામણ કરી હતી.
- સ્ત્રીઓ અને પુરુષોની પસંદ અને વિચારમાં ઘણો તફાવત જોવા મળે છે. આ વાતને સાબિત કરતું એક મંતવ્ય એવું પણ હતું કે 'જન્મભૂમિ'માં સાહિત્યને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આથી નોકરી કરતાં પુરુષોએ સાહિત્યને લગતી બાબતો કરતા માહિતીપ્રદ લેખોનું નિયમિત પ્રકાશન કરવામાં આવે તેવું સૂચન વ્યકત કર્યું હતું.
- કોલેજ અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા યુવક યુવતીઓએ કારકિર્દી વિષયક લેખની સામગ્રીમાં વધારો કરવાનો આગ્રહ રાખ્યો હતો.
- કેટલાક વાચકોએ એવું લખ્યું છે કે 'જન્મભૂમિ'ની પૂર્તિમાં કથા, વાર્તા,કવિતા વગેરે વધારે આવે છે. જયારે આજકાલની પ્રજાને અલગ અલગ સમાચાર અને તાજી બનતી ઘટનાઓ પર ચર્ચા લેખો વગેરે વાચવાં વધું ગમે છે.
- યુવા વાચકોએ જણાવ્યું છે કે પૂર્તિઓ ઓછી છે જ સાથોસાથ યુવાન લોકોને આકર્ષણ થાય તેવું ખૂબજ ઓછું છપાય છે. તેથી યુવા વાચક વર્ગ ખૂટે છે.
- સમગ્ર વિશ્વ કમ્પ્યુટર ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આ ક્ષેત્રે નવા નવા સંશોધનો અંગેની માહિતી અખબારમાં સમાચાર સ્વરૂપે આવે અને તેને લગતા વિવિધ કોર્ષની માહિતી મળે તેવી યુવા વર્ગની માગ રહી હતી.
- પ્રૌઢ લોકોએ આરોગ્ય લક્ષી લેખો અને સમાચારોને પણ મહત્ત્વ આપવામાં આવે તેવી માંગણી કરી હતી.
- બાળકો અને સ્ત્રીઓ માટેની વિશેષ પૂર્તિની માગ ઘણા વાંચકોએ કરી હતી.
- એકંદરે લોકોને ફેરફાર ગમે છે આથી કેટલાક તેજીલા વાચકોએ 'જન્મભૂમિ'ને પોતાના જૂના રીતિ રિવાજ છોડવાની સલાહ પણ આપી હતી.
- ગૃહકાર્ય કરતી અમુક સ્ત્રીઓએ જણાવ્યું હતું કે તહેવારોના દિવસોમાં બંને અખબારો ફકત જાહેરખબરથી જ ભરેલા હોય છે. તે દિવસોમાં સમાચારોને તો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

કોઈ સ્થાન જ નથી મળતું તંત્રીઓએ અખબારનો મૂળ હેતુ જાળવી રાખવો જોઈએ. ઘટનાઓ તો તે દિવસમાં પણ બને જ છે.

- પૂર્તિઓના માળખામાં સુધારો અને પ્રિન્ટિંગમાં પણ સુધારાની માગણી થઈ હતી.
- વર્તમાન સમયમાં લોકોને બીબાઢાળ ગ્રાફિક અને છાપકામ નથી ગામતાં તેમને ફેરફાર જરૂરી લાગે છે. 'જન્મભૂમિ'ને નવાં કપડાં પહેરાવી તૈયાર કરવાની જરૂર છે. તોજ નવા અખબારો સામે તે ટકી શકશે. મુંબઈમાંથી નીકળે છે એટલે મુંબઈના સમાચારને વધુ મહત્ત્વ આપવું જોઈએ તેવી ઘણા વાચકોએ માગણી કરી છે.

પોતાના અખબારને સંપૂર્ણ માનતા લોકોને પણ જો બીજી દિશામાં વિચારવાનો અવકાશ મળે તો તેઓ જરૂર અલગ વિચારી શકે છે. અહીં પણ બંને અખબારો માટે એજ વાત લાગું પડે છે. જન્મભૂમિએ ૨૦૦૯માંજ ૭૫ વર્ષ પૂર્ણ કર્યાં છે. પણ હવે યુગ બદલાયો છે. ૨૧મી સદીના માણસોના રસ રુચિ બદલાયાં છે. આઝાદીના ઉદ્દેશથી શરું થયેલા આ અખબારને હવે એ જાણવું જરૂરી છે કે લોકો આઝાદીથી વિશેષ આગળ આવી ગયા છે. સમય બદલાયો છે. તેમ સમસ્યાઓ પણ બદલાઈ છે. દરેક ક્ષેત્રમાં હરીફાઈએ હરણફાળ ભરી છે. જન્મભૂમિમાં સાહિત્યને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે.

ઉપરોકત મુદ્દાઓ પર નજર કરતાં તારણ નીકળે છે કે યુવા પેઢીને સાહિત્યમાં ખાસ રસ પડતો નથી. મેટ્રો સિટીના પુરુષો પણ માહિતીપ્રદ લેખોનું નિયમિત પ્રકાશન ઈચ્છે છે. વાર્તા અને કવિતા કરતાં લોકો તાજી બનતી ઘટનાઓ પર ચર્ચા લેખો વાંચવા વધુ પસંદ કરે છે. યુવાધનને કારકિર્દીલક્ષી માહિતીમાં વધુ રસ રુચિ હોય છે. તો પ્રૌઢ લોકોને આરોગ્યલક્ષી લેખો વાંચવામાં રસ પડે છે. બાળકો અને સ્ત્રીઓ માટે એક અલગ જ પૂર્તિ હોવી જોઈએ. તેવી પણ માગ  ઊઠી છે. તો સાથોસાથ કેટલાક વાચકોએ જન્મભૂમિને પોતાના જૂના રીતિ રિવાજો છોડવાની પણ સલાહ આપી હતી. પૂર્તિઓના માળખામાં ફેરફાર ઉપરાંત પ્રિન્ટિંગ અને ગ્રાફિકમાં પણ સુધારો કરવાનું સૂચન કરાયું હતું. એકંદરે લોકોએ જન્મભૂમિ પાસેથી ઘણી ઊંચી અપેક્ષાઓ રાખી છે તે જાણવા મળે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્ર–૭ મુંબઈથી બહાર પડતાં અન્ય અખબારો કરતાં આ અખબારો કઈ રીતે અલગ પડે છે ?

વ્યકિત નિયમિત જે અખબાર વાંચતી હોય એ તેના માટે એક શ્રેષ્ઠ અખબાર બની જાય છે. તેને એ અખબારનું એક પ્રકારનું વ્યસન થઈ જાય છે. આથી તે પોતે જે નિયમિત અખબાર વાંચે છે. તેની સરખામણી અન્ય અખબારો સાથે કરે છે. આથી બંને અખબારમાં શું અલગ છે અને શું સામ્ય છે તે તેના ધ્યાનમાં આવે છે. અહીં આ પ્રશ્ન ગુજરાતી અને એ સિવાયની અન્ય ભાષાના અખબારો કરતાં 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' કઈ રીતે અલગ છે તે જાણવાનો પ્રયત્ન કર્યો છે.

તો પ્રથમ મુંબઈ સમાચારના વાચકોના મંતવ્યો જોઈએ:

- નોકરી કરતી એક સ્ત્રી વાચકે લખ્યું હતું કે–" આ છાપાને ૧૮૫ વર્ષ થયાં છે. જે કંઈ નાની સિદ્ધિ ન ગણાય. ખૂબજ ધ્યાનપૂર્વક તેઓ સમાચારનું સંપાદન કરે છે. આટલાં નવાં છાપાંઓની વચ્ચે પણ ગુજરાતી પ્રજામાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ગુજરાતી ન જાણતી પ્રજા પણ તેને માન આપે તે ગર્વ લેવા જેવી વાત છે."
- વર્ષોથી મુંબઈ સમાચાર સાથે જોડાયેલા પ્રૌઢ વયના કેટલાક વાચકોના મતે 'મુંબઈ સમાચાર'માં આવતી અવસાન નોંધ શ્રેષ્ઠ કક્ષાની હોય છે. અન્ય અખબારોમાં પણ અવસાન નોંધ આવે છે પણ મુંબઈ સમાચારમાં જ્ઞાતિ પ્રમાણે જે રીતે વ્યવસ્થિત અવસાન નોંધ છપાય છે તે વાંચવી ગમે છે. વધુ સગવડતાભર્યું છે.
- ગૃહિણીઓ અને નોકરી કરતી મહિલાઓએ 'મુંબઈ સમાચાર'માં હપ્તાવાર આવતી નવલકથાનાં પણ વખાણ કર્યાં હતાં. ઉપરાંત વાચક સભામાં પણ વાચકોની લાગણીઓને બરાબર રજૂ કરાય છે તેમ જણાવ્યું હતું. વર્ષોથી છપાતી વાચકસભાના લેખકો તેના વાચકો જ છે. આથી તે હંમેશા અવનવા વિષયોથી ભરપૂર હોય છે.
- 'મુંબઈ સમાચાર'માં મુંબઈ શહેરના ઘણા સમાચારો હોય છે. આથી લોકલ ન્યુઝમાં રસ ધરાવતા લોકો સવારમાં જ મુંબઈ સમાચાર વાંચવુ પસંદ કરે છે. મુંબઈ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

શહેરમાં બનતી રોજની ઘટમાળ ઉપરાંત વિવિધ ક્ષેત્રે વિકાસ અને શહેરની સમસ્યાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવે છે. તેવું પુરુષ વાચક વર્ગનું કહેવું છે.

- કૉલેજ કક્ષાએ અભ્યાસ કરતા યુવકો અને યુવતીઓએ જણાવ્યું હતું કે ૧૮૫ વર્ષ થયા હોવા છતાં તે બુઝર્ગ નથી લાગતું હજુ તો તેની યુવાની શરું થઈ હોય તેમ લાગે છે. તેઓના મતે ગુજરાતી હોવાનો એક ફાયદો એ પણ છે કે 'મુંબઈ સમાચાર' વાચવા મળે છે.
- વેપાર કરતી ચાર સ્ત્રીઓ અને નોકરી કરતા આઠ પુરુષોએ લખ્યું હતું કે, મુંબઈ સમાચારમાં દરેક વર્ગ દરેક ધર્મ કે જાતિ અને ઉંમરની વ્યકિત માટે પર્યાપ્ત માત્રામાં સમાચાર છપાતા હોવાથી બધાની જરૂરિયાત અને જિજ્ઞાસા સંતોષાય છે.
- વેપારમાં વ્યસ્ત રહેતી એક સ્ત્રી વાચકે લખ્યું હતું કે, ''કામના કલાકો વધુ હોવાથી તેમાં આવતી નવલકથાઓ નિયમિત વંચાતી નથી પણ, વાચકોના પત્રો વાંચ્યા પછી ખબર પડે છે કે, નવલકથા પણ ખૂબજ રસપ્રદ આવતી હશે.''
- વેપાર કરતા અમુક પુરુષ વાચકોએ જણાવ્યું કે, સોમવારે આવતી પૂર્તિ બિઝનેસ સમાચારમાં શેરબજાર,વાયદાબજાર,ઈન્વેસ્ટમેન્ટ,કરવેરા અને અર્થતંત્રની માહિતી વિસ્તૃત રીતે જાણવા મળે છે. ઉપરાંત તેમાં તજજ્ઞો દ્વારા અપાતાં સલાહ સૂચનો ઘણાં કામ આવે છે.
- મોટા ભાગના વાચકોનું મંતવ્ય હતું કે, 'મુંબઈ સમાચાર સાથે આવતી સાત દિવસની પૂર્તિઓ અને ૧૬ પાનામાં આવતી માહિતી મુંબઈના અન્ય અખબારો કરતાં 'મુંબઈ સમાચાર'ને અલગ પાડે છે.
- કેટલાક વાચકોએ મુંબઈ સમાચાર દ્વારા છપાતા પંચાંગનાં પણ વખાણ કર્યાં હતાં. તેઓના મતે આખા વર્ષ દરમિયાન આવતી તિથિ તહેવારો અને મુહૂર્તો મુંબઈ સમાચારના પંચાંગમાં વિશ્વસનીય હોય છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- સ્ત્રીઓ અને પુરુષો બંને વાચકોએ જણાવ્યું છે કે 'મુંબઈ સમાચાર'માં અફવાઓને બિલકુલ સ્થાન નથી મળતું. વિવાદાસ્પદ કિસ્સાઓમાં તે તટસ્થ રહે છે. વિવિધ સમાચારોની ખરાઈ કરીને જ તેમાં છપાય છે. આથી તે અલગ છે.
- કેટલાક પુરુષોએ લખ્યું છે કે, તેમાં આવતી ટૂંકી ટચૂકડી જાહેર ખબર વાંચવાથી ઘણો ફાયદો થાય છે. જેમ કે જમીન–મકાન અને જૂની નવી ચીજ વસ્તુઓની લે–વેચ તથા વ્યાપારી ખબરો ઘણી ઉપયોગી નીવડે છે.
- 'મુંબઈ સમાચાર' સૌથી જૂનું સર્વ પ્રથમ ગુજરાતી અખબાર હોવાથી તેણે મુંબઈના દરેક રંગને જોયા છે. વળી તે દરેક ધર્મને માન આપે છે. કુદરતી આફતો સમયે હંમેશા આર્થિક મદદરૂપ થઈને લોક સેવા કરે છે. આમ તે ઘણી રીતે અન્ય અખબારથી અલગ પડે છે. તેવું મંતવ્ય મુંબઈ સમાચારના જૂના વાચકો દ્વારા વ્યકત થયું હતું.

ઉપરોકત મુદ્દાઓ ધ્યાને લઈએ તો  ખ્યાલ આવે કે 'મુંબઈ સમાચાર' અન્ય ગુજરાતી અખબારો અને અન્ય ભાષાકીય અખબારો કરતાં ઘણા મુદ્દાઓમાં અલગ પડે છે. મુંબઈ સમાચાર પ્રથમ ગુજરાતી અખબાર હોવાથી તે ઘણા ઘરોમાં પેઢીઓથી વંચાય છે. વર્ષોથી તેની સાથે જોડાયેલા વાચકોના મતે તે હંમેશા લોકોને મદદરૂપ બન્યું છે. તેમાં આવતી અવસાન નોંધ પર લોકોને એટલી હદે વિશ્વાસ છે કે લોકો તેને સત્યજ માને છે. વળી તે કયારેય વાદ વિવાદ કે અફવાઓને હવા નથી આપતું. બધી પ્રશ્નાવલિઓના જવાબ વાંચ્યા પછી એ તારણ નીકળે છે કે, સમાજના દરેક વર્ગને 'મુંબઈ સમાચાર' કયાંકને કયાંક તો સ્પર્શે જ છે.કદાચ એવો કોઈ ગુજરાતી નહી હોય જેણે એક પણ વખત 'મુંબઈ સમાચાર' વાંચ્યું જ નહોય. તે સમયની સાથે બદલાયું છે તેણે તેના રંગ,રૂપ,શૈલી વગેરેમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કર્યા છે. ઘણીવાર તો જોખમી પગલાં ભરીને પણ વાચકોને સંતોષ આપ્યો છે. કેટલાક યુવાનોએ તો લખ્યું હતું કે ૧૮૫ વર્ષ થયાં હોવા છતાં તે બુઝર્ગ નથી લાગતું પણ યુવાન લાગે છે. તેમાં સિટી ન્યુઝમાં મુંબઈમાં બનતી રોજબરોજની ઘટનાઓને પૂરતું સ્થાન મળે છે. એકંદરે આ અખબાર વાચકોનું સવારનું પ્રિય અખબાર રહ્યું છે. અન્ય અખબારો કરતાં તે ઘણા અંશે અલગ છતાં લોકપ્રિય રહ્યું છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આજ પ્રશ્ન જન્મભૂમિના વાચકોને પૂછવામાં આવ્યો ત્યારે તેના મંતવ્યોમાં પણ વિવિધતા જોવા મળી. દરેક વ્યકિત પાસે પોતાના અલગ વિચારો હોય છે. તેમ છતાં કોઈ ખાસ મુદ્દા પર પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે મોટા ભાગના લોકોના વિચારો મળતા આવે છે. ૨૦૦ વ્યકિતને એક જ પૂછવાથી એ બાબત સ્પષ્ટ થઈ છે કે અલગ અલગ વ્યવસાય અને શિક્ષણ ધરાવતા લોકોના વિચારો પણ ઘણા અંશે એક બીજાને મળતા આવે છે. ઘણા વાચકોનાં મંતવ્યોમાં કોઈ એક મુદ્દે એકરૂપતા જોવા મળી હતી. તો કોઈ એ મુદ્દો એવો હતો કે ૨૦૦ વાચકોમાંથી માત્ર એક કે બે જ વ્યકિતએ તે ઉઠાવ્યો હતો. ઘણીબધી વિવિધતાઓ વચ્ચે જન્મભૂમિ વિષે વાચકોના વિચાર જાણીએ.

- 'જન્મભૂમિ' વાચનારા કુલ વાંચકોમાંથી ૮૦% વાચકોએ એવું મંતવ્ય આપ્યું હતું કે ગુજરાત બહાર મુંબઈ કે અન્ય સ્થળે વસતાં ગુજરાતીઓ માટે ગુજરાત અને સૌરાષ્ટ્રના મહત્ત્વના અને સ્પષ્ટ સમાચારો જાણવા માટે 'જન્મભૂમિ' શ્રેષ્ઠ અખબાર છે. અન્ય ગુજરાતી અખબારોની તુલનામાં જન્મભૂમિમાં પ્રાદેશિક સમાચારોને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.
- વેપાર સાથે સંકળાયેલા પુરુષોએ અખબારના ધંધાકીય અને શેરબજાર સાથે સંકળાયેલા સમાચારોને અન્ય સાંધ્ય અખબારોની તુલનામાં વધુ ઉત્તમ ગણાવ્યા હતા.
- 'જન્મભૂમિ'નું એક કાર્ય અંધશ્રધ્ધા દૂર કરી શિક્ષણ અને જાગૃતિ ફેલવવાનું પણ છે તેવું તેના સ્ત્રી વાચકોએ લખ્યું હતું.
- કેટલાક પ્રૌઢ વાચકોએ એવું મંતવ્ય આપ્યું હતું કે, અન્ય અખબારો સાથે હરીફાઈની હોડમાં ઉતરીને પોતાની નીતિ અને નિયમોને જન્મભૂમિ ભૂલ્યું નથી. તેણે સંસ્કાર અને સંસ્કૃતિની શૈલી આજ પર્યંત જાળવી રાખી છે. આમ તે અન્ય અખબારોથી અલગ છે.
- ૨૦૦માંથી ૧૦૩ વ્યકિતોએએ જન્મભૂમિના તંત્રીલેખ વાંચતા હોવાનું સ્વીકાર્યું હતું અને તેઓના મતે અન્ય અખબારોના તંત્રીલેખની તુલનાએ જન્મભૂમિના તંત્રીલેખો વિશેષ અસર ઉપજાવે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- 'જન્મભૂમિ'ના વર્તમાન તંત્રી શ્રી કુન્દન વ્યાસ રાજકીય લેખો પર વિશેષ પ્રભુત્વ ધરાવે છે. આથી ૧૧૬ લોકોએ 'જન્મભૂમિ'ના રાજકીય સમાચારોના વખાણ કર્યા હતા. તેઓના મતે 'જન્મભૂમિ'માં આવતા રાજકારણના લેખો નિષ્પક્ષ તેમજ તટસ્થ અને સરળ ભાષામાં આવતા હોવાથી સામાન્ય લોકોમાં પણ રાજકારણ પ્રત્યે રસ ઊભો થાય છે.
- રવિવારની પૂર્તિમાં 'મધુવન'માં આવતી વાચકસભાને ઘણા વાચકો પસંદ કરે છે. તેમાં પૂર્તિને લઈને વાચકોના મંતવ્યો છાપવામાં આવે છે. આથી મોટા ભાગે સ્ત્રીઓ વાંચવામાં વધુ રસ ધરાવે છે.
- ગૃહકાર્ય કરતી સ્ત્રીઓએ લખ્યું હતું કે જન્મભૂમિની પૂર્તિ વાંચવાની ઉત્સુકતા એટલા માટે હોય છે કે તેમાં ઘટના આધારિત વિસ્તાર પૂર્વકનો, ભરપૂર માહિતી આપતો, સચોટ તંત્રીલેખ હોય છે. સંપૂર્ણ રીતે વર્તમાન રાજકીય ગતિવિધિનું વિશ્લેષણ કરતો તંત્રીલેખ સમજવા જેવો કહી શકાય.
- કેટલાક સ્ત્રી વાચકોએ અને પ્રૌઢ પુરુષ વાચકોએ જણાવ્યું હતું કે 'જન્મભૂમિ' ઉમદા ધાર્મિક લેખો છાપે છે. ધર્મને લગતા લેખોથી ઘણી જાણકારી,માહિતી પ્રાપ્ત થાય છે. અનેક લેખો રડાવે છે છતાં અશ્રુ સારવા ગમે છે.
- પત્રકારત્વ ક્ષેત્રે અભ્યાસ કરતાં એક યુવા વિદ્યાર્થીએ જણાવ્યું કે 'જન્મભૂમિ'ની ખાસિયત એ છે કે આજના જાહેરખબરના યુગમાં પણ મોટા ભાગે બોટમ સ્ટોરી છાપવામાં આવે છે. પહેલા પાના પર વધારે જાહેર ખબર આપીને આવકનો મોહ નથી રખાતો.
- કેટલીક સ્ત્રી વાચકોએ લખ્યું હતું કે 'જન્મભૂમિ' દરેક ઋતુ જેમ કે, શરદ, વસંત,શિશિર, ગ્રિષ્મ,વર્ષા દરેકને સાહિત્યની શૈલીથી જ છે. આજના યુવાનોને વેલેન્ટાઈન ડે યાદ રહેશે. પણ વસંત ઋતુ નહી. ત્યારે જન્મભૂમિ તેઓને તેમનો સાંસ્કૃતિક વારસો જાળવવાની સમજણ આપે છે અને તેમને કાવ્ય દ્વારા દરેક ઋતુનો સાચો આનંદ માણવાની સલાહ આપે છે જે અન્ય અખબારોમાં જોવા મળતું નથી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- એક પુરુષ વાચકે બધાથી અલગ જવાબ આપતા લખ્યું હતું કે જન્મભૂમિ પાસે પોતાના અંગત ગ્રંથાલયનો જે ખજાનો છે તે મુંબઈ તો શું ભારતના એકપણ અખબાર પાસે નહી હોય. જન્મભૂમિનું સુવ્યવસ્થિત અને સમૃધ્ધ ગ્રંથાલય પત્રકારોની સાથોસાથ ભવિષ્યના વિદ્યાર્થીઓને પણ કામ આવશે.

વાચકોએ આપેલા વિવિધ મંતવ્યોને ધ્યાને લઈએ તો એ તારણ નીકળે કે, 'જન્મભૂમિ'એ સરળ હોવા છતાં લોકહૃદયમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. આ અખબારને નફાની લાલચ નહોતી અને આજે પણ નથી તે વાત તેની પહેલા પાને બોટમ સ્ટોરી છાપવાથી અને અશિષ્ટ ફોટા ન છાપી સંસ્કૃતિ અને સભ્યતાની જાળવણી કરવાથી સાબિત થાય છે. જન્મભૂમિમાં વિશેષ છપાતા સૌરાષ્ટ્ર કચ્છના સમાચારો તેના ગુજરાત બહારના વાચકોને માતૃભૂમિ સાથે જોડી રાખે છે. તેના તંત્રીલેખની તટસ્થતા અને સચોટતા તંત્રીઓ બદલાવા છતાં પણ બદલાતી નથી. કેટલાક વાચકોએ તેને શિક્ષણ અને જાગૃતિ ફેલાવવાનું સાધન ગણાવ્યું હતું. તો કોઈએ તેના રાજકીય લેખોના વખાણ કર્યા હતા. ગુજરાતી પત્રકારત્વમાં અનેક નવીનતાઓ જન્મભૂમિ દ્વારા દાખલ થયેલી છે તે વાતને કોઈ નકારી ન શકે.

સામાન્ય મજૂરથી માંડી ઉચ્ચ શિક્ષણ પામેલા વ્યકિતઓએ જન્મભૂમિને પચાવ્યું છે. અખબારના લેખો જ નહી, કાર્ટુનો પણ લોકપ્રભાવનું પ્રબળ માધ્યમ છે. જન્મભૂમિમાં આવતા કાર્ટુનો વિષે પણ વાચકોએ મંતવ્યો આપ્યા હતા. લોકમતના ઘડતર અને પરિવર્તનમાં પત્રકારત્વનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે. આ વાત જન્મભૂમિના પત્રકારો બરાબર જાણે છે. જન્મભૂમિની આટલી લોકપ્રિયતાનો શ્રેય તેના પત્રકારોના ફાળે જાય છે. આમ જન્મભૂમિના વાચકોએ અલગ અલગ મુદ્દાઓ આપીને તેને અન્યથી અલગ પાડયું છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્ર–૮ શું વર્ષોથી ચાલતા આ ગુજરાતી અખબારો વર્તમાન સમયની સાથે ચાલે છે અને વાચકોની જરૂરિયાતને સંતોષે છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં વાચકે 'હા' અથવા 'ના'નો ટૂંકમાં જ જવાબ આપવાનો હતો. તેમાં પ્રશ્નાવલિમાં 'હા' અથવા 'ના' સામે રાઈટ (✔)ની નિશાની કરવાની હતી. આ પ્રશ્નને વિસ્તૃત ન પૂછવાનું કારણ એ છે કે આગળના બંને પ્રશ્ન નં. ૬ અને ૭માં બંને અખબારની ખામીઓ અને ખૂબીઓ પૂછવામાં આવી હતી. તેથી અહીં વાચકે તટસ્થ રહી સ્પષ્ટ 'હા'માં અથવા 'ના' દ્વારા જવાબ આપવાનો હતો. જેના જવાબ નીચે પ્રમાણે આપ્યા હતા.

| | | | | |
|---|---|---|---|---|
| મુંબઈ સમાચાર | હા | ૧૮૨ | ના | ૧૮ |
| જન્મભૂમિ | હા | ૧૭૭ | ના | ૨૩ |




ઉપરોકત આંકડા પરથી સાબિત થાય છે કે કુલ ૨૦૦માંથી ૧૮૨ લોકો મુંબઈ સમાચારને સમય પ્રમાણે બદલાયેલું અને વાચકોની જરૂરિયાત સંતોષનારું માને છે જયારે ૧૮ લોકો આ વાત સાથે સહમત નથી. જયારે ૧૭૭ વ્યકિતઓ જન્મભૂમિને સમયની સાથે ચાલનારું માને છે જયારે ૨૩ લોકો આ વાતને નકારે છે.

મુંબઈ સમાચારને સમયની સાથે ચાલનારું માનનારા લોકોમાં ૯૪ પુરુષો અને ૮૮ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જયારે ૯૦ પુરુષો અને ૮૭ સ્ત્રીઓએ જન્મભૂમિને વર્તમાન વાચકોની જરૂરિયાતને સંતોષનારું માન્યું હતું બંને અખબારોના સ્ત્રીઓ અને પુરુષ વાચકોના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

આંકડાઓ પરથી એ સાબિત થાય છે કે પુરુષ વાચકો અખબારની શૈલી અને ફેરફારોથી વધુ સંતુષ્ટ છે. જયારે સ્ત્રી વાચકોમાં થોડો અસંતોષ જોવા મળે છે. મુંબઈ સમાચારમાં ૨૦૦માંથી ફકત ૧૮ લોકો આ વાત સાથે સહમત નહોતા. જયારે જન્મભૂમિમાં આ આંક ૨૩ નો હતો. તેથી એ પણ તારણ નીકળે છે કે જન્મભૂમિએ હજુ વધુ સુધારા લાવવાની અને વર્તમાન પેઢીના વાચકોની પસંદને સમજવાની જરૂર છે. પત્રકારત્વ ક્ષેત્રે આવેલી હરીફાઈને પહોંચી વળવા પરિવર્તન જરૂરી છે.

**પ્ર–૯ મુંબઈ પર આવતી માનવસર્જિત અને કુદરતીઆફતો સમયે બંને અખબારો પ્રજાકીય કાર્યોમાં ભાગ લે છે? શું લોકોને મદદરૂપ થાય છે ?**

આ પ્રશ્ન પર મોટા ભાગના વાચકો સહમત થયા હતા. આ બાબત નીચેના આંકડાકીય કોષ્ટક પરથી સાબિત થશે.

| | | | | |
|---|---|---|---|---|
| મુંબઈ સમાચાર | હા | ૧૮૮ | ના | ૧૨ |
| જન્મભૂમિ | હા | ૧૯૦ | ના | ૧૦ |




મુંબઈ સમાચાર માટે ૨૦૦ વાચકોમાંથી ૧૮૮ લોકો સહમત થયા હતા. જયારે ૧૨ લોકોએ અસહમતી દર્શાવી હતી. આ ૧૨ લોકોએ પ્રશ્ન નં.૨માં અનિયમિત અખબાર વાંચતા હોવાનું સ્વીકાર્યું હતું. તેથી એમ તારણ કાઢી શકાય કે જે લોકો અનિયમિત મુંબઈ સમાચાર વાંચે છે, તેમાંથી થોડા વાંચકોએ તેને લોકોને મદદરૂપ થનારા અખબાર તરીકે સ્વીકાર્યું હતું. જયારે થોડા વાચકો કે જે નિયમિત અખબારના સંપર્કમાં નથી તેમણે આ પ્રશ્નના જવાબમાં 'ના' કહી હતી.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તેવી જ રીતે જન્મભૂમિમાં કુલ ૨૦૦ વાંચકોમાંથી ૧૯૦ વાચકોએ હા અને ૧૦ વાચકોએ 'ના' સામે ટીક કર્યું હતું. એટલે કુલ ૧૯૦ લોકોએ જન્મભૂમિને માનવસર્જિત અને કુદરતી આફતો સમયે પ્રજાકીય કાર્યોમાં ભાગ લેનારું ને મદદરૂપ થનારું અખબાર ગણાવ્યું હતું. જયારે ૧૦ લોકોએ કે જે અનિયમિત જન્મભૂમિ સાથે સંપર્ક ધરાવતા હતા તેમણે આ વાતનો અસ્વીકાર કર્યો હતો.

સ્વાભાવિક છે કે જે લોકો અખબારની સાથે નિયમિત સંપર્ક ધરાવતા નથી તે તેની પ્રણાલી અને માનવતા ભર્યા વલણથી પરિચિત ન હોય આથી તેમણે આ પ્રશ્નનો જવાબ 'ના' આપ્યો. બાકી જે લોકો વર્ષોથી બંને અખબારના નિયમિત વાચક રહ્યા છે તેમણે સ્પષ્ટ 'હા' લખી આ વાતનો સ્વીકાર કર્યો છે. આમ બંને અખબારનો ઈતિહાસ પણ એ જ કહે છે કે 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' દરેક પ્રકારની આફતો સમયે પ્રજાની મદદે આવ્યું છે અને લોકોને મદદરૂપ પણ થયા છે. આગળના પ્રકરણમાં આ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

## પ્ર–૧૦ ભવિષ્યમાં પણ તમે મુંબઈ સમાચાર અને જન્મભૂમિના વાચક રહેવાનું પસંદ કરશો ? જો હા તો કારણ આપોઃ

કુલ ૨૦૦ વાચકોએ ભરેલી પ્રશ્નાવલિમાંથી ૧૭૮ વાચકો નિયમિત બંને અખબાર વાંચે છે. જયારે ૨૨ વ્યકિતઓ અનિયમિત પણે અખબાર વાંચે છે તેથી જે લોકો અનિયમિત અખબાર વાંચે છે. તેમણે આ પ્રશ્નનો જવાબ આપવાનું ટાળ્યું હતું. અથવા 'નકકી નહી' તેવો શાબ્દિક જવાબ આપ્યો હતો. અમુક વ્યકિતઓએ તો સ્પષ્ટ ના જ લખી છે.

અહીં પ્રશ્ન બાદ પૂછવામાં આવ્યું કે જો 'હા' તો કારણ આપો. આથી આ પ્રશ્નનો જવાબ ટાળનાર કે ના લખનાર વ્યકિતઓ કોઈ કારણ આપ્યું નથી. ૧૭૮ પ્રશ્નાવલિમાં આ પ્રશ્નનો ઉત્તર 'હા' આવ્યો છે.

હવે આપણે આ પ્રશ્નના જવાબમાં લોકોએ બંને અખબારો સાથે જોડાય રહેવા કેવા કેવા કારણો આપ્યાં છે તે જોઈએ.:

- સ્ત્રીઓ અને પુરુષો બંનેએ લખ્યું હતું કે, ''આ બંને અખબારો મુંબઈના ગુજરાતી વાચકો પર વર્ષોથી રાજ કરે છે. તે વાચવાથી ટેવાયેલા છીએ. હવે તો તેને ન વાંચીએ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

તો દિવસમાં કંઈક ખૂટતું હોય તેવો આભાસ થાય છે. આથી, ભવિષ્યમાં પણ ચોકકસ પણે તેમના વાંચક રહેશું.''

- કેટલાક પીઢ વાંચકોએ જણાવ્યું હતું કે, ''બંને અખબારો લોકો માટે લોકભોગ્ય બન્યાં છે. તેમાં લોકસેવાની ભાવના છે. કુદરતી આફતો સમયે ફકત મુંબઈ જ નહીં પણ મુંબઈ સિવાયના સમગ્ર દેશ માટે મુશ્કેલીના સમયે વાચકોને અપીલ કરીને ફંડ એકઠું કરીને લોકોને મદદ કરે છે. તેણે માનવતાને મહત્ત્વ આપ્યું છે. તેથી આ ગુણને કારણે તેના કાયમી વાચક બનવું પસંદ છે''.
- બે યુવા વાચકોએ ખૂબ અલગ રીતે હંમેશા યાદ રહી જાય તેવો જવાબ આપતા જણાવ્યું હતું કે, બહારનું ફાસ્ટ ફુડ અને જંક ફૂડ બે ત્રણ દિવસ ભાવે પછી આખરે તો જૂના ટેસ્ટના ઘરના દાળ ભાત જ યાદ આવે. તેમ નવા અખબારો કે મેગેઝીનોમાંથી સમાચાર તો વાંચીએ પણ આખરે જૂની શૈલી મુજબના સમાચારો વાંચવા 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' જ હાથમાં લેવું પડે.
- સ્ત્રી વાચકોએ જણાવ્યું હતું કે આ અખબારો ઘરના દરેક સભ્ય વાંચે છે. તેની પૂર્તિઓ એટલી માહિતી સભર હોય છે કે અન્ય મેગેઝીન વાંચવાની જરૂર જ નથી પડતી. વળી તેમાંથી દરેક ઉંમરની વ્યકિત માટે કોલમો હોવાથી તે સંપૂર્ણ અખબાર છે.
- વેપાર વૃત્તિ કરતાં ત્રણ પુરુષોએ જણાવ્યું કે – 'એક તો બંને અખબારો વર્ષોથી વાંચીએ છીએ એટલે ટેવ પડી ગઈ છે. વળી ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રના સમાચારો વિસ્તૃત રીતે અન્ય કોઈ અખબારમાં નથી આવતા તેથી તેના કાયમી વાચક જ રહેવું પસંદ છે.
- 'મુંબઈ સમાચાર'માં મુંબઈ શહેરના સિટી ન્યુઝ વ્યવસ્થિત રીતે આવે છે અને 'જન્મભૂમિ'માં સૌરાષ્ટ્ર કચ્છના સમાચાર એટલે કે 'ફૂલછાબ' અને 'કચ્છમિત્ર'ના મહત્ત્વના સમાચાર આવે છે. વળી બંનેની પૂર્તિઓમાં તો માહિતીનો ખજાનો ભર્યો હોય છે. આથી આ અખબારોનું વાંચન છોડવાનો સવાલ જ નથી. તેવું નોકરી કરતા અમુક પુરુષોએ લખ્યું હતું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- એક વૃધ્ધ સ્ત્રી વાચકે લખ્યું હતું કે, મુંબઈ સમાચાર અમારી આગળની ચાર પેઢીથી વંચાતું આવ્યું છે. અન્ય કોઈપણ ગુજરાતી અખબાર આવે તો તેનું સ્થાન તો કાયમી જ રહે અને જન્મભૂમિ અન્ય સાંધ્ય દૈનિકોમાં અલગ અને સારું આવે છે. તેથી આગળ પણ તેને વાંચતા રહેશું.
- અભ્યાસ કરતી એક યુવતીએ જણાવ્યું હતું કે, ભલે અનિયમિત પણે પણ દરેક ગુજરાતીએ કયારેક તો 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' વાંચ્યા જ હશે. આ બંને અખબારોએ આજે પણ મુંબઈમાં ગુજરાતીઓનું સ્થાન જાળવી રાખવામાં મદદરૂપ થયા છે. તે વર્ષોથી ગુજરાતી ઘરોમાં સ્થાન જમાવી ચૂકયા છે. ભવિષ્યમાં પણ તેઓનું સ્થાન અનામત રહેશે.
- 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' બંને પંચાંગ બહાર પાડે છે. એમાં મુંબઈ સમાચાર તો ૧૯૬ વર્ષથી પંચાંગ બહાર પાડે છે. જેનો આરંભ ઈ.સ. ૧૮૧૪માં થયો હતો. આ બંને અખબારોનાં પંચાંગ વિશ્વસનીય હોય છે. તે આખું વર્ષ ઉપયોગી થાય છે તેવું પ્રૌઢ વાચકોએ લખ્યું હતું.
- 'મુંબઈ સમાચાર'માં આવતી ટચૂકડી જાહેરખબર અને 'જન્મભૂમિ'ની મેઘધનુષ પૂર્તિમાં ડૉ. મલ્લિકા ઠકકુરે લખેલી આયુર્વેદની કોલમ ઘણાં વાંચવા ટેવાયેલા હશે. અન્ય અખબારોમાં આ વસ્તુનું મહત્ત્વ ઘટી જાય છે. તેવું એક ગૃહિણીએ જણાવ્યું હતું.
- નોકરી કરતા પુરુષ વાચકોએ લખ્યું હતું કે, લોકો હંમેશા એવા જ અખબાર વાંચવાનું પસંદ કરે છે. જે જનતાના પ્રશ્નોને વાચા આપી સરકાર સુધી પહોંચાડે. આ બંને અખબારો વર્ષોથી આ કાર્ય કુશળતા પૂર્વક કરે છે. આથી ભવિષ્યમાં પણ તેનાજ વાચક રહેશું.
- નોકરી કરતા સ્ત્રી વાચકોએ 'હા'માં જવાબ આપી કારણ દર્શાવ્યું હતું કે બંને અખબાર પોતાની નીતિ અને નિયમોને જાળવી રાખે છે. લોકોને ઉપયોગી બને છે. મુંબઈ સમાચારે સવારના અખબારોમાં પોતાનું સ્થાન કાયમી રાખ્યું છે તો જન્મભૂમિએ સાંધ્ય દૈનિકોમાં પોતાની વિશેષ છબી બનાવી છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- અમુક પુરુષોએ જણાવ્યું કે બંને અખબારોએ પોતપોતાને સ્થાને શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. સમયાંતરે ફેરફારો કરીને હંમેશા હરીફોને પછાડયાં છે. હવે આ અખબારોના વાચનની એક ટેવ પડી ગઈ છે. એકાદ મુદ્દો બાદ કરતાં બંને અખબારોને સંપૂર્ણ અખબારની વ્યાખ્યામાં મૂકી શકાય.
- એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે– ''ગુજરાતી હોવાનો મોટો ફાયદો એ છે કે 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' બંને અખબાર વાંચવા મળે છે. મારા મતે મુંબઈ સમાચાર સંપૂર્ણ અખબાર છે. જયારે જન્મભૂમિએ હજુ થોડા સુધારા કરવાની જરૂર છે. છતાં ભવિષ્યમાં તેના કાયમી વાચક રહેવું ગમશે.
- અમુક લોકોએ બંને અખબારોની શુધ્ધ ગુજરાતી ભાષા શૈલીના પણ વખાણ કર્યા હતા. ઉપરાંત યુવા વાચકોએ પોતાની પસંદગીની કોલમો આપવાથી આ અખબારો વધુ વંચાય છે. તેવો પણ દાવો કર્યો હતો. ભવિષ્યમાં પણ આવનારી પેઢી આ અખબારોને અપનાવશે તેવો દઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

કહેવાય છે કે વ્યકિત વ્યકિતએ પસંદગી,વિચાર,રુચિ બધું બદલે છે તેમ છતાં ૧૭૮ વાચકોમાંથી ૭૩ વાચકોએ ફકત એટલો જ જવાબ આપ્યો હતો કે ''સારૂ છે, વર્ષોથી વાંચવાની ટેવ છે ને ભવિષ્યમાં પણ વાંચશું.'' આમ ફકત ત્રણ વાકયોમાંજ તેઓએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. ૧૧ લોકો એવા હતા જેમણે જવાબમાં 'હા' ગમે છે. બસ ફકત આટલો જ જવાબ આપ્યો હતો. વિસ્તૃત કારણ જણાવ્યું નહોતું. તેમ છતાં એકંદરે સારો પ્રતિસાદ આપી ઘણા વિવિધ મુદ્દાઓની છણાવટ કરી હતી.

ઉપરોકત વિવિધ મુદ્દાઓ વાંચ્યા પછી એ તારણ પર આવી શકાય કે મોટા ભાગના લોકો સુંદર,સ્વચ્છ અને ઉપયોગી વાંચન ઈચ્છે છે. અતિશય વ્યસ્ત દિનચર્યામાં પણ લોકો સમય કાઢીને અખબાર તો જ વાંચે જો તેમાંથી તેને કંઈક લાભ થતો હોય. મુંબઈ સમાચારમાં ટચૂકડી જાહેરખબર વાંચવાની ઘણા લોકોને ટેવ હોય છે. તેવી જ રીતે જન્મભૂમિની આયુર્વેદ કોલમ અને તંત્રીલેખ વાંચવાના ઘણા શોખીનો છે. લોકો ઘરે નિયમિત અખબાર તો જ બંધાવે જો ઘરના દરેક સભ્યો તેને વાંચવું પસંદ કરતા હોય. મોટી ઉંમરના



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વાચકોએ બંને અખબારના નીતિનિયમો અને શુધ્ધ ગુજરાતી ભાષા શૈલીનાં પણ વખાણ કર્યાં હતાં.

સ્ત્રી વાચકોએ તેની પૂર્તિઓના તો અન્ય વાચકોએ બંને અખબારોની લોકોને મદદરૂપ થવાની ભાવના અને માનવતાનાં વખાણ કર્યાં હતાં. મુંબઈ શહેરમાં બનતી રોજબરોજની ઘટના વિષે જાણવામાં પણ લોકોને વધુ રસ હોય છે. બંને અખબારોમાં મુંબઈ શહેરના ઘણાં સમાચાર આવતા હોવાથી લોકો તેને નિયમિત વાંચવાનું પસંદ કરે છે અને ભવિષ્યમાં પણ વાંચતા રહેશે.

## પ્ર–૧૧બંને અખબારો વિશે તમારું અંગત મંતવ્ય જણાવોઃ

પ્રશ્નાવલિના આ છેલ્લા પ્રશ્નમાં વાચકે મુંબઈ સમાચાર અને જન્મભૂમિ વિષે ટૂંકમાં શબ્દો દ્વારા પોતાનું અંગત મંતવ્ય જણાવવાનું હતું. આગળના દરેક પ્રશ્નમાં બંને અખબારમાં વાંચકોની પસંદ, રુચિ,જરૂરિયાતો,ફરિયાદો,મંતવ્યો વગેરે ઊંડાણપૂર્વક જાણવાનો પ્રયાસ થયો હતો. હવે, સમગ્રતયા બંને અખબાર વિષે વાચકનું અંગત મંતવ્ય શું હોઈ શકે તે જાણવાનો અહીં પ્રયત્ન થયો છે.

હવે, બંને અખબારો વિષે વાચકોએ શું મંતવ્ય આપ્યા છે તે વિસ્તારપૂર્વક જોઈએ.

### ❖ મુંબઈ સમાચાર :

- કોઈપણ અખબાર માટે ૧૮૫ વર્ષનો સમયકાળ એક સ્વપ્ન હોઈ શકે. જયારે મુંબઈ સમાચાર એ સ્થાન પર પહોંચી ગયું છે અને હજી ભવિષ્યમાં પણ તે આગળને આગળ ચાલતું રહેશે.
- એકાદ મુદ્દાને બાદ કરતાં તેને સંપૂર્ણ અખબાર કહી શકાય.
- તે સમયાંતરે વાંચકોની રુચિ અને સમયની માંગ પ્રમાણે ફેરફાર કરતું રહે છે. આ પરિવર્તનના કારણે જ તે આજે પણ યુવાન રહ્યું છે.
- ઘણા ગુજરાતી ઘરોમાં તે પેઢી દર પેઢીથી વંચાતું આવ્યું છે અને આગળ પણ વંચાશે. મુંબઈ સમાચારને આ વાતનું ગર્વ હોવું જોઈએ.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- એવી ઘણી પ્રણાલીઓ છે જેની શરુંઆત 'મુંબઈ સમાચારે' કરી હોય, સેવારૂપે વિના મૂલ્યે અવસાન નોંધ છાપવાની શરુંઆત મુંબઈ સમાચારે જ કરી હતી. આજે તેનું અનુકરણ દરેક છાપું કરે છે.
- એવા ઘણા લેખકો છે જેમનું નામ 'મુંબઈ સમાચારે' ઉજાળ્યું છે. 'મુંબઈ સમાચાર'માં લખનાર દરેક લેખકને તેમાં જોડાવાનો ગર્વ હશે.
- તેને મુંબઈની નાડ પારખતા આવડે છે. શહેરમાં બનતી દરેક મહત્ત્વની ઘટનાને તેમાં સ્થાન મળે છે. તેમાં શહેરની સમસ્યાઓની પણ વિસ્તૃત છણાવટ થાય છે.
- તે હંમેશા ધર્મના મામલે તટસ્થ રહે છે. કયારેય એક પક્ષીય વ્યવહાર કરી લોક લાગણીને ઠેસ પહોંચાડી નથી. તેના દરેક તંત્રી માયાળું રહ્યા છે.
- 'મુંબઈ સમાચાર'ના સમાચાર સંક્ષેપમાં નાના પણ અગત્યના સમાચાર વાંચવા મળે છે. તેમાંથી શહેરમાં બનતી રોજબરોજની ઘટનાઓની જાણકારી મળે છે.
- 'મુંબઈ સમાચાર'માં રોજ વાચકની અદાલતમાં કોઈ એક સમસ્યાને લગતો પ્રશ્ન પૂછવામાં આવે છે અને વાચકો ફોન દ્વારા પોતાના મંતવ્યો જણાવે છે. જે બીજા દિવસે છાપવામાં આવે છે. આ રીતે તાત્કાલિક સમસ્યાનો ઉકેલ શોધી શકાય છે.
- શનિવારના વીક એન્ડમાં ચાલતું ફન કલબ બાળકો માટે મહત્ત્વનું પાનું બની રહે છે. એ પાનું તો મોટા વાચકોને પણ નજર કરવા લલચાવે છે.
- તંત્રીલેખના પાના પર આવતું સ્વાસ્થ્ય સંહિતા ઉપયોગી નુસખા અને ઉપચાર બતાવે છે. તે દરેક હંમેશા સાચવી રાખવા લાયક હોય છે.
- તેનું પ્રિન્ટિંગ અને કાગળો સારી ગુણવત્તા ધરાવે છે. તેથી વાંચવાની મજા આવે છે. સારા કાગળને કારણે તેમાં આવતા ફોટા પણ સુંદર દેખાય છે.
- મુંબઈ સમાચાર દ્વારા દર વર્ષે બહાર પડતા 'વસંત અંક' અને 'દિપોત્સવી અંક' ખૂબજ સુંદર અને માહિતી સભર હોય છે. તેમાં આવતી નવલિકા અને વાર્તાઓ પણ સરસ હોય છે.
- ૧૯૬ વર્ષથી બહાર પડતું 'મુંબઈ સમાચાર'નું પંચાંગ આખું વર્ષ શુભ મુહૂર્તો જોવા કામ લાગે છે. વળી તે વિશ્વસનીય પંચાંગ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- લાંબી કારકિર્દી દરમિયાન મુંબઈ સમાચારે તેની લોકપ્રિયતામાં અને તેની ખપતમાં ઘણા ચઢાવ ઉતાર જોયા છે. છતાં આજે ગળાકાપ હરીફાઈ વચ્ચે પણ તે મજબૂતાઈથી ઊભું છે. ખૂબ સરસ.
- જુદા જુદા સંપ્રદાયો,ધર્મો વગેરેને ધ્યાનમાં રાખી પ્રગટ થતી કોલમો આ અખબારની લાક્ષણિકતા છે. પારસી વાચકો ઉપરાંત જૈન, હિંદુ,મુસ્લિમ વગેરે વાચકોને ધ્યાનમાં રાખીને ખાસ કોલમો નિયમિત રીતે પ્રગટ થતી રહે છે.
- વેપાર ઉદ્યોગના સમાચારોને વધુ મહત્ત્વ અપાય છે તેમાં રોકાણ માટે અપાતા સલાહ સૂચનો ઘણાં કામ આવે છે.
- અઠવાડિયાના સાતે દિવસ પ્રગટ થતી પૂર્તિઓની સામગ્રીમાં વૈવિધ્ય, સમ સામયિકતા, સચિત્રતા જાળવવાનો પ્રયત્ન થાય છે. તેમાં સાહિત્ય, રંગભૂમિ અને સંગીતને વિશેષ મહત્ત્વ અપાય છે.
- ૨૦૦૫ના વર્ષથી માસ્ટર હેડમાં ફેરફાર કરી નવો માસ્ટર હેડ વપરાવા લાગ્યો. આ પરથી સાબિત થાય છે કે આ અખબાર ખરા અર્થમાં ૨૧મી સદીનું અખબાર છે.
- એશિયાના બીજા કોઈ અખબાર પાસે નથી તેવા લાંબા ભૂતકાળનો વારસો આ અખબાર પાસે છે અને તે પણ એક ગુજરાતી અખબાર હોવાથી દરેક ગુજરાતીને તેનો ગર્વ હોય શકે.
- મુંબઈ સમાચાર અવિરત આવી જ રીતે આગળને આગળ વધતું જાય અને હંમેશા ગુજરાતીઓ અને અન્ય દેશવાસીઓની સેવા કરતું રહે તેવી શુભેચ્છા.

કુલ ૨૦૦ પ્રશ્નાવલિમાંથી ૫૭ લોકોએ ફકત એટલું જણાવ્યું હતું કે—''હજુ આગળ વધે તેવી શુભેચ્છા'' બાકીના લોકોએ અલગ અલગ મંતવ્યો આપ્યા હતા. અમુક પ્રશ્નાવલિમાં તો એક સરખો વિચાર એક સાથે દસ લોકોએ પ્રગટ કર્યો હતો. તો અમુક મુદ્દા એક બે પ્રશ્નાવલિમાંજ વાંચવા મળ્યા હતા. બધા મુદ્દાઓ ધ્યાનમાં લઈને એ નિષ્કર્ષ પર આવી શકાય છે કે પ્રત્યેક વાચક 'મુંબઈ સમાચાર' હજુ વધુને વધુ આગળ વધે, લોક સેવા કરે, પત્રકારત્વની દુનિયામાં સિમાચિહ્નરૂપ બની રહે ને અડીખમ રહી બીજી કેટલીય



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સદીઓ વટાવે એવું ઈચ્છે છે. મુંબઈનો દરેક ગુજરાતી  તેને માનની નજરે જુએ છે. ભારતના ભવ્ય ઈતિહાસનું તે એકમાત્ર સાક્ષી રહ્યું છે.

એક વાચકે લખ્યું છે કે, એશિયાના બીજા કોઈ અખબાર પાસે નથી તેવા લાંબા ભૂતકાળનો વારસો આ અખબાર પાસે છે. તે કોઈ એક ધર્મ કે જાતિનું નહીં પણ મુંબઈનું દેશનું પ્રતિનિધિત્વ કરતું અખબાર છે. પહેલાં તે માલિકી હકક ધરાવતું હતું. હવે પ્રાઈવેટ લિમિટેડ કંપની બની ગયું છે. આટલાં વર્ષો દરમિયાન તેના માળખામાં પણ ઘણા ફેરફારો થયા છે. છતાં તેણે પોતાની અમુક પ્રણાલિકાઓ જાળવી રાખી છે. જૂની પરંપરાઓ સાચવીને નવા પરિવર્તનોને અપનાવવા એ જ તો તેની પાસેથી શીખવા જેવું છે.

તેની કુનેહભરી અને મૈત્રીસભર ભાષાના ઘણા વાચકો તો બંધાણી થઈ ગયા છે. અમુક વાચકોને તો એ જ ન સુઝયું કે તેમાં શું ખૂટે છે કે શું ઉમેરવાની જરૂરિયાત લાગે છે. દરેક પ્રકારના લોકોનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડયો અને મોટાભાગના વાચકોએ તેના કાયમી અને ભવિષ્યના વાચક રહેવાનું પસંદ કર્યું હતું. કેટલાક ગુજરાતીઓએ તો એશિયાનું સૌથી અને જૂનું અખબાર ગુજરાતી છે, એજ વાતનો ગર્વ કર્યો હતો. 'મુંબઈ સમાચાર'ને ઉજળા ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

### ❖ જન્મભૂમિ:

આ જન્મભૂમિનું સૂત્ર છે– ''જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી''. રાષ્ટ્રસેવક અમૃતલાલ શેઠે પસંદ કરેલું આ સૂત્ર હતું. આપણી જન્મભૂમિ ગમે તેવી હોય પણ તે સ્વર્ગ કરતાં પણ અનેરી છે. તે દિવસેને દિવસે વધુને વધુ પરિવર્તનશીલ બનતુ જાય છે. આમ તો તેને પત્રકારત્વની પાઠશાળા જ માનવામાં આવે છે. આજે સફળ થયેલા ઘણા પત્રકારો અને લેખકોએ પત્રકારત્વની પાપા પગલી જન્મભૂમિમાં માંડી હતી. 'જન્મભૂમિ' એટલે આઝાદીની લડતનું એક થાણું. આજે ૭પમું વર્ષ ચાલી રહ્યું છે. ત્યારે વાચકો તેના વિશે કેવો ભાવ ધરાવે છે. અંગત રીતે કેવું મંતવ્ય આપે છે તે જાણવાનો અહીં પ્રયાસ કર્યો છે. તો 'જન્મભૂમિ' વિષે વાંચકોનું અંગત મંતવ્ય શું છે તે જાણીએ–

- સમગ્ર સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને તેનાં અખબારોએ લોક સેવાની નીતિના કારણે અપ્રતિમ ચાહના મેળવી છે. ભવિષ્યમાં પણ તે લોકસેવાની ભાવના રાખે તેવી ઈચ્છા છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- સૌરાષ્ટ્ર ટ્રસ્ટના દૈનિકો કંઈ નફો કરવાના ઉદ્દેશથી નથી ચાલતા. એ તો પ્રજાના પત્રો છે. તેના દ્વારા હંમેશા પ્રજાકિય કાર્યો થતાં રહે છે અને થતાં રહેશે.
- હંમેશા ગુજરાતીઓના પક્ષે રહેનારા જન્મભૂમિની પ્રવૃત્તિ જ એ છે કે સમસ્ત હિન્દુસ્તાનની પરંતુ પ્રધાન પણે કચ્છ,કાઠિયાવાડ,ગુજરાત અને રાજસ્થાનની પ્રજાના હિતાર્થે સર્વ ઉચિત પ્રચાર કાર્ય અને પ્રવૃત્તિ કરવા –ખૂબ સરસ.
- જન્મભૂમિનું પુસ્તકાલય માહિતીનો અખૂટ ભંડાર બની ગયું છે. તેથી તેનો ઉપયોગ જન્મભૂમિના તંત્રી તો કરે જ છે, પણ સાથે જ ફિલ્મ ડિવિઝન, ટીવી સેન્ટર, સાહિત્યકારો તેમજ વિદ્યાર્થીઓ શૈક્ષણિક અભ્યાસાર્થે પણ કરે છે.
- ૧૯૬૫માં ૬૦ વર્ષનું, ૧૯૬૮માં ૬૫ વર્ષનું,અને છેલ્લે ૨૦૦૫માં ૧૦૫ વર્ષનું પંચાંગ બહાર પાડવામાં આવ્યું છે. તેની તટસ્થતાને કારણે જૈન સમાજે પણ તિથિ નિર્ણય અંગે જન્મભૂમિ પંચાંગને માન્ય રાખ્યું છે.
- હાલના તંત્રીશ્રી કુન્દન વ્યાસ ગુજરાતી પત્રકારોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેમણે જન્મભૂમિનું સાહિત્યિક સ્તર જાળવી રાખવા સાથે તેને સમાચાર પત્ર તરીકે વિકસાવ્યું છે. સમાચારોને વિશેષ મહત્ત્વ આપ્યું છે.
- આ અખબારના લેખો જ નહીં, કાર્ટુનો પણ લોક પ્રભાવનું પ્રબળ માધ્યમ છે. કાર્ટુનની ચાબૂકના કારણે સરકારી ઘોડા સીધા ચાલે છે.
- જન્મભૂમિ પત્રોએ જીવનને સાર્થકતા આપે તેવું ઠીક ઠીક કાર્ય કર્યું છે. તેણે પત્રકારત્વ પટલ પર ઘણી તેજ રેખાઓ દોરી છે.
- શનિવારની મહેક પૂર્તિમાં અનંત પૈ ના વિવિધ મુદ્દાઓ પરના સવાલ જવાબ અને ઈન્ટરનેટ કોર્નર અને સ્પોર્ટસ કોર્નર માહિતી સભર હોય છે. જે વાંચવાની મજા પડે છે.
- સાહિત્ય ક્ષેત્રે તેનું યોગદાન વિશેષ રહ્યું છે તેમ કહી શકાય. આજે પણ દરેક ઋતુના આગમનને લગતા લેખો, કાવ્યો,વાર્તાઓ તેમાં છપાય છે. જે બીજા અખબારોમાં નથી હોતું.


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- પહેલાં કરતાં તેના પ્રિન્ટિંગ અને કાગળોમાં સુધારો થયો છે. અન્ય સાંધ્ય અખબારો વાંચવા ખાતર વંચાય છે. જયારે 'જન્મભૂમિ' ખાસ ઈચ્છાથી વંચાય છે.
- તેણે યુવા વાચકો વધારવા માટે સમય સાથે ચાલવું નહીં પણ દોડવું પડશે. યુવાનો આકર્ષાય તેવા સમાચારો અને ફેરફારો લાવવા પડશે.
- પોતાની ૭૫ વર્ષની યાત્રામાં તેણે સંપૂર્ણ રીતે સત્ય અને ન્યાયથી સમાચાર પ્રગટ કરી જનતાને યોગ્ય દોરવણી આપી છે.
- બધાજ વિભાગોનો યોગ્ય રીતે સમાવેશ કરી સમાજના દરેક વર્ગને જન્મભૂમિએ વાંચતા કરી દીધા છે. ખાસ કરીને વ્યાપારી સમાજનું ખાસ ધ્યાન રાખ્યું છે.વ્યાપારી સમાજના પ્રશ્નોને યોગ્ય રીતે સ્થાન આપ્યું છે.
- જન્મભૂમિના તંત્રીલેખોની આગવી શૈલી ઘણીજ પ્રશંસનીય છે. તેણે હંમેશા જાગૃત અને શુધ્ધ પત્રકારત્વ નિભાવ્યું છે.
- આજે જયારે ગળાકાપ સ્પર્ધા અને બેલગામ વ્યાપારીકરણને લોકો પત્રકારત્વ સમજવા લાગ્યા છે, ત્યારે જન્મભૂમિએ લલચાવનારા લાભ,સ્વાર્થ અને વળતરને પાટુ મારીને નિષ્ઠાની ધજા ફરકાવી છે.
- અખબારો, સાપ્તાહિક અને સામયિકોના માધ્યમથી પ્રજાને અનેકવિધ માહિતી અને માર્ગદર્શન મળી રહે છે. જન્મભૂમિએ આ ઉત્તમ કાર્ય સુપેરે નિભાવ્યું છે. તેના આ લાંબા કાર્યકાળમાં નામી અનામી અનેક લોકોનો ફાળો છે.
- જન્મભૂમિની કટારો વાચકોને તેમના જીવનને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અસર કરતી બાબતો અંગે તેમનો અભિપ્રાય ઘડવામાં મદદરૂપ થઈ છે.
- પશ્ચિમ ભારતના અતિપછાત પ્રદેશોમાં અક્ષરજ્ઞાન અને શિક્ષણ વધારવાના તેના પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય છે. તેના પ્રકાશનોએ વિકાસની કાર્યસૂચિને મજબૂત પણે પ્રેરણા પૂરી પાડી છે.
- શેરબજારની ઉથલપાથલમાં વ્યસ્ત રહેતી પ્રજાને સાહિત્યના શુષ્ક સમાચારો વાંચવામાં રસ લેતા કરવા એ કંઈ નાની સૂની સિધ્ધિ નથી. જન્મભૂમિને તેમાં સફળતા મળી છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

- કયારેય અણછાજતી દખલગીરી કરવાનું તેણે યોગ્ય માન્યું નથી. તેમ છતાં નિર્ભયપણે પત્રકારત્વના ઉચ્ચતમ ધારા ધોરણો જાળવી રાખ્યાં છે.
- એક સાંધ્ય દૈનિકમાં જે હદે સુધારા થઈ શકે તે જન્મભૂમિએ કર્યા છે. તેમાં ના નહીં પણ હવે યુગ અતિશય ઝડપી બની ગયો છે. લોકોને નવું અપનાવવું ગમે છે ત્યારે 'જન્મભૂમિ'એ જોખમી ફેરફારો પણ કરવા હિંમત કરવી પડશે.

જેમ અખબાર ૧૨ કે ૧૬ પાનામાં આખી દુનિયાના સમાચારો સમાવવા કોશિશ કરે છે. તેમ માણસ પોતાના મગજમાં હજારો વિચારો સમાવવાની કોશિશ કરે છે. આથી જ તો અનેક વિધ મતો અને મંતવ્યો જાણવા મળે છે. મુંબઈ સમાચારની જેમ અહીં પણ ઘણાં વાચકોએ સારું છે, ગમે છે, ટેવ છે, અભિનંદન" વગેરે ટૂંકા જવાબ આપીને જવાબ આપવાની ફરજ પૂરી પાડી હતી. તેમ છતાં અન્ય ઘણા વાચકોએ ઊંડાણથી રસ લઈને ઈચ્છાપૂર્વક વિચારીને જવાબો આપ્યા હતા. જવાબોમાં ઘણાં મતમતાંતરો પણ જોવા મળ્યાં હતાં. કોઈએ તંત્રીલેખનાં વખાણ કર્યા, કોઈએ સાહિત્યનાં, કોઈએ સ્પોર્ટસનાં કે ઈન્ટરનેટનાં તો કોઈએ વ્યાપારી સામાચારોનાં તો કોઈએ વળી શુધ્ધ,સાત્વિક અને તટસ્થ સમાચારોનાં વખાણ કર્યાં હતાં. અમુક વાચકોએ ફેરફાર કરવાના સૂચનો પણ આપ્યાં હતાં. એકંદરે દરેક વાચક જન્મભૂમિનાં વિકાસ,પ્રણાલી અને શૈલીથી સંતુષ્ટ જણાયો હતો.

ઉપરોકત વિગતો પરથી એ તારણ પર આવી શકાય કે, જન્મભૂમિનો સરેરાશ વાચકવર્ગ તેનાથી સંતુષ્ટ છે. વાચકોની શું રુચિ અને સમાજમાં થતાં પરિવર્તન વચ્ચે સમતુલા જાળવવા બાબત જન્મભૂમિ પરિવાર સભાન છે. તે પણ વાચકો જાણે છે. સમુદ્રમંથન જેવી સમાચાર તંત્રીની કામગીરીના પણ વાચકોએ વખાણ કર્યાં હતાં. ઉપરાંત જન્મભૂમિના પત્રકારોની નિર્ભયતાને પણ બિરદાવી હતી. ઘણા વાંચકોએ જન્મભૂમિ શતાબ્દિ પૂર્ણ કરે અને વધુને વધુ ખીલે તેવી શુભેચ્છા પણ પાઠવી હતી.


Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ – ૮
# ઉપસંહાર

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પ્રકરણ–૮

# ઉપસંહાર

દેશના આજના ચાર આધારસ્તંભોમાં સંસદ, અદાલત, વહીવટ અને માધ્યમો છે તે પૈકી પ્રથમ ત્રણ સ્તંભો ઉપર ધ્યાન રાખવાનું કામ 'વોચ ડોગ' તરીકે મીડિયા કરે તે ઈચ્છનીય છે. પરંતુ હરીફાઈના યુગમાં બજારમાં ટકી રહેવા માટે મીડિયા પોતાની ફરજ અને ધર્મ ચૂકી રહ્યું છે. પત્રકારત્વ પણ તેમાં બાકાત નથી. મીડિયામાં સમાચારોના સ્થાને મનોરંજકયુકત ઘટનાઓ પીરસવામાં આવે છે. અવારનવાર 'બ્રેક'ના મારાથી દર્શકોને તંગ કરવામાં આવે છે. અખબારો પણ સમાચારોને પ્રાધાન્ય આપવાને બદલે મનોરંજનલક્ષી બન્યાં છે. સમાજને ઉપયોગી સમાચાર જાણે કે ગૌણ બન્યા છે.

ભારતમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું ૨૨૭ અબજનું માર્કેટ છે તે પૈકી ૭૦ ટકા ૩૫ વર્ષથી નીચેના ગ્રાહકો છે. તેમાં ૫૫ ટકાનું માર્કેટ ૨૫ વર્ષથી નીચેના ગ્રાહકોનું છે. જેને સહેલાઈથી લોભાવી લલચાવી શકાય છે. આશરે ૪૦૦ ટીવી ચેનલો ભારતમાં છે. જેમાં સમાચારોનું સાતત્ય જાળવવામાં દૂરદર્શન અને રેડિયો સ્ટેશન સફળ રહ્યાં છે. બાકીના મીડિયામાં ટીવી ચેનલો અને અખબારોમાં પેઈજ થ્રી કલ્ચર અગ્રતાક્રમે આવી ગયું છે. ભારતમાં સૌથી સસ્તા અખબારો છે. અંગ્રેજી ભાષા સિવાયની ભાષાના આશરે ૨૫ કરોડ વાચકો છે. જયારે અંગ્રેજી અખબારોના ૩ કરોડ વાચકો છે. અંગ્રેજી અખબારો મામૂલી કિંમતે મળે છે અને તેમાં ભરપૂર પાનાં વાચકોને આપવામાં આવે છે. જેમાં સમાજના પ્રશ્નોને વાચા આપવાને બદલે શેરબજારમાં આવતા નવા ઈસ્યુનાં લખાણો, નવી ટીપ્સ, બિઝનેસને લગતી માહિતી અને ખાનગી સમજૂતીઓ દ્વારા મની માર્કેટમાં રોકાણકારોને લલચાવતી બાબતોની જાહેરાત દ્વારા પ્રસિધ્ધિ આપીને અખબારો નાણાં મેળવી લે છે. લોકોને સસ્તા મનોરંજન સ્વરૂપનું લખાણ આપીને પોતાની ફરજ અને ધર્મ અખબારો ચૂકી રહ્યાં છે. વર્તમાન સમયમાં પ્રેસ કાઉન્સિલની આચારસંહિતા પળાતી નથી. રિપોર્ટની ગંભીરતા નોંધાતી નથી. મીડિયા બેજવાબદારી તરફ જઈ રહ્યું છે. જે લોકશાહી માટે ખતરારૂપ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સમૂહ માધ્યમના ભાગ તરીકે મીડિયાની આટલી ગંભીર પરિસ્થિતિ જોતાં એ વિચાર આવે કે દાયકાઓ જૂના પ્રાદેશિક ભાષામાં બહાર પડતાં અખબારોએ આજ પર્યંત વાચકોના દિલમાં કેવી રીતે સ્થાન જમાવ્યું હશે! કેટલા ઉચ્ચ મૂલ્યો, નીતિ,શ્રેષ્ઠ વિચારધારા અને નિષ્ઠાપૂર્વકની જવાબદારી નીભાવી હશે? કેટકેટલી ચડતી પડતી જોઈને અને કેવા કેવા મહાનુભાવોની સેવાથી તેઓ ટકી શકયા છે? આવા કંઈ કેટલા સવાલોના જવાબરૂપે આ મહાશોધ નિબંધમાં ૧૮૭ વર્ષ જૂનું છતાં હજુ પણ યુવાન 'મુંબઈ સમાચાર' અને ૭૫ વર્ષથી લોક હૃદયમાં મજબૂત સ્થાન જમાવનાર સાંધ્ય દૈનિક 'જન્મભૂમિ'ની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

''સમૂહ માધ્યમ રૂપે છાપાંની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પોતાના વાચક માત્રને ઉકત ભાવનાથી તરબતર કરી મૂકે. સત્ય, ન્યાય, પરિવર્તન કે ક્રાન્તિ માટે એના આત્માને જાગ્રત રાખે. જયારે છાપાંની સામાજિક અને રાજકીય ભૂમિકા કોઈપણ પ્રશ્નને કાયદાકીય સ્તરે વિકસાવીને પ્રજાના પક્ષકાર બની રહેવાની છે.'' [૧] ચોકકસપણે માધ્યમોનો ઉપયોગ કરનાર વર્ગ વધ્યો જ છે. પણ માધ્યમોએ પોતાની ફરજો નીભાવવામાં વધારો નથી કર્યો. આ બાબત નીચેના આંકડાઓ પરથી સાબિત થશે.

'ભારતમાં દૈનિકો અને સાપ્તાહિકો સહિતના સમાચાર સંબંધિત અખબારોની સંખ્યા ૩૫,૬૦૧ થી વધીને ૩૭,૨૫૪ થઈ છે. દૈનિક અખબારોની સંખ્યા ૪,૦૪૩થી વધીને ૪,૨૩૬ ને વટાવી ગઈ. જેમાં ૧૮૦ જેટલા મોટા અખબારો અને ૮૩૮ જેટલા મધ્યમ અખબારોનો સમાવેશ થાય છે. એક જ દાયકામાં દૈનિકો ૪,૦૪૩ પરથી ૮,૨૩૬ પર પહોંચે એ તેમાં થયેલો ૧૧૪ ટકાનો વધારો સૂચવે છે. ભારતમાંથી ૧૬ મુખ્ય ભાષાઓ સહિત ૧૦૦ જેટલી ભાષાઓ અને લોકબોલીઓમાં અખબારો પ્રગટ થાય છે. આમ આઝાદી પછીના ભારતમાં અખબારોએ પ્રગતિમાં હરણફાળ ભરી છે. સમગ્ર વિશ્વમાં પણ એજ સ્થિતિ છે.'[૨]

પત્રકારત્વનું એક આકર્ષણ એ છે કે અહીં રોજ કંઈક નવું બનતું રહે છે. પત્રકારો સામેના પ્રશ્નો પણ રોજ અવનવા બનતા રહે છે. આવી બદલાતી પરિસ્થિતિને પહોંચી વળવા પત્રકારો અને એમનાં સંસ્થા સંગઠનો આજકાલ વધુ મહેનત અને અભ્યાસ કરી રહ્યા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

છે. આ કામમાં સૌથી મદદરૂપ કોઈ બની શકે તેમ હોય તો તે વાચકવર્ગ છે. આ વાત 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'ના તંત્રીશ્રીઓ સારી પેઠે જાણે છે. બંને અખબારોમાં વાચકોના મંતવ્યો, ફરિયાદો, સૂચનો, પત્રો વગેરેને પૂરતુ સ્થાન ફાળવવામાં આવે છે. બંને અખબારો ગુજરાત બહારના વિસ્તાર એટલે કે મુંબઈમાંથી બહાર પડતાં હોવા છતાં ગુજરાતના પ્રશ્નોને પણ ઉચિત સ્થાન ફાળવે છે. આ ગુજરાતી અખબારોમાં માહિતી અને વિશ્લેષણ પરૂ પાડતી તેમજ સમસ્યાઓ પર નિર્ભિકતાથી અભિપ્રાય વ્યકત કરતી કલમોની ખોટ નથી.

ગુજરાતી અખબારોનો પ્રારંભ તો ઈ.સ. ૧૮૨૨થી થઈ ગયો હતો પણ ગુજરાતમાં અખબારનો યુગનો આરંભ ઈ.સ. ૧૮૪૮માં ગુજરાત વર્નાકયુલર સોસાયટીની રચના દ્વારા થયો. ઉકત સોસાયટીએ પોતાનું છાપખાનું શરૂ કર્યું અને 'અમદાવાદ વર્તમાનપત્ર' નામનું સમાચારપત્ર પ્રકાશિત કર્યું.

'મુંબઈથી આરંભાયેલ ગુજરાતી પત્રકારત્વ હવે અમદાવાદ, વડોદરા, સૂરત, રાજકોટ ઉપરાંત આણંદ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ડીસા, ભૂજ, મહેસાણા અને સુરેન્દ્રનગર સહિત અનેક પ્રકાશન કેન્દ્રોમાં વિકસ્યું છે. એમાંય સૌરાષ્ટ્રનું પત્રકારત્વ એટલે ગુજરાતી અખબારી આલમનું મોભી. મહાત્મા ગાંધી હોય, શામળદાસ ગાંધી હોય કે પછી હસમુખ ગાંધી, 'શનિ' ઉર્ફે કેશવલાલ ધનેશ્વર દવે હોય કે પછી હરીન્દ્ર દવે, મેઘાણીભાઈ અને અમૃતલાલ શેઠના સૌરાષ્ટ્રની ગઈકાલ હોય કે પછી સમકાલીન પેઢી, સૌએ વ્યવસાય પ્રત્યેની વફાદારીને સાચવી જાણી છે. વાંઝણી સનસનાટી, મિથ્યા કડાકૂટ અને વ્યર્થ ઝળહળાટથી પત્રકારત્વને આંજવા કે અભડાવવા દેવું નહીં એ એનું સંસ્કારવિધાન રહ્યું છે. કારણ કે મહદ્ અંશે ધ્યેયને વરેલાના હાથમાં સંપાદનનું કામ રહ્યું છે, ધંધો કરનારાઓના હાથમાં નહીં.

ગુજરાતી પત્રકારત્વ તેનાં સમસામયિક પ્રવાહોનું સંતાન છે. સ્વતંત્રતા પહેલા ગુજરાતમાં પણ સર્વપ્રકારની પરાધીનતાથી મુકત થવા મથતી અભિલાષાનું તેમાં પ્રતિબિંબ પડતું. મુખ્યત્વે લેખોમાં રાજકીય, સાહિત્યિક કે સામાજિક ઝૂંબેશનું વાતાવરણ હતું. પરિણામે સામગ્રીમાં વધુ ચોકસાઈ અને વધુ નિષ્ઠા પણ દેખાતી. પહેલાંના અખબારોમાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

છપાઈકામની અદ્યતન સામગ્રી, સક્ષમ વિતરણ વ્યવસ્થા અને દૂરદૂરના સમાચારો મેળવવા માટેની નાણાકીય કે માનવીય શકિતની ઘણી મર્યાદા હતી. તંત્રી કે માલિક મોટેભાગે એક જ રહેતા અને તેમને પણ સમાચારો અહેવાલો મેળવવા પ્રયાસો કરવા પડતા. 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ' બંને આ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂકયા છે. જૂના પુરાણા, ચીલાચાલુ મુદ્રણસ્થાનમાં આ અખબારો છપાતાં. શ્રી અમૃતલાલ શેઠ કે ઝવેરચંદ મેઘાણી જેવા તંત્રી–પત્રકારો લખતા, પ્રૂફ સુધારતા, પરિભ્રમણ કરતા અને વિતરણની વ્યવસ્થા પણ સંભાળતા.

હવે સમય ઘણો બદલાઈ ચૂકયો છે. હવેના અખબારમાં એક વ્યકિત દસ કામ નથી સંભાળતી. દરેકને એક ખાસ વિભાગ કે પાનાની જવાબદારી સોંપી દેવામાં આવે છે. વિવિધ સમાચાર સંસ્થાઓ દ્વારા, પોતાના સંવાદદાતાઓ દ્વારા, ટેલિપ્રિન્ટરો, ટેલેક્ષ, તાર, ટપાલ, ટેલિફોન દ્વારા સતત ઠલવાતા સમાચારોને કાપકૂપ, સુધારાવધારા કે ઘટાડા કરીને, તેના મથાળાં બાંધીને, કયારેક તેને પુનઃ શબ્દસ્થ કરીને, યોગ્ય પાના પર યોગ્ય રીતે ગોઠવવાની સૂચના આપવી, નાના છતાં સૂચક સમાચારને ઉપસાવવા, ઊડીને આંખે વળગે તે રીતે તેને ગોઠવવા, તેનો શણગાર કરવો એ તંત્રીનું, સંપાદકનું અને તેના પત્રકાર સાથીઓનું કામ છે.

આ સંશોધનના પ્રથમ બે પ્રકરણોમાં બંને અખબારના પત્રકારો વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પત્રકાર અને સમાજનો વિશિષ્ટ સંબંધ છે. પત્રકાર સમાજમાં રહે છે, સમાજમાં જીવે છે. સમાજમાં રહેતો હોવાથી એની રજૂઆતમાં સત્ય અને સ્વાનુભૂતિ હોય છે. ''પત્રકાર ખાનગી વસ્તુ જાહેર કરી દે છે. આને લીધે સમાજના દૂષણોએ જાહેર કરે છે. સમાજમાં ચાલતી કાયદાભંગની પ્રવૃત્તિ, અસમાજિક પ્રવૃત્તિઓ, દાદાગીરી, કાવાદાવાએ જાહેર કરી તેથી લોકોએ બધાથી બચે છે. કેટલાક પોતે ઉઘાડા પડી જશે એ ડરથી ખોટું કરતાં અટકે છે. આમ પત્રકાર પોતાની પ્રવૃત્તિ દ્વારા સમાજની તંદુરસ્તી વધારે છે. ''[૩]

'શરી મુમબઈના સમાચાર'ના પ્રકાશન સાથે સાચા અર્થમાં ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ શરૂ થયો. આ ઈતિહાસ જેટલો લાંબો છે તેટલો જ ગૌરવવંતો પણ છે. ઘણી બાબતોમાં ગુજરાતી અખબાર નવીસી ગૌરીશિખરે પહોંચેલું છે. ગુજરાતી પ્રકાશન શરૂ થયા પછી છેક આખો દાયકો વીત્યા પછી મરાઠી વર્તમાનપત્ર શરું થયું તે પણ લીથોગ્રાફ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પધ્ધતિથી છપાયું. જયારે તે જમાનામાં ૧૫૦ ગ્રાહકો માટે પ્રસિધ્ધ થતું 'શરી મુમબઈના સમાચાર' લાકડાના ટાઈપ બીબાં ગોઠવીને પ્રિન્ટિંગ પ્રેસમાં મુદ્રણ પામતું. ગુજરાતી ભાષાની અખબારનવીશીમાં પારસીએ પાયોનિયર રહ્યા છે. તેમ ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમમાં પણ પાયોનિયર ગણાવા જોઈએ, કારણ કે ત્યારે કોઈ સમાચાર સંસ્થા ટેલિપ્રિન્ટર અથવા કમ્પ્યુટરમાં ઉતારાતી નહોતી. ખબરપત્રી જે કંઈ મોકલતા અને જે કાંઈ પ્રસિદ્ધ થતું તે બધું ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમ જ હતું. એ સમયે તમામ ખબરો મહેનત કરીને મેળવવી પડતી હતી.

ફરદુનજી મર્ઝબાનની જાત ખુવાર કરીને પ્રેસ તથા ટાઈપ બનાવવાની લગન, મુંબઈના ધોબીતળાવના નાનાભાઈ રાણીના નાના છાપખાનામાંથી 'ડાંડિયો' પ્રગટ કરી સામાજિક પરિવર્તન માટે વીર નર્મદની મર્દાના લડત, ધર્મધુરંધર મહારાજોની હુકમશાહી વિરુદ્ધ બંડ પોકારનાર કરસનદાસ મૂળજીની જાનફેસાની, અનેક આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ પોલાદ જેવી છાતી રાખીને માતૃભોમ કાજે લડનારા અમૃતલાલ શેઠ, ગગા ઓઝા જેવા દીવાન તેમ જ ગોરા હાકેમોના કઠોર કાળમાં મિરઝા મુરાદાઅલીનો સમાજ સુધારાનો સાદ, લંડનથી લગભગ બે સદી પહેલાં પ્રગટ થતાં 'ઈન્ડિયન સોશ્યોલોજિસ્ટ'ના પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા એક યા બીજા અર્થમાં આ બધા ઈન્વેસ્ટીગેશન જર્નાલિઝમના આદિપુરુષ જ ગણાય.

વર્તમાનપત્ર એ પ્રજાનું ટ્રસ્ટી છે. સ્પષ્ટ વિચાર અને સ્પષ્ટ નિવેદન, સાચી હકીકત અને ન્યાયીદષ્ટિ એ એના આધાર સ્તંભો છે. પત્રકાર જે સાચું માને તે જ લખે. સમાજના શ્રેય સિવાયની બાબતો ઉપર નજર ન રાખે. સજજનથી જે બોલી ન શકાય તે પત્રકારથી લખી ન શકાય. શ્રેષ્ઠ પત્રકાર પ્રભુનો ડર રાખે છે અને માણસનું ગૌરવ કરે છે. સત્તાલોભ એ એનો આદર્શ નથી તે વિધાયક અને સહિષ્ણુ રહે, બેદરકાર નહી, 'મુંબઈ સમાચાર' અને 'જન્મભૂમિ'ના પત્રકારોએ આદર્શ પત્રકારત્વ કોને કહી શકાય તે કરી બતાવ્યું છે.

'મુંબઈ સમાચાર' પ્રિન્ટિંગ પ્રેસની કામગીરીને ૧૮૮ વર્ષ પૂરાં થયાં, એ વર્તમાનપત્રની દુનિયામાં એક મહત્ત્વનો પ્રસંગ કહી શકાય. આ સંસ્થાએ ખાસ કરી ગુજરાતી બોલનારી પ્રજાની અમૂલ્ય સેવા કરી છે.તેની પ્રામાણિક નીતિ–રીતિની વર્ષોથી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

વાચકો પર ઊંડી છાપ પડી છે. આજે પણ 'મુંબઈ સમાચાર'ના વાચકોને પ્રામાણિક રીતે સમાચાર અને પ્રામાણિક વિચાર કે દષ્ટિબિંદુનો લાભ મળી રહ્યો છે.

'મુંબઈ સમાચાર' સાહજિક ઢબે પરંતુ વાંચવા અને વિચારવા પ્રેરે તેવા અખબારી અહેવાલો આપે છે. અહેવાલ એટલે ઘટનાનો સર્વાંગી ચિતાર. કોઈપણ સંવાદદાતા ઘટનાનો ચિતાર રજૂ કરતી વેળાએ પોતાના અંગત ગમાઅણગમા અને પોતાની માન્યતાઓનો ઉમેરો કરે તે અહેવાલમાં સાતત્ય જળવાતું નથી ! 'મુંબઈ સમાચાર'ને આ તટસ્થતાએ ગૌરવ અપાવ્યું છે. ગુજરાતની અસ્મિતા અને ગુજરાતીઓના સમૃધ્ધ વારસાની યોગ્ય જાળવણી કરવાના હેતુસર આ વર્તમાનપત્રની સ્થાપના થઈ હતી. આ ૧૮૮ વર્ષના લાંબા સમયગાળા દરમિયાન મહત્ત્વના કહી શકાય તેવા પ્રસંગોમાં પ્રથમ વિશ્વયુધ્ધ, ૧૮૫૭નો બળવો, ઝાંસીની રાણીનો ઈતિહાસ, દાંડીકૂચ, જલિયાવાલા બાગની કત્લેઆમ, આઝાદીની ઘટનાઓ વિગેરે 'મુંબઈ સમાચાર'ના પાને અંકિત છે. જે ગુજરાતી પ્રજાએ ગૌરવ લેવા જેવી વાત છે.

એક વર્તમાનપત્ર સમગ્ર જીવનને આંબી લે છે. માનવજીવનના સઘળા વિચારો, લાગણીઓ, સુખ અને દુઃખના દિવસો, નાનાની મોટાઈ અને મોટાની નબળાઈ એ બધું જ એક તંત્રીની નજર સમક્ષ બને છે. 'મુંબઈ સમાચાર'ને મુશ્કેલીના સમયમાંથી પાર ઉતારનાર કોઈ તંત્રી મોટી વિદ્યાપીઠોના સ્નાતક નહોતા. તેઓ કેવળ પોતાની આત્મસૂઝ અને અનુભવ તથા જાત મહેનતથી આગળ આવ્યા હતા. તેઓએ કયારેય ખોટી લોકચાહના મેળવવા ધમપછાડા ગેરરીતિ આચરી નથી. પત્રકારત્વનો ધર્મ સસ્તી જાહેરાત કે લોકપ્રિયતા મેળવવાનો નથી. વર્તમાન સમયમાં દરેક અખબારના તંત્રીએ સંયમ રાખવાની જરૂર છે. મુંબઈ સમાચારે અનેક પ્રસંગોએ પોતાના સંયમની પરીક્ષા આપી છે. 'મુંબઈ સમાચાર'ની મૃદુતા અને સંયમ તથા સેવા આજે પણ એવાંને એવાં જ રહ્યાં છે.

મુસ્લિમ સમાજમાં સુધારાવાદી અભિગમ એક મુશ્કેલ પ્રક્રિયા છે. પરંતુ 'મુંબઈ સમાચાર' તથા મુંબઈની હાઈકોર્ટે આ બાબતમાં સમયાંતરે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. 'મુંબઈ સમાચાર' એક લઘુમતી સમાજની વ્યકિતની દેણ હોવાથી તેણે બહુ ઝડપી અન્ય લઘુમતી સમુદાયના લોકોનો વિશ્વાસ જીતી લીધો છે. જો કે પહેલાના સમયમાં લઘુમતી



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

અને બહુમતી જેવી રાજકીય શબ્દાવલિ જ ન હતી, પરંતુ  સમાજમાં ધાર્મિક આસ્થા અનુસાર સંખ્યા પર આધારિત ઓળખ હતી. પારસી કોમ ગુજરાતી સમાજનું જ અંગ હોવાથી અન્ય ગુજરાતી પંથો અને સંપ્રદાયોનો તેણે બહુ ઝડપથી વિશ્વાસ પ્રાપ્ત કરી લીધો.

અત્યારે અનવર વલિયાણીએ સંપાદન કરેલી 'મુખ્બિરે ઈસ્લામ' કટાર નિયમિત પ્રગટ થાય છે ત્યારે રોહિન્ટન નામના પારસી સજ્જન તેનું સંપાદન કરતા હતા. અમુક સમય માટે શ્રી નુરાનીએ પણ આ કટાર સંભાળી હતી. 'મુંબઈ સમાચાર'ની મોટાભાગની કટારોમાં સામાજિક બાબતો પર પ્રકાશ પાડવામાં આવે છે. સમાજની શૈક્ષણિક પ્રવૃત્તિઓની પણ ચર્ચા થાય છે. દરેક સમાજ અને કોમની સળગતી સમસ્યાઓ અંગે લોકોના વિચાર પ્રગટ કરાય છે. કોઈની પણ ધાર્મિક લાગણીને ઠેસ પહોંચે નહીં તેની ખાસ તકેદારી રખાય છે. દરેક સમાજના અનુયાયી પોતાની સમસ્યાઓની ખુલ્લી અને તંદુરસ્ત ચર્ચા માટે 'મુંબઈ સમાચાર'ની પ્રતીક્ષા કરતા હોય છે. આમ તો તેની પ્રણાલિકા, પત્રકારત્વના ઊંચા ધોરણો અને વિશ્વાસને કારણે જ લોકહૃદયમાં સ્થાન જમાવી શક્યું છે.

પ્રણાલિકા એની વિશ્વસનીયતાનું એક કારણ 'મુંબઈ સમાચાર'ની નિઃસ્વાર્થ સેવા ભાવના પણ છે. લોકો પર જયારે કુદરતી પ્રકોપ આવી પડે ત્યારે લોકશાહી સરકારો પોતાની પાસેનાં નાણાં ભંડોળમાંથી મોટી રકમો ફાળવી તેની વહારે ધાય છે. મુંબઈ સમાચારે સમયે સમયે લોકોને આર્થિક મદદ કરી છે. તેનો સાદ પડતાં જ પ્રજાએ તેનો ઉદાર પ્રતિસાદ આપ્યો છે અને પ્રજાના પત્રના સંચાલકો અને કાર્યકરોમાંના વિશ્વાસને સમૃધ્ધ બનાવે એવી કાર્યવાહી એમણે કરી બતાવી છે. પત્રના સંચાલકોનું આ કાર્ય પ્રજાના નેકદિલ આગેવાનને શોભા આપે તેવી રહ્યું છે. વિશ્વસનીયતા 'મુંબઈ સમાચાર'ની મોંઘી મૂડી છે.

સમાચાર લેખન, સમાચાર સંપાદન, ફિચર લેખો તેમજ પૂર્તિના સંપાદનમાં પણ 'મુંબઈ સમાચાર' ચોકકસ આચારસંહિતા જાળવતું આવ્યું છે. સુરુચિપૂર્ણ માહિતીપ્રધાન, વિષય વૈવિધ્ય અને સંસ્કારિતાપૂર્ણ લેખો એ 'મુંબઈ સમાચાર' મેગેઝિન વિભાગનું આગવું પાસું બની રહ્યું છે. એટલે જ આ અખબાર કુટુંબના દરેક સભ્યોને એમનું મનપસંદ વાંચન પૂરું પાડનારું બની રહ્યું છે. આ વાત ૨૦૦ પ્રશ્નાવલિનાં પરિણામ જોતાં સ્પષ્ટ થાય છે. એક જ ઘરમાં 'મુંબઈ સમાચાર'ની એક થી વધુ કોપીઓ આવતી હોય તેવા પણ દાખલા જોવા



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મળ્યા છે. અમુક વાચકોએ તેને સમાજ અને સરકાર વચ્ચેના સેતુરૂપ ગણાવ્યું હતું. 'મુંબઈ સમાચાર'માં આવતી પૂર્તિઓ અને વિવિધ પ્રકારના સમાચારોને સ્ત્રીઓ અને પુરુષો કેટલા ટકા પસંદ કરે છે, તેના આંકડા જોતાં સુખદ અનુભવ થાય છે. વાચકોના અનુભવો અને અંગત મંતવ્યમાંતો 'મુંબઈ સમાચાર'ના અનેક પાસાં સામે આવે છે.

'પત્રકારત્વ ઉદ્યોગ કે વ્યવસાય નહીં પણ યજ્ઞ છે.' આ વાકય ઉચ્ચારનાર હતા અમૃતલાલ શેઠ. તેઓ કહેતા કે 'પરિશ્રમપ્રિયતા એ પત્રકાર માટેની પાયાની લાયકાત છે.' અને આ લાયકાત તેમનામાં ભારોભાર ભરેલી હતી. 'જન્મભૂમિ'ની સ્થાપના અંગ્રેજી દૈનિક 'ડેઈલી સન' (સૂર્ય)ના જોડિયા સ્વરૂપે થઈ હતી.

'આમ જન્મભૂમિનું પ્રકાશન 'ડેઈલી સન'ને પડખું આપવા તેના જોડિયા પત્ર રૂપે થઈ. પણ સાચો રંગ 'જન્મભૂમિ' એ જ રાખ્યો. આથી જ તેમણે કહેલું કે, '' 'જન્મભૂમિ'એ સંપાદન કરેલા પ્રજાપ્રેમે મારા તૂટતા બળને નિભાવી રાખ્યું છે. મારા પરાજયમાં પણ મને ઊભવા જગ્યા આપી છે. તેનો ઉપકાર ભૂલ્યો ભૂલાય તેમ નથી. એટલે તેને વધારે સમૃધ્ધ બનાવીશ, વધારે લોકભોગ્ય બનાવીશ. લોકસેવાનું વધારે મજબૂત હથિયાર બનાવીશ.''[૪]

'જન્મભૂમિ'ની સ્થાપનાનો પાયો પૂર્વ આફ્રિકામાં વસતા હિંદીઓની સહાયતાથી નંખાયો. રિયાસતીઓની પ્રજાકીય લડતોમાં સાથ આપવાના ઉદ્દેશથી મુંબઈમાં દૈનિક વર્તમાનપત્ર ચાલું કરવા માટે પૂર્વ આફ્રિકાના હિંદીઓ પાસે શ્રી અમૃતલાલ શેઠે ટહેલ નાખી. તેમાં રૂા. ૪૬ હજાર મળ્યા હતા. તેમાંથી સૌરાષ્ટ્ર ટ્રસ્ટ બનાવાયું. આમ, 'જન્મભૂમિ'નો આરંભ,આશા,મનોરથો અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે થયો હતો. છતાં તેના પત્રકારત્વનું ધ્યેય કદીયે ધંધાદારી રહ્યું નથી. તે ફકત સમાચાર પહોંચાડવાનું જ નથી, પરંતુ તેથીયે અધિક એ પત્રકારત્વને પોતાનો ધર્મ અને આદર્શ માને છે. આમ, 'જન્મભૂમિ' એ માત્ર દેશ વિદેશના સમાચારો પ્રસિદ્ધ કરતું પત્ર નથી, એ તો અણગમતા કડવા સત્યને પણ સંપૂર્ણ સ્વરૂપમાં રજૂ કરતાં ન અચકાતું અને સમાજ, દેશને વિશ્વના સમાચારોનો પડઘો પાડતું ગુજરાતી સાહિત્યના વૈભવનું પ્રતીક છે.

'જન્મભૂમિ'ની કસોટી ઈન્દિરાજીએ જાહેર કરેલા કટોકટીના કાળમાં થઈ હતી. દિલ્હીથી નિયમિત પણે સત્તાધારીઓને કડવાં લાગે તેવાં લખાણો વર્તમાન તંત્રી કુન્દન વ્યાસ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મોકલતા હતા અને તે અક્ષરશઃ પ્રસિધ્ધ થતાં હતાં. કોઈપણ સમાચાર પત્રની કસોટી કરે એવા એ કાળમાં ભારતના બંધારણે બક્ષેલી અભિવ્યકિતની સ્વતંત્રતાનું રક્ષણ કરવાની જવાબદારી 'જન્મભૂમિ' એ અદ્‌ભુત રીતે નીભાવી હતી.

'જન્મભૂમિ' એક ટ્રસ્ટ ચલાવે છે. એટલે ખરેખર જે પત્રકાર હોય તેવી વ્યકિતઓ જ તંત્રી પદે આવી છે. એ બધા ધૂરંધરો અને ભેખધારી તંત્રીઓએ સમાજનાં શીલ અને શિલ્પનું ઘડતર નજર સમક્ષ રાખ્યું હતું. દરેક વાચકનો રસ જળવાઈ રહે એવી વિવિધતા દરેક અખબાર આપે છે, પણ જે નિષ્ઠાથી આ કાર્ય 'જન્મભૂમિ'એ કર્યું છે તે સરાહનીય છે. 'જન્મભૂમિ'ના તંત્રીઓની કાર્યદક્ષતા, ધ્યેયનિષ્ઠા,નિરંતર સાવધાની,અપ્રમાદ અને વિકાસ ઝંખના તેમજ દેશભકિતના ગુણોથી 'જન્મભૂમિ'એ નિરંતર પ્રગતિ કરી છે.

''તંત્રીપદે સક્રિય પત્રકારો હોવા એ સદ્‌ભાગ્ય છે. પણ સાથે સાથે એ તંત્રીઓ પત્રકારો અને કટારનવેશો, સમર્થ સાહિત્યકારો અને સત્વશીલ સર્જકો હોય એ મહાસદ્‌ભાગ્ય કહેવાય. 'જન્મભૂમિ'ના ૭૪ વર્ષના પ્રકાશન દરમિયાન સાહિત્ય મર્મી અને સાહિત્યપ્રેમી અમૃતલાલ શેઠથી લઈને મોહનલાલ મહેતા 'સોપાન' જ્ઞાન વિજ્ઞાન લેખક મનુભાઈ મહેતા, હરીન્દ્ર દવે, વેણીભાઈ પુરોહિત,કૃષ્ણવીર દીક્ષિત મંત્રીમંડળમાં હતા. આ ઉપરાંત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, કરસનદાસ માણેક, સુરેશ દલાલ જેવા અગ્રગણ્ય સર્જકોનું પ્રદાન હંમેશા રહ્યું છે.''[૫]

'જન્મભૂમિ'ને શ્રેષ્ઠ તંત્રીઓની સાથોસાથ ઝળહળતા હીરા સમાન પત્રકારો પણ મળ્યા છે. આમ તો 'જન્મભૂમિ'ને પત્રકારત્વની પાઠશાળા જ કહેવામાં આવે છે. અહીંથી કેટકેટલાય પત્રકારોએ પત્રકારત્વ જગતમાં પા...પા પગલી માંડી અને આ ક્ષેત્રે હરણફાળો ભરી. 'જન્મભૂમિ' એ પોતે ગરીબ રહીને પત્રકારો જ નહીં, પણ બીજા અખબારોને પણ સમૃધ્ધ કર્યા છે. 'જન્મભૂમિ' એ પોતાને ભોગે ગુજરાતી પત્રકારત્વને પોષ્યું છે. વગર ફીની આ જર્નાલિઝમ કૉલેજમાં દૂધમલિયા પત્રકારો આવી તાલીમ લે અને પછી એક બે વર્ષમાં તેને છોડી જાય અને સમય જતાં પત્રકારત્વના શહેનશાહ બની જાય ! 'જન્મભૂમિ'ના મહિલા કર્મચારીઓએ વર્ષોની ગળાડૂબ મહેનતથી તૈયાર કરેલી ભવ્ય લાઈબ્રેરીનો ઉપયોગ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

બીજા તમામ અખબારો,સિનેમા જગત અને વિદ્યાર્થીઓ તથા પત્રકારો પણ કરે છે. છતાં આજ સુધી અન્ય કોઈ અખબારે આ વિરલકાર્ય કરવાનો વિચાર પણ કર્યો નથી.

'જન્મભૂમિ' એ પત્ર નથી, પરંપરા છે. ગુજરાતી અસ્મિતાના સંસ્કાર મંદિરમાં 'જન્મભૂમિ' સાંસ્કૃતિક યશકલગી છે અને હંમેશા બની રહેશે એવી આશા અસ્થાને નથી. કર્મનિષ્ઠ પત્રકારો મેળવવા માટે 'જન્મભૂમિ' સદ્ભાગી છે.

''સ્વ. શાંતિલાલ શાહે એકવાર તંત્રીઓની બેઠક સંબોધતા કહેલું કે, ''કોઈ એક સમાચાર રહી જાય તો અમે તંત્રીઓને ઠપકો નહીં આપીએ પણ એકાદ સમાચાર ખોટા છપાઈ જાય તો તમારા વર્તમાનપત્રની અને તમારી શ્રધ્ધયેતાની મૂડી ઓછી થશે એમ માનજો. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ આજે સંગીન પાયા પર છે તેનું શ્રેય સમર્થ ટ્રસ્ટીમંડળને જાય છે.'' [૬]

આજે પણ જન્મભૂમિની ગણના એક વિશ્વસનીય અખબાર તરીકે થાય છે. તેની વિશ્વસનીયતા એટલી બધી હતી કે 'જન્મભૂમિ' વાંચીને ઈન્કમટેકસના વિજિલન્સ ખાતા આવકવેરાની ધાડ પાડતાં. ઘણા આવકવેરાના ઈન્વેસ્ટરો 'જન્મભૂમિ' વાંચતા. સ્વ.ધીરૂભાઈ અંબાણી તેમની ઑફિસમાં ૧૯૭૦ના દાયકામાં 'જન્મભૂમિ' ખાસ વાંચતા. રિઝર્વ બેન્ક દર વર્ષે તેની ધિરાણ નીતિ જાહેર કરતી પણ 'વ્યાપાર' 'જન્મભૂમિ' ના પ્રતિનિધિને અલગ બોલાવી તેનું બ્રિફિંગ કરતી. ઉપરોકત બાબતોમાં તેની વિશ્વસનીયતાના પડઘા પડે છે.

'જન્મભૂમિ' ની બીજી એક ખાસિયત એ છે કે, આર્થિક કટોકટીના દિવસોમાં પણ એક પણ દિવસ વર્તમાનપત્રનો અંક ચૂકાયો નથી. તેમજ કર્મચારીઓના પગારમાં એક દિવસનું પણ મોડું થવા દીધું નથી જે પ્રણાલી આજ પર્યંત તૂટી નથી. જયારે રજનીકાન્ત શ્રોફ કેશિયર હતા ત્યારે ૩૦ મી તારીખે બધાના પગારના કવર તૈયાર થઈ જતા. 'જન્મભૂમિ' ના અમૃત મહોત્સવ વિશેષાંકમાં કાન્તિ ભટ્ટે લખેલા એક લેખના થોડા અંશ અહીં સાભાર લઈએ.

''૧૯૬૯થી હું 'જન્મભૂમિ' માં છેલ્લા પાને કટાર લખતો થયો. તે માટે મને પ્રોત્સાહન આપીને મારા લેખને મઠારીને ઉત્તમ સ્થાન આપનારા ન્યુઝ એડિટર રમણલાલ શેઠ હતા. ઓફિસમાં 'જન્મભૂમિ' છપાઈને બપોરે બે વાગ્યે આવે. મારો લેખ છપાયો હોય એટલે ૨.૧૫ વાગ્યે હું મારા લેખના રૂા. ૧૫ થી રૂા. ૨૦ના પુરસ્કારનું વાઉચર બનાવું.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૨.૩૦ વાગ્યે રમણલાલ શેઠ અને તંત્રી મનુભાઈ મહેતા વાઉચરમાં સહી કરી અને ૨.૨૫ વાગ્યે મને ત્યારે જ રોકડો પુરસ્કાર મળી જાય. આજે કયું અખબાર તેના ફ્રીલાન્સ પત્રકારને આ રીતે પુરસ્કાર આપે છે?"[૭]

આ સિવાય આખા દેશમાં કયાંય આફત આવી પડે ત્યારે સૌરાષ્ટ્ર ટ્રસ્ટનાં પત્રો પહેલાં દોડી જાય છે. સમગ્ર સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને તેનાં અખબારોએ આવી લોકસેવાની નીતિના કારણે અપ્રતિમ ચાહના મેળવી છે! વર્તમાન સમયમાં પણ તેના વાચકો તેને કેટલું ચાહે છે. તે પ્રશ્નાવલિના તારણો જોતાં ખ્યાલ આવે છે. જન્મભૂમિ સાથે જોડાઈ રહેવાના અનેકવિધ કારણો આપીને વાચકોએ જન્મભૂમિ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યકત કર્યો છે. લોકોના અંગત મંતવ્યો પણ જન્મભૂમિને પ્રિય અને ઉત્તમ અખબાર સાબિત કરે છે.

આ મહાશોધ નિબંધમાં બંને અખબારોની તુલના કરવાનો પ્રયાસ નથી કર્યો પણ ગુજરાત બહારના એવા મુંબઈ શહેરમાંથી એશિયાનું પ્રથમ ગુજરાતી દૈનિક 'મુંબઈ સમાચાર' અને સૌથી જૂનું સાંધ્ય ગુજરાતી દૈનિક 'જન્મભૂમિ'ના ભૂતકાળ અને વર્તમાન કાળને મૂલવવામાં આવ્યું છે. બંને અખબારો પોતપોતાના સ્થાને શ્રેષ્ઠ સેવા બજાવી રહ્યા છે. તેમની સેવાભાવના, કામગીરી, નીતિ,તટસ્થતા અને શિષ્ટ વર્તમાન સમયમાં સરકયુલેશન પાછળ આંધળી દોટ લગાવનાર અન્ય અખબારો માટે નમૂના રૂપ છે. હજુ પણ આ અખબારોને પ્રોફેશનાલિઝમનો રંગ લાગ્યો નથી. આજે પણ બંને અખબારો માટે સૌથી વધું મહત્ત્વ તેનો વાચક વર્ગ ધરાવે છે. વાચકોના હિતને નુકશાન થાય તેવા કોઈ પગલાં અહીં લેવામાં આવતાં નથી.

આગળના પ્રકરણમાં બંને અખબારો વિષે તૈયાર કરેલી પ્રશ્નાવલિના તારણો પણ આ વાતની સાબિતી પૂરે છે. મુંબઈમાં વસતો કોઈપણ ગુજરાતી એવું ન કહી શકે કે તેમણે કયારેય 'મુંબઈ સમાચાર' કે 'જન્મભૂમિ' વાંચ્યા જ નથી. મુંબઈ અને મુંબઈ બહાર વસતા ગુજરાતીઓ માટે આ ગર્વ લેવા રૂપ છે. તેમાં આજે પણ ગુજરાતીઓનું ખમીર ઝળહળે છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

## પ્રકરણ-૮

## પાદટીપ

૧ શાહ સુમન, 'મીડીઆ મેસેજ' પૃષ્ઠ નં. ૨૮

૨ ડૉ. દલાલ યાસીન, 'માધ્યમ વિમર્શ' પૃષ્ઠ નં. ૨૮૮

૩ એજન, પૃષ્ઠ નં. ૨૮૪

૪ સંકલન : જાની જયશ્રી, 'જન્મભૂમિ' પરિચય પુસ્તિકા ૧૧૮૯ પૃષ્ઠ નં.૨

૫ જન્મભૂમિ અમૃત મહોત્સવ વિશેષાંક પૃષ્ઠ નં. ૧૯

૬ સંકલન : જાની જયશ્રી, 'જન્મભૂમિ' પરિચય પુસ્તિકા ૧૧૮૯ પૃષ્ઠ નં.૪૦

૭ 'જન્મભૂમિ' અમૃત મહોત્સવ વિશેષાંક પૃષ્ઠ નં. ૧૮

૮ ડૉ. દલાલ યાસીન, 'માધ્યમ વિમર્શ' પૃષ્ઠ નં. ૧૬૪

૯ 'મુંબઈ સમાચાર' તા. ૧.૭.૨૦૦૯ પૃષ્ઠ નં. ૧૦

૧૦ એજન, પૃષ્ઠ નં. ૮



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# સંદર્ભગ્રંથ સૂચિ

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પરિશિષ્ટ–૬

## સંદર્ભગ્રંથ સૂચિ

| પુસ્તક ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદક | પ્રકાશક | આવૃત્તિ/ પ્રકાશન વર્ષ | મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ગુજરાતી પુસ્તક | | | | | |
| ૧ | 'અખબારી ઈતિહાસ', | ડૉ. દલાલ યાસીન | પાર્શ્વ પબ્લિકેશન | પ્રથમ –૨૦૦૬ | રૂા. ૧૬૫ /– |
| ૨ | 'આપણા અખબારોની કહાણી' | સરકાર ચંચલ, | નેશનલ બુક ટ્રસ્ટ ઈંડિયા | પ્રથમ– ૧૯૮૬ | રૂા.૬ /– |
| ૩ | 'અંતર નાદ' | મહેતા મનુભાઈ | નવજીવન મુદ્રણાલય | પ્રથમ– ૧૯૮૦ | રૂા. ૨૫ /– |
| ૪ | 'ગુજરાત અને ગુજરાતી' (વાતાયન શ્રેણી) | બક્ષી ચંદ્રકાન્ત | નવભારત સાહિત્ય મંદિર | પ્રથમ–૨૦૦૬ | રૂા. ૧૭૫ /– |
| ૫ | 'ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ' | ડૉ. માર્શલ રતન રુસ્તમજી | સાહિત્યિ સંગમ | દ્વિતીય– ૨૦૦૫ | રૂા.૨૫૦ /– |
| ૬ | 'ચોથી જાગીર' | ડૉ. દલાલ યાસીન | ગુજરાતી ગ્રંથ નિર્માણ બોર્ડ | પ્રથમ –૧૯૯૪ | રૂા. ૩૭/– |
| ૭ | 'જન્મભૂમિ'પરિચય પુસ્તિકા | જાની જયશ્રી | પરિચય ટ્રસ્ટ | પ્રથમ– ૨૦૦૮ | રૂા. ૧૦ /– |
| ૮ | 'તંત્રી લેખોની ભાષાઃ એક અધ્યયન' | જોષી પરીક્ષિત, | ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડ | પ્રથમ –૨૦૦૦ | રૂા. ૧૦૦ /– |
| ૯ | 'દિપે અરુણું પરભાત' | મહેતા દિપક | નવભારત સાહિત્ય મંદિર | પ્રથમ –૨૦૦૫ | રૂા. ૧૦૦ /– |
| ૧૦ | 'પત્રકારત્વ અને માધ્યમો'–૧ | બક્ષી ચન્દ્રકાન્ત | નવભારત સાહિત્ય મંદિર | પ્રથમ–૨૦૦૦ | રૂા. ૩૨ /– |
| ૧૧ | 'પત્રકારત્વના પ્રવાહો' | પંડયા વિષ્ણુ | નવભારત સાહિત્ય મંદિર | પ્રથમ –૧૯૯૧ | રૂા. ૩૫ /– |
| ૧૨ | 'પત્રકારત્વની વિકાસ રેખા' | પંડયા વિષ્ણુ | નવભારત સાહિત્ય મંદિર, | પ્રથમ –૧૯૯૧ | રૂા. ૩૫ /– |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | 'પત્રકારત્વનું શિક્ષણ' | ડૉ. દલાલ યાસીન | પરિચય ટ્રસ્ટ | પ્રથમ– ૨૦૦૦ | રૂા. ૬/– |
| ૧૪ | 'પત્રકારત્વઃ સિધ્ધાંત અને અધ્યયન' | ડૉ.મહેતા ચન્દ્રકાન્ત | નવભારત પ્રકાશન મંદિર | પ્રથમ– ૧૯૯૯ | રૂા. ૧૦૦ /– |
| ૧૫ | 'પ્રથમ અખબાર' પરિચય પુસ્તિકા | મહેતા દિપક | પરિચય ટ્રસ્ટ | પ્રથમ– ૨૦૦૬ | રૂા. ૧૦/– |
| ૧૬ | 'બ્રિટિશ રાજની વાતો' | વર્મા મૂલચંદ | સુમન બુક સ્ટોર | પ્રથમ–૨૦૦૪ | રૂા. ૫૦/– |
| ૧૭ | 'ભારતીય પત્રકારત્વનો પ્રારંભિક ઈતિહાસ' | પ્રા. પરીખ નિતાબહેન | પ્રિન્ટ ફાસ્ટ પબ્લિશર્સ પ્રા. લી. | પ્રથમ– ૨૦૦૦ | રૂા. ૬૦ /– |
| ૧૮ | 'ભારતીય વર્તમાનપત્રોની બે સદી' | દેસાઈ મહેન્દ્ર | પરિચય ટ્રસ્ટ | પ્રથમ–૧૯૮૨ | રૂા. ૧ /– |
| ૧૯ | 'મરીન ડ્રાઈવની પાળ પરથી' | વર્મા મૂલચંદ | સુમન બુક સેન્ટર | પ્રથમ– ૨૦૦૪ | ૧૮૦/– |
| ૨૦ | 'માધ્યમ ચિંતન' | ડૉ. દલાલ યાસીન | પાર્શ્વ પબ્લિકેશન | પ્રથમ– ૧૯૯૮ | રૂા. ૮૫ /– |
| ૨૧ | 'માધ્યમ મિમાંસા' | ડૉ. દલાલ યાસીન | પાર્શ્વ પબ્લિકેશન | દ્વિતીય– ૨૦૦૧ | રૂા. ૮૫ /– |
| ૨૨ | 'માધ્યમ વિમર્શ' | ડૉ. દલાલ યાસીન | સાહિત્ય સંગમ | પ્રથમ–૨૦૦૭ | રૂા. ૨૫૦/– |
| ૨૩ | 'મારા જી કાકા–મારું રાણપુર' | મહેતા લાભુબહેન | અભિનવ ભારતી પ્રકાશન | પ્રથમ–૧૯૭૯ | રૂા.૩૫/– |
| ૨૪ | 'મીડિયા મેસેજ' | શાહ સુમન | પાર્શ્વ પ્રકાશન | પ્રથમ– ૧૯૯૩, | રૂા. ૬૦ /– |
| ૨૫ | 'મુંબઈ સમાચાર દોઢસો વરસની તવારીખ–૧૮૨૨ થી ૧૯૭૨' | સંપાદક ઝવેરી રસિક | મુંબઈ સમાચાર પ્રેસ | પ્રથમ–૧૯૭૨ | મૂલ્ય નિઃશુલ્ક. |
| ૨૬ | 'મોક્ષ' | દલાલ પિન્કી | નવભારત સાહિત્ય મંદિર | પ્રથમ– ૨૦૦૩ | રૂા. ૧૨૫ /– |
| ૨૭ | 'રૂબરૂ' | ડૉ. દલાલ યાસીન | પ્રવીણ પુસ્તક ભંડાર | પ્રથમ, ૧૯૭૯ | રૂા. ૨૦/– |
| | | | | | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮ | 'વિરલ વ્યકિતત્વઃ હરિન્દ્ર દવે' | પટેલ ગોપાલ | પ્રવીણ પ્રકાશન | પ્રથમ– ૧૯૯૨ | રૂા. ૩૫/– |
| ૨૯ | 'વૃત વિવેચન' | ગૌતમ રમેશ રંગનાથ | શ્રી સયાજી સાહિત્ય માળા પુષ્પ ૨૮૯મું | પ્રથમ– ૧૯૪૫. | રૂા. ૮૦/– |
| ૩૦ | 'સરદારઃ સાચો માણસ સાચી વાત' | કોઠારી ઉર્વીશ | સત્ય મિડિયા | પ્રથમ– ૨૦૦૫, | રૂા.૧૨૫ /– |
| ૩૧ | 'સાહિત્ય અને પત્રકારત્વ' | સંપાદક : ડૉ. દેસાઈ કુમારપાળ | ગુજરાત સાહિત્ય પરિષદ | પ્રથમ–૧૯૯૯ | રૂા. ૧૩૦ /– |

| અંગ્રેજી પુસ્તક | | | | | |
|---|---|---|---|---|---|
| No. | Book Name | Writer/Editor | Publication | Addition | Price Rs. |
| 32 | 'Contemporary Issues in Journalism' Volume-I | Mudgal Rahul | Sarup & Sons | First 1998 | Rs.1950 /– [for set] |
| 33 | 'Great Editors' | Dr. Dalal Yasin | Registrar, Saurashtra University | First 2006 | Rs. 100/- |
| 34 | 'Journalism and the Media' | Johnston Donald H. | Barnes & Noble books, | First 1979 | R. 50/- |
| 35 | 'Journalism in India' [From the earliest times to the present day.] | Parthasarthy Rangaswami | Sterling Publishers Private Limited, | First 1989 | Rs. 90 /– |
| 36 | 'Media and Learning' | Sharma Sitaram | Sarup & Sons | First 1998 | Rs. 520/- |
| 37 | 'Reporting news about religion' (An Introduction for Journalists) | Buddenbaum Judith M. | Surjeet Publications | First 2004 | Rs. 495 /– |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

<table>
<tr><td colspan="6">હિન્દી પુસ્તક</td></tr>
<tr><td>S|<br>D</td><td>5]:TSSF<br>GFD</td><td>,[BSq;\5F<br>NS</td><td>5|SFXS</td><td>VFJ'l¿q<br>5|SFXG<br>JQF"</td><td>D}<I<br>~FP</td></tr>
<tr><td>#(</td><td>cVFW]lGS<br>DLl0IF<br>N'lQ8 c<br>s;DFH<br>DLl0IF<br>EFQFF<br>VG]JFNf</td><td>0F¶P ZT}<br>S'Q6S]DFF<br>Z</td><td>A]S<br>,GS,¶J<br>sHI5]Zf</td><td>5|YDvZ__<br>5</td><td>~ 5*5 /–</td></tr>
<tr><td>#)</td><td>cHG;\JFN<br>DFwlD<br>R]GF{ITIFÅ<br>VF{Z NFlItJ<br>c</td><td>0F¶P ZFI<br>l+E]JG</td><td>I]lGJl;"8L<br>A]S CFp;<br>s5|FPf<br>l,lD8[0</td><td>5|YDvZ__<br>$</td><td>~ ZZ5 /–</td></tr>
<tr><td>$_</td><td>c5+SFlZTF<br>SL<br>,1D6Z[BF c<br>s5+SFlZTFf</td><td>DC[TF<br>VF,MS</td><td>;FDlIS<br>5|SFXG</td><td>5|YDvZ__<br>5</td><td>~ !5_ /–</td></tr>
<tr><td>$!</td><td>cl5|g8<br>DLl0IF ,[BG<br>c</td><td>H{G ZD[X</td><td>D\U,lN5<br>5la,S[XG</td><td>5|YDvZ__<br>$</td><td>~ 5*5 /–</td></tr>
<tr><td>$Z</td><td>cEFZTLI<br>5+SFlZTF<br>SF .lTCF; c</td><td>G8ZFHG<br>H[P</td><td>5|SFXG<br>lJEFU4<br>EFZT<br>;ZSFZ</td><td>5|YDvZ__<br>Z</td><td>~ !Z_ /–</td></tr>
<tr><td>$#</td><td>cEFZTLI<br>5|[; 1955 ;[</td><td>E88Ÿ<br>X\SZ</td><td>5|SFXG<br>lJEFU4</td><td>5|YDvZ__</td><td>~ (5 /–</td></tr>
</table>



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| | VA TS c | | EFZT ;ZSFZ | Z | |
| $$ | cDLl0IF .\8ZjI] c | lJQ6] 5\SH | D\U,lN5 5la,S[XG | 5\|YDvZ__ $ | ~ $*5 /– |

**સામયિક/વિશેષાંક**

| ક્રમ | નામ | વર્ષ | મૂલ્ય રૂા. |
|---|---|---|---|
| ૧ | 'અભિષેક' માસિક | માર્ચ–૧૯૮૩ | રૂા.૫ /– |
| ૨ | 'ગુજરાત દિપોત્સવી અંક' | સવંત ૨૦૫૩ | રૂા.૧૦ /– |
| ૩ | 'જન્મભૂમિ અમૃત મહોત્સવ વિશેષાંક ૭૫ વર્ષ (૧૯૩૪–૨૦૦૮) | જૂન ૨૦૦૮ | રૂા.૨૦ /– |
| ૪ | 'જન્મભૂમિ' રજત જયંતિ વિશેષ અંક | જૂન ૧૯૫૯ | રૂા.૧૦ /– |
| ૫ | 'જન્મભૂમિ' ના અખબાર અને પૂર્તિઓ | ફેબ્રુઆરી–માર્ચ ૨૦૦૮ | રૂા. ૨.૫૦/– (દૈનિક) |
| ૬ | 'મુંબઈ સમાચાર' ૧૭૫ વર્ષ પૂર્ણ થયે બહાર પાડેલો વિશેષ અંક (કુલ ૨૪ પાના) | – | રૂા.૫ /– |
| ૭ | 'મુંબઈ સમાચાર' ૧૭૫ વર્ષ પૂર્ણ થયે બહાર પાડેલી વિશેષ પૂર્તિ (કુલ ૨૪ પાના) | – | રૂા.૫ /– |
| ૮ | 'મુંબઈ સમાચાર' વસંત અંક | ફેબ્રુઆરી ૨૦૦૦ | રૂા.૨૦ /– |
| ૯ | 'મુંબઈ સમાચાર અખબાર અને પૂર્તિઓ | ફેબ્રુઆરી–માર્ચ ૨૦૦૮ | રૂા.૩ /– |

**લેખ : ગુજરાતી**

| ક્રમ | લેખનું નામ | લેખક | અખબાર/મેગેઝીન | તારીખ | |
|---|---|---|---|---|---|
| ૧ | 'આજના પત્રકારની દશા અને દિશા' | ઓઝા દિગંત | 'ગુજરાત : એક સરવૈયુ' | ફેબ્રુઆરી,૨૦૦૪ | |
| ૨ | 'આપણું છાપું હવે બસો વર્ષનું થયું' | ડૉ. દલાલ યાસીન | ચકચાર | ૩૦ જાન્યુઆરી, ૧૯૮૧ | |
| ૩ | 'આસમાની સુલતાની' | ભટ્ટ કાન્તિ | સમકાલિન | ૧૪ જૂન, ૨૦૦૨ | |
| ૪ | 'અંગ્રેજી અખબારોની પા પા પગલી' | | 'જન્મભૂમિ' | ૬જુલાઈ, ૨૦૦૦ | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | 'કસોટીરૂપ ઘટનાઓ' | સંઘાણી હરસુખ | 'જન્મભૂમિ' | ૧૯જૂન,૧૯૯૪ | |
| ૬ | 'જન્મભૂમિનું ખમિર અને ખુમારીઃ જૂના સંસ્રણોનું આલેખન', | શેઠ રતિલાલ | 'જન્મભૂમિ' | ૯ જૂન, ૧૯૯૭ | |
| ૭ | 'જન્મભૂમિનો પહેલો અંક' | બક્ષી બકુલ | 'જન્મભૂમિ' | ૩૧ ડિસેમ્બર ૧૯૮૯ | |
| ૮ | 'જન્મભૂમિનું સ્વરૂપ અને નીતિ' | ભટ્ટ કાન્તિ | 'જન્મભૂમિ' | ૧૪ જાન્યુઆરી ૨૦૦૨ | |
| ૯ | 'તંદુરસ્ત સમાજ નિર્માણમાં પ્રસાર માધ્યમોની ભૂમિકા' | ભટ્ટ કાન્તિ | ' ગુજરાત દિપોત્સવી અંક' | વિ.સં.૨૦૫૩ | |
| ૧૦ | 'પત્રકાર જગતના જૂના જોગીઓની સંગાથે' | મોદી રજનીકાન્ત બી. | 'જન્મભૂમિ' | ૧૨મી ઓગષ્ટ, ૧૯૮૮ | |
| ૧૧ | 'પત્રકારત્વની સાથે સમાજ ભણી ફરજની સભાનતા' | વ્યાસ કુન્દન | 'જન્મભૂમિ' (હિરકપર્વ વિશેષ પૂર્તિ) | ૧૯ જૂન, ૧૯૯૪ | |
| ૧૨ | 'પ્રથમ અખબારનો પરિચય' | મહેતા દિપક | 'મુંબઈ સમાચાર' | ૯ નવેમ્બર, ૨૦૦૬ | |
| ૧૩ | 'પુરુષાર્થી મિત્ર સારંગ બારોટ' | કોઠારી રતુભાઈ | 'જન્મભૂમિ' | ૨૭ ફેબ્રુઆરી ૧૯૮૮ | |
| ૧૪ | 'ભારતની આઝાદીની પ્રાપ્તિમાં આખબારોનો અનન્ય ફાળો' | પંડયા શંકર | 'જન્મભૂમિ' | ૧૫ ઑગષ્ટ, ૧૯૯૭ | |
| ૧૫ | 'મુંબઈ ખરેખર કોનું ? નામ ભલે બદલાયા કરે, ઈતિહાસ અંકબંધ રહે છે.' | વર્મા મૂલચંદ | 'મુંબઈ સમાચાર' | ૮ ઓકટોમ્બર, ૨૦૦૬ | |
| ૧૬ | 'મુંબઈ તવારીખ' | વર્મા મૂલચંદ | 'મુંબઈ સમાચાર' (વિશેષ પૂર્તિ) | ૧ જુલાઈ, ૧૯૯૭ | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | 'મુંબઈ સમાચારના પાનેથી' | દલાલ પિન્કી | 'મુંબઈ સમાચાર ૧૭૫ વર્ષની પૂર્તિ' | ૧ જુલાઈ, ૧૯૯૭ | |
| ૧૮ | 'મુંબઈ સમાચારનાં રંગીન રોમાંચક ઈતિહાસનો ઉડતો ચિતાર' | દારૂવાલા જેહાન | 'મુંબઈ સમાચાર' (વિશેષ પૂર્તિ) | ૧ જુલાઈ,૧૯૯૭ | |
| ૧૯ | 'રંગદર્શી કારકિર્દીની એક ઝલક' | મહેતા હિંમતલાલ | 'જન્મભૂમિ' | ૯ જૂન,૧૯૯૦ | |
| ૨૦ | 'વર્તમાન પત્રોની તવારીખનો અણમોલ વારસો' | વ્યાસ કુન્દન | 'જન્મભૂમિ' | ૨ એપ્રિલ, ૧૯૯૭ | |
| ૨૧ | 'વ્યાપાર' અને 'જન્મભૂમિ' પત્રકારો માટેની કોલેજ અને યુનિવર્સિટી | ભટ્ટ કાન્તિ | 'જન્મભૂમિ' | ૧૫ જુલાઈ, ૨૦૦૫, | |
| | | | | | |
| ૨૨ | 'વિલે પાર્લે સ્ટેશન બંધાવી આપનાર શેઠ ગોરધનદાસ સુંદરરામ તેજપાલ' | વર્મા મૂલચંદ | 'મુંબઈ સમાચાર' | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૬ | |
| ૨૩ | 'સમાજને અખબાર પોતાનું કયારે લાગે?' | હુસૈન મુઝફ્ફર | 'મુંબઈ સમાચાર' | ૧ જુલાઈ, ૧૯૯૭ | |
| ૨૪ | 'સ્મૃતિઓના નંદનવનમાં એક લટાર' | મોદી રજનીકાંત બી. | 'જન્મભૂમિ' | ૧૨ ઓગસ્ટ ૧૯૮૮ | |
| ૨૫ | 'સેન્સરશીપ સામેની લડાઈ' | સંઘાણી હરસુખ | 'જન્મભૂમિ' | ૧૦ જૂન, ૧૯૮૫ | |
| ૨૬ | 'સૌરાષ્ટ્રના સિંહને સ્મૃતિ વંદના' | શેઠ રતિલાલ | 'ફૂલછાબ' | તા. ૧૨ જૂન, ૧૯૯૨ | |
| ૨૭ | 'સંસ્મરણની પાંખે' | ભટ્ટ શાંતિકુમાર | 'મુંબઈ સમાચાર (વિશેષ પૂર્તિ) | તા. ૧ જુલાઈ, ૧૯૯૭ | |
| **લેખ : અંગ્રેજી** | | | | | |
| 28 | '124 PC | – | 'Indian | Dt. 15 Oct,1996 | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| | Increase in News Papers' | | Express' (Uni) | | |
| 29 | 'India's oldest existing papers' | – | The afternoon dispatch & courier | Dt. 15 July, 1987 | |
| 30 | 'National Papers don't exist' | Sankar Aveek | 'Out Look' | Dt. 6 Oct, 2003 | |
| 31 | 'News Paper need a strategy for survival' | Sarma Ratna | 'The Times of India' | Dt. 20 Oct., 1996 | |
| 32 | 'Press has played its role, But ......... ' | Bhargava G.S. | 'The Times of India' | Dt. 20 Aug, 1997 | |
| 33 | 'Public opinion favours news papers in TV' | Mullick Ashish | ' The Times of India' | Dt. 21 Aug., 1997 | |
| 34 | 'The afternoon Cocktail' | Singh Anil | ' The Times of India' | Dt. 5 Sep, 1993 | |
| 35 | 'The great news paper heist' | | 'The Statesman' (Cover story) | Dt. 20 Dec. 1987 | |
| 36 | 'The rise of print' | Bunsha Dionne | 'Front line' | Dt. 19 July,2002 | |
| 37 | 'Vanishing Sunday Papers' | Rao Meenakshi | 'Pioneer' | Dt. 5 June, 1995 | |
| 38 | 'We export news papers worth Rs. 59 Lakhs.' | Mitra Sumit | 'The Indian & Eastern News Paper Society (Report) | Dt. 3 Oct, 1978 | |



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પરિશિષ્ટ

Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

# પરિશિષ્ટ–૧

મુંબઈની લીધેલી મુલાકાત દરમિયાન 'મુંબઈ સમાચાર' અને 'જન્મ ભૂમિ'ના તંત્રી અને કર્મચારીઓની લીધેલી પ્રત્યક્ષ મુલાકાતને અહીં શબ્દો રૂપે રજૂ કરું છું.

✠ **તંત્રી શ્રી કુન્દનભાઈ વ્યાસ : (જન્મભૂમિ)**

પ્રઃ જન્મભૂમિ સાથે કેટલા વર્ષોથી જોડાયેલા છો? આ પહેલાં કયાં વર્તમાનપત્રો સાથે જોડાયા હતા?

જઃ ૧૯૬૧માં 'લોકતંત્ર' અને 'જનશકિત'માં તાલીમ લઈને ૧૦ મે ૧૯૬૪થી 'વ્યાપાર'ના સબ એડિટર તરીકે જન્મભૂમિ ગ્રુપ સાથે જોડાયો હતો. તંત્રી ગીલાણીભાઈના હાથ નીચે તાલીમ લીધી હતી.

પ્રઃ તમે તંત્રી પદ સંભાળ્યું ત્યાર બાદ તમે અહીં કોઈ મહત્ત્વના ફેરફારો કર્યા છે?

જઃ આ પ્રશ્નનો જવાબ તમને અગાઉના ૧૦ વર્ષના અંકો જોયા પછી ખ્યાલ આવશે. મારા આવ્યા પહેલાંના અંકો અને હાલના અંકો જોવાથી તફાવત જણાઈ આવશે.

પ્રઃ આપના મતે પત્રકારત્વની વ્યાખ્યા શું હોઈ શકે?

જઃ 'પત્રકારત્વ એટલે સમાજ,રાષ્ટ્ર અને વિશ્વમાં જે ઘટનાઓ ઘટે તેની માહિતી અને વિશ્લેષણ કરીને વાચકો સુધી પહોંચાડવું તે.'

પ્રઃ વર્તમાનપત્રના પ્રથમ પાના પર સમાચારોનું મહત્ત્વ કેટલું અને જાહેર ખબરનું મહત્ત્વ કેટલું ?

જઃ આદર્શ પરિસ્થિતિ તો એ કહેવાય કે પ્રથમ પાના પર ૨૫ ટકાથી વધુ વિજ્ઞાપન હોય નહીં. સમાચારના ભોગે માત્ર વિજ્ઞાપનને સ્થાન આપી શકાય નહીં. પરંતુ અત્યારે તો પરિસ્થિતિ બિલકુલ અલગ જ જોવા મળે છે. કોઈ અખબારમાં અમુક સમયે સમાચાર માટે ૧૦ ટકા જગ્યા પણ નથી ફળવાતી. આખું પાનું જ જાહેરખબરથી ભરેલું હોય છે. આમ પણ હવેના અખબારો કયાં નિયમોને વળગી રહે છે?

પ્રઃ દેશની કટોકટી સમય જેવા કે યુધ્ધ,અકસ્માતો,કુદરતી આફતો જેવા સમયે વર્તમાન પત્રમાં જાહેરાતોનું મહત્ત્વ કેટલું ?



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જઃ સમાજ કે રાષ્ટ્રના હિતનો ભોગ લેવાય નહી તે રીતે વિજ્ઞાપનોને મહત્ત્વ મળવું જોઈએ.

પ્રઃ અંગ્રેજી ભાષાના યુગમાં ગુજરાતી અખબારોનું ભાવિ શું ?

જઃ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધી રહ્યું છે. અંગેજી ભાષાનું જ્ઞાન હોવું અનિવાર્ય છે પણ તે સાથે જ માતૃભાષા વિસરાઈ જાય નહી એ વાતની જાગૃતિ પણ આપણામાં હોવી જોઈએ. આજે પણ ભારતના અંગેજી અખબારો કરતા ભારતીય ભાષાના અખબારોની સંખ્યા અને ફેલાવો ઘણો છે. જયાં સુધી ગુજરાતી ભાષા અને ગુજરાતીઓ છે ત્યાં સુધી ગુજરાતી ભાષાના અખબારોનું સ્થાન પણ રહેશે અને રહેવું જ જોઈએ.

પ્રઃ આપ અખબારમાં આધુનિક ટેકનોલોજી અને ફેરફારોને કેટલો આવકાર આપો છો ?

જઃ અમે આધુનિક ટેકનોલોજીને પહેલાં પણ આવકારતા હતા અને આજે પણ આવકારીએ છીએ. તમારે સમયની સાથે ચાલવું જ પડે છે.

પ્રઃ સંશોધનાત્મક પત્રકારત્વને પ્રોત્સાહન આપવા તમે કેવાં પગલાં લો છો ?

જઃ જન્મભૂમિની શરૂઆત જ સંશોધનાત્મક પત્રકારત્વથી થઈ છે. આજે પણ તેનો મુખ્ય બેઈઝ સંશોધનાત્મક પત્રકારત્વ જ રહ્યું છે. શ્રી અમૃતલાલ શેઠથી શરૂ કરીને દરેકે દરેક તંત્રી તેને મહત્ત્વ આપે છે અને આજના ગુજરાતી પત્રકારત્વમાં તેની ખાસ જરૂર છે.

પ્રઃ જન્મભૂમિની પૂર્તિઓનું કલેવર ઘડવામાં કોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે ?

જઃ જયારથી પૂર્તિઓની શરૂઆત થઈ ત્યારથી જેમ જેમ નવા તંત્રીઓ આવતા ગયા તેમ તેમ પોતાના મત પ્રમાણે સમયની માંગ પ્રમાણે ફેરફાર કરતા ગયા.

પ્રઃ ગુજરાતીમાં અત્યારે કટટર સ્પર્ધા ચાલી રહી છે ત્યારે જન્મભૂમિએ પોતાની લોકપ્રિયતા અંકબંધ રાખવા કેવા પગલાં લીધાં છે ?

જઃ ગુજરાતી અખબારો વચ્ચે અત્યારે કટટર સ્પર્ધા ચાલી રહી છે ત્યારે જન્મભૂમિ કોઈ પ્રોફેશનલ અખબાર નથી. તે આજે પણ મૂલ્યોને સાચવીને ચાલે છે. બીજા અખબારોની જેમ કપ રકાબી કે તેલ કે પછી ચાની ઓફર કરીને પબ્લિકને



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

લલચાવતા નથી. પણ સાચા અને વિશ્વસનીય સમાચારો આપીને મૂલ્યોનું જતન કરીએ છીએ. અમે કયારેય વાચકો ઉપર અખબાર થોપતા નથી.

પ્રઃ પત્રકારત્વ ક્ષેત્રનો આપનો કોઈ ખાસ અનુભવ કહેશો ?

જઃ એક નહીં પણ ઘણાં ખાસ અનુભવો છે. જેમ કે ત્રીસ વર્ષ સુધી દિલ્હી ખાતે બ્યુરો ચીફ તરીકેની કામગીરી સંભાળી, ૧૯૭૧માં યુદ્ધ સમયે યુનિફોર્મમાં બોર્ડર પર ગયા અને યુદ્ધભૂમિ પરથી અહેવાલો આપ્યા. સંસદભવનનું રિપોર્ટીંગ સંભાળ્યું, કાશ્મીર વોરની આખી સીરીઝ લખી, પ્રધાન મંત્રી રાજીવ ગાંધી, પી.વી. નરસિંહરાવ સાથે વિદેશ યાત્રા કરી... વગેરે અનેક સારા નરસા અનુભવો છે.

પ્રઃ જન્મભૂમિ પહેલેથી જ સામાજિક કાર્યોમાં ભાગ લે છે હાલના તબ્બકે આફતના સમયે અખબાર લોકોને કઈ રીતે મદદરૂપ થાય છે ?

જઃ રોજ તારીખ વાર પ્રમાણે છાપું બહાર પડવાથી અખબારનું કાર્ય પૂરું નથી થતું. આફતના સમયે લોકોને મદદરૂપ થવા જન્મભૂમિ સૌથી પહેલાં હોય છે. લાતુર અને કચ્છના ભૂકંપ વચ્ચે તેણે કરોડો રૂપિયાનો ફાળો એકઠો કરી આપ્યો હતો. જેની રકમ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા અને અન્ય અખબારો કરતાં વધુ હતી.

પ્રઃ એક તંત્રી તરીકે તમારા અખબારમાં તમને શું વિશેષ લાગે છે ?

જઃ તમે એવું પૂછો છો કે માતાને તેનું કયું બાળક વધું ગમે છે. મારા મતે જન્મભૂમિનો દરેક વિભાગ શ્રેષ્ઠ જ છે. બધાની પોતપોતાની વિશેષતા છે. અમે 'જન્મભૂમિ'માં એવું કાંઈ છાપતા નથી કે જે વિશેષ ન હોય.

પ્રઃ ફકત એક જ લાઈનમાં 'જન્મભૂમિ' વિષે શું કહેશો ?

જઃ 'જન્મભૂમિ'નું નામ જ કાફી છે. 'જન્મભૂમિ'એ તેનાં મૂલ્યો અને સત્યોને પહેલેથી જાળવ્યાં છે અને આગળ પણ જાળવશે.

## પરિશિષ્ટ–૨

### ✠ શ્રીમતી જયશ્રીબેન જાની : (જન્મભૂમિ)

૧૯૭૮માં મુંબઈની વિલેપાર્લાની મીઠીબાઈ કૉલેજમાંથી રાજકારણ, અર્થશાસ્ત્રના વિષયો સાથે બી.એ.ની ડિગ્રી લીધા બાદ ૧૯૭૯માં 'જન્મભૂમિ પત્રો'ની સંદર્ભ લાઈબ્રેરીમાં



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

મદદનીશ તરીકે જોડાયા. ૧૯૮૭માં લગભગ ૧૦ વર્ષ બાદ ફરીથી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી લાયબ્રેરી સાયન્સની ડિગ્રી મેળવીને ૧૯૮૮થી ફરીથી 'જન્મભૂમિ'ની લાઈબ્રેરીમાં જ જોડાયા અને હાલમાં ચીફ લાઈબ્રેરીયન તરીકે ફરજ બજાવે છે.

તેઓ જન્મભૂમિની મુલાકાત સમયે ખાસ એક સ્નેહી તરીકે મદદરૂપ થયાં હતાં. અહીં તેમની સાથેની વાતચીનને શબ્દસ્વરૂપે રજૂ કરી છે.

પ્રઃ અન્ય કોઈ ગુજરાતી અખબારોમાં ગ્રંથાલય નથી ત્યારે જન્મભૂમિએ આ શુભ કામ કેવી રીતે શરૂ કર્યું ?

જઃ ઈ.સ. ૧૯૬૨માં જન્મભૂમિના મેનેજર શ્રી રતિલાલ શેઠ જર્મની ગયા હતા. ત્યાં એક અખબારની મુલાકાત સમયે તેમણે લાઈબ્રેરી જોઈ. જેમાં જવાહરલાલ નહેરુના ફોટા જોયા. બસ, ત્યાંથી જ એમણે નકકી કર્યું કે જન્મભૂમિની પણ પોતાની સમૃધ્ધ લાઈબ્રેરી હોવી જોઈએ.આમ આજથી ૪૫ વર્ષ પહેલાં ૧ જૂન, ૧૯૬૨ના રોજ તે સમયના સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મોભીઓ સ્વ. શાંતિલાલ શાહ, બાપાલાલ દોશી અને સ્વ. રતિલાલ શેઠના સહિયારા પ્રયાસોથી શ્રીમતી ભાનુબેન દેસાઈના મુખ્ય ગ્રંથપાલ પદે 'જન્મભૂમિ' સંદર્ભ ગ્રંથાલય સ્થપાયું.

પ્રઃ અખબારોના કાગળને વર્ષો સુધી સાચવવાનું કાર્ય અઘરું છે તેમ છતાં તમે તે ઉત્તમ રીતે કરી બતાવ્યું તો કેવી રીતે ?

જઃ અખબારમા જે સમાચાર સાચવવાના હોય તેનું કર્ટિંગ કરી સારા કાગળ પર ચોંટાડી દઈને ઉપર તારીખ તથા નંબર લખીને રાખવામાં આવે છે. પછી તેને જે તે વિષયની ફાઈલમાં વ્યવસ્થિત ગોઠવવામાં આવે છે. આથી તે વર્ષો સુધી સચવાઈ રહે છે.

પ્રઃ 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' પાસે સંપૂર્ણ સંદર્ભ પુસ્તકાલય છે, તો 'જન્મ ભૂમિ'નું પુસ્તકાલય તેનાથી કઈ રીતે અલગ પડે છે ?

જઃ 'જન્મભૂમિ'નું પુસ્તકાલય ટાઈમ્સના પુસ્તકાલય કરતાં વધુ સમૃધ્ધ અને માતબર રહ્યું છે. 'ટાઈમ્સ'ના સંદર્ભ પુસ્તકાલયમાં ફકત પોતાના જ પ્રકાશનની અંગ્રેજી ભાષામાં જ માહિતી ઉપલબ્ધ થાય છે. જયારે 'જન્મભૂમિ' ના સંદર્ભ પુસ્તકાલયમાં અંગ્રેજી,ગુજરાતી તેમજ હિન્દી અને મરાઠી ભાષામાં પણ સાહિત્ય ઉપલબ્ધ છે.



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્ર: 'જન્મભૂમિ'ના ગ્રંથાલયમાં કઈ કઈ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે ?

જ: તેમાં મુખ્યત્વે પ્રતિષ્ઠિત અખબારો અને સામયિકોના મહત્ત્વની ઘટના અને મહાનુભાવોના જીવન ચરિત્રો તેમજ સામાન્ય જ્ઞાનના કટિંગ રાખવામાં આવે છે. કટિંગસ ઉપરાંત મહત્ત્વની ઘટના અને મહાનુભાવો વગેરેની અલભ્ય તસ્વીરો પણ આ પુસ્તકાલયનું અંગ છે. સાથોસાથ પુસ્તકોનો પણ ભંડાર છે.

પ્ર: આ બધી સામગ્રીનું સંપાદન કરવા કેવી કાળજી રાખો છો ?

જ: આ બધી સામગ્રીનું સંપાદન કરવા માટે વર્તમાનપત્રોનું ઝીણવટભર્યું વાચન, ઉપયોગી માહિતીની પસંદગી, તેનું વર્ગીકરણ એ વ્યવસાયી પત્રકાર જેટલી જ બુદ્ધિ પ્રતિભા અને કાળજીમાંથી લેનાર હોય છે. કારણ કે પત્રકારો અને સંપાદકોની અપેક્ષાને જરૂરિયાતો એટલી વૈવિધ્યપૂર્ણ હોય તેને સમજવા માટે આત્મસૂઝ હોવી જોઈએ.

પ્ર: આ સંદર્ભ પુસ્તકાલયનો ઉપયોગ કોણ કરી શકે છે ?

જ: ૪૫ વર્ષમાં આ સંદર્ભ પુસ્તકાલય માહિતીનો અખૂટ ભંડાર બની ગયો છે. તેથી તેનો ઉપયોગ જન્મભૂમિનો તંત્રી વિભાગ તો કરે જ છે પણ સાથે ફિલ્મસ ડિવિઝન, ટીવી સેન્ટર, સાહિત્યકારો તેમજ વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓ અભ્યાસાર્થે પણ કરે છે. હવે તો ડિજીટલાઈઝેશન પણ થવાનું છે.

પ્ર: લાઈબ્રેરીનો બધો કારભાર કોણ સંભાળે છે ?

જ: શરૂઆતથી જ સંદર્ભ પુસ્તકાલયનું સમગ્ર કામકાજ ફક્ત બહેનો જ સંભાળે છે. વ્યંગ ચિત્રકાર બંસીલાલ વર્માએ તો ત્યાં સુધી લખ્યું છે કે "લાઈબ્રેરી જ નહીં, લાઈબ્રેરીની બહેનો પણ અદ્યતન જ્ઞાન ધરાવે છે, આ એક નમૂનેદાર ગ્રંથાલય છે."

પ્ર: 'જન્મભૂમિ' સાથે જોડાયાનો અનુભવ કેવો રહ્યો ?

જ: ભાષાકિય વર્તમાનપત્રની એકમાત્ર વિશેષ લાઈબ્રેરીમાં ત્રીસ વર્ષ સુધી સતત કામગીરીને મારું સૌભાગ્ય માનું છું. ભાષાકીય વર્તમાનપત્રમાં જેનું નામ ગૌરવરૂપ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

લેખાય છે, ગાંધીવાદી વિચારસરણી તેમજ દેશભકિતની મિશાલરૂપ 'જન્મભૂમિ' સંસ્થાને મારો પરિવાર જ માનું છું. મારા કાર્યથી પૂરેપૂરી સંતુષ્ટ છું.

## પરિશિષ્ટ–૩

### ✠ શ્રી તરુબેન કજારિયા : (જન્મભૂમિ)

તેઓનો જન્મ કલકત્તામાં થયો અને બાળપણ પણ કલકત્તામાં વીત્યું. તેઓ જન્મભૂમિ સાથે છેલ્લા ૨૫ વર્ષથી જોડાયેલાં છે. તેઓએ જર્નાલિઝમમાં પોસ્ટ ગ્રેજયુએશન કર્યું છે. તેઓ જન્મભૂમિની પૂર્તિઓનો કાર્યભાર સંભાળે છે.

'જન્મભૂમિ'ની મુલાકાત સમયે તેમણે પોતાના અતિ વ્યસ્ત કાર્ય વચ્ચે પણ સમય ફાળવ્યો અને હળવી શૈલીમાં પોતાના અનુભવની વાત કરી જે અહીં પ્રસ્તુત છે.

પ્રઃ આપના 'જન્મભૂમિ' સાથેના આ વર્ષ દરમિયાન કયા તંત્રી સાથે વધુ તાલમેલ બેઠો હતો ?

જઃ તંત્રી શ્રી હરીન્દ્ર દવે સાથે મેં ૧૨ વર્ષ કામ કર્યું હતું. અને તેમની સાથે કામ કરવાનો મારો અનુભવ અવિસ્મરણીય રહ્યો. મેં તેમની પાસેથી ઘણું શીખ્યું છે. જે આજ પર્યંત મને કામ આવે છે.

પ્રઃ આપના મતે સંશોધનાત્મક પત્રકારત્વની કેટલી જરૂરિયાત છે ?

જઃ મારા મતે સંશોધનાત્મક પત્રકારત્વ ખૂબજ જરૂરી છે. હું ખુદ આમાં રસ–રુચિ ધરાવું છું. મારી પાસે જયારે કોઈ માહિતી આવે છે ત્યારે હું તેની પૂરેપૂરી ચકાસણી કરું છું. તેના તળિયા સુધી પહોંચવાની ટ્રાય કરું છું. તેના માટે અવનવા લોકોનો સંપર્ક કર્યા પછી તે માહિતી છાપું છું.

પ્રઃ તમારા મતે આદર્શ પત્રકાર કોને કહી શકાય ?

જઃ મારા મતે શ્રેષ્ઠ અને આદર્શ પત્રકાર એ છે જેની પાસે ભાષાનું પૂરતું જ્ઞાન અને વિશેષ શબ્દભંડોળ હોય. તેને અવનવું જાણવાની ઉત્કંઠા અને જિજ્ઞાસાવૃત્તિ હોય. જે ખંતીલા અને વિચારશીલ હોય. વળી, શ્રેષ્ઠ પત્રકાર તો તેને જ કહી શકાય જેણે પોતાની જીંદગીમાં કોઈ શ્રેષ્ઠ આર્ટીકલ લખીને લોકોને ગેરમાર્ગે જતા રોકયા હોય.

પ્રઃ તમને 'જન્મભૂમિ'ની કઈ પૂર્તિ વધુ પસંદ છે ?



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જઃ આમ તો 'જન્મભૂમિ'ની ત્રણેય પૂર્તિ સરાહનીય છે. છતાં 'મધુવન' વધુ ગમે છે.

પ્રઃ 'જન્મભૂમિ'માં આટલાં વર્ષો કામ કર્યાનો અનુભવ કેવો રહ્યો ?

જઃ ખૂબજ રોમાંચક અને સંતુષ્ટ. આ ૨૫ વર્ષ મેં ફકત કાગળો સાથે કામ નથી કર્યું. પણ હજારો જીવંત વ્યકિતઓ માટે અને વ્યકિતઓ વચ્ચે કામ કર્યું છે. રોજેરોજ કંઈક નવું શીખવા અને જાણવા મળ્યું છે. જીંદગીમાં આટલો સુંદર અનુભવ મળ્યો તે બદલ ઈશ્વરની આભારી છું.

–Thank you.

## પરિશિષ્ટ–૪

## ✠ 'મુંબઈ સમાચાર'ના કર્મચારી ગણ સાથે થયેલી વાતચીતના અંશો :

પ્રઃ 'મુંબઈ સમાચાર'માં સૌથી લાંબો કાળ કયા તંત્રીએ ભોગવ્યો ?

જઃ સોરાબજી કાપડીઆ તેઓ ૧૯૨૦ થી ૧૯૬૧ સુધી 'મુંબઈ સમાચાર'ના તંત્રી હતા. જે રેકોર્ડ કવ્ચિત કોઈએ બ્રેક કર્યો નથી.

પ્રઃ 'મુંબઈ સમાચાર'ના પ્રેસમાં અન્ય કોઈ અખબાર છપાતાં હતાં ?

જઃ 'મુંબઈ સમાચાર'માં પ્રસંગોપાત Afternoon,Blitz વગેરે છપાતાં હતાં. પરંતુ તે કાયમી ધોરણે નહીં. અનાયસે કોઈ નાના અખબાર કે મેગેઝીનનું છાપખાનું બંધ પડે ત્યારે તેઓ 'મુંબઈ સમાચાર'ના છાપખાનાનો ઉપયોગ કરે.

પ્રઃ 'મુંબઈ સમાચાર' માં કયા જાણીતા પત્રકારો હતા ?

જઃ જાણીતા પત્રકારોમાં સ્વ. શાંતિકુમાર ભટ્ટ, માણેક ચેના, ગોરધનભાઈ પટેલ વગેરે હતા. (વર્તમાન પત્રકારોના નામ જાહેર કરવામાં આવતા નથી.)

પ્રઃ મુંબઈ સમાચારનું સાહિત્ય ક્ષેત્રે શું પ્રદાન છે ?

જઃ દર વર્ષે બહાર પડતા વસંત અંક અને દિપોત્સવી અંક સાહિત્ય ક્ષેત્રે પ્રદાન આપવા જ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

પ્રઃ મુંબઈ સમાચારની વિશેષતા શું છે ?



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

જ: આમ તો ઘણી બધી વિશેષતા છે. તેમ છતાંય ખાસ કહીએ તો અહીં કયારેય કોઈ કર્મચારીને મહેનતણા માટે રાહ નથી જોવી પડી. નિયમિત અને પૂરો જ પગાર આપવામાં આવે છે. વળી ઈન્સ્યોરન્સ પણ કરાવવામાં આવે છે. અને બીજી વિશેષતા એ છે કે 'મુંબઈ સમાચાર' પર ૧૮૭ વર્ષમાં કોઈ બદનક્ષીનો દાવો નોંધાવ્યો નથી. ચકાસીને વિશ્વસનીય સમાચાર આપવાની નીતિ છે.

## પરિશિષ્ટ–૫

✠ **તા. ૧.૭.૨૦૦૯ના રોજ 'મુંબઈ સમાચાર' ૧૮૭ વર્ષ પૂર્ણ કરી ૧૮૮માં વર્ષમાં પ્રવેશ્યું.** ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયની ઘણી મોટી હસ્તીઓએ તેને શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા. એ શુભેચ્છા સંદેશને અહીં સાભાર લેવામાં આવ્યા છે.

☸ ''નરેન્દ્ર મોદી–(મુખ્યમંત્રી, ગુજરાત રાજય)

ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવવા આપણે જઈ રહ્યા છીએ ત્યારે સમગ્ર એશિયામાં ગુજરાતી પત્રકારત્વના આદર્શો અને મૂલ્યોના જતન દ્વારા ૧૮૭ વર્ષથી પ્રકાશિત થઈ રહેલ 'મુંબઈ સમાચાર' દૈનિક તા. ૧ જુલાઈ, ૨૦૦૯ ના રોજ ૧૮૮માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે એ જાણી આનંદ થયો.

મુંબઈ સમાચારે પત્રકારત્વની મૂલ્યનિષ્ઠા જાળવી રાખી છે અને વિશ્વમાં વસતા સહુ કોઈ ગુજરાતીના મનમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મુંબઈ સમાચારના ૧૮૮માં જન્મદિનના વિશેષાંકના પ્રકાશનની સફળતા માટે હાર્દિક અભિનંદન.

☸ આનંદીબહેન પટેલ (મંત્રી, મહેસુલ,આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત સરકાર. )

મુંબઈ સમાચાર પોતાના અથાગ પરિશ્રમથી આગળ વધીને તેના ચોટદાર મૂલ્યનિષ્ઠ અને વિશ્વસનીય પત્રકારત્વ માટે સમસ્ત ગુજરાતની પ્રજામાં લોકપ્રિય બન્યું છે. ઉત્તરોત્તર પ્રગતિ કરી, અખબાર જગતમાં ખૂબ નામના મેળવે તેવી મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પાઠવું છું.

- જયનારાયણ વ્યાસ (મંત્રી– આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતી પ્રભાગ, ગુજરાત સરકાર)

  મુંબઈ સમાચાર દાયકાઓથી ગુજરાતી વાચકોને સમાચારો અને વૈચારિક ભાથુ પીરસી રહ્યું છે. આઝાદીની લડાઈ દરમિયાન ગુજરાતી ભાષાના વાચકો અને જાણકારો માટે એક મોટો માહિતી અને જ્ઞાનનો સ્ત્રોત બન્યું હતું. એજ પ્રમાણે આઝાદી બાદ પણ મુંબઈ સમાચાર તેની નિયત કેડી ઉપર ગૌરવભેર ચાલી રહ્યું છે. હું આ અખબારને શુભેચ્છાઓ પાઠવું છું.

- અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ મંત્રી)

  ચોટદાર, મૂલ્યનિષ્ઠ અને વિશ્વસનીય પત્રકારત્વ માટે જાણીતું 'મુંબઈ સમાચાર' આગામી સમયમાં પણ પ્રજાકીય કામો અંગેના માર્ગદર્શન રૂપ લેખો, થયેલ લોકપયોગી કામોની સમીક્ષા, પ્રજાલક્ષી જરૂરી કામો અંગે ત્રુટીઓ પ્રજા સમક્ષ લાવી. સમાજના એક અદના સેવક તરીકેની ભૂમિકા હરહંમેશ ભજવતું રહે તે માટે મારી શુભકામનાઓ.

- અશોક ભટ્ટ (અધ્યક્ષ)

  વિશ્વના પત્રકારત્વમાં  પ્રાદેશિક ભાષામાં બે સદી સુધી નિરંતર પ્રગટ થતા રહેવું. એ અભૂતપૂર્વ ઘટના છે, એ ઘટનાને જેમણે સમર્થ બનાવી છે. તેમને મારા હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. પત્રકારત્વના ઈતિહાસમાં મુંબઈ સમાચારે સર્જેલી સફળ ઈતિહાસની ગાથા છે તે સતત ચાલતી રહે તેવી અભ્યર્થના સહ...

- નરોત્તમભાઈપટેલ (મંત્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન નાગરિક પૂરવઠો અને ગ્રાહકોની બાબતો, ગુજરાત સરકાર)

  'મુંબઈ સમાચાર' ભારતનું જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વસતા ભારતીય વિદેશીઓનું હૃદયસમ્રાટ વર્તમાનપત્ર છે અને ગુજરાતનું તો ગૌરવ છે. મૂલ્યનિષ્ઠ અને વિશ્વસનીય પત્રકારત્વ તેમજ રચનાત્મક અભિગમ સાથે વાચકોને સમાચારો



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પીરસવાની શૈલી સરાહનીય છે. સામાજિક,રાજકીય, આર્થિક, ધાર્મિક,આધ્યાત્મિક, સાહિત્ય અને બિનસંપ્રદાયયિક સમાચારો પ્રસિધ્ધ કરવામાં સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

- દિલીપ સંઘાણી (મંત્રી–કૃષિ,સહકાર,પશુપાલન,મત્સ્યોદ્યોગ અને ગૌસંવર્ધન, ગુજરાત સરકાર)

  'મુંબઈ સમાચાર' દ્વારા લોકોના પ્રાણ પ્રશ્નોને યોગ્ય અસરકારક રીતે રજૂ કરી શકાય તથા વહીવટીતંત્ર અને લોકો વચ્ચે આ અખબાર તટસ્થ રીતે મધ્યસ્થી બને તે માટે હંમેશા પ્રયાસ કરશે તેવી અભિલાષા સાથે ૧૮૮મી વર્ષગાંઠ નિમિત્તે પ્રસિદ્ધ થનાર 'જન્મદિન વિશેષાંક'ને મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

- રમણલાલ વોરા (મંત્રી–શિક્ષણ (પ્રાથમિક,માધ્યમિક,પ્રૌઢ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)

  'મુંબઈ સમાચાર' તેની કારકિર્દીના સુદીર્ઘ ૧૮૭ વર્ષ પૂરાં કરી ૧૮૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. તે પ્રસંગે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

  ફકત ભારતનું નહીં, પરંતુ એશિયાનું સૌથી પુરાણું યુવાન દૈનિક અખબાર તેના ચોટદાર, મૂલ્યનિષ્ઠ અને વિશ્વસનીય પત્રકારત્વ માટે સમસ્ત ગુજરાતી પ્રજામાં વર્ષોથી લોકપ્રિય છે.

  મુંબઈના સીમાડા ઓળંગીને સમસ્ત ભારતમાં આ અખબારની લોકપ્રિયતા અને વ્યાપ વિસ્તરી રહેલ છે. તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહે તેવી શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન પાઠવું છું.

- શકિતસિંહ ગોહિલ (વિરોધ પક્ષના નેતા, ગુજરાત વિધાન સભા, ગાંધીનગર, ગુજરાત રાજય),ભારત.

  ઈ.સ.૧૮૨૨ની સાલથી સતત પ્રકાશિત થતું ભારતનું જ નહીં, પરંતુ એશિયાનું સૌથી પુરાણું યુવાન દૈનિક અખબાર 'મુંબઈ સમાચાર' ૧ જુલાઈ, ૨૦૦૯ના રોજ ૧૮૭ વર્ષની મજલ કાપી ૧૮૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. આ શુભ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

પ્રસંગે જન્મદિન વિશેષાંક પ્રગટ થઈ રહ્યો છે. તે જાણી આનંદની લાગણી અનુભવુ છું.

મુંબઈ સમાચાર તેના ચોટદાર, મૂલ્યનિષ્ઠ અને વિશ્વસનીય પત્રકારત્વ માટે સમસ્ત ગુજરાતી પ્રજામાં ઘણું જ લોકપ્રિય અખબાર છે. આજના આધુનિક ટેકનોલોજી અને મીડિયાના યુગમાં પણ 'મુંબઈ સમાચાર' સતત નીડર અને નિષ્પક્ષ રીતે ગુજરાતી પ્રજાને સતત ૧૮૮ વર્ષથી સ્થાનિક અને દેશ વિદેશના સમાચારોથી માહિતગાર કરતું રહ્યું છે. જે પ્રશંસનીયછે. 'મુંબઈ સમાચાર' વર્ષો વર્ષ સુધી ગુજરાતી પ્રજાની સેવા કરતું રહેશે.એવી અભ્યર્થના. આ શુભ પ્રસંગને મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું. તથા મુંબઈ સમાચાર પરિવારના સહું સભ્યોને પણ આ શુભ પ્રસંગે મારી હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.''[૯]

## ✠ પ્રજામતઃ

તા. ૧.૭.૨૦૦૯ના રોજ 'મુંબઈ સમાચારે' આયુષ્યના ૧૮૭ ભવ્ય વર્ષો પૂર્ણ કરી ૧૮૮મા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે વર્ષોથી તેની સાથે જોડાયેલા વાચકોએ પોતાનો મત રજૂ કર્યો હતો. અખબારમાં આપેલા પ્રજામતને અહીં રજૂ કરીને વર્તમાન સમયના વાચકોનો મુંબઈ સમાચાર પ્રત્યેનો પ્રેમ રજૂ કર્યો છે.

☸ સોના કરતા વધુ ઝગમગતું મુંબઈ સમાચાર

'મુંબઈ સમાચાર' હંમેશા ચિરાયું જયોતિની જેમ ઝળહળતું રહે એવી અમારી અંતરની અભ્યર્થના. ઐતિહાસિક પાના પર સુવર્ણ અક્ષરે 'મુંબઈ સમાચાર' નામ કોતરાવનારને કરોડો શુભકામના.

ખરેખર તો 'મુંબઈ સમાચાર' વિશ્વનું સૌથી મોંઘું ઝવેરાત ૨૪ કેરેટ સોના અને કોહીનૂરના હીરા કરતાં વધુ મૂલ્યવાન છે. આખા જગતમાં 'મુંબઈ સમાચાર'ની અનેરી સિદ્ધિ ગણાય. મુંબઈ સમાચાર પર સર્વે પરમાત્માની અસીમ કૃપા થાઓ. જે બુઢાપાને યુવાન કરી મૂકે છે. આવનારું ભવિષ્ય 'મુંબઈ સમાચાર'ને લાભદાયક નીવડે તેવી શુભકામના.

શ્રી કોટ શાંતિનાથ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

૧૯૦/૯૪ બોરા બજાર સ્ટ્રીટ, ફોર્ટ,મુંબઈ–૧

❁ સમાજ જીવનનો આયનો :

આજે ૧૮૮મા વર્ષમાં પદાપર્ણ કરતાં એશિયાના સૌથી જૂના દેશના જાણીતાને વાચકોના લાડીલા અખબાર 'મુંબઈ સમાચાર'ને જન્મદિનના વધામણા આપતાં સંજીવની ટ્રસ્ટ આનંદ ગર્વ અનુભવે છે. 'મુંબઈ સમાચાર' વિશ્વનું ગુજરાતી ભાષાનું પ્રથમ અને જૂનું અખબાર છે. તેમાં સમગ્ર ભારતની તાસીર સમાયેલી છે. કારણ આ એકમાત્ર અખબાર છે જે સામાજજીવનનાં સર્વે પાસાઓને તેના અખબારમાં પૂરેપૂરો ન્યાય આપે છે. તંત્રીશ્રી તથા કર્મચારીઓને શુભેચ્છા તથા અભિનંદન.

સંજીવની ટ્રસ્ટ,

એવરેસ્ટ,એ–૧, ૧૫૬,તારદેવ રોડ, મુંબઈ.

❁ મુંબઈ સમાચારને વર્ષગાંઠના વધામણાં :

સવારના પહોરમાં ચાની ચૂસકી લેતાં લેતાં મુંબઈ સમાચાર દ્વારા જાણવા મળતી ખબર ખરેખર દિવસ દરમિયાન તાજગી આપે છે. અમારા ઘરમાં છેલ્લાં ૭૦ વર્ષથી 'મુંબઈ સમાચાર' નિયમિત આવે છે.

'જુગ જુગ જીઓ 'મુંબઈ સમાચાર'

'લોંગ લીવ મુંબઈ સમાચાર'

મુંબઈમાં પ્રસિદ્ધ થતું 'મુંબઈ સમાચાર'

વિશ્વમાં વંચાતું 'મુંબઈ સમાચાર'

નવનીત મહેતા,

બાલકન–જી.બારી, ઘાટકોપર.

❁ આદર્શ દૈનિક :

'મુંબઈ સમાચાર' દૈનિકને જન્મદિવસની વધાઈ, આપના સમાચારો અને અગ્રલેખ નિષ્પક્ષ કોઈપણ વ્યકિત અથવા રાજકીય પક્ષના દબાણમાં આવ્યા વગરના હોય છે. છાપાનું વેચાણ વધારવા આપ તેજાબી,ભડકાવનારી ભાષામાં સમાચારો હોય તેમજ



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com

સેક્સી ફોટાઓ છપાતા નથી. તે બદલ ધન્યવાદ. એક નમ્ર સૂચન છે, આપ સમાજસેવા કરતી સંસ્થાઓના કાર્ય બાબત સુંદર માહિતી આપો છો, તેની સાથે સંસ્થાના ફોન નબંર કે સરનામું છાપવામાં આવે તો વાચકો આ સંસ્થાની સેવા લઈ શકે.

રસિક શુકલ

વીર બિલ્ડીંગ, રાજાવાડી રોડ–૭, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૭૭

☸ પ્રીતિપોષક અખબાર :

'મુંબઈ સમાચાર' એનું આગવું ધોરણ જાળવી રાખે, ઉત્તરોતર પ્રગતિ સાધતું રહે અને ગુજરાતી વાચકોની અભિલાષાને સંતોષતું રહે એવી આશા અનંતકાળ સુધી એ જીવિત રહે. ગુજરાતીઓના પ્રિય અખબાર તરીકેની શાન વધારતું રહે અને ગુજરાતી દૈનિક પ્રત્યેની પ્રીતિને પોષતું રહે એવી શુભેચ્છા પાઠવું છું.

☸ પત્રકારત્વનું સુવર્ણ પૃષ્ઠ :

તા. ૧લી જુલાઈ, ૧૮૨૨ એ આપણા પત્રકારત્વના ઈતિહાસમાં સોનેરી અક્ષરે કોતરાયેલો દિન છે. ભારતમાં પારસી કોમે ઘણાં ઘણાં ચિરસ્મરણીય કાર્યો કર્યા છે. તેમાં 'મુંબઈ સમાચારના સ્થાપક ફરદુનજી મર્ઝબનાજીનો પણ મહત્ત્વનો ફાળો છે. મુંબઈ સમાચાર ૧૮૮માં વર્ષમાં પદાપર્ણ કરી શતાબ્દી (બીજી) તરફ આગળ વધી રહ્યું છે તે પ્રસંગે સૌને અભિનંદન.

ઉપેન્દ્ર દવે,

ડી–૫૦૩, અભિમન્યુ, એન.એલ.કોમ્પ્લેકસ,

આનંદનગર, દહિસર (ઈસ્ટ),મુંબઈ – ૪૦૦૦૬૮ [૧૦]



Document Produced by deskPDF Unregistered :: http://www.docudesk.com